View metadata, citation and similar papers at core.ac.uk

brought to you by CORE

provided by Etheses - A Saurashtra University Library Service

Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Parmar, Trupti D., 2005, *"રાજકોટ જિલ્લાનો આર્થિક, ઔદ્યોગિક વિકાસ તેના પ્રશ્નો અને ભાવિ",* thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/639

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# "ECONOMIC AND INDUSTRIAL DEVELOPMENT PROBLEMS AND PROSPECTS OF RAJKOT DISTRICT"

## A THESIS

Of

Ph.d. to be submitted

to

Saurashtra University, Rajkot.

**(May - 2005)**

For the Degree

of

**DOCTOR OF PHILOSOPHY**

in

Arts


Researcher :
**Prof. TRUPTI D. PARMAR**
Geetanjali College of Computer-
Science & Commerce,
Gondal Road,
Rajkot - 360 004.

Research Guide :
**Dr. J. D. Naik**
Reader,
Dept. of Economics,
Saurashtra University,
Rajkot - 360 005.



**DEPARTMENT OF ECONOMICS**
Saurashtra University
Rajkot - 360 005.

યુનિવર્સિટીના ઓર્ડી – ૭ પીએચ.ડી. નિયમ મુજબ નિવેદન
અર્થશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ

## પ્રમાણ પત્ર

### મહા નિબંધનું શિર્ષક

### "રાજકોટ જિલ્લાનો આર્થિક, ઔદ્યોગિક વિકાસ તેના પ્રશ્નો અને ભાવિ"

"ECONOMIC AND INDUSTRIAL DEVELOPMENT PROBLEMS AND PROSPECTS OF RAJKOT DISTRICT"

આથી હું જણાવું છું કે આ મહાનિબંધમાં મેં રજૂઆત કરી છે તે મૌલિક છે અને માત્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચ.ડી.ની પદવી મેળવવા માટે જ રજૂ કરેલ છે.

આ એક સંપૂર્ણ મૌલિક સંશોધનકાર્ય છે અને તેમાં વિસ્તૃત રીતે સંદર્ભ સાહિત્યનો આશ્રય લેવાયો છે. આ મહાનિબંધમાં રાજકોટ જિલ્લાનાં આર્થિક અને ઔદ્યોગિક વિકાસની સ્થિતી તેમજ તેમાં રહેલા પ્રશ્નો અને તેના ઉપાયો તેમજ આ જિલ્લાની ભાવિ વિકાસની શકયતાઓ કેવી છે તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ છે. દેશ સમક્ષની વર્તમાન આર્થિક પરિસ્થિતિમાં મહત્ત્વનો હિસ્સો ધરાવતા એવા ઘટકકક્ષાના વિસ્તારોમાં આ અભ્યાસ ખૂબજ ઉપયોગી સાબિત થશે તેવો મને વિશ્વાસ છે. પ્રસ્તુત વિષયના અભ્યાસ માળખામાં આ અભ્યાસ બહુમૂલ્ય પ્રદાન કરી શકશે તેવી શ્રધ્ધા છે.

**Prof. Trupti D. Parmar**

**Certified by :**

**Dr. Jyotiben D. Naik**
Reader
Dept. of Economics,
Saurashtra University,
Rajkot.

**Dr. B. M. Jani**
Prof. & Head
Dept. of Economics,
Saurashtra University
Rajkot.

રાજકોટ
તારીખ : / ૦૫ / ૦૫

# CERTIFICATE OF APPROVAL

This is to certify that **MISS. TRUPTI D. PARMAR** carried out the research work embodied in this thesis under my supervision and this is his own original contribution. Further the work contained in this thesis has not been previously submitted to any other University for any degree. This thesis directed and supervised by the candidates guide has been accepted by the Department of Economics Saurashtra University, Rajkot in the fulfilment of the requirements for the degree of Doctor of Philosophy (Economics).

**Title :**

**"ECONOMIC AND INDUSTRIAL DEVELOPMENT PROBLEMS AND PROSPECTS OF RAJKOT DISTRICT"**

**Candidate : PARMAR TRUPTI DINKARRAY**

Research Guide :
**Dr. Jyotiben D. Naik**
Reader,
Dept. of Economics,
Saurashtra University,
Rajkot - 360 005.

**Dr. B. M. Jani**
Prof. & Head,
Dept. of Economics,
Saurashtra University,
Rajkot - 360 005.

Date : May 2005
Place : Rajkot

# ઋણ સ્વીકાર

આ મહાનિબંધ તૈયાર કરવામાં મારા માર્ગદર્શક આદરણીય ડો. જયોતિબેન ડી. નાયક કે જેઓએ મને આ સંશોધન કાર્ય માટે તક આપી અવારનવાર સંપૂર્ણપણે મુલ્યવાન એવુ માર્ગદર્શન આપ્યુ છે. તે બદલ હું હદયપૂર્વક તેમનો સવિશેષ આભાર માનું છું. ડો જયોતિબહેન નાયકે આ વિષયમાં માત્ર ગાઈડ તરીકે જ નહીં પરંતુ સંશોધનમાં યોગ્ય માર્ગદર્શક તરીકે મને વિશેષ પ્રોત્સાહિત કરેલ છે. આ સિવાય પસંદ કરાયેલા મારા સંશોધન વિષયનાં વિચારોને મૂર્તિમંત બનાવવા અભ્યાસનાં સંદર્ભમાં યોગ્ય સમયે યોગ્ય માર્ગદર્શન આપવા બદલ આદરણીય માર્ગદર્શક શ્રી. ડો. મહેશભાઈ વી. જોષી સાહેબનો પણ હું આભાર માનું છુ. તથા અર્થશસ્ત્ર વિભાગનાં અન્ય ગુરૂજનોનો પણ હું આભાર માનું છું. આ ઉપરાંત અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડો. બી.એમ.જાની સાહેબનો પણ હું આભાર માનું છું કે જેમણે પણ મને આ સંશોધનકાર્ય પૂર્ણ કરવામાં પ્રોત્સાહિત કરેલ છે.

અમારી સંસ્થા ગીતાંજલી કોલેજ ઓફ કોમર્સ એન્ડ કોમ્પ્યુટર સાયન્સનાં પ્રિન્સીપાલ માનનીય શ્રી શૈલેષભાઈ એમ. જાની સાહેબ પણ મને માર્ગદર્શક અને સહાયરૂપ બન્યા છે તેમની પણ હું આભારી છું. તેમજ અમારી કોલેજના કોમ્પ્યુટર ઓપરેટર કલ્પેશભાઈ જોષીનો પણ હું આભાર માનુ છુ કે જેમણે પણ મને આ મહાશોધ નિબંધની સિનોપ્સીસનું ચોકસાઈપૂર્વક ટાઈપીંગ કરવામાં સહાય કરેલ છે.

શરૂઆતમાં મને ખુબજ કઠીન અને મુશ્કેલરૂપ લાગતા આ સંશોધનકાર્યમાં મને પ્રેરણા અને હિંમત આપવા બદલ મારા ગુરૂ અને દેવ સમાન મારા પરમ પૂજય પિતાશ્રી દિનકરરાય પરમાર તથા પરમ વંદનિય મારા માતુશ્રી જયોત્સનાબેન પરમાર જેમનુ ઋણ હું જિંદગીપર્યંત ચૂકવી શકુ તેમ નથી. તેમજ મારો ભાઈ મયુર પરમાર કે જેમણે પણ મને હંમેશા સંશોધન સંબંધિ સાહિત્ય એકત્રીત કરવામાં તેમજ સમગ્ર રીતે ખુબજ સહાય અને માર્ગદર્શન આપેલ છે. તેમનો પણ હું આભાર માનું છું સાથો સાથ મારી સીસ્ટર સ્મીતા અને ભાઈ ભાવિન પણ આ સંશોધનકાર્યનાં અંતિમ તબકકા સુધી હંમેશા મારી સાથે જ રહયા છે તેઓને આ સમયે કેમ ભુલી શકાય ? જેઓ પણ મને હંમેશા સહાયરૂપ બન્યા છે તેમનો પણ હું આભાર માનું છું. મારા આ શોધકાર્યમાં અને દરેક તબકકાઓમાં જે હંમેશા મારા માટે માર્ગદર્શક, સહાયરૂપ અને મને હિંમત પૂરી પાડનાર

મારા દરેક મુશ્કેલીનાં સમયે એક પણ ક્ષણનો વિચાર કર્યા વગર જે હંમેશા મારી સાથે જ રહેલ છે તે મારી ફ્રેન્ડ માનસી ડી. ચૌહાણની પણ હું ઋણી છું તેનુ ઋણ પણ હું જીંદગીપર્યંત ચૂકવી શકુ તેમ નથી. આ મહાશોધ નિબંધ તૈયાર કરવામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદરૂપ થનાર આ બધાજ શકિતપુંજનાં સ્ત્રોતો એજ મારી સફળતા છે.

મારા આ લેખનકાર્યને કોમ્પ્યુટરરાઈઝડ કરવામાં અને આખરી ઓપ આપવામાં મિડીયા કોમ્પ્યુટરનાં શ્રી હરેશભાઈ ટીલવા તેમજ ભરતભાઈ મકવાણાનો પણ હું આભાર માનું છું. તેઓએ ખુબજ ખંત અને મહેનતથી મારુ ખુબજ ગુંચવણરૂપ અને મુશ્કેલ કાર્ય સરળ કરી આપેલ છે.

અંતમાં મહાનિબંધ તૈયાર કરવામાં મારી દ્રષ્ટિ, સુઝ અને વલણ કેળવી મારો ઉત્સાહ અને હિંમત જાળવી રાખી મને પ્રોત્સાહન પુરૂ પાડનાર ડો. જયોતિબેન નાયકનું ઋણ હું જીંદગીભર ભૂલી શકીશ નહિ.

આમ, અનેક દિશાઓમાંથી મને સાથ અને સહકાર મળ્યો છે. તેમ છતાં જો કોઈ ક્ષતિઓ રહી જવા પામી હોય તો તે મારી મર્યાદાને લીધે હશે તેનો સ્વીકાર કરી વિરમું છું.

સ્થળ : રાજકોટ

તારીખ : - -૨૦૦૫

(તૃપ્તિ ડી. પરમાર)

# "Economic And Industrial Development" Problems And Prospects of Rajkot District"

## પ્રસ્તાવના

વર્તમાન સમયમાં જયારે વિશ્વસ્તરે ઝડપી આર્થિક વિકાસ પ્રાપ્ત કરવા માટે વિવિધ આયોજનનું ઘડતર અને અમલીકરણ કરવામાં આવે છે, ત્યારે આ આર્થિક વિકાસનાં મહત્વનાં પરિબળ તરીકે ભાગ ભજવતા આર્થિક અને ઔદ્યોગિક વિકાસલક્ષી પ્રશ્નોનું નિરાકરણ કઈ રીતે કરવુ અને તેનાં વિકાસ માટે કઈ શકયતાઓ રહેલી છે, તેનો અભ્યાસ સમતોલ પ્રાદેશિક વિકાસ માટે જરૂરી તેમજ આવશ્યક બની રહે છે.

સમાન આર્થિક વિકાસ માટે તેમજ જયાં વિકાસની દરેક પ્રકારે વધુ શકયતાઓ હોય તેવા વિસ્તારમાં વધુ મૂડીરોકાણ કરીને તે પ્રદેશને આર્થિક સ્તરે વિશિષ્ટ બનાવવા માટે કેન્દ્રસરકાર અને રાજયસરકાર જિલ્લા તેમજ ઘટકકક્ષાએ અનેક પ્રયાસો કરે છે. તેમ છતાં હજુપણ કોઈપણ વિકસિત પ્રદેશમાં પણ સમતોલ પ્રાદેશિક વિકાસ સાધી શકાયો નથી.

ભારતમાં પ્રાદેશિક સ્તરે આર્થિક અને ઔદ્યોગિક વિકાસના પ્રશ્નો અને તેના નિવારણ સંબંધી વિષય ઉપર અનેક સંશોધનો માઈક્રોલેવલ ઉપર થયા છે તેમ છતાં તેનાં માટે વિશિષ્ટ અને વિશેષ પ્રમાણમાં સંશોધનની આવશ્યકતા રહેલી છે.

વિશેષ પ્રમાણમાં સમગ્ર આંતરમાળખાકીય સવલતો અને ઔદ્યોગિક વિકાસનાં લાભો વર્તમાન સમયમાં કયાં સુધી વિસ્તરેલા છે અને હજુ તેમાં ભવિષ્યમાં કયા પરિવર્તનો લાવવા જરૂરી છે અને તે માટેની યોજનાઓમાં પણ કેવા ફેરફારો લાવવાની જરૂર છે તેનો અભ્યાસ કરવા માટે સરકારનાં આયોજકો, અર્થશાસ્ત્રીઓ અને વિકાસલક્ષી નિરિક્ષકને આ સંશોધન અભ્યાસ વિશેષ ઉપયોગી માર્ગદર્શન પુરુ પાડશે તેવી શ્રધ્ધા છે. અને તે હેતુથી જ "રાજકોટ જિલ્લાનો આર્થિક, ઔદ્યોગિક વિકાસ અને ભાવિ" એ વિષય પસંદ કરેલ છે.


ગુજરાત
કિલોમિટર
0
42
86
108
33.5
0
67
માઈલ આશરે
૧ સેન્ટી મીટર = ૪૩
કિલોમીટર



**સૌરાષ્ટ્ર વિસ્તારમાં રાજકોટ જિલ્લો**




રાજકોટ જિલ્લામાં પસંદ થયેલા તાલુકાઓ




**રાજકોટ શહેર**

# ટેબલોનું લિસ્ટ

## ૧. જિલ્લાની ભૌગોલિક અને વહિવટી રચના


| | | |
|---|---|---|
| ૧.૧ | તાલુકાના સદર મુકામનું ભૌગોલિક સ્થાન | ૨૭૨ |
| ૧.૨ | ૩૧ માર્ચ ૨૦૦૩ ના રોજ જિલ્લાનું વહિવટી માળખુ | ૨૭૩ |
| ૧.૩ | જિલ્લામાં આવેલ ગામડાઓની સંખ્યા | ૨૭૫ |


## ૨. જિલ્લાની માનવસંપતિ


| | | |
|---|---|---|
| ૨:૧ | ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે તાલુકાવાર વસ્તી અને વસ્તીની ગીચતા | ૩૦૭ |
| ૨:૨ | ૧૯૯૧ની વસ્તી ગણતરી મુજબ અક્ષરજ્ઞાન ધરાવનારની સંખ્યા ગ્રામ્ય અને શહેરીનો કુલ સરવાળો | ૩૦૯ |
| ૨:૩ | ૧૯૯૧ ની વસ્તી ગણતરી પ્રમાણે ગ્રામ્ય અને શહેરી અને જાતિ મુજબ વસ્તીનું વર્ગીકરણ | ૩૧૦ |
| ૨:૪ | ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે કામ કરનારા અને નહિ કરનારાઓનું વર્ગીકરણ | ૩૧૨ |
| ૨:૫ | ૧૯૯૧ની વસ્તી ગણતરી મુજબ જિલ્લામાં સ્થાનિક સંસ્થાઓ અને તેઓએ આવરેલ વસ્તી | ૩૨૦ |
| ૨:૬ | ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે જિલ્લામાં કામ નહિ કરનારના પ્રકાર અનુસાર વર્ગીકરણ | ૩૨૨ |
| ૨:૭ | ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિની તાલુકાવાર વસ્તી | ૩૨૩ |
| ૨:૮ | ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૫૦૦૦ કે તેથી વધુ વસ્તીવાળા ગામોની સૂચિ અને વસ્તી | ૩૨૫ |
| ૨:૯ | વસ્તી જુથ મુજબ ગામોનું વર્ગીકરણ/વસ્તીજુથ મુજબ શહેરોનું વર્ગીકરણ | ૩૨૭ |

૨:૧૦ ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે વયજુથ મુજબનું વર્ગીકરણ ૩૩૨
૨:૧૧ જિલ્લામાં થયેલ વસ્તી વધારો ૧૯૦૧ થી ૨૦૦૧ ૩૩૪

## ૩. જિલ્લાનું કૃષિ માળખુ

૩:૧ તાલુકાવાર જમીનનો ઉપયોગ (હેકટરમાં) માહિતી વર્ષ ૧૯૯૧–૯૨ ૩૩૭
૩:૨ જમીનનો ઉપયોગ અને તેનાં પ્રકારો સંબંધિ માહિતી ૩૩૮
૩:૩ જમીનનાં ઉપયોગની વાવેતર વિસ્તાર મુજબ માહિતી ૩૪૦
૩:૪ જિલ્લાના મુખ્ય પાકોનું સમયપત્રક ૩૪૨
૩:૫ જિલ્લામાં મુખ્ય પાકો હેઠળ જમીન, ઉત્પાદન, અને હેકટર દીઠ ઉત્પાદન ૩૪૩
૩:૬ ખાદ્યપાકો હેઠળ તાલુકાવાર વિસ્તાર ૩૪૭
૩:૭ અખાદ્ય પાકો હેઠળ તાલુકાવાર વિસ્તાર ૩૪૯
૩:૮ પાકવાર એકંદર સિંચિત વિસ્તાર ૩૫૫
૩:૯ સિંચાઈના સાધનો ૩૬૧
૩:૧૦ જિલ્લામાં સન ૧૯૯૧–૯૨નાં વર્ષ મુજબ સિંચાઈની જરૂરીયાત માટે નીચે મુજબના સિંચાઈનાં સાધનો ૩૬૫
૩:૧૧ જિલ્લામાં સન ૧૯૯૬–૯૭ નાં વર્ષ મુજબ સિંચાઈની જરૂરીયાત માટે સિંચાઈના સાધનો ૩૬૬
૩:૧૨ તાલુકાવાર વ્યકિતગત, સંયુકત, સંસ્થાકીય, કુલ ઓપરેશન હોલ્ડીંગની સંખ્ય અને તેના દ્વારા સંચાલિત વિસ્તાર ૩૬૭

## ૪. જિલ્લાનું ઔદ્યોગિક ક્ષેત્ર

૪:૧ ૧૯૯૧માં જિલ્લામાં આવેલ ઔદ્યોગિક વસાહતો અને તેનો વિસ્તાર ૩૯૬
૪:૨ જિલ્લાનાં મોટા ઔદ્યોગિક એકમોમાં ઉત્પાદક મૂડી, રોજગારી, મૂડીપેદાશનું મુલ્ય અને નિર્માણકાર્યને લીધે ઉમેરાયેલ મુલ્ય ૩૯૭
૪:૩ જિલ્લામાં ઉદ્યોગજૂથ પ્રમાણે નોંધાયેલ લઘુઉદ્યોગની માહિતી ૩૯૮
૪:૪ તાલુકાવાર નોંધાયેલ લઘુઉદ્યોગ નોંધણી એકમો ૩૯૯
૪:૫ લઘુઉદ્યોગ નોંધણી નંબરની સિદ્ધિ ૪૦૦

| | | |
|---|---|---|
| ૪:૬ | ૨૦૦૧માં જિલ્લામાં નોંધાયેલ નાનાપાયાનાં એકમો | ૪૦૧ |
| ૪:૭ | ૧૯૯૧માં જિલ્લામાં નોંધાયેલ નાના પાયાનાં એકમો | ૪૦૨ |
| ૪:૮ | ઉદ્યોગજૂથ પ્રમાણે નોંધાયેલ કારખાનાની સંખ્યા | ૪૦૩ |
| ૪:૯ | ઉદ્યોગજૂથ પ્રમાણે નોંધાયેલ ફેકટરી એકટ હેઠળનાં કારખાનાની સંખ્યા | ૪૦૫ |
| ૪:૧૦ | બળતર શકિતના ઉપયોગ પ્રમાણે બિનખેતી વિષયક ધંધાકીય એકમોનું વર્ગીકરણ | ૪૦૭ |
| ૪:૧૧ | મુખ્ય પ્રવૃતિનાં જૂથ બિનખેતી વિષયક ધંધાકીય એકમોનું વર્ગીકરણ | ૪૦૯ |
| ૪:૧૨ | જિલ્લાની મુખ્ય ખનીજ પેદાશ | ૪૧૧ |
| ૪:૧૩ | જિલ્લાની ગૌણ ખનીજ પેદાશ | ૪૧૨ |
| ૪:૧૪ | જિલ્લામાં આવેલ બંદરો મારફતે કુલ આયાત | ૪૧૩ |

## ૫. જિલ્લાનું સેવાક્ષેત્ર

### (એ) માર્ગો અને વાહનવ્યવહાર

| | | |
|---|---|---|
| ૫:૧ | જિલ્લામાં સુધરાઈઓ સિવાયના પાકા અને કાચા માર્ગોની લંબાઈ | ૪૧૫ |
| ૫:૨ | જિલ્લામાં સુધરાઈઓ સિવાયના માર્ગની વર્ગવાર લંબાઈ | ૪૧૭ |
| ૫:૩ | મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગરપંચાયતોના માર્ગની લંબાઈ | ૪૧૮ |
| ૫:૪ | રાષ્ટ્રીયકૃત માર્ગ વાહનવ્યવહાર સંબંધી આંકડા | ૪૨૦ |
| ૫:૫ | જિલ્લામાં એસ. ટી. ની સવલતો ધરાવતા શહેરો / ગામોની સંખ્યા | ૪૨૧ |
| ૫:૬ | જિલ્લાની રેલ્વે લંબાઈ તથા તાલુકાવાર રેલ્વે સ્ટેશનો | ૪૨૨ |

### (બી) સંદેશાવ્યવહાર

| | | |
|---|---|---|
| ૫:૧ | ટપાલને લગતા આંકડા કચેરી મુજબ | ૪૨૭ |
| ૫:૨ | ટપાલને લગતા આંકડા | ૪૨૮ |

## (સી) સહકારી મંડળીઓ

| | | |
|---|---|---|
| ૫:૧ | જિલ્લામાં સહકારી પ્રવૃતિને લગતા આંકડા સભ્ય સંખ્યા સહિત | ૪૩૧ |
| ૫:૨ | જિલ્લામાં સહકારી પ્રવૃતિને લગતા આંકડા ધિરાણ અને વસુલમૂડી તેમજ બાકી લેણી રકમ સહિત | ૪૩૪ |

| | | |
|---|---|---|
| ૫:૩ | જિલ્લામાં સહકારી મંડળીઓની તાલુકાવાર પ્રકારવાર માહિતી | ૪૩૭ |
| ૫:૪ | જિલ્લાની સહકારી પ્રવૃતિને લગતા આંકડા | ૪૪૨ |


## (ડી) નાણાવ્યવસ્થા


| | | |
|---|---|---|
| ૫:૧ | નાણાવ્યવસ્થા અંતર્ગત નાની બચતને લગતા આંકડા | ૪૪૬ |
| ૫:૨ | પંચાયત હસ્તકની યોજનાઓ માટે મુખ્ય સદર પ્રમાણે નાણાકીય જોગવાઈ અને ખર્ચ | ૪૪૮ |
| ૫:૩ | રાજય હસ્તકની યોજનાઓ માટે મુખ્ય સદર પ્રમાણે નાણાકીય જોગવાઈ અને ખર્ચ | ૪૪૯ |
| ૫:૪ | વર્ષવાર આપવામાં આવેલ વેચાણવેરા મુકિત અને વેચાણવેરા વિલંબિત ચૂકવણીની વિગત | ૪૫૧ |
| ૫:૫ | રાજય રોકડ સહાય યોજના | ૪૫૨ |


## (ઈ) વિદ્યુત પૂરવઠો


| | | |
|---|---|---|
| ૫:૧ | ૧૯૯૧માં જિલ્લામાં વિજળીની સ્થાપિત શકિત, ઉત્પાદન અને વેચાણ / વાપરનારાઓને વેચાણ | ૪૫૫ |
| ૫:૨ | ૧૯૯૧માં તાલુકાવાર વિજળીકરણ કરેલ ગામો, શહેરો, આવરેલ વસ્તી અને વિજળીકરણ ન થયેલ હોય તેવા ગામો. | ૪૫૬ |


## (એફ) જિલ્લામાં રોજગારીનુ પ્રમાણ


| | | |
|---|---|---|
| ૫:૧ | રોજગાર વિનિમયને લગતા આંકડા | ૪૫૮ |
| ૫:૨ | ઉદ્યોગજૂથ પ્રમાણે ચાલુ કારખાનામાં રોજગારી | ૪૬૦ |
| ૫:૩ | મહાનગરપાલિકા, નગરપાલિકા, નગરપંચાયતવાળા શહેરોમાં દુકાનો અને પેઢીઓમાં રોજગારી | ૪૬૨ |
| ૫:૪ | જિલ્લા પંચાયતમાં કામ કરતા કર્મચારીઓની કુલ માસિક વેતન જુથ પ્રમાણે માહિતી | ૪૬૬ |

| | | |
|---|---|---|
| ૫:૫ | તાલુકાપંચાયતમાં કામ કરતા કર્મચારીઓની કુલ માસિક વેતન જુથ પ્રમાણે માહિતી | ૪૬૮ |
| ૫:૬ | નગરપંચાયતોમાં કામ કરતા કર્મચારીઓની કુલ માસિક વેતન જુથ પ્રમાણે માહિતી | ૪૭૪ |
| ૫:૭ | તાલુકાની ગ્રામ્ય પંચાયતોમાં કામ કરતા કર્મચારીઓની કુલ માસિક વેતન જુથ પ્રમાણે માહિતી | ૪૭૬ |
| ૫:૮ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા શિક્ષિત બેરોજગાર યોજના દ્વારા હાંસલ કરેલ સિદ્ધિ | ૪૮૨ |
| ૫:૯ | માનવકલ્યાણ યોજના દ્વારા પ્રાપ્ત કરેલ સિદ્ધિ | ૪૮૩ |
| ૫:૧૦ | કુટીર ઉદ્યોગ બેંકેબલ યોજના નીચે હાંસલ કરેલ સિદ્ધિ | ૪૮૪ |

| પ્રકરણ નંબર | વિષય | પેઈજ નંબર |
|---|---|---|
| | ટાઈટલ | |
| | પ્રમાણપત્ર – ૧ | 1 |
| | પ્રમાણપત્ર – ૨ | 2 |
| | ઋણ સ્વીકાર | 3 |
| | પ્રસ્તાવના | 5 |
| | ગુજરાત રાજય | 6 |
| | સૌરાષ્ટ્ર વિસ્તારમાં રાજકોટ જિલ્લો | 7 |
| | રાજકોટ જિલ્લામાં પસંદ થયેલ તાલુકાઓ | 8 |
| | રાજકોટ શહેર | 9 |
| | ટેબલોનું લિસ્ટ | 10 |
| | રાજકોટ જિલ્લો પ્રથમ નજરે | 15 |


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | વિષય પ્રવેશ | ૧ |
| ૨. | પ્રાદેશિક વિકાસ | ૫૧ |
| ૩. | અભ્યાસના હેતુઓ | ૧૦૬ |
| ૪. | વિષય સંબંધી સાહિત્યની સમીક્ષા | ૧૯૦ |
| ૫. | અભ્યાસની પરિકલ્પનાઓ | ૧૯૮ |
| ૬. | અભ્યાસનું મહત્ત્વ, તારણો અને સૂચનો | ૨૨૭ |
| ➣ | પરિશિષ્ટ ૧ – ટેબલોનું લિસ્ટ | ૨૭૧ |
| ➣ | પરિશિષ્ટ ૨ – અભ્યાસ માટે તૈયાર કરેલ પ્રશ્નાવલિ | ૪૮૫ |
| ➣ | સંદર્ભસૂચિ – Bibliography | ૫૦૫ |

# પ્રકરણ – ૧

# "વિષય પ્રવેશ"

# (Scope of Study)

# પ્રકરણ – ૧
# વિષય – પ્રવેશ
# (Scope of Study)


| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ : ૧ | સમસ્યાકથન | ૩ |
| ૧ : ૨ | ક્ષેત્રગત પ્રાદેશિક અસમાનતા | ૩ |
| ૧ : ૩ | આયોજનમાં અસમાનતા | ૫ |
| ૧ : ૪ | પ્રાદેશિક વિકાસનાં આધારભૂત પરિબળો | ૬ |
| ૧ : ૫ | ગુજરાત રાજયનું વિહંગાવલોકન | ૧૨ |
| ૧ : ૬ | સૌરાષ્ટ્ર વિસ્તારનું વિહંગાવલોકન | ૨૩ |
| ૧ : ૭ | રાજકોટ જિલ્લાનું વિહંગાવલોકન | ૨૬ |
| ૧ : ૮ | વિષય પસંદગી | ૩૮ |
| ૧ : ૯ | વિષય સંબંધી સાહિત્યની સમીક્ષા | ૩૯ |
| ૧ : ૧૦ | અભ્યાસના હેતુઓ | ૪૦ |
| ૧ : ૧૧ | અભ્યાસની પરિકલ્પનાઓ | ૪૦ |
| ૧ : ૧૨ | અભ્યાસની સંશોધન પધ્ધતિઓ | ૪૦ |
| ૧ : ૧૩ | અભ્યાસની મર્યાદાઓ | ૪૬ |
| ૧ : ૧૪ | અભ્યાસનું મહત્ત્વ | ૪૬ |
| ૧ : ૧૫ | પ્રકરણ આયોજન | ૪૭ |
| ૧ : ૧૬ | ઉપસંહાર | ૪૯ |

# પ્રકરણ – ૧
# વિષય – પ્રવેશ

## ૧:૧ સમસ્યાકથન :–

ભારતીય અર્થવ્યવસ્થાએ આર્થિક વિકાસ માટે આયોજનની વ્યુહરચના કે, વિકાસ પથને અપનાવેલ છે. જે અંતર્ગત આયોજનકર્તાઓએ પંચવર્ષીય યોજનાઓને વિકાસલક્ષી યોજના તરીકે સ્વીકારેલ છે. આ પંચવર્ષીય યોજનાઓનો સમયગાળો પાંચ વર્ષનો નકકી કરવામાં આવેલ છે. ભારતીય અર્થવ્યવસ્થામાં આર્થિક વિકાસનાં ભાગરૂપે પંચવર્ષીય યોજનાઓનાં આયોજનની વ્યુહરચના તરીકેના સ્વીકારની સાથે જ સમતોલ આર્થિક વિકાસનો ધ્યેય રાખવામાં આવ્યો છે. આયોજનની વ્યુહરચનામાં સમતોલ વિકાસનો ધ્યેય હોવાછતાં પણ, આર્થિક વિકાસનાં દરમાં તફાવત જોવા મળે છે. આયોજનનાં શરૂઆતનાં સમયગાળામાં પ્રથમ ત્રણ પંચવર્ષીય યોજનાઓમાં ભારતીય અર્થતંત્રનો આર્થિક વિકાસનો દર ૩ થી ૪ ટકા રહેવા પામ્યો હતો. ત્રીજી યોજના પછી આર્થિક વિકાસનો દર ૫ થી ૬ ટકા રહેવા પામ્યો હતો. છેલ્લા બે દાયકાથી આર્થિક વિકાસનો દર ૫ થી ૭ ટકા વચ્ચે રહેલો જોવા મળે છે. આમ આયોજનનાં સમયગાળા દરમ્યાન ભારતીય અર્થતંત્રનો આર્થિક વિકાસ થયેલ જોવા મળે છે. તેમ છતાં જુદી જુદી પંચવર્ષીય યોજનાઓમાં આર્થિક વિકાસના દરમાં અસમાનતા જોવા મળે છે. એજ રીતે અર્થતંત્રનાં જુદા જુદા ક્ષેત્રોનો વિકાસદર પણ સમાન રહેવા પામ્યો નથી. વર્ષ ૧૯૯૯–૨૦૦૦નાં સમયગાળા દરમ્યાન ખેતીક્ષેત્રનો વિકાસદર ૩ ટકાથી ઓછો અને ઉદ્યોગક્ષેત્રનો વિકાસદર ૬ થી ૬.૯ ટકાની વચ્ચે રહેવા પામ્યો છે. જયારે સેવાક્ષેત્રનો વિકાસદર ૮.૨ ટકા જેટલો રહેવા પામ્યો છે. સમતોલ આયોજનનો ધ્યેય હોવાછતાં જુદા જુદા ક્ષેત્રોમાં જુદો જુદો વિકાસદર જોવા મળે છે.

## ૧:૨ ક્ષેત્રગત પ્રાદેશિક અસમાનતા :–

અર્થતંત્રનાં જુદા જુદા ક્ષેત્રો મુજબ પ્રાદેશિક વિકાસ તપાસવા જઈએ તો, ક્ષેત્રિય પ્રાદેશિક વિકાસમાં અસમતુલિતતા જોવા મળે છે. આગળ જણાવ્યા મુજબ ખેતીક્ષેત્રનો વિકાસદર અન્ય ક્ષેત્રોનાં વિકાસદર કરતા નીચો જોવા મળે છે અને ઉત્પાદનમાં વારંવાર ઉતારચઢાવ જોવા મળે છે.

ખેતીમાં વસ્તુતઃ નવી ટેકનોલોજીનો વિકાસ થવા લાગ્યો. નવી ટેકનોલોજીનાં ઉપયોગની સાથે પ્રાદેશિક અસમાનતાનો પણ ઉદ્ભવ થવા પામ્યો છે. પંજાબ, હરિયાણા, તમિલનાડુ, ગુજરાત જેવા રાજયોમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ વધુ પ્રમાણમાં થઈ રહ્યો છે. આથી આ રાજયો સમૃધ્ધ બન્યા છે. જયારે આસામ અને બિહાર જેવા રાજયોનો કૃષિક્ષેત્રે વિકાસ ઓછો જોવા મળે છે. આ રીતે પ્રાદેશિક અસમાનતા જોવા મળે છે તેમજ વિવિધ પાકોમાં પણ ઉત્પાદન વૃદ્ધિનું પ્રમાણ સમાન જોવા મળતુ નથી. તેમજ હરિયાળી ક્રાંતિમાં બધાજ પાકોમાં સંશોધનાત્મક પરિવર્તનો સમાયેલા હોવાછતાં માત્ર ઘઉં અને ચોખાનાં પાકમાં મહાકાય સંશોધનો અને સુધારાવાદી પરિવર્તનો થયા. અન્ય પાકોમાં નહિવત પરિવર્તનો આવ્યા આમ કોઈ નીતિનાં અમલીકરણ પછી પણ અસમતુલિત સિદ્ધિ હાંસલ થઈ છે. સમતોલ પ્રાદેશિક વિકાસનો ધ્યેય હોવાછતાં ઔદ્યોગિક વિકાસનો પ્રાદેશિક ધારકો સમતોલ વિકાસ સાધી શકયા નથી. જેમકે, ભારતમાં કુલ ઔદ્યોગિક પ્રવૃત્તિનાં ૮૦ ટકા ઔદ્યોગિક પ્રવૃત્તિ આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, પશ્ચિમ બંગાળ, તામિલનાડુ, મધ્યપ્રદેશ, બિહાર, અને કર્ણાટક જેવા નવ (૯) રાજયોમાં જ કેન્દ્રિત થયેલ છે. આ નવ (૯) રાજયોમાં પણ ઔદ્યોગિક વિકાસ સપ્રમાણ રીતે થયો નથી. ગુજરાત, મહારાષ્ટ્ર, પ.બંગાળ અને તામિલનાડુમાં અન્ય રાજયો કરતા સવિશેષ વિકાસ જોવા મળે છે. સેવાક્ષેત્રનાં સંદર્ભમાં પણ જુદા જુદા રાજયોમાં વિકાસનો દર જુદો જુદો જોવા મળે છે. ૧૯૯૫–૯૬નાં વર્ષ દરમ્યાન સમગ્ર અર્થતંત્રમાં ૧૦.૩ ટકાનો વિકાસદર હતો જે વર્ષ ૧૯૯૯–૨૦૦૦ દરમિયાન ૮.૨ ટકા થવા પામ્યો તેમજ જુદા જુદા રાજયોમાં પણ સેવાક્ષેત્રનાં વિકાસમાં વિશેષ તફાવત જોવા મળે છે. જેમાં મહારાષ્ટ્ર, ગુજરાત, પ.બંગાળ અને કર્ણાટક રાજયમાં સેવાક્ષેત્રનો વિકાસ અન્ય રાજયોનાં વિકાસદર કરતા ઉંચો કે વધારે જોવા મળે છે.

ક્ષેત્રગત પ્રાદેશિક અસમાનતાનાં સંદર્ભમાં ગુજરાત રાજયમાં પ્રાથમિક ક્ષેત્ર, ગૌણક્ષેત્ર અને સેવાક્ષેત્રમાં રોજગારીનું પ્રમાણ જુદુ જુદુ જોવા મળેછે. વર્ષ ૧૯૯૯–૨૦૦૦ દરમ્યાન પ્રાથમિક ક્ષેત્રે જી.ડી.પી.નાં ૫૬.૫૦ ટકા રોજગારી પ્રાપ્ત થયેલ છે. જયારે ગૌણક્ષેત્રમાં માત્ર ૧૯.૨૦ ટકા રોજગારી પ્રાપ્ત થયેલ છે. સેવાક્ષેત્રમાં જી.ડી.પી. ના ૨૪.૨૧ ટકા રોજગારી પ્રાપ્ત થયેલ છે. આમ ક્ષેત્રગત રોજગારીમાં તફાવત જોવા મળે છે, ગુજરાત રાજયમાં જુદા જુદા જિલ્લાઓમાં રોજગારીનું પ્રમાણ જોવામાં આવેતો રાજયનાં દરેક જિલ્લામાં રોજગારીનું

સમાન પ્રમાણ જોવા મળતુ નથી. રાજયમાં ટોચનાં જિલ્લાઓ અમદાવાદ, વડોદરા, સુરત, ખેડા, રાજકોટ વગેરે જિલ્લાઓમાં રોજગારી અને શ્રમદળનાં ઉપયોગનું પ્રમાણ ઉંચુ જોવા મળે છે. જયારે ડાંગ, સુરેન્દ્રનગર, અમરેલી જિલ્લાઓમાં રોજગારી કે શ્રમદળનું પ્રમાણ નીચુ જોવા મળે છે. ક્ષેત્રગત રોજગારીનાં પ્રમાણમાં અમદાવાદ, ગાંધીનગર અને સુરત જિલ્લામાં પ્રાથમિક ક્ષેત્રની રોજગારીનું પ્રમાણ આશરે ૫૦ ટકાથી ઓછુ ગૌણક્ષેત્રમાં ૨૫ ટકાથી વધુ અને સેવાક્ષેત્રમાં ૨૦ ટકાથી વધારે જોવા મળે છે. જયારે જામનગર, રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર, કચ્છ, વડોદરા અને વલસાડ જિલ્લામાં પ્રાથમિક ક્ષેત્રે ૫૦ ટકાથી વધારે ગૌણક્ષેત્રમાં ૨૫ ટકાથી ઓછુ અને સેવાક્ષેત્રમાં ૨૦ ટકાથી ઓછુ રોજગારીનું પ્રમાણ જોવા મળે છે. આમ રાજયનાં જુદા જુદા જિલ્લાઓમાં ક્ષેત્રગત રોજગારીનાં પ્રમાણમાં પણ તફાવત જોવા મળે છે.

### ૧:૩ આયોજનમાં અસમાનતા :–

સમતોલ આર્થિક વિકાસનાં ધ્યેય સાથે પંચવર્ષીય યોજનાઓનું ઘડતર કરવામાં આવે છે. છતાં જુદી જુદી પંચવર્ષીય યોજનાઓમાં વિકાસદરનાં લક્ષ્યાંકો અને યોજનાઓ પૂર્ણ થયે પ્રાપ્ત થતો સિધ્ધિદર હંમેશા તફાવતીય રહેવા પામ્યો છે. વિવિધ યોજનાઓમાં આયોજનકાળ થી અત્યાર સુધીનાં સમયગાળામાં વિકાસદરનાં લક્ષ્યાંકો અને સિધ્ધિઓ વચ્ચે અસમાનતા જોવા મળી છે. તેમજ જુદીજુદી પંચવર્ષીય યોજનાઓનાં સમયગાળામાં પણ એકસુત્રતા જળવાઈ નથી. વર્ષ ૧૯૫૦માં આયોજનની શરૂઆત થઈ, આ પ્રથમ યોજના છ વર્ષની સમયમર્યાદાવાળી હતી.આ યોજનાને આપણે કોલંબો યોજના તરીકે ઓળખીએ છીએ. ત્યારબાદ બીજી અને ત્રીજી પંચવર્ષીય યોજનાઓ પાંચ વર્ષની રહેવા પામી. ત્યારબાદ ત્રિવાર્ષિક યોજનાનુ ઘડતર થયુ. ફરી ચોથી યોજના અને પાંચમી યોજના બાદ ફરી, ભારતીય આયોજનકારોએ અર્થતંત્રને એકવર્ષીય યોજના આપી આમ છટ્ઠી, સાતમી, આઠમી, નવમી અને આજે દસમી યોજનાનું ક્રમશ ઘડતર થયુ. આમ પંચવર્ષીય યોજનાઓમાં પણ પાંચ વર્ષની સ્થિરતા સાથે સાનુકૂળતા મળી શકી નથી. આમ વિવિધ યોજનાઓનાં સમયગાળા સાથે વિકાસદર પણ સમતોલ રહી શકયો નથી. પ્રથમ પંચવર્ષીય યોજનાને બાદ કરતા બીજી પંચવર્ષીય યોજનામાં વિકાસદર ૪.૧ ટકા રહેવા પામ્યો હતો. ત્રીજી યોજનામાં ૨.૮ ટકા,

ચોથી યોજનામાં ૩.૩ ટકા, પાંચમી યોજનામાં ૪.૮ ટકા, છઠ્ઠી યોજનામાં ૫.૭ ટકા, સાતમી યોજનામાં ૬.૦ ટકા, આઠમી યોજનામાં ૬.૮ ટકા, નવમી યોજનામાં ૫.૪ જેટલો જ વિકાસદર પ્રાપ્ત થયો હતો. જયારે દસમી યોજનામાં ૮ ટકાનો વિકાસદરનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આમ જુદી જુદી પંચવર્ષીય યોજનાઓમાં વિકાસદરનું પ્રમાણ અસમાન રહેવા પામ્યુ છે. તેમજ આયોજનકાળથી અત્યાર સુધીનાં સમયગાળા દરમિયાન અનેક આર્થિક અને સામાજિક પ્રશ્નો ઉદ્ભવ્યા છે. પરિણામ સ્વરૂપે આર્થિક સામાજિક અસમાનતામાં વધારો થવા પામ્યો છે. આથી ઉલ્ટુ આયોજનની ખામીને કારણે અસમાનતામાં વધારો થવા પામ્યો છે.

### ૧:૪ પ્રાદેશિક વિકાસનાં આધારભૂત પરિબળો :–

જયારે કોઈપણ પ્રાદેશિક રાષ્ટ્રનાં આર્થિક વિકાસની સ્થિતિને જાણવી હોય તો જે તે વિસ્તાર, પ્રદેશ કે રાષ્ટ્રની દરેકે દરેક બાબત જેવી કે, આર્થિક, રાજકીય, સામાજિક, ગ્રામીણ અને શહેરી માળખુ, વસ્તીની ગુણવતા વગેરે જેવા પાસાઓનો અભ્યાસ કરવો જરૂરી બને છે. કારણ કે તે આ બધા વિસ્તારની વિકાસલક્ષી પ્રક્રિયાને પ્રત્યક્ષ રીતે સ્પર્શે છે. તેમજ આવા દાર્શનિક નિર્દેશકોના અભ્યાસ પરથી કોઈપણ પ્રદેશ, વિસ્તાર કે રાષ્ટ્રની પછાતતા કે વિકાસનાં માપદંડો નકકી થતા હોય છે. આમ પછાતતા કે વિકાસનાં માપદંડો નકકી કર્યા પછી પ્રાદેશિક ક્ષેત્રિય વિશિષ્ટતા કે લાક્ષણિકતાઓને ધ્યાનમાં રાખીને પછાતતાનાં કારણો નકકી કરવામાં આવતા હોય છે. અન્ય વિકાસ કે પછાતતા માટેના જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ વિવિધ દ્રષ્ટિકોણને તપાસી કે ચકાસીને કેટલાક કારણો આપ્યા છે તેમાંથી સર્વસામાન્ય એવા બાર કે પંદર કારણોનો ઉપયોગ પછાતતાનાં નિર્દેશ માટે કરવામાં આવેલ છે. હાર્વેલેબેન્સ્ટાઈન નામના અર્થશાસ્ત્રીએ તો પછાતતા કે અલ્પવિકાસ માટેનાં ૭૩ જેટલા કારણો રજૂ કર્યા છે. આવા કારણો જે તે પ્રદેશ વિસ્તાર કે ક્ષેત્રમાં જોવા મળતા હોય તેવા પ્રદેશ કે વિસ્તારને પછાત વિસ્તાર ગણી શકાય. આમ કોઈપણ રાષ્ટ્ર કે પ્રદેશની પછાતતા માટે દાર્શનિક નિર્દેશકોની ઉપલબ્ધી ઉપરાંત જે તે વિસ્તાર, ક્ષેત્ર, પ્રદેશ કે રાષ્ટ્રની વિચારધારા પણ કારણભૂત હોય છે.

કોઈપણ રાષ્ટ્રનાં પ્રાદેશિક વિકાસની વાત કરવામાં આવે છે ત્યારે તે વિસ્તારની પછાતતા પાછળ રાષ્ટ્રની આર્થિક વિચારધારા સાથે જેતે પ્રદેશનું સ્થાનિક અર્થકારણ અને

ભૌગોલિક પરિસ્થિતિ પણ કારણભૂત હોય છે. આમ વિવિધ પરિસ્થિતીઓને કારણે એકજ રાષ્ટ્રમાં આયોજનની સમતોલ વિકાસની વ્યુહરચના કરતા અસમતોલ પ્રાદેશિક વિકાસ જોવા મળે છે. સામાન્યતઃ રાષ્ટ્રીય આયોજનમાં પ્રાથમિક ક્ષેત્ર, દ્વિતિય ક્ષેત્ર અને તૃતીય ક્ષેત્રનાં વિવિધ પાસાઓનાં સંદર્ભમાં સમગ્રલક્ષી દ્રષ્ટિ પ્રમાણે યોજનાઓ તૈયાર કરવામાં આવતી હોય છે. આ યોજનાઓમાં પ્રદેશવાર પરિસ્થિતિ માટેનાં વિવિધ પરિબળો અને સાધનોની ચકાસણી કરવામાં આવતી નથી. વાસ્તવમાં આયોજન વધુ સફળ બનાવવા માટે તેમાં સ્થળ વિષયક બાબતો ઉમેરવી અનિવાર્ય બને છે. રાષ્ટ્રીયકક્ષાએ થતુ આયોજન રાષ્ટ્રીય અંદાજો અને સરેરાશ ગણતરીઓ પર આધારીત હોય છે. રાષ્ટ્રીય અંદાજોથી અર્થકારણનાં જુદા જુદા પ્રદેશોની વાસ્તવિક પરિસ્થિતિ અને વિવિધ સમસ્યાઓ સાથે જરૂરિયાતોનુ સાચુ પ્રતિબિંબ પડતુ નહી હોવાથી પ્રાદેશિક કક્ષાએ તેઓ યથાવત રીતે ઉપયોગી નીવડતા નથી. પરિણામે રાષ્ટ્રનાં સમતોલ વિકાસ માટેની આર્થિક નીતિનાં અમલમાં પ્રાદેશિક કક્ષાએ ફેરફારો આવશ્યક બની રહે છે.

સમતોલ વિકાસનો ધ્યેય હોવાછતા રાષ્ટ્રમાં કેટલાક પ્રદેશો પછાત છે તો કેટલાક પ્રદેશો વિકસિત છે. આવી અસમાનતા પ્રાદેશિક વિકાસની સમસ્યાઓ સાથે સંકળાયેલ હોય છે. માટે જયારે કોઈપણ પ્રદેશ, વિસ્તાર, રાજય કે રાષ્ટ્રનાં વિકાસની વાત કરીએ છીએ ત્યારે જે તે પ્રદેશ, વિસ્તારનાં કે વિભાગનાં દરેક પાસાઓ અને તેની અગત્યતાઓ તેમજ આવા દરેક પાસાઓની વિકાસ શ્રેણી (સિદ્ધિ દર) તેમજ વિકાસને સહાયક અન્યક્ષેત્ર (સેવાક્ષેત્ર) નો પ્રાદેશિક આર્થિક વિકાસમાં ફાળો તેમજ વિવિધ સમસ્યાઓનાં નિવારણ સાથે પ્રાદેશિક વિકાસની શકયતાઓનો વિચાર કરવામાં આવે છે. પ્રાદેશિક વિકાસની આ શકયતા અને વિવિધ સમસ્યાઓનાં નિરાકરણ માટે ક્ષેત્ર મુજબ જુદા જુદા સાધનોનો ઉપયોગ, પ્રાદેશિક ધોરણે ઉદ્‌ભવતી જુદી જુદી પ્રાથમિક જરૂરિયાતો અને તેની સામે તે જરૂરીયાતોની પૂર્ણતાનો પણ અભ્યાસ કરવો જરૂરી બને છે. સાથે સાથે અર્થવ્યવસ્થાની વિવિધ માળખાકીય સુવિધાઓ તપાસ્યા પછી આ સુવિધાની ગુણવત્તા તેમજ સુવિધાઓમાં વધારો થવાથી જે તે પ્રદેશ કે વિસ્તારને લાભ પ્રાપ્ત થવાની કેટલી શકયતાઓ રહેલી છે. આવી અનેક શકયતાઓના અભ્યાસનો વિચાર કરવો પડે છે. પરોક્ષ શકયતાઓની આ પરિસ્થિતિઓ જે તે પ્રદેશનાં

પ્રાદેશિક માળખાકીય પરિવર્તનની વાત કરવામાં આવે છે. આવા પરિવર્તનોથી પ્રાદેશિક વિકાસની સંભાવનાઓનું પ્રમાણ વધી જાય છે. જેમકે રસ્તા સુવિધા વધવાથી ગ્રામીણ શહેરી જોડાણ થાય છે. પરિણામ સ્વરૂપે ગ્રામીણ અર્થતંત્ર શહેરી વિસ્તારનાં સંપર્કમાં આવે છે. આમ વિવિધ બજારો સાથે ગ્રામીણ અર્થવ્યવસ્થાનું જોડાણ થાય છે. આવુ જોડાણ થવાથી ગ્રામીણ માળખામાં વ્યાપારીકરણની પ્રક્રિયા અસ્તિત્વમાં આવે છે. પરિણામ સ્વરૂપ ગ્રામીણ અર્થવ્યવસ્થા કે માળખામાં વિકાસની સાથે ગ્રામીણ જીવનધોરણમાં સુધારો થાય છે. આમ ગ્રામીણ અર્થતંત્રમાં વ્યાપારીકરણની પ્રક્રિયામાં પ્રવેશની સાથે માળખાકીય પરિવર્તન તેમજ આર્થિક અને સામાજિક પરિવર્તનો આવે છે. આવા આર્થિક, સામાજિક અને માળખાકીય પરિવર્તનો એજ આર્થિક વિકાસ છે. વિકાસની આ પરિભાષા મુજબ પ્રાદેશિક ક્ષેત્રો માળખાકીય ફેરફારો સર્જીને વિકાસની પ્રક્રિયામાં ઝંપલાવે છે.

આવા ફેરફારોનો અભ્યાસ પ્રાદેશિક અર્થશાસ્ત્રમાં કરવામાં આવે છે. પ્રાદેશિક અર્થશાસ્ત્રનો મૂળભૂત અર્થશાસ્ત્રની એક આગવી અભ્યાસની શાખા તરીકે વિકાસ થઈ રહ્યો છે. પ્રાદેશિક અર્થશાસ્ત્રનો વિકાસ તેની વ્યવહારિક ઉપયોગીતા અને વાસ્તવિકતાનાં અમલીકરણ અંગેની નીતિનાં ઘડતરમાંથી જ ઉદ્‌ભવે છે. આથી જ પછાત પ્રદેશો માટેની નીતિ વિષયક બાબતો સમતોલ પ્રાદેશિક વિકાસનાં આયોજનમાં અગત્યની બને છે. જે પ્રાદેશિક અર્થશાસ્ત્રનો જ એક ભાગ છે. પ્રસ્તુત સંશોધિત નિબંધમાં અસમતોલ વિકાસનાં ભાગરૂપ ગુજરાત રાજયનાં સૌરાષ્ટ્ર જુથ વિસ્તારનાં પેટા પ્રદેશ તરીકે રાજકોટ જિલ્લાનો પ્રાદેશિક ધોરણે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. સમતોલ વિકાસનાં ધ્યેયવાળી આયોજનની વ્યુહરચના હોવાછતાં રાજકોટ જિલ્લો મહત્ત્વનાં ક્ષેત્રોને બાદ કરતા અમુક ક્ષેત્રમાં હજુપણ સંપૂર્ણ વિકાસ સાધી શકેલ નથી આજ સંદર્ભમાં આ પ્રદેશની વસ્તીની ગુણવત્તા આર્થિક, સામાજિક, રાજકીય, માળખાકીય સ્થિતિ વગેરે જેવી વિવિધ વિકાસની બાબતોને ચકાસી રાજકોટ જિલ્લાની ક્ષેત્રીય સમસ્યાઓ કે પ્રશ્નોનો અભ્યાસ હાથ ધરી પ્રાદેશિક વિકાસની શકયતાઓને દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

જિલ્લાનાં વિવિધ પ્રાદેશિક પ્રશ્નોને લીધે આ વિસ્તારનો વિકાસ ધીમો રહ્યો છે. જેને આ પ્રદેશની સંપૂર્ણ વિકાસની મર્યાદા ગણાવી શકાય. વિકાસ એ વિવિધ સમસ્યાઓનાં નિરાકરણ

કે ઉકેલમાંથી બહાર આવી અલ્પવિકાસ દૂર કરવાની પ્રક્રિયા બની રહે છે. આ પ્રક્રિયાને અર્થશાસ્ત્રમાં પ્રગતિ તરીકે ઉલ્લેખવામાં આવે છે. તેમજ આવી પ્રાદેશિક ધોરણે થતી પ્રગતિને વિકાસની પ્રક્રિયા ગણવામાં આવે છે. જે પ્રાદેશિક અર્થશાસ્ત્રનું મહત્ત્વ રજુ કરે છે. આવી પ્રક્રિયા વિકેન્દ્રિત વ્યવસ્થા દ્વારા શકય બને છે. જેને આપણે ઘટકકક્ષાનાં આયોજન તરીકે ઓળખીએ છીએ. આવા ઘટકકક્ષાના આયોજનનો આજે વિકાસ અને અમલ પ્રાદેશિક અર્થશાસ્ત્રની વ્યવહારીક ઉપયોગીતાનાં ભાગરૂપ થવા લાગ્યો છે. આ બાબત દર્શાવે છે કે, વિશાળ ફલક પર પ્રાદેશિક અસમતુલાની સમસ્યાને નિવારવા અને સમતોલ પ્રાદેશિક વિકાસનાં ધ્યેયને સિદ્ધ કરવા રાષ્ટ્ર આજે આગળ વધી રહ્યુ છે. દેશનાં આયોજનનાં સમયગાળાથી અત્યાર સુધીનો જે વિકાસ થયો છે, તે અમુક રાજયનાં અમુક પ્રદેશોમાં જ થયો છે. આયોજનના સમયગાળાથી આજ સુધી પ્રાપ્ત થયેલ વિકાસ જુદાજુદા ક્ષેત્રમાં અને જુદા જુદા વિસ્તારોમાં કેન્દ્રિત થયેલ જોવા મળે છે. વારંવાર ભારતની ઓળખ ખેતીપ્રધાન દેશ તરીકે આપીએ છીએ તે પણ વિવિધ પ્રદેશોના વિવિધ પ્રાકૃતિક સંપત્તિનાં સંદર્ભમાં જુદા જુદા પ્રમાણમાં જુદા જુદા ક્ષેત્રોનો વિકાસ થયેલો જોવા મળે છે. મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં કે પ્રદેશમાં ઔધોગિક ઉત્પાદનને લગતી પ્રવૃત્તિ યોગ્ય પ્રમાણમાં વિકાસ પામી છે. આસામનાં કેટલાક ભાગોમાં ખાણ ઉદ્યોગોનો વિકાસ થવા પામ્યો છે.જમ્મુ કાશમીરમાં પ્રાકૃતિક સૌંદર્યને કારણે પ્રવાસ અને પર્યટન વિભાગ અને તેની સાથે સંકળાયેલ પ્રવૃત્તિઓનો વિકાસ થયેલો જોવા મળે છે. કેરાલામાં રબ્બર, કોફી, ઈત્યાદી બગીચા પાકો અને નાળીયેરીનું ઉત્પાદન થતુ હોવાથી તેની સાથે સંકળાયેલ ઔદ્યોગિક પ્રવૃત્તિઓ વિકસવા પામી છે.

સામાન્યતઃ દેશનાં બધા જ પ્રદેશોની પ્રાકૃતિક સંપત્તિ એકસરખી કે એકસરખા સ્વરૂપમાં કે પ્રમાણમાં હોતી નથી. આથી વિવિધ પ્રદેશોની આર્થિક પ્રવૃત્તિનું સ્વરૂપ જુદુ જુદુ હોવા ઉપરાંત તેની કક્ષા પણ જુદી જુદી હોય છે. કોઈ એક પ્રદેશમાં સિંચાઈની પુરતી સગવડ હોવાથી આવા પ્રદેશનાં ખેડૂતો વર્ષમાં એક કરતા વધુ પાક લઈ શકે છે. આથી આવા પ્રદેશોમાં મોસમી બેકારીનું પ્રમાણ નીચુ રહે છે. આનાથી ઉલટુ સિંચાઈનાં અભાવવાળા પ્રદેશોમાં મોસમી બેકારી જોવા મળે છે. વળી આવા પ્રદેશોમાં વરસાદની પણ વધુ અનિશ્ચિતતા

હોવાથી આવા સંપૂર્ણ આકાશી ખેતીવાળા વિસ્તારો કે પ્રદેશોની કૃષિ પ્રવૃત્તિ નબળી હોય છે. તેમજ મોસમી બેકારી વધુ જોવા મળે છે. આમ પ્રાકૃતિક સંપત્તિને અનુરૂપ વાતાવરણનું સર્જન જ સ્થાનિક પ્રશ્નનું નિરાકરણ લાવે છે. પ્રાકૃતિક સંપત્તિને કારણે કોઈ એક પ્રદેશમાં એકવાર સ્થાનિક સંપત્તિને અનુરૂપ મોટા ઔદ્યોગિક એકમની સ્થાપના કરવામાં આવે ત્યારપછીથી આવા પ્રદેશમાં કેન્દ્રીકરણનાં લાભ પ્રાપ્ત થવાની સહાયક અને પૂરક પ્રવૃત્તિ પણ શરૂ થવા લાગે છે. તેમજ સ્થળ વિકાસનાં લાભો વધુ તીવ્ર બનતા જાય છે. જેની આર્થિક પ્રવૃત્તિઓ પર થતી અસરો પ્રાદેશિક આર્થિક અસમાનતા સર્જે છે. પરિણામ સ્વરૂપ પ્રદેશ પ્રદેશ વચ્ચે તેમજ કોઈ એક પ્રદેશનાં પેટા પ્રદેશો કે ઘટકો વચ્ચે આર્થિક અસમાનતાની સાથે પ્રાદેશિક વિકાસમાં પણ અસમાનતા જોવા મળે છે. ઉદાહરણ તરીકે ગુજરાતને ૧૬૦૦ કી.મી. જેટલો લાંબો દરિયાકિનારો છે. પરિણામે મત્સ્ય ઉદ્યોગ વિકસી શકયો છે. મધ્ય ગુજરાતમાં પૂરતો વરસાદ પડે છે. પરિણામ સ્વરૂપ ખેતી અને પશુપાલનનો વિકાસ થયો છે. તેમજ આનુસંગિક ઉદ્યોગો વિકાસ પામ્યા છે. અંકલેશ્વર, કલોલ, વગેરે સ્થળોએ ખનીજ તેલ મળી આવતા રસાયણ ઉદ્યોગની પ્રવૃત્તિનો વિકાસ થયો છે. આમ રાજયના અમુક પ્રદેશોમાં અમુક પ્રકારની પ્રાકૃતિક સંપત્તિ આધારીત પ્રવૃતિઓનું કેન્દ્રીકરણ થયેલુ જોવા મળે છે. અન્ય પ્રદેશોમાં આવી પ્રવૃત્તિનો વિકાસ ઘણો ધીમો રહ્યો છે. કારણ કે ત્યાં અપૂરતી પ્રાકૃતિક સંપત્તિ છે. ગુજરાતનાં ઔદ્યોગિક વિકાસનાં સંદર્ભમાં કહેવાય છે કે, અમદાવાદથી વાપી સુધીનાં વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસ કેન્દ્રિત થયેલ જોવા મળે છે. ગુજરાતના બાકીનાં વિસ્તારોમાં ઔદ્યોગિક પછાતતા કે અલ્પ વિકસિતતા રહેલી છે. આ રીતે જયાં કુદરતી સંપત્તિ ઉપલબ્ધ છે તેમજ આ કુદરતી સંપત્તિનો પૂર્ણ ઉપયોગ થાય છે, એવા પ્રદેશોનો વિકાસ થયેલો જોવા મળે છે. આમ અમુક પ્રદેશોનો વિકાસ થયો છે ત્યાં અમુક પ્રદેશો પછાત કે અલ્પવિકસિત રહ્યા છે. વિકસિત પ્રદેશોમાં પણ કેટલાક ઘટક પ્રદેશો પછાત રહેલા જોવા મળે છે. તેમજ અલ્પવિકસિત પ્રદેશોમાં પણ કેટલાક ઘટકો વિકસિત જોવા મળે છે. આમ વિકાસનાં સંદર્ભમાં અસમાનતા જોવા મળે છે.

સમતોલ પ્રાદેશિક વિકાસનાં સંદર્ભમાં ભારતીય આયોજનનાં સમયગાળાથી પછાત વિસ્તારોનાં વિકાસ માટે જુદા જુદા ક્ષેત્રમાં વિવિધ પગલાઓ લેવામાં આવ્યા. ખેતી, ઉદ્યોગ

અને સેવાક્ષેત્રનાં વિકાસ માટે પણ પગલાઓ લેવામાં આવ્યા. આવા પગલાઓનાં વિકાસની નીતિવિષયક બાબતોની શરૂઆતનાં તબકકામાં પ્રાદેશિક આયોજનની નીતિ ઉપર સભાનતાપૂર્વક વિચારવામાં આવ્યુ ન હતુ. આયોજનનાં શરૂઆતનાં ગાળામાં પ્રાદેશિક વિકાસ માટે પ્રાદેશિક વિશ્લેષણનાં વિવિધ સાધનોનો પ્રાયોગિક ધોરણે ઉપયોગ કરવામાં આવ્યો હતો. કારણ કે પ્રાદેશિક વિશ્લેષણમાં નીતિવિષયક ખ્યાલ દ્વારા આયોજન પ્રદેશ નકકી કરવામાં આવે છે. આ આયોજન પ્રદેશ એટલે જ પ્રાદેશિક આયોજન આવા પ્રાદેશિક આયોજનનું સ્વરૂપ કદ તેની સીમાઓ વગેરે બાબતો પર ચર્ચા કરવામાં આવે છે. પ્રાદેશિક આયોજન નકકી કર્યા પછી આર્થિક વિકાસ, ખેત વિકાસ, ઔદ્યોગિક વિકાસ, સેવાક્ષેત્રનો વિકાસ, રોજગારી જેવા લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા પછાત પ્રદેશોમાં કેટલુ મૂડીરોકાણ કરવુ કેવા પ્રકારે રોકાણ કરવુ, સામાજિક, આર્થિક અને ભૌગોલિક સમસ્યાઓનું કેવીરીતે નિવારણ લાવવુ, રોજગારલક્ષી અને આર્થિક કલ્યાણની સમસ્યાઓનું કેવી રીતે નિવારણ લાવવુ, ઉત્પાદનનાં સાધનોની ફાળવણી કેવી રીતે કરવી અને કેવા પ્રકારની પ્રવૃતિને પ્રોત્સાહન આપવાથી પ્રદેશનો ઈચ્છિત વિકાસ કે હેતુ સિદ્ધ થઈ શકશે વગેરે બાબતો અંગે વિચારવામાં આવે છે. આમ સરકાર દ્વારા પ્રાદેશિક આયોજનના ભાગરૂપ વિવિધ યોજના અને કાર્યક્રમોનું ઘડતર કરવામાં આવે છે. જેના ફળસ્વરૂપ રાજકોટ જિલ્લો સમગ્ર સૌરાષ્ટ્રમાં ઔદ્યોગિક અને આર્થિક રીતે સારો એવો વિકાસ સાધી શકયો છે. આ પ્રદેશનાં વિકાસ માટે કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ યોજનાઓ દ્વારા ખાસ વિકાસ કાર્યક્રમો દ્વારા વિકાસ માટેનાં અનેકવિધ પ્રયાસો થયા છે. તેમ છતા આ પ્રદેશનો કૃષિક્ષેત્રમાં સંપૂર્ણ વિકાસ જોવા મળતો નથી. આવા વિકાસલક્ષી અને પ્રોત્સાહક પગલાઓને કારણે જિલ્લો ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટિએ અગ્રેસર જોવા મળે છે તેમ છતા સંપૂર્ણ વિકાસનાં ધ્યેયને હાંસલ કરવા પાછળ જે ખામીઓ જવાબદાર છે તે દૂર કરવા માટે જિલ્લાનાં સર્વાંગી વિકાસ માટે કેવા પગલાઓની આવશ્યકતા છે ? વગેરે જેવી બાબતોની આ અભ્યાસમાં ચર્ચા કરવામાં આવે છે. આ સમતોલ વિકાસ સિધ્ધ કરવા વિકેન્દ્રિત આયોજનનાં ભાગરૂપ પ્રદેશોનાં વિકાસનું યોગ્ય આયોજન કરવુ જોઈએ, યોગ્ય આયોજન માટે જે તે પ્રદેશનો પ્રાદેશિક અભ્યાસ કરવો જરૂરી છે. આ અભ્યાસ અંતર્ગત પ્રદેશનું સ્થાન, સ્થાનિક મહત્ત્વ, આર્થિક, સામાજિક બાબતો સાથે ક્ષેત્રિય સ્થિતિનાં સંદર્ભમાં

એક સર્વગ્રાહી મૂલ્યાંકન કે વિહંગાવલોકન કરવુ જોઈએ. આવુ સર્વગ્રાહી વિહંગાવલોકન એ જે તે પ્રદેશનો પ્રાદેશિક વિકાસ કે સામાજિક આર્થિક સ્થિતિ દર્શાવે છે.

**૧:૫ ગુજરાત રાજયનું વિહંગાવલોકન :–**

ગુજરાતને મજબૂત અને વિકાસશીલ બનાવવા તેમજ ભારતનાં વિકાસ માટે ગુજરાતની પ્રગતિ કરવી તેવી નૈતિક જવાબદારી સાથે ગુજરાત સરકાર તેમજ પ્રજા કાર્યરત છે. વૈશ્વિક સ્પર્ધામાં ગુજરાતને આગળ પડતા રાજય તરીકે સ્થાપિત કરવુ તે હેતુ દ્રષ્ટ્રિ સમક્ષ રાખેલ છે. "રૂપિયો વાવવો અને ડોલર મેળવવો" આ હેતુથી ગુજરાતની ફળદ્રુપ જમીનનો ઉપયોગ કરવો, આ સાથે સામાજિક દ્રષ્ટ્રિએ પણ સમાજનાં નાનામાં નાના વ્યકિતની સમૃધ્ધિ માટે પ્રયાસો કરવા તેમજ પૂરી દુનિયાને ધંધા માટેનું નેતૃત્ત્વ આપવુ.

ગુજરાત રાજયએ પાછલા વર્ષોમાં આપણા દેશના આર્થિક વિકાસમાં આગળ પડતો ભાગ ભજવ્યો છે. જેનું તારણ આપણે એ હકિકત પરથી આપી શકીએ કે માત્ર ૬ ટકા ભૌમિતિક વિસ્તાર અને ૫ ટકાની વસ્તી સાથે ગુજરાતે આપણા જી.ડી.પી. માં ૬.૪૨ ટકા અને આપણી નિકાસમાં ૨૧ ટકાનો ફાળો આપેલ છે. જો આપણે છેલ્લા દસ વર્ષના ગુજરાત રાજયનાં વિકાસને આપણા દેશના બીજા રાજયો સાથે અને એશીયાના અર્થતંત્ર સાથે સરખાવીએ તો આપણને વર્તમાન સમય ઉત્સાહ પ્રેરક જોવા મળશે. ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ ૮.૫૨ ટકાનાં દાર્શનિક આંકડા સાથે એ સાબિત કરે છે કે રાજય બીજા ભારતીય રાજયો અને એશીયન ટાઈગર્સ જેમકે સીંગાપુર, મલેશીયા અને કોરીયા કરતા આગળ છે.

**૧:૫:૧ ગુજરાત ઉત્પાદન ક્ષેત્રે આગળ પડતુ રાજય :–**

ખાસ કરીને ઉત્પાદન ક્ષેત્રે આ સમય દરમ્યાન ગુજરાતે પોતાને પ્રથમ સ્થાન પર મુકેલુ છે. રાષ્ટ્રના નકશામાં ગુજરાતે પોતાને ઉત્પાદન ક્ષેત્રે એવા ઉચ્ચ સ્થાને મુકેલ છે જે આ ક્ષેત્રે ગુજરાતનુ વર્ચસ્વ બતાવે છે. આ ક્ષેત્રમાં ગુજરાતનો ફાળો નોંધનીય છે જેની વિવિધ વિકાસપ્રક્રિયાઓની અહીં ચર્ચા કરેલ છે..

**૧:૫:૧:૧ ભવિષ્ય આધારીત નીતિ :–**

તેજસ્વી આવતીકાલ માટેના મજબૂત આધાર તરીકે ગુજરાતનાં અનેક ઉદ્યોગોનો ફાળો સવિશેષ છે. કાપડ ઉદ્યોગો અને તેના પૂરક ઉદ્યોગોએ રાજય માટે એક મહત્ત્વનો આધારભૂત

પાયો સાબિત થયા છે, જેની શરૂઆત ૧૯૬૦ માં થઈ. આ ઉદ્યોગો સાથે સંકળાયેલી નીતિઓએ રાજયને ઔદ્યોગિક નકશામાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરવા માટેની શરૂઆતની જરૂરીયાત પુરી કરી છે. રાજયની ઉદારમતવાદી નીતિ જે શરૂઆતનાં પહેલા દસકામાં બનાવાઈ હતી તેણે રાજયના વિકાસગત વિસ્તારોમાં મૂડીગત રોકાણોની તકો ઉભી કરી છે. આ બધા જે પ્રયત્નો હતા એ પૂરતા હતા. તેમ છતાં ૨૦૦૦ ના વર્ષમાં રાજયનો નવી નીતિઓ અને નવા સાહસો સાથેનો જે મૂળ હેતુ હતો કે ઉત્પાદન ક્ષેત્રને મજબૂત કરવા માટેની નીતિઓ તૈયાર કરાવી આના માટે રાજયએ મૂળ ધ્યાન નવા જોડાણો ઉભા કરવામાં, નાના અને સેવાક્ષેત્રોની પ્રગતિમાં ટેકનોલોજીનો વિકાસલક્ષી કાર્યક્રમ તેમજ ઔદ્યોગિક વસાહતો તૈયાર કરવા મૂળભૂત સેવાના ઉત્કર્ષ માટે અને પર્યાવરણને બચાવવા માટેના પગલા અને બીજી અનેક બાબતોને ધ્યાનમાં રાખીને નીતિઓ બનાવી છે.

આ ઉપરાંત ઘણી નવી પ્રગતિઓ જેવી કે આંતરરાષ્ટ્રીય અર્થતંત્ર સાથે કઈ રીતે આગળ વધવુ, કઈરીતે આંતરરાષ્ટ્રીય કંપનીઓ સાથે હરીફાઈમાં રહેવુ, કઈ રીતે રાજયને પુરતી ગેસની અનામતો પુરી પાડવી કે જે અર્થતંત્રને સસ્તી ઉર્જા પુરી પાડવામાં મદદરૂપ થાય આ બધા નિર્ણયો માટે રાજયમાં જે નવી નીતિ છે એની પ્રારંભીક શરૂઆત જરૂરી છે.

**૧:૫:૧:૨ આર્થિક સુધારાની પ્રક્રિયા :–**

ગુજરાત જે ઔદ્યોગિક પ્રગતિમાં આપણા દેશમાં આગળ પડતુ છે તે આંતરીક અને બાહ્ય વાતાવરણ જે કાઈપણ ફેરફાર માટે જવાબદાર છે તેના પર ધ્યાન રાખે છે અને જરૂરીયાત મુજબના સુધારાઓ પણ ઝડપથી અમલમાં લાવે છે. અને તેના પરિણામે રાજય સુધારાની પ્રક્રિયા અમલમાં મૂકવા પહેલુ રાજય ગુજરાત સાબિત થયુ છે. જયારે ભારતનું અર્થતંત્ર બચાવના વાતાવરણમાં હતુ અને બધા કાર્યો સરકારના નિયંત્રણ નીચે હતા ત્યારે ગુજરાત એવુ પહેલુ રાજય હતુ કે જેણે ખાનગીકરણ અપનાવ્યુ હતુ. આજે જયારે આપણી સરકાર અને બીજા રાજયોએ ખાનગીકરણ તરફ જવા માટેના પગલા ભરવાની શરૂઆત કરી છે ત્યારે ગુજરાત રાજય તેના સારા ફળો ભોગવી રહ્યુ છે. ૮૦ ના દાયકામાં ગુજરાતમાં મોટા પ્રમાણમાં ઔદ્યોગિક સાહસો, સંયુકત સાહસો શરૂ થયા છે. સરકારનું મૂડીરોકાણ હોવાછતાં આમાની મોટાભાગની કંપનીઓ ઘણી આગળ છે. સરકારે જેમાં મૂડીરોકાણ કરેલ છે તે સાહસો યોગ્ય

નફો કમાતા હોય ત્યારે તેમાંથી પોતાનો વિશેષ હિસ્સો પ્રાપ્ત કરે છે. ગુજરાત સરકારે આવા સાહસોની સ્થાપના માટેનાં અવરોધો દુર કરવા માટે જરૂરી મૂડી આપવા તરીકેનો ભાગ અને અન્ય સેવાઓ પુરી પાડવાનું કામ કર્યુ છે. જે કોઈ પણ કાર્ય આવા સાહસોના રોજબરોજના કાર્ય પુરા કરવા માટે કરવાના હોય તેની જવાબદારી સરકારે ખાનગીક્ષેત્રને સોંપેલ છે. આજે આવા મોટાભાગના સાહસોનું સંચાલન ખાનગીક્ષેત્રની પાસે રહેલ છે. આજ રીતે ગુજરાત સરકાર જ એવી પહેલી સરકાર છે જેણે દેશમાં "ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ એકટ" બનાવેલ છે અને આ એકટ સરકારે ખાનગીક્ષેત્રના સહકાર સાથે બનાવેલ છે. જે રાજયને મૂળભૂત સેવાઓની યોજનામાં સાથ આપે છે. કોઈપણ પ્રકારની આપત્તિ કે સમસ્યાનો સામનો કરવા માટે રાજય એ "ગુજરાત ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ" બનાવેલ છે. રાજય સરકારે વિજળીના ક્ષેત્રમાં પણ સુધારાના પગલા લીધેલા છે. જેને લીધે આવતા વર્ષોમાં વિજળીના ઉપભોગ કરનારને આનો લાભ મળશે. આ સાથે ગુજરાત સરકારે "ગુજરાત ગેસ એકટ" પણ બનાવેલ છે. જે પણ દેશમાં પ્રથમ વખત બનેલ છે અને તેના લીધે રાજય ગેસ આધારિત અર્થતંત્ર તરીકે આગળ આવ્યુ છે. મજૂર સુધારાએ પણ ગુજરાત રાજયને મૂડીરોકાણ કરવા માટેના એક સારા રાજય તરીકે ઉપજાવેલ છે અને આ પરથી બીજા રાજયોએ પણ બોધ લીધેલ છે. ગુજરાત સરકારે સ્પેશીયલ ઈકોનોમીક ઝોન અને ઈન્ડસ્ટ્રીયલ પાર્કસ બનાવવા માટે ઘણા પ્રયત્નો ધ્યાનમાં લીધા છે જે આજે સ્પેશીયલ ઝોન છે. એ ઔદ્યોગિક રોકાણ માટેના મૂળભૂત સ્થળો સાબિત થયા છે અને એનું કારણ તેના મજૂર કાયદા સાથે સંકળાયેલ પરિવર્તનશીલતા છે. ગુજરાતે પહેલીવાર દેશમાં કરવેરા સાથેના નિયમોમાં પણ સુધારા કર્યા છે. જે વેરો ચૂકવનારને કર ભરવામાં સરળતા અને પારદર્શકતા આપે છે. આ સુધારાએ વેરો ચૂકવનાર માટે વેરામાં ઘટાડો પણ લાવેલ છે. ભારતની સરકારે નદીઓના પાણીને એકબીજા સાથે મેળવવાની પ્રક્રિયા માટે કમીટી સ્થાપેલ છે. જયારે ગુજરાત રાજયએ આ કામ નર્મદાના પાણીને બીજી નદીના પાણી જેમ કે મહી અને સાબરમતી સાથે કેનાલની મદદથી મેળવી પૂર્ણ કરેલ છે. આમ કોઈપણ પ્રગતિલક્ષી સુધારા જે ગુજરાત રાજય આજે કરે છે તે ભવિષ્યમાં બીજા રાજય દ્વારા અનુકરણ પામવાના જ છે. બીજા અનેક ક્ષેત્રમાં નેતાની જેમજ, ગુજરાતે સુધારાના ક્ષેત્રમાં પણ આગળ પડતો જ ભાગ ભજવેલ છે.

ગુજરાતે એશિયાના આગળ પડતા અર્થતંત્રોમાં મોકાનું સ્થાન પ્રાપ્ત કરેલ છે. ગુજરાત રાજય એ હકીકતથી વાકેફ છે કે જે મજબુતાઈ તે અત્યારે ભોગવે છે તેનાથી આત્મસંતોષ માની લેવાનો નથી. આ સ્થાન પરથી ગુજરાતે પોતાને એવી જગ્યાએ પહોંચાડવાનું છે જયાંથી તેના ઉદ્યોગો એશિયાના આગળ પડતા અર્થતંત્ર સાથે સરળતાથી હરીફાઈ કરી શકે. ભારત સરકારના અર્થતંત્રના ૧૯.૨ ટકા ના વિકાસ સાથે કદમ મીલાવવા ગુજરાત રાજયએ પોતાના ઔદ્યોગિક વિકાસનો વાર્ષિક દર સરેરાશ ૧૫ ટકા નો નક્કી કરેલ છે.

આ ઘટનાના ભાગ રૂપેજ ગુજરાત સરકારે નવી ઔદ્યોગિક નીતિ ઘડવાનું નક્કી કરેલ છે. અને એની વ્યુહરચના ગુજરાતના અત્યારના ઉદ્યોગોની જરૂરીયાતને ધ્યાનમાં લેશેજ. ઉપરાંત કઈ રીતે આ ઉદ્યોગોનો પાયો મજબૂત કરવો કે જેથી ગુજરાતનો સંપૂર્ણ આર્થિક વિકાસ આના લીધે આગળ વધે તે પણ જોવામાં આવશે. રાજય હવે દેશમાં "એશિયાના નમૂનાના ઔદ્યોગિક રાજય " તરીકે ઉભરી રહ્યું છે.

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસમાં સરકારનું સક્રિય વલણ જોવા મળે છે. રાજયની ઔદ્યોગિક નીતિ એ અત્યારે વિજળી ઘર તરીકેનો ભાગ ભજવે છે. જે આપણા ઐાદ્યોગિકરણની પ્રક્રિયાને ભવિષ્યલક્ષી દોરવણી આપી રહી છે. હકિકતમાં આ નીતિઓ રાજયના ઐદ્યોગિક વિકાસને સારી રીતે પહોંચવા માટેની જવાબદારી પણ દર્શાવે છે. અત્યારના ઝડપથી બદલાતા વાતાવરણ માં ઔદ્યોગિક નીતિઓ જો પ્રતિકાત્મક વલણ કરતા સક્રિય વલણ અપનાવે તો એ વધારે સારૂ કહેવાય અને સરકારે બજારને વિકસાવવાનાં તબક્કાઓ નક્કી કરવા માટેનું પ્રોત્સાહન આપવુ જોઈએ અને સરકારે ત્યારે જ દખલગીરી કરવી જોઈએ જયારે તેમને સમાજના હિતની વિરૂધ્ધની પ્રવૃત્તિઓ ધ્યાનમાં આવે.

માહિતીની ઝડપી, વાસ્તવિક અને પ્રમાણિક પ્રાપ્તિ ઉદ્યોગપતિ અને મૂડીદારોને જેટલી પ્રેરણા આપે છે તેવી બીજી કોઈ વસ્તુ આપતી નથી. ઉપરાંત માહિતીનું પ્રસારણ અને એની આપવાની પધ્ધતિ કયા પ્રકારની છે એ પણ ખૂબ મહત્વનું છે. આ ઉપરાંત બધાજ સ્તરના અધિકારીઓ અને સ્ટાફે કોઈ પણ માહિતી બાકી ન રાખવી જોઈએ અને એ લોકો એ નિષ્ણાંત તત્ત્વજ્ઞાની અને માર્ગદર્શક તરીકે કામ કરવુ જોઈએ. આ લોકોએ યાંત્રિક માહિતીની બધીજ મહત્ત્વની બાબતથી વાકેફ રહેવું જોઈએ. આ બધી બાબતોને સાકાર કરવા માટે આપણા

રાજયમાં મૂળભૂત સેવાઓ લોકોને પૂરતી મળવી જોઈએ.બધાજ પ્રકારની મૂળભૂત સેવાઓ વિશ્વ કક્ષાએ હરીફાઈમાં મૂકી શકાય તેવી હોવી જોઈએ. એ સાથેજ એક હકિકત જાણવી જરૂરી છે કે વિકાસ કરવો એ માત્ર સરકારની જ ફરજમાં નથી આવતુ. જે કોઈપણ ઔદ્યોગિક સાહસને પ્રતિનિધિત્વ પુરૂ પાડનાર સંસ્થાઓ છે એ લોકોએ પણ વિકાસમાં ભાગીદાર થવુ જોઈએ. શિક્ષણ એ એક એવો મહત્વનો આધાર છે કે જે વ્યકિતને સમાજના ઘડતરમાં ફાળો આપવા સક્ષમ બનાવે છે. એવા બધાજ પ્રયત્નો હાથ ધરવામાં આવશે જેના લીધે, આપણે શૈક્ષણિક સંસ્થા અને ઉદ્યોગો વચ્ચેની સાંકળ મજબૂત બનાવી શકીએ.

ગુજરાત સરકારે હાલમાં જ આવા સ્પેશિયલ ઈકોનોમીક ઝોન અને ઔદ્યોગિક વસાહતોના ઉદ્ભવ માટે ઘણા વટહુકમ બહાર પાડયા છે. આ વટહુકમની જોગવાઈ મુજબ આ ક્ષેત્રના સંચાલનની જવાબદારી અને આ ક્ષેત્રની અંદર આવતા બધા ઉદ્યોગોની એકજ સંકુલ હેઠળની મંજૂરીઓ ભારત સરકારના વિકાસલક્ષી કમીશ્નરને સુપ્રત કરવામાં આવી છે. આ ઉપરાંત બધાજ હક્ક, ફરજો અને જવાબદારીઓ કે જે મજૂર કાયદા અને અન્ય કાયદાની હેઠળ પૂર્ણ કરવાની હોય તેના માટે પણ વિકાસલક્ષી કમીશ્નર જ જવાબદાર છે. ઉદ્યોગપતિઓને આવા ઐદ્યોગિકક્ષેત્રમાં રોકાણ કરવા આકર્ષવા ઘણા બધા પ્રોત્સાહક લાભો આપવામાં આવે છે. જે ઔદ્યોગિક સાહસ પોતાની જરૂરીયાત માટે વિજળીનો એકમ સ્થાપે તેના માટે સરકારે વિજળી જકાત ૧૦ વર્ષ માટે નાબૂદ કરેલ છે. નવા સાહસો જે આવા ક્ષેત્રમાં શરૂ થઈ રહ્યા છે તેઓ માટે સરકાર સ્ટેમ્પ ડયુટીમાંથી છૂટ આપે છે. નોંધણી કર જે જમીનના ફેરફારમાં લોનના કરારમાં ઉધારની જરૂરીયાતોમાં અને બીજા કરારોમાં આપવાની જરૂર હતી તે દૂર કરેલ છે. વેચાણ વેરો, ખરીદ વેરો અને બીજા અનેક વેરામાંથી પણ આ ક્ષેત્રના સાહસોને છૂટ મળેલ છે. સરકારે જે વેરો કાચા માલના પુરવઠા પર લાદેલ છે તે પણ આવા ક્ષેત્રોના સાહસો માટે નાબૂદ કરેલ છે. જે સુવિધાઓ આ સ્પેશીયલ આર્થિક ક્ષેત્રને સરકાર આપે છે એ મૂડીરોકાણકારો માટે આકર્ષક ક્ષેત્ર સાબિત થશે. અને તેથી સારી એવી મૂડી આ ક્ષેત્રમાં પ્રાપ્ત થવાની શકયતાઓ છે. અત્યારે આ વટહુકમો સેન્ટ્રલ ગર્વમેન્ટની મંજૂરી માટે મોકલેલ છે જેનું પરિણામ ઝડપથી જાણવા મળશે.

ગુજરાત એવા થોડાક રાજયોમાંનુ એક છે કે જેણે શ્રમના સુધારા કરવા માટે પગલા લીધા

છે. શ્રમના કાયદાનાં જે ફેરફારો છે એ આવતા કેટલાક વર્ષોમાં મૂડીદારોને આકર્ષવા માટેનું મહત્વનું કારણ બનશે. સરકાર એ બાબત સાથે પણ સહમત છે કે વિકાસ પર્યાવરણનાં નુકશાન સાથે ન થવો જોઈએ. એક યોગ્ય તક સરકાર ખેતીના ધંધાના વિકાસને પણ આપવા માગે છે. જેના માટે તેમણે ખેતીમાં ધંધાદારી અભીગમ અપનાવવા તરફ અને આધુનિક ટેકનીક અપનાવવા તરફ ધ્યાન આપેલ છે.

ગુજરાતના આર્થિક વિકાસ માટેનું મહત્ત્વનુ પાસુ ઔદ્યોગિક વિકાસ છે. રાજયની ઔદ્યોગિક વસાહત નાના અને મધ્યમ કદના સાહસોથી સંકળાયેલ છે. આ એવા ક્ષેત્ર છે કે જેણે ગુજરાતના વિકાસમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. મૂડીના વિકાસમાં પણ અને રોજગારી ઉભી કરવામાં પણ આ ક્ષેત્રો આગળ છે. સરકાર જે નવા પરિવર્તનના પ્રયાસો કરી રહી છે તેને ધ્યાનમાં લઈને આ ક્ષેત્રને વધારે પ્રગતિશીલ બનાવવા મદદ કરશે. ઉદ્યોગોની માંદગી દૂર કરવા માટેના પણ સરકાર પ્રયાસો કરી રહી છે.

### ૧:૫:૧:૩ નાના અને મધ્યમ એકમો માટે જૂથના વિકાસનું વલણ :–

ગુજરાતમાં ૧૦ સ્થળો પર ૭૬ જેટલા ઔદ્યોગિક જૂથ આવેલ છે. અહીં આવેલા જૂથોના વિશેષ વિકાસ માટે રાજયની સરકારે ઘણા લાભો નવી નીતિ હેઠળ બહાર પાડયા છે. આ ઉપરાંત સરકાર નવા જૂથો બનાવવા માટે ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે. જેથી કરીને સરકાર આવા જૂથોના સભ્યોને બધી વધારાની સવલતોના લાભો આપી શકે. તેથીજ રાજય સરકારે યોગ્ય નીતિ દ્વારા આવા જૂથોને વધારવાનું નક્કી કરેલ છે. જૂથ સરકાર દ્વારા અપાતા બધાજ પ્રકારના લાભોને લઈ શકે એ માટે સરકારે આવા જૂથો માટેની વ્યાખ્યા આપેલ છે. એ વ્યાખ્યા પ્રમાણે જૂથ એટલે "એવા ઔદ્યોગિક સાહસો જે સરખી અને પુરક વસ્તુના ઉત્પાદનમાં સ્થપાયેલા હોય." સરકારે આવા જૂથોને ઓળખવા ઓછામાં ઓછા ૫૦ એકમ કે જે ૧૦ કિલોમીટર ત્રિજયાના વિસ્તારમાં ફેલાયેલા હોવા જોઈએ એવું નક્કી કરેલ છે. આ યોજના હેઠળના લાભો એવા જૂથના જોડાણને અપાશે જેનાં કાર્યો એવા જૂથોના વિકાસ માટે હોય.

### ૧:૫:૧:૪ વિકસતી ગ્લોબલ બ્રાન્ડ ઈમેજ તરીકે ગુજરાત :–

વર્તમાન સમયમાં ઉત્પાદિત માલનું વેચાણ સારા બજારીકરણનાં પ્રોત્સાહનની કામગીરી વગર મૂશ્કેલ છે. આજ વિચાર સાથે સરકારે ગુજરાતની વિશ્વસ્તરે શ્રેષ્ઠ પ્રતીષ્ઠા ઉભી કરવા

માટે, ગુજરાતને ગુણવત્તાવાળી વસ્તુના ઉત્પાદક તરીકે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થાન આપવા માટે સારા પ્રોત્સાહક કાર્યો હાથ ધરેલ છે. આ હકિકતનો ખ્યાલ એ વાત પરથી આવે છે કે સરકારે ઉદ્યોગોને સસ્તુ અને ગુણવત્તાયુકત બળતણ આપવા અને એ પણ ઓછા ખર્ચે આપવા પ્રયાસ કરેલ છે. ગુજરાતનું અર્થતંત્ર તેને બીજા હરીફ અર્થતંત્રથી અલગ પાડે છે. કરવેરાની પદ્ધતિ ગ્રાહકના હક્કને હંમેશા ધ્યાનમાં રાખે છે. ઔદ્યોગિકરણ માટેનાં જે કંઈ પણ પગલા છે તે લેવા માટે સરકાર હંમેશા તૈયાર રહે છે. અગાઉ જણાવ્યા મુજબ રાજયએ તેની સુધારાની પ્રક્રિયા માટેના પ્રયાસો ચાલુ જ રાખેલ છે.

ઘણા એવા કાર્યો પણ છે કે જેના પર ખાસ ધ્યાન આપવુ જરૂરી છે.એન. આર. આઈ. અને એફ. ડી. આઈ. ના મૂડીરોકાણ માટેનું સંપૂર્ણ પ્રોત્સાહન મહત્વનું છે. જો આપણે વિકાસની પ્રક્રિયા જોવી હોય તો પ્રાદેશિક અસમાનતા દૂર કરવા માટે પ્રયાસો કરવા પડશે. રણ વિસ્તારો અને આદિવાસી ક્ષેત્રના વિકાસ અને ફીશરીઝ ઉદ્યોગનાં વિકાસના સંશોધનના કાર્યને પણ વધારવુ જોઈએ.

**૧:૫:૧:૫ નીતિનાં નિયંત્રણ માટેની અસરકારક પ્રણાલી :–**

અંતમાં ખૂબ મહત્વની બાબત એ છે કે કોઈપણ નીતિ પોતાનો હેતુ તો જ પાર પાડી શકે જો તેનુ ધ્યાન રાખવા માટેની અસરકારક પદ્ધતિ અપનાવાય. આમ, અસરકારક અને સારી એવી પદ્ધતિ અમલમાં મૂકવી એ આવશ્યક બાબત છે.

ઉપરની બધીજ બાબતોને સાંકળવા માટે નીચે આપેલા પગલા ગુજરાતને વૈશ્વિક ધોરણે આગળ પડતુ રાજય બનાવવા મદદ કરે છે.

**(૧) ધ્યેય :–**

ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટિએ એશિયાના આગેવાન બનવુ અને વૈશ્વિક હરીફાઈમાં ગુજરાતને મહત્વના ખેલાડી તરીકે બતાવવું એ ધ્યેયને કેન્દ્રમાં રાખેલ છે.

**(૨) વલણ :–**

આ ધ્યેય પાર પાડવા માટે ગુજરાત સરકાર ખૂબજ સારા પ્રમાણમાં ઉદ્યોગને સફળ બનાવતુ વાતાવરણ ઉભુ કરવાનું વલણ ધરાવે છે. તેના માટે સરકાર બધાજ પ્રકારની પદ્ધતિને લગતી સેવાઓ આપે છે અને પોતે માત્ર ઉદ્યોગો માટે સેવા આપનાર તરીકે વર્તે છે. સરકાર

ઔદ્યોગિક વિકાસને લગતી તમામ બાબતોને ધ્યાનમાં લઈ અને ખૂબજ બહોળુ વલણ ધરાવે છે અને ઉદ્યોગોના વિકાસ માટે ખૂબજ પ્રયત્નશીલ રહે છે. સરકાર એવુ ખૂબ જ મજબૂતાઈથી માને છે કે સારૂ શાસન એ હેતુ પાર પાડવા માટેનું ખૂબ મહત્વનુ પાસુ છે. આ નીતિ હેઠળ જ સરકારે સારા શાસન માટેના ઘણા નિયમો લાગુ પાડેલ છે. જે સરકારના પારદર્શક કેન્દ્રિત અને જવાબદાર વલણને દર્શાવે છે.

ઔદ્યોગિક વિકાસનો મૂળ હેતુ નવા ઉદ્યોગ સાહસિકોની બધી જ જરૂરીયાતો ને પુરી કરવાનો છે. આ જરૂરીયાતોમાં ઉદ્યોગપતિની મૂળ પાયાની જરૂરીયાતથી માંડીને પેદાશના બજારો ને લગતી બધીજ બાબતોનો સમાવેશ થઈ જાય છે. આ ઉપરાંત નવી યોજના સાથે સંલગ્ન તમામ બાબતો પણ સાંકળી લેવાઈ છે. જેમકે પાયાની મૂળભૂત સેવાની જરૂરીયાત, તેમજ અન્ય પગલાઓ જે યોજનાના શરૂઆતથી અંત સુધી જરૂરી છે. જેમ કે જમીન, મૂડી, પર્યાવરણની જવાબદારી, મજૂર, કાચામાલનાં પ્રાપ્તિસ્થાનો, ટેકનોલોજી અને બીજી અનેક બાબતોનો સમાવેશ થાય છે. યોજનાના અમલીકરણના દરેક સ્તર પર રાજય સરકાર સાહસિક ઉદ્યોગપતિને મદદ કરવા તત્પર રહે છે. યોજનાના વિચારથી માંડીને તેના અમલીકરણ સુધીની દરેક બાબતોનો તેમાં સમાવેશ થાય છે. એ સાથે સરકાર અત્યારના ચાલુ ઉદ્યોગોમાં જે કોઈપણ પ્રશ્નો છે એના માટે અને એ ઉદ્યોગો માટે સારૂ વાતાવરણ ઉભુ કરવાના પ્રયત્નમાં છે. જેથી આ ઉદ્યોગો સારી રીતે કામ કરી શકે. અને આથીજ સરકારે બધા ઉદ્યોગોને બજારનુ મુકત વાતાવરણ આપેલ છે.

**૧:૫:૧:૬ હેતુઓ અને વ્યુહરચના :–**

**(અ) હેતુઓ :–**

ગુજરાતના ઉદ્યોગોને વિશ્વની હરીફાઈ સામે ટકવા માટે સક્ષમ બનાવવા એ વર્તમાન ઔદ્યોગિક નીતિનો મુખ્ય હેતુ છે. ઔદ્યોગિક વિકાસ માટેના હેતુઓને એકજ વાકયમાં આપવાથી તેનુ જે મૂળ અને મહત્ત્વનું કાર્ય છે તે જાણી શકાશે નહી અને તેથી આપણે આ હેતુઓને તેના પૂરક હેતુઓ દ્વારા બહોળા દ્રષ્ટિકોણથી જોઈશુ. આ હેતુઓના પુરક હેતુઓ નીચે પ્રમાણે આપી શકાય.

**(૧)** એવુ પ્રેરક વાતાવરણ ઉભુ કરવુ કે જેના લીધે જે મૂડીદારો છે એ ગુજરાતને હંમેશા તેની

યોજનાઓ માટે મૂડીરોકાણ માટેની પ્રથમ પસંદગીનું સ્થાન બનાવે અને તેથીજ ગુજરાતને ૨૧મી સદીના મૂડીરોકાણ કરવા માટેના પહેલા સ્થાન તરીકે પસંદગી મળે.

**(૨)** નવા ઉદ્યોગપતિઓ તેમજ વર્તમાન ઉદ્યોગપતિઓને એમના ક્ષેત્રને લગતી બધીજ નવી માહિતીઓથી માહિતગાર બનાવવા.

**(૩)** સરકારનું જે સરળતા પ્રદાન કરતુ માળખુ છે એને મજબૂત બનાવવુ રાજયસ્થાને પણ અને જિલ્લાસ્થાને પણ.

**(૪)** વહિવટીય માળખાને ઉદ્યોગોની જરૂરીયાતો સમજી શકે તેવુ લાગણીવંત અને ત્વરિત કાર્યક્ષમતાવાળુ બનાવવુ.

**(૫)** ઈ – ગવર્નન્સ નો ખ્યાલ સરકારે તેના પત્ર અને વ્યવહારૂ કામમાં અમલમાં મૂકવો.

**(૬)** કાયદેસરની કાર્યવાહી માટેનું માળખુ વધારે મજબૂત કરવા પણ પ્રયાસ કરવા.

**(૭)** મૂળભૂત સેવાઓને સારી રીતે વિકસાવવી અને તેના માટે ખાનગીક્ષેત્રમાં મૂડીરોકાણ વધારવુ.

**(૮)** વિકાસની જવાબદારીઓ પૂર્ણ કરવા માટે ઔદ્યોગિક સાહસોની મજબૂતાઈ વધારવી.

**(૯)** મૂડીદારોના વિચારો મુજબ જીવન ધોરણ સુધારવુ.

**(૧૦)**જરૂરીયાત મુજબના અભ્યાસ ક્રમો યુનિર્વસીટીઓમાં દાખલ કરવા જેથી કરીને શિક્ષણ ક્ષેત્ર અને ઉદ્યોગો વચ્ચેના વ્યુહાત્મક સંબંધ રચાય.

**(૧૧)**ઉત્પાદકતા વધારવા માટેના યોગ્ય પગલા ભરવા જેથી માનવીય મૂડીનુ ઘડતર અને વિકાસ થાય.

**(૧૨)**મજૂર સુધારાઓ દ્વારા ધંધાનુ વાતાવરણ પ્રેરક બનાવવુ.

**(૧૩)**નિયમો, કાયદાઓ અને બીજા ઘડતરના વિભાગો સરળતાથી અમલમાં લાવવા અને કાર્યશીલ બનાવવા.

**(૧૪)**પર્યાવરણના બગાડને દૂર કરવો અને પર્યાવરણની સુરક્ષા સંબંધી કાયદાઓ વધુ સખત બનાવવા.

**(૧૫)**નજીકના ભવિષ્યમાં જયારે સરદાર સરોવર યોજના પૂર્ણ થવાને આરે છે ત્યારે ગુજરાત રાજય ખેતીક્ષેત્રમાં તેજીના તબક્કામાં રહેશે અને રાજય જયારે ખેતીમાંથી ઉત્પાદન

વધારશે ત્યારે તેને સારી એવી યોજનામાં રોકવાનો ઉદ્દેશ છે અને તેના માટે જરૂરી એવી મૂળભૂત સેવાઓનો વિકાસ કરવાની કામગીરી સરકાર કરશે.

(૧૬) ઉત્પાદન વિભાગોને મજબૂત કરવાની પણ રાજયની ઈચ્છા છે.

(૧૭) વધારેને વધારે રોજગારી ઉભી કરવાના ઉદ્દેશને લીધે રાજય એવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે જેમાં શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિ હોય.

(૧૮) વર્તમાનમાં કાર્યરત ઔદ્યોગિક જુથોને મજબૂત બનાવવા અને નવા જૂથોને પ્રોત્સાહન આપવુ.

(૧૯) નાના ક્ષેત્રના એકમોના વિકાસ માટે મદદ કરવી.

(૨૦) નાના અને મધ્યમ ઉદ્યોગોને બેંકની મૂડી મેળવવા મદદ કરવી.

(૨૧) ઔદ્યોગિક દ્રષ્ટિએ શ્રેષ્ઠ ગુણવત્તાની સમજ કેળવવી.

(૨૨) ઉદ્યોગોને યાંત્રિક વર્ગીકરણની યોજના માટેની સહાય આપવી.

(૨૩) નીતિઓને એવીરીતે ઘડવી કે જેથી તે નીતિઓ દ્વારા ડબલ્યુ. ટી. ઓ. ની પ્રણાલીની ખરાબ અસરો રાજયના ઐદ્યોગિક ક્ષેત્ર પરથી નાબુદ કરી શકાય.

(૨૪) ગુજરાતનાં ઉદ્યોગોને એટલા સક્ષમ બનાવવા કે તેઓ ડબલ્યુ. ટી. ઓ. ની પ્રણાલીનો સામનો કરી શકે ઉપરાંત નવી તકો શોધી શકે અને તેમાંથી લાભો મેળવી શકે.

(૨૫) ઉદ્યોગોની માંદગી દૂર કરવા માટે ઉદ્યોગોને મદદ કરવી.

(૨૬) ગુજરાતને વિશ્વના તખ્તા ઉપર ગુણવત્તાના માપદંડમાં અને બ્રાન્ડ ઈમેજ બનાવવા પ્રયત્નો કરવા.

(૨૭) ગુજરાતના ઉદ્યોગોને કુદરતી ગેસ ઓછા દરોએ અને જરૂર પુરતો મળી રહે છે કે નહીં તેની તપાસ કરવી.

(૨૮) કરવેરાના માળખાને સરળ બનાવવું

(૨૯) બિનનિવાસી ભારતીયોની પોતાની જરૂરીયાતો અને રાજયના વિકાસની જરૂરીયાતો વચ્ચે સમન્વય સાધવો.

(૩૦) મજબૂતાઈ ભરેલ ઔદ્યોગિકરણને પ્રોત્સાહન આપવુ.

(૩૧) પ્રાદેશિક અસમાનતા ઘટાડવી.

**(૩૨)** ખાસ પ્રકારના એકમોના વિકાસ માટેના પ્રયત્નો કરવા જેમકે માછીમારી ક્ષેત્રે પછાત ક્ષેત્રના વિકાસની કામગીરી તેમજ કચ્છ જિલ્લાનો વિકાસ વગેરે.

આ બધા આપેલ હેતુઓ પાર પાડતાની સાથેજ રાજય ઔદ્યોગિક વિકાસને પૂર્ણ કરી શકશે. ઉપરાંત રાજયમાં ઘણી રોજગારીની તકો ઉભી થશે અને પ્રાદેશિક અસમાનતાનું નિવારણ થશે. ઉદ્યોગોની ઉત્પાદન ક્ષમતા વધારીને ઔદ્યોગિક નીતિ ઉદ્યોગોને દેશની અંદર જ કાર્ય કરવા સક્ષમ નથી બનાવતી પણ એને દુનિયાના એટલેકે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે હરિફાઈમાં ઉતરવા સક્ષમ બનાવે છે. નીતિ ગુણવત્તાના ધોરણને વધારવાના પ્રયત્નો માટે પણ તૈયાર રહેવી જોઈએ. એ ઉપરાંત પર્યાવરણના બચાવની જવાબદારી પણ નિભાવવી જોઈએ.

**(બ) વ્યુહરચનાઓ :–**

ઉપર આપેલા હેતુઓ પાર પાડવા માટે સરકારે ઘણા વ્યુહાત્મક પગલા લીધેલ છે જે નીચે મુજબ આપેલ છે.

**(૧)** ગુજરાત અને એના ઉત્પાદન માટે વૈશ્વિક છાપ અંકિત કરવી અને તેને જાળવવી.

**(૨)** કાર્યક્ષમ શાસન માટે નીચેની બાબતો અમલમાં મૂકવી.

(અ) મજુર સુધારા કે જે ઔદ્યોગિક મૂડીરોકાણને મદદ કરશે અને જે રોજગારી ઉભી કરવા અને ઉત્પાદકતા વધારવા મદદ કરશે તેનું નિર્માણ કરવું.

(બ) ઔદ્યોગિક તેમજ શહેરની મૂળભૂત સેવાઓનું આધુનિકરણ કરવુ તેમજ યાંત્રિક ઉર્જાના સુધારા અમલમાં મૂકવા.

(ક) બંદરોનો વિકાસ કરવો

**(૩)** ગુજરાતના ઉત્પાદનની મજબૂતાઈ ઉપર ધ્યાન આપવુ અને નિકાસની ક્ષમતા વધારવી.

**(૪)** નવીનતા, યાંત્રિક ઉન્નતિ અને ગુણવત્તા સુધારા જેવી બાબતોના સુધારા ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવુ.

**(૫)** સેવાક્ષેત્રોનો વિકાસ કરવો અને ઈચ્છીત સુધારા અને વ્યુહાત્મક વલણ માટે સલાહકાર તરીકે કામ કરવુ.

**૧:૫:૧:૮ માહિતીની સરળતા ઉભી કરવી :–**

આ બધી બબતોનો મૂળ હેતુ ગુજરાતને એવુ રાજય બનાવવાનો છે કે જેમાં મૂડીદારો

હંમેશા રોકાણ કરવા આતુર હોય. માહિતીએ કોઈપણ ઉદ્યોગની સફળતાની ચાવી છે. આ સમય માહિતી અને ખબરનો છે. જે માણસ પાસે એના વિષય કે જેમાં એ કામ કરે છે એની બધીજ માહિતી હશે એ તેના હરીફોથી જીતી શકશે. આ બાબત કોઈપણ ઉદ્યોગની સ્થાપનાની સરળતા માટે સાચી છે. સરકાર પણ આ હકીકતથી વાકેફ છે અને તેથી તે અત્યારના અને નવા ઉભરતા સાહસિક ઉદ્યોગપતિઓને તેમની સાથે સંકળાયેલા ક્ષેત્રની માહિતીથી સધ્ધર જોવા માટે પ્રયાસો કરે છે. નવા ઉદ્યોગપતિઓને જોઈતી માહિતીમાં તેની યોજના નક્કી કરતી વખતે બજારનું ભવિષ્ય નક્કી કરવા જુદા જુદા પુરક સ્થળોએ મૂળભૂત સેવાઓ કઈ રીતે મળે છે. તેમજ સરકારની મદદ અને સરળતાની સેવાઓ, આર્થિક અને સામાજિક દર્શકો કોઈપણ ઉદ્યોગને અંકુશમાં રાખતા કાયદાઓ કાયદાકીય જરૂરીયાત, પર્યાવરણ નીયંત્રણો બીજી તબક્કાવાર નોંધો આ બધાનો સમાવેશ થઈ શકે. રાજયકક્ષાએ ઈન્ડેક્ષ બી નામની સંસ્થા આ પ્રકારની માહિતી માટેની કામગીરી એકહથ્થુ સંભાળે છે અને આ સંસ્થા છેલ્લા ૨૫ વર્ષથી કાર્યરત છે. ઈન્ડેક્ષ બીની જે કામગીરી છે તે રાજય કક્ષાએજ નહિ પણ વિશ્વ સ્તરે વખાણાયેલ છે. સરકાર હવે માહિતીની સેવા જિલ્લાકક્ષાએ ઉપલબ્ધ બને એવી વ્યવસ્થા કરવાના કામમાં છે અને એના માટે સરકાર જુદા જુદા સ્થળોએ આવા માહિતી કેન્દ્રો સ્થાપવાનું વિચારે છે. આ ઉપરાંત માહિતી આપનાર વ્યકિતની આ માટેની કામગીરીનું ધોરણ વધારવા એમને જરૂરી ટ્રેઈનીંગની વ્યવસ્થા કરાઈ છે.આ હેતુ માટે ગુજરાત સરકાર દરેક ક્ષેત્ર ઉપર માહિતી સેવાનો બહોળો ઉપયોગ કરવા માગે છે.

**૧:૬ સૌરાષ્ટ્ર વિસ્તારનું વિહંગાવલોકન :–**

પ્રસ્તુત પ્રકરણમાં આપણે સૌરાષ્ટ્ર વિસ્તારનો પરિચય મેળવીશુ. સંશોધન અભ્યાસનો વિસ્તાર "રાજકોટ જિલ્લો" છે. જે સૌરાષ્ટ્ર વિસ્તારનું મહત્વનું અંગ છે. કોઈપણ દેશના આર્થિક વિકાસનો આધાર એ વિકાસ માટે કઈ નીતિ અપનાવે છે તેના પર તો છે જ પરંતુ આ આર્થિક વિકાસનું ધ્યેય હાંસલ કરવા પાછળ આર્થિક સુધારાઓ અને ઔધોગીક વિકાસ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. જેના દ્વારા રાષ્ટ્ર સંપૂર્ણ રીતે આર્થિક વિકાસ સાધી શકે તો જ દરેક રાજ્ય પણ આ ક્ષેત્રે આગળ વિકાસ સાધી જિલ્લાકક્ષાએ, તાલુકાકક્ષાએ અને તેનાં દ્વારા દેશનાં એવા સમગ્ર ગ્રામીણ પછાત વિસ્તારોને પણ સાંકળી લેવામાં આવે છે કે જેનો વિકાસ પુનઃ

સમગ્ર દેશનાં આર્થિક વિકાસમાં સહાયરૂપ બની શકે.

આપણે આવા ગ્રામીણ વિસ્તારો સાથે જોડાયેલ એવી સૌરાષ્ટ્રની ધરતીની વાત કરીએ તો ૨૧મી સદીમાં વિશ્વની સાથે કદમ મિલાવી અનેક કુદરતી સંસાધનોથી ભરપૂર એવી આ સૌરાષ્ટ્રની ધરતીનો એવો જ ભરપુર વિકાસ સાધી ગુજરાતની આ ધરાનો ઝડપી આર્થિક વિકાસ સાધવાનુ હાથવેંતમાં જ છે. છેલ્લા ૪–૫ વર્ષોમાં સૌરાષ્ટ્રમાં ઈન્ફ્રાસ્ટ્રકચર, પાણી, પોર્ટ, મોટા ઉદ્યોગો, જેવા અનેક પગલાથી આ વિસ્તારનાં વિકાસનાં દ્વાર ખૂલી ગયા છે.

૧૯૪૭ની આઝાદી પછી ૪–૫ વર્ષે પ્રખર અર્થશાસ્ત્રી પ્રો. સી. એન. વકીલનાં અધ્યક્ષપદે "સૌરાષ્ટ્રના ઈકોનોમીક સર્વે" ની એક સમિતિ નિમાઈ હતી. જેમાં જાણીતા અર્થશાસ્ત્રી પ્રો. ડી.ટી. લાકડાવાલા પણ સભ્ય હતા. તેમના જણાવ્યા પ્રમાણે આઝાદી પૂર્વે સૌરાષ્ટ્રમાં ૨૦૦ જેટલા રજવાડા હતા. જેમની પોતાની મનમાની પ્રમાણે આ નાના નાના હિસ્સાઓ વિકસ્યા હતા. કેટલાક પ્રદેશ સંપૂર્ણ વિકસ્યા હતા તો કેટલાક માત્ર શહેરનો વિકાસ થયો હતો અને ગામડા એવાને એવા રહ્યા હતા. ટૂંકમાં આ રજવાડાઓમાં તમામ ભૌગોલિક વિસ્તારોનો સર્વાંગ સંપૂર્ણ આંતરમાળખાકીય વિકાસ સાધવામાં આવ્યો નહોતો અને તેથીજ થોડા વિસ્તારો બાદ કરતા મુખ્યત્ત્વે આ વિસ્તાર ઈન્ફ્રાસ્ટ્રકચરથી વંચીત રહી ગયો હતો. આઝાદી પછી આ રજવાડા દેશમાં ભળી જતા આખા સૌરાષ્ટ્રનાં સમૂચિત આર્થિક વિકાસનો પ્રશ્ન હાથમાં લેવાયો હતો. ૧૯૬૦માં ગુજરાત રાજયની રચના પછી આ મુદ્દો વિશેષ ધ્યાન ખેંચતો હતો. હકીકતમાં તો એક અર્થશાસ્ત્રી દ્વારા એવો પણ અભ્યાસ તે સમયે થયો હતો કે સૌરાષ્ટ્રનાં વિકાસની અવગણના થઈ રહી છે.

બદલાતા સમયની સાથે તથા લોકોની બદલાતી જતી અપેક્ષાઓની સાથે સાથે આ પ્રદેશમાં પણ સામાજિક અને આર્થિક ઈન્ફ્રાસ્ટ્રકચરનો ઝડપથી ફેલાવો થાય, ચીજોની ઝડપથી હેરફેર થઈ શકે તથા સંસ્થાકીય માળખામાં ધરખમ ફેરફારો થાય એ સૌરાષ્ટ્રનાં વિકાસની ચાવી છે. પરંતુ હકીકતમાં આ મૂળભૂત અભ્યાસો પર પૂરતુ ધ્યાન ના અપાયુ આ જ કારણે ગુજરાતનાં અન્ય ભાગોનાં વિકાસની સાથે સૌરાષ્ટ્ર બરોબર તાલમેલ ના જાળવી શકયુ. ૯૦ના દાયકા સુધી આ અસમાનતા આમને આમ ચાલતી રહી. પરંતુ હવે સૌરાષ્ટ્ર–કચ્છ તથા ઉત્તર ગુજરાત એ અલ્પવિકસીત પ્રદેશમાંથી આજે આપણે સૌરાષ્ટ્રની વાત કરીએ.

સૌરાષ્ટ્રમાં હવે ઝડપથી વિકાસનાં અનેક પગલા લેવાઈ રહ્યા છે. આર્થિક નીતિઓ બદલાઈ રહી છે તથા લોકોની લાગણીઓનો પડઘો જોતા આયોજનની અગ્રિમતાઓમાં આ નીતિવિષયક ફેરફારો હવે દેખાઈ રહ્યા છે. વિકાસ માટે જરૂરી પાણી, વિજળી, રસ્તા અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર, કોમ્યુનિકેશન્સ, બંદરોનો વિકાસ, મોટા ઉદ્યોગોની સ્થાપના, જેવા અનેક પગલા સરકાર દ્વારા તેમજ ખાનગીક્ષેત્ર દ્વારા લેવાઈ રહ્યા છે જેથી આવતા પાંચ વર્ષમાં સૌરાષ્ટ્રનો વિકાસ અન્યક્ષેત્રોની સમકક્ષ થઈ જવાનો છે. પશ્ચિમ ભારતમાં આવા સૌરાષ્ટ્ર પ્રદેશના શહેર રાજકોટ જિલ્લાના આર્થિક અને ઔધોગિક વિકાસ તેની સમસ્યાઓ અને ભાવિ સંભાવનાઓ વિશેનો અભ્યાસ અહીં પ્રસ્તુત કરીએ છીએ.

શહેરના વિકાસમાં શહેરીકરણ અને ઔદ્યોગિકરણની ભૂમિકા સામાજિક, આર્થિક તરાહ, તેના પ્રશ્નો, ઉકેલો વગેરે સમાજશાસ્ત્રીઓ, અર્થશાસ્ત્રીઓ, નગરઆયોજકો, તથા આર્થિક નીતિવિષયક નિષ્ણાંતો વસ્તીશાસ્ત્રીઓ વગેરેના અભ્યાસના વિષયો રહ્યા છે અને વિવિધ અભિગમોથી આ અભ્યાસો વિકસતા જાય છે. આ બાબત કોઈએક સમાજ કે પ્રદેશના કોઈ એક જ શહેર પૂરતી મર્યાદીત નથી પરંતુ તે એક વિશ્વવ્યાપી પ્રક્રિયા છે. સામાન્ય રીતે આ અભ્યાસો દ્વારા કોઈપણ શહેરનો વધતો જતો ભૌગોલિક વિસ્તાર, આર્થિક પ્રવૃતિઓ તથા સામાજિક પરિવર્તનો કેટલા વધુ કાર્યક્ષમ બન્યા છે તે ચકાસી શકાય છે. આ બાબતમાં વિવિધ વિદ્વવાનોએ પોતાના વિશ્લેષણો આપ્યા છે. આ લેખ દ્વારા રાજકોટ જિલ્લાની માહિતી તેની વિગતો અથવા સમસ્યાઓને સાંકળી લેવામાં આવી છે. ભારતમાં ઔદ્યોગિક વિકાસની આર્થિક વિકાસ પરની અસરો તપાસતા કેટલાક શહેરોને આવરી લેતા અભ્યાસો થયા છે. લોકોના જીવનધોરણ પર પડેલી આર્થિક સામાજિક અસરોને આ અભ્યાસોએ ઘનિષ્ઠ રીતે તપાસી છે આ અભ્યાસો દરમ્યાન જે તે મ્યુનિસિપલ કોર્પોરેશનના અંદાજપત્રકો વિકાસની કક્ષાએ જોતા ખુબ જ ટાંચા માલુમ પડયા છે તેવુ વ્યકત કર્યુ છે.

વિકાસલક્ષી આયોજનનાં સંદર્ભમાં શહેરી આયોજનની વ્યુહરચના કેવી હોવી જોઈએ તેની અર્થશાસ્ત્રીય અભિગમ વડે રજૂઆત કરવી જોઈએ. આ બાબતમાં મ્યુનિસિપલ કોર્પોરેશન કે મ્યુનિસિપાલીટીએ પોતાના નાણા કેવી રીતે ઉભા કરવા તથા નાણાંકીય જરૂરીયાતને ધ્યાનમાં રાખી ભાવિ બજેટમાં કેવા ફેરફાર કરવા તેના સૂચનો કર્યા છે.

આર્થિક વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. તેથી આર્થિક વિકાસની પ્રક્રિયા દરમ્યાન અર્થતંત્રમાં અનેક પરિવર્તનો થાય છે. તેના આધારે જે તે દેશ કે પ્રદેશનો કેટલા પ્રમાણમાં વિકાસ થયો છે તે જાણી શકાય છે. પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લાનો પરિચય તાલુકાવાર તપાસવાનો પ્રયત્ન કરેલ છે તે પહેલા સૌરાષ્ટ્ર વિસ્તારનો ટૂંકમાં સમગ્ર પરિચય મેળવવાનો પ્રયત્ન પણ કરેલ છે.

સૌરાષ્ટ્ર વિસ્તાર ભારતના જુદા જુદા રાજયોમાં એક રાજય ગુજરાતમાં આવેલ છે. ગુજરાત રાજયમાં સૌરાષ્ટ્ર પ્રદેશ તેના પશ્ચિમ વિભાગમાં દ્વિપકલ્પ તરીકે જોવા મળે છે, તેની ત્રણેય બાજુએ અરબીસાગર આવેલો છે, આ વિસ્તાર કાઠીયાવાડ તરીકે પણ ઓળખાય છે. સૌરાષ્ટ્ર વિસ્તારનું મહત્વ ઘણુ પુરાણુ છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં છ જિલ્લાઓ અનુક્રમે (૧) અમરેલી (૨) જામનગર (૩) જૂનાગઢ (૪) ભાવનગર (૫) રાજકોટ અને (૬) સુરેન્દ્રનગર જિલ્લાનો સમાવેશ થાય છે. આ દરેક જિલ્લાનો અનુક્રમે જુદા જુદા ક્ષેત્રો જેમા મુખ્યત્ત્વે વિસ્તાર, વસ્તી, વહિવટી માળખુ મુખ્ય પાકો, પાક હેઠળની જમીન, સિંચાઈ, પશુધન, અક્ષરજ્ઞાન વગેરેમાં અલગ અલગ પરિચય જોવા મળે છે.

**૧:૭ રાજકોટ જિલ્લાનું વિહંગાવલોકન :–**

ગુજરાત રાજયનાં સૌરાષ્ટ્ર વિસ્તારનો મહત્ત્વનો આ જિલ્લો તેની સીમાઓની દ્રષ્ટિએ ઘણોજ વિસ્તરતો ગયો છે. સામાજિક અને સાંસ્કૃતીક ક્ષેત્રે પણ આ તાલુકો જિલ્લામાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. મનોરંજનનાં સાધનો મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે પ્રાથમિક શાળાઓ, માધ્યમીક શાળાઓ, કોલેજોનુ પ્રમાણ પણ ઘણુ ઉંચુ છે. રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પણ આવેલ છે. વિનયન, વાણિજય, વિજ્ઞાન, બી. એડ અને ટેકનીકલ કોલેજો તેમજ પી.ટી.સી ટ્રેનીંગ સેન્ટર પણ આવેલ છે. ઔદ્યોગિક તાલીમ આપતા પ્રોટો ટાઈપ ટ્રેનીંગ સેન્ટર એન્ટરપ્રિનીયર ટ્રેનીંગ સેન્ટર વગેરે ઉપલબ્ધ છે. આરોગ્ય વિષયક તમામ સવલતો ખાનગી અને સરકારી ધોરણે ઉપલબ્ધ છે. આમ, સમગ્ર રીતે જોતા રાજકોટ તાલુકો જિલ્લાનો સૌથી વધુ વિકસિત તાલુકો ગણી શકાય.

**૧:૭:૧ રાજકોટ જિલ્લાની સામાન્ય માહિતી :–**

સૌરાષ્ટ્ર પ્રદેશ કે જે ત્રણ બાજુએથી સમુદ્રથી ઘેરાયેલ છે અને ગુજરાત રાજ્યનો એક

ભાગ છે છતા સાંસ્કૃતિક રીતે જુદો પડી જાય છે. કારણકે સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલા અનેક નાના–મોટા ૨૦૮ જેટલા રજવાડાઓનુ શાસન હતુ અને ભૌગોલિક રીતે જોતા પથરાળ જમીન વિશેષ જોવા મળે છે. આવા શહેરનો અભ્યાસ પોતાની આગવી અગત્યતા ધરાવે છે. રાજકોટ એક એવુ શહેર છે કે જે સૌરાષ્ટ્રની મધ્યમાં આવેલ છે અને ખુબ જ ઝડપી વિકાસ પામેલ છે. તેથી આ એક એકમલક્ષી અભ્યાસમાં રાજકોટ પોતાની આગવી અગત્યતા ધરાવે છે.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ રાજકોટ જિલ્લામાં આવેલ તાલુકાઓનુ નામ, ભૌગોલિક સ્થાન, વહિવટી રચના, વિસ્તાર, વસ્તી, વાહનવ્યવહાર, અક્ષરજ્ઞાનનુ પ્રમાણ, જમીન, સિંચાઈ, પશુપાલન વિષયક માહિતીઓથી સભર છે. જે રાજકોટ જિલ્લાનો સમગ્ર દ્રષ્ટિએ ટૂંકમાં પરિચય મેળવવા બાબતમાં મદદરૂપ થાય છે.

રાજકોટ જિલ્લામાં આવેલ ૧૪ તાલુકાઓ અનુક્રમે (૧) માળીયા (૨) મોરબી (૩) વાંકાનેર (૪) પડધરી (૫) લોધિકા (૬) કોટડાસાંગાણી (૭) જસદણ (૮) ગોંડલ (૯) જેતપુર (૧૦) જામકંડોરાણા (૧૧) ઉપલેટા (૧૨) ધોરાજી (૧૩) રાજકોટ (૧૪) ટંકારા નો સમાવેશ થાય છે. ૨૦૦૨–૦૩માં જિલ્લાપંચાયતની આંકડાશાખા દ્વારા પ્રાપ્ત કરેલ આંકડાઓના આધારે રાજકોટ જિલ્લાની ક્ષેત્રવાર માહિતીનો અહીં અભ્યાસ કરેલ છે.

રાજકોટ જિલ્લામાં ૧૩ તાલુકાપંચાયત, ૪ નગરપંચાયત, ૬ નગરપાલિકાઓ, ૧ મહાનગરપાલિકા તથા ૨૨ તાલુકાવાર જૂથપંચાયતો છે અને ૭૮૫ ગ્રામપંચાયતો છે. આ જિલ્લો કુલ ૧૪ તાલુકાઓનો બનેલો છે. જિલ્લામાં ૮૫૪ વસ્તીવાળા ગામો તથા બે બિન વસવાટી ગામો એમ કુલ ૮૫૬ ગામડાઓ તથા ૧૦ શહેરો આવેલા છે. જિલ્લાના ૧૪ તાલુકાઓ પૈકી ૮ તાલુકા મથકો રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપર આવેલ છે. રાષ્ટ્રીય ધોરી માર્ગ ૮–અ તથા ૮–બ રાજકોટ જિલ્લામાંથી પસાર થાય છે.

આ ઉપરાંત શહેરનાં વિકાસમાં શહેરીકરણ ઔદ્યોગિકરણની ભૂમિકા સામાજિક આર્થિક તરાહ તેના પ્રશ્નો, ઉકેલો વગેરે સમાજશાસ્ત્રીઓ, અર્થશાસ્ત્રીઓ, નગર આયોજકો તથા આર્થિક નીતિવિષયક નિષ્ણાંતો, વસ્તીશાસ્ત્રીઓ વગેરેનાં અભ્યાસના વિષયો રહ્યા છે અને વિવિધ અભિગમોથી આ અભ્યાસો વિકસતા જાય છે. આ બાબત કોઈ એક સમાજ કે પ્રદેશનાં કોઈ એક જ શહેર પૂરતી મર્યાદીત નથી પરંતુ તે એક વિશ્વવ્યાપી, પ્રક્રિયા છે.

સામાન્ય રીતે આ અભ્યાસો દ્વારા કોઈપણ શહેરનો વધતો જતો ભૌગોલિક વિસ્તાર, આર્થિક પ્રવૃત્તિઓ, તથા સમાજિક પરિવર્તનો કેટલા વધુ કાર્યક્ષમ થયા છે તે ચકાસી શકાય છે. આ બાબતમાં વિવિધ વિદ્ધવાનોએ પોતાના વિશ્લેષણો આપેલા છે. અહીં રાજકોટ જિલ્લાની માહિતી તેની વિગતો અથવા સમસ્યાઓ આ અભ્યાસમાં સાંકળી લેવામાં આવેલ છે. ભારતમાં ઔદ્યોગિક વિકાસની આર્થિક વિકાસ પરની અસરો તપાસતા કેટલાક શહેરોને આવરી લેતા અભ્યાસો થયા છે. લોકોનાં જીવનધોરણ પર પડેલી આર્થિક અને સામાજિક અસરોને આ અભ્યાસે ઘનીષ્ઠ રીતે તપાસેલ છે. આ તાલુકામાં ઉદ્યોગ બેંકીગ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, શિક્ષણ અને આરોગ્યની દ્રષ્ટિએ સમગ્ર જિલ્લામાં આવેલા બધાજ તાલુકાઓમાં રાજકોટ જિલ્લો વિકસીત છે. છુટક રોજગારી મેળવતા લોકોની સંખ્યા પણ તાલુકામાં ઘણી છે. રાજકોટ જિલ્લામાં કુલ ૧૪ તાલુકાઓ અને ૮૫૬ ગામડાઓનો સમાવેશ થાય છે. આ અભ્યાસમાં દરેક તાલુકાઓ વિશે ટુંકમાં દરેક ક્ષેત્રોને લગતી માહિતી અહીં રજૂ કરવામાં આવેલ છે. રાજકોટ જિલ્લાનું ભૌગોલિક સ્થાન જોઈએ.

**૧:૭:૨ રાજકોટ જિલ્લાનું ભૌગોલિક સ્થાન અને પ્રાકૃતિક વિગતો :–**

રાજકોટ જિલ્લાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૧૨૦૩ ચોરસ કિલોમીટર છે. રાજકોટ તાલુકાની કુલ વસ્તી ૧૧૩૭૦૩૬ લાખની છે. દરચોરસ કિલોમીટરે વસ્તીની ગીચતા ૧૦૬૧ ચો. કીમી છે.

રાજકોટ જિલ્લાનું ઉષ્ણતામાન ૪૪ ડિગ્રી સેન્ટીગ્રેડ અને ઓછામાં ઓછુ ઉષ્ણતામાન શિયાળામાં ૯ ડિગ્રી સેન્ટીગ્રેડ છે. જિલ્લામાં સાધારણ વરસાદ સાથે શિયાળાનું અતિ નીચુ અને ઉનાળાનું અતિ ઉંચુ ઉષ્ણતામાન જિલ્લાની આબોહવાને સૂકી તેમજ આરોગ્યપ્રદ બનાવે છે. માર્ચથી મે માસના સમયગાળા દરમ્યાન ઉષ્ણતામાન સતત વધતુ જાય છે. મે માસમાં સૌથી વધુ ગરમી પડે છે. અને ત્યાર પછી જૂન માસમાં ચોમાસુ શરૂ થતા એ દિવસોમાં ઉષ્ણતામાન ઘટવા લાગે છે. સપ્ટેમ્બર માસનાં મધ્યભાગમાં દક્ષિણ પશ્ચિમનાં પર્વતોથી ચોમાસુ વિદાય લે છે. જિલ્લામાં વરસાદ અપૂરતો અને અનિયમિત પડે છે. વર્ષ ૧૯૯૭ દરમ્યાન ૪૨૪ મી.મી. વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ ગોંડલ તાલુકામાં ૮૯૭ મી.મી. નોંધાયો હતો. જયારે માળીયા મી. તાલુકામાં સૌથી ઓછો ૯૮ મી.મી. વરસાદ

નોંધાયો હતો. આમ વરસાદ અનિયમિત અને અપૂરતો હોવાનું કારણ જિલ્લામાં ઓછા જંગલ વિસ્તારો ગણી શકાય. જિલ્લામાં કુલ ભૌગોલિક વિસ્તારોનાં ૨૦ ટકા જેટલો જંગલ વિસ્તાર જોવા મળે છે પ્રાકૃત્તિક સંપત્તિના સંદર્ભમાં રાજકોટ જિલ્લાને દરિયાઈ સંપત્તિ કે દરિયાકાંઠો નહી હોવાથી મત્સ્ય ઉદ્યોગનો બિલકુલ વિકાસ થયો નથી. આ વિસ્તારમાં નાનાપાયે અને વ્યવસાયિક ધોરણે પણ મત્સ્ય ઉદ્યોગનો વિકાસ કરવાની બિલકુલ સંભાવના નથી.

રાજકોટ જિલ્લામાં ૧૪ તાલુકાઓ, ૧૦ શહેરો તથા ૮૫૬ ગામડાઓ આવેલા છે. તેમજ ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૩૧૬૮૩૯૨ ની વસ્તી ધરાવે છે. રાજકોટ જિલ્લો પૂર્વે સુરેન્દ્રન્ગર, ભાવનગર તથા અમરેલી જિલ્લાનો થોડો ભાગ પશ્ચિમે જામનગર અને ઉતરે કચ્છનો અખાત તથા કચ્છનું રણ તેમજ દક્ષિણે જુનાગઢ તથા અમરેલી જિલ્લાનો થોડો ભાગ એ રીતે જોડાયેલ છે.

જિલ્લાની ભુસ્તર રચના જોઈએ તો પૂર્વ ટેકરાળ પ્રદેશ છે. જે લગભગ જસદણ, રાજકોટ અને વાંકાનેર શહેરની સીમાને આવરી લે છે. આ વિસ્તાર સાંકડી ધાર અને ઉંચી પાળ જેવી ખુલ્લી વેરાન ટેકરીઓની હારમાળાઓથી છવાયેલ છે. પશ્ચિમ વિભાગમાં જિલ્લાનો સૌથી મહત્વનો ફળદ્રુપ ખેત ઉત્પાદન માટેનો વિસ્તાર કે જે ભાદર નદી અને તેની સહાયક નદીઓના મેદાનોથી બનેલો છે. મેદાનનો ઉતરનો ભાગ જેમાં ગોંડલ, જેતપુર, જામકંડોરણા, ધોરાજી અને ઉપલેટાનો સમાવેશ થાય છે. ઉતર વિભાગમાં ટેકરાવાળા મેદાનોનો સમાવેશ કે જે વાંકાનેરથી મોરબી સુધીનો સળંગ વિસ્તાર છે. આ વિભાગનો ઉતર સિમાડો બે ભાગમાં વહેંચાયેલ છે. એક ભાગ સમુદ્રનો કાંઠો અને બીજા ભાગમાં રણનો સમાવેશ થાય છે. જિલ્લાની મોટાભાગની જમીન સમથળ હોવાથી જિલ્લાની ભૌગોલિક સ્થિતિ ઉદ્યોગોને અનુકુળ પડે તેમ છે. જે મુજબ જિલ્લાનું કુલ ક્ષેત્રફળ ૧૧૨૦૩ ચો. કિ.મી. છે. વિસ્તારની દ્રષ્ટિએ જોતા સૌથી મોટો તાલુકો જસદણ (૧૩૨૬ ચો.કિ.મી) છે. જયારે નાનો તાલુકો લોધિકા (૩૭૩ ચો. કિ. મી.) છે.

**૧:૭:૩ જિલ્લાની માનવસંપતિ :–**

રાજકોટ જિલ્લો ૧૪ તાલુકાઓનો બનેલો છે. આ ૧૪ તાલુકાઓમાં કુલ ૮૫૬ ગામોનો

સમાવેશ થાય છે. જેમાંથી દરેક ગામો વસ્તીવાળા છે. વર્ષ ૨૦૦૧ ની વસ્તી ગણતરીનાં આંકડાઓની પ્રાપ્ય માહિતી મુજબ રાજકોટ જિલ્લામાં જિલ્લા કેન્દ્રીયમથક રાજકોટ શહેર ૧૧૩૭૦૩૧ વસ્તી ધરાવતુ એકમાત્ર શહેર છે. રાજકોટ જિલ્લાની કુલ વસ્તી ૨૦૦૧નાં વર્ષ મુજબ ૩૧૬૮૩૯૨ ની થયેલ. ત્યાર પછી શહેરી વસ્તીનાં સંદર્ભમાં બીજા નંબરે મોરબી શહેરની વસ્તી ૨૬૫૯૦૦ જોવા મળે છે. જિલ્લામાં ત્રીજા નંબરે ગોંડલ શહેરની વસ્તી ૨૬૫૯૦૦ જેટલી થયેલ છે. આ ઉપરાંત જિલ્લામાં અન્ય ૧૧ તાલુકાઓ આવેલા છે.

રાજકોટ જિલ્લાની કુલ માનવસંપતિનું પ્રમાણ વર્ષ ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ ૩૧,૬૮,૩૯૨ છે. જિલ્લામાં કુલ ૧૧૨૦૩ ચો.કિ.મી. વિસ્તારનાં વસ્તીનાં સંદર્ભમાં વસ્તીની ગીચતા જોવા જઈએ તો દર ચો.કિ.મી દીઠ ૧૦૬૧ ચો.કિ.મી. ની ગીચતા જોવા મળે છે. વસ્તીની ગીચતા તેમજ વસ્તી વૃદ્ધિ દર વિષયક વિસ્તૃત ચર્ચા પણ કરવામાં આવી છે. વસ્તીની ગીચતા જોતા જિલ્લામાં માનવસંપત્તિનું પ્રમાણ વધુ પ્રમાણમાં હોય તેવુ જોવા મળે છે.

જુદા જુદા તાલુકાઓમાં વસ્તીનું પ્રમાણ જોવા જઈએ તો જિલ્લાની કુલ વસ્તીનાં સૌથી વધુ વસ્તી મોરબી તાલુકામાં અને ગોંડલ તાલુકામાં જોવા મળે છે. મોરબી તાલુકાની કુલ વસ્તી ૩,૨૬,૯૮૨ જેટલી છે. જયારે ગોંડલ તાલુકાની કુલ વસ્તી ૨,૬૫,૯૦૦ જેટલી થાય છે. જિલ્લામાં સૌથી ઓછી વસ્તી ધરાવતો તાલુકો લોધિકા છે. આ તાલુકાની કુલ વસ્તી ૪૬,૧૬૨ છે. જેતપુર તાલુકાની ૨,૨૭,૭૬૭, ઉપલેટા તાલુકાની ૧૭૦૧૪૮, ધોરાજી તાલુકાની ૧૪૮૯૯૧, પડધરી તાલુકાની ૭૩૦૭૩ માળીયામીયાણા તાલુકાની ૮૩૪૫૫, વાંકાનેર તાલુકાની ૧૮૬૦૨૪, કોટડાસાંગાણી તાલુકાની ૭૯૮૩૪, જસદણ તાલુકાની ૨,૬૨,૯૩૦, જામકંડોરણા તાલુકાની ૭૫,૬૯૩ વસ્તી છે. જયારે ટંકરા તાલુકાની કુલ વસ્તી ૮૪૩૯૭ અને રાજકોટ શહેરમાં કુલ ૧૧૩૭૦૩૬ જેટલી વસ્તી છે. આમ જિલ્લામાં વિવિધ તાલુકાઓમાં વસ્તીનું પ્રમાણ જુદુ જુદુ જોવા મળે છે. જિલ્લાની વસ્તીને શહેરી અને ગ્રામીણ એમ બે વિભાગમાં વિભાજિત કરીએ તો કુલ વસ્તીનાં ૨૦ ટકા વસ્તી ગ્રામીણ અને ૮૦ ટકા વસ્તી શહેરી જોવા મળે છે. કુલ ગ્રામીણ વસ્તીમાં સૌથી વધુ ગ્રામીણ  વસ્તી લોધિકા તાલુકામાં જોવા મળે છે. લોધિકા તાલુકામાં કુલ ૪૦૭૯૧ જેટલી ગ્રામીણ વસ્તી છે. જિલ્લામાં સૌથી ઓછી ગ્રામીણ વસ્તી ધરાવતો તાલુકો રાજકોટ છે.

જિલ્લામાં સૌથી વધુ શહેરી વસ્તી ધરાવતો તાલુકો રાજકોટ છે. આ તાલુકામાં શહેરી વસ્તીનું ઉંચુ પ્રમાણ હોવા પાછળ અનેક કારણો જવાબદાર છે. ત્યાર પછી મોરબી તાલુકામાં ૧,૨૭,૯૦૭ જેટલી શહેરી વસ્તી જોવા મળે છે. બાકીના અન્ય તાલુકાઓમાં શહેરી વસ્તીનું પ્રમાણ ગ્રામીણ વસ્તી કરતા પ્રમાણમાં ઘણુ ઓછુ છે. અહીં નોંધનીય બાબત એ છે કે, જિલ્લાનાં ૧૪ તાલુકાઓમાં ૩ તાલુકામાં ગ્રામીણ વસ્તી કરતા શહેરી વસ્તીનું પ્રમાણ ઉંચુ જોવા મળે છે. બાકીના તાલુકાઓમાં શહેરી વસ્તીનું પ્રમાણ ગ્રામીણ વસ્તી કરતા પ્રમાણમાં ઘણુ ઓછુ જોવા મળે છે. જયારે જિલ્લાનાં અન્ય ૫ તાલુકામાં શહેરી વસ્તી જોવા મળતી નથી, કારણ કે આ તાલુકાઓને શહેરી દરજજામાં ગણવામાં આવ્યા નથી.

રાજકોટ જિલ્લાનાં જુદા જુદા તાલુકાઓમાં શહેરી, ગ્રામીણ વસ્તી વચ્ચેનો તફાવત જોવા જઈએ તો રાજકોટ તાલુકામાં શહેરી ગ્રામીણ વસ્તી વચ્ચેનો તફાવત સૌથી વધુ છે. જયારે સૌથી ઓછો તફાવત ગ્રામીણ વસ્તી વચ્ચેનો ધોરાજી તાલુકામાં જોવા મળે છે. બાકીનાં અન્ય તાલુકાઓમાં ગ્રામીણ શહેરી વસ્તી વચ્ચેનો તફાવત વધુ જોવા મળે છે. જિલ્લાનો ગ્રામીણ શહેરી વસ્તીનો ગુણોત્તર પ્રમાણ જોવા જઈએ તો તેમાં પણ વિશેષ તફાવત જોવા મળે છે. રાજકોટ જિલ્લાનો ગ્રામીણ શહેરી વસ્તીનો ગુણોત્તર પ્રમાણ જ દર્શાવે છે કે જિલ્લામાં ગ્રામીણ વસ્તી અને શહેરી વસ્તી વચ્ચેનો તફાવત પણ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. જે દર્શાવે છે કે જિલ્લામાં ગ્રામીણ વસ્તીનું પ્રભુત્ત્વ ઓછુ છે. એકંદરે રાજકોટ જિલ્લાની વસ્તી શહેરી છે. આથી કહી શકાય કે આ જિલ્લાનું માળખુ શહેરી છે.

રાજકોટ જિલ્લાની ૨૦૦૧ની વસ્તીનાં વલણો ઉપરથી જોવા મળે છે કે જિલ્લાનું વસ્તી વિષયક માળખુ આર્થિક વિકાસને સંપૂર્ણ રીતે અનુકૂળ તો ન જ કહી શકાય કારણ કે, જિલ્લામાં ગ્રામીણ વસ્તીનું પ્રમાણ પણ વધુ જોવા મળે છે. તદ્ઉપરાંત જિલ્લામા રહેલ ગ્રામીણ વસ્તીની ગુણવત્તાનું પ્રમાણ વિશેષ ઉંચુ તો નથીજ. ગ્રામીણ વસ્તીમાં શિક્ષણનું પ્રમાણ કામ કરનારનું પ્રમાણ, વય જુથ મુજબ ગુણવત્તાયુકત વસ્તી, રોજગારીનાં ઉપલબ્ધ સાધનો વગેરે જેવી ગુણવત્તાનું પ્રમાણ ઓછુ છે. તદ્ઉપરાંત કામ કરનાર વસ્તીમાં ખેતી સહિતનાં પ્રાથમિક ક્ષેત્રમાં જ વધુ પ્રમાણમાં વસ્તી રોકાયેલી જોવા મળે છે તેવુ નથી પરંતુ ઔદ્યોગિક ક્ષેત્રોનો પણ જિલ્લામાં સારો એવો વિકાસ થયેલ હોવાથી તેમાં પણ મોટા

પ્રમાણમાં વસ્તી રોકાયેલી જોવા મળે છે. આમ જિલ્લાની કુલ વસ્તીની ગુણવત્તા ચકાસવા જઈએ તો વર્ષ ૨૦૦૧ ની વસ્તી વિષયક આંકડાકીય માહિતી ચકાસતા જોવા મળે છે કે કુલ કામ કરનાર લોકોમાંથી ૬૫ ટકા લોકો ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલ છે એ રીતે મુખ્ય કામ કરનાર વસ્તીનો મોટો હિસ્સો ખેતી અને આનુસંગિક પ્રવૃત્તિઓ તેમજ ઔદ્યોગિક ક્ષેત્ર સાથે સંકળાયેલો જોવા મળે છે. જિલ્લાની ખેતી પ્રમાણમાં અલ્પવિકસિત છે પરંતુ ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ તેનાં વૈકલ્પિક ક્ષેત્ર તરીકે ઘણો આગળ અને મહત્ત્વનો છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં રોજગારીની પણ સારી એવી તકો ઉપલબ્ધ હોવાથી ખેતી સાથે ઉદ્યોગોમાં પણ લોકોને જીવનનિર્વાહ પૂરતી રોજગારી મળી રહે છે. જિલ્લામાં ગૃહઉદ્યોગ, ખેત આધારીત ઉદ્યોગો વગેરે શ્રમલક્ષી ઉદ્યોગોનો પણ યોગ્ય રીતે અને યોગ્ય પ્રમાણમાં વિકાસ થયેલો જોવા મળે છે. આમ જિલ્લાનાં અમુક તાલુકાઓને બાદ કરતા વિકસિત તાલુકાઓમાં ખેત ઉપરાંત અન્ય રોજગારીનાં સાધનોનો વિકાસ સારો એવો જોવા મળે છે. આમ રાજકોટ જિલ્લો વિકસિત ગણી શકાય તેમજ જિલ્લાનાં વિકાસ માટે ખેતવિકાસમાં થતા ઉત્તરોત્તર પ્રગતિશીલ પગલાઓ તેમજ અન્ય ઉદ્યોગો પણ વિકસ્યા હોવાથી આ જિલ્લામાં વધુને વધુ લોકોને રોજગારી આપી શકાય છે.

જેવી રીતે અલ્પવિકસિત જિલ્લામાં વિકસિત અલ્પવિકસિત અને અવિકસિત વિસ્તારો હોય એવી રીતે વિકસિત જિલ્લામાં પણ વિકસિત, અલ્પવિકસિત અને અવિકસિત પ્રદેશો હોય છે. રાજકોટ જિલ્લાનાં જુદા જુદા તાલુકાઓમાં પણ આ પ્રકારની પ્રાદેશિક અસમાનતાઓ જોવા મળે છે. આવી પ્રાદેશિક અસમાનતાનાં સંદર્ભમાં તુલનાત્ત્મક રીતે વિકસિત તાલુકાઓમાં ખેડુતોની તુલનાએ ખેતમજુરોનું પ્રમાણ ઉંચુ જોવા મળે છે. જયારે અલ્પવિકસિત તાલુકાઓમાં ખેડૂતોની સંખ્યાનાં સંદર્ભમાં ખેતમજૂરોનું પ્રમાણ ઉંચુ, ઉદ્યોગમાં કામ કરનાર અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓનું પ્રમાણ ઓછુ કે નહિવત જોવા મળે છે. શિક્ષણનું નીચુ સ્તર, શહેરી વસ્તીની તુલનાએ ગ્રામીણ વસ્તીનું વધુ પ્રમાણ, કામ કરનારાઓની ઓછી સંખ્યા અને કામ નહી કરનારાઓનું ઉંચુ પ્રમાણ વગેરે બાબતો જોવા મળે છે. જો કે આ જિલ્લામાં તુલનાત્મક રીતે વિકસિત કહી શકાય તેવા તાલુકાની સંખ્યા પણ જુજ પ્રમાણમાં છે. ટુંકમાં અલ્પવિકસિત જિલ્લામાં પણ તુલનાત્ત્મક વિકસિત અને તુલ્નાત્મક રીતે વિકસિત પ્રદેશો આવેલા છે.

વિકસિતતા અને અલ્પવિકસિતતાનાં સંદર્ભમાં જોતા રાજકોટ, મોરબી, જેતપુર, ગોંડલ, ઉપલેટા, વાંકાનેર, અને જસદણ તાલુકાઓ અન્ય તાલુકાની તુલનાએ વિકસિત છે. જયારે માળીયા, પડધરી, લોધિકા, કોટડાસાંગાણી, જામકંડોરણા જેવા તાલુકાઓ તુલનાત્મક રીતે આગળ દર્શાવેલ તાલુકાઓ કરતા ઓછા વિકસિત કે પછાત તાલુકાઓ છે. જિલ્લાની ગ્રામીણ વસ્તીનું પ્રમાણ પણ આ તાલુકાઓમાં વધુ જોવા મળે છે.

**૧:૭:૪ જિલ્લાની ખનીજ સંપત્તિ :–**

જિલ્લાની મુખ્યત્વે ખનીજ પેદાશમાં ફાયરકલે અને સેન્ડસ્ટોન છે. રાજકોટ જિલ્લો ખાણ અને ખનીજની દ્રષ્ટિએ ખુબ જ સમૃધ્ધ ગણાય છે. જયારે ગૌણ ખનીજ પેદાશમાં લાઈમ સ્ટોન, ઈંટની માટી, રેડકલે (નળીયાનાં ઉપયોગ માટે) રેતી, બ્લેક ટ્રેપ વિગેરે છે. ફાયરકલેનાં કેન્દ્રીકરણને કારણે ફાયર બ્રીકસ અને ક્રોકરી ઉદ્યોગનો વિકાસ વાંકાનેર અને મોરબીમાં થયેલ છે. જયારે નળીયા તથા ટાઈલ્સ ઉદ્યોગ માટેનો કાચો માલ રેડકલેનાં વિપુલ જથ્થાને કારણે એ પ્રકારનાં ઉદ્યોગો મોરબીમાં ખુબજ વિકસેલ છે. જેનું મુખ્ય કારણ જરૂરી કાચા માલની ઉપલબ્ધી તથા સ્થાનિક કારીગરોની કુશળતા છે. આવા ખનીજો આધારીત ઉદ્યોગોને પણ વિકાસની વિશાળ તક રહેલી છે.

**૧:૭:૫ જિલ્લાની ખેતી :–**

રાજકોટ શહેર મુખ્યત્ત્વે ઔદ્યોગિક ક્ષેત્ર સાથે સંકળાયેલ હોવાછતાં જિલ્લાના દરેક તાલુકાઓ ખેતીક્ષેત્ર સાથે સંકળાયેલા છે અમુક વિકસિત તાલુકાઓને બાદ કરતા અન્ય તાલુકાઓ વિશેષતઃ ગ્રામીણ માળખુ ધરાવે છે. આમ આ જિલ્લાની પ્રાદેશિક સ્થિતી મુજબ ગ્રામીણ વસ્તીનું મહત્ત્વ પણ વિશેષ છે. જિલ્લાનું વસ્તીવિષયક માળખુ મુખ્યત્ત્વે ખેતી અને આનુષાંગિક પ્રવૃત્તિઓ ઉપરાંત ઔદ્યોગિક ક્ષેત્ર પર નિર્ભર છે. જિલ્લાની કુલ વસ્તીના ૬૦ ટકા ખેડૂતો વર્ષ ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ જોવા મળે છે. આમ જિલ્લાની કુલ વસ્તીનાં ૬૦ થી ૬૫ ટકા વસ્તીનો મુખ્ય આધાર ખેતી પણ છે. રાજકોટ જિલ્લામાં વસ્તીની ગુણવત્તાનાં સંદર્ભમાં સમગ્રલક્ષી કક્ષાએ મુખ્યકામ કરનાર વસ્તીનાં ૬૦ ટકા વસ્તી ખેતી પર નિર્ભર છે અથવા તો ખેતી અને ખેત સંલગ્ન પ્રવૃત્તિઓ પર નિર્ભર છે. પ્રાદેશિક સ્તર પર ખેતીની પ્રધાનતા હોવાછતાં પણ ખેતીક્ષેત્રનો વિકાસ પ્રમાણમાં અલ્પ કે ઓછો જોવા મળે છે. અહીં

૨૦૦૧ નાં વર્ષની માહિતી પ્રાપ્ત નહીં હોવાથી વર્ષ ૧૯૯૫–૯૬ દરમ્યાનની માહિતીનો ઉલ્લેખ દર્શાવવામાં આવ્યો છે. ૧૯૯૦–૯૧ નાં વર્ષ દરમ્યાન જિલ્લાનો કુલ જમીન વિસ્તાર ૨,૦૬,૫૦૮ હેકટર હતો. જેનાં મોટાભાગનો વિસ્તાર ખેતીક્ષેત્ર હેઠળ વિવિધ પાક હેઠળ ઉપયોગમાં લેવામાં આવ્યો છે. આમ ચોખ્ખો વાવેતર વિસ્તાર ગ્રામીણ વિસ્તારમાં વિશેષ છે. જે કુલ વાવેતર વિસ્તારનાં ૪૫ ટકા સઘન ખેતી વિસ્તાર થાય છે.

જિલ્લામાં ખેત ઉત્પાદનમાં મુખ્ય ગણાતા પાકોમાં બાજરી, જુવાર, કપાસ, ઘઉંનાં પાકો જોવા મળે છે. કારણ કે જિલ્લાનાં મુખ્ય ખેત વિસ્તારમાં બાજરી, જુવાર અને કપાસ તેમજ ઘઉંનાં પાકનું વાવેતર વધુ પ્રમાણમાં થાય છે. મુખ્ય પાકોમાં વાવેતર વિસ્તારનુ પ્રમાણ દરેક પાકદીઠ અલગ અલગ જોવા મળે છે. બિનનફાકારક અને આવકની પુરતી ખાતરી નહી આપનારા પાકોનું વાવેતર કરવામાં આવતુ નથી, જે આ જિલ્લાની ખેતીની મહત્ત્વની બાબત રજુ કરે છે. પરિણામે અન્ય જિલ્લાની ઉત્પાદકતા કરતા વધુ સારી ઉત્પાદકતા જોવા મળે છે. તેમજ રાજકોટ જિલ્લામાં કૃષિગત સુવિધાઓ અને સાધનોની સુવિધાઓ પણ વિશેષ છે. આયોજનનાં શરૂઆતનાં ગાળા કરતા આ ઉત્પાદનનું પ્રમાણ વધુ સારી સ્થિતિએ જોવા મળે છે. રાજકોટ જિલ્લાની ખેતી આકાશી ખેતી હોવાની સાથે સિંચાઈ યોજનાઓ, સાથે પણ સંકળાયેલી છે. જિલ્લામાં બારેમાસ નદીઓ નહી હોવાથી સિંચાઈનું પ્રમાણ પણ અમુક સમયે ઓછુ જોવા મળે છે. તેમ છતા હાલના સમયમાં એટલે કે વર્ષ ૨૦૦૪–૫ માં નર્મદા સિંચાઈ યોજનાનો લાભ રાજકોટ શહેરમાં ઉપલબ્ધ થઈ રહ્યો છે. તેમજ જિલ્લાપંચાયતની નાની સિંચાઈ યોજના દ્વારા અનેક ચેકડેમો બાંધીને યોગ્ય હેકટર ક્ષમતા ધરાવતી નાની સિંચાઈ યોજનાઓ તૈયાર કરવામાં આવી છે. જેમાંથી અમુક હેકટર પિયત વિસ્તાર થવા પામ્યો છે. જિલ્લામાં સિંચાઈ માટે કૂવા, તળાવ અને નહેરોનો ઉપયોગ કરવામાં આવે છે. જિલ્લામાં તળાવ કે નહેરો દ્વારા ઓછી માત્રામાં સિંચાઈ થાય છે. જિલ્લામાં બારમાસી નદીઓ નહી હોવાને કારણે નહેરોનો વિકાસ પણ થઈ શકતો નથી. તેમજ તળાવોમાં ભરાતા પાણીનો જે તે ગામમાં વપરાશ માટે ઉપયોગ કરવામાં આવે છે. આથી જિલ્લામાં મુખ્યત્ત્વે ટયુબવેલ, કુવાઓ દ્વારા મોટાભાગે સિંચાઈ થાય છે. નર્મદા સિંચાઈ યોજના પૂર્ણ થયે જિલ્લાના અનેક ગામોને સિંચાઈનો લાભ મળશે.

ખેતવિકાસ માટે સિંચાઈ વધારા સાથે વિવિધ કૃષિ નિપજકોનો ઉપયોગ વધારવાના પણ સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા છે. સરકારની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો અન્વયે ખેડૂતોને સહાય આપવામાં આવે છે. આવા કાર્યક્રમોના ભાગરૂપ ખેડૂતોને રાસાયણીક ખાતર, જંતુનાશક દવાઓ, હાઈબ્રીડ બિયારણો જુદા જુદા પાક સંરક્ષણનાં સાધનો વિવિધ ખેત ઓજારો વગેરે આપવામાં આવે છે. આમ ખેતવિકાસ માટે ઘણાબધા સંસ્થાકિય પરિબળો કામ કરતા જોવા મળે છે. કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ, રાજય સરકારની વિવિધ યોજનાઓ ઉપરાંત સહકારી સંસ્થાઓ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ખેતવિકાસ માટેનાં પ્રયત્નો થઈ રહ્યા છે. તદ્ઉપરાંત ખેતવિકાસની સંગઠિત પ્રવૃત્તિઓ પણ આ જિલ્લામાં જોવા મળે છે. તેમ છતાં આયોજનથી અત્યાર સુધીમાં ખેતીક્ષેત્રે અલ્પપ્રમાણમાં વિકાસ થયેલો જોવા મળે છે. દુષ્કાળ કે અછતની પરિસ્થિતિ ખેતીમાં મળતા અપૂરતા ભાવો, ખેડૂતોની આર્થિક સ્થિતિ તેમજ કૃષિશિક્ષણનું અલ્પપ્રમાણ જેવા અવરોધક પરિબળોને પરિણામે આ વિસ્તારની ખેતીમાં વૈજ્ઞાનિક વિચારધારાનો પ્રવેશ થઈ શકયો નથી તેમ તો ન કહી શકાય. પરંતુ વૈજ્ઞાનિક વિચારધારાનો સંપૂર્ણપણે જોઈએ તેટલો પ્રવેશ દરેક ગ્રામીણ વિસ્તારોમાં થયો નથી. આથી કહી શકાય કે જિલ્લામાં ખેતી સાથે સંકળાયેલ અન્ય ક્ષેત્રોનો વિકાસ પણ સંપૂર્ણપણે જોવા મળતો નથી.

જિલ્લાનાં અમુક વિકસિત તાલુકાઓ બાદ કરતા બાકીના અલ્પવિકસિત તાલુકાઓ અને તેની સાથે સંકળાયેલ ગ્રામીણ વિસ્તારોમાં ખેતીની સાથે પશુપાલન વ્યવસાય પણ જોવા મળે છે. જે ખેત સંલગ્ન કે ખેતીને પૂરક વ્યવસાય તરીકે ગણવામાં આવે છે. કારણ કે વર્ષ ૧૯૯૨ની પશુધનની ગણતરી મુજબ જિલ્લામાં કુલ ૬,૪૧,૬૫૦ જેટલા પશુઓ જોવા મળે છે. જેમાંથી ૪,૪૨,૯૯૮ જેટલી ગાયો અને ૩૯,૭૬૫ જેટલી ભેંસો છે. તેમજ ૨૯,૫૫૦ જેટલા બકરા અને ૩૨,૦૮૭ જેટલા ઘેટા જોવા મળે છે. આ જિલ્લામાં દૂધનું સારુ એવુ ઉત્પાદન હોવાથી ડેરીઉદ્યોગનો પણ સારો એવો વિકાસ થયો છે. આ જિલ્લામાં ૯૦ જેટલી દૂધ સહકારી મંડળીઓ જોવા મળે છે.

**૧:૭:૬ જિલ્લાની ઔદ્યોગિક માહિતી :–**

રાજકોટ જિલ્લો ભૌગોલિક વિશાળતા ધરાવે છે. તેમજ ઔદ્યોગિકક્ષેત્રનાં સંદર્ભમાં

ભારત સરકારે રાજકોટ જિલ્લાને વર્ષ ૧૯૭૧ થી ઔદ્યોગિક રીતે વિકસિત જાહેર કરેલ છે તેથી આ જિલ્લામાં સ્થપાતા નવા એકમોને જુદી જુદી પંચવર્ષીય યોજનાઓમાં આકર્ષક લાભો આપવામાં આવે છે. જિલ્લાનાં ઔદ્યોગિક વિકાસનાં હેતુસર જિલ્લામથક પર જિલ્લા ઉદ્યોગકેન્દ્રની સ્થાપના પણ કરવામાં આવી છે. જિલ્લા ઉદ્યોગ સંસ્થાની સ્થાપના સાથે જ રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિકરણની પ્રક્રિયા ચાલુ થયેલી જોવા મળે છે. ૨૦૦૧–૨૦૦૫ નાં વર્ષ સુધીમાં જિલ્લામાં ઉત્પાદન કરતા અને સેવા પ્રકારનાં અનેક લઘુ એકમોની સ્થાપના થયેલી જોવા મળે છે. આ એકમો દ્વારા જિલ્લામાં કુલ ૧૧,૦૪૭ જેટલી માનવ રોજગારી પ્રાપ્ત થઈ છે. આ નોંધનીય લઘુ ઉદ્યોગોમાં પણ લાખો રૂપિયાનું મૂડીરોકાણ થયેલ છે. જિલ્લામાં ૬૭ જેટલા મધ્યમ અને મોટા કદના એકમો સ્થાપિત જોવા મળે છે. જેમાનું કુલ મૂડીરોકાણ અગાઉના વર્ષો કરતા અનેકગણુ થયેલ છે. જેમાં કુલ ૬૫% જેટલા શ્રમિકોને રોજગારી પ્રાપ્ત થાય છે. આ જિલ્લામાં મોટા ઉદ્યોગોનો વિકાસ પણ સારો થયેલ જોવા મળે છે. તેમજ નાના અને મધ્યમ કદના ઉદ્યોગોનો પણ જિલ્લામાં યોગ્ય પ્રમાણમાં અને યોગ્ય રીતે વિકાસ થયેલો જોવા મળે છે. ઔદ્યોગિક વિકાસ સિધ્ધ કરવો હોય તો ક્ષેત્રિય વિકાસ સંસ્થાઓ સ્થાપિત થયેલી હોવી જોઈએ. જે આ જિલ્લામાં સારા એવા પ્રમાણમાં જોવા મળે છે. આ સંદર્ભમાં રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ સિધ્ધ કરવા માટે મહત્ત્વનાં પાયારૂપ એવી ઔદ્યોગિક વસાહતો પણ જૂજ પ્રમાણમાં આવેલી જોવા મળે છે. આવી વસાહતોની સ્થાપના થવાથી ઔદ્યોગિક વિકાસ પણ ઝડપી અને સરળ થતો જોવા મળે છે. રાજકોટ જિલ્લામાં ગુજરાત સરકાર દ્વારા સંચાલિત ઔદ્યોગિક વસાહતો (આજી) રાજકોટ, રાજકોટ (ભકિતનગર), રાજકોટ (કુવાડવા), ગોંડલ–૧, ગોંડલ–૨, મોરબી, કોટડાસાંગાણી, જેતપુર, મોટા દહીંસરા, પડધરી, ધોરાજી, લોધિકા, વાંકાનેર, જસદણ તાલુકામાં સ્થપાયેલી છે. આ ઉપરાંત વેરાવળ શાપર (રાજકોટ) ઔદ્યોગિક વસાહત પણ ખુબ સારા પ્રમાણમાં વિકાસ પામી છે. એ ઉપરાંત રૂડા ઔદ્યોગિક ઝોન પણ રાજકોટ જિલ્લા અંતર્ગત વિકાસ પામ્યુ છે. આ દરેક વિસ્તારોમાં ઔદ્યોગિક વાતાવરણનું કેન્દ્રીકરણ થયેલુ જોવા મળે છે. જિલ્લામાં મશીન ટુલ્સ, બ્રાસ પાર્ટસ, એન્જીનીયરીંગ, ઉદ્યોગોનાં મશીન, સ્પેર પાર્ટસ વગેરેનાં ઉદ્યોગો મહત્વનું સ્થાન ધરાવે છે. આ ઉપરાંત તાલુકાવાર જોવામાં આવે તો

જેતપુર તાલુકામાં સાડી ઉદ્યોગ અને કલર કેમીકલ્સને લગતા ઉદ્યોગો સારા પ્રમાણમાં વિકાસ પામ્યા છે. ગોંડલ તાલુકો ઓઈલમીલ માટે જાણીતો છે, મોરબી નળીયા, સિરામિક તેમજ ઘડિયાળ ઉદ્યોગ માટે પ્રખ્યાત છે. જિલ્લામાં કુદરતી સંપત્તિનું પ્રમાણ પણ સારુ એવું હોવાથી તેના આધારિત ઉદ્યોગોનું પ્રમાણ પણ સારું એવું જોવા મળે છે. જિલ્લામાં જી.આઈ. ડી. સી. (ગુજરાત રાજય ઔદ્યોગિક વિકાસ કાર્પોરેશન) નાં એકમો સ્થપાયેલ છે. તે ઉપરાંત રાજકોટ જિલ્લાની આંતરમાળખાકીય સુવિધાના પણ સારા એવા વિકાસને કારણે ઔદ્યોગિક વિકાસ પુરતા પ્રમાણમાં થયેલ જોવા મળે છે.

### ૧:૭:૭ જિલ્લાની માળખાગત સુવિધા :–

કોઈપણ પ્રદેશ, વિસ્તાર કે રાષ્ટ્રનાં વિકાસનો આધાર તેનાં આંતરમાળખા પર જ રહેલો છે. આવા વિકાસમાળખામાં સેવાક્ષેત્રનાં તમામ ઉપકરણોનો સમાવેશ થાય છે. જેમાં વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, રેલ્વે, વિજળી, શિક્ષણ, આરોગ્ય, રસ્તા બીજી અન્ય સ્થાનિક સુવિધાઓ જેવી કે પાણી, ગ્રામીણ અને શહેરી રસ્તા, ગંદા પાણીનાં નિકાલની વ્યવસ્થા, ગામ સ્વચ્છતા, ઔદ્યોગિક પ્રદુષણનાં નિકાલ માટેની વ્યવસ્થા વગેરે બાબતોનો સમાવેશ થાય છે. વિકાસ માળખામાં સેવાકીય સુવિધાઓ કે તે સુવિધાઓનું પ્રમાણ ગુણવત્તાયુકત હોય તો જે તે રાષ્ટ્ર કે પ્રદેશનો વિકાસ ઉંચા દરે થઈ શકે. કારણકે, વિકાસ માળખા અંતર્ગત રાષ્ટ્રનાં વિવિધ પ્રદેશોમાં સુવિધાઓનાં વિકાસને પરિણામે ગ્રામીણ માળખાનું વ્યાપારીકરણ થાય છે. આવી માળખાકીય સુવિધાઓ ઉપર જિલ્લાની સાપેક્ષમાં એક નજર કરીએ.

રાજકોટ જિલ્લાનાં શૈક્ષણિક માળખા અંતર્ગત ૨૦૦૩–૨૦૦૪નાં વર્ષ દરમ્યાન જિલ્લામાં કુલ ૨૦૩૪ પ્રાથમિક શાળાઓ, ૧૧૫૮ માધ્યમિક શાળાઓ, ૯૪૬ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ૨૦ વ્યવસાયિક શિક્ષણ આપતી સંસ્થાઓ, આ વ્યવસાયિક શાળાઓમાં આદર્શ એવી, પોલીટેકનીક, એન્જીનીયરીંગ, મેડીકલ અને બી.એડ. કોલેજોનો સમાવેશ થાય છે. અને ૩૪ કોલેજાનો સમાવેશ થાય છે. આ શૈક્ષણિક વ્યવસ્થા હેઠળ કુલ ૨,૭૦,૯૧૮ વિદ્યાર્થીઓએ શિક્ષણ લીધેલ છે. જિલ્લાના કુલ ૫૬ ગામડાઓ અને ૧૪ શહેરોમાંથી બધા જ ગામડાઓ અને શહેરોમાં વિજળીકરણ થયેલ છે.

આ જિલ્લામાં કુલ ૯ જેટલા ખનીજો મળી આવેલ છે. જેના કારણે પણ જિલ્લાનો વિકાસ આગળ પડતો જોવા મળે છે. આ જિલ્લામાં ખનીજ સંપત્તિ, કુદરતી સાધનો અને માનવીય સાધનોનો યથાયોગ્ય અને મહત્તમ ઉપયોગ થઈ શકયો હોવાથી રાજકોટ જિલ્લો વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. પરિણામે આ જિલ્લો સંપૂર્ણ વિકસિત અવસ્થામાં આગળ વધે એ ખ્યાલ સર્વવિદીત છે. આ પ્રદેશમાં માનવશકિતનું આયોજન અને ઉત્પાદનનાં સાધનોનું આયોજન યોગ્ય અને સુવ્યવસ્થિત રીતે કરવામાં આવે તો આ જિલ્લામાં વિકાસની ખુબ ઉંચી શકયતાઓ રહેલી છે.

**૧:૮ વિષય પસંદગી :–**

પ્રાદેશિક આયોજનના ભાગરૂપ પછાત પ્રદેશોનાં વિવિધ પ્રશ્નો અને તેના ઉકેલ સાથે વિકાસની શકયતાઓ રજુ કરવાના સંદર્ભમાં અનેક જિલ્લાઓની પછાતતાનાં સંદર્ભમાં જિલ્લાની પ્રાદેશિકતાનાં ધોરણે વિકાસની શકયતાઓ ચકાસવાના સંશોધન અભ્યાસો થયેલ છે. પરંતુ આ અભ્યાસ (મહાશોધ નિબંધ) એ રાજકોટ જિલ્લાનાં આર્થિક અને ઔદ્યોગિક વિકાસ તેના પ્રશ્નો અને ભાવિ સંભાવનાઓનાં સંદર્ભમાં કરવામાં આવેલ છે. ભારતમાં આર્થિક વિકાસ માટે આયોજનના તબકકાઓનો સ્વીકાર કર્યો છે. આ તબકકાઓ વિકેન્દ્રિત આયોજનનાં ભાગરૂપ હોવાછતા અથવા તો, સમતુલિત વિકાસનાં ધ્યેયો હોવાછતા રાજકોટ જિલ્લો રાષ્ટ્રનાં અન્ય સંપૂર્ણ વિકસિત વિસ્તારની તુલનાએ અમુક અંશે પાછળતો છે જ. તેમ છતાં આ જિલ્લો વિકસિત હોવા માટે આ વિસ્તારની વહિવટી, ઐતિહાસીક અને ભૌગોલિક પરિસ્થિતી પણ જવાબદાર છે. આ જિલ્લાનો ઉંડો અભ્યાસ કરીને જિલ્લામાં હજુ પણ કેટલી વિકાસની સંભાવનાઓ છે અને તે માટે કેવા પગલાઓ લેવા જરૂરી છે. તે નકકી કરી શકાય છે. તેમજ જિલ્લામાં રહેલ માનવશ્રમ, કુદરતી સંપત્તિ વગેરેનું ઉત્પાદનની પ્રક્રિયામાં ઈષ્ટ સંયોજન કરવા માટે કેવા પ્રકારનું આયોજન કરવુ જરૂરી છે તેનો કયાસ કાઢવા માટે આ વિષય પસંદ કરેલ છે.

આર્થિક વિકાસનો હેતુ સિધ્ધ કરવા સ્વીકારેલ આયોજનની વ્યુહરચના માટેનું માળખુ રાષ્ટ્રની જરૂરીયાત મુજબનું ગોઠવેલ છે. તેમ છતાં રાષ્ટ્રનો વિકાસ સમતુલિત રીતે થયેલો જોવા મળે છે. જુદા જુદા પ્રદેશો, રાજયોનાં વિવિધ વિસ્તારોનો વિકાસ એકસમાન રીતે થયેલો

જોવા મળતો નથી. આથી સમતોલ વિકાસની વિશેષ આવશ્યકતા છે. તેના માટે ઘટક કક્ષાએથી આયોજન થવુ જોઈએ. કેન્દ્રીય આયોજનથી સમતોલ વિકાસ શકય બનતો નથી એ તદ્દ્ન સત્ય છે. કારણ કે, તે અનુભવ સિદ્ધ થયેલ બાબત છે માટે જ સમતુલિત વિકાસનાં ધ્યેયને સિધ્ધ કરવા ઘટકકક્ષાએથી આયોજન કરવુ એ ભારતીય આયોજનકારો અને અર્થતંત્ર માટે જરૂરી છે સંપૂર્ણ વિકાસદર હાંસલ કરવાના સંદર્ભમાં પ્રાદેશિક ધોરણે તુલનાત્મક રીતે વિકસતા પ્રદેશોના ઉચ્ચ વિકાસનાં ધ્યેય સિદ્ધ કરવાના પ્રયત્નો કરવા જોઈએ કારણ કે રાષ્ટ્રનાં બધાજ રાજયો કે પ્રદેશોમાં વિવિધતા જોવા મળે છે. આથી જુદા જુદા પ્રદેશોનાં ઉચ્ચ વિકાસલક્ષી પ્રશ્નો પણ જુદા જુદા હોવાના આમ રાષ્ટ્રની વર્તમાન અને ભાવિનીતિ વિષયક બાબતોને ધ્યાનમાં રાખીને સમતોલ વિકાસનું આયોજન કરવાનાં પ્રયત્નો કરવા જોઈએ. ટૂંકમાં વિવિધ પ્રદેશોની પ્રાદેશિકતા અને ગતિવિધી મુજબનું આયોજન એકમ કક્ષાએથી થવુ જોઈએ. આથી રાજકોટ જિલ્લાનો વિષય વસ્તુ તરીકે સ્વીકાર કરીને આ જિલ્લાના ઔદ્યોગિક અને આર્થિક વિકાસને તપાસી તેના પ્રશ્નો અને ભાવિ વિકાસની તકો (શકયતાઓ) નાં સંદર્ભમાં રાજકોટ જિલ્લા અંર્તગત "રાજકોટ જિલ્લાનો ઔદ્યોગિક અને આર્થિક વિકાસ, તેના પ્રશ્નો અને ભાવિ "એ વિષયની અભ્યાસનાં એકમ તરીકે પસંદગી કરવામાં આવી છે.

**૧:૯ વિષય સંબંધી સાહિત્યની સમીક્ષા :–**

ભારતે ઉચ્ચ વિકાસદરનાં ધ્યેયવાળી વ્યુહરચના અપનાવેલ હોય, વિકસિત પ્રદેશોનાં સંપૂર્ણ વિકાસદર માટે ઘણા બધા પ્રયાસો પણ કર્યા છે. આજે વિશ્વનાં દેશોમાં પણ આયોજનના સ્વીકારની સાથે આયોજનને સફળ બનાવવા સ્થળ વિષયક બાબતોનો ઉમેરો કર્યો છે. રાજયકક્ષાનું આયોજન પ્રાદેશિક બાબતોને ધ્યાનમાં લેતુ નથી. તેમજ વિવિધ પ્રદેશો વિશેનું સાચુ પ્રતિબિંબ પણ આપતુ નથી. પરિણામે પ્રાદેશિક મહત્ત્વની સાથે જ કેટલાક પ્રાદેશિકતાનાં વિષય પર ચિંતન કરનારા, પ્રાદેશિક અર્થશાસ્ત્રીઓએ આપેલા, લેખ સ્વરૂપનાં વિચારોને અહીં વિષયસંબંધી સાહિત્યનાં સ્વરૂપમાં એકત્રિત કરીને તેની સમીક્ષા કરવામાં આવી છે. જેમાં સમગ્ર રાષ્ટ્ર કે રાજયનાં પ્રદેશો અને પેટા પ્રદેશોનાં અભ્યાસનાં સંદર્ભમાં વિકસિત અને અલ્પવિકસિત પ્રદેશો વિશેની માહિતી આપવામાં આવી છે. આમ આ વિષયને લગતા સાહિત્યની સમીક્ષા દ્વારા જુદા જુદા સંશોધનોના તારણો પણ આ સંશોધન અભ્યાસમાં

રજૂ કરવામાં આવેલ છે.

**૧:૧૦ અભ્યાસનાં હેતુઓ :–**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ એક વિશિષ્ટ પ્રકારનો છે. જેનાં મુખ્ય હેતુઓ આ પ્રમાણે છે.

૧. રાજકોટ જિલ્લાની માનવસંપતિનાં વલણો તપાસવા.

૨. રાજકોટ જિલ્લાનાં ખેતીક્ષેત્રનાં વિકાસ વલણો તપાસવા.

૩. રાજકોટ જિલ્લાનો ઔદ્યોગિક વિકાસ અને તેનાં પ્રશ્નોનું વિશ્લેષણ કરવુ.

૪. રાજકોટ જિલ્લાનાં સેવાક્ષેત્રનાં વિકાસ વલણો તપાસવા.

**૧:૧૧ અભ્યાસની પરિકલ્પનાઓ :–**

આ સંશોધન અભ્યાસમાં નીચે મુજબની પરિકલ્પનાઓ ચકાસવામાં આવી છે.

૧. રાજકોટ જિલ્લો ઔદ્યોગિક અને આર્થિક રીતે વિકસિત છે.

૨. જિલ્લાનાં આર્થિક વિકાસ માટે ઔદ્યોગિક માળખું વિશેષ રીતે જવાબદાર છે કે કૃષિ માળખુ.

૩. રાજયસરકાર અને કેન્દ્રસરકાર દ્વારા પણ જિલ્લાનાં આર્થિક વિકાસ માટે ઘણા વિકાસલક્ષી પગલાઓ લેવામાં આવેલ છે.

૪. જિલ્લાનાં વિકાસ માટે સામાજિક માળખુ અને ઝડપી વિકાસ માટેની સૂઝ તેમજ સ્થાનિક પરિબળો પણ વિશેષ જવાબદાર છે.

**૧:૧૨ અભ્યાસની સંશોધન પધ્ધતિઓ :–**

પ્રસ્તુત અભ્યાસમાં રાજકોટ જિલ્લાની પ્રાદેશિક ઔદ્યોગિક વિકાસ અને આર્થિક વિકાસને લગતી પરિસ્થિતી તેમાં ઉદ્‌ભવતા પ્રશ્નો અને તેના ભાવિ વિકાસની સંભાવનાઓને સાંકળી લેવામાં આવી છે. આ માટે વિવિધ આંકડાશાસ્ત્રીય ગાણિતીક પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પધ્ધતિઓની છણાવટ પણ અહીં કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લામાં ૧૪ તાલુકાઓ અને ૮૫૬ ગામડાઓ છે. સંશોધન માટે પસંદ કરાયેલા વિષયની પ્રાથમિક સમજ મેળવવાનાં હેતુથી, આ વિષય સાથે સંકળાયેલા નિષ્ણાંતો સાથે રૂબરૂ મુલાકાત ગોઠવી શરૂઆત કરવામાં આવેલ. તેના દ્વારા આ વિષયનાં અભ્યાસ માટે કયા કયા ક્ષેત્રોમાંથી માહિતી મેળવી શકાશે તેની અલગ યાદી તૈયાર કરી માહિતી પુરી

પાડી શકે તેવી વ્યકિતઓ અને સંસ્થાઓની યાદી તૈયાર કરી, ત્યારબાદ તેમની પાસેથી માહિતી મેળવવા અંગે અનુકૂળ સમય નકકી કર્યા બાદ વિષયને અનુરૂપ યોગ્ય માહિતી એકઠી કરવા મુલાકાતો યોજેલ છે.

**૧ઃ૧૨ઃ૧ માહિતી એકત્રિકરણ માટેની પધ્ધતિ :–**

પ્રસ્તુત મહાશોધ નિબંધમાં પ્રાથમિક કક્ષાની માહિતી એકઠી કરવા માટે જુદી જુદી મુલાકાતોનું આયોજન કરી આયોજન મુજબ મુલાકાતો ગોઠવી હતી તેમાં જિલ્લાનાં ૧૪ તાલુકાઓના તાલુકા વિકાસ અધિકારીઓ, તાલુકા વિસ્તરણ અધિકારીઓ, જુદી જુદી સરકારી એજન્સીઓનાં અધિકારીઓ, જિલ્લા લીડ બેન્ક ઓફિસર, જિલ્લા ઉદ્યોગ કમિશ્નરશ્રી અને જનરલ મેનેજર જુદી જુદી નગરપાલિકાનાં ચીફ ઓફિસરો તેમજ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખો, તાલુકા પંચાયતનાં જુદા જુદા અધિકારીઓ જિલ્લા શિક્ષણાધિકારીઓ, જુદી જુદી ગ્રામ પંચાયતનાં ગ્રામ સેવકો, તલાટીમંત્રીઓ સરપંચો તેમજ જુદા જુદા દળોનાં સમાજ સેવકો, આગેવાનો અને રાજકીય અધિકારીઓ અને પદાધિકારીઓ, માજી ધારાસભ્યો વર્તમાન એસેમ્બલીનાં સભ્યો, જુદી જુદી પીપલ્સ બેન્કનાં મેનેજરો અન્ય વ્યાપારી બેન્કનાં મેનેજરો, ધાર્મિક અને સેવાભાવિ ટ્રસ્ટો, સહકારી સંગઠનો વગેરેનો સમાવેશ થાય છે.

અહીં જિલ્લાનાં ૧૪ તાલુકાઓની આર્થિક, સામાજિક, ભૌગોલિક પરિસ્થિતિ અને સર્વાંગી વિકાસની સ્થિતી અંગેની માહિતી મેળવવા ચોકકસ નિદર્શન પધ્ધતિ અપનાવવામાં આવી છે. જિલ્લાનાં ગ્રામીણ સ્તરનાં નિદર્શો ઉપરાંત શહેરી વિસ્તાર માટે જિલ્લાનાં ૧૪ શહેરોમાંથી પણ કેટલાક નિદર્શો પસંદ કર્યા જેમાંથી શહેરી અગ્રણીઓ, સમાજસેવકો, રાજકીય નેતાઓ વગેરેનો સમાવેશ થાય છે. ઉદ્યોગક્ષેત્ર માટે જિલ્લાની ૧૪ ઔદ્યોગિક વસાહતો અને બહારના કેટલાક એકમોમાંથી પણ અમુક નિદર્શ પસંદ કરીને પ્રત્યક્ષ મુલાકાત લઈને તૈયાર કરેલ વિગતવાર સદર પ્રશ્નાવલિઓનાં આધારે માહિતી એકત્રિત કરવામાં આવેલ છે. આ રીતે રાજકોટ જિલ્લાનાં ૨૮ ગામો અને (૧૪) ઔદ્યોગિક વસાહતો અને વસાહત બહારનાં વિસ્તારોમાંથી પધ્ધતિસરની માહિતી એકત્રિત કરેલ છે. આમ પસંદ કરવામાં આવેલા નિદર્શોનું વર્ગીકરણ પણ રજુ કરવામાં આવેલ છે.

**૧:૧૨:૨ પ્રશ્નાવલિ ગઠન :–**

આ અભ્યાસ માટે મુલાકાતોને આધારે શહેરી અગ્રણીઓ અને અધિકારીઓ માટે શહેરી વિકાસલક્ષી પ્રશ્નાવલિ, ગ્રામીણ ખેડૂતો, ગ્રામીણ મજૂરો, વ્યવસાયિકો અને ગામ આગેવાનો માટે ગ્રામીણ વિકાસલક્ષી પ્રશ્નાવલિ અને ઉદ્યોગો માટે ઔદ્યોગિક વિકાસલક્ષી પ્રશ્નાવલિ તૈયાર કરેલ છે. ટુંકમાં શહેરી વિસ્તાર ગ્રામીણ વિસ્તાર અને ઔદ્યોગિક ક્ષેત્રની યોગ્ય માહિતી પ્રાપ્ત કરવા જરૂરી વિગતોની વ્યવસ્થિત પ્રશ્નોનાં સ્વરૂપમાં ગોઠવણી કરી, જુદી જુદી પ્રશ્ન સૂચિઓ તૈયાર કરવામાં આવી છે. જે નીચે મુજબ વિભાજિત કરેલ છે.

**(એ)** સામાન્ય માહિતી માટેની પ્રશ્નાવલિ

**(બી)** તાલુકાનાં અગ્રણીઓ માટેની પ્રશ્નાવલિ

**(સી)** ગ્રામીણ આગેવાનો માટેની પ્રશ્નાવલિ

**(ડી)** ઔદ્યોગિક અગ્રણીઓ માટેની પ્રશ્નાવલિ

ઉપરોકત ચાર વિભાગોમાં વિભાજિત કરેલ પ્રશ્નાવલિઓમાં વિષયસંબંધી પ્રાથમિક માહિતી મેળવવા માટે તર્કબદ્ધ રીતે નીચેની બાબતો જુદી જુદી પ્રશ્નાવલિઓમાં મુકવામાં આવી છે જે નીચે મુજબ આપેલ છે.

**(એ) સામાન્ય માહિતી માટેની પ્રશ્નાવલિ**

આ પ્રશ્નાવલિમાં ૨૨ પ્રશ્નોની સૂચિ તૈયાર કરેલ છે;

(૧) શહેરનાં ભૌગોલિક સ્થાન વિષયક માહિતી

(૨) તાલુકાનાં વહિવટી માળખા વિષયક માહિતી

(૩) વર્ષમાં સરેરાશ વરસાદનું પ્રમાણ

(૪) વસ્તી વિષયક માહિતી

(૫) વસ્તીનું કામ કરનાર પ્રમાણે વર્ગીકરણ

(૬) ખેતજમીન વિષયક માહિતી

(૭) મુખ્ય પાક વિષયક માહિતી

(૮) સિંચાઈનાં સાધનોને લગતી માહિતી

(૯) ખેત ઓજારો વિષયક માહિતી

**(૧૦)**પશુધન વિષયક માહિતી

**(૧૧)**તાલુકામાં પશુ દવાખાનાઓની સંખ્યા

**(૧૨)**દૂધ સહકારી મંડળઓની સંખ્યા

**(૧૩)**તાલુકાની મુખ્ય ખનીજ પેદાશો

**(૧૪)**તાલુકામાં ઉદ્યોગ જૂથ પ્રમાણે નોંધાયેલ ઉદ્યોગો તેમજ કારખાનાઓની વિસ્તારની દ્રષ્ટિએ સંખ્યા

**(૧૫)**તાલુકામાં આવેલ ઔદ્યોગિક વસાહતો વિષયક માહિતી

**(૧૬)**તાલુકાના ઉદ્યોગોના અંદાજીત સરેરાશ મૂડીરોકાણ, ઉત્પાદન, રોજગારી અને ટર્નઓવર વિષયક માહિતી

**(૧૭)**જોઈન્ટ સ્ટોક કંપનીઓ અને તેની મૂડીવિષયક માહિતી

**(૧૮)**બેંકોની સંખ્યા અને કામગીરી

**(૧૯)**રેલ્વે વિષયક માહિતી

**(૨૦)**આરોગ્ય વિષયક સરકારી/બિનસરકારી સંસ્થાઓ અંગેની માહિતી

**(૨૧)**શૈક્ષણીક માહિતી

**(૨૨)**સંદેશાવ્યવહારને લગતી માહિતી

**(બી) તાલુકાના અગ્રણીઓ માટેની પ્રશ્નાવલિ :–**

આ પ્રશ્નાવલિમાં રહેલા પ્રશ્નોની સૂચિ દ્વારા નીચેની માહિતી મેળવવાનાં પ્રયાસ કરેલ છે.

**(૧)** તાલુકાના વિકાસ માટેના કારણો

**(૨)** અલ્પવિકાસ માટેના કારણો

**(૩)** ખેતીવિષયક પ્રશ્નોનુ વિશ્લેષણ

**(૪)** ઉદ્યોગવિષયક પ્રશ્નોનું વિશ્લેષણ

**(૫)** માળખાગત વિકાસ અને સાધન સુવિધાને લગતા પ્રશ્નો

**(૬)** શિક્ષણ વિષયક પ્રશ્નો

**(૭)** આરોગ્યક્ષેત્રના પ્રશ્નો

**(૮)** વ્યાપારધંધા વિષયક પ્રશ્નો

(૯) સરકારની વિકાસલક્ષી યોજના વિષયક પ્રશ્નો

(૧૦)ખેતવિકાસને લગતી યોજનાઓ વિષયક પ્રશ્નો

(૧૧)ઔદ્યોગિક વિકાસ માટેનાં સરકારનાં કાર્યક્રમોને લગતા પ્રશ્નો

(૧૨)ગરીબી અને બેકારી નિવારણ યોજનાને લગતા પ્રશ્નો

(૧૩)અન્ય વિશિષ્ટ પ્રશ્નો

(૧૪)ખેતીના વિકાસ માટે લેવામાં આવતા પગલાઓ

(૧૫)ગ્રામીણ વિકાસ માટેના પ્રશ્નો

(૧૬)ખેતીનાં પાકોના વિશિષ્ટીકરણને લગતા પ્રશ્નો

(૧૭)રોજગારલક્ષી ઉદ્યોગવિષયક પ્રશ્નો

(૧૮)ધરતીકંપની અસરો વિષયક પ્રશ્નો

(૧૯)ધરતીકંપ પછીની સરકારી બિનસરકારી સહાય વિષયક પ્રશ્નો

(૨૦)તાલુકામાં ખનીજ સંપત્તિને લગતા ઉદ્યોગ વિષયક પ્રશ્નો

(૨૧)નવી ઔદ્યોગિક નીતિની ઉદ્યોગો પરની અસરો

(૨૨)ઉદ્યોગ વિકાસ માટે જરૂરી પગલાઓ વિષયક માહિતી

(૨૩)વિસ્તારનાં સર્વાંગી વિકાસ માટેના સૂચનો

(૨૪)ગરીબી અને બેકારી નિવારણ અંગેના સૂચનો

(૨૫)શૈક્ષણીક વિકાસ માટેના સૂચનો

(૨૬)માળખાગત સુવિધાઓના વિકાસ અંગેનાં સૂચનો

(૨૭)સરકારનાં વિકાસલક્ષી અને કલ્યાણલક્ષી કાર્યક્રમોનાં અમલ વિષયક માહિતી

(૨૮)તાલુકામાં વિકસેલા ઉદ્યોગો વિશેની માહિતી

(૨૯)ઉદ્યોગોની આવક અને રોજગારી પરની અસરો

(૩૦) તાલુકામાં રહેલ ખનીજ અને કુદરતી સાધનો વિશેની માહિતી

(૩૧)તાલુકામાં વિકસવા માટેની તક ધરાવતા ઉદ્યોગો

**(સી) ગ્રામીણ આગેવાનો માટેની પ્રશ્નાવલિ :–**

(૧) ગામમાં રહેલ માળખાગત સુવિધા વિશેની માહિતી

(૨) ગામમાં થતા મુખ્ય પાકો વિશેની માહિતી

(૩) ખેડૂતોને ખેતીમાં પુરતુ ઉત્પાદન મળવા ન મળવા વિશેનાં કારણો

(૪) ખેડુતોને થતા નફા કે ખોટ વિશેની માહિતી

(૫) દુષ્કાળ દરમ્યાન ખેતી સાથે સંકળાયેલ યોજનાઓના લાભ પ્રાપ્તિ વિશેની માહિતી

(૬) સરકારી યોજનાઓના નાના અને સીમાંત ખેડુતોને મળતા લાભ વિશેની માહિતી

(૭) ગ્રામીણ વિકાસ માટેના મુખ્ય પ્રશ્નો

(૮) ગ્રામીણ વિકાસના પ્રશ્નો દૂર કરવા માટેનાં સૂચનો

**(ડી) ઔદ્યોગિક અગ્રણીઓ માટેની પ્રશ્નાવલિ :–**

(૧) તાલુકામાં સ્થિત ઉદ્યોગોનાં નામ

(૨) ઉદ્યોગવિષયક મુશ્કેલીઓ / પ્રશ્નો

(૩) વિકાસની શકયતા ધરાવતા ઉદ્યોગો વિષયક માહિતી

(૪) અન્ય ઉદ્યોગો અને વિકાસની શકયતાઓ

(૫) ઉદ્યોગવિકાસની મુશ્કેલી નિવારણ માટેનાં સૂચનો

(૬) ભાવિઉદ્યોગ વિકાસથી તાલુકાને થનાર લાભો

(૭) ઉદ્યોગ વિકાસથી તાલુકામાં ઉદ્ભવનારા પ્રશ્નો

(૮) ઉદ્યોગ વિકાસથી સર્જાનાર પ્રશ્નોના ઉકેલ વિષયક સૂચનો

**(ઈ) આગળ જણાવ્યા પ્રમાણે સંશોધન અભ્યાસમાં આવેલા ૧૪ શહેરો અને ૨૮ ગામડાઓમાંથી શહેરી અને ગ્રામીણ નિદર્શોની યદચ્છ નિદર્શન પધ્ધતિ દ્વારા પસંદગી કરી માહિતી એકત્રિત કરી છે.**

**(એફ) જિલ્લાનાં ઉદ્યોગો વિશેની માહિતી ૧૪ ઔદ્યોગિક વસાહતો અને વસાહતો બહારનાં ઔદ્યોગિક એકમોનાં નિદર્શનોનો ઉપયોગ કરી પ્રશ્નાવલિનાં સ્વરૂપમાં માહિતી એકત્રિત કરેલ છે.**

**(જી) ગ્રામીણ વિકાસ એજન્સીમાં શહેરી, ગ્રામીણ અને ઔદ્યોગિક પ્રશ્નાવલિ અને અવલોકન આધારિત રૂબરૂ માહિતી એકત્રિત કરવામાં આવી છે.**

**(એચ) આ સંશોધન અભ્યાસની સમગ્ર વિગતોનું કોમ્પ્યુટરાઈઝેશન કરીને તેને આધારે જુદા જુદા ચલોનુ સંકલન કરવામાં આવ્યુ છે.**

**(આઈ) આ સંશોધન અભ્યાસમાં યોગ્ય અને અભ્યાસને અનુરૂપ આંકડાશાસ્ત્રીય પદ્ધતિનો વ્યાપક ઉપયોગ કરી સમગ્ર વિશ્લેષણને વૈજ્ઞાનિક અને તર્કસંગત બનાવવામાં આવ્યુ છે.**

**૧:૧૩ અભ્યાસની મર્યાદાઓ :–**

**(૧)** આ અભ્યાસમાં ઉપયોગમાં લીધેલ સેકન્ડરી ડેટા જિલ્લા પંચાયત આંકડાશાખાની પ્રકાશિત માહિતી પુસ્તીકામાંથી લેવામાં આવેલ છે. માટે જિલ્લા આંકડાશાખાની એકત્રિત માહિતીની મર્યાદા એ આ અભ્યાસની મર્યાદા રહેશે.

**(૨)** આ અભ્યાસમાં મુખ્યત્ત્વે પ્રાથમિક માહિતી પ્રશ્નાવલિના સ્વરૂપમાં પ્રત્યક્ષ મુલાકાત દ્વારા મેળવેલ છે. તેની કેટલીક અસ્પષ્ટ મર્યાદા અને સ્પષ્ટ મર્યાદાઓ રહેલી છે. જે આ અભ્યાસની મર્યાદા બની રહેશે.

**(૩)** મોટાભાગનાં ખેડૂતો ખર્ચ, ઉત્પાદન, આવક, સાધન વપરાશ કે અન્ય બાબતો વિશેની કોઈ લેખિત નોંધ રાખતા હોતા નથી. ભારે ઉદ્યોગના ઉદ્યોગપતિઓ પણ આ સંદર્ભમાં પોતાના ઉદ્યોગલક્ષી જે માહિતી આપે છે તેમાં પુરી ગંભીરતા કે સભાનપણું ન પણ હોય એ પણ શકય છે.

**(૪)** આ અભ્યાસમાં નિદેર્શોની તાર્કિક શકિત, કોઠા સુઝ કે સમજ અને અનુભવોને આધારે નિચોડરૂપ માહિતી મેળવીને અભ્યાસ વાસ્તવિકતાની નજીક લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**(૫)** આમ છતાં પ્રાથમિક માહિતી આધારિત અભ્યાસની મર્યાદાઓ માનવીય ક્ષતિઓ વિસંગતતાઓ અનુમાનો વગેરે અભ્યાસને પણ લાગુ પડે છે.

**૧:૧૪ અભ્યાસનું મહત્ત્વ :–**

ભારતીય અર્થતંત્રમાં સમતોલ આર્થિક વિકાસ માટે આર્થિક આયોજનનો સ્વીકાર કર્યો છે. તેમ છતાં પ્રાદેશિક રીતે અસમતોલ વિકાસ થયેલો જોવા મળે છે જેને પરિણામે પ્રાદેશિક ધોરણે આર્થિક પરિસ્થિતિ અને સમસ્યાઓનું સ્વરૂપ આગવી લાક્ષણિકતાઓ ધરાવે છે.

રાષ્ટ્રીય આયોજનનું ઘડતર, આવી પ્રાદેશિક આર્થિક લાક્ષણિકતાઓને આધારે થતુ નથી રાષ્ટ્રીય આયોજનનાં આવા સ્વરૂપને કારણે કેટલીકવાર પ્રાદેશિક પ્રશ્નોની ઉપેક્ષા અને અવગણના થતી જોવા મળે છે. પરિણામે અર્થવ્યવસ્થાનો એકાંગી, અસમતોલ અને અસંતોષકારક રીતે વિકાસ થાય છે. આ ઉપરાંત પ્રાદેશિક અસમાનતા અને વિષમતાની પરિસ્થિતિ સર્જાય છે. જે રાષ્ટ્રીય આયોજન દ્વારા સહેલાઈથી દૂર કરી શકાતી નથી. આમ દરેક પ્રદેશની પરિસ્થિતિ અને પ્રશ્નો વિવિધ પરિબળો દ્વારા સહેલાઈથી દૂર કરી શકાતા નથી. આમ દરેક પ્રદેશની પરિસ્થિતિ અને પ્રશ્નો વિવિધ પરિબળો દ્વારા ઉદ્ભવતા અને અસર પામતા હોય છે. આ પરિબળોના સંદર્ભમાં તેમજ પ્રદેશનાં પ્રશ્નોનાં સંદર્ભમાં આ અભ્યાસ મહત્ત્વનો છે.

તેમજ નૈસર્ગિક સંપત્તિની પ્રાપ્યતા અને તેનાં ભાવિ વિકાસને લગતા પ્રશ્નો, તેનાં ઉકેલનાં સંદર્ભમાં રાજકોટ જિલ્લાનું સંપૂર્ણ વિકાસનું ધ્યેય હાંસલ કરવાની હરોળમાં રહેલા પ્રદેશોનાં સંદર્ભમાં પ્રાદેશિક ધોરણે મહત્ત્વ રહેલું છે. આ અભ્યાસની રાજકોટ જિલ્લાની વર્તમાન તેમજ ભાવિ વિકાસની જરૂરિયાતોને લક્ષમાં રાખીને સુઆયોજીત રીતે વિકાસ શકય બનશે. તેમજ જિલ્લાનાં આયોજનમાં આયોજનકારોને મદદરૂપ થશે. તેમજ જિલ્લાનાં અભ્યાસીઓ, રાજકીય નેતૃત્ત્વ કરનારાઓ તેમજ જિલ્લાનાં વિચારકો અને અભ્યાસીઓને ઉપયોગી થશે. તેમજ રાજકોટ જિલ્લાનો પ્રાદેશિક ધોરણે આ અભ્યાસ જે તે પ્રદેશ પૂરતો મર્યાદિત ન રહેતા અર્થતંત્રનાં વિકસિત અને અલ્પવિકસિત પ્રદેશોનાં પ્રાદેશિક આયોજન માટેનુ એક ઉમદા ઉદાહરણ પુરૂ પાડે છે. જેમાંથી વિકસતા સંપૂર્ણ વિકાસમાન પ્રદેશોનાં ભાવિ વિકાસનું માર્ગદર્શન પણ આ અભ્યાસમાંથી મળશે, તેમજ વિકેન્દ્રિત આયોજનનાં ભાગરૂપ ભૂતકાળની નીતિ વિષયક ખામીઓ પણ સુધારી શકાશે એટલે અંશે વિકાસની પ્રક્રિયા વધુ સરળ બનશે તેમજ એકવીસમી સદીમાં બની રહેલ પ્રાદેશિક અભ્યાસોનાં મહત્ત્વનાં  સંદર્ભમાં પ્રાદેશિક અભ્યાસનાં અભ્યાસીઓને પણ મદદરૂપ થશે.

**૧:૧૫ પ્રકરણ આયોજન :–**

પ્રસ્તુત સંશોધનને કુલ ૬ પ્રકરણોમાં વિભાજીત કરેલ છે. પ્રત્યેક પ્રકરણ એક અલગ જ વિષય લઈને રજૂ કરવામાં આવેલ છે પ્રકરણોનું વિભાજન વૈજ્ઞાનિક ઢબે અને સંશોધન પદ્ધતિશાસ્ત્ર અનુસાર કરીને પ્રકરણને યોગ્ય અને માહિતીને અનુરૂપ શીર્ષકો આપેલ છે.

તથા પ્રકરણોમાં યથાયોગ્ય જણાયુ તેમ પેટા ખંડો, પેટા વિભાગો અને મુદ્દાઓ દ્વારા ચર્ચીત વિષયની ક્રમબદ્ધ વ્યવસ્થિત તેમજ વિશિષ્ટ રજૂઆત કરેલ છે.

**(૧) પ્રકરણ – ૧ વિષય પ્રવેશ :–**

મહાનિબંધનું આ પ્રથમ પ્રકરણ સમસ્યાકથન, વિષયપ્રવેશ અને પ્રસ્તાવનાનાં સમાવેશ સાથે રચવામાં આવ્યુ છે. જેમાં આ સંશોધન વિષયનાં તમામ પાસા, પ્રાદેશિક વિકાસનાં આધારભૂત પરિબળો, પ્રાદેશિક અભ્યાસના ભાગરૂપ રાજકોટ જિલ્લાની પ્રાપ્ય માહિતી અનુસાર વિહંગાવલોકન કરવામાં આવેલ છે. આ ઉપરાંત રાજકોટ જિલ્લા પ્રદેશની પ્રાપ્ય માહિતી તથા સામગ્રીની સમીક્ષા કરીને તેના ઉપલક્ષમાં પ્રસ્તુત અભ્યાસની વિષયપસંદગી અને વિષયસંબંધી સાહિત્યની સમીક્ષા કરવામાં આવી છે આ પ્રકરણમાં અભ્યાસનાં હેતુઓ, પરિકલ્પનાઓ, સંશોધન પદ્ધતિઓ, અભ્યાસની મર્યાદાઓ, અભ્યાસનું મહત્ત્વ અને પ્રકરણ આયોજન અંગેની સ્પષ્ટતા પણ કરવામાં આવી છે. આમ, પ્રથમ પ્રકરણ અભ્યાસની તમામ વિશિષ્ટ માહિતીઓનું નિર્દેશ કરતુ મહત્ત્વનું પાસુ છે.

**(૨) પ્રકરણ – ૨ પ્રાદેશિક વિકાસ :–**

આ પ્રકરણમાં પ્રાદેશિક વિકાસનો અભિગમ, પ્રાદેશિક વિકાસની આયોજન પ્રક્રિયા, પ્રાદેશિક આયોજનનું અમલીકરણ, પ્રાદેશિક વિકાસની સમયાંતરે સમીક્ષા, પ્રાદેશિક વિકાસનું પુન : આયોજન પ્રાદેશિક વિકાસ માટે વિકેન્દ્રિત આયોજન તેમજ પ્રાદેશિક વિકાસ માટેના વિવિધ પ્રોત્સાહનોની ચર્ચા સાથે પ્રાદેશિક વિકાસના પ્રશ્નોની ચર્ચા કરેલ છે. તેમજ આ અભ્યાસ દ્વારા માલુમ પડે છે કે રાજકોટ જિલ્લાના વિકાસમાં મુખ્યત્ત્વે ઔદ્યોગિક ક્ષેત્ર અને શૈક્ષણિક ક્ષેત્ર ઉપરાંત આર્થિક સામાજિક ક્ષેત્રોનો ફાળો છે એ બાબત અહીં સ્પષ્ટ કરેલ છે.

**પ્રકરણ – ૩ અભ્યાસના હેતુઓ :–**

આ પ્રકરણમાં રાજકોટ જિલ્લાની માનવસંપતિ રાજકોટ જિલ્લાનું આર્થિક માળખુ તપાસવાનો હેતુ, ઔદ્યોગિક વિકાસ અને તેના પ્રશ્નોનું વિશ્લેષણ, કૃષિ માળખાનો અભ્યાસ, જિલ્લાનો સર્વાંગી વિકાસ વગેરે હેતુઓના અભ્યાસનો વિશિષ્ટ નિર્દેશ આ પ્રકરણમાં કરવામાં આવેલ છે.

**પ્રકરણ – ૪ વિષય સંબંધી સાહિત્યની સમીક્ષા :–**

આ પ્રકરણમાં અભ્યાસ સંબંધી સંપૂર્ણ માહિતીઓનાં સંદર્ભમાં અભ્યાસનાં મહત્ત્વને આધારે સંપૂર્ણ પ્રદેશ વિસ્તારનાં આયોજકોને વિસ્તારનાં આયોજન ક્ષેત્રે થતી માહિતીની ઉપયોગીતા અને સમગ્ર અભ્યાસક્ષેત્ર સાથે સંકળાયેલ મર્યાદાઓ ધ્યાનમાં રાખી અભ્યાસ વિષયનાં સંપૂર્ણ મુદ્દાઓની વિશિષ્ટ સમીક્ષા કરવામાં આવેલ છે. વિષય સંબંધી આ સમીક્ષા એ સમગ્ર અભ્યાસક્ષેત્રને ધ્યાનમાં રાખી કરવામાં આવેલ છે.

**પ્રકરણ – ૫ અભ્યાસની પરિકલ્પનાઓ :–**

આ પ્રકરણમાં રાજકોટ જિલ્લાનો પ્રદેશવાર વિકાસ કયા ક્ષેત્ર પર આધારિત છે. ખેતી કે ઉદ્યોગ તેનાં આધારે જિલ્લામાં વિકાસની વર્તમાન પરિસ્થિતી તેમજ ભાવિ વિકાસની તકો કેવી છે તેની ચર્ચા કરેલ છે. જિલ્લાના ઔદ્યોગિક વિકાસમાં ઉદ્યોગોનો પ્રકાર અને પધ્ધતિઓનો સવિશેષ ફાળો છે એ બાબતનો પણ નિર્દેશ કરેલ છે. જયારે કૃષિમાળખુ સિંચાઈની પૂરતી સગવડોના અભાવે સંપૂર્ણ વિકસિત જોવા મળતુ નથી આમ, આ પ્રકરણમાં બન્ને ક્ષેત્રોને આધારે ભાવિ વિકાસની પરિકલ્પના કરવામાં આવેલ છે.

**પ્રકરણ – ૬ અભ્યાસનું મહત્ત્વ / તારણો / સૂચનો :–**

આ પ્રકરણમાં અભ્યાસક્ષેત્રનું વિશેષ મહત્ત્વ તેની કઈ વિશેષતા દ્વારા સ્પષ્ટ થાય છે. તે દર્શાવેલ છે રાજકોટ એ સમગ્ર સૌરાષ્ટ્ર ક્ષેત્રે એક મહત્ત્વનું ઔદ્યોગિકક્ષેત્ર ધરાવે છે. જે સમગ્ર ઔદ્યોગિક વિકાસની ઝડપી ગતિશીલતા માટેનુ એક આગવુ કેન્દ્રિત વિસ્તાર છે. જેને લીધે જિલ્લાનો આર્થિક વિકાસ પણ વધતો જોવા મળે છે. આ મહાશોધનિબંધનું શિર્ષક પણ આ બાબત સાથે જ સંકળાયેલ છે. આમ જિલ્લાનો આર્થિક વિકાસ જે ઔદ્યોગિક વિકાસ પર આધારિત છે તે અને તેનાં પ્રશ્નો વગેરેને અહીં રજૂ કરેલ છે.

**૧:૧૬ ઉપસંહાર :–**

ભારતીય આયોજનની ખામીને કારણે અર્થકારણનો અસમતુલીત ધોરણે વિકાસ થયેલો જોવા મળે છે. ત્યારે અસમતોલ વિકાસની આ પરિસ્થિતીમાં આયોજનનું મુલ્યાંકન કરી અટકી નહીં જતા સંપૂર્ણ વિકાસદર હાંસલ કરવા વિદ્વવાનોએ આર્થિક આયોજનને કલ્યાણ અને સમતોલ વિકાસનાં સંદર્ભમાં પારિભાષિત કરી આયોજનનાં અર્થને જે આર્થિક

નિર્ણયોનાં સંદર્ભમાં સમજાવી આયોજનમાં અર્થકારણની આર્થિક મોજણી કરી અને ત્યારબાદ આર્થિક નીતિઓના ઘડતર અને અમલીકરણ દ્વારા ધ્યેયોને હાંસલ કરવાનાં સંદર્ભમાં અર્થઘટન કરવામાં આવે ત્યારે આયોજનમાં રહેલી ખામીઓના નિવારણ સૂચક સુધારાઓ મુજબ આયોજનને આકાર આપી અર્થતંત્રની આર્થિક સમૃધ્ધિ (સમતોલ વિકાસ અને ઉંચા વિકાસદરનાં સંદર્ભમાં) ની કલ્પનાઓને સાકાર કરવા માટે પ્રાદેશિક ધોરણે સમતોલ વિકાસમાંથી સંપૂર્ણ ઉચ્ચ વિકાસ દર હાંસલ કરવાનાં નમૂના (મોડેલ) રૂપ રાજકોટ જિલ્લાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આમ આ અભ્યાસમાં સંપૂર્ણ વિકાસ સિદ્ધ કરવાનું દાર્શનિક ચિત્ર રજુ કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત જિલ્લાનાં આર્થિક, સામાજિક, ઔદ્યોગિક, ભૌગોલિક અને અનેકવિધ ક્ષેત્રોનાં વ્યવસ્થિત અભ્યાસ દ્વારા ભાવિ આયોજનને યોગ્ય દિશામાં વાળવાનો પ્રયત્ન પ્રસ્તુત પ્રકરણ–૧ માં કરવામાં આવ્યો છે. આ પ્રકરણમાં ગુજરાત રાજય તેમજ રાજયનાં એક વિશિષ્ટ વિસ્તાર તરીકે સૌરાષ્ટ્ર પ્રદેશનું વિહંગાવલોકન તેમજ આ પ્રકરણમાં રાજકોટ જિલ્લાનું પણ પ્રાદેશિક ધોરણે વિહંગાવલોકન કરવામાં આવ્યુ છે. તેમજ આ સંશોધન માટે અપનાવેલ જુદી જુદી પધ્ધતિઓની છણાવટ કરવામાં આવેલ છે. આ સાથે આ પ્રકરણમાં વિષયપસંદગી કે જેમાં આ અભ્યાસને સંલગ્ન જુદા જુદા વિદ્વવાનોનાં અભ્યાસોનું પણ અહીં ટુંકસારમાં વર્ણન કરવામાં આવ્યુ છે. તેમજ આ અભ્યાસનાં વિવિધ પાસાઓનાં ભાગરૂપ અભ્યાસની પરિકલ્પનાઓ, માહિતી એકત્રિકરણ અને મુલાકાતની વિવિધ પધ્ધતિઓ, પ્રશ્નાવલિ ઉપયોગ તેમજ આ અભ્યાસની મર્યાદાઓ સાથે પ્રકરણ આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રકરણ આયોજનમાં નજર કરતા પ્રથમ દ્રષ્ટિએ જ આ શોધ નિબંધની પ્રાથમિક સમજણ મળી શકે છે.

# પ્રકરણ – ૨

# "પ્રાદેશિક વિકાસ"

# (Regional Development)

# પ્રકરણ – ૨
# પ્રાદેશિક વિકાસ
# (Regional Development)


| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૨ : ૧ | પ્રસ્તાવના | ૫૩ |
| ૨ : ૨ | પ્રાદેશિક આયોજનનો અભિગમ | ૫૬ |
| ૨ : ૩ | પ્રાદેશિક આયોજનની પ્રક્રિયા | ૬૮ |
| ૨ : ૪ | પ્રાદેશિક વિકાસનું આયોજન | ૭૫ |
| ૨ : ૫ | પ્રાદેશિક આયોજનનું અમલીકરણ | ૭૭ |
| ૨ : ૬ | પ્રાદેશિક વિકાસની સમયાંતરે સમીક્ષા | ૮૩ |
| ૨ : ૭ | પ્રાદેશિક વિકાસનું પુનઃઆયોજન | ૮૫ |
| ૨ : ૮ | વિકેન્દ્રિત આયોજન | ૮૬ |
| ૨ : ૯ | પ્રાદેશિક વિકાસ માટે વિકેન્દ્રિત આયોજન | ૯૩ |
| ૨:૧૦ | પ્રાદેશિક વિકાસ માટેનો બંધારણીય સુધારો | ૯૪ |
| ૨:૧૧ | પ્રાદેશિક વિકાસ માટેના વિવિધ પ્રોત્સાહનો | ૯૭ |
| ૨:૧૨ | પ્રાદેશિક વિકાસ અંગે ગાંધીવાદી વિચારધારા | ૧૦૧ |
| ૨:૧૩ | પ્રાદેશિક વિકાસનાં પ્રશ્નો | ૧૦૩ |
| ૨:૧૪ | સમાપન | ૧૦૫ |

# પ્રકરણ – ૨
# પ્રાદેશિક વિકાસ

## ૨:૧ પ્રસ્તાવના :–

ભારતમાં સમતોલ રાષ્ટ્રીય વિકાસ થયેલો જોવા મળતો નથી. તેથી જ પ્રાદેશિક વિકાસમાં અસમાનતા જોવા મળે છે. અસમતોલ પ્રાદેશિક આર્થિક વિકાસ એટલે કોઈ એક પ્રદેશનો આર્થિક વિકાસનો દર અન્ય કોઈ એક પ્રદેશના આર્થિક વિકાસનાં દર કરતા વધારે ઉંચો હોવાની સ્થિતિ આનો અર્થ એ નથી કે દરેક પ્રદેશ કે રાજયનો આર્થિક વિકાસનો દર સરખો હોવો જોઈએ. તેમાં પણ વિકસતા પ્રદેશોનાં સંપૂર્ણ આર્થિક વિકાસનો દર વિકસિત પ્રદેશોના આર્થિક વિકાસનાં દર કરતાં વધારે ઉંચો રાખવામાં આવે તો જ આયોજનનાં અમુક વર્ષો પછી પ્રાદેશિક દ્રષ્ટ્રિએ સંપૂર્ણ આર્થિક વિકાસનો દર પ્રાપ્ત કરી શકાય આ નીતિ અપનાવવામાં વિકસિત પ્રદેશોના આર્થિક વિકાસનો દર તેની વૃદ્ધીની ક્ષમતા અને હક જતા કરવા નીચો રાખવામાં આવે તે પણ યોગ્ય નથી.

અર્થતંત્ર પર પ્રાદેશિક આર્થિક અસમાનતાની ઘણી વિપરિત અસરો થાય છે પ્રાદેશિક આર્થિક અસમાનતાને લીધે ગરીબીની રેખા હેઠળ જીવતા લોકોનું દેશનાં અમુક પ્રદેશોમાં કેન્દ્રીકરણ થાય છે. બેકારી પણ અમુક પ્રદેશોમાં વધારે વ્યાપક બને છે. પ્રદેશોની આર્થિક અસમાનતામાં વધારો થાય ત્યારે સંઘ રાષ્ટ્રોમાં રાજકીય અસ્થિરતા અને ભારત જેવા રાષ્ટ્રમાં રાજય અને કેન્દ્ર વચ્ચે વિખવાદ વધે છે. કારણ કે, પછાત પ્રદેશ કે રાજયની સરકાર એક વિચાર ધરાવે છે કે, કેન્દ્ર સરકારનાં તેમના તરફ ઓરમાયા વર્તનને લીધે તે પ્રદેશ પછાત અવસ્થામાં છે. આ ઉપરાંત પ્રાદેશિક અસમાનતા વધે ત્યારે કેટલાક અગત્યના ઉદ્યોગો દેશનાં અમુક જ પ્રદેશોમાં કેન્દ્રિત થાય છે. તેથી યુદ્ધ સમયે દુશ્મનો એ રાષ્ટ્ર કે પ્રદેશો ઉપર આતંકવાદી પ્રવૃત્તિ કે આક્રમણની પ્રવૃત્તિઓ કરવા પ્રેરાય છે. આમ સંરક્ષણની દ્રષ્ટ્રિએ પણ વિકેન્દ્રિત વિકાસ યોગ્ય તેમજ સ્વીકાર્ય છે પરંતુ એનો અર્થ એ નથી કે દેશની પ્રાદેશિક અસમાનતા સંપૂર્ણપણે નિવારી શકાય છે. જે રીતે કોઈ એક વ્યકિતની આવકની અસમાનતા સંપૂર્ણપણે નિવારવી શકય નથી તેમ કોઈપણ દેશની પ્રાદેશિક આર્થિક અસમાનતા પણ સંપૂર્ણપણે નાબૂદ થઈ શકે

નહીં કારણ કે વિવિધ પ્રદેશોનાં પ્રાદેશિક આર્થિક વિકાસ માટે કેટલાક કુદરતી પરિબળો અને કેટલાક બિનકુદરતી પરિબળો દ્વારા અસમાનતા ઉદ્‌ભવતી હોય છે. પ્રાદેશિક અસમાનતાને લીધે અમુક પ્રદેશ વિસ્તાર કે શહેરમાં અતિવસ્તી, ગંદીચાલીઓ, પાણી, ગટરની સગવડનો અભાવ, ભૌગોલિક અસમાનતા, બજારતંત્રોનો અસમાન વિકાસ, જીવનધોરણનું નીચુ પ્રમાણ વગેરે સમસ્યાઓ ઉદ્‌ભવે છે. આમ પ્રાદેશિક અસમાનતાઓ કુદરતી પરિબળો અને કેટલાક બિનકુદરતી પરિબળો દ્વારા ઉદ્‌ભવે છે. બિનકુદરતી પરિબળો દ્વારા ઉદ્‌ભવતી પ્રાદેશિક અસમાનતાને ઘટાડવાનો પ્રયત્ન કરી દેશના વિવિધ પ્રદેશોનો સમતુલિત વિકાસ કરવો જોઈએ.

કોઈપણ અર્થતંત્રમાં પ્રાદેશિક અસમાનતાનું કારણ નબળી પુનઃ અધોગતિ અસર અને વિસ્તાર અસરોનું સહઅસ્તિત્વ છે. અર્થતંત્રમાં પુનઃ અધોગતિની અસરો વિસ્તાર અસરો કરતા મજબૂત હોવાથી પછાત વિસ્તારો પછાતમાં છે અને વિકસતા કે વિકાસમાન પ્રદેશો સંપૂર્ણ વિકાસ પ્રાપ્ત કરી શકતા નથી. આથી અર્થતંત્રની પુનઃઅધોગતિ અસરોને ન્યુનતમ સપાટીએ લઈ જવા વિસ્તાર અસરો મજબૂત બનાવવી જરૂરી છે. જેથી સમતોલ પ્રાદેશિક વિકાસ ખુબજ જરૂરી છે. તેમજ દેશના ઝડપી આર્થિક વિકાસ માટે પણ સમતોલ પ્રાદેશિક વિકાસ આવશ્યક છે જેમ કોઈ એક વ્યકિતનાં બન્ને પગ સાજા અને મજબૂત હોય તે વ્યકિત એક અપંગ વ્યકિત કરતા વધારે ઝડપથી ચાલી અથવા દોડી શકે છે તેવી જ રીતે જો દેશના જુદા જુદા પ્રદેશોનો સમતુલિત વિકાસ થાય તો સમગ્ર અર્થતંત્રનો સર્વાંગી વિકાસ શકય બને છે. આમ કોઈપણ દેશનાં અર્થતંત્રનો ઝડપી આર્થિક વિકાસ સાધવો હોય તો સમતુલિત પ્રાદેશિક વિકાસ સંપૂર્ણપણે સાધવો જરૂરી બની રહે છે.

અર્થતંત્રનાં સ્થિર વિકાસ માટે પણ પ્રાદેશિક સમતુલિત વિકાસની આવશ્યકતા છે. જો દેશમાં પ્રાદેશિક અસમાનતા હોય તો, કેટલાક પ્રદેશવાર ધોરણોના, પરિણામ સ્વરૂપે જુદા જુદા ક્ષેત્રમાં અસમતોલ વિકાસ થાય છે. જેમકે કોઈ પ્રદેશ કે વિસ્તારમાં સેવાક્ષેત્રનો અલ્પવિકાસ હોય તો, વિવિધ ચીજવસ્તુઓનો પુરવઠો યોગ્ય સમયે યોગ્ય ભાવે સ્થળાંતર થઈ શકતો નથી. પરિણામ સ્વરૂપે ભાવવધારો કે ફુગાવાની પરિસ્થિતિ પેદા થાય છે જે પછાત પ્રદેશમાં વ્યાપક બનતા સમગ્ર અર્થતંત્ર પર અસર કરે છે. માટે જો સમતોલ પ્રાદેશિક વિકાસ થાય તો આવા પુરવઠાલક્ષી અવરોધો દૂર થઈ શકે છે, અને પ્રાદેશિક દ્રષ્ટિએ ફુગાવાની અસમાન અસરો

ઘટાડી શકાય છે.

દેશનાં સંરક્ષણ માટે પણ સમતોલ પ્રાદેશિક વિકાસ અનિવાર્ય છે. જો બધા જ પ્રદેશો લગભગ સમાન રીતે વિકાસ પામેલા હોય તો ઉદ્યોગો અને તેમાં પણ, સંરક્ષણની દ્રષ્ટિએ અગત્યનાં ઉદ્યોગો સમગ્ર દેશનાં જુદા જુદા વિસ્તારોમાં પથરાયેલા રહે, જેથી યુદ્ધ સમયે દુશ્મન દેશ કોઈ એક વિસ્તાર પર બોમ્બમારો કરે તો પણ, બીજા વિસ્તારનાં ઉદ્યોગો દેશને શસ્ત્ર સામગ્રી પુરી પાડી શકે અને રાષ્ટ્રનું રક્ષણ થઈ શકે માટે ઉદ્યોગોનું વિકેન્દ્રિકરણ કે પ્રાદેશિક સમતુલન જરૂરી છે.

કોઈપણ રાષ્ટ્રમાં રાજકીય સ્થિરતા જાળવવા માટે પણ પ્રાદેશિક સમતુલિત વિકાસ જરૂરી છે. કારણ કે પ્રાદેશિક અસમાનતાને લીધે દેશની એકતા અને રાષ્ટ્રીય ભાવના હણાય છે. પરિણામે દેશનુ વિભાજન અને રાજકીય અસ્થિરતા પેદા થાય છે. જેનાં માટે પૂર્વ પાકિસ્તાન અને પશ્ચિમ પાકિસ્તાન ઉત્તમ ઉદાહરણ છે આ બન્ને વિસ્તારોમાં આર્થિક અસમાનતા હોવાને કારણે બાંગ્લાદેશનો જન્મ થયો. આમ પ્રાદેશિક અસમાનતા રાજકીય અસ્થિરતા પેદા કરે છે. માટે સમતોલ પ્રાદેશિક વિકાસ સાધવો ખુબજ જરૂરી છે. તેમજ પછાત પ્રદેશોમાં ઉદ્ભવતા કેટલાક પ્રશ્નો જેમ કે ગરીબી, બેરોજગારી જેવા પ્રશ્નોને નિવારવા માટે સમતોલ પ્રાદેશિક વિકાસ ખુબજ આવશ્યક છે. તેમજ ઉદ્યોગોનાં કેન્દ્રીકરણમાંથી ઉદ્ભવતી કેટલીક સામાજિક સમસ્યાઓનાં નિવારણ માટે સમતોલ પ્રાદેશિક વિકાસ આવશ્યક છે. સાથે સાથે અર્થતંત્રનાં વિવિધ અંગો જેવા કે ખેતી, ઉદ્યોગ, સેવા તથા અન્યક્ષેત્રો વચ્ચે સમતુલિત વિકાસ અને અર્થતંત્રની બધીજ સાધન સંપત્તિનો ઉપયોગ શકય બને છે. આમ તો દેશનાં કે રાષ્ટ્રનાં બધા જ પ્રદેશો અને પ્રદેશોનાં પેટા પ્રદેશો વચ્ચે સમતુલિત વિકાસ જરૂરી છે. ટુંકમાં વિવિધ પ્રદેશ વચ્ચે પ્રવર્તતી અસમાનતા અને એવી અસમાનતાઓને કારણે અર્થતંત્રમાં ઉદ્ભવતી વિવિધ સમસ્યાઓનાં નિવારણ તેમજ રાષ્ટ્રનાં ઝડપી આર્થિક વિકાસ માટે સમતોલ પ્રાદેશિક વિકાસની આવશ્યકતા વધુ છે. જેનાં ભાગ સ્વરૂપે રાષ્ટ્રીય સ્તર પર વિકસતા જિલ્લા તરીકે રાજકોટ જિલ્લાનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. આ જિલ્લાની કેટલીક પ્રાદેશિક સમસ્યાઓનો અભ્યાસ કરી જિલ્લાને સંપૂર્ણ વિકસિત બનાવવાનાં સુચનોની રજૂઆત કરવામાં આવી છે. આ સુચનોનું આયોજનપૂર્વક અમલીકરણ કરવામાં આવે તો પછાત પ્રદેશોની

પછાતતા દૂર કરી શકાય તેમજ વિકાસમાન પ્રદેશોને સંપૂર્ણ વિકસિત બનાવી શકાય જેના માટે પ્રાદેશિક ધોરણે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. ટુંકમાં ભારત જેવા વિકાસમાન દેશમાં સમતોલ પ્રાદેશિક વિકાસ સાધવા ઉપરાંત સંપૂર્ણ વિકાસ સાધવા માટે વિકસતા પ્રદેશોનાં સંપૂર્ણ પ્રાદેશિક વિકાસનો અભિગમ કેવો હોઈ શકે ? એ જાણવુ જરૂરી બને છે.

**૨ઃ૨ પ્રાદેશિક આયોજનનો અભિગમ :–**

અલ્પવિકસિત અર્થતંત્રમાં આર્થિક વિકાસલક્ષી આયોજનનો સ્વીકાર કરતા સાધનસંપત્તિનો ઈષ્ટતમ ઉપયોગ આર્થિક વૃદ્ધિ, રોજગારી, ગરીબી નાબુદી વગેરે હેતુઓ નજર સમક્ષ રાખવામાં આવે છે. વિકાસલક્ષી અર્થશાસ્ત્રમાં વિવિધ દ્રષ્ટિકોણ પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવે છે. વ્યવહારમાં દેશની સામાજિક, રાજકીય, માળખાકીય અને આર્થિક પરિસ્થિતિ પ્રમાણે આયોજનના ઉદ્દેશો, લક્ષ્યાંકો, વહિવટી પધ્ધતી, પધ્ધતીનો અમલ, ઈત્યાદી નકકી કરવામાં આવે છે. જેમ કે ભારતમાં સમગ્ર રાષ્ટ્રને નજર સમક્ષ રાખીને આર્થિક વિકાસનાં હેતુસર દીર્ઘકાલિન, લોકશાહી ઢબનું આયોજન સ્વીકારવામાં આવ્યુ છે. આ આયોજનમાં સમયનાં ગાળાને સામાન્ય રીતે પાંચ વર્ષનાં ગાળા પ્રમાણે વહેંચી નાંખી પંચવર્ષીય યોજના તૈયાર કરવામાં આવી છે. દરેક યોજના તૈયાર કરવામાં કેન્દ્ર તેમજ રાજય સરકારો મહત્ત્વનો ભાગ ભજવે છે. ભૌત્તિક અને નાણાકીય પરિબળોનો સમન્વય કરવામાં આવે છે. અને તાજેતરનાં વર્ષોમાં ક્રિયાલક્ષી આયોજનની સાથે સાંપ્રત માળખામાં ફેરફાર કરવાના હેતુસર રચનાલક્ષી આયોજન પર વધુ ભાર મુકવામાં આવી રહ્યો છે.

ભારતમાં દરેક યોજનામાં અર્થતંત્રની વિભાગવાર છણાવટ કરવામાં આવે છે. દરેક યોજનામાં કૃષિ કે ઔદ્યોગિક ઉત્પાદનના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે કૃષિ વિષયક અને ઔદ્યોગિક કાર્યક્રમો તૈયાર કરવામાં આવે છે અને સમગ્ર યોજનાનાં ખર્ચની ક્ષેત્રવાર ફાળવણી કરવામાં આવે છે. આ રીતે માત્ર ક્ષેત્રિય આયોજન અપનાવવાથી વિકાસનો દર ઉંચો જાય તો પણ તેમાં ઘણી ક્ષતિઓ રહેલી છે. ક્ષેત્રિય આયોજનમાં સ્થળવિષયક પરિબળોની અવગણના કરવામાં આવે છે. વિભાગીય આયોજનમાં સમગ્ર અર્થતંત્ર જાણે કે એકરૂપ હોય તેમ ધારી લેવામાં આવે છે. આથી વિભાગીય આયોજનમાં વિવિધ પ્રદેશો અને આ પ્રદેશોની આંતરિક સંપત્તિ, વસ્તી સાધનોનાં સ્થળાંતર, સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો વગેરેની અવગણના

કરવામાં આવે છે. આ ઉપરાંત વિવિધ પ્રદેશો અને વિસ્તારોનાં વિવિધ સાધનો અને સંપત્તિનો ઈષ્ટત્તમ ઉપયોગ કરવામાં અને તેઓ વચ્ચેની આર્થિક અસમાનતાઓ ઘટાડવામાં વિભાગીય આયોજન સહાય કરતુ નથી ત્યારે વિકાસલક્ષી આયોજનમાં વિભાગીય અભિગમની સાથે સ્થળગત અભિગમનો સમન્વય કરવો અનિવાર્યપણે જરૂરી બને છે.

પ્રાદેશિક આયોજન અભિગમ હેઠળ દેશને એક બિન્દુ તરીકે ધારી લેવાને બદલે ચોતરફ ફેલાયેલા વિવિધતાપૂર્ણ ભૂવિસ્તાર તરીકે સ્વીકારવામાં આવે છે. એકરૂપતા અને કોઈ મોટા શહેર સાથે ક્રિયાશીલ આંતરસંબંધો ધરાવતા સમગ્ર વિસ્તાર સાથે સંકળાયેલા પરિબળો નજર સમક્ષ રાખીને વહિવટી દ્રષ્ટિએ સુગમ પડે તે રીતે દેશનું પ્રદેશો અને પેટા પ્રદેશોમાં આયોજન અને વર્ગીકરણ કરવામાં આવે છે. દરેક પ્રદેશ અને પેટા પ્રદેશોને અનુરૂપ યોજના ઘડવામાં આવે છે. દરેક સ્થળ પરની સામાજિક, સાંસ્કૃતિક પરિસ્થિતિમાં તેની વિવિધ નૈસર્ગિક સાધન સંપત્તિ શ્રમ અને મૂડીનો પૂર્ણતમ ઉપયોગ થાય એ માટે વિકાસ પ્રદેશો પર ધ્યાન આપવામાં આવે છે અને પ્રાકૃતિક અને ઐતિહાસિક પરિબળોથી સર્જાયેલી પ્રાદેશિક અસમાનતાઓને આયોજનના માધ્યમ દ્વારા શકય તેટલી ઘટાડવાનાં સભાન પ્રયત્નો કરવામાં આવે છે.

આયોજનને અર્થપૂર્ણ બનાવવા માટે એક તરફ વિભાગીય અભિગમ પ્રમાણે કૃષિ, ઉદ્યોગ, વાહનવ્યવહાર, વિજળી, સંદેશાવ્યવહાર, સામાજિક અને અન્ય સેવાઓ પર ધ્યાન આપવુ પડે અને બીજી તરફ સ્થળગત અભિગમ પ્રમાણે રાષ્ટ્ર, મહાપ્રદેશ, રાજય, રાજયના પેટા વિસ્તારો (એક કરતા વધુ જિલ્લાઓ આવરી લે તેવો વિસ્તાર જેમ કે ગુજરાતમાં સૌરાષ્ટ્ર વિસ્તાર) જિલ્લો, તાલુકો અને ગામ સુધીનાં વિવિધ સ્તરે પ્રાદેશિક આયોજન કરવુ પડે. આ આયોજનનાં વિભાગીય તેમજ સ્થળ કે પ્રદેશગત આયોજનનાં વિવિધ પાસાઓને આવરી લેતી બાબતો નીચે મુજબ દર્શાવી શકાય.

આર્થિક વિકાસલક્ષી આયોજન માટે વિભાગીય અભિગમ અને પ્રાદેશિક અભિગમનો સમન્વય કરવામાં આવ્યો છે. પ્રાદેશિક આયોજનમાં મહાનગર અને શહેરને પણ સાંકળી લેવા જરૂરી હોવાથી તેઓને, અનુક્રમે જિલ્લા અને તાલુકા કક્ષાના ભૂવિસ્તાર સાથે મૂકવામાં આવ્યા છે.

અહિં પ્રાદેશિક આયોજનના ખ્યાલની વધુ સ્પષ્ટતા મેળવવી યોગ્ય જણાય છે. આપણા વિશ્લેષણમાં પ્રાદેશિક આયોજન એટલે, સમગ્ર રાષ્ટ્રનું સ્થળ વિષયક આયોજન જો કે કેટલીક

વખત રાષ્ટ્રના કોઈ એક પ્રદેશ કે અમુક ચોકકસ પ્રદેશોનાં આયોજનને પણ પ્રાદેશિક આયોજન તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ આપણે વિશાળ અર્થમાં જ પ્રાદેશિક આયોજનો વિષે અભ્યાસ કરીશુ કે, જેમાં રાષ્ટ્રનો બધા જ પ્રદેશો આવરી લેતુ પ્રાદેશિક આયોજન કરવામાં આવતુ હોય. ભારત જેવા વિકસતા દેશમાં ઔદ્યોગિક પ્રવૃત્તિઓનાં પ્રાદેશિક કેન્દ્રીકરણ કરતાય આર્થિક વિકાસની સમસ્યા ખૂબજ જટિલ હોય છે. ભારતમાં પ્રાદેશિક આયોજનનો સ્વીકાર કરતી વખતે અલ્પવિકસિતતાનાં કારણોને સ્થળગત અભિગમથી સમજવા માટે પ્રયત્ન કરવો જરૂરી બને છે. આપણે પ્રાદેશિક આયોજન સ્વીકારીએ ત્યારે મુખ્ય ઉદ્દેશ તો સમગ્ર રાષ્ટ્રનાં વિકાસનો છે અને તે માટે ભારતીય આયોજનમાં વિવિધ પરિબળોનો સમન્વય કરવો જરૂરી બને છે.

ભારતમાં જુદા જુદા રાજયો અને પ્રદેશોની વચ્ચે અને ક્ષેત્ર ક્ષેત્ર વચ્ચેનો વિકાસ અસમતોલ ધોરણે થયેલો જોવા મળે છે. જો અર્થતંત્રમાં પ્રાદેશિક સમતુલિત વિકાસ સાધવો હોય તો, દરેક પ્રદેશની પ્રાદેશિક સમસ્યાઓનાં નિવારણ કે ઉકેલ પર ભાર મૂકવામાં આવે, તેમજ દેશનાં દરેક પ્રદેશ વિસ્તારની ક્ષેત્રો વચ્ચેની અસમતુલા દૂર કરવામાં તે જ સાધનોનો ઈષ્ટત્તમ ઉપયોગ શકય બને છે જો કે આ માટે દેશનાં બધા રાજયોનો સમતુલિત વિકાસ જરૂરી છે.

સમતોલ પ્રાદેશિક વિકાસનાં ભાગરૂપ ભારત સરકારે પંચવર્ષીય યોજનાઓમાં પ્રાદેશિક અસમાનતા ઘટાડવાનાં ધ્યેયને સાકાર કરવા પ્રથમ પંચવર્ષીય યોજનામાં "પ્રાદેશિક સમતુલા" નાં વિષય પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો પરંતુ રાજયનાં માથાદીઠ વિકાસ ખર્ચમાં ખુબ જ અસમાનતા હોવાને કારણે સમતોલ પ્રાદેશિક વિકાસ સાધી શકાયો નહીં. બીજી પંચવર્ષીય યોજનામાં પ્રાદેશિક વિકાસ પર ભાર મુકતા જણાવવામાં આવ્યુ કે, "જુદા જુદા પ્રદેશોનાં આર્થિક વિકાસની અસમાનતામાં ક્રમશઃ ઘટાડો કરવો જોઈએ" આ ઉપરાંત તેમાં એવું જણાવવામાં આવ્યુ કે "અલ્પવિકસિત પ્રદેશો પર પૂરતુ ધ્યાન આપવુ જોઈએ. મૂડીરોકાણનું માળખુ એવી રીતે ગોઠવવુ જોઈએ કે જેના લીધે સમતુલિત પ્રાદેશિક વિકાસને વેગ મળે. આ ધ્યેયને સિદ્ધ કરવા ઈ.સ. ૧૯૫૬ની ઔદ્યોગિક નીતિમાં વિકેન્દ્રિત ઔદ્યોગિક વિકાસનાં કાર્યક્રમને મહત્ત્વ આપવામાં આવ્યુ. સમતુલિત આર્થિક વિકાસ માટે જુદા જુદા પ્રદેશો વચ્ચે શ્રમની ગતિશીલતા વધારવી, પછાત પ્રદેશોમાં નવા એકમો સ્થાપવા, પ્રાદેશિક અસમાનતા

અંગે વારંવાર સંશોધનો કરવા વગેરે કાર્યક્રમોને મહત્ત્વ આપવામાં આવ્યુ. આયોજનપંચે પ્રાદેશિક અસમાનતા નિવારવા આ મુજબનાં કેટલાક કાર્યક્રમો રજૂ કર્યા. જેનાં ભાગરૂપે વિકાસમાન વિસ્તારોમાં મોટા ઉદ્યોગો ઉપરાંત નાનાપાયાનાં અને ગૃહઉદ્યોગોનો પણ વિકાસ કરવો, વિજળી, પાણી, વાહનવ્યવહાર, સિંચાઈ જેવી માળખાકીય સગવડોમાં વિશેષ વધારો કરવો, નવા ઔદ્યોગિક એકમોની સ્થાપના માટે ઓછા વિકસિત વિસ્તારોને પ્રથમ પસંદગી આપવી. આ કાર્યક્રમનાં સંદર્ભમાં ઘણા ઉદ્યોગો રાજસ્થાન, આસામ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર અને ઓરિસ્સામાં બીજી યોજના દરમ્યાન સ્થાપવાનું વિચાર્યુ. ત્રીજી પંચવર્ષીય યોજનાની રૂપરેખામાં તો સમતોલ પ્રાદેશિક વિકાસ માટેનું જુદુ જ પ્રકરણ મુકવામાં આવ્યુ. આ યોજના અંતર્ગત સમતુલિત વિકાસ, આર્થિક વિકાસના વધુને વધુ લાભ આવા વિકાસમાન પ્રદેશોને આપવા અને ઉદ્યોગનો વિકેન્દ્રિત ધોરણે વિકાસ જેવા વિકાસ ધ્યેયો રાખવામાં આવ્યા પ્રાદેશિક અસમાનતા નિવારવા માટે માળખાકીય સગવડો અને ગામ અને નાના ઉદ્યોગોનાં વિકાસ કાર્યક્રમોને મહત્ત્વ આપવામાં આવ્યુ. કેટલાક રાજયોના પછાત વિસ્તારોમાં નવા–નવા ઔદ્યોગિક એકમો ઉભા કરવાનું નકકી કરવામાં આવ્યું. રાજસ્થાનમાં ખાતર, સોડા, ફેકટરી, રેયૌન ફેકટરી, હરીયાણામાં મશીન ટૂલ્સ ફેકટરી મધ્ય પ્રદેશમાં ભારે ઈલેકટ્રીક પ્લાન્ટ, ભીલાઈમાં સ્ટીલ પ્લાન્ટ અને ઓરિસ્સામાં ખાતરનું કારખાનું વગેરે નવા એકમો નાખવાની યોજના ઘડવામાં આવી. ચોથી પંચવર્ષીય યોજનામાં સ્થિરતા સાથે આર્થિક વિકાસ સાધવાનાં હેતુ સિધ્ધ કરવા માટે ઉદ્યોગો અને ખાણો તેમજ ખેતીને ઉચ્ચ અગ્રતાક્રમો આપવામાં આવ્યા હતા. આ યોજનામાં ઔદ્યોગિક વિકાસ કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ દેશમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં રહેલા અસમતુલનને દૂર કરવાનો હતો. પાંચમી પંચવર્ષીય યોજનામાં પ્રાદેશિક અસમતુલા દૂર કરવા પછાત અને અલ્પવિકસિત પ્રદેશો માટે ખાસ વધારાની યોજનાઓ અમલી બનાવી સામાજિક કલ્યાણના વિસ્તૃતીકરણના કાર્યક્રમને વધુ વેગવાન બનાવવા વીસ મુદ્દાના આર્થિક કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવી. જેના ભાગરૂપ સમાજમાં વ્યાપેલી અસમાનતાને દૂર કરવાના વિવિધ પ્રયત્નો કરવામાં આવ્યા. તેમજ ક્ષેત્રીય અસમાનતાને દૂર કરવા વિવિધ યોજનાઓનું અમલીકરણ અને માળખાગત સુવિધાઓ વધારી સંપૂર્ણ રીતે સમતોલ વિકાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. ત્યારબાદ યોજનામાં સમતોલ વિકાસનાં

ભાગરૂપ બેરોજગારી દૂર કરવી, ગરીબી નાબૂદ કરવી અને પાયાની જરૂરીયાતો પૂરી પાડવાના લક્ષ્યાંકો હાથ ધરવામાં આવ્યા. જે અનુસાર રોજગારી પુરી પાડવા માટે અથવા તો અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી માટે ક્ષેત્રીય આયોજન કે પ્રાદેશિક આયોજનને મહત્ત્વ આપવામાં આવ્યુ. જેના ભાગરૂપ આ યોજનામાં ખેતીવાડી, પશુપાલન, નાના અને મધ્યમકદની સિંચાઈ યોજના, ગૃહઉદ્યોગો, નાના ઉદ્યોગો, રસ્તાઓ લઘુતમ જરૂરિયાતના કાર્યક્રમો વગેરે રોકાણ કાર્યક્રમો માટે વધુ નાણા ફાળવણીને અને આયોજનને મહત્ત્વ આપવામાં આવ્યુ. આઠમી પંચવર્ષીય યોજનામાં વિકેન્દ્રિત આયોજનને મૂર્તિમંત કરવા માટે યોજનાના અમલીકરણની કેટલીક જવાબદારીઓ જિલ્લા અને તાલુકા કક્ષાએ સુપ્રત કરવાનું નકકી કરવામાં આવ્યુ. જે લોકશાહીનાં વિકેન્દ્રિકરણના ખ્યાલ સાથે સુસંગત છે. તેથી આ યોજના મહત્ત્વની બની રહી છે. રોજગારીની તકો વધારવા માટે ગ્રામ્ય સ્તરે રોજગારી કાર્યક્રમ અમલમાં મૂકી ગ્રામ્ય વિસ્તારોનાં એકંદર વિકાસમાં ફાળો આપતી ઉત્પાદક અસ્કયામતોનું નિર્માણ થાય તેવા બારમાસી ગ્રામ્ય રસ્તાઓ, તળાવ જેવી નાની સિંચાઈના કામ, જમીન સમતલ કરવાની કામગીરી, જમીન ધોવાણ અટકાવવાની કામગીરી, ભૂમિ સુધારણા, સામાજિક વનીકરણ, શાળા તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટેના મકાનો અને વ્યવસાયિક તાલીમ તથા ઉત્પાદન કેન્દ્રોમાં મૂડીરોકાણ કરી રોજગારલક્ષી વિકાસની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનુ નકકી કરવામાં આવ્યુ. આમ ગ્રામ્ય વિકાસ કાર્યક્રમોમાં રાહત પ્રકારની રોજગારીની તકો ઉપર ભાર મૂકવાને બદલે વિકેન્દ્રિત વિસ્તારો ટકી શકે એવી કાયમી ઉત્પાદક અસ્કયામતો ઉભી કરી સમતુલિત વિકાસ સાધવા માટે, આયોજનનાં વિકેન્દ્રીકરણ પર ભાર મુકવામાં આવ્યો નવમી યોજનામાં સમતોલ પ્રાદેશિક વિકાસ સાધવા માટે વિકેન્દ્રિત આયોજન વધુ સઘન બનાવવા માટે જિલ્લા સ્તરે જિલ્લા આયોજનક્ષેત્ર અને રાજય સ્તરે રાજય આયોજન ક્ષેત્રમાં નિષ્ણાંતો અને સંસ્થાઓ સ્થાપવાનું નકકી કરવામાં આવ્યુ. નવમી યોજનામાં વિકેન્દ્રિત આયોજનનાં અમલીકરણમાં લોકોની ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવ્યુ છે. તેમજ રોજગારીની બાબતમાં નવી રોજગારીની તકો ઉપરાંત જવાહર રોજગાર યોજનામાં પ્રાદેશિક બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ અને દરેક જિલ્લામાં ૧૦૦ દિવસ રોજગારીની બાંહેધરી યોજના અમલમાં મૂકવામાં આવી. આમ નવમી યોજનામાં પ્રાદેશિક સ્તરે એટલે કે, જિલ્લા સ્તરે આયોજન

નિષ્ણાંતો અને સંસ્થાઓ શરૂ કરીને પ્રાદેશિક આયોજનનો અને સમતુલિત વિકાસનો ધ્યેય સિધ્ધ કરવાનો અભિગમ હાથ ધરેલ છે.

તા. ૫/૧૦/૦૨ના રોજ દસમી પંચવર્ષીય યોજનાનાં ૨૦૦૨ થી ૨૦૦૭ માટે તૈયાર કરેલ મુસદ્દામાં પણ રાષ્ટ્રનાં અસમતુલિત વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ છે. જેમાં વિકેન્દ્રિત આયોજનના ભાગરૂપ પંચાયતીરાજને અને શહેરી વિકાસને શુદ્ધ બનાવાશે, જેથી વિકાસનાં કામોમાં લોકોની સીધી ભાગીદારી થઈ શકે પરિણામે ક્ષેત્રિય અસમતુલા દૂર થશે. રાષ્ટ્રીય વિકાસ યોજના હેઠળ બિહાર અને ઓરિસ્સાને પણ આવરી લેવામાં આવશે. પ્રવર્તમાન સમયે અર્થતંત્રમાં સમતોલ વિકાસ પડકારરૂપ ગણી સમતોલ વિકાસ પર ભાર મૂકયો છે.

ભારતમાં સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ ૧૯૫૧ના વર્ષથી વ્યવસ્થિત રીતે સમગ્ર રાષ્ટ્રને આવરી લેતુ આયોજન સ્વીકારવામાં આવ્યુ છે. આપણુ આયોજન સંપૂર્ણ રીતે વિભાગીય કે ક્ષેત્રિય હોવાછતા યોજનાઓ દરમ્યાન છૂટી છવાઈ અને કામચલાઉ નીતિ વિષયક જાહેરાતો ઘણી કરવામાં આવી છે. એમાનાં મોટાભાગનાં કાર્યકમો અને નીતિઓ હાથ ધરવામાં આવતી હોય છે. અને દરેક કાર્યક્રમો અને નીતિઓમાં પ્રાદેશિક અભિગમનો સમન્વય અનિવાર્યપણે કરવામાં આવ્યો હોય છે. પછી તે ઔદ્યોગિક વિકાસનો અભિગમ હોય, કૃષિ ઉત્પાદકતા વધારવાનો હોય કે કોઈ વિસ્તાર કે માળખાની સુવિધાનો વિકાસ કરવાનો અભિગમ હોય, આ દરેક અભિગમમાં પ્રાદેશિક ખ્યાલનો સમન્વય સભાનપણે હાથ ધરવામાં આવતો હોય છે. સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલા પણ રાષ્ટ્રમાં આર્થિક વિકાસ માટે ગામડાઓનો કે ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ એજ રાષ્ટ્રનો વિકાસ એવી ગાંધીવાદી વિચારધારા બહુ પ્રચલિત હતી. ટુંકમાં સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલાથી જ કેન્દ્રીય નહિ પણ વિકેન્દ્રિત કે વિભાગીય આયોજનની વિચારધારા ભારતીય આયોજનકારોમાં રહેલી છે. ત્યારે જુદા જુદા આયોજનોમાં પ્રાદેશિક અભિગમ કેવો જોવા મળે છે. એ વ્યવસ્થિત રીતે જાણવુ ઉચિત જણાય છે. જેની અહીં ચર્ચા કરવામાં આવેલ છે.

**(૧) ગ્રામ્ય વિકાસમાં પ્રાદેશિક આયોજન અભિગમ :–**

સ્થળગત કે પ્રાદેશિક અભિગમનો પરોક્ષ રીતે ભારતીય આયોજનમાં શરૂઆતથી જ સ્વીકાર કરવામાં આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારોનાં વિકાસ માટે સામુદાયિક વિકાસ યોજના, સહકારી મંડળીઓ, પંચાયતી રાજ, ગ્રામ્ય વિકાસ માટેની રાષ્ટ્રકક્ષાની અને રાજયકક્ષાની

વિકાસ સંસ્થાઓ વગેરે આયોજનો અને કાર્યક્રમો અમલમાં મુકવામાં આવ્યા છે. સામુદાયિક વિકાસ માટે લગભગ સો ગામડાનાં એક વિકાસ ઘટક પ્રમાણે દરેક રાજયના જમીન વિસ્તારની વહેંચણી કરવામાં આવી છે. જેની ગતિશીલતા માટે નાના ગામ સમૂહો વચ્ચે એક ગ્રામ સેવક નિમવામાં આવેલ, જે ખેતી અને લઘુ ઉદ્યોગના વિસ્તરણનું કાર્ય કરે છે. તેની કેટલીક ખામીઓ ઉદ્ભવતા દેશના કેટલાક જિલ્લાઓમાં સઘન કૃષિ ઉત્પાદકતા વધારવાના પ્રયત્નો કરવામાં આવ્યા અને તેની સફળતાનાં પગલે ત્રીજી યોજનાનાં પાછલા વર્ષોમાં સઘન કૃષિક્ષેત્ર કાર્યક્રમ અપનાવવામાં આવ્યો. ત્રીજી યોજના બાદ નવી વ્યુહરચના હેઠળ ઉંચી પેદાશવાળા, બિયારણ, સિંચાઈ અને રાસાયણિક ખાતરનાં ઉપયોગ પાછળ ભાર મૂકવામાં આવ્યો પરંતુ આ વ્યુહરચનાની મોટી મર્યાદા એ હતી કે, સિંચાઈવાળા વિસ્તારોમાં ખેતપેદાશ વધી અને થોડા સમય પૂરતો હરિયાળી ક્રાંતિનો આભાસ થયો. આ વ્યુહરચના હેઠળ સમૃધ્ધ સિંચાઈ અને સહકારી ધિરાણ મંડળીઓવાળા પંજાબ અને હરિયાણા જેવા રાજયો વચ્ચેની અસમાનતામાં વધારો થયો છે.

**(૨) ઔદ્યોગિકરણ અને પ્રાદેશિક અભિગમ :–**

ઔદ્યોગિક આયોજનનાં અલગ વિચારની સાથે જ આયોજનની મૂળભૂત વિચારસરણીમાં નવીનતા એટલે કે વિકેન્દ્રિકરણ થવા પામ્યુ. ૧૯૫૬ ની ઔદ્યોગિક નીતિમાં એ સમયે પ્રવર્તતી ઔદ્યોગિક કેન્દ્રીતતા પર વિચાર કરવામાં આવ્યો અને વિકેન્દ્રિત ઔદ્યોગિકરણ માટે સભાન પ્રયત્નો કરવાનાં નીતિ વિષયક પગલાની જાહેરાત કરવામાં આવી, જે સ્થળ પર અગાઉનાં સમયગાળા દરમ્યાન કોઈ ઉપયોગ ન હોય, પરંતુ ખનીજ સંપત્તિ હોય તેવા રાંચી, ભોપાલ, નેયવેલી, ભિલાઈ, રૂરકેલા, દુર્ગાપુર, ધ્રાંગધ્રા જેવા ઔદ્યોગિક કેન્દ્રો સર્જવામાં આવ્યા. કલકતા અને મુંબઈ જેવા મહાનગરમાં સ્થાનીયકરણને અંકુશમાં લેવા માટે પરવાના નીતિનો ઉપયોગ કરી, નાના અને ગૃહઉદ્યોગોનો વિકેન્દ્રિત વિકાસ કરવાનાં પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા. આમ કાચામાલનાં સંદર્ભમાં એટલે કે વિસ્તારમાં પ્રાપ્ય ખનીજસંપત્તિ આધારિત ઔદ્યોગિકરણ કરીને પ્રાદેશિક આયોજનની શરૂઆત કરવામાં આવી.

પ્રાદેશિક આયોજનના ભાગરૂપ સમતુલિત પ્રાદેશિક વિકાસ સાધવા વિકેન્દ્રિત આયોજનનાં સ્વરૂપમાં ગુજરાત રાજયે પછાત વિસ્તારો પર ખાસ ભાર મૂકીને પ્રદેશોનાં સમતોલ વિકાસની ઔદ્યોગિક નીતિ અપનાવી છે. જેમાં ભારતની ઔદ્યોગિક વિકાસ બેન્ક, ભારત સરકારનું

ઔદ્યોગિક નાણા કોર્પોરેશન તથા ઔદ્યોગિક ધિરાણ અને મૂડીરોકાણ કોર્પોરેશને ઔદ્યોગિક દ્રષ્ટિએ પછાત વિસ્તારોને રાહતદરે નાણા પૂરા પાડીને સહાય કરવાની તત્પરતા દાખવી છે. આ સંસ્થાઓએ આ વિસ્તારોમાં ઉદ્યોગો નાખવા માટે રાહતના દરે નાણા પૂરા પાડવાના હેતુથી રાજયનાં છ જિલ્લા પસંદ કર્યા છે. આ પૈકી પંચમહાલ જિલ્લો તો ઔદ્યોગિક વિકાસ અર્થે મૂડીરોકાણ કરવા અંગેની કેન્દ્ર સરકારની ૧૦ ટકાની સીધી ગ્રાન્ટ માટે પણ પસંદ કરવામાં આવ્યો છે. રાજયનાં જે દસ જિલ્લાઓ પસંદ કરવામાં આવ્યા છે, તેમાં કચ્છ, અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર, પંચમહાલ, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, ભરૂચ અને જૂનાગઢનો સમાવેશ થાય છે. આમ રાજયનો સમતુલિત વિકાસ સાધવા રાજયમાં ઉદ્યોગોનો પ્રસાર અને વિકેન્દ્રિકરણ કરી અર્ધવિકસિત અલ્પવિકસિત અને પછાત પ્રદેશોનો વિકાસ કરવાનો રહયો છે.

**(૩) આર્થિક રીતે વિકાસમાન વિસ્તારોનો સંપૂર્ણ વિકાસલક્ષી અભિગમ :–**

દેશના કેટલાક રાજયોની માથાદીઠ આવક અને રાજયોના વિકસિતપણાનો આંક, અન્ય રાજયો કરતા ઘણો ઉંચો છે. જે સંપત્તિની અસમાન વહેંચણી, માળખાકીય સુવિધા, માનવશકિત, મૂડી અને માનવવલણો ઉપર આધાર રાખે છે. આયોજન દ્વારા આપણે માથાદીઠ આવકની અસમાનતાને સમાનતા તરફ નિરપેક્ષ રીતે લઈ જઈ શકતા નથી પરંતુ સાપેક્ષ રીતે ઉંચો વિકાસ ધરાવતા રાજયની નજીક પછાત રાજયને લઈ જવાનો પ્રયત્ન કરીએ છીએ અને તેના માટે આયોજન કરવુ પડે છે.

કયારેય આવા આયોજન મુજબ સમાનતા સ્થાપી શકાતી નથી. જેમકે બિહાર, મધ્યપ્રદેશ અને ઓરિસ્સા રાજયોમાં કેન્દ્ર સરકારે ખાતર, પોલાદ અને યંત્રો બનાવવાનાં મહાકાય ઉદ્યોગો સ્થાપ્યા હોવા છતા આ રાજયો પછાત છે. આ ઉપરાંત કોઈ વિકસિત પ્રદેશમાં પણ અલ્પવિકસિત જિલ્લાઓ કે પ્રદેશો જોવા મળે છે. જેમ કે ગુજરાત રાજયનો માથાદીઠ આવકમાં દેશમાં ચોથો ક્રમાંક છે. તેમ છતા ગુજરાતનાં કચ્છ, ઉત્તર ગુજરાત વગેરે વિસ્તાર પછાત છે. જયારે ઓરિસ્સા પછાત રાજય હોવા છતા તેનાં સંબલપુર અને કેટલાક જિલ્લાઓ ઘણા વિકસિત છે.

રાજયનાં પછાત વિસ્તારો કે પ્રદેશો માટે ચોકકસ આર્થિક કાર્યક્રમ ઘડવો શકય નથી. જયારે વિકાસમાન પ્રદેશોનાં સમુહના વિકાસ માટે જુદા જુદા વિકાસમાન વિસ્તારોની ભૌગોલિક,

સ્થાનિક, સામાજિક, આર્થિક ઈત્યાદિ પરની માહિતી પરથી આવા પ્રદેશોની આંતરિક સાધન શકિત અને બીજી શકિતનો ખ્યાલ મેળવી આવા પ્રદેશોના અનુરૂપ સાધનોને ઉપયોગમાં લેવા જોઈએ. જયાં ઔદ્યોગિકરણ શકય હોય ત્યાં અંતઃસ્તરીય માળખાકીય સવલતો પુરી પાડીને ખાનગી ઉત્પાદકોને આકર્ષવા જોઈએ. તેમજ સ્થાનિક નિયોજન શકિતમાં વધારો કરવાના પ્રયત્નો કરવા જોઈએ. ઉપરાંત સરકારે પણ આગળ આવી જાહેરક્ષેત્રનાં એકમો સ્થાપવા જોઈએ. તેમજ ઔદ્યોગિક પરવાના આપતી વખતે વિકસિત શહેરો અને રાજયોને કરવામાં આવતી ફાળવણીમાં ફેરફાર કરી વિકાસમાન પ્રદેશો તરફ વિશેષ ધ્યાન દોરવુ જોઈએ. ટુંકમાં વિકસિત પ્રદેશોમાં થઈ રહેલા કેન્દ્રિકરણને તોડવુ જોઈએ.

યોજનાઓના ઘડતર વખતે દરેક રાજયોને યોજનાઓ તૈયાર કરવાની કેટલીક સ્વતંત્રતાઓ આપવામાં આવી હોવાને કારણે, પંચાયતીરાજ અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ દ્વારા યોજનાઓ ઘડવામાં આવતી હોવાથી સ્થાનિક સાધનોનું સ્વરૂપ જાણી તેનાં ઉપયોગની વૃત્તિ વધવા પામી છે. પરિણામે પછાત પ્રદેશોને અનુલક્ષીને સ્થાનીય આયોજનો થવાથી એક પ્રદેશના વિકાસની અસર બીજા પ્રધાન પ્રદેશ પર થાય છે. પરિણામે પ્રાદેશિક અસમાનતાને દૂર કરવામાં પ્રાદેશિક આયોજનનો અભિગમ પ્રેરણા પૂરી પાડે છે.

છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમિયાન સરકારે રાજયમાં પછાત તાલુકાઓ અને પછાત વિસ્તારો નકકી કરવા માટે ડો. આઈ. જી. પટેલનાં અધ્યક્ષપદે એક સમિતિ નીમી હતી. આ સમિતિએ નકકી કરેલ તાલુકાઓને આર્થિક રીતે પછાત તાલુકાઓ ગણવાની સમિતિની ભલામણનો સ્વીકાર કરી આ સમિતિની સૂચના અનુસાર વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ આ તાલુકાઓની ફાળવેલી વિવેકાધીન ખર્ચ જોગવાઈમાં ૨૦ ટકાનો વધારો કરવામાં આવ્યો. આઠમી પંચવર્ષીય યોજનામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજનમાં એક નવુ પાસુ ઉમેરી ખાસ વિકાસમાન વિસ્તારો માટે વધારાની નાણાકીય જોગવાઈ કરવામાં આવી તેમજ પ્રાદેશિક આયોજનનાં ભાગરૂપ કેન્દ્રસરકાર દ્વારા પણ તેમાં વિશેષ એવા રચનાત્મક પગલાઓ લેવામાં આવ્યા.

વિકાસમાન વિસ્તારોનાં આર્થિક વિકાસની ગતિ વેગીલી બનાવવા માટે ઉચ્ચકક્ષાની સમિતિ રચવામાં આવી. આ સમિતિએ અર્થતંત્રના સિંચાઈ, વિજળીકરણ, રસ્તા અને ઔદ્યોગિક

વિકાસ એ ચાર મહત્વના ક્ષેત્રો પૈકી એક કે વધુ ક્ષેત્રોમાં પછાત હોય તેવા રાજયના ૧૧૪ તાલુકાઓને પછાત તાલુકાઓ ગણાવી તેમાં વિકાસ માટેના કાર્યક્રમની ભલામણ કરી અને સાથે સાથે આ વિસ્તારોનાં વિકાસ માટે વિસ્તાર વિષયક વિકાસનો અભિગમ અપનાવવાની ભલામણ કરી.

**(૪) શહેરીવિકાસ :–**

સ્વતંત્રતા પ્રાપ્તિ પછી ભારતદેશને અલ્પવિકસિત અર્થતંત્ર તરીકે ગણવામાં આવેલ તેમ છતા આ દેશમાં દિલ્હી, મદ્રાસ, કલકતા, મુંબઈ જેવા મહાનગરો વિકસિત અને સમૃધ્ધ હતા અને આયોજન અપનાવવાથી વધુ સમૃધ્ધ થવા લાગ્યા અને તેની સાથે અનેક સમસ્યાઓ સર્જતા પણ ગયા. આથી ૧૯૫૫ માં ભારત સરકારે નગરઆયોજન સંસ્થા સ્થાપી. યોજનાની શરૂઆત દિલ્હીમાંથી કરવામાં આવી. દિલ્હી શહેરનો શહેરી વિકાસ થતા રાષ્ટ્રના બીજા અન્ય શહેરો જેમાં ઉતરપ્રદેશનાં હરિયાણાનાં અને રાજસ્થાનનાં કેટલાક તાલુકાઓનો સમાવેશ થાય છે. ૧૯૬૧માં કલકતા નગરયોજના અને ૧૯૬૭માં મુંબઈ મહાનગર પ્રાદેશિક આયોજનની રચના કરવામાં આવી.

પ્રથમ બે યોજનાઓમાં શહેરી આયોજન પર પુરતુ લક્ષ અપાયુ ન હતુ પરંતુ આ બન્ને પંચવર્ષીય યોજના બાદ કેન્દ્ર સરકારે શહેર અને પ્રાદેશિક આયોજનની રાષ્ટ્રીય નીતિ ઘડવાનું શરૂ કર્યુ છે. કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને સ્થાનિક સંસ્થાઓની સ્થળગત પ્રવૃત્તિઓનો સમન્વય સાધવામાં આવે છે. આંતરરાજય યોજનાઓ નદીનાં ખીણ પ્રદેશ આર્થિક પછાત વિસ્તાર કે ઔદ્યોગિક પ્રદેશની યોજના તૈયાર કરવા માટે કેન્દ્ર સરકાર રાજયોને નાણાકીય સહાય આપે છે. ત્રીજી યોજનામાં આવા ૭૨ પ્રદેશોની યોજના ઘડવા માટે જુદા જુદા રાજયોનાં નગર આયોજન ખાતાઓએ સહાય મેળવી હતી. ચોથી યોજનામાં પ્રાદેશિક આયોજન ઘડવાની સહાય બંધ કરવામાં આવી હતી. જોકે રાજયોને તેમના શહેરી વિસ્તારોના વિકાસ માટે મદદ આપવામાં આવતી હતી. વિવિધ રાજયોએ તેમના મોટા શહેરોનાં વિકાસ માટે માસ્ટર પ્લાન તૈયાર કર્યા પછીથી પણ, નાણાકીય તંગી અને વહિવટી શકિતનાં અભાવે તેમાં કોઈ પ્રગતિ થઈ નથી. પાંચમી પંચવર્ષીય યોજનામાં ૫૭૮ કરોડ રૂપિયા શહેરી વિકાસ માટે ફાળવવામાં આવ્યા જેનું ખર્ચ શહેરોના અને આજુબાજુનાં વિસ્તારોમાં સામાજિક અને સાંસ્કૃતિક સુવિધાઓ

વિકસાવવા અને પ્રાદેશિક સંશોધન પાછળ કરવાનું નકકી કરાયુ.

પ્રદેશો વચ્ચેની આર્થિક અસમતુલા દુર કરવામાં વિકેન્દ્રિત આયોજનના ભાગરૂપ રાજયનાં વિકસતા પ્રદેશોને સંપૂર્ણ વિકાસમાન બનાવવામાં રાજય સરકાર મુખ્ય ભાગ ભજવે છે. જેના ભાગરૂપ રાજય સરકારે સૌરાષ્ટ્ર પ્રદેશ, વિકસિત પૂર્વિય શહેરી વિસ્તાર, અલ્પવિકસિત પૂર્વિય વિસ્તાર, દરિયાકાંઠા વિસ્તાર, કચ્છ સહિત ઉત્તર સૌરાષ્ટ્રનો અલ્પવિકસિત પ્રદેશ, ઉત્તર ગુજરાત પ્રદેશ આમ, જુદી જુદી પ્રાદેશિક અને વિસ્તાર યોજનાઓને રાજય યોજનાનાં વિશાળ માળખામાં રચના કરી, પ્રાદેશિક યોજનાઓ ઘડવા ઉપરાંત મેટ્રોપોલિટન શહેર જેવા શહેર સંકુલો માટે યોજનાઓ તૈયાર કરવામાં આવી.

**(૫) આદિવાસી વિસ્તારોનો વિકાસ અભિગમ :–**

ભારતમાં પંજાબ, હરિયાણા, જમ્મુ અને કાશ્મીર, ઉત્તરપ્રદેશ સિવાયના અન્ય રાજયોમાં નાના મોટા પ્રમાણમાં આદિવાસી વિસ્તારો જોવા મળે છે. જેમાં મધ્યપ્રદેશ, ઓરિસ્સા, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, હિમાચલપ્રદેશ, ગુજરાત, બિહાર, મહારાષ્ટ્રમાં નોંધપાત્ર આદિવાસી જાતિની વસ્તી છે. આ જાતિ અને વિસ્તારનાં વિકાસની વિશિષ્ટ સમસ્યાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્રસરકાર રાજયોને નાણાકીય મદદ કરે છે. સામાન્ય રીતે આદિવાસી વિસ્તાર જંગલ અને પર્વતાળ પ્રદેશ હોય છે. વસવાટ કરતા આદિવાસીઓમાં દુન્યવી આધુનિક વિચારસરણી અને આધુનિક સભ્યતાનું પ્રમાણ નહિવત્ જોવા મળે છે. આદિવાસી જાતિનો મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન કે શિકાર કરવાનો હોય છે. વળી આદિવાસી વિસ્તારો ગીચ જંગલોવાળા પર્વતીય વિસ્તારોમાં જોવા મળે છે. જયાં માળખાકીય સવલતોનો વિકાસ ખૂબજ મંદ હોય છે. આવા આદિવાસી વિસ્તારનાં વિકાસમાં આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો એકબીજા સાથે એવા તો વણાયેલા હોય છે કે, તેને સમગ્ર રીતે ઘણી કાળજીપૂર્વક ધ્યાનમાં લેવામાં આવે તો પણ, આદિવાસી વિસ્તારનું સામાજિક, આર્થિક માળખુ એટલુ બધુ જટિલ છે કે ખુદ આદિવાસીઓ પણ એવી કોઈ સભાનતા નથી કેળવતા કે પોતે પછાત છે, જંગલી અવસ્થામાં જીવે છે, તેઓના રીતરીવાજો, મનોવલણો વગેરે જેવી બાબતોનો ખૂબજ ઝીણવટતા પૂર્વક અભ્યાસ કર્યા પછી જ કાર્યક્રમો નકકી કરવા પડે, વળી જુદા જુદા આદિવાસી વિસ્તારોમાં ભિન્નતા હોવાથી દરેક વિસ્તાર માટે ભિન્ન ભિન્ન કાર્યક્રમો યોજવા જરૂરી બને છે.

આદિવાસી વિસ્તારની સ્થિતિ અને સ્થાન જોતા આ વિસ્તારમાં રસ્તાઓ, વિજળી, રેલ્વે, શિક્ષણ, તબીબી સારવાર ઈત્યાદિ આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવાની ખૂબ જ જરૂર હોય છે. ભારતમાં વિવિધ રાજયોમાં આવેલા જે તે આદિવાસી વિસ્તારો માટે આદિવાસી વિકાસ ઘટકો રચવામાં આવ્યા છે. "પાંચમી યોજનામાં લઘુતમ જરૂરિયાત કાર્યક્રમની રચના દ્વારા રાષ્ટ્રીય સ્તરે પ્રાદેશિક વિકાસ અને તેમાં ખાસ કરીને આદિવાસી વિસ્તાર વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો". આ કાર્યક્રમ અંતર્ગત આદિવાસી જાતિને તેની સંસ્કૃતિને આંચ ન આવે એ રીતે આદિવાસી વિસ્તારમાં અર્વાચીન સભ્યતા દાખલ કરવા માટે શિક્ષણ, આરોગ્ય, વાહનવ્યવહાર અને અન્ય આંતરમાળખાકીય સુવિધા વધારી વિકાસ કરવો, સ્થાનીય સંપત્તિનો ઈષ્ટત્તમ ઉપયોગ કરી વિકાસ કરવો અને અન્ય સમાજ સાથે આદિવાસી જાતિનાં જોડાણ અને વિચારોની આપલે પર ભાર મૂકી આદિવાસી જાતિ અને આદિવાસી વિસ્તારનો વિકાસ હાથ ધરવામાં આવ્યો.

અહિં પ્રાદેશિક આયોજનનાં અભિગમનાં ભાગ સ્વરૂપે સ્થળગત કે પ્રાદેશિક વિભાગીકરણ સાથે પ્રાદેશિક આયોજનનાં અભિગમનું સ્વરૂપ જોયુ. ભારત જેવા વિશાળ રાષ્ટ્રમાં અનેક વિવિધતા જોવા મળે છે. ભારતનો વિસ્તાર, જમીન, અન્ય પ્રાકૃતિક સંપત્તિમાં વિવિધતા સામાજિક અને સાંસ્કૃતિક તફાવતો, વિવિધ વિસ્તારોનાં વૃધ્ધિદરોમાં તફાવતો, સ્થળગત સમસ્યાઓ, વિકાસની તકોમાં પ્રાદેશિક અસમાનતા વગેરે પરિબળો જોતા ભારતમાં પ્રાદેશિક આયોજનનું મહત્ત્વ વધુ છે. કારણ કે આવી અનેક વિવિધતા ધરાવતી રાષ્ટ્રમાં એકસરખી રાષ્ટ્રીય નીતિ અને રાષ્ટ્રીય કાર્યક્રમો હોય અને તેનુ અમલીકરણ થાય તો અસમતુલિત વિકાસ થાય છે માટે પ્રાદેશિક વિભાગનો અભિગમ જરૂરી છે. અમુક રાજયોમાં અવારનવાર અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિની સ્થિતિ સર્જાય છે. જે આર્થિક સમસ્યા ઉપરાંત સામાજિક અને રાજકીય સમસ્યાઓ પણ સર્જે છે. આ માટે માનવશકિત અને પ્રાકૃતિક સંપત્તિને સ્થળવિષયક દ્રષ્ટિકોણથી સંતુલિત બનાવવી જરૂરી બને છે. વધુમાં ભારતમાં અર્વાચીન સભ્યતાથી અલિપ્ત રહેલા ઘણાયે આદિવાસી અને પર્વતાળ વિસ્તારો છે. આદિવાસી પ્રજાને ઔદ્યોગિક સંસ્કૃતિનો એક ભાગ બનાવવા માટે શહેરોના કદમાં નિરંકુશ રીતે થતી જતી વૃધ્ધિના કારણે શહેરી વિકાસની સમસ્યાઓ ક્રમશઃ ઉગ્ર બનતી જાય છે. આવા શહેરોના ઈષ્ટતમ વિકાસ માટે પ્રાદેશિક

આયોજન અપનાવવુ જરૂરી બને છે. પ્રાદેશિક આયોજનનો અભિગમ કેળવવાથી રાષ્ટ્રનાં દરેક પ્રદેશો પછી તે વિકસિત કે અલ્પવિકસિત પ્રદેશ, તેના પેટા પ્રદેશ, મહાનગર વગેરેના આંતરિક પરિબળો અને પ્રદેશો વચ્ચેના ક્રિયાલક્ષી આંતરસંબંધો દ્વારા સમગ્ર રાષ્ટ્ર, દરેક રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશનાં ઝડપી વિકાસ દ્વારા રાજયો–રાજયો, પ્રદેશો–પ્રદેશો વચ્ચે થઈ રહેલા અસમતોલ વિકાસ અને આર્થિક સામાજિક અંતર ઘટાડી સમતુલિત વિકાસ સાધવામાં મદદરૂપ થાય છે.

**૨ઃ૩ પ્રાદેશિક આયોજનની પ્રક્રિયા :–**

પ્રાદેશિક આયોજનની પ્રક્રિયા ઘણી જ અટપટી છે, કારણ કે પ્રદેશ આયોજનમાં સૌથી અગત્યનું પરિબળ સ્થળ છે. સ્થળગત બાબતોમાં અર્થશાસ્ત્ર ઉપરાંત અન્ય બાબતો હોય છે એ સ્વાભાવિક છે. પ્રાદેશિક આર્થિક આયોજન કદાચ પહેલી દ્રષ્ટિએ અર્થશાસ્ત્રીઓને લગતો વિષય લાગે તો પણ ખરેખર તો તેમાં સમાજશાસ્ત્રીઓ, ભૂગોળશાસ્ત્રીઓ, ટેકનોલોજીસ્ટો, નૃવંશશાસ્ત્રીઓ અને માનવશાસ્ત્રીઓનાં જ્ઞાનની પણ એટલી જ જરૂર રહે છે. કેમકે અહીં પ્રદેશ એ કોઈ લંબાઈ કે પહોળાઈ વગરનુ બિન્દુ નથી. પ્રદેશ વિવિધ વિસ્તાર ધરાવે છે. તેને કેટલાક કેન્દ્રગામી, કેન્દ્ર દૂરોગામી પરિબળો છે. માટે પ્રાદેશિક પૃથકકરણમાં અને નીતિ વિષયક અમલમાં અન્ય શાસ્ત્રીઓની જરૂર ઉભી થાય છે. ભૂગોળશાસ્ત્રીઓ અને પ્રાદેશિક વૈજ્ઞાનિકોએ દેશના વિવિધ ભાગોની પ્રદેશવાર ગોઠવણી કરવા માટે ત્રણ ખ્યાલો રજુ કરેલા છે. (૧) એકરૂપતાનો ખ્યાલ (૨) ધ્રુવીયતાનો ખ્યાલ (૩) નીતિ વિષયક ખ્યાલ.

એકરૂપતાનો ખ્યાલ સામાન્ય રીતે ભૌગોલિક સામાજિક કે આર્થિક માપદંડો દ્વારા એકરૂપતા નકકી કરી આપે છે. જેમાં સમાજ વ્યવસ્થાના આધારે દરેક વિસ્તારની એકરૂપતા નકકી કરવામાં આવે છે. આર્થિક પરિબળોને ધ્યાનમાં લેવામાં આવતા નથી. માટે તે આર્થિક વિશ્લેષણમાં ઉપયોગી નીવડી શકે નહી. જયારે ધ્રુવીયતાનો ખ્યાલ મુખ્ય કેન્દ્રના ખ્યાલનાં સંદર્ભમાં પ્રદેશ નકકી કરવામાં આવે છે. ધ્રુવીયતાના માધ્યમ દ્વારા વિવિધ વિસ્તારોનાં ચઢતા ઉતરતા ક્રમ અને તેઓ વચ્ચેના ક્રિયાશીલ આંતરસંબંધો અને પ્રદેશ કે શહેરનાં વિવિધ ભાગોનાં જોડાણ માત્રની ચર્ચા કરવામાં આવે છે. જયારે નીતિ વિષયક ખ્યાલમાં પ્રાદેશિક આયોજન કે કાર્યક્રમને લગતી પ્રાદેશિક આર્થિક નીતિનો મુદ્દો ઉપસ્થિત થાય છે ત્યારે નીતિવિષયક ખ્યાલ

પરથી આયોજન પ્રદેશ નકકી કરવામાં આવે છે. જેમાં આર્થિક વિકાસ અને સામાજિક ન્યાયનાં હેતુઓ નજર સમક્ષ રાખવામાં આવે છે. નીતિવિષયક ખ્યાલની પ્રાદેશિક વિકાસની પ્રક્રિયામાં વ્યવહારૂ અગત્યતા ખૂબજ છે. તેમાંથી આપણે સ્થળ વિષયક સમસ્યાઓને હલ કરવાનું માર્ગદર્શન મેળવી શકીએ છીએ.

**(૧) સર્વગ્રાહી મોજણી દ્વારા :–**

પ્રાદેશિક આયોજનનાં ઘડતર સમયે આયોજન પૂર્વે પ્રાદેશિક આયોજનનાં ઘડવૈયાઓએ પ્રદેશમાં અસ્તિત્વ ધરાવતા પરિબળોની મોજણી અને ચકાસણી કરવા માટે એકી સાથે અનેક બાબતને લક્ષમાં લેવી પડે છે. જેમા પ્રદેશનાં આંતરિક પરિબળો અને પ્રદેશની વ્યવસ્થાને અસર કરતા બાહ્ય પરિબળોની મોજણી વિવિધ નિષ્ણાંતો દ્વારા કરવામાં આવે છે.

દરેક રાષ્ટ્રમાં કેટલાક પ્રદેશો વિકસિત હોય છે તો કેટલાક પ્રદેશો અલ્પવિકસિત હોય છે. અહીં પ્રદેશનો અર્થ જાણવો યોગ્ય જણાય છે. પ્રદેશ એટલે એવો ભૌગોલિક વિસ્તાર કે જેમાં સમાન બોલી બોલનારા લોકો રહેતા હોય છે. દા.ત. ગુજરાત રાજયમાં સૌરાષ્ટ્ર પ્રદેશ, સૌરાષ્ટ્રમાં પણ અનેક વિસ્તાર છે. આમ પ્રદેશ એટલે કોઈ રાષ્ટ્ર કે રાજય નહીં પરંતુ રાષ્ટ્ર કે રાજયનો કોઈએક અમુક ચોકકસ વિસ્તાર કે જેમાં લગભગ સમાન આર્થિક પ્રવૃતિઓ થતી હોય, સમાન સામાજિકતા હોય, ટુંકમાં જેમાં સામ્યતા હોય, ટુંકમાં કોઈ રાષ્ટ્ર કે રાજયમાં અનેક પેટા પ્રદેશો આવેલા હોય છે. આ પેટા પ્રદેશોનાં વિકાસનાં સંદર્ભમાં સમાનતા જોવા મળતી નથી. કેટલાક પેટા પ્રદેશો વિકસિત હોય છે તો કેટલાક પેટા પ્રદેશો અલ્પવિકસિત કે પછાત હોય છે. આમ રાષ્ટ્ર કે રાજયમાં પ્રાદેશિક અસમાનતા જોવા મળે છે. આ પ્રાદેશિક અસમાનતામાંથી સમતોલ પ્રાદેશિક વિકાસનો ખ્યાલ ઉદ્‌ભવે છે ત્યારે પ્રાદેશિક આયોજનનાં ઘડવૈયાઓ જે પ્રદેશની કેટલીક આંતરિક અને બાહ્ય બાબતોની મોજણી કરે છે. જેને પ્રાદેશિક આયોજનના નિર્દેશકો તરીકે ગણીને નીચે મુજબ વર્ણવવામાં આવ્યા છે.

**(૧) આંતરિક નિર્દેશકો :–**

૧. પ્રદેશની ભૌગોલિકતા

૨. સામાજિક વલણો

૩. આર્થિક ઉપાર્જનના સાધનો

૪. માળખાકીય સવલતો

૫. સ્થાનિક પ્રશ્નોનો વ્યાપ

**(૨) બાહ્ય નિર્દેશકો :–**

૧. ઉપયોગમાં લેવામાં આવતા વિવિધ સાધનો

૨. આયોજનનો અમલ અને દેખરેખનો અભાવ

૩. નજીકનાં અન્ય ધ્રુવીય વિસ્તાર પ્રદેશનો વિકાસ

પ્રાદેશિક આયોજનકારો પ્રાદેશિક આયોજન વખતે ઉપરનાં આંતરિક નિર્દેશકો અને બાહ્ય નિર્દેશકોને ધ્યાનમાં રાખે છે. આ નિર્દેશકોની વિસ્તૃતમાં ચર્ચા કરીએ.

**(૧) આંતરિક નિર્દેશકો :–**

પ્રાદેશિક વિકાસનાં આયોજન સમયે કેટલીક પ્રદેશ વિષયક કે પેટા પ્રદેશ વિષયક આંતરિક બાબતોને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવે છે. આવી બાબતોને આંતરિક બાબતો તરીકે ગણવામાં આવે છે. આવા આંતરિક નિર્દેશકો નીચે મુજબ આપવામાં આવ્યા છે.

**૧. આયોજન પ્રદેશની ભૌગોલિકતા :–**

જે તે પ્રદેશની આબોહવા ખનીજસંપત્તિ, માનવસંપતિ, ભૂમિનો પ્રકાર, વરસાદનું પ્રમાણ, વગેરે પરિબળો આંતરિક પરિબળો તરીકે ગણવામાં આવે છે. પ્રાદેશિક વિકાસની પ્રક્રિયામાં આયોજન કરતી વખતે આવી આંતરિક બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે, અને ત્યાર પછી આયોજન માટેની નીતિ કે કાર્યક્રમ ઘડવામાં આવે છે. દા.ત. જે તે વિકાસમાન પ્રદેશની આબોહવા અને વરસાદનું પ્રમાણ સ્થાનિક કૃષિ બાબતોને અસર કરે છે. એની સાથે આર્થિક બાબતોને પણ અસર કરે છે. માટે આવા વિસ્તારમાં વરસાદના પ્રમાણના વલણો ચકાસી વરસાદની અનિયમિતતા નિવારવા માટે નાની સિંચાઈ યોજના, મધ્યમ કે મોટી સિંચાઈ યોજના જેવી યોજનાઓ અમલમાં મૂકી વિકાસની શકયતાઓ વધારવા પ્રયત્નો કરી શકાય એ જ રીતે ભૂમિનાં વિવિધ પ્રકારો જોવા મળતા હોય તો, જમીન સુધારણાનાં પગલાઓ લઈ ભૌગોલિક સમસ્યાઓનાં નિવારણ અંગેનું આયોજન કરવામાં આવે છે.

## ૨. સામાજિક વલણો :–

જે તે પ્રદેશનાં પ્રાદેશિક આયોજન સમયે સમગ્ર સંશોધન પ્રદેશની સામાજિકતા અને સામાજિક વલણો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. કારણ કે સામાજિક પછાતતા એ પ્રદેશના અલ્પવિકાસ માટે કારણભૂત હોય છે. આથી પ્રાદેશિક વિકાસનાં આયોજનકારો પ્રાદેશિક આયોજન કરતા પહેલા આયોજન પ્રદેશની જાતિવાર વસ્તીનું વર્ગજૂથ તપાસે છે એ તપાસ્યા બાદ વર્ગજૂથ મુજબ જુદી જુદી જાતિની સામાજિક પરંપરાઓ, રૂઢિઓ અને માન્યતાઓનો અભ્યાસ કરે છે. આ અભ્યાસ બાદ આયોજન પ્રદેશની સામાજિકતા નકકી કરે છે. ત્યાર બાદ સામાજિકતા અનુસાર આયોજન નકકી કરવામાં આવે છે. દા.ત. પંચમહાલ જિલ્લો આદિવાસી વિસ્તાર તરીકે ગણવામાં આવે છે. આ જિલ્લામાં આદિવાસી જાતિનું પ્રમાણ ઉંચુ જોવા મળે છે. આ જાતિએ અર્વાચીન સંસ્કૃતિ જોઈ નથી તો આવા વિસ્તારમાં વિકાસ માટે કેવા પગલા લેવા એ અંગેના નિર્ણય સામાજિકતાને ખુબજ નજીકથી સ્પર્શવાથી લઈ શકાય છે. આવો વિસ્તાર અંધશ્રધ્ધા અને જડ સામાજિક વલણોવાળો હોય છે ત્યારે સામાજિક ઉત્થાન અને સામાજિક પરિવર્તનો લાવવા માટે સામાજિક મનોવલણોમાં પરિવર્તન લાવવુ પડે છે. એ માટે શિક્ષણ અને રસ્તા સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવે છે. કારણ રસ્તા સુવિધા વધવાથી વાહનવ્યવહાર વધશે. જેથી એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં સ્થાનિક લોકોનું આવનજાવન વધશે, વિચારોનું આદાન પ્રદાન થશે. પરિણામ સ્વરૂપ સામાજિક મતો અને વલણોમાં પરિવર્તન આવશે. આવુ ત્યારે જ શકય બનશે કે જયારે પ્રાદેશિક આયોજન કરતા પહેલા જે તે પ્રદેશની સામાજિકતા અને એના સામાજિક મનોવલણોની મોજણી કરવામાં આવી હશે.

## ૩. આર્થિક ઉપાર્જનના સાધનો :–

જે પ્રદેશનાં વિકાસ માટેનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યુ હોય તે પ્રદેશનાં આંતરિક આર્થિક ઉપાર્જનનાં સાધનોનો અભ્યાસ કરવો જરૂરી બની રહે છે. આવા આર્થિક ઉપાર્જનનાં સાધનોનું પ્રમાણ જુદા જુદા સાધનોમાં વસ્તીનું ભારણ, ઉપાર્જક સાધનની પ્રાપ્યતા, સાધનોની ગુણવતા વગેરે જેવી બાબતોનો કાળજીપુર્વક અભ્યાસ કરવો જરૂરી બને છે. પ્રદેશનાં આર્થિક ઉપાર્જનનાં સાધનો દ્વારા પ્રદેશનું જીવનધોરણ, પ્રદેશની આર્થિક સ્થિતિનું ચિત્રણ થાય છે. આમ જે તે પ્રદેશનાં આર્થિક ઉપાર્જન કરી આપતા સાધનોનો ઉંડાણ પૂર્વકનો અભ્યાસ

કરવાથી જે તે પ્રદેશની બેકારી, ગરીબી, સ્થાનિક, આર્થિક અસમાનતા જેવી સમસ્યાઓની જાણકારી મળે છે. તેમજ જે ક્ષેત્રમાં વસ્તીનું વધુ ભારણ હોય તે ક્ષેત્રની સમસ્યાઓ પણ જાણી શકાય છે. દા.ત. કૃષિક્ષેત્ર પર આધારિત વસ્તીનું પ્રમાણ વધુ હોય તો તેની સમસ્યાઓનું નિવારણ કરવુ અથવા તો એને પૂરક ઉદ્યોગો વિકસાવી સ્થાનિક પ્રાપ્ય સંપત્તિ આધારિત ઉદ્યોગો સ્થાપવા અંગેનાં નિર્ણયો લઈ શકાય છે અને પ્રાદેશિક વિકાસની શકયતાઓ વધારી શકાય છે.

**૪. માળખાકીય સવલતો :–**

જે તે પ્રદેશની માળખાકીય સવલતોની અલ્પતા પણ પ્રદેશને સંપૂર્ણ વિકાસથી પછાત રાખે છે માટે આવા પ્રદેશોમાં વિકાસલક્ષી અને ક્રિયાશીલ આયોજન વખતે માળખાકીય સવલતો જેવી કે શિક્ષણ, આરોગ્ય, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, પાણીની સુવિધા, વિજળીની સુવિધા વગેરે જેવી આર્થિક અને બિનઆર્થિક માળખાકીય સુવિધાઓ અંગેનો અભ્યાસ કરવો જરૂરી બને છે. દા.ત. શિક્ષણ જે તે પ્રદેશ વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ અલ્પ હોય તો, આવા વિસ્તારમાં દરિદ્રતા, અંધશ્રધ્ધા, કુપોષણ, ગંદા વસવાટો, વસ્તી અનિષ્ટો જોવા મળે જે પ્રદેશનાં વિકાસનો નાશ કરે છે. એજ રીતે અલ્પ આરોગ્યની સુવિધાને કારણે શ્રમિકોની કાર્યક્ષમતા ઘટે છે. વાહનવ્યવહાર અને રસ્તા સુવિધાનું અલ્પ પ્રમાણ રાષ્ટ્રવિકાસ અને આધુનિક વિચારસરણીથી પ્રદેશને અલિપ્ત રાખે છે. જેથી કેટલાક વિસ્તારો પછાત રહેવા પામે છે. પરિણામ સ્વરૂપ માળખાકીય સવલતોનો અલ્પવિકાસ છે તેવુ મોજણી સમયે જોવા મળે તો જે તે પ્રદેશનો વિકાસ આવી સમસ્યાઓનાં નિવારણ દ્વારા કરી શકાય.

**૫. સ્થાનિક પ્રશ્નોનો વ્યાપ :–**

જે તે પ્રદેશનાં પોતાના પ્રાદેશિક સ્થાનિક પ્રશ્નો હોય છે. જેમ કે રણવિસ્તાર, સાગર વિસ્તારમાં ખારાશનો પ્રશ્ન, અંતરિયાળ વિસ્તાર વિકાસનાં લાભોથી વંચિતતાનો પ્રશ્ન, એ સિવાય પ્રદેશમાં પ્રાદેશિક જ્ઞાતિવાદ, જુથવાદ, વર્ણવાદ, જેવા પ્રશ્નો હોય જ્ઞાતિવાદ, જુથવાદને કારણે સમાજના બે જૂથો વચ્ચે વારંવાર અથડામણો અને સંઘર્ષો થયા કરે છે. પરિણામ સ્વરૂપે આર્થિક અને સામાજિક પરિસ્થિતિ નબળી બને છે. એજ રીત વર્ગવાદ, આ વર્ગવાદ એટલે ઉત્પાદક વર્ગ અને શ્રમિક વર્ગ, ઉત્પાદક વર્ગ જે શ્રમનો માલિક છે. શ્રમિક વર્ગ અને ઉત્પાદક

વર્ગનું પ્રમાણ માલિક જૂથનાં પ્રભુત્વ પર આધાર રાખે છે. શ્રમિક વર્ગનું પ્રમાણ વધુ હોવાથી મર્યાદીત ઉત્પાદક વર્ગ શ્રમિક વર્ગનું શોષણ કરે છે. આ વર્ગવાદનાં અને જૂથવાદનાં પ્રશ્નોનો વ્યાપ વધતા સમાજમાં અનેક અનિષ્ટો ઉદ્ભવે છે. જે પ્રાદેશિક પછાતતા અને અસમાનતામાં વધારો કરે છે. પરિણામ સ્વરૂપે આયોજનકારોએ આવા પ્રદેશોનાં સ્થાનિય પ્રશ્નોની પણ મોજણી કરવી પડે છે અને એ આધારભૂત માહિતીને આધારે પ્રાદેશિક આયોજનનો વિચાર કરવો પડે છે.

**(૨) બાહ્ય નિર્દેશકો :–**

પ્રાદેશિકતાનાં ધોરણે કોઈ પ્રદેશ કે વિસ્તારનાં વિકાસનું માળખુ તૈયાર કરવામાં આવે છે ત્યારે જે તે પ્રદેશની કેટલીક આંતરિક બાબતોને ધ્યાનમાં રાખીને આયોજનનું માળખુ અને ભાવિ વિકાસની રૂપરેખા તૈયાર કરવામાં આવતી હોય છે. અહીં પ્રાદેશિક આયોજનને જે તે પ્રદેશની આંતરિક બાબતો જ અસર કરે છે એવુ નથી આ સિવાય કેટલીક બાહ્ય બાબતો પણ આયોજનને અસર કરતી હોય છે. આથી આવી બાહ્ય બાબતોને પણ નજર સમક્ષ રાખી તેની અસરોની પણ મોજણી કરવી જરૂરી બને છે. જેને બાહ્ય નિર્દેશકો તરીકે ઓળખવામાં આવે છે. આવા કેટલાક નિર્દેશકો આ મુજબ વર્ણવી શકાય.

**૧. ઉપયોગમાં લેવામાં આવતા વિવિધ સાધનો :–**

પ્રાદેશિક આયોજનની સાથે આયોજનના સાધનો, પ્રાદેશિક નીતિ, પ્રાદેશિક નીતિનાં સાધનો અને આ સાધનો દ્વારા આવનાર પરિણામોનાં સંદર્ભમાં વિચાર વિમર્શ કરી ત્યારબાદ આયોજનનું માળખુ ઉભુ કરવામાં આવે છે. એના માટે ઉપયોગમાં લેવામાં આવતા સાધનોની મર્યાદા એ પ્રાદેશિક વિકાસને અસર કરે છે. જેમ કે પ્રાદેશિક વિકાસ માટેનું એક માળખુ નકકી કરી નાખવામાં આવે છે. તેનો અમલ પણ શરૂ કરવામાં આવે પણ જો તેમાં સમયનો ગાળો નકકી કરવામાં ન આવ્યો હોય તો એ આયોજન કરતી વખતે કે નીતિવિષયક માળખુ તૈયાર કરનાર જે તે પ્રદેશ વિસ્તારની વર્તમાન પરિસ્થિતિથી પરિચિત હોય પરંતુ સ્થળગત પરિસ્થિતિથી પરિચિત ન હોય ત્યાર બાદ પ્રાદેશિક હેતુને અનુરૂપ કેવા પ્રકારનાં સાધનોનો ઉપયોગ કરવો એ બાબતથી જાણકાર ન હોય તો પ્રાદેશિક વિકાસની પ્રક્રિયા સિદ્ધિ પ્રાપ્ત કરી આપતી નથી. પરિણામ સ્વરૂપે સરકાર દ્વારા પ્રાદેશિક આયોજનો તૈયાર કરવામાં આવે છે. એમાં આ બધી

બાબતોની યોગ્ય ચકાસણી કરવી જરૂરી બને છે. સરકાર કે સરકાર દ્વારા નિયુકત આયોજનકારો પૂર્વગ્રહથી યુકત જણાતા હોય તો અયોજન નિષ્ફળ નિવડે છે. તેમજ ઉપયોગમાં લેવામાં આવતી માહિતી ખોટી અથવા અપૂરતી હોય તો પણ પ્રાદેશિક આયોજન ખામીવાળુ બને છે. આમ પ્રાદેશિકતાને અસર કરતા પરિબળ તરીકે ખામીયુકત સાધનોને લેવામાં આવ્યા છે.

**૨. આયોજનનો અમલ અને દેખરેખ :–**

પ્રાદેશિક આયોજનકારોએ પ્રાદેશિક વિકાસ વિષયક નીતિમાં ઘડતર થઈ ગયેલ હોય તેવા બધાય પરિબળનાં ભાગરૂપ આ નીતિને આખરી ઓપ આપવા માટે એટલે કે, તેની યોજના બનાવવા માટે તેનાં અમલીકરણ અને અંકૂશ અંગેની પણ કેટલીક બાબતો કે પગલાઓ નકકી કરવાના રહે છે. જે ભૂતકાળનાં અનુભવો આધારિત અનુમાનો અને વાસ્તવિકતાથી વધુ નજીકનાં એવા નિર્ણયો લેવામાં આવે છે. આમ આયોજનકારે પ્રાદેશિક વિકાસ માટેની યોજના તૈયાર કરવા માટે અને એના અમલીકરણ અને દેખરેખ અંગેનું પણ આયોજન કરવુ પડે છે.

**૩. નજીકનાં ધ્રુવીય વિસ્તાર પ્રદેશો :–**

પ્રાદેશિક વિકાસનાં આયોજન વખતે એક સારા આયોજનકારે જે તે પ્રદેશ કે બીજ કેન્દ્ર કે વિસ્તારનું પ્રાદેશિક આયોજન કરવાનું હોય છે. ત્યારે બાહ્ય પરિબળ તરીકે જે તે પ્રદેશ કે વિસ્તારનાં નજીકનાં બીજા ધ્રુવીય વિસ્તારની પ્રાદેશિકતા અને તેના વિકાસનો પણ અભ્યાસ કરવો પડે છે. કારણ કે નજીકનાં ધ્રુવીય વિસ્તાર કે પ્રદેશનો વિકાસ એ આયોજિત પ્રદેશની પ્રાદેશિકતાને અસર કરે છે. જેમ કે આયોજન સમયે આયોજિત પ્રદેશના કયા ક્ષેત્ર પર ભાર વધુ મૂકવો ? કે જેથી પ્રદેશનો વિકાસ થાય આ પ્રશ્નના જવાબમાં નજીકના ધ્રુવીય વિસ્તારની સ્થિતિ આયોજન માટે કે નીતિવિષયક પગલા લેવામાં મદદરૂપ થાય છે. જેમ કે નજીકનાં ધ્રુવીય વિસ્તારમાં અંતિમ વપરાશનાં યંત્રો બનાવવામાં આવતા હોય અને તેનાં સ્પેરપાર્ટસ ખૂબજ દુરનાં ધ્રુવીય વિસ્તારમાંથી આયાત થતા હોય આવા વલણોમાં આયોજનકારે નજીકનાં ધ્રુવીય વિસ્તારની માંગને આધારિત એવા એકમો સ્થાપવાની સલાહ કે સૂચન કરવુ જોઈએ. જેથી નજીકના વિકસિત પ્રદેશનાં લાભો ઉઠાવી શકાય.

આમ પ્રાદેશિક વિકાસનાં આયોજનનો ખ્યાલ મહત્વનો છે. તે માટે કેટલાક આયોજન પહેલા ધ્યાનમાં રાખવાનાં મુદ્દાઓ છે. જેની પ્રત્યક્ષ મુલાકાત કે પરોક્ષ તપાસ દ્વારા સંપૂર્ણ માહિતીથી માહિતગાર થવુ પડે છે અને જે તે મુદ્દાને આધાર તરીકે લઈને જે તે પ્રદેશનું પ્રાદેશિક આયોજન કરવામાં આવે છે.

**૨:૪ પ્રાદેશિક વિકાસનું આયોજન :–**

પ્રદેશનું આર્થિક આયોજન એ પ્રદેશની સમસ્યાઓની પ્રકૃતિની માત્રા અને તીવ્રતા પર આધાર રાખે છે. વિકસિત પ્રદેશો અને અલ્પવિકસિત પ્રદેશોનાં આંતરિક અર્થતંત્ર અને સમસ્યાઓ પ્રદેશનાં સ્વરૂપ મુજબ ભિન્ન હોય છે. તેથી પ્રદેશ પ્રમાણે પ્રાદેશિક નીતિનું સ્વરૂપ બદલવાની ખૂબજ શકયતાઓ રહે છે. પ્રાદેશિક નીતિનાં લક્ષ્યાંકો પ્રદેશની પરિસ્થિતિ પ્રમાણે નકકી થતા હોય છે. પ્રાદેશિક નીતિનાં ઘડતરમાં આર્થિક ઉપરાંત રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક, માનવીય પ્રાદેશિક આકાંક્ષાઓ ઈત્યાદિ બાબતો ભાગ ભજવતી હોય છે. આંતર પ્રાદેશિક સંબંધને કારણે તથા રાષ્ટ્રીય ધ્યેયો સામે કોઈ એક પ્રદેશે નમતુ જોખવુ પડતુ હોવાથી પ્રાદેશિક નીતિનાં ઘણાયે સાધનોનાં ઉપયોગ સામે લક્ષ્યાંકો મૂકવામાં આવતા હોય છે.

સામાન્ય રીતે પ્રાદેશિક આયોજનના ઘડવૈયાઓ દ્વારા પ્રદેશમાં પ્રર્વતમાન પરિબળોની મોજણી અને ભાવિ આગાહીઓનાં આધારે પ્રાદેશિક વિકાસનાં આયોજન માટે નમૂના તૈયાર કરવામાં આવે છે. આ નમુનામાં સરકારની દરમિયાનગીરી વગર કેવા પ્રકાર અને સ્વરૂપનાં પરિણામો આવશે તેની અટકળ કરવામાં આવતી હોય છે. પરંતુ જયારે સરકાર દરમિયાનગીરી કરીને પ્રદેશનું આયોજન કરવા માંગતી હોય ત્યારે યોજનાનાં ઘડવૈયાઓ હેતુઓ, નીતિ અને નીતિવિષયક સાધનોને ધ્યાનમાં રાખીને નમૂનાઓ તૈયાર કરે છે. આયોજન પ્રક્રિયામાં એના માટે આયોજનકારો ચાર પ્રકારનાં સાધનોનું સમાયોજન કરે છે.

૧. નાણાકીય સાધનો    ૩. માનવીય સાધનો

૨. ભૌતિક સાધનો    ૪. કુદરતી સાધનો

સમતુલિત વિકાસના ભાગરૂપ પ્રવર્તમાન વિકાસની અસમાનતાઓ દૂર કરવા માટે કેટલાક નાણાકીય સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેનાં દ્વારા પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે કેન્દ્ર એવા પ્રદેશો વચ્ચે નાણાકીય સાધનોની ફાળવણી કરે છે જેમાં રાજય અને કેન્દ્ર વચ્ચે

ગુણોત્તર પ્રમાણમાં પ્રદેશની જરૂરીયાત મુજબ નાણાની ફાળવણી કરવામાં આવે છે. જેનાં દ્વારા પ્રદેશની આર્થિક પ્રવૃતિઓનું સ્વરૂપ, માથાદીઠ આવક, રોજગારીનું માળખુ અને પ્રદેશની ઉપયોગી વસ્તુઓમાં પરિવર્તન આવે છે. નાણાકીય સાધનોની ગ્રાન્ટના સ્વરૂપમાં, રોકડના સ્વરૂપમાં, સહાયના સ્વરૂપમાં લોનના સ્વરૂપમાં અને અન્ય રોજગારીની તકોનાં સ્વરૂપમાં ફાળવણી કરવામાં આવે છે.

ભૌતિક સાધનોનાં સ્વરૂપમાં જે તે પ્રદેશની અન્ય સુખસગવડની સુવિધાઓને વિકાસ આયોજનમાં સાધનરૂપ ગણવામાં આવે છે. એટલે કે અહીંયા જે તે વિસ્તારોમાં બાગબગીચા, શહેરી સુવિધાઓ, મનોરંજન માટેનાં વિવિધ વિકલ્પો તેમજ આર્થિક માળખાકીય સુવિધાઓ વધારવાથી ભૌતિક સંપત્તિઓનો ઉદ્ભવ અને વ્યાપ વધવાથી પણ જે તે પ્રદેશની સામાજિકતા સુધરશે, સાથે સાથે એવા પ્રદેશની માંગમાં પરિવર્તન આવશે અને પ્રાદેશિક વિકાસ શકય બનશે. તેજ રીતે માનવીય સાધનનો પ્રાદેશિક વિકાસમાં ઉપયોગ થાય છે. જે તે પ્રદેશની વસ્તી, વસ્તીની ગીચતા અને ગુણવત્તાને ધ્યાનમાં લેવામાં આવે છે. જેના આધારે પ્રાદેશિક માનવ મૂડીરોકાણ અને મૂડી ખર્ચ કરવામાં આવે છે. પ્રાદેશિક અર્થતંત્રનાં અભ્યાસનાં મૂળમાં પણ પરિસ્થિતિઓને કારણે સર્જાયેલા સામાજિક પ્રશ્નોને હલ કરવા માટે સામાજિક મૂડીરોકાણનાં આયોજનના અમલ પર ભાર મૂકવામાં આવે છે. એના માટે શિક્ષણનો વ્યાપ અને વ્યવસાયલક્ષી શિક્ષણ કે નિરંતર શિક્ષણનો આધાર લેવામાં આવે છે.

નૈસર્ગિક સંપત્તિની પ્રાપ્યતા અને તેના ભાવિ વિકાસને લગતા પ્રશ્નો અને તેના ઉકેલના માર્ગોનો અભ્યાસ કરી સ્થાનિક કુદરતી કે નૈસર્ગિક સંપત્તિનો ઉપયોગ કરી ભાવિવિકાસની જરૂરિયાતોને લક્ષમાં રાખવામાં આવે છે. નૈસર્ગિક સંપત્તિનો અર્થ જમીન, આબોહવા, પાણી ખનીજો, વનસ્પતિ અને પશુઓ આ દરેક સાધનને કુદરતી સાધન તરીકે ગણી તેનુ વર્ગીકરણ કરવામાં આવે છે. જેમકે કોલસો, ખનીજતેલ, ચૂનાનો પથ્થર, માટી, રેતી, લોખંડ, સોનુ, ચાંદી, તાંબુ, જસત, શીશુ, મીઠુ, અબરખ વગેરે આમ ખનીજ શકિતનાં સર્જનના ખનીજો, બાંધકામ સાથે સંકળાયેલા ખનીજો, લોહધાતુ અને બિનલોહ ધાતુને વર્ગીકૃત કરીને તેમાં ટેકનોલોજીનો વિકાસ કરીને કુદરતી સાધનનાં વિવિધ લાભો ઉભા કરી આર્થિક નમૂનાઓ તૈયાર કરવામાં આવે છે.

પ્રાદેશિક આયોજનમાં કુદરતી સાધનો માનવીય સાધનો અને ભૌતિક સાધનોનું પોતાના સ્થાને મહત્ત્વ રહેલુ છે તેમજ આર્થિક સાધનનું મહત્ત્વ વધારે છે. આર્થિક સાધનના મહત્ત્વને વર્ણવતા કહેવાય છે કે "પ્રાદેશિક આયોજન એ અસમાન અને અપૂર્ણ રીતે ગતિશીલ સાધનોનાં સંદર્ભમાં પ્રદેશ વિસ્તારની અલગતા અને આંતરસંબંધોની આર્થિક રીતે કરવામાં આવતી એક પ્રક્રિયા છે." જેમાં આર્થિક સાધન સિવાયનાં અન્ય આગળ દર્શાવેલા ત્રણ સાધનોનો સમગ્ર સમન્વય જરૂરી છે.

અર્થતંત્રના જુદા જુદા પ્રદેશો અને વિસ્તારોને આર્થિક પરિસ્થિતિ તથા ભૌગોલિક, કુદરતી, આર્થિક, રાજકીય અને સામાજિક પરિણામો અલગ અલગ રીતે અસર પહોંચાડે છે. જેને પરિણામે પ્રાદેશિક ધોરણે આર્થિક પરિસ્થિતિ અને સમસ્યાઓનું સ્વરૂપ આગવી લાક્ષણિકતાઓ ધરાવે છે. રાષ્ટ્રીય આયોજનનાં ઘડતરમાં આવી જુદા જુદા પ્રદેશોની સ્થાનિક લાક્ષણિકતાઓનું પ્રતિબિંબ પડતુ હોતુ નથી. ત્યારે પ્રદેશનાં વિશિષ્ટ પ્રશ્નો અને પરિસ્થિતિને અનુલક્ષી પ્રાદેશિક આયોજન કરવુ જરૂરી બને છે. પ્રદેશની ભિન્નતામાંથી પ્રદેશની અસમાનતા ઉદ્ભવે છે. આમ દરેક પ્રદેશની પરિસ્થિતિ અને આર્થિક પ્રશ્નો વિવિધ પરિબળો દ્વારા અસર પામતા હોય છે ત્યારે આ પરિબળોનાં સંદર્ભમાં પ્રદેશનાં પ્રશ્નોનો અભ્યાસ કરી જે તે પ્રદેશનાં કુદરતી, ભૌતિક માનવીય અને આર્થિક સાધનોનો ઈષ્ટતમ ઉપયોગ કરવાથી સફળ પ્રાદેશિક આયોજન શકય બને છે.

## ૨:૫ પ્રાદેશિક આયોજનનું અમલીકરણ :–

કેન્દ્રીય ધોરણે જયારે આયોજન થાય છે ત્યારે તેમાં પ્રાદેશિક પરિબળોનો સમાવેશ કરવામાં આવતો નથી અને તેનાં અતિસરળ નમૂનાઓ તૈયાર કરવામાં આવતા હોય છે. ઘણી વાર અર્થતંત્રમાં પ્રાદેશિકતાનાં મહત્ત્વને ધ્યાન પર લેવામાં આવતુ નથી. આથી પ્રાદેશિક આયોજન યથાવત રીતે અમલી બનાવી શકાય નહીં પરંતુ જયારે રાષ્ટ્રનો વિકાસ અસમાનતામય બને છે. ત્યારે પ્રદેશનો ખ્યાલ નિષ્ણાંતો અને આયોજનકારો ધ્યાનમાં લે છે, ત્યારે સ્થળ વિષયક બાબતોની પૂરી ગણતરી અને ચકાસણી કરવી પડે છે. ત્યારે કોઈ એક પ્રદેશનાં સંદર્ભમાં આર્થિક નીતિ તૈયાર કરતી વખતે તે પ્રદેશની સમસ્યાનું સ્વરૂપ, કદ, તીવ્રતા વગેરે તપાસવા જરૂરી બને છે. આ માટે શરૂઆતમાં કાર્યક્રમ માટેનો પ્રદેશ ચોકકસ રીતે નકકી કરવો

જરૂરી બને છે. ત્યારે એકરૂપતા અને કેન્દ્રીયતાને ધ્યાનમાં રાખીને પ્રાદેશિક વિકાસ વિષયક આયોજન તૈયાર કરવામાં આવે છે. આયોજન તૈયાર કર્યા પછી તેનું અમલીકરણ કરવામાં આવે છે. આ અમલીકરણ કરતી વખતે ધ્યાનમાં રાખવાનાં કેટલાક મુદ્દાઓ આ પ્રમાણે વર્ણવી શકાય.

**(૧) વહિવટી તંત્ર ઉભુ કરવુ :–**

પ્રાદેશિક વિકાસનું આયોજન પ્રાદેશિક પછાતપણાને દૂર કરવા માટે કરવામાં આવે છે. એટલે કે, આર્થિક અને સામાજિક આયોજનમાં નિશ્ચિત સામાજિક ધ્યેયનાં સંદર્ભમાં ભૌતિક અને માનવસંપત્તિની કરકસરભરી વ્યવસ્થા અભિપ્રેત છે. ત્યારે કોઈપણ પ્રદેશનાં સંપૂર્ણ વિકાસ અથવા તો પૂર્વ નિર્ધારિત વિકાસના ધ્યેયો સિદ્ધ કરવા હોય તો વહિવટીતંત્રની સુઆયોજિત વહિવટી વ્યવસ્થા કરવી જરૂરી બની છે. કારણ કે અલ્પવિકસિત અને વિકસતા પ્રદેશોમાં આવા વહિવટીતંત્રની લોકજીવન પર ભારે અસર પડે છે. પ્રાદેશિક આયોજનનાં અમલ માટે સક્રિય લોકમત કેળવવાની મહત્ત્વની કામગીરી નિઃસ્વાર્થી કાર્યકરો દ્વારા શકય બને છે. તેમજ પ્રજાજનો પણ વહિવટની ઉપયોગીતા અને મુશ્કેલીઓને જાણવાની તત્પરતા દાખવશે, પરિણામ સ્વરૂપે પ્રજા અને વહિવટી અધિકારીઓનાં વિચારોમાં નિખાલસતા તાદત્મ્યતા અને ગ્રહણશીલતા જોવા મળશે. આવી ગતિશીલતા સમાજવાદી સમાજરચના વિકસાવવામાં ઉપયોગી નીવડે છે.

પરિણામ સ્વરૂપે પ્રાદેશિક ધોરણે જયારે કોઈ પ્રદેશની અસમાનતા ઘટાડવા માટેની યોજના કે નીતિ ઘડતર કરવામાં આવે છે. ત્યાર બાદ ધ્યેયોની સિદ્ધિ અર્થે અમલીકરણનાં ભાગરૂપ એક નિઃસ્વાર્થ, ભ્રષ્ટાચાર મુકત વહિવટીતંત્ર ઉભુ કરવુ જરૂરી છે. તો જ સુયોગ્ય આયોજનનાં પરિણામો મેળવી શકાય.

**(૨) પ્રદેશકક્ષનો પેટાકક્ષો સાથે સમન્વય :–**

પ્રાદેશિક આયોજન માટે દરેક પ્રદેશ પોતાની યોજનાઓ નકકી કરે અથવા તો, કેન્દ્ર કક્ષાએથી જ પ્રદેશવાર યોજના ઘડવામાં આવે તેમાં ઘણો તફાવત હોય છે. જો દરેક પ્રદેશ અન્ય પ્રદેશોથી અલિપ્ત રહીને યોજના તૈયાર કરે તો તેમાં સમગ્ર રીતે સમન્વયનો અભાવ પ્રવર્તે છે. આથી વિપરિત જો દેશની સર્વોચ્ચ કક્ષાએથી બધાજ પ્રદેશોનું સ્થળગત આયોજન કરવામાં

આવે તો તેમાં દરેક પ્રદેશનાં માળખાકીય પરિબળો અને પ્રદેશવાર સમસ્યાઓની ગણતરી થઈ શકતી નથી. માટે સમગ્ર દેશનું સ્થળગત આયોજન કરતી વખતે પ્રદેશ કક્ષાએ તૈયાર થતી યોજનાઓ વચ્ચેનો સર્વોચ્ચ કક્ષાએ સમન્વય કરવો જરૂરી રહે છે. એજ રીતે આયોજિત પ્રદેશના પ્રદેશ કક્ષ એટલે કેન્દ્રીય પ્રદેશનાં જુદા જુદા પ્રદેશોનાં વિસ્તારીય તફાવતો અને ભૌગોલિકતાની સમસ્યા દૂર કરી શકાય તેવા સમન્વયકારી વલણો અપનાવવા જોઈએ.

**(૩) નીતિ વિષયક પ્રોત્સાહક પગલાઓ અપનાવવા :–**

કેટલાક મૂડીવાદી દેશોમાં રાષ્ટ્રીય આયોજનની ગેરહાજરી પ્રવર્તતી હોય છે ત્યાં અમુક ચોકકસ પછાત વિસ્તારો અને શહેરનાં સંદર્ભમાં પ્રાદેશિક આયોજન અપનાવવામાં આવતુ હોય છે. આ રીતના પ્રાદેશિક આયોજન દ્વારા દરેક પછાત પ્રદેશ અને મુખ્યત્ત્વે કરીને દરેક મહાનગર ખુદ પ્રાદેશિક નીતિ તૈયાર કરતા હોય છે. જયાં જરૂરી જણાય ત્યાં સર્વોચ્ચ કક્ષા પર સમન્વય કરે છે. યુ.કે. ની પ્રાદેશિક નીતિનો અભ્યાસ કરતા સ્પષ્ટ જોવા મળે છે કે, ત્યાં અમુક વિશિષ્ટ પછાત વિસ્તારોનાં સંદર્ભમાંજ પ્રાદેશિક નીતિ તૈયાર કરવામાં આવે છે. તેમાં પછાત પ્રદેશનાં વિકાસ માટેની નીતિનાં અમલીકરણનાં ભાગરૂપ સરકાર પોતે પ્રોત્સાહનનાં સ્વરૂપમાં મૂડીરોકાણ કાર્યક્રમમાં ઝંપલાવે છે અને પછાત પ્રદેશનાં પ્રાદેશિક પછાતતાનાં નિર્દેશકોને સીધી નાણાકીય મદદ પૂરી પાડે છે. આ ઉપરાંત લંડન જેવા મોટા શહેરોમાં કેન્દ્રીકરણનો દર ઘટાડવા માટે પરવાના નીતિ અને રાજકોષીય સાધનો અજમાવવામાં આવતા હોય છે. આમ નીતિ વિષયક પ્રોત્સાહક પગલાઓનો અમલ કરવાથી આયોજનનાં હેતુઓ પાર પાડી શકાય છે.

**(૪) સુનિશ્ચિત ઉદ્દેશો સિદ્ધ કરવા :–**

યોજનાના અમલ સમયે આયોજિત વિકાસનાં સામાજિક ઉદ્દેશો પર અને ખાસ કરીને આવક અને સંપત્તિની અસમાનતા ઘટાડવાના તેમજ સમાજના નબળા વિભાગોની મૂળભૂત જરૂરિયાતો સંતોષાય તે સુનિશ્ચિત કરવા પર વધુને વધુ ભાર મૂકવો યોજનાની પ્રવૃત્તિઓનાં લાભો નબળા વિભાગો સુધી પહોંચ્યા નથી. આ વિભાગ સુધી વિકાસલક્ષી પ્રવૃત્તિઓનાં પૂરેપૂરા લાભ મળી શકે તે માટે વધુ સંગઠિત પ્રયાસો જરૂરી બને છે. આર્થિક રીતે પછાત વિસ્તારોમાં અસરકારક માંગ અને વિસ્તારની સમસ્યા જુદા જ પ્રકારની હોય છે. આથી તેમના ઉદ્દેશને તબકકા મુજબ સિધ્ધ કરવાના પ્રયત્નો કરવા જોઈએ. ઉદ્દેશનો પ્રથમ તબકકો રોજગારીની

તકો વધારવાનો હોય, ત્યારબાદ વિકાસ પથ પર આગળ ધપવાનો ઉદ્દેશ રાખવાથી હેતુઓની સંગઠિતતા અને સુનિશ્ચિતતાની સાંકળ જળવાશે આવા પછાત વિસ્તારનાં લોકોને મદદ કરવા ટેકનીકલ અને નાણાકીય સહાયની તથા ધિરાણ અને ખરીદ વેચાણની યોજનાઓ વિચારવી પડે છે. કોઈ ઉત્પાદક આધાર ન ધરાવતા અને પોતાના જીવન નિર્વાહ માટે રોજી પર આધાર રાખતા ભૂમિહીન મજૂરોના વર્ગનાં પ્રશ્નો, ગ્રામ્ય કામો અને અન્ય સ્થાનિક કાર્યક્રમો દ્વારા તેમજ આ કામોને વિસ્તાર વિકાસ યોજનાઓની સાથે સંકલિત કરી રોજગારીની વધુ તક પૂરી પાડીને પ્રશ્ન હલ કરવાનો રહેશે. પશુપાલન દ્વારા કે જમીનનાં વિતરણ દ્વારા કેટલાક ભૂમિહીન મજૂરોને નાના ઉત્પાદકોમાં ફેરવવા અંગેના કાર્યક્રમોનો પણ વિચાર કરવો જરૂરી છે.

જયારે દેશના તમામ પ્રદેશોમાં એક સાથે પ્રાદેશિક આયોજન સ્વીકારવામાં આવ્યુ હોય ત્યારે, એ ખૂબજ શકય છે કે એક પ્રદેશનાં લક્ષ્યાંકો, અન્ય પ્રદેશોનાં લક્ષ્યાંકો અથવા તો રાષ્ટ્રીય લક્ષ્યાંકો સાથે સંઘર્ષમાં મૂકાતા હોય ત્યારે અમલીકરણ વખતે પ્રશ્ન થાય કે, રાષ્ટ્રનાં આર્થિક દરને અગ્રિમતા આપવી કે આંતરપ્રાદેશિક સમાનતાને અગ્રિમતા આપવી. આ સમસ્યાના ઉકેલ તરીકે પ્રદેશવાર આર્થિક નીતિના ઉદ્દેશો અને રાષ્ટ્રીય ઉદ્દેશો વચ્ચે બાંધ છોડ કરવી જરૂરી બનતી હોય છે. આપણે જોતા આવ્યા છીએ કે વિવિધ પ્રદેશોનાં ઉદ્દેશો વચ્ચે તથા પ્રદેશ અને રાષ્ટ્રના ઉદ્દેશો વચ્ચે અથડામણ થતી હોય છે. ત્યારે સામાન્ય રીતે વ્યવહારમાં એવા ઉદ્દેશોને જ અગ્રિમતા આપવામાં આવતી હોય છે કે, જેનાથી સમગ્ર રાષ્ટ્રના લાભો સંતોષી શકાતા હોય. જો કે આ લાભો લાંબાગાળાને નજર સમક્ષ રાખીને પણ ગણવામાં આવ્યા હોય, તેમજ તેઓ ફકત આર્થિક લાભને બદલે પ્રાદેશિક ઈચ્છાઓ સંતોષવાના સંદર્ભમાં પણ હોઈ શકે આમ ઉદ્દેશોનો અગ્રતાક્રમ અને સુનિશ્ચિતતા નકકી કરી, દરેક ઉદ્દેશને સમયાનુસાર યોગ્ય ભાર આપવો જોઈએ. રિચાર્ડસન સાચુ જ કહે છે કે, લક્ષ્યાંકો વચ્ચે થતી અથડામણ માટે કોઈ અપવાદ નહિ પરંતુ નિયમ છે આ નિયમો સુનિશ્ચિત અને પરિવર્તનશીલ રાખવા અને અગ્રતાક્રમ મુજબ વિકાસ પથ પર ચાલવુ.

**(૫) વિવિધ નિષ્ણાંતો અને સંસ્થાઓ :–**

પ્રાદેશિક આયોજન થયા પછી નીતિ વિષયક બાબતોનાં અમલીકરણ કરતી વખતે, યોજનાનાં અમલીકરણ કરતી વખતે, આયોજનને અનુરૂપ, વિવિધ નિષ્ણાંતો અને આયોજન

વિષયક સંસ્થાઓ કે બોર્ડની રચના કરવી જરૂરી છે. પ્રાદેશિક અસમતુલા દૂર કરવાની અને વિકસિત વિસ્તારોના પ્રમાણમાં પછાત વિસ્તારો અને અલ્પ વિકસિત કેન્દ્રોનો વિકાસ કરવાની જરૂરીયાત અને આયોજનનાં હેતુઓને અનુરૂપ સમગ્ર રાજયની માનવ અને ભૌતિક સંપત્તિનો સમતોલ અને કાર્યક્ષમ ઉપયોગ થાય તે હેતુથી, વખતોવખત વિવિધ અભ્યાસો હાથ ધરી દરેક તબકકે વિવિધ નિષ્ણાંતો અને નિષ્ણાંત સંસ્થાઓ, બોર્ડ કે સમિતિની રચના કરવી જરૂરી બને છે. જેમાં વિવિધ આર્થિક સામાજિક ક્ષેત્રોમાં વિશિષ્ટ સેવા અને અનુભવ ધરાવતી વ્યકિતઓ નિષ્ણાંત તરીકે હોવી જોઈએ, આવા અનુભવી નિષ્ણાંતો આયોજનને અનુરૂપ સંશોધનાત્મક પ્રવૃતિઓ કરીને વધુને વધુ સરળ માર્ગો અપનાવવામાં કુશળતા ધરાવતા હોય છે. તેમજ આવા નિષ્ણાંતો જે તે પ્રદેશની સમસ્યાઓને અનુરૂપ, માનવશકિતનું આયોજન, સંપત્તિને અનુરૂપ, મૂડી સાધનોનો ઉપયોગ કરવાની ક્ષમતા ધરાવતા હોય છે. આથી આયોજનનું દિશા પરિવર્તન પણ થશે નહી, અને સાધનોનો દુર્વ્યય પણ થશે નહી અને આયોજનનાં નકકી કરેલા હેતુઓની સિદ્ધિ પણ સૈધ્ધાંતિક રીતે પ્રાપ્ત થાય છે.

**(૬) નાણાકીય સાધનો પુરા પાડવા :–**

પ્રાદેશિક વિકાસની નીતિને અમલમાં મૂકતાની સાથે, નીતિવિષયક સર્વોચ્ચ શિખરોને સર કરવા માટે વ્યુહાત્મક મુલ્યરૂપે માહિતી વિકાસ માટે નાણા વ્યવસ્થા ઉભી કરવી જરૂરી બને છે. નીતિ વિષયક ઉદ્દેશો અને જવાબદારીઓ અંગે સરકારે સર્વગ્રાહી અને સ્પષ્ટ નિવેદન કરવા જરૂરી બને છે. તેના માટેનાં વિવિધ અનામત જથ્થાઓ ઉભા કરવામાં આવે છે. આવી જવાબદારીઓ એ જ યોજના વિષયક નાણાકીય સાધનની ફાળવણી છે. યોગ્ય પ્રમાણમાં નાણાકીય સાધનોની ફાળવણી કરવામાં આવે તો, યોજનાનાં ઉદ્દેશો પાર પાડી શકાય છે. જો યોજનાનાં ઉદેશોમાં નાણા હોય સાધનનું ઉંચુ પ્રમાણ જરૂરી હોય અને સાધનોની ફાળવણી ઓછી કે વધુ થાય તો, અહીંયા વધુ ફાળવણી થાય તો, નાણાકીય સાધનોનો દુર્વ્યય થાય છે અને ઓછી ફાળવણી થાય તો આયોજનના હેતુઓ ગુણવતાયુકત રીતે પાર પાડી શકાતા નથી. આથી નાણાકીય સાધનો પૂર્વ આયોજિત ઉદ્દેશને અનુરૂપ આયોજનનાં માળખામાં કરેલ ફાળવણી મુજબ પૂરતા પ્રમાણમાં પૂરા પાડવા જોઈએ. તેમજ પછાત પ્રદેશનાં પ્રાદેશિક વિકાસ માટે આવા વિસ્તારોમાં નાણાકીય પ્રોત્સાહનો આપતા વિવિધ એકમોને આર્થિક સહાય, લોન,

કરવેરા રાહત વગેરેનાં સ્વરૂપમાં પ્રોત્સાહિત કરવા જોઈએ.

## (૭) દેખરેખ અને અંકૂશ :–

અમલમાં મૂકવામાં આવેલ નીતિનાં સુયોગ્ય સંચાલન માટે દેખરેખ અને માર્ગદર્શનની જરૂર રહે છે. આવી દેખરેખને કારણે જુદા પ્રદેશોના વિકાસ કાર્યક્રમમાં રહેલી ખામીઓ અને અપરિપકવતા જેવી બાબતો બહાર આવે છે. જેના માટે મોજણી અભ્યાસ અને તપાસવ્યવસ્થામાં કુદરતી સંપત્તિ, માનવસંપત્તિ, મૂડીરોકાણ સાધનોની પ્રાપ્યતા અને સ્થાનીય વિસ્તરણ અંગેની તપાસ હાથ ધરવામાં આવે છે. જેના દ્વારા આર્થિક, સ્થાનીય, વિભાગીય અને વાસ્તવિકતાનાં સંદર્ભમાં સાધનોની શકિતનું અર્થઘટન કરવામાં આવે છે. આમ અનઆકસ્મિક તપાસ હાથ ધરવામાં આવે છે. એવી જ રીતે આકસ્મિક તપાસને હાથ ધરીને યોજનામાં રહેલ પરસ્પરાવલંબીપણાને આધારે યોજનાના ભૌતિક લક્ષ્યાંકો અને નાણાકીય જોગવાઈ વચ્ચેના સમીકરણ સિદ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. અમલમાં મૂકેલ યોજનાઓની તબકકાવાર સમીક્ષા અને ચકાસણી કરવી જરૂરી બને છે. આવી ચકાસણી દ્વારા યોજનામાં વપરાયેલા સાધનોના ઉપયોગ અને દુર્વ્યયની સાથે આયોજનમાં વપરાતા સાધનો ગેરમાર્ગે વપરાતા હોય તો આવી ઉચ્ચ પ્રકારની દેખરેખ કે નિવારણ દ્વારા તપાસ હાથ ધરતા સાધન વપરાશની ઉણપો બહાર આવે છે. આવી ઉણપોનું તાત્કાલિક નિવારણ કરીને યોજનાને સફળ બનાવવાનાં પ્રયત્નો કરવામાં આવે છે. આમ નીતિવિષયક અમલીકરણના ભાગરૂપ દેખરેખ અને અંકુશ માટેની વ્યવસ્થા પણ અમલીકરણ સાથે ઉભી કરવી જરૂરી બને છે.

## (૮) પ્રજાની ભાગીદારી :–

આયોજનનાં અમલીકરણ વખતે માત્ર નિષ્ણાંતો અને અનુભવીઓને ભાગીદાર બનાવવા એ માત્ર મહત્ત્વનું નથી. લોકતંત્રમાં પ્રજાની ભાગીદારી આધારસ્તંભ જેવી ગણવામાં આવે છે. પ્રજાની ભાગીદારી હશે તો જ, જે તે પ્રદેશની પ્રાપ્ય માહિતીની મોજણી શકય બનશે અને એ મોજણી વધુ સત્યતાની નજીક હશે. તેમજ સ્થાનિક વાતાવરણ અને સ્થાનિક ટેવો અને સામાજિકતાથી પરિચિત એવા સ્થાનિક સેવાભાવી અને આદર્શ વિવેક બુદ્ધિવાળા લોકોને સાથે રાખવા જરૂરી બને છે. આવા લોકો દ્વારા યોજનાનાં કાર્યો ઝડપથી હાથ ધરી શકાય છે. એ સિવાય સ્થાનિક સેવાભાવી સંસ્થાઓને પણ કેટલાક કામો સોંપવાથી કાર્યની સિધ્ધિ પ્રાપ્ત

થાય છે. આમ પ્રજાની ભાગીદારી ન હોય તો સ્થાનીય માણસો યોજના વિરૂધ્ધ મનોવલણો ધરાવતા હોવાથી દરેક કાર્યક્રમોમાં સાથે રહેશે નહી અને કેટલાક પૂર્વગ્રહથી પ્રેરિત મનોવલણોથી પિડીત રહેશે. આથી પ્રદેશનાં વિકાસમાં અડચણો ઉભી થશે. દા.ત. આદિવાસી વિસ્તારનાં વિકાસની યોજના તૈયાર કરવામાં આવે અને પંચમહાલ કે દાહોદ જિલ્લામાં આ યોજના અમલી બનાવવામાં આવે ત્યારે આ જિલ્લાની સ્થાનિક પ્રજાના વિચારો જાણવા સ્થાનિક લોકોને સાથે રાખવા જરૂરી છે. કારણ જો એમ કરવામાં ન આવે તો, આવા બૃહદ વિચારોમાં અને વ્યવસ્થામાં આ વિસ્તારની પરંપરા સાનુકૂળતા સાધવા દેશે નહી, આથી સ્થાનિક પ્રજાની ભાગીદારી અમલીકરણની સાથે જરૂરી છે.

## ૨:૬ પ્રાદેશિક વિકાસની સમયાંતરે સમીક્ષા :–

ભારતમાં ૧૯૫૧ થી આજ સુધીમાં આર્થિક આયોજનનાં ગાળામાં પ્રાદેશિક અસમાનતાઓ દૂર કરવા અને સમતુલિત પ્રાદેશિક વિકાસ માટેના જે પગલાઓ લેવામાં આવ્યા છે. તે બે વિભાગમાં વહેંચી શકાય. (૧) પંચવર્ષીય યોજનાઓમાં પ્રાદેશિક અસમતુલા નિવારવાનાં ઉપાયો અને (૨) સરકારે લીધેલા ઉપાયો અમલમાં મુકયા હોવા છતા પ્રાદેશિક અસમાનતા નિવારવામાં સરકારની આયોજનનીતિ નિષ્ફળ નીવડી છે.

પંચવર્ષીય યોજનાઓમાં પ્રાદેશિક વિકાસની નીતિઓ જોઈએ તો, પ્રથમ પંચવર્ષીય યોજનામાં પ્રાદેશિક સમતુલા પર ભાર મૂકવામાં આવ્યો હોવા છતા, તે અંગેનાં કોઈ ઉપાયો લેવામાં આવ્યા નહી. બીજી પંચવર્ષીય યોજનામાં સમતુલિત પ્રાદેશિક વિકાસ પર ભાર મુકતા જણાવવામાં આવ્યુ કે પ્રાદેશિક અસમાનતા ધરાવતા જુદા જુદા પ્રદેશોની ક્રમશઃ અસમાનતા ઘટાડવી જોઈએ. તેમજ અલ્પવિકસિત પ્રદેશો તરફ પૂરતુ ધ્યાન આપવુ જોઈએ. તેના માટે મૂડીરોકાણનાં માળખાને વેગ આપવા ૧૯૫૬ની ઔદ્યોગિક નીતિમાં વિકેન્દ્રિત ઔદ્યોગિક વિકાસનાં કાર્યક્રમને મહત્ત્વ આપવામાં આવ્યુ. સમતુલિત આર્થિક વિકાસ માટે અથવા પ્રાદેશિક આર્થિક અસમાનતા ઘટાડવા માટે જુદા જુદા પ્રદેશો વચ્ચે શ્રમની ગતિશીલતા વધારવી, પછાત વિસ્તારોમાં નવા એકમો નાખવા અને પ્રાદેશિક અસમાનતા અંગે વારંવાર સંશોધનો કરવા વગેરે કાર્યક્રમોને મહત્ત્વ આપવામાં આવ્યુ. આયોજનપંચે પ્રાદેશિક અસમાનતા નિવારવા આ મુજબના કેટલાક કાર્યક્રમો રજૂ કર્યા (૧) વિકસતા વિસ્તારોમાં ગ્રામોદ્યોગનો

વિકાસ (૨) નવા ઔદ્યોગિક એકમો માટે પછાત વિસ્તારોની પસંદગી (૩) પછાત વિસ્તારોમાં સિંચાઈની સગવડ વધારવી વગેરે જેવા કાર્યક્રમો વિકસતા વિસ્તારમાં અમલમાં મૂકવાનું નકકી કર્યું. તેમ છતા અસમાનતામાં ઘટાડો થઈ શકયો નહી. ત્રીજી પંચવર્ષીય યોજનાની રૂપરેખામાં સમતુલિત પ્રાદેશિક વિકાસ માટે જુદુ પ્રકરણ મૂકવામાં આવ્યુ. દેશના જુદા જુદા ભાગોનો સમતુલિત વિકાસ થાય અને આર્થિક વિકાસનાં વધુને વધુ લાભ અલ્પવિકસિત પ્રદેશોને મળે તથા ઉદ્યોગોનો વિકેન્દ્રિત ધોરણે વિકાસ એમ ત્રણ યોજના તૈયાર કરવામાં આવી. પ્રાદેશિક અસમાનતા નિવારવા માટે તાલીમી સગવડો, વિકાસ કાર્યક્રમો અને નવા એકમો સ્થાપવાની યોજના ઘડવામાં આવી. ત્રીજી અને ચોથી યોજનાને પણ પ્રાદેશિક અસમાનતા ઘટાડવામાં નિષ્ફળતા મળી. ચોથી પંચવર્ષીય યોજનામાં પ્રાદેશિક અસમાનતા ઘટાડવા માટેની ફોર્મ્યુલા પણ અપનાવવામાં આવી હતી (૧) કેન્દ્રીય સહાયની ફોર્મ્યુલા (૨) કેન્દ્રીય પ્રોજેકટોની ફોર્મ્યુલા (૩) નાણાકીય પ્રોત્સાહન (૪) ગ્રામ વિજળી કોર્પોરેશન (૫) રાજયના પ્રયાસો (૬) દુષ્કાળ પિડીત વિસ્તારો માટેની યોજનાઓ અમલમાં મૂકેલ પાંચમી યોજનામાં પણ ચોથી યોજનાની નીતિનો અમલ ચાલુ રાખ્યો છે. લઘુત્તમ જરૂરિયાતોનો એક કાર્યક્રમ ઘડયો છે આ યોજનામાં બેકારી નાબૂદી માટેની યોજના ઉપર વધુ ભાર મૂકયો છે. છટ્ઠી યોજનામાં પછાત વિસ્તારોની નજીકનાં વિસ્તારને ધ્યાનમાં રાખી પ્રોજેકટોની વ્યાપક અસરો અને તેમના ખર્ચનુ તુલનાત્મક વિશ્લેષણ કરી ચોથી અને પાંચમી પંચવર્ષીય યોજનામાં નહી સમાવિષ્ટ એવા પેટા પ્રદેશોનાં સંપૂર્ણ આર્થિક વિકાસ માટે છટ્ઠી પંચવર્ષીય યોજનામાં સુગ્રથિત ગ્રામ વિકાસ યોજના, પ્રાદેશિક આયોજન અને લઘુતમ જરૂરિયાતમાં રાષ્ટ્રીય કાર્યક્રમની મદદ લેવાનુ નકકી થયુ છે. આઠમી પંચવર્ષીય યોજનામાં વિકેન્દ્રિત આયોજનને મૂર્તિમંત કરી યોજનાનાં અમલીકરણની કેટલીક જવાબદારીઓ જિલ્લા સ્તરે અને વિકાસ ઘટકકક્ષાએ સોંપવામાં આવી અને જિલ્લા આયોજન સ્તરે વિવિધ નિષ્ણાંતો અને સંસ્થાઓ સ્થાપવામાં આવી. નવમી પંચવર્ષીય યોજનામાં સમતુલિત વિકાસ ધ્યેયો પાર પાડવા માટે વિકેન્દ્રિત આયોજનના ભાગરૂપ રોજગારી બાંહેધરી યોજના અમલમાં મૂકવામાં આવી. સાથે સાથે લોક ભાગીદારીને સ્વીકારવામાં આવી તેમ છતાં પ્રાદેશિક અસમાનતામાં ઘટાડો થઈ શકયો નથી. આ ઉપરાંત પ્રાદેશિક અસમાનતા ઘટાડવા સરકારે પણ કેટલાક પગલાઓ લીધા છે જેમકે (૧)

પરવાના પદ્ધતિમાં સુધારાઓ કર્યા (૨) ધિરાણમાં પછાત તેમજ વિકસતા વિસ્તારોને પ્રથમ પસંદગી આપવી (૩) પ્રાદેશિક અસમાનતા ઘટાડવા ગાડગીલ ફોર્મ્યુલા ને અમલમાં મુકવામાં આવી. (૪) ગ્રામ પ્રાદેશિક બેન્કો દ્વારા પછાત વિસ્તારને મદદ કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો (૫) હરિયાળી ક્રાંતિનો પ્રસાર વધારવાનાં પ્રયત્નો (૬) વિકસતા વિસ્તારોમાં નવા રસ્તાઓ બાંધવાને પ્રથમ પસંદગી (૭) વિકસતા વિસ્તારોમાં ખાનગી ઉદ્યોગપતિઓને નવા ઉદ્યોગો અને એકમો શરૂ કરવા પ્રોત્સાહન જેવા અનેક ઉપાયો સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યા છે. છતા આજે પ્રાદેશિક આર્થિક અસમાનતામાં કોઈ મોટા ફેરફારો થયા નથી અને રાજયો રાજયો વચ્ચેની, પ્રદેશ પ્રદેશ વચ્ચેની અસમાનતા લગભગ યથાવત રહેવા પામી છે. સાથે–સાથે ગ્રામીણ ગરીબી, બેરોજગારી જેવી સમસ્યાઓ વિકટ બનતી જોવા મળે છે.

## ૨:૭ પ્રાદેશિક વિકાસનું પુનઃઆયોજન :–

પ્રાદેશિક આયોજનની યોજનાઓનાં અમલ પછી નિષ્ફળતાઓ મળી હોવા છતા જયાં સુધી તેના પૂરતા પરિબળો આવરી લેવામાં ન આવે અને તેઓની સચોટ રીતે ચકાસણી અને આકારણી કરવામાં ન આવે ત્યાં સુધી આયોજનની સફળતા સિદ્ધ થઈ શકતી નથી માત્ર માર્ગદર્શક અને દિશાસૂચન થાય છે અને અનુભવ પરથી ભાવિ આયોજન વખતે તેમાં સંકળાયેલા ઘટકોમાં યોગ્ય ફેરફારો કરીને પુનઃ આયોજનને વધુ સચોટ બનાવી શકાય છે. પુનઃ આયોજનના ભાગ સ્વરૂપે (૧) વિકસતા પ્રદેશ કે જિલ્લાના વિકાસ કાર્યક્રમમાં કેન્દ્ર સરકાર માત્ર નાણાકીય જવાબદારીઓ અદા કરે અને બાકીની પરિણામી લક્ષી જવાબદારીઓ અન્ય સરકાર પર છોડી દેવામાં આવે (૨) કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવતી સહાયની પદ્ધતિમાં માથાદીઠ આવક, વસ્તીનાં ધોરણો અને ગરીબી રેખા હેઠળ જીવતા લોકોનું પ્રમાણ ગણતરીમાં લેવુ જોઈએ. (૩) વિકસતા જિલ્લાના આર્થિક વલણોના અંદાજો બાંધવા જોઈએ અને તે મુજબ આયોજન અને સાધનોની ફાળવણીનું વર્ગીકરણ કરવુ જોઈએ. (૪) ગ્રામ વિકાસના સઘન કાર્યક્રમો હાથ ધરવા જોઈએ. (૫) ઉત્પાદનના સાધનોનો સઘન વપરાશ થાય તેવા સતત પ્રયત્નો કરવા જોઈએ. (૬) ઔદ્યોગિક એકમની સ્થાપનાથી માંડી શરૂ થતી અનેક સમસ્યાઓ અને મૂશ્કેલીઓ દૂર કરી નવી વસાહતોની સ્થાપનાનાં કાર્યક્રમને વેગ મળવો જોઈએ. (૭) જુદા જુદા ક્ષેત્રમાં કરવેરાનું પ્રમાણ અને દરમાં પરિવર્તન કરવુ અને જે તે

ક્ષેત્રમાંથી પ્રાપ્ત થતી વધારાની આવક પ્રાથમિકતા મુજબના ક્ષેત્રમાં વિશેષતઃ રોકવી (૮) લઘુતમ વેતનધારાનો અસરકારક અમલ કરવો. (૯) સિંચાઈની સગવડો વધારવી (૧૦) પછાત રાજયોમાં ગ્રામ્ય ઔદ્યોગિકરણને પ્રોત્સાહન આપવુ જેથી ખેતી પરનું ભારણ ઘટશે અને અસમતુલા દૂર થઈ શકશે (૧૧) શિક્ષણની વ્યાપકતા વધારવી, જેથી સાધનોનો દુર્વ્યય અટકશે. (૧૨) બાહય મૂડીરોકાણકારોને આકર્ષવા તેમજ સ્થાનિક ખાનગી મૂડીરોકાણકારો ઉભા કરવા (૧૩) સઘન કૃષિ કાર્યક્રમોનું આયોજન કરવુ તેને માટે માર્ગદર્શક સંસ્થાઓ વિકસાવવી. (૧૪) જે તે વિસ્તારની સ્થાનિક માંગને ધ્યાનમાં રાખીને સ્થાનિકતા, આધારિત ઉદ્યોગો સ્થાપવા (૧૫) વિકાસમાન વિસ્તારોનાં સંપૂર્ણ વિકાસ માટે કેન્દ્રની જેમ રાજયોએ પણ અલગ ફંડ રચી વિશિષ્ટ પ્રયાસો કરવા જોઈએ.

## ૨:૮ વિકેન્દ્રિત આયોજન :–

ભારતમાં આર્થિક વિકાસ સાધવા માટે ૧૯૫૧થી આયોજનની શરૂઆત કરવામાં આવી આયોજનની શરૂઆતથી જ એટલે કે પ્રથમ પંચવર્ષીય યોજના અમલમાં આવી ત્યારથી જ મુખ્યત્ત્વે આર્થિક વિકાસનાં ધ્યેયને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવ્યુ. પ્રથમ યોજનામાં પ્રાદેશિક વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો. પરંતુ તેમા જિલ્લા કે પ્રદેશકક્ષાનાં આયોજનનો કોઈ ખ્યાલ હતો નહી. આયોજનના હેતુઓને પાર પાડવા માટે ભૂતકાળમાં જે આયોજનના પ્રયત્નો કરવામાં આવ્યા અને તેનું અમલીકરણ કરવામાં આવ્યુ તેમાં કેન્દ્રીય ધોરણે આયોજન કરવામાં આવતુ હતુ. તેની ખામીનાં સ્વરૂપમાં પ્રાદેશિક અસમતોલ વિકાસનું સર્જન થવા પામ્યુ. પરિણામ સ્વરૂપે ૧૯૬૩ માં વિકાસ પ્રવૃત્તિઓનાં વિકેન્દ્રિકરણની દિશામાં પગલુ ભરવામાં આવ્યું જેમાં ગુજરાત રાજય અગ્રેસર છે. વહિવટમાં લોકશાહી વિકેન્દ્રિકરણ પાછળનો ધ્યેય યોજનાઓ ઘડવામાં અને સ્વરાજય માટેની તક પૂરી પાડવામાં સ્થાનિક જિલ્લા અને રાજયકક્ષાએ સક્રિય સહકાર મેળવવાનો છે. ગાંધીજી અને જવાહરલાલ નહેરુનું એક પ્રિય સુત્ર હતુ. 'નીચલા સ્તરથી આયોજન' એટલે કે પંચાયતરાજની હિમાયત કરવામાં આવી જે અંતર્ગત નાણાકીય ફાળવણી અને જરૂરી કર્મચારી વર્ગ સાથે જિલ્લા પંચાયતોને જિલ્લાકક્ષાની ઘણી યોજનાઓ તબદીલ કરવામાં આવી હતી. આ યોજનાઓનાં અમલ અને દેખરેખ કે નિયંત્રણની કામગીરી પણ પંચાયતોને સોંપવામાં આવી હતી. જયારે જિલ્લા સ્તરે તબદીલ

નહીં કરાયેલી યોજનાઓ રાજય હસ્તક દેખરેખ અને નિયંત્રણ હેઠળ ચાલુ રાખી.

ગુજરાત રાજયમાં 'પંચાયતી રાજ' તરીકે ઓળખાતી આ યોજનાનાં પ્રણેતા સ્વ. બળ વંતરાય મહેતા હતા. વિકેન્દ્રિત આયોજનની કેટલીક ખામીઓ જોવા મળી હતી. આ બાબતને ધ્યાનમાં રાખીને ૫ મી નવેમ્બર ૧૯૭૭ માં 'Working Group of BLock level Planing' કમિટીની નિમણૂક કરી આ કમિટીનાં ચેરમેન એમ. એલ. દાંતવાલા હતા. જેમણે બ્લોક (ઘટક) કક્ષાના આયોજન માટે વિસ્તૃત રૂપરેખા આપી. આ કમિટીએ જણાવ્યુ કે, આવા આયોજનો માટે કુશળતા સ્થાપવાનાં ગંભીર પ્રયત્નો થયા નથી. રાષ્ટ્રીય કક્ષાનું અને રાજય કક્ષાનું જે આયોજન થયુ છે તે બરાબર નથી. કારણકે કેન્દ્રીય આયોજન દેશનાં અંદરનાં નાનામાં નાના વિસ્તારની સમસ્યાઓનો અભ્યાસ કરતુ નથી. માટે આવી સમસ્યાનાં ઉકેલરૂપ વિકેન્દ્રિત આયોજન જરૂરી છે. રાજયમાં વિકેન્દ્રિત આયોજનનાં સ્વીકારની સાથે તેની ઉણપનાં નિવારણ રૂપ ૧૪મી નવેમ્બર ૧૯૮૦ થી પ્રત્યેક જિલ્લા માટે જિલ્લા આયોજન બોર્ડની રચના કરીને વિકેન્દ્રિત આયોજન સંપૂર્ણ વિકસિત ધોરણે દાખલ કરવામાં આવ્યુ. જિલ્લા આયોજન બોર્ડની રચના જોઈએ તે પહેલા, ઘટકકક્ષાનું આયોજન એટલે શું ? ઘટકકક્ષાનાં આયોજનનો અર્થ અહીં રજૂ કરેલ છે.

**૨:૮:૧ ઘટકકક્ષાનાં આયોજનનો અર્થ :–**

(૧) ઘટકકક્ષાનું આયોજન એ પ્રક્રિયાનું પરિણામ છે કે જે દેશનાં સૌથી વધુ પછાત ગણાતા જિલ્લાઓમાંથી કેટલાક જિલ્લાઓને આર્થિક દ્રષ્ટિએ પછાત વિસ્તાર તરીકે પસંદ કરવામાં આવ્યા અને તે સાથે રાજયકક્ષાએ પ્રાદેશિક આયોજનનાં ઘડતરની પ્રક્રિયાને સુદ્રઢ બનાવવાની પ્રક્રિયા અને તેનું પરિણામ છે. (૨) વિવિધ નિષ્ણાંતો અને સ્થાનિક વહિવટી કર્મચારીઓ દ્વારા સ્થાનિક પ્રશ્નોનો સ્થાનિક સમાધાનકારી વલણો અપનાવીને પ્રાદેશિક વિકાસનાં ધ્યેય સાથે સમતોલ વિકાસ સાધવાનાં પ્રયત્નોનાં ભાગરૂપ સ્થાનીય ધોરણે કરવામાં આવતુ આયોજન. જેને કેન્દ્રીય પ્રોત્સાહનો અને નાણાકીય સાધનોના પીઠબળ સાથે પ્રયોજવામાં આવે છે. આવુ આયોજન માળખુ એટલે ઘટકકક્ષાનું આયોજન (૩) સમગ્ર દેશને અથવા તો મુખ્ય પ્રદેશને જુદા જુદા ઘટકોમાં વિભાજિત કરી તેનાં વિકાસનાં સંદર્ભમાં આયોજન કરવુ તેને ઘટકકક્ષાનું આયોજન કહેવામાં આવે છે. (૪) ઘટકકક્ષાએ આયોજન અથવા જિલ્લાકક્ષાએ કે

પ્રાદેશિક કક્ષાએ આયોજનનું ઘડતર અમલ અને નિયંત્રણ થતુ હોય તો તેને વિકેન્દ્રિત આયોજન કહે છે. (૫) ટુંકમાં કહીએ તો નીચલા સ્તરથી અથવા પ્રાદેશિક કક્ષાએ અથવા જિલ્લાકક્ષાએ આયોજનનું ઘડતર, અમલીકરણ અને નિયંત્રણ થાય તેને ઘટકકક્ષાનું આયોજન કહેવામાં આવે છે. (૬) સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં નીચલા કે પાયાનાં સ્તરથી કે વિકાસ ઘટકો દ્વારા થતુ આયોજન એટલે ઘટકકક્ષાનું આયોજન.

જિલ્લા કક્ષાનું આયોજન એ ઘટકકક્ષાના આયોજનનો જ એક ભાગ છે. જેમાં જિલ્લાકક્ષાએ જિલ્લા આયોજન બોર્ડ દ્વારા જિલ્લાનાં સ્થાનિક પ્રશ્નો અને સ્થાનિક ધોરણે નિવારણ સાથે વિકાસની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને આયોજન ઘડવામાં આવે છે.

### ૨:૮:૨ જિલ્લા આયોજન બોર્ડ :–

જિલ્લા આયોજન બોર્ડ વ્યાપક ફલક ધરાવે છે. તેમજ જુદા–જુદા હિતોનું રક્ષણ અને પ્રાપ્તિના વિવિધ કાર્યો કરવા માટેની પૂરતી શકિત ધરાવે છે. આવા આયોજન બોર્ડનાં અધ્યક્ષ તરીકે રાજય સરકારનાં મંત્રી હોય છે. જિલ્લા પંચાયતનાં પ્રમુખ ઉપાધ્યક્ષ તરીકે અને જિલ્લા કલેકટર સહ ઉપાધ્યક્ષ તરીકે હોય છે. જિલ્લા આયોજન બોર્ડની રચના નીચે મુજબ હોય છે.

| | હોદ્દેદારો | હોદ્દો |
|---|---|---|
| | વહિવટી અધિકારી | – |
| ૧. | રાજય સરકારના મંત્રી | અધ્યક્ષ |
| ૨. | જિલ્લા પંચાયત પ્રમુખ | ઉપાધ્યક્ષ |
| ૩. | જિલ્લા કલેકટર | સહ ઉપાધ્યક્ષ |
| ૪. | જિલ્લાની બધીજ તાલુકા પંચાયતના પ્રમુખ | સભ્યો |
| ૫. | જિલ્લામાંથી ચૂંટાયેલા બધા ધારાસભ્યો | સભ્યો |
| ૬. | જિલ્લામાંથી ચુંટાયેલ બધા સંસદ સભ્યો | સભ્યો |
| ૭. | જિલ્લાની બધી નગરપાલિકાનાં પ્રમુખો | સભ્યો |
| ૮. | મહાનગરપાલિકાના મેયર | સભ્યો |
| ૯. | મ્યુનિસિપલ કમિશ્નર | સભ્યો |
| ૧૦. | જિલ્લાની કોઈ એક નગરપંચાયતના પ્રમુખ | સભ્યો |

| | | |
|---|---|---|
| **૧૧.** | સંશોધન સંસ્થાના એક નિષ્ણાંત | સભ્યો |
| **૧૨.** | જિલ્લાની મુખ્ય બેન્કનાં પ્રતિનિધિ | સભ્યો |
| **૧૩.** | જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના અધ્યક્ષ | સભ્યો |
| **૧૪.** | જિલ્લા વિકાસ અધિકારી | સભ્યો |
| **૧૫.** | પરિયોજના વહિવટદાર (આદિજાતી વિસ્તાર પેટા યોજન) | સભ્યો |
| **૧૬.** | રાજય આયોજન પંચના સભ્ય | સભ્યો |
| **૧૭.** | જિલ્લા સામાજિક ન્યાય સમિતિ અધ્યક્ષ | સભ્યો |
| **૧૮.** | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી | સભ્યો |
| **૧૯.** | જિલ્લા પંચાયતનાં મહિલા સભ્ય | સભ્યો |
| **૨૦.** | જિલ્લા આયોજન અધિકારી | સભ્ય સચિવ |
| **૨૧.** | જિલ્લા આંકડા અધિકારી | વધારાના સભ્ય સચિવ |
| **૨૨.** | સામાન્ય વહિવટ વિભાગના અધિકારી | નિરીક્ષક |

ઉપરોકત પ્રકારનું જિલ્લા આયોજન બોર્ડ નીચેના કેટલાય કાર્યો કરે છે.

**૧.** જિલ્લાની ભાવિલક્ષી યોજના, પંચવર્ષીય યોજના અને વાર્ષિક યોજના તૈયાર કરવી.

**૨.** વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળના ખર્ચની જોગવાઈ અનુસાર ચોકકસ યોજનાઓ તૈયાર કરવી.

**૩.** સ્થાનિક સંસ્થાઓ તથા જાહેર અને સેવા સંસ્થાઓ તરફથી વધુ સહયોગ સુનિશ્ચિત કરવો.

**૪.** જિલ્લામાં અમલમાં મૂકેલ યોજનાની નિયમિત સમીક્ષા કરવી અને તેનુ મૂલ્યાંકન હાથ ધરી અવરોધો દૂર કરવાનો પ્રયાસ કરવો.

**૫.** અન્ય કાર્યો :–

૧. જિલ્લાનાં ન્યુનતમ જરૂરિયાત કાર્યક્રમ પર દેખરેખ અને નિયંત્રણ

૨. ગરીબી નિવારણનાં કુટુંબનિયોજન કાર્યક્રમમાં ખર્ચ જોગવાઈ કરી કાર્યક્રમની પ્રગતિ પર દેખરેખ અને નિયંત્રણનું કામ જિલ્લા આયોજન બોર્ડને સહાયક બે સમિતિઓ હોય છે. (૧) કારોબારી આયોજન સમિતિ (૨) તાલુકા આયોજન સમિતિ

કારોબારી આયોજન સમિતિ એ એક ઘનિષ્ઠ સમિતિ છે. તેમાં કલેકટર, જિલ્લા પંચાયત પ્રમુખ, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા આયોજન અધિકારી, ધારાસભ્યો અને તાલુકા પંચાયતના પ્રમુખનો સમાવેશ થાય છે. કારોબારી આયોજન સમિતિ જિલ્લા આયોજન બોર્ડને મદદ કરે છે. જિલ્લા આયોજનની ખર્ચ જોગવાઈ પ્રથમ વખત કારોબારી સમિતિમાંથી પસાર કરવામાં આવે છે. આ સમિતિ ચકાસણી બાદ મંજૂરી આપે છે. તેમજ કારોબારી આયોજન સમિતિ યોજનાની પ્રગતિ પર દેખરેખ અને નિયંત્રણ રાખે છે અને યોજનાનાં અવરોધક પરિબળો શોધી દૂર કરવાનાં પ્રયત્નો કરે છે. જયારે તાલુકા આયોજન સમિતિ ગ્રામીણ જરૂરીયાતોની દરખાસ્તો મૂકે છે અને અગ્રતાક્રમાંક નકકી કરે છે.

આ રીતે વિકેન્દ્રિત આયોજનમાં સમિતિકરણનાં ભાગરૂપ જિલ્લાઆયોજન બોર્ડને કેટલીક સત્તાઓ સોંપવામાં આવી છે. જેની સમીક્ષા જિલ્લા આયોજન બોર્ડની નિયમિત મળતી બેઠકમાં કરવામાં આવે છે. આ ઉપરાંત અગાઉનાં વર્ષની કામગીરીની સમીક્ષા ચાલુ કામગીરી અને ભાવિ કામગીરીનાં આયોજન અંગેની ચર્ચા કરવામાં આવે છે. એ માટે જિલ્લા આયોજન બોર્ડને અમુક કામ કરવા સત્તા અને સાધનો પણ આપવામાં આવે છે. જિલ્લા આયોજન બોર્ડ રાજય અને કેન્દ્રને ધ્યાનમાં રાખીને આર્થિક સત્તા અને આયોજનના વિકેન્દ્રિકરણનાં લાભો અને વિકેન્દ્રિકરણનાં ધ્યેયો સિધ્ધ કરવાનાં સફળ પ્રયત્નો કરે છે. વિકેન્દ્રિત આયોજનના મૂલ્યાંકનનાં ભાગરૂપ ફાયદા અને ગેરફાયદાઓ નીચે મુજબ આપવામાં આવ્યા છે.

**૨:૮:૨ ફાયદાઓ :–**

ઘટકકક્ષાએથી થતા આયોજનનાં અમલીકરણથી થતા ફાયદાઓ નીચે મુજબ છે.

**(૧) સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય.**

ઘટકકક્ષાએથી થતુ આયોજન જે તે પ્રદેશ કે વિસ્તારનું સ્થાનિક ધોરણે થતુ આયોજન છે. આથી આ પ્રદેશ કે વિસ્તારની પછાતતાનાં કારણો શોધી તેને દૂર કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. એવા પ્રયત્નો હાથ ધરતા પહેલા સ્થાનિક સમસ્યાઓ કે પ્રશ્નોની સમીક્ષા વિકેન્દ્રિત આયોજન દ્વારા નિમવામાં આવેલ સ્થાનિક બોર્ડ દ્વારા કરવામાં આવતી હોય છે. એવા બોર્ડની અંદર સ્થાનિક વહિવટી અધિકારીઓ અને પદાધિકારીઓની નિમણૂક કરવામાં આવી હોય છે. બોર્ડના સ્થાનિક હોદ્દેદારો સ્થાનિક પ્રશ્નોથી વાકેફ હોય છે. આથી સ્થાનિક

સમસ્યાઓ કે વિશિષ્ટ પ્રશ્નોનો ઉકેલ ઝડપથી આવે છે.

**(૨) સાધનોનો દૂર્વ્યય ઘટે છે :–**

સ્થાનિક ધોરણે આયોજન થતુ હોવાથી સ્થાનિક રોજગારીની તકો વધારવા માટે જે તે પ્રદેશ વિસ્તારમાં કેવા પ્રયત્નો કરવાથી રોજગારી વધારી શકાશે એનો આધાર સ્થાનિક ઉત્પાદન સાધન સંપત્તિ પર રહેલો છે. આવી સાધન સંપત્તિનો પૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ હાથ ધરવામાં આવે છે. આથી સાધનોનો દૂર્વ્યય અટકાવી શકાય છે. જેથી સ્થાનિક સાધનસંપત્તિ અને માનવશકિતનો પૂરો ઉપયોગ લઈ શકાય છે જે વિકાસમાં વધુ ઉપયોગી થાય છે.

**(૩) પ્રદેશને અનુરૂપ વિકાસ મોડેલો તૈયાર થાય છે :–**

સ્થાનિક ધોરણે આયોજન થતુ હોવાથી જે તે પ્રદેશને અનુરૂપ આયોજનનું ઘડતર કરવામાં આવે છે. જેમકે કોઈ પ્રદેશમાં ખેતીક્ષેત્રે પછાતતા વધુ હોય તેમજ ખેતી પરનું ભારણ પણ વધુ હોય તો એવા પ્રદેશમાં સઘનખેતી અને ખેત વિકાસનાં કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવે છે. એવી જ રીતે જે તે પ્રદેશમાં ખનીજસંપત્તિ વધુ પ્રમાણમાં હોય પરંતુ તેનો ઉપયોગ શૂન્ય હોય આવા વિસ્તારનાં આયોજકો ખનીજ સંપત્તિનાં ઉપયોગ આધારિત ઉદ્યોગો તરફ વધુ ધ્યાન આપશે. આમ ઘટકકક્ષાનાં આયોજનને કારણે પ્રદેશને અનુરૂપ વિકાસ મોડેલ તૈયાર કરવામાં આવે છે.

**(૪) લોકોની ભાગીદારી વધે છે :–**

ઘટક કક્ષાએથી આયોજન થતુ હોવાથી લોકોની ભાગીદારી વધે છે. કારણકે સ્થાનિક પદાધિકારીઓ સ્થાનિક ભાષામાં વિકાસ કાર્યક્રમોની ચર્ચા કરતા હોય છે. પરિણામે સમજવામાં સરળતા હોવાથી લોકસહયોગ પણ વધે છે. કેન્દ્રીત આયોજનમાં લોક સહયોગ એ આધારસ્તંભ સમાન ગણવામાં આવે છે. વિકેન્દ્રિત આ આયોજનનાં માળખામાં પ્રતિનિધિઓ અને બિનસરકારી વ્યકિતઓનો સમાવેશ થાય છે. વળી આઠમી પંચવર્ષીય યોજનામાં લોક સહયોગને વધુ મહત્ત્વ આપી નવા પગલાઓની પૂર્તિ કરાઈ હતી. જેના પરિણામે લોકો તરફથી મળનાર ફાળાનાં પ્રમાણમાં વધારો થયો હતો. જેમ લોકફાળો વધુ તેમ યોજના વધુ સફળ બને છે. વિકેન્દ્રિત આયોજનમાં લોક ભાગીદારી વધે છે.

**(૫) કેન્દ્ર અને રાજય સરકાર પર બોજો અને જવાબદારી ઘટે છે :–**

વિકેન્દ્રિત આયોજનના ભાગરૂપ યોજનાઓ તૈયાર કરવાનું, ઘડવાનું અને અમલમાં મૂકવાનું કાર્ય તેનાં પર દેખરેખ અને નિયંત્રણ રાખવાનું કામ, દરખાસ્તો તૈયાર કરવાનુ કામ, કામોની ગુણવત્તા મૂલવવા તથા તેનાથી થયેલ અસરોનો કયાસ કાઢવા માટે તાલુકાકક્ષાએ સમિતિઓની રચના કરવામાં આવી છે. તેમજ યોજના પાછળ થતા ખર્ચનું આયોજન કરવાની સર્વસત્તા જિલ્લા આયોજન બોર્ડને સોંપવામાં આવે છે. જિલ્લા આયોજન બોર્ડ રાજય અને કેન્દ્રને ધ્યાનમાં રાખીને યોજનાનું ઘડતર કરે છે. ત્યારે સર્વસત્તા અને સંપૂર્ણ વિવેકાધિકાર જિલ્લા આયોજન બોર્ડને સોંપવામાં આવે છે. જેથી રાજય અને કેન્દ્ર સરકારની જવાબદારી ઘટે છે. તેમજ સ્થાનિક સમસ્યાઓને અનુરૂપ યોજના ખર્ચ થતુ હોવાથી નાણાકીય દૂર્વ્યય થતો નથી. આથી રાજય અને કેન્દ્રના ખર્ચમાં પણ મહત્તમિકરણનો સિધ્ધાંત કાર્ય કરતો થાય છે.

**(૬) ભારતને અનુરૂપ આયોજન છે :–**

ભારત જેવા વિશાળ દેશમાં બધા જ વિકાસમાન પ્રદેશોનું સમગ્ર રીતે આયોજન કરવુ શકય નથી. કારણ સર્વગ્રાહી આયોજન દરેક પ્રદેશને અનુરૂપ ન પણ હોય કારણ જુદા જુદા પ્રદેશોની સમસ્યાઓ અને પછાતતાનાં કારણો જુદા જુદા હોય છે. આવી પરિસ્થિતિમાં સર્વગ્રાહી આયોજનની અસરકારકતા ઓછી હોવાથી તેમજ ખર્ચનાં સંદર્ભમાં પણ ઘટકકક્ષાએથી આયોજન થતુ હોવાથી સ્થાનિક સમસ્યાઓને અનુરૂપ ખર્ચ થતુ હોવાથી મૂડીસાધનનો કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે છે. માટે ભારત જેવા વિશાળ અને મૂડીની અછતવાળા રાષ્ટ્રમાં ઘટકકક્ષાનું આયોજન અર્થતંત્રને અનુરૂપ જોવા મળે છે.

**(૭)** ઘટકકક્ષાનાં આયોજનથી સમગ્ર સર્વગ્રાહી આયોજન વધુ પ્રમાણમાં સફળ થઈ શકે છે.

**(૮)** ઘટકકક્ષાએથી થતા આયોજનથી યોજનાના વિકાસ કાર્યક્રમો પર દેખરેખ અને અંકુશ રહે છે.

**(૯)** સ્થાનિક ધોરણે આયોજન થતુ હોવાથી કરેલ કામગીરીનું મૂલ્યાંકન અને પુનઃઘડતરની પ્રક્રિયા સરળ બને છે.

(૧૦) વહિવટમાં સુગમતા રહે છે અને યોજનાવિષયક નિર્ણયો ઝડપથી લઈ શકાય છે.

**૨:૮:૨:૩ ગેરફાયદા :–**

(૧) કેન્દ્ર અને રાજયનાં આયોજન પર જિલ્લાની આધારિતતા

(૨) કુશળ નિષ્ણાંતો અને સમીક્ષકોનો અભાવ

(૩) યોજના માટે વધારાના નાણા ઉભા કરવાનો અભાવ

(૪) વહિવટી અને ટેકનીકલ પ્રશ્નો

(૫) જુદા જુદા ઘટકો વચ્ચે સંકલનનો અભાવ

(૬) એકસુત્રતાનો અભાવ

## ૨:૯ પ્રાદેશિક વિકાસ માટે વિકેન્દ્રિત આયોજન :–

વીસમી સદીનાં પહેલા અર્ધભાગ દરમિયાન વિકાસનું મહત્વ ઉત્તરોતર વધતુ ગયુ છે. કેન્દ્રિય આયોજનનાં ઘડતરમાં સમગ્રલક્ષી અભિગમ અપનાવાતો હોવાથી અર્થવ્યવસ્થાનાં મુખ્ય પ્રશ્નો વિશાળ દ્રષ્ટિથી આવરી લેવામાં આવે છે. પરિણામે કેન્દ્રીય આયોજનમાં અર્થતંત્રની સમગ્ર આર્થિક પરિસ્થિતિ અને સમસ્યાઓનો જ સામાન્યતઃ સમાવેશ કરવામાં આવે છે.

અર્થતંત્રનાં જુદા જુદા પ્રદેશો અને વિસ્તારોની આર્થિક પરિસ્થિતિ તથા ભૌગોલિક, કુદરતી, આર્થિક, રાજકીય અને સામાજિક પરિસ્થિતિ અલગ અલગ રીતે અસર કરે છે. જેને પરિણામે પ્રાદેશિક ધોરણે આર્થિક પરિસ્થિતિ અને સમસ્યાઓનું સ્વરૂપ આગવી લાક્ષણિકતા ધરાવે છે. કેન્દ્રીય આયોજન ઘડતરમાં આવી જુદા જુદા પ્રદેશોની સ્થાનિક લાક્ષણિકતાઓનું પ્રતિબિંબ પડતુ હોતુ નથી. આમ કેન્દ્રીય આયોજન અર્થતંત્રનાં વિવિધ પ્રદેશોના વિકાસનું આયોજન હોવા છતાં પ્રાદેશિક ધોરણે થતુ કે ઘટકકક્ષાએથી થતુ આયોજન નથી. ટુંકમાં કેન્દ્રીય આયોજન એ જુદા જુદા પ્રદેશોના આયોજનનો સરવાળો નથી પરંતુ સમગ્રલક્ષી સરેરાશ રાષ્ટ્રીય વિકાસનો કાર્યક્રમ છે.

આધુનિક ગતિશીલ અર્થવ્યવસ્થામાં આયોજન પંચ માટે ઘટક પ્રદેશોની વિશિષ્ટ જરૂરિયાતો અનુસાર કેન્દ્રીય યોજનાનાં ઘડતરનું કાર્ય અશકય નહી તો કઠિન તો છે જ. કેન્દ્રીય આયોજનનાં બૃહદ સ્વરૂપને કારણે કેટલીકવાર પ્રાદેશિક પ્રશ્નોની ઉપેક્ષા અને અવગણના થતી જોવા મળે છે. પરિણામે અર્થવ્યવસ્થાનો એકાંગી અસમતોલ અને અસંતોષકારક રીતે વિકાસ થાય છે. ઉપરાંત પ્રાદેશિક અસમાનતા અને વિષમતાની પરિસ્થિતી સર્જાય છે. જે કેન્દ્રીય આયોજન દ્વારા સહેલાઈથી દૂર કરી શકાતી નથી આવી અસમતુલા કે વિષમતા દૂર કરવા વિકેન્દ્રિત

આયોજન જરૂરી છે.

કેન્દ્રીય આયોજનની ઉપર્યુકત મર્યાદાઓ અને ખામીઓમાંથી વિકેન્દ્રિત આયોજનની અગત્યતા, મહત્ત્વ અને અનિવાર્યતા સ્પષ્ટ થાય છે. વિકેન્દ્રિત આયોજનમાં સ્થાનિક પ્રશ્નો અને પરિસ્થિતિઓનો સૂક્ષ્મલક્ષી અભ્યાસ કરવામાં આવે છે. દરેક પ્રદેશો પોતાની સામાજિકતાના કારણે સાંસ્કૃતિક અને ઐતિહાસીક પ્રણાલિઓને કારણે વિભિન્નતા ધરાવે છે. પરિણામ સ્વરૂપે તેમની સમસ્યાઓ પણ જુદી જુદી હોય છે. ત્યારે પ્રદેશવાર વિવિધ આર્થિક નીતિની હિમાયત કરવામાં આવે છે. જેમકે કોઈએક પ્રદેશમાં આદિવાસી પ્રજાનું પ્રમાણ વધુ હાવાથી તે પ્રદેશ પછાત છે. જયારે કોઈએક પ્રદેશ રણવિસ્તારને કારણે પછાત છે તો આવા પ્રદેશોનાં વિકાસ માટે વિકેન્દ્રિત આયોજનની હિમાયત કરવામાં આવે છે.

વિકેન્દ્રિત આયોજન પ્રદેશની વર્તમાન તેમજ ભાવિવિકાસની જરૂરીયાતોને લક્ષમાં રાખી ઘડી શકાય છે. જેથી જે તે પ્રદેશનો વિકાસ સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુઆયોજિત રીતે કરી શકાય. આવા સ્થાનિક આયોજનમાં લોકો પોતાના રોજિંદા જીવનને સ્પશર્તા પ્રશ્નો ઉકેલતા હોવાથી લોકમાનસ પર આયોજનની પ્રત્યક્ષ અસર પડે છે. વિકાસની પ્રક્રિયા પરત્વે લોકો જાગૃત બને છે અને તે લાભદાયી નીવડવાથી લોકોને આયોજનમાં શ્રધ્ધા અને વિશ્વાસ ઉત્પન્ન થાય છે. ભારત જેવા વિશાળ લોકશાહી રાષ્ટ્રમાં વિકેન્દ્રિત આયોજનનું મહત્વ અને જરૂરીયાત વધુ છે.

## ૨:૧૦ પ્રાદેશિક વિકાસ માટેનો બંધારણીય સુધારો :–

વિકેન્દ્રિત આયોજનની સમીક્ષા કરવામાં આવી તેના ફળસ્વરૂપે વિકેન્દ્રિત આયોજનમાં કેટલીક ઉણપો રહી જવા પામી હતી. એ ઉણપોને દૂર કરી વિકેન્દ્રિત આયોજનને વધુ ગુણવત્તાયુકત બનાવવા માટે ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ.રાજીવ ગાંધીએ કેટલાક સુધારાઓ હાથ ધરવાની વિચારધારા આપી હતી. આ વિચારધારાને તેઓ વાસ્તવિકતામાં પરિવર્તીત કરી શકયા નહી. આથી તેમનાં ઉત્તરાધિકારી તરીકે બીરાજેલા વડાપ્રધાન શ્રી નરસિંહરાવે આ વિચારધારાને કાયદાકિય રીતે વાસ્તવિક બનાવવાનો પ્રયત્ન કર્યો, જેને આપણે પંચાયતી રાજના તોંતેરમાં બંધારણીય સુધારા તરીકે ઓળખીએ છીએ. આ બંધારણીય ધારો ૧૯૯૨ માં પસાર થતા દેશની સમવાય લોકતાંત્રિક પ્રણાલિમાં નવા યુગનાં મંડાણ થયા છે અને તે

પંચાયતીરાજ સંસ્થાઓને બંધારણીય દરજ્જો પૂરો પાડે છે ૨૪ મી એપ્રિલ ૧૯૯૩ ના રોજ અમલી બનેલો આ ધારો એવી જોગવાઈ કરે છે કે પંચાયતોને સ્વરાજની સંસ્થાઓ તરીકે કામ કરવા સત્તાઓ અપાશે. આ ધારાનાં મુખ્ય પાસાઓની અહીં ચર્ચા કરેલ છે.

(૧) ૨૦ લાખથી વધુ વસ્તી ધરાવતા બધાજ રાજયો માટે પંચાયતરાજની એક ત્રિસ્તરીય પધ્ધતિનું ઘડતર કરવુ.

(૨) દર પાંચ વર્ષે પંચાયતની નિયમિત ચૂંટણી કરવી.

(૩) પછાત જાતિની અનામત બેઠકો અને મહિલા અનામત બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ કરવી.

(૪) રાજય નાણાપંચો પંચાયતોની નાણાકીય સત્તાઓ વિશે ભલામણો કરશે.

(૫) રાજયનાં સ્વતંત્ર ચૂંટણી પંચો અમલમાં મૂકવા.

વિકેન્દ્રિત આયોજનની સરળતા અને ગુણવત્તા વધારવાનાં હેતુસર આ બંધારણીય સુધારામાં પંચાયતોની સત્તા અને જવાબદારીઓ નક્કી કરવામાં આવી. જેમાં આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજના તૈયાર કરવી, બંધારણની ૧૧મી સૂચિમાં જણાવેલ ૨૯ વિષયો સંબંધી આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજનાઓનો અમલ તેમજ જકાતો, ટોલટેક્ષ નાખી શકે કે વસુલ કરી શકે અને તેની ફાળવણી કરી શકે તેવી રજુઆત થયેલી છે. ૭૩માં બંધારણીય સુધારામાં ગ્રામવિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે જે ભાગરૂપે ગ્રામ વસ્તીઓની સામાન્ય સભાને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો. ગ્રામસભામાં ગ્રામીણ ગરીબ મહિલાઓ અને સામંતોના જીવનને અસર કરતી બાબતોના નિર્ણય લેવાની પ્રક્રિયાને સામેલ કરવાની તક મેળવી છે. સક્રિયપણે કામ કરતી ગ્રામસભાઓએ પારદર્શકતા, જવાબદારી અને સિધ્ધિઓ સાથે પાયાથી ધબકતી અને ચેતનવંતી લોકશાહીની ખાતરી આપવાની સુધારણા કરી ૧૯૯૬ સુધીમાં આ ધારાને બધાજ રાજયોમાં લઈ જવાનો ધ્યેય રાખ્યો હતો. આજે બધાજ રાજયોમાં આ ધારો અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાયદામાં ગ્રામસભાઓ અને પંચાયતોને કુદરતી સંપત્તિઓ તેમજ તેઓના જીવનના સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્ર પર નિયંત્રણ ધરાવવાની મહત્ત્વની સત્તા આપવાનું સ્વીકારવામાં આવ્યુ છે.

આમ પંચાયતી રાજના આ ૭૩માં સુધારામાં પંચાયતીરાજને વધુ સઘન બનાવવાનાં પ્રયત્નો છે. પ્રાદેશિક વિકાસના આયોજનને પ્રોત્સાહન પુરૂ પાડવાના, રાષ્ટ્રનાં સમતોલ

વિકાસ અને પ્રાદેશિક અસમતુલાને દૂર કરવાના હેતુથી નીચલા સ્તરેથી આયોજનને વધુ પ્રાધાન્ય આપવા અને પ્રોત્સાહન પુરૂ પાડવા, તેમજ વિકેન્દ્રિત આયોજનનાં લાભો લેવા માટે આ બંધારણીય સુધારો પસાર કરવામાં આવ્યો છે.

વિકેન્દ્રિત આયોજનને વધુ સુદ્દઢ બનાવવા માટે જે નવી સંવૈધાનિક વ્યવસ્થા કરવામાં આવી છે તેનાં કારણે પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન મળ્યુ છે. છતા વિકેન્દ્રિત આયોજનની શરૂઆત થયા પછી પણ તેમાં અવનવા સુધારા કરવાની જરૂર ઉભી થઈ છે, એ બાબત સુચવે છે કે પ્રાદેશિક અસમતુલામાં ઘટાડો થવા પામ્યો નથી. પ્રાદેશિક અસમતુલાને ઘટાડવા માટે નીચલા સ્તરેથી આયોજન સ્વીકારવામાં આવ્યુ  છે. છતા પ્રાદેશિક વિકાસની અસમાનતામાં ઘટાડો થયો નથી. તેના કારણભૂત પરિબળ તરીકે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ગણવામાં આવે છે.સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓએ પ્રાદેશિક આયોજનને અનુરૂપ સભાનતા કેળવી નથી તેમજ સ્વરાજયની સંસ્થાઓ માટે પ્રાદેશિક વિકાસના ધ્યેયો હાંસલ કરવા પુરતા નાણાકીય સાધનો પણ નથી.

અર્થતંત્રમાં બીજા તબક્કાનાં આર્થિક સુધારાઓ અપનાવવામાં આવ્યા ત્યારબાદ પ્રાદેશિક વિકાસને વેગ આપવાની બાબતને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યુ. જેના ભાગ સ્વરૂપે આ બંધારણીય સુધારો કરવામાં આવ્યો જેમાં પંચાયતો અને નગરપાલિકાઓ વિષયક બે બિલ પસાર કરવામાં આવ્યા. જેમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને વધુ સ્વાયતતાઓ આપવામાં આવી. આથી પ્રાદેશિક આયોજનને અનુરૂપ તેમજ સભાન બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. સાથે સાથે કેટલાક સમસ્યાગત પ્રશ્નોના નિવારણ વિષયક વિવિધ સુધારાઓ અને યોજનાઓનું આયોજન કરવામાં આવ્યુ છે. તેવીજ રીતે પછાત પ્રદેશોના વિકાસ માટેનું ખાસ પ્રાદેશિક આયોજન કરવામાં આવ્યુ છે. રાજયના પછાત વિસ્તારોના વિકાસ માટે ૨૫ મી જુલાઈ ૧૯૯૫ માં નવી ઔદ્યોગિક નીતિની જાહેરાત થઈ છે. બેરોજગારી દૂર કરવા વિશાળ પાયા પર રોજગારીની તકોના નિર્માણ માટે ઔદ્યોગિક ક્ષેત્રમાં રોકાણની મર્યાદા વધારી લાંબાગાળાના વિકાસને વેગ આપવો, પૂર્વજરૂરીયાતો અને માનવ સંપત્તિને પણ વેગ આપવો નવા ઔદ્યોગિક એકમોને ઉત્તેજન આપવુ, સ્વદેશી તાકાતને બઢતી આપવી અને ટેકનોલોજીકલ ઝોન રાખી રોજગારલક્ષી આયોજનને ઉત્તેજના આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમજ

ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારો વચ્ચેના વધી રહેલા અંતરને ઘટાડવા માટે ગોકુળ ગ્રામ યોજના ગ્રામીણ સ્તર પર અમલમાં મુકવામાં આવી છે. આમ રાજય સરકાર દ્વારા રાજયના આર્થિક રીતે વિકસીત પ્રદેશો કે વિકસતા પ્રદેશોના પ્રાદેશિક વિકાસને વેગ આપી સમતોલ પ્રાદેશિક વિકાસના ધ્યેયને સિધ્ધ કરવા અનેક પ્રયાસો કરવામાં આવે છે. આ પ્રયાસોના ભાગરૂપે રાજય સરકાર દ્વારા વિવિધ પ્રયત્નો દ્વારા કે દ્રષ્ટિકોણથી જુદા જુદા પ્રદેશો વચ્ચે પ્રવર્તતી પ્રાદેશિક વિકાસની અસમતુલા દુર કરવાના પ્રયાસરૂપ કેટલાક પ્રોત્સાહક પગલાઓ હાથ ધરેલ છે જે નીચે મુજબ છે.

## ૨:૧૧ પ્રાદેશિક વિકાસ માટેના વિવિધ પ્રોત્સાહનો :–

પ્રાદેશિક વિકાસ માટેના પ્રોત્સાહનો અને પ્રોત્સાહનરૂપ પગલાઓની ચર્ચા બૃહદ ખ્યાલ દ્વારા કરવાનો પ્રયત્ન કરીએ.

### ૨:૧૧:૧ સબસીડી કે અનુદાન દ્વારા પ્રોત્સાહન :–

પ્રાદેશિક વિકાસની અલ્પતા ધરાવતા પ્રદેશો કે પછાત પ્રદેશોના વિકાસ સાધવા માટે સબસીડી કે અનુદાનને એક પ્રોત્સાહક પગલા તરીકે ગણાવી શકાય. કારણકે જે પ્રદેશો અલ્પવિકસીત અવસ્થામાં છે એવા પ્રદેશોમાં મુડીની અછત, ઉત્પાદનની નીચી ગુણવત્તા અને નીચી ઉત્પાદકતા, અલ્પ ઔદ્યોગિક અને માળખાકીય વિકાસ વણવપરાયેલી ઉત્પાદન શક્તિ જેવી સર્વસામાન્ય લાક્ષણિકતાઓ જોવા મળતી હોય છે. ટુંકમાં આ પ્રદેશો આવી લાક્ષણિકતાઓને કારણે પછાત અવસ્થામાં જ રહી જવા પામે છે.જે પ્રાદેશિક વિકાસની અસમતુલાનુ બિંદુ છે. આવી અસમતુલાના નિવારણ માટે આવા વિસ્તારોમાં ઉત્પાદકીય પ્રવૃત્તિઓને વધુ વેગવંતી બનાવવી જરૂરી બને છે. જેના માટે ઉત્પાદનના સાધનોના વપરાશમાં વધારો કરવો ખુબજ જરૂરી બને છે. મૂડીની અછતવાળા વિસ્તારમાં ઉત્પાદનના સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે ઉત્પાદકીય પ્રવૃતિ સક્રિય બનાવવા માટે ધિરાણની જરૂર પડે છે. આવા ધિરાણો જો સસ્તા દરે અને વધુ સબસીડીવાળા આપવામાં આવે તો મુડીરોકાણનું પ્રમાણ વધે અને વધુ ને વધુ ઉત્પાદનની પ્રવૃતિઓ થાય. પરિણામે પછાત પ્રદેશમાં ઉત્પાદન વધે છે. એજ રીતે આવા પ્રદેશોમાં કોઈ સંગઠનો, સેવાભાવી સંસ્થા, રાજય સરકાર, કેન્દ્ર સરકાર કે વૈશ્વિક અનુદાન આપવામાં આવે તો આવા અનુદાન દ્વારા માળખાકીય સવલતોમાં વધારો કરી શકાય. આમ

માળખાકીય સવલતો વધતા ઉત્પાદનને વિસ્તૃત બજારો મળશે અને પછાત પ્રદેશોમાં આર્થિક પ્રવૃત્તિઓનો વ્યાપ વધશે પરિણામે પછાત પ્રદેશોમાં વિકાસની પ્રક્રિયાની શરૂઆત થશે.

**૨:૧૧:૨ કરમુક્તિની વિશેષ રાહત દ્વારા પ્રોત્સાહન :–**

પ્રાદેશિક રીતે વિકાસમાન વિસ્તારોમાં જે ઔદ્યોગિક પ્રવૃત્તિઓ ચાલતી હોય છે એ મંદ ગતિએ ચાલતી હોય છે અથવા તો બંધ હાલતમાં જોવા મળતી હોય છે. આવા વિસ્તારો માટે કેન્દ્ર કે રાજય સરકાર દ્વારા ખાસ કરમુક્તિની જાહેરાત કરવામાં આવે તો આવા વિસ્તારોમાં બાહ્ય મૂડીરોકાણને આકર્ષી શકાય. બાહ્ય મુડીરોકાણ થવાની સાથે આવા વિસ્તારોમાં ઔદ્યોગિક વિકાસ શકય બનશે. આમ વિશેષ કરરાહતો આપવાથી ઉદ્યોગોને રક્ષણ મળે છે. આવા સંરક્ષણાત્મક પગલાથી ઉત્પાદન વૃધ્ધિ થાય છે. ઉત્પાદન વૃધ્ધિની સાથે આર્થિક પ્રવૃત્તિઓ શરૂ થશે અને પ્રાદેશિક વિકાસની પ્રક્રિયા એની સાથેજ ગતિશીલ વલણ અપનાવશે.

**૨:૧૧:૩ સાધન સહાય દ્વારા પ્રોત્સાહન :–**

સમતોલ પ્રાદેશિક વિકાસની પ્રક્રિયાને આગળ ધપાવવા માટે વિકસતા પ્રદેશોના વિકાસ તરફ ધ્યાન કેન્દ્રીત કરવુ પડે છે. આવા વિકસતા પ્રદેશોમાં સાધનના સ્વરૂપમાં સહાય આપવામાં આવે એટલે કે ઉત્પાદકોને વિવિધ સાધનો પુરા પાડવામાં આવે તો ઉત્પાદન પ્રવૃત્તિના ચક્રો ગતિમાન બનશે. જેમકે ૮મી યોજનામાં નાના અને સીમાંત ખેડૂતોને સહાય આપવા માટેની યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજનાનો હેતુ કુત્રિમ ઉત્પાદન વધારવાનો હતો. જેમાં સિંચાઈ માટેના વિવિધ સાધનો જેવા કે પંપ સેટ, ઓઈલ પાઈપલાઈન જેવા સાધનો પુરા પાડવા જેથી સઘન ખેતી થઈ શકે અને નાના સીંમાત ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારો થશે. આવી સાધન સહાય દરેક ક્ષેત્રમાં આપવામાં આવે તો વિવિધ ઉત્પાદન સાધનો ઉત્પાદકિય પ્રવૃતિમાં જોડાશે. પરિણામ સ્વરૂપે આવા પછાત વિસ્તારોમાંથી સ્થાનિક બેરોજગારી અને ગરીબી જેવા પ્રશ્નો પણ દૂર થશે. સાથે સાથે પ્રાદેશિક વિકાસની પ્રક્રિયાને વેગ મળશે.

**૨:૧૧:૪ બજાર સહાય દ્વારા પ્રોત્સાહન :–**

પ્રાદેશિક આર્થિક વિકાસની ગતિમાં વધારો કરવા કૃષિ વિકાસમાં પેદાશ ખરીદી વેચાણ મહત્વની ભૂમિકા અદા કરે છે. અસરકારક ખરીદ વેચાણ પધ્ધતિ ખેડૂતોને પુરતા અને

સુનિશ્ચિત ભાવો આપે છે. પરિણામ સ્વરૂપે ખેડૂતો ઉત્પાદન પ્રક્રિયાને વધુ ગતિમાન બનાવવા માટે વિવિધ સંશોધનાત્મક પ્રયત્નો હાથ ધરે છે અને છેવટે આવી પધ્ધતિ તેમના આર્થિક ધોરણોનો ઉત્કર્ષ કરે છે. પછાત પ્રદેશોમાં સરકારી સંગઠીત અસંગઠીત બજારોના વિકાસ થવાની સાથે તોલમાપના પ્રશ્નો, મધ્યસ્થીઓના પ્રશ્નો, ચૂકવણીના પ્રશ્નો, બજારદરના પ્રશ્નો જેવા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે છે. બજારનો વ્યાપ વધવાથી આંતર પ્રાદેશિક બજાર સિવાયના અન્ય પ્રદેશોના બજારોની નજીક પણ જઈ શકાય છે અને બજારના લાભો ઉઠાવી શકાય છે. વળી બજારના લાભો મળતા હોવાથી ઉત્પાદકો ઉત્પાદન પ્રવૃત્તિને સતત વિકસાવવાનો પ્રયાસ કરે છે. આમ બજારના વિકાસની સાથે આર્થિક પ્રવૃત્તિઓ શરૂ થાય છે. જેથી પ્રાદેશિક વિકાસ શકય બને છે.

**૨:૧૧:૫ સંચાલકીય સહાય દ્વારા પ્રોત્સાહન :–**

પછાત પ્રદેશોમાં એકમ પ્રવૃત્તિ સંચાલનની ક્ષમતા અને ગુણવત્તાનું પ્રમાણ ઓછુ જોવા મળે છે. કારણકે, આવા વિસ્તારમાં શિક્ષણનો વ્યાપ ખુબજ ઓછો જોવા મળે છે. શિક્ષણના અલ્પપ્રમાણને કારણે માલિકોમાં સંચાલનની કુશળતાનો અભાવ જોવા મળે છે. આવા પછાત વિસ્તારોમાં શિક્ષણનો વ્યાપ વધારી સંચાલન અંગેની માહિતીનો પ્રસાર, તે અંગેની માહિતી અને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે તો, સંચાલનનાં લાભો દ્વારા ઉત્પાદન પ્રવૃત્તિને આગળ વધારી શકાય છે. આમ, પ્રાદેશિક વિકાસની પ્રક્રિયા આગળ ધપે છે.

**૨:૧૧:૬ ખાસ યોજનાઓ દ્વારા પ્રોત્સાહન :–**

વિકસતા પ્રદેશોના સંપૂર્ણ વિકાસ માટે આયોજનની સાથે તેનાં પ્રશ્નોનું પણ ખાસ વિશેષ આયોજન કરવુ જરૂરી બને છે. જેમકે રણ વિસ્તાર, પઢાર વિસ્તાર, પહાડી વિસ્તાર,પાંચાલ વિસ્તાર, દરિયા કાંઠા વિસ્તાર જેવા વિસ્તારોનાં સ્થાનિક પ્રશ્નો કે પછાતતાનાં ખાસ કારણોની મોજણી કરીને આવા કારણોનાં નિવારણ માટે ખાસ યોજનાનું આયોજન કરવામાં આવે અથવા આવા પછાત પ્રદેશોને દત્તક લઈ તેનો વિકાસ કરવાના પ્રયત્નો કરવામાં આવે તો, આવા વિસ્તારોનો પ્રાદેશિક વિકાસ શક્ય બને છે.

**૨:૧૧:૭ સામાજિક ભાગીદારી અને માનવવિકાસ દ્વારા પ્રોત્સાહન :–**

વિકસતા પ્રદેશોમાં સામાજિક માળખુ સંપૂર્ણ વિકસિત જોવા મળતુ નથી. આવા પ્રદેશોનાં

સામાજિક માળખામાં સામાજિક સુધારાવાદી પરિવર્તનો લાવવાથી જે તે પ્રદેશની સામાજિકતા વિકાસની ભાગીદાર બને છે. એટલે કે લોકોનાં જીવનધોરણમાંથી અંધશ્રધ્ધા, વહેમ, કુપોષણ, સામાજિક જડતા જેવા અવરોધક પરિબળો દૂર થવા પામે છે. કારણકે સામાજિક માળખામાં પરિવર્તનની સાથે શિક્ષણનો વ્યાપ વધે છે, પરિણામે વાસ્તવમાં શું સારુ શું નરસુ જેવા ખ્યાલો પર તાર્કિકતા વધે છે. પરિણામ સ્વરૂપે માનવ સંપત્તિનાં વિકાસની સાથે રાજયની કામગીરીમાં ભાગીદારીનું પ્રમાણ વધે છે અને રાષ્ટ્રભાવના કેળવાય છે. પરિણામ સ્વરૂપ સરકાર પ્રત્યેનો પૂર્વગ્રહ દૂર થશે અને વિશ્વસનીયતાનું પ્રમાણ વધશે. પરિણામે પ્રાદેશિક વિકાસની પ્રક્રિયા આગળ ધપશે. આમ, સામાજિક સુધારણાવાદી પગલાઓ અને માનવવિકાસની પ્રવૃત્તિઓ શરૂ થવાની સાથે પ્રાદેશિક વિકાસ શક્ય બને છે.

**૨:૧૧:૮ દશ્ય અને શ્રવ્ય ઉપકરણો દ્વારા પ્રોત્સાહન :–**

પ્રાદેશિક પછાતતા માટે સામાજિક પરિસ્થિતિ એક જવાબદાર પરિબળ ગણવામાં આવે છે. કારણકે સામાજિક બાબત એ વિકાસની પાયાની બાબત છે. સામાજિકતાની જડતા દૂર કરવા માટે દશ્ય સાધનો જેવા કે ટેલિવિઝન, ટેલીફિલ્મો જેવા વિવિધ પ્રકારનાં ઉપકરણોનો ઉપયોગ કરવાથી સામાજિક પ્રવિધિઓમાં પરિવર્તનો આવે છે, તેમજ શ્રવ્ય સાધનો જેવા કે પ્રાદેશિકતાને લગતા સેમિનારો, ભાષણો, જાહેરાતો, રેડિયામાં આવતા પરિસંવાદ જેવા ઉપકરણો દ્વારા જે તે પ્રદેશો કે વિસ્તારની ખામીઓ, ખામીઓના કારણો રજૂ કરવા, તેને દૂર કરવા માટે દાર્શનિક રીતે કે શ્રવ્ય પધ્ધતિઓ દ્વારા પ્રજા સમક્ષ મૂકવાનો પ્રયત્ન કરવાથી જે તે પ્રદેશનાં લોકોને પોતાના પ્રદેશ પ્રત્યે એક પ્રકારની લાગણી જન્મશે. તેમજ સરકારનાં વિકાસ કાર્યક્રમોમાં ભાગીદારીનું પ્રમાણ વધશે, પરિણામે પ્રાદેશિક વિકાસની પ્રક્રિયા આગળ વધશે.

**૨:૧૧:૯ સંશોધનવૃત્તિને પ્રોત્સાહન :–**

જે તે પ્રદેશની પ્રાદેશિક પછાતતા દૂર કરવાના સંશોધનો કરવામાં આવે તેમજ જે તે પ્રદેશમાં રહેલા ઉત્પાદકીય સાધનો વિષયક સંશોધનો કરવામાં આવે તો આવા પ્રદેશોનાં પેટાળમાં રહેલા ખનીજો અંગે સંશોધનો કરતા જે તે પ્રદેશનાં વિકાસની શક્યતાઓ વધી જાય છે. આમ, જે તે વિકસતા વિસ્તારમાં અવનવા સંશોધનો હાથ ધરવામાં આવે તો એવા સંશોધિત કાચામાલ આધારિત ઉદ્યોગોનો વિકાસ થવાથી પ્રાદેશિક વિકાસ સંપૂર્ણપણે શક્ય બને છે.

તેમજ પ્રાપ્ય સાધનોમાં સંશોધનો કરવાથી સાધનોનો પણ કાર્યક્ષમ ઉપયોગ થાય છે. જેથી ઉત્પાદન પ્રમાણ વધે, આથી પ્રાદેશિક વિકાસની પ્રક્રિયા આગળ વધે છે.

**૨:૧૧.૧૦ સાહસવૃત્તિની ખિલવણી દ્વારા પ્રોત્સાહન :–**

પછાત પ્રદેશોમાં નિયોજનશકિતના અભાવની સાથે સાહસિક વૃત્તિનો અભાવ જોવા મળે છે. આવા વિસ્તારોમાં નિયોજનશકિત અને સાહસિકતાની વૃત્તિની ખિલવણી માટે વિવિધ તાલીમ કેન્દ્રો, માર્ગદર્શન કેન્દ્રો અને તે અંગેની માહિતી પ્રચાર પ્રસારનાં સાધનો વિકસાવી આવા સાહસિકો તૈયાર કરી સાહસિકોને વિવિધ પ્રોત્સાહનો પૂરા પાડવાથી પછાત પ્રદેશોમાં નવા ઉદ્યોગો સ્થપાશે. તેમજ એક નવીનીકરણની પ્રક્રિયા હાથ ધરાશે. જેથી જે તે પ્રદેશમાં વિકાસની પ્રક્રિયા આગળ વધશે.

આમ વિવિધ પ્રોત્સાહનો આપવાથી પ્રાદેશિક વિકાસની પ્રક્રિયા આગળ વધે છે અને પ્રાદેશિક અસમતુલામાં ઘટાડો થાય છે.

**૨:૧૨ પ્રાદેશિક વિકાસ અંગે ગાંધીવાદી વિચારધારા :–**

સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલાથી જ ગાંધીજીની વિચારધારા હેઠળ આપણે સભાન થયા હતા. ગાંધીજીની આ વિચારધારા પોતાની આગવી શૈલી દ્વારા રજુ કરવામાં આવી છે. આ વિચારધારા સાદાઈ, અહિંસા, શ્રમની પ્રતિષ્ઠા, માનવમૂલ્યો જેવા બુનિયાદી પાયાના ખ્યાલો પર આધારિત છે. આ વિચારધારા પ્રાદેશિક વિકાસને પોષણ પુરૂ પાડે છે. જેમાં સત્તાનાં કેન્દ્રીકરણનો ખ્યાલ સમાયેલો છે. અહિંસાના ખ્યાલ દ્વારા ગાંધીયન વિચારધારા સમજાવે છે કે હિંસાનો માર્ગ સત્તાનું કેન્દ્રીકરણ આપે છે. ભારત જેવા લોકશાહી ગ્રામીણ અર્થતંત્રમાં સામુહિક સંગઠન માટે સત્તાનું વિકેન્દ્રિકરણ જરૂરી છે. માટે અહિંસાથી માનવ માનવની નજીક આવશે. અને સત્તાનું વિકેન્દ્રિકરણ થઈ શકશે. પરિણામે ગ્રામ સમાજો વચ્ચે પરસ્પર સહકારની ભાવના ખીલશે. પરિપાક સ્વરૂપ વહિવટી કામગીરીનું યોગ્ય સંકલન થઈ શકશે. જે ગ્રામ્ય સમાજોનાં આર્થિક જીવન માટે હિતકારક છે. ગાંધીજી વિશ્વનાં અન્ય રાષ્ટ્રોમાં પ્રવેશેલા કેટલાક આર્થિક અને રાજકીય દૂષણોને ધ્યાનમાં રાખીને સ્વાવલંબનની હિમાયત કરે છે. સ્વાવલંબન દ્વારા આવા દૂષણો દૂર થઈ શકશે જેના માટે ગ્રામવાદ પર ભાર મૂકવામાં આવ્યો છે.

તેમના મતે ગ્રામસમાજો વિકેન્દ્રિત અર્થતંત્ર અને સ્થાનિક સ્વરાજયના સ્વરૂપમાં એક

નમૂનેદાર આર્થિક અને રાજકીય સંગઠનનું બીજ છે. આથી ગાંધીજીની વિચારધારાનાં સ્વતંત્ર ભારતનું બંધારણ, રચનાત્મક અને પ્રત્યક્ષ લોકશાહી, અહિંસક ગૃહ અર્થકારણ અને ગ્રામ સમાજોના માનવીય સંબંધો પર આધારિત સુગ્રથિત અને સુસંકલિત સંગઠન રચવુ જોઈએ એવી હિમાયત કરે છે.

અર્થતંત્રની આર્થિક અસમાનતાનાં સંદર્ભમાં આર્થિક સમાનતા સ્થાપવા પૂર્ણ રોજગારીની હિમાયત કરે છે. પૂર્ણ રોજગારી સ્થાપવા માટે સ્થાનિક કાચામાલ આધારિત ઉદ્યોગો સ્થાપી સ્વદેશીકરણની ભાવનાની હિમાયત કરે છે. તેના માટે કૃષિવિકાસ અને ગ્રામઉદ્યોગોના વિકાસની હિમાયત કરે છે. સાથે સાથે ઉદ્યોગોનાં કેન્દ્રીકરણના વિરોધ દર્શાવતા ઉદ્યોગોનાં વિકેન્દ્રીકરણ પર ભાર મૂકી ઘર આંગણના ઉદ્યોગો એટલેકે, ગ્રામ ઉદ્યોગોના વિકાસની હિમાયત કરે છે. સાથે સાથે ઉદ્યોગોના કેન્દ્રીકરણનાં વિરોધ દર્શાવતા ઉદ્યોગોનાં વિકેન્દ્રિકરણ પર ભાર મૂકયો છે. આ વિચારધારા મુજબ ગ્રામોદ્યોગનાં પૂરેપૂરા વિકાસ વિના પૂર્ણ રોજગારી શક્ય નથી. ગ્રામોદ્યોગ વિકસવાની સાથે ઉદ્યોગોનું વિકેન્દ્રિકરણ થાશે તેમજ ગામડાના ગરીબી અને બેરોજગારી જેવા વિકટ પ્રશ્નો પણ દૂર થઈ શકશે. ગાંધીયન વિચારધારા ગ્રામોદ્યોગને આર્થિક વિકાસનું સહેતુક અને વાસ્તવિક આયોજન માને છે. વિચારધારાને વધુ સમર્થન આપતા સમજાવે છે કે ગ્રામોદ્યોગને કારણે સ્વદેશીની ભાવના જાગૃત થશે અને રાષ્ટ્ર પોતાના પ્રશ્નોનું પોતાની રીતે જ નિરાકરણ લાવી શકશે આમ, ગાંધીવાદી વિચાર દ્વારા સ્થાનિક સ્વરાજય, ગ્રામોદ્યોગ, સ્વાવલંબન દ્વારા પ્રાદેશિક કે ઘટકકક્ષાના આયોજનનું સમર્થન કરેલ છે. જો આવા પ્રકારનું આયોજન શક્ય બન્યુ હોત તો અર્થતંત્રમાં જુદા જુદા પ્રદેશોનો અસમાન વિકાસ થયો ન હોત. રાષ્ટ્રના બધાજ પ્રદેશોનો સમતોલ વિકાસ થયો હોત અને વર્તમાન સમયમાં સર્જાયેલ પ્રાદેશિક વિકાસ, પ્રદૂષણ, ગીચતા જેવા પ્રશ્નો સર્જાયા ન હોત.

## ૨:૧૩ પ્રાદેશિક વિકાસનાં પ્રશ્નો :–

સમતોલ પ્રાદેશિક વિકાસના આયોજનના ભાગરૂપે રાષ્ટ્રે ઝડપી આર્થિક વિકાસનો દર સિધ્ધ કરવા માટે પછાત પ્રદેશોના વિકાસનું આયોજન કરવાના પ્રયત્નો કર્યા છે. જેના માટે વિવિધ પ્રોત્સાહનો, યોજનાઓ, કાર્યક્રમો અને નીતિવિષયક પગલાઓનું આયોજન કરવામાં આવ્યુ છે. તેમ છતા પ્રાદેશિક વિકાસ લક્ષ્યાંક આધારિત જોવા મળતો નથી. તેના માટે કયા

કારણો આધારભૂત હોઈ શકે તેવા પ્રશ્નોનું નિરાકરણ નીચે દર્શાવેલ પ્રાદેશિક વિકાસની પ્રક્રિયાના કેટલાક પ્રશ્નો દ્વારા કરી શકાય.

**૨:૧૩:૧ નાણાકીય પ્રશ્નો :–**

પ્રાદેશિક વિકાસ માટે વિવિધ પગલાઓ ભરવામાં આવે છે. તેમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સાથે સાથે વિવિધ યોજનાઓનું ઘડતર કરવામાં આવે છે આવા કાર્યક્રમોના ઘડતરની સાથે નાણાકીય સાધનોની ફાળવણી પણ કરવામાં આવે છે આવા નાણાકીય સાધનોની યોજનાના કદ મુજબ, પ્રદેશના વિસ્તાર અને વસ્તીના કદ મુજબ તેમજ કામના પ્રમાણ મુજબની ફાળવણી કરવામાં આવતી નથી. પરિણામ સ્વરૂપે પ્રાદેશિક વિકાસ યોગ્ય પ્રમાણમાં થઈ શકતો નથી. તેમજ જે કોઈ વિકાસ કાર્યક્રમો પાછળ નાણાકીય સાધનોની ફાળવણી કે જોગવાઈ કરવામાં આવે છે તે નાણામાથી કેટલાક નાણા ભ્રષ્ટ વહિવટી કર્મચારીઓ અને મધ્યસ્થીઓ હજમ કરી જાય છે. પૂરતા નાણાને યોજના સુધી પહોંચવા દેતા નથી. પરિણામ સ્વરૂપ યોજનાનુ કદ અને નાણા સાધન વચ્ચે ખાદ્ય ઉભી થાય છે પરિણામ સ્વરૂપે પ્રાદેશિક વિકાસની પ્રક્રિયા આગળ વધી શકતી નથી.

**૨:૧૩:૨ સંચાલનના પ્રશ્નો :–**

પ્રાદેશિક વિકાસની યોજનાઓનું ટેકનીકલી આયોજન વ્યવસ્થિત કરવામાં આવે છે. તેમ છતા આ યોજનાને યોગ્ય રીતે મેનેજ કરવી જરૂરી છે. મેનેજમેન્ટ જો વ્યવસ્થિત ન હોય તો સંચાલનના અભાવે યોજનાના હેતુઓ પાર પડતા નથી. સંચાલનની કુશળતા જેમ વધુ તેટલુ જ આયોજન સરળ બને છે. જેમકે, સમયના ટૂંકાગાળા માટે યોજનાનુ આયોજન નક્કી કરવામાં આવ્યુ હોય તો આજ સમયગાળામાં આયોજનના હેતુઓ પાર પડવા જોઈએ. તેને માટે જો વ્યવસ્થિત વહિવટી વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોય તો, યોજનાના દરેક તબક્કે સિધ્ધિ પ્રાપ્ત થાય છે, તેના પર દેખરેખ, માર્ગદર્શન અને સલાહસૂચનો કરવાથી સમસ્યાઓનું સમાધાન થાય યોજનાને આગળ ધપાવવા આમ કોઈપણ યોજનાની સ્થાપનાથી માંડીને તેના અમલ સુધીનું યોગ્ય સંચાલકીય માળખુ તૈયાર કરવુ જોઈએ. ભારતીય અર્થતંત્રમાં અનેક યોજનાઓ છે. પરંતુ આ યોજનાઓનુ સંચાલન કરનારા યોગ્ય સંચાલકો નથી. માટે યોજનાઓના સાધનોનો કાર્યક્ષમ ઉપયોગ થઈ શકયો નથી.

**૨:૧૩:૩ લોકોની ઉદાસીનતાના પ્રશ્નો :–**

પ્રાદેશિક વિકાસ માટે વિવિધ યોજનાકીય પગલાઓ હાથ ધરવામાં આવે છે. પરંતુ આ પગલા આ સંચાલનના અભાવને કારણે વિશ્વસનીયતા ગુમાવી બેસે છે. કારણકે આયોજનમાં અનેક યોજનાઓ પ્રાદેશિક વિકાસ માટે સ્થપાયેલી જોવા મળે છે. આવી યોજનાઓ પાછળ ખર્ચાતા સાધનો પ્રજા સુધી ન પહોંચતા પ્રજાનો સરકાર અને સરકારી કામગીરી પરથી વિશ્વાસ ઉડી ગયો છે. પરિણામ સ્વરૂપ લોકોની ભાગીદારી ઓછી જોવા મળે છે. તદઉપરાંત વારંવાર થતા ભ્રષ્ટાચારોને પરિણામે પણ સરકાર દ્વારા હાથ ધરાતા દરેક પગલાઓની સમીક્ષા કરતા પૂર્વગ્રહ પ્રેરિત વિચારધારાઓ રજુ કરે છે. પરિણામ સ્વરૂપ પછાત વિસ્તારોમાં અલ્પશિક્ષણ અને યોજનાલક્ષી સમજણને અભાવે અને શિક્ષિત પ્રજા પૂર્વગ્રહથી પિડાઈ વિકાસ કામોમાં ભાગ લેતી નથી. તેથી પ્રાદેશિક વિકાસની પ્રક્રિયામાં લોકોની ભાગીદારીનો પ્રશ્ન છે. પરિણામે વર્તમાન રાજય સરકારે ગ્રામ સભાઓનું આયોજન કરવાનો પ્રયત્ન કર્યો છે.

**૨:૧૩:૪ નેતૃત્ત્વના પ્રશ્નો :–**

પછાત પ્રદેશના અલ્પવિકાસનું આ એક કારણ ગણવામાં આવે છે. આવા પ્રદેશોમાં નેતૃત્ત્વ શકિતનો અભાવ હોય છે. પરિણામે પ્રાદેશિક વિકાસ માટે જરૂરી સાધનોની આયાતોનો અભાવ રહેવા પામે છે. સારા અને સફળ નેતૃત્ત્વવાળા પ્રદેશોનો વિકાસ સારો થાય છે. પરંતુ નેતૃત્ત્વ વિહિન પ્રદેશોનો વિકાસ થવા પામતો નથી. રાજકીય નેતૃત્વનું પ્રભુત્વ વધુ હોય તે પ્રદેશોમાં વિકાસ કાર્યક્રમોનું આયોજન થાય છે અને યોજનાઓના લાભો જે તે પ્રદેશ પ્રાપ્ત કરે છે. પરંતુ વિકસતા પ્રદેશોમાં પ્રાદેશિક વિકાસનાં આયોજનમાં નેતૃત્વનો અભાવ એક પ્રશ્નરૂપ બને છે. સર્વસામાન્ય રીતે કહેવામાં આવે છે કે જે પ્રદેશનું નેતૃત્વ નબળુ તે પ્રદેશની પ્રજા નબળી.

**૨:૧૩:૫ નિષ્ણાંતોનાં અભાવનો પ્રશ્ન :–**

પ્રાદેશિક આયોજન એ સ્થાનિક ધોરણે થતુ હોય છે. જે તે પ્રદેશોમાં આવા સફળ આયોજન માટે નિષ્ણાંતો, તજજ્ઞો અને વિવિધ કુશળ આયોજનકારોની જરૂર પડતી હોય છે. પરંતુ આવા નિષ્ણાંતોના અભાવે પ્રાદેશિક વિકાસની પ્રક્રિયામાં યોગ્ય માર્ગદર્શનો અને સલાહ સુચનો નહિ મળવાથી વિકાસની પ્રક્રિયાના હેતુઓ સિધ્ધ થઈ શકતા નથી.

**૨:૧૪ સમાપન :–**

ભારતના જુદા જુદા રાજયો અને પ્રદેશો વચ્ચેની અસમાનતા ઘટાડવી જોઈએ એવી દલીલો કરવામાં આવે છે. આ દલીલોના સમર્થન સાથે પ્રસ્તુત પ્રકરણમાં પ્રાદેશિક ધોરણે અસમતોલ વિકાસના આધારભૂત કેટલાક કારણો દર્શાવવામાં આવ્યા છે. તદ્‌ઉપરાંત પ્રાદેશિક વિકાસના ભારતીય આયોજનકારોના અભિગમો સાથે પ્રાદેશિક વિકાસની પ્રક્રિયા અને પ્રાદેશિક ધોરણે સમતોલ વિકાસ સાધવા માટે થયેલા વિવિધ પ્રયત્નોની સમીક્ષાત્મક ચર્ચા કરવામાં આવી છે. સાથે સાથે વિકેન્દ્રિત આયોજનના ફાયદાઓ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની વધુને વધુ સ્વાયતતા જેવા સઘન પ્રાદેશિક વિકાસના કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી છે. તેમજ અગાઉના અનુભવોમાં જોવા મળેલી નિષ્ફળતાને નિવારવા પ્રાદેશિક વિકાસની પ્રક્રિયાને વધુને વધુ આગળ ધપાવવા અને વિકાસનો દર ઉંચો લાવવા માટેના કેટલાક પગલાઓ સાથે પ્રાદેશિક વિકાસમાં ઉદ્‌ભવતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી છે.

ટુંકમાં પ્રસ્તુત પ્રકરણમાં પ્રાદેશિક વિકાસની પ્રક્રિયા એટલે શું ? તેનું સ્વરૂપ અને માળખુ કેવુ હોય છે તેની સમજૂતી સમીક્ષાત્મક રીતે કરવામાં આવી છે. જેના અભ્યાસ દ્વારા પ્રાદેશિક વિકાસની સમસ્યા અને સમસ્યાઓનું નિવારણ આયોજનબધ્ધ અને તર્કબધ્ધ રીતે રજુ કરવામાં આવેલ છે.

# પ્રકરણ – ૩

# "અભ્યાસના હેતુઓ"

# (Purpose of Study)

# પ્રકરણ – ૩
# અભ્યાસના હેતુઓ
# (Purpose of Study)


| ક્રમ | વિષય | પાના નંબર |
| --- | --- | --- |
| ૩ : ૧ | પ્રસ્તાવના | ૧૦૮ |
| ૩ : ૨ | રાજકોટ જિલ્લામાં માનવસંપતિના વલણો | ૧૦૮ |
| ૩ : ૩ | રાજકોટ જિલ્લામાં ખેતીક્ષેત્રના વિકાસ વલણો | ૧૨૪ |
| ૩ : ૪ | રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિકક્ષેત્રનાં વિકાસ વલણો | ૧૩૫ |
| ૩ : ૫ | રાજકોટ જિલ્લામાં સેવાક્ષેત્રનાં વિકાસ વલણો | ૧૬૪ |
| ૩ : ૬ | ઉપસંહાર | ૧૮૯ |

# પ્રકરણ – ૩
# અભ્યાસના હેતુઓ

## ૩ : ૧ પ્રસ્તાવના :–

પ્રસ્તુત પ્રકરણમાં રાજકોટ જિલ્લાની અર્થવ્યવસ્થાના માળખામાં પ્રાથમિક, દ્વિતીય અને સેવાક્ષેત્રના ક્ષેત્રગત વિકાસનું વિશ્લેષણ કરવામાં આવ્યુ છે. જે વિભાગીય અર્થકારણને સ્પર્શતા કેટલાક પાયાના સિદ્ધાંતોનુ પ્રતિપાદન કરવા માટે ખૂબજ નિર્ણાયક બની રહેશે. પ્રસ્તુત અભ્યાસ સમગ્ર અર્થતંત્રનો એક ભાગ છે. આપણે પ્રદેશની અર્થવ્યવસ્થાને સ્થિર અર્થતંત્ર તરીકે જોઈ શકતા નથી અને તેથી તેના આંતરપ્રવાહના અભ્યાસ દ્વારા મેળવેલા તારણોનો બહોળા અવલોકનો તરીકે સ્વીકાર કરી શકાય.

કોઈપણ જિલ્લાનો વિકાસ એ તેના પ્રાથમિક, દ્વિતીય, તેમજ સેવાક્ષેત્રનો સંયુકત પ્રયાસ છે. સૌરાષ્ટ્રનાં છ જિલ્લાઓ વચ્ચે આર્થિક વિકાસની દ્રષ્ટિએ અસમતુલાઓ ઉદ્ભવેલી જોવા મળે છે. આ અસમાન વિકાસનાં સંદર્ભમાં રાજકોટ જિલ્લો વિકસીત જિલ્લો છે. આજ જિલ્લાની આ વિશિષ્ટતાને અનુલક્ષીને અભ્યાસ પ્રદેશ અને જિલ્લાની વિવિધ આર્થિક પ્રવૃતિઓનાં ઘટકોમાં થતા પરિવર્તનો તેના પેટા વિભાગોમાં કેવા પ્રકારની અસમતુલાઓ સર્જે છે, તેમજ તેનું સ્વરૂપ કે તીવ્રતા કેવા પ્રકારની છે વગેરે બાબતોનો પ્રસ્તુત પ્રકરણમાં પ્રાપ્ય એવી ગૌણ આંકડાકીય માહિતીનાં આધારે ક્ષેત્રગત વિકાસનું વિશ્લેષણ કરવામાં આવ્યુ છે.

## ૩ : ૨ રાજકોટ જિલ્લામાં માનવસંપતિનાં વલણો :–

વસ્તીની સમસ્યા આર્થિક વિકાસ માટે જ નહીં, માનવવિકાસ માટે પણ અંતરાયરૂપ છે. વસ્તીની અમર્યાદિત વૃદ્ધિ, માથાદીઠ આવક, શિક્ષણ અને આરોગ્ય જેવી સેવાઓ અને સમગ્ર રીતે માનવજીવનની ગુણવતા પર પ્રતિકૂળ અસર કરે છે. બે રોજગારીમાં વધારો થઈ બચતશકિતમાં પ્રાપ્ત થતો ઘટાડો વિકાસની તકોને મર્યાદિત કરે છે અને સમગ્ર સમાજને પછાત રાખે છે. આમ

વિકાસની મર્યાદિત તકો આર્થિક, સામાજિક અને પ્રાદેશિક અસમાનતામાં વધારો કરે છે.

રાજકોટ જિલ્લો સામાન્ય રીતે આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે વિકસિત ગણાતા જિલ્લાઓ પૈકીનો એક છે. આ જિલ્લામાં ૧૪ તાલુકાઓ આવેલ છે. આ જિલ્લામાં ૧૦ શહેરી વિસ્તારો છે. ૮૫૬ ગામડાઓ જોવા મળે છે. જેમાં મોટાભાગે વસવાટવાળા ગામોનો સમાવેશ થાય છે. જેમાં સામાન્ય રીતે દરબાર, રાજપૂત, બ્રાહ્મણ, ભરવાડ, પટેલ, વાણીયા, લુહાર, સુથાર, આયર, વગેરે જ્ઞાતિનાં લોકો વસે છે. જિલ્લાની જુદા જુદા વર્ષ મુજબની વસ્તીનું પ્રમાણ અને વૃદ્ધિનો દર પણ અહીં દર્શાવવામાં આવેલ છે. પ્રાપ્ય આંકડાકિય માહિતી મુજબ જિલ્લાની કુલ વસ્તી વર્ષ ૨૦૦૧ દરમ્યાન ૩૧,૬૮,૩૯૨ જેટલી જોવા મળે છે. જિલ્લાની વસ્તીમાં પ્રતિદિન જેટલા માણસોનો ઉમેરો થાય છે. તેનું અવલોકન કરતા જણાય છે કે, વિશ્વની વસ્તીનું પ્રમાણ વધતુ જાય છે તેમ તેમ રાજકોટ જિલ્લાની વસ્તીનું પ્રમાણ પણ વધતુ જાય છે. વર્ષ ૧૯૯૧ થી વર્ષ ૨૦૦૧ સુધીનાં સમયગાળા દરમ્યાન એટલે કે, ૧૦ વર્ષના સમયગાળા દરમ્યાન રાજકોટ જિલ્લાની વસ્તી બમણી થવા પામી છે.

રાજકોટ જિલ્લાની કુલ વસ્તીનું પ્રમાણ જુદા જુદા વર્ષ દરમ્યાન જોવામાં આવે તો ૧૯૦૧ થી વર્ષ ૨૦૦૧ સુધીના ગાળા દરમ્યાન એટલે કે, સ્વતંત્રતા પહેલા અને સ્વતંત્રતા બાદ વસ્તી વધારાનું પ્રમાણ જોવામાં આવે તો તેમાં અનેક ગણો વધારો થયો છે તેમ કહી શકાય. સ્વતંત્રતા મળ્યા પછી એટલે કે ૧૯૫૧નાં સમયગાળા દરમ્યાન જે વસ્તી હતી તેમાં વર્ષ ૨૦૦૧ દરમ્યાન જે ટકાવારી વધારો જોવા મળ્યો છે. તે રાજય તેમજ રાષ્ટ્રીય વસ્તીમાં ટકાવારી પ્રમાણે કેટલો હિસ્સો ધરાવે છે તેની પણ અહીં ચર્ચા કરેલ છે.

### ૩:૨:૧ : રાજકોટ જિલ્લાની વસ્તીના અંદાજો :–

કોઈપણ શહેરના આર્થિક વિકાસમાં કાંતો સ્થાનિક વસ્તી વધતી હોય અથવાતો ગ્રામીણ ક્ષેત્રથી શહેર તરફ સ્થળાંતર થતુ હોય અથવા તો પરદેશમાંથી સ્થળાંતર કરીને વસવાટ કરનારની સંખ્યા વધતી હોય છે. રાજકોટમાં વસ્તી વૃધ્ધિનુ પ્રમાણ તપાસીએ તો ૧૯૦૧ માં ૩૬,૧૫૧ જેટલી હતી. જે ૧૯૧૧માં ૩૪૧૯૧ ની થઈ એટલે કે વધારાની ટકાવારી ૫.૪૧ જેટલી હતી જે ૧૯૨૧માં ૪૫. ૮૪૫ જેટલી થઈ જેમાં વધારાની ટકાવારી ૩૪.૦૭

હતી. ત્યારબાદ ૧૯૩૧માં ૫૯,૧૧૨ જેટલી થઈ જેનો ટકાવારી દર ૨૮.૯૩ હતો. તે ઉપરાંત ૧૯૪૧માં ૬૬,૩૫૩ જેટલી થઈ, જે ટકાવારીની દ્રષ્ટિએ ૪૭.૯૯ જેટલી હતી. આ ઉપરાંત ૧૯૫૧માં ૧,૩૨,૦૬૯ જેટલી વસ્તી નોંધાઈ જેનો ટકાવારી દર ૯૯.૦૪ હતો. ૧૯૬૧માં ૧,૯૪,૧૪૫ જેટલી થઈ, જે ટકાવારીની દ્રષ્ટિએ ૪૭.૦૦ જેટલી હતી. આ ઉપરાંત ૧૯૭૧માં ૩,૦૦,૬૧૨ જેટલી થઈ, જે ટકાવારી મુજબ ૫૪.૮૩ હતી. ત્યારબાદ ૧૯૮૧માં પ્રમાણ વધીને ૪,૪૪,૧૫૬ થયુ, જે ટકાવારીની દ્રષ્ટિએ ૪૭.૭૫ હતી.

વસ્તીવધારાની દ્રષ્ટિએ શહેરની કેટલીક વિશેષતાઓ ઉપરોકત આંકડાઓ પરથી તપાસી શકાય છે. જેમાં આઝાદી પહેલાના બ્રિટીશ સમય કરતા બ્રિટીશ સમય પછીના દાયકાઓમાં રાજકોટનાં વસ્તીવૃદ્ધિના આંકડાઓ નોંધપાત્ર રહ્યા છે. જે.મા (અ) ઈ.સ. ૧૯૧૧માં વસ્તીમાં ૫.૪૧%નો ઘટાડો થયો છે. જેમાં તે વખતમાં ફેલાયેલા રોગચાળને જવાબદાર પરીબળ ગણાવેલ છે. પછીથી વધીને ઈ.સ. ૧૯૫૧માં ૯૯.૦૩% વધારો થયો છે જે માટે રાજકોટ સૌરાષ્ટ્ર રાજ્યની રાજધાનીનું શહેર બન્યુ હતુ અને આઝાદી પછી નિર્વાસીઓનુ આગમન થયુ હતુ તે કારણરૂપ છે. (બ) ત્યારપછીના વર્ષોમાં ટકાવારીમાં વૃદ્ધિ દેખાય છે પણ તેનું પ્રમાણ ઓછુ છે. (ક) ઉપરોકત આંકડાકીય માહિતી માત્ર મ્યુનિસિપલ હદમાં આવેલ રાજકોટ પ્રેરીત છે. પરંતુ અત્યારે વસ્તીનો જે અંદાજ છે તે પણ એક વાસ્તવિક હકિકત છે.

સેન્સસ રીપોર્ટમાં દર્શાવ્યા પ્રમાણે રાજકોટમાં થતો સતત વસ્તી વધારો અને તેનુ પ્રમાણ સૌરાષ્ટ્રના બીજા કોઈપણ શહેર કરતા વધારે છે. જેમાં શહેરની સ્થાનિક વસ્તીના વધારા કરતા આજુબાજુના ગ્રામ્ય વિસ્તાર તેમજ અન્ય શહેરી વિસ્તારોમાંથી થતુ વસ્તીનુ સ્થળ ાંતર કારણરૂપ રહે છે. તે એક મહત્ત્વની બાબત છે આટલો વસ્તી વધારો એ આર્થિક પ્રવૃત્તિના વિસ્તાર તથા આવાસના વિકાસ માટે અગત્યની ભૂમિકા પૂરી પાડે છે, અને તે પરિણામે રાજકોટ નગરપાલિકાનુ ઈ.સ. ૧૯૭૩માં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રૂપાંતર થયુ, અને ગુજરાત સરકારે ઈ.સ. ૧૯૭૮માં રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીની સ્થાપના કરી અને ત્યારબાદ શહેરી વિકાસની ગતી ઝડપી બની.

જિલ્લાનો વસ્તી વૃદ્ધિ દર ૧૯૫૧નાં વર્ષની તુલનાએ ૧૯૯૧ના વર્ષમાં ઉંચો રહેવા પામ્યો હતો. ત્યાર પછીનાં વર્ષ ૧૯૫૧નાં વસ્તી વૃદ્ધિનાં દર કરતા પણ નીચો વૃદ્ધિ દર જોવા મળ્યો હતો અગાઉના વર્ષોની તુલનાએ તાજેતરનાં વર્ષોમાં વૃદ્ધિદરમાં ઘટાડો થયેલો જોવા મળે છે. રાજકોટ જિલ્લો ૧૪ તાલુકા ઘટકોનો બનેલો છે. આ દરેક ઘટકોની શહેરી અને ગ્રામીણ વસ્તીનું પ્રમાણ તપાસી તેના પરથી જિલ્લાના વસ્તી વિષયક માળખાની સંપૂર્ણ માહિતી અને વિગતો મેળવવાનો પ્રયત્ન કરેલ છે.

### ૩:૨:૨ જિલ્લાની ગ્રામીણ શહેરી વસ્તીનું વર્ગીકરણ :–

રાજકોટ જિલ્લાની ગ્રામીણ અને શહેરી વસ્તીનું પ્રમાણ અહીં દર્શાવવામાં આવેલ છે. જેના પરથી જિલ્લાની તથા તાલુકાની વસ્તીના ગ્રામ્ય અને શહેરી વસ્તીનાં વલણો જાણવા મળે છે. જિલ્લાની કુલ વસ્તીના વલણો જોતા જાણવા મળે છે કે જિલ્લાની કુલ વસ્તીમાં આસપાસનાં તાલુકાઓ તેમજ ગ્રામીણ વસ્તીનું પ્રમાણ ઉંચુ કે વધુ જોવા મળે છે. આમ જિલ્લામાં ગ્રામીણ વસ્તીનું પ્રમાણ ઉંચુ જોવા મળે છે.

જિલ્લાના ઘટક એકમો એટલે કે તાલુકા સ્તર પર વસ્તીનાં વલણો જોતા જિલ્લામાં સૌથી વધુ ગ્રામીણ વસ્તી ધરાવતો તાલુકો લોધિકા છે. માળીયા મીંયાણા તાલુકાની કુલ વસ્તી ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ ૮૩૪૫૫ જેટલી જોવા મળેલ, જેતપુર તાલુકાની કુલ વસ્તી ૨૨૭૭૬૭ જેટલી છે. આ ઉપરાંત ક્રમશઃ મોરબીની કુલ વસ્તી ૩૨૬૯૮૨, ટંકારા ૮૪૩૯૭, વાંકાનેર તાલુકાની કુલ વસ્તી ૧૮૬૦૨૪, કોટડાસાંગાણી તાલુકામાં ૭૯૮૩૪, લોધિકાની કુલ વસ્તી ૪૬૧૬૨, જસદણ ૨૬૨૯૩૦, ઉપલેટા ૧૭૦૧૪૧, ગોંડલ ૨૬૫૯૦૦, ધોરાજી ૧૪૮૯૯૧, જામકંડોરણા ૭૫૬૯૩, અને રાજકોટ તાલુકાની કુલ વસ્તી ૧૧૩૭૦૩૬ જેટલી જોવા મળેલ છે. પડધરી તાલુકામાં ૭૩૦૭૩ જેટલી કુલ વસ્તી છે.

એકંદરે જિલ્લાની વસ્તીને શહેરી અને ગ્રામીણ સ્તર પર જોવામાં આવે તો જુદા જુદા તાલુકાઓમાં ગ્રામીણ વસ્તી વધુ ધરાવતા તાલુકાઓનું પ્રમાણ વધારે છે. આ ઉપરાંત ગ્રામીણ શહેરી વસ્તી વચ્ચેનો વધુ સહસંબંધ ધરાવતો તાલુકો જેતપુર જોવા મળે છે. જિલ્લાનાં અન્ય

તાલુકાઓ કરતા આ તાલુકો વસ્તીના સંદર્ભમાં સમતુલાની સ્થિતી પર જોવા મળે છે. તેમજ જિલ્લાની સરેરાશ વસ્તીની પણ ખુબ નજીક જોવા મળે છે. તેમજ જિલ્લાની કુલ વસ્તીમાં ગ્રામીણ અને શહેરી વસ્તીની સરેરાશ જોતા જોવા મળે છે કે, જિલ્લાની વસ્તીમાં ગ્રામીણ વસ્તીનું મહત્વ વધુ છે તેમ છતા જિલ્લાની શહેરી વસ્તીની સરેરાશ અને ગ્રામીણ વસ્તીની સરેરાશના વલણો તપાસતા જોવા મળે છે કે જિલ્લામાં શહેરીકરણની પ્રક્રિયા તીવ્રતમ ગતિથી ચાલી રહી છે કેમકે, શહેરી વસ્તીની સરેરાશ ૧૯૬૧ના વર્ષની તુલનાએ ૨૦૦૧નાં વર્ષમાં બમણાથી પણ વધુ જોવા મળેલ શહેરી વસ્તીના વધેલા પ્રમાણમાં જન સંખ્યાના વધારા સાથે ગ્રામીણ શહેરી સ્થળાંતર કેટલેક અંશે આધારિત હોય તેવુ રાજકોટ જિલ્લાની જનસંખ્યા ગણતરીની માહિતી પુસ્તીકા પરથી જોઈ શકાય છે. તદ્ઉપરાંત ગ્રામીણ અને શહેરી વસ્તીના પ્રમાણમાં થયેલા ફેરફારોનું કારણ પણ ગામડાઓના શહેરો તરફના આકર્ષણનુ કારણ છે. એકંદરે જોવા જઈએ તો રાજકોટ જિલ્લાની વસ્તી ઘણી જોવા મળે છે. જિલ્લાનો પ્રજનનદર અગાઉના વર્ષો કરતા ઘટતો જોવા મળે છે. તેમ છતાં રાજકોટ જિલ્લાની વસ્તી સતત વધતી જોવા મળે છે. સમગ્રલક્ષી ધોરણે વસ્તીનું વર્ગીકરણ કર્યા પછી સંશોધન પ્રદેશનાં ઘટક પ્રદેશોમાં પ્રાદેશિક અસમતુલાના ભાગરૂપ વસ્તીનું વર્ગીકરણ કરવામાં આવ્યુ છે. આ ચર્ચા ઘટક પ્રદેશોમાં રહેલી વસ્તી વિષયક અસમતુલાનું સ્પષ્ટ ચિત્ર રજૂ કરે છે. જેના દ્વારા વિવિધ પ્રકારના ઘટકોની તુલનાત્મક આર્થિક સ્થિતીનો વિશિષ્ટ અભ્યાસ પણ સફળ બનેલ છે.

### ૩:૨:૩ પેટા ઘટક મુજબ ગ્રામીણ શહેરી વસ્તીનો વૃદ્ધિદર :–

રાજકોટ જિલ્લામાં ગ્રામીણ અને શહેરી વસ્તીનું જુદા જુદા વર્ષો દરમ્યાન પ્રમાણ જોયા પછી જિલ્લાનાં વિવિધ તાલુકાઓમાં વૃદ્ધિદર જોવાથી સ્પષ્ટ થાય છે કે જિલ્લાનો એકંદર વસ્તી વૃદ્ધિદર પણ શહેરીકરણ તરફનું વલણ ધરાવે છે. જિલ્લાની કુલ ગ્રામીણ શહેરી વસ્તીનું પ્રમાણ ટકાવારી સ્વરૂપમાં જોવામાં આવેતો શહેરી વસ્તી વૃદ્ધિદર ઉંચો રહેવા પામ્યો છે. અહીં એક નોંધનીય બાબત એ પણ છે કે જિલ્લાની વસ્તીમાં સતત વધારો થતો જાય છે. પરંતુ આ વધારો ઘટતા જતા દરે જોવા મળે છે. આમ જિલ્લાની કુલ વસ્તીનો વૃદ્ધિદર પણ ઘટતા જતા દરે વધતો જોવા મળ્યો હતો, અહીં ગ્રામીણ વસ્તી વૃદ્ધિદરનો ઘટતા દરે થતો વધારો ઘટતો જોવા મળે છે જયારે શહેરી વસ્તી વૃદ્ધિદર શરૂઆતમાં વધતા દરે અને ત્યાર પછી ઘટતા દરે વધતો જોવા મળે છે. પરંતુ ૨૦૦૧નાં

વસ્તીનાં વલણો જોતા ગ્રામીણ વસ્તી વૃદ્ધિદર ઘટવા પામ્યો છે. આ બાબતને તેના વલણો દ્વારા સમજવાનો પ્રયત્ન પણ અહીં કરવામાં આવેલ છે.

જિલ્લામાં જુદા જુદા તાલુકાઓમાં વસ્તી વૃદ્ધિદર જોવામાં આવે તો ૧૪ તાલુકાઓમાં સૌથી વધુ વસ્તી જસદણ તાલુકામાં જોવા મળે છે. જિલ્લાનાં અમુક તાલુકાઓનો ગ્રામીણ વસ્તી વૃદ્ધિદર જિલ્લાનાં ગ્રામીણ વસ્તી વૃદ્ધિ દર કરતા નીચો જોવા મળે છે. જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાં સૌથી ઓછો વસ્તી વૃદ્ધિદર ધરાવતો તાલુકો લોધિકા જોવા મળે છે. જિલ્લાના અમુક તાલુકાઓમાં શહેરી વસ્તી વૃદ્ધિદર જિલ્લાનાં કુલ શહેરી વસ્તી વૃદ્ધિદર કરતા નીચા દરે રહેવા પામ્યો છે. તેમ છતા બધા જ જિલ્લાઓમાં શહેરીકરણની પ્રક્રિયા વધવા પામી છે. ૧૯૮૧–૯૧ ના વર્ષ દરમ્યાન પણ શહેરીકરણનો વૃદ્ધિદર આજ સમયગાળાનાં ગ્રામીણ વસ્તી વૃદ્ધિદર કરતા ઉંચો રહેવા પામ્યો છે. અહીં અગાઉના દસ વર્ષના સમયગાળા કરતાં શહેરી વસ્તી વૃદ્ધિદર નીચો જોવા મળે છે. જયારે એકંદરે શહેરી વસ્તી વૃદ્ધિદર ઉંચો રહેવા પામ્યો છે. તાલુકા સ્તર પર પણ જિલ્લાનાં શહેરી વસ્તી વૃદ્ધિદરમાં વધારાની જેમજ ૧૯૭૧ ના દસ વર્ષથી ૧૯૮૧ – ૯૧ ના દસ વર્ષ દરમ્યાન શહેરી વસ્તી વૃદ્ધિદર વધતો જતો જોવા મળ્યો છે. સામે પક્ષે તુલનાત્મક રીતે ગ્રામીણ વસ્તી વૃદ્ધિ દર ઘટતા દરે વધતો જોવા મળે છે. જયારે ૧૯૯૧–૨૦૦૧ના દસ વર્ષ દરમ્યાન શહેરી વસ્તી વૃદ્ધિ દર વધતા દરે વધતો જોવા મળે છે. આ બાબત પ્રકરણોનાં અંતમાં દર્શાવેલ આલેખ પરથી પણ સમજી શકાય છે.

### ૩:૨:૪ જિલ્લામાં જન્મ – મરણ પ્રમાણ :–

રાજકોટ જિલ્લાનાં વસ્તી વૃદ્ધિદરનાં વલણોની માહિતી પરથી જોઈ શકાય છે કે જિલ્લાની વસ્તીમાં સતત ઘટતા દરે વધારો થતો જોવા મળે છે. વસ્તી વધવા પાછળ મહત્વનો ફાળો જન્મદર અને મૃત્યુદરનો હોય છે. એ સર્વ સામાન્ય બાબત છે આથી અહીં રાજકોટ જિલ્લાનાં સંદર્ભમાં સંશોધન વિસ્તારની સંશોધનાત્મક પ્રવૃતિનાં ભાગરૂપ વસ્તીવધારા માટે જન્મદર અને મૃત્યુદર કારણભૂત છે આ બાબતની માહિતી પણ અહીં જોઈ શકાય છે. જેમાં જન્મદર મૃત્યુદરની તુલનાએ વધુ જોવા મળે છે. આથી અહીં વસ્તીવધારાનાં કારણરૂપે મરણદરને નોંધી શકાય. આમ જિલ્લાની વસ્તી વૃદ્ધિદર માટે જન્મ પ્રમાણ અને મૃત્યુ પ્રમાણનાં આધારે કહી શકાય કે ઉંચો જન્મદર અને

નીચા મૃત્યુદરને કારણે સતત વસ્તી વધારો થતો જાય છે. જિલ્લામાં જન્મ પ્રમાણ અને મરણ પ્રમાણ વચ્ચેનું અંતર ઘણુ વધારે છે. જિલ્લામાં જન્મ મરણ પ્રમાણનાં ફેરફારો પણ વસ્તીમાં વ્યાપક ફેરફારો સર્જે છે.

જન્મ પ્રમાણ લગભગ બે ગણા પ્રમાણમાં વધેલુ છે જયારે મરણ પ્રમાણ તુલનાત્મક રીતે ઘટેલુ જોવા મળે છે. પરિણામ સ્વરૂપ જિલ્લામાં ઉંચો વસ્તી વૃદ્ધિદર જોવા મળે છે. આમ સમગ્ર રીતે જોતા વસ્તીવધારો ઓછો ઝડપથી ઘટેલા જન્મદર અને તીવ્ર રીતે ઘટેલા મૃત્યુદરનું પરિણામ છે. જિલ્લામાં વસ્તી વૃદ્ધિદરમાં જન્મ–મરણ પ્રમાણ તપાસ્યા પછી વસ્તી વધારાની સાથે સાથે જિલ્લાની વસ્તીની ગીચતાનું પ્રમાણ ચકાસવુ જરૂરી જણાય છે. આ પ્રમાણ કોઠાને ૩.૨.૫ માં દર્શાવવામાં આવેલ છે.

### ૩ઃ૨ઃ૫ પેટા ઘટક મુજબ વસ્તી અને વસ્તીની ગીચતા :–

૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ રાજકોટ જિલ્લાની કુલ વસ્તી ૩૧.૬૮ લાખની છે. જે ૧૯૯૧ ની કુલ વસ્તી કરતા દસ વર્ષ દરમ્યાન ૨૬.૦૨ ટકા જેટલી વધારે હોવાનું જણાયેલ છે. રાજયની કુલ વસ્તી ૫,૦૫,૯૬,૯૯૨ પૈકી ૬.૨૬ ટકા જેટલી વસ્તી રાજકોટ જિલ્લામાં આવેલ છે. ૨૮૨ માનવ વસ્તી પ્રતિ ચો. કિ. મી. મુજબ આવેલી છે. તાલુકાવાર વિસ્તાર પ્રમાણે કુલ વસ્તી અને વસ્તીની ગીચતાની અહીં ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ રજુઆત કરેલ છે.

૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ રાજકોટ શહેરમાં ૧૦૭૨ ચો. કિ.મી. વિસ્તારમાં કુલ ૧૧૩૭૦૩૬ જેટલી વસ્તી છે અને વસ્તીની ગીચતા દર ચો. કિ.મી. દીઠ ૧૦૬૧ જેટલી જણાયેલ છે. રાજકોટ શહેરમાં વસવાટી ગામોની સંખ્યા ૯૩ છે. જયારે બિન વસવાટી ગામોની સંખ્યા ૧ છે. ઉપરાંત માળીયા મીયાણા તાલુકામાં ૭૭૦ ચો. કિ.મી. વિસ્તારમાં કુલ વસ્તી ૮૩૪૫૫ અને વસ્તીની ગીચતા દર ચો. કિ.મી. દીઠ ૧૦૮ છે. મોરબી તાલુકામાં ૧૦૬૫ ચો. કિ.મી. વિસ્તારમાં કુલ ૩૨૬૯૮૨ જેટલી વસ્તી અને વસ્તીની ગીચતા દર ચો. કિ. મી. દીઠ ૩૦૭ છે. ટંકારા તાલુકામાં ૬૧૭ ચો. કિ. મી. વિસ્તારમાં કુલ ૮૪૩૯૭ જેટલી કુલ વસ્તી અને ગીચતા દર ચો. કિ. મી. દીઠ ૧૩૭ છે. વાંકાનેર તાલુકામાં કુલ ૧૧૧૮ ચો. કિ. મી. વિસ્તારમાં કુલ ૧૮૬૦૨૪ જેટલી વસ્તી અને

ગીચતા દર ચો. કિ.મી. દીઠ ૧૬૬ છે. પડધરી તાલુકામાં ૫૫૪ ચો. કિ.મી. વિસ્તારમાં કુલ ૭૩૦૭૩ જેટલી વસ્તી અને ગીચતા દર ચો. કિ.મી. દીઠ ૧૩૨ છે. લોધિકા તાલુકામાં કુલ ૩૭૩ ચો.કિ.મી. વિસ્તારમાં કુલ ૪૬૧૬૨ જેટલી વસ્તી અને ગીચતા દર ચો. કિ.મી. દીઠ ૧૨૪ છે. કોટડા સાંગાણી તાલુકામાં ૪૪૭ ચો. કિ.મી. વિસ્તારમાં કુલ ૭૯૮૩૪ જેટલી વસ્તી અને ગીચતા દર ચો. કિ.મી. દીઠ ૧૭૯ છે. જસદણ તાલુકામાં ૧૩૨૬ ચો.કિ.મી. ના વિસ્તારમાં કુલ ૨૬૨૯૩૦ જેટલી કુલ વસ્તી અને ગીચતા દર ચો.કિ.મી. દીઠ ૧૯૮ છે. ગોંડલ તાલુકામાં ૧૧૯૪ ચો. કિ.મી. વિસ્તારમાં ૨૬૫૯૦૦ જેટલી કુલ વસ્તી અને ગીચતા દર ચો. કિ. મી. દીઠ ૨૨૩ છે. જામકંડોરણા તાલુકામાં ૫૬૦ ચો. કિ. મી. વિસ્તારમાં ૭૫૬૯૩ જેટલી કુલ વસ્તી અને ગીચતા દર ચો. કિ. મી. દીઠ ૧૩૫ છે. ઉપલેટા તાલુકામાં ૮૩૯ ચો. કિ. મી. વિસ્તારમાં કુલ ૧૭૦૧૪૮ જેટલી કુલ વસ્તી અને ગીચતા દર ચો. કિ.મી. દીઠ ૨૦૩ છે. ધોરાજી તાલુકામાં કુલ ૪૮૫ ચો. કિ.મી. વિસ્તારમાં ૧૪૮૯૯૧ જેટલી કુલ વસ્તી અને ગીચતા દર ચો. કિ.મી. દીઠ ૩૦૭ છે. જેતપુર તાલુકામાં ૬૩૮ ચો. કિ. મી. વિસ્તારમાં ૨૨૭૭૬૭ જેટલી કુલ વસ્તી અને ગીચતા દર ચો. કિ.મી. દીઠ ૩૫૭ છે.

આમ, જિલ્લામાં કુલ ૧૧૨૦૩ ચો. કિ.મી. વિસ્તારમાં કુલ ૩૧૬૮૩૯૨ જેટલી વસ્તી અને ગીચતા દર ચો. કિ.મી. દીઠ ૨૮૨ છે. તાલુકાવાર વિસ્તાર, કુલ વસ્તી અને વસ્તીની ગીચતા તેમજ વસવાટી ગામો, બિનવસવાટી ગામો, કુલ ગામો અને શહેરોની સંખ્યા વિશેની સંપૂર્ણ માહિતી કોષ્ટક નં. ૩:૨:૫ માં નીચે મુજબ દર્શાવેલ છે.

## ૩:૨:૫ પેટા ઘટક મુજબ વસ્તી અને વસ્તીની ગીચતા :–

| ક્રમ | તાલુકાનું નામ | વિસ્તાર ચો.કિ.મી.મા | કુલ વસ્તી | વસ્તીની ગીચતાદર ચો.કિ.મી. દીઠ | વસવાટી ગામોની સંખ્યા | બિન વસવાટી ગામોની સંખ્યા | કુલ ગામોની સંખ્યા | શહેરોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧. | માળીયામીંયાણા | ૭૭૦ | ૮૩૪૫૫ | ૧૦૮ | ૪૭ | - | ૪૭ | - |
| ૨. | મોરબી | ૧૦૬૫ | ૩૨૬૯૮૨ | ૩૦૭ | ૭૮ | - | ૧૨૧ | ૧ |
| ૩. | ટંકારા | ૬૧૭ | ૮૪૩૯૭ | ૧૩૭ | ૪૭ | - | - | - |
| ૪. | વાંકાનેર | ૧૧૧૮ | ૧૮૬૦૨૪ | ૧૬૬ | ૧૦૦ | - | ૧૦૦ | ૧ |
| ૫. | પડધરી | ૫૫૪ | ૭૩૦૭૩ | ૧૩૨ | ૫૭ | - | ૬૧ | ૧ |
| ૬. | રાજકોટ | ૧૦૭૨ | ૧૧૩૭૦૩૬ | ૧૦૬૧ | ૯૩ | ૧ | ૯૪ | ૧ |
| ૭. | લોધિકા | ૩૭૩ | ૪૬૧૬૨ | ૧૨૪ | ૩૮ | - | ૩૮ | - |
| ૮. | કોટડાસાંગાણી | ૪૪૭ | ૭૯૮૩૪ | ૧૭૯ | ૪૧ | - | ૪૧ | - |
| ૯. | જસદણ | ૧૩૨૬ | ૨૬૨૯૩૦ | ૧૯૮ | ૧૦૦ | - | ૧૦૦ | ૧ |
| ૧૦. | ગોંડલ | ૧૧૯૪ | ૨૬૫૯૦૦ | ૨૨૩ | ૮૦ | ૧ | ૮૧ | ૧ |
| ૧૧. | જામકંડોરણા | ૫૬૦ | ૭૫૬૯૩ | ૧૩૫ | ૪૬ | - | ૪૬ | - |
| ૧૨. | ઉપલેટા | ૮૩૯ | ૧૭૦૧૪૮ | ૨૦૩ | ૫૦ | - | ૫૦ | ૨ |
| ૧૩. | ધોરાજી | ૪૮૫ | ૧૪૮૯૯૧ | ૩૦૭ | ૩૦ | - | ૩૦ | ૧ |
| ૧૪. | જેતપુર | ૬૩૮ | ૨૨૭૭૬૭ | ૩૫૭ | ૪૭ | - | ૪૭ | ૧ |
| | જિલ્લાનું કુલ | ૧૧૨૦૩ | ૩૧૬૮૩૯૨ | ૨૮૨ | ૮૫૪ | ૨ | ૮૫૬ | ૧૦ |

## ૩:૨:૬ જિલ્લાની ગ્રામીણ શહેરી વસ્તીનું વર્ગીકરણ :–

૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે દરેક તાલુકાની ગ્રામ્ય શહેરી વસ્તીનું પણ વર્ગીકરણ કરવામાં આવેલ છે. રાજકોટ શહેરમાં કુલ ગ્રામ્ય પુરૂષોની સંખ્યા ૬૯૭૯૩ અને સ્ત્રીઓની સંખ્યા ૬૫૦૮૩ એટલે કે કુલ ૧૩૪૮૭૬ જેટલી ગ્રામ્ય વસ્તી છે. જયારે શહેરી પુરૂષો ૫૨૫૭૯૭ અને સ્ત્રીઓની સંખ્યા ૪૭૬૩૬૩ છે. જયારે કુલ શહેરી વસ્તી ૧૦૦૨૧૬૦ જેટલી છે. મોરબી તાલુકામાં ગ્રામ્ય પુરુષો ૭૭૫૭૨ અને ગ્રામ્ય સ્ત્રીઓ ૭૧૨૬૨ અને કુલ ગ્રામ્ય વસ્તી ૧૪૮૮૩૪ છે. જયારે શહેરી પુરૂષો ૯૨૭૦૬ અને શહેરી સ્ત્રીઓ ૮૫૪૪૨ જયારે કુલ શહેરી વસ્તી ૧૭૮૧૪૮ છે. ટંકારા તાલુકામાં કુલ ગ્રામ્ય પુરૂષો ૪૨૯૫૮, ગ્રામ્ય સ્ત્રીઓ ૪૧૪૩૯ અને કુલ ગ્રામ્ય વસ્તી ૮૪૩૯૭ છે. આ તાલુકામાં શહેરી વસ્તીનું પ્રમાણ શૂન્ય છે. વાંકાનેર તાલુકામાં ગ્રામ્ય પુરૂષો ૭૫૦૫૩ અને ગ્રામ્ય સ્ત્રીઓ ૭૦૭૭૯ જયારે કુલ ગ્રામ્ય વસ્તી ૧૪૫૮૩૨ છે. જયારે શહેરી પુરૂષો ૨૦૭૪૨ અને શહેરી સ્ત્રીઓ ૧૯૪૫૦ છે જયારે કુલ શહેરી વસ્તી ૪૦૧૯૨ છે. પડધરી

તાલુકામાં ગ્રામ્ય પુરૂષો ૩૨૨૬૭ ગ્રામ્ય સ્ત્રીઓ ૩૧૫૮૧ અને કુલ ગ્રામ્ય વસ્તી ૬૩૮૪૮ છે. જયારે શહેરી પુરૂષો ૪૭૨૪, સ્ત્રીઓ ૪૫૦૧ અને કુલ શહેરી વસ્તી ૯૨૨૫ છે. લોધિકા તાલુકામાં કુલ ગ્રામ્ય પુરૂષો ૨૩૫૯૪, ગ્રામ્ય સ્ત્રીઓ ૨૨૫૬૮ અને કુલ ગ્રામ્ય વસ્તી ૪૬૧૬૨ છે. કોટડાસાંગાણી તાલુકામાં કુલ ગ્રામ્ય પુરૂષો ૪૨૫૭૯, ગ્રામ્ય સ્ત્રીઓ ૩૭૨૫૫ અને કુલ ગ્રામ્ય વસ્તી ૭૯૮૩૪ છે. જસદણ તાલુકામાં કુલ ગ્રામ્ય પુરુષો ૧૧૩૫૯૦, ગ્રામ્ય સ્ત્રીઓ ૧૧૦૨૯૯ અને કુલ ગ્રામ્ય વસ્તી ૨૨૩૮૮૯ છે. જયારે શહેરી પુરૂષો ૨૦૪૨૬ અને શહેરી સ્ત્રીઓ ૧૮૬૧૫ છે. જયારે કુલ શહેરી વસ્તી ૩૯૦૪૧ છે. ગોંડલ તાલુકામાં કુલ ગ્રામ્ય પુરૂષો ૮૬૦૨૮, ગ્રામ્ય સ્ત્રીઓ ૮૨૩૯૧ અને કુલ ગ્રામ્ય વસ્તી ૧૬૮૪૧૯ છે. જયારે શહેરી પુરૂષો ૫૧૦૯૯ અને શહેરી સ્ત્રીઓ ૪૬૩૮૨ જયારે કુલ શહેરી વસ્તી ૯૭૪૮૧ છે. જામકંડોરણા તાલુકામાં ગ્રામ્ય પુરૂષો ૩૮૧૪૯, ગ્રામ્ય સ્ત્રીઓ ૩૭૫૪૪ અને કુલ ગ્રામ્ય વસ્તી ૩૫૬૯૩ છે. ઉપલેટા તાલુકામાં કુલ ગ્રામ્ય પુરૂષો ૪૯૫૩૬, ગ્રામ્ય સ્ત્રીઓ ૪૭૦૨૫ અને કુલ ગ્રામ્ય વસ્તી ૯૬૫૬૧ છે. જયારે શહેરી પુરૂષો ૩૭૬૪૮ અને શહેરી સ્ત્રીઓ ૩૫૩૯૩ અને કુલ શહેરી વસ્તી ૭૩૫૮૭ છે. ધોરાજી તાલુકામાં કુલ ગ્રામ્ય પુરૂષો ૩૪૮૧૧, ગ્રામ્ય સ્ત્રીઓ ૩૩૩૭૦ અને કુલ ગ્રામ્ય વસ્તી ૬૮૧૮૪ છે. જયારે કુલ શહેરી પુરૂષો ૪૧૧૬૩, શહેરી સ્ત્રીઓ ૩૯૬૪૪ જયારે કુલ શહેરી વસ્તી ૮૦૮૦૭ જેટલી છે. જેતપુર તાલુકામાં કુલ ગ્રામ્ય પુરૂષો ૬૩૬૧૧, ગ્રામ્ય સ્ત્રીઓ ૫૯૮૪૫ અને કુલ ગ્રામ્ય વસ્તી ૧૨૩૪૫૬ છે. જયારે શહેરી પુરૂષો ૫૪૭૭૨, ગ્રામ્ય સ્ત્રીઓ ૪૯૫૩૯ જયારે કુલ ગ્રામ્ય વસ્તી ૧૦૪૩૧૧ છે. જિલ્લાનાં કુલ ગ્રામ્ય પુરૂષો ૭૯૨૪૮૫, ગ્રામ્ય સ્ત્રીઓ ૭૫૦૯૫૫ અને કુલ ગ્રામ્ય વસ્તી ૧૫૪૩૪૪૦ છે. જયારે જિલ્લાનાં કુલ શહેરી પુરૂષો ૮૪૯૦૭૭ અને શહેરી સ્ત્રીઓ ૭૭૫૮૭૫ છે. જયારે જિલ્લાની કુલ શહેરી વસ્તી ૧૬૨૪૯૫૨ છે.

## ૩:૨:૬ જિલ્લાની ગ્રામીણ શહેરી વસ્તીનું વર્ગીકરણ
## (વસ્તી ગણતરી ૨૦૦૧ પ્રમાણ)

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ્ય | | | શહેરી | | | જિલ્લાની કુલ | | | દર હજાર પુરૂષે સ્ત્રીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧. | માળીયા મીયાણા | ૪૨૯૪૪ | ૪૦૫૧૧ | ૮૩૪૫૫ | - | - | - | ૪૨૯૪૪ | ૧૦૫૧૧ | ૮૩૪૫૫ | ૯૩૪ |
| ૨. | મોરબી | ૭૭૫૭૨ | ૭૧૨૬૨ | ૧૪૮૮૩૪ | ૯૨૭૦૬ | ૮૫૪૪૨ | ૧૭૮૧૪૮ | ૧૭૨૭૮ | ૧૫૬૭૦૪ | ૩૨૬૯૮૨ | ૯૩૦ |
| ૩. | ટંકારા | ૪૨૯૫૮ | ૪૧૪૩૯ | ૮૪૩૯૭ | - | - | - | ૪૨૯૫૮ | ૪૧૪૩૯ | ૮૪૩૯૭ | ૯૬૫ |
| ૪. | વાંકાનેર | ૭૫૦૫૩ | ૭૦૭૭૯ | ૧૪૫૮૩૨ | ૨૦૭૪૨ | ૧૯૪૫૦ | ૪૦૧૯૨ | ૯૫૭૯૫ | ૯૦૨૨૯ | ૧૮૬૦૨૪ | ૯૩૫ |
| ૫. | પડધરી | ૩૨૨૬૭ | ૩૧૫૮૧ | ૬૩૮૪૮ | ૪૭૨૪ | ૪૫૦૧ | ૯૨૨૫ | ૩૬૯૯૧ | ૩૬૦૮૨ | ૭૩૦૭૩ | ૯૭૫ |
| ૬. | રાજકોટ | ૬૯૭૯૩ | ૬૫૦૮૩ | ૧૩૪૮૭૬ | ૫૨૫૭૯૭ | ૪૭૬૩૬૩ | ૧૦૦૨૧૬૦ | ૫૯૫૫૯૦ | ૫૪૧૪૪૬ | ૧૧૩૭૦૩૬ | ૯૦૯ |

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ્ય | | | શહેર | | | જિલ્લાની કુલ | | | દર હજાર પુરૂષે સ્ત્રીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૭. | લોધિકા | ૨૩૫૯૪ | ૨૨૫૬૮ | ૪૬૧૬૨ | - | - | - | ૨૩૫૯૪ | ૨૨૫૬૮ | ૪૬૧૬૨ | ૯૫૭ |
| ૮. | કોટડા સાંગાણી | ૪૨૫૭૯ | ૩૭૨૫૫ | ૭૯૮૩૪ | - | - | - | ૪૨૫૭૯ | ૩૭૨૫૫ | ૭૯૮૩૪ | ૮૭૫ |
| ૯. | જસદણ | ૧૧૩૫૯૦ | ૧૧૦૨૯૯ | ૨૨૩૮૮૯ | ૨૦૪૨૬ | ૧૮૬૧૫ | ૩૯૦૪૧ | ૧૩૪૦૧૬ | ૧૨૮૯૧૪ | ૨૬૨૯૩૦ | ૯૬૨ |
| ૧૦. | ગોંડલ | ૮૬૦૨૮ | ૮૨૩૯૧ | ૧૬૮૪૧૯ | ૫૧૦૯૯ | ૪૬૩૮૨ | ૯૭૪૮૧ | ૧૩૭૧૨૭ | ૧૨૮૭૭૩ | ૨૬૫૯૦૦ | ૯૩૯ |
| ૧૧. | જામકંડોરણા | ૩૮૧૪૯ | ૩૭૫૪૪ | ૩૫૬૯૩ | - | - | - | ૩૮૧૪૯ | ૩૭૫૪૪ | ૭૪૬૯૩ | ૯૮૪ |
| ૧૨. | ઉપલેટા | ૪૯૫૩૬ | ૪૭૦૨૫ | ૯૬૫૬૧ | ૩૭૬૪૮ | ૩૫૩૯૩ | ૭૩૫૮૭ | ૮૭૧૮૪ | ૮૨૯૬૪ | ૧૭૦૧૪૮ | ૯૫૨ |
| ૧૩. | ધોરાજી | ૩૪૮૧૧ | ૩૩૩૭૦ | ૬૮૧૮૪ | ૪૧૧૬૩ | ૩૯૬૪૪ | ૮૦૮૦૭ | ૭૫૯૭૪ | ૭૩૦૧૭ | ૧૪૮૯૯૧ | ૯૬૧ |
| ૧૪. | જેતપુર | ૬૩૬૧૧ | ૫૯૮૪૫ | ૧૨૩૪૫૬ | ૫૪૭૭૨ | ૪૯૫૩૯ | ૧૦૪૩૧૧ | ૧૧૮૩૮૩ | ૧૦૯૩૮૪ | ૨૨૭૭૬૭ | ૯૨૪ |
| | જિલ્લાનુ કુલ | ૭૯૨૪૮૫ | ૭૫૦૯૫૫ | ૧૫૪૩૪૪૦ | ૮૪૯૦૭૭ | ૭૭૫૮૭૫ | ૧૬૨૪૯૫૨ | ૧૬૪૧૫૬૨ | ૧૫૨૬૮૩૦ | ૩૧૬૮૩૯૨ | ૯૩૦ |

(પ્રાપ્તિ સ્થાન : સાયલન્ટ ફીચર્સ ઓફ પોપ્યુલેશન સેન્સસ – ૨૦૦૧ પુસ્તિકા નિયામક અર્થશાસ્ત્ર અને આંકડાશાખા, ગાંધીનગર)

**૩:૨:૭ જિલ્લામાં સ્થાનિક સંસ્થાઓએ આવરેલ વસ્તીનું વર્ગીકરણ :–**

૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ મોરબી નગરપાલિકાએ આવરેલ વસ્તી ૧૭૮૧૪૮ છે. વાંકાનેર ૪૦૧૯૨, રાજકોટ મહાનગરપાલિકાએ આવરેલ વસ્તી ૯૬૬૬૪૨, ગોંડલ ૯૫૯૯૧, ઉપલેટા ૫૫૩૪૧, ધોરાજી, ૮૦૮૦૭, જેતપુર ૧૦૪૩૧૧, જસદણ નગરપંચાયતે આવરેલ વસ્તી ૩૯૦૪૧ છે. જયારે માળીયામીયાણા, ટંકારા, પડધરી, લોધિકા, કોટડાસાંગાણી, જામકંડોરણા વગેરે તાલુકાઓમાં નગરપાલિકાઓનું અસ્તિત્વ ન હોવાથી આ તાલુકાઓની વસ્તી વિશેની માહિતી અપ્રાપ્ય છે.

૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ માળીયામીયાણા તાલુકાપંચાયતે આવરેલી વસ્તી ૮૩૪૫૫ છે. આ તાલુકામાં ગ્રામ પંચાયતે આવરેલી વસ્તી ૮૩૪૫૫ છે. આ તાલુકામાં ગામ જુથ પંચાયતો ૪૧ છે. મોરબી તાલુકાપંચાયતે આવરેલ વસ્તી ૧૪૮૮૩૪ છે. ગ્રામ પંચાયતે આવરેલ વસ્તી ૧૪૮૮૩૪ છે. આ તાલુકામાં ગ્રામ જૂથ પંચાયતોની સંખ્યા ૮૨ છે. ટંકારા તાલુકાપંચાયતે આવરેલ વસ્તી ૮૪૩૯૭ છે. ગ્રામ જુથ પંચાયતોની સંખ્યા ૫૦ છે. જયારે ગ્રામ પંચાયતે આવરેલ વસ્તી ૮૪૩૯૭ છે. વાંકાનેર તાલુકાપંચાયતે આવરેલ વસ્તી ૧૪૫૮૩૨ છે. ગ્રામ પંચાયતે આવરેલ વસ્તી ૧૪૫૮૩૨ છે. જયારે વાંકાનેર ગ્રામ જૂથ પંચાયતોની સંખ્યા ૮૯ છે. પડધરી તાલુકાપંચાયતે આવરેલ વસ્તી ૬૩૮૪૮, ગ્રામ પંચાયતે આવરેલ વસ્તી પણ ૬૩૮૪૮ છે. અને ગ્રામ જુથ પંચાયતોની સંખ્યા ૫૭ છે. રાજકોટ તાલુકાપંચાયતે આવરેલ વસ્તી ૧૩૪૮૭૬, ગ્રામ જુથ પંચાયતે આવરેલ વસ્તી ૧૩૪૮૭૬ છે. જયારે ગ્રામ જુથ પંચાયતોની સંખ્યા ૮૬ છે. લોધિકા તાલુકાપંચાયતે આવરેલ વસ્તી ૪૬૧૬૨, ગ્રામ પંચાયતે આવરેલ વસ્તી ૪૬૧૬૨ છે. ગ્રામજૂથપંચાયતો ૩૭ છે. કોટડાસાંગાણી તાલુકાપંચાયતે આવરેલ વસ્તી ૭૯૩૮૪ છે. ગ્રામપંચાયતે આવરેલ વસ્તી ૭૯૮૩૪ છે. અને ગ્રામ જુથ પંચાયતોની સંખ્યા ૪૧ છે. જસદણ તાલુકાપંચાયતે આવરેલ વસ્તી ૨૨૩૮૮૯, ગ્રામ પંચાયતે આવરેલ વસ્તી ૨૨૩૮૮૯ અને ગ્રામજુથપંચાયતો ૧૦૧ છે. ગોંડલ તાલુકાપંચાયતે આવરેલ વસ્તી ૧૬૮૪૧૯, ગ્રામપંચાયતે આવરેલ વસ્તી ૧૬૮૪૧૯ અને ગ્રામજૂથપંચાયતોની સંખ્યા ૭૯ છે. જામકંડોરણા તાલુકાપંચાયતે આવરેલ વસ્તી ૭૫૬૯૩, ગ્રામપંચાયતે આવરેલ વસ્તી ૭૫૬૯૩ અને ગ્રામજુથપંચાયતોની સંખ્યા ૫૦ છે. ઉપલેટા તાલુકાપંચાયતે આવરેલ વસ્તી

૯૬૫૬૧, ગ્રામપંચાયતે આવરેલ વસ્તી ૯૬૫૬૧ અને ગ્રામજુથપંચાયતો ૫૧ છે. ધોરાજી તાલુકા પંચાયતે આવરેલ વસ્તી ૬૮૧૮૪ અને ગ્રામપંચાયતે આવરેલ વસ્તી ૬૮૧૮૪ અને ગ્રામજુથપંચાયતોની સંખ્યા ૩૦ છે. જેતપુર તાલુકાપંચાયતે આવરેલ વસ્તી ૧૨૩૪૫૬ અને ગ્રામજુથપંચાયતોની સંખ્યા ૪૮ છે. જિલ્લાની કુલ તાલુકાપંચાયતોએ આવરેલ વસ્તી ૧૫૪૩૪૪૦ ગ્રામપંચાયતે આવરેલ વસ્તી ૧૫૪૩૪૪૦ જિલ્લાની કુલ ગ્રામજુથપંચાયતોની સંખ્યા ૮૪૨ છે.

**૩:૨:૭ જિલ્લામાં સ્થાનિક સંસ્થાઓ અને તેઓએ આવરેલ વસ્તી – ૨૦૦૧**

| ક્રમ | તાલુકાનું નામ | મહાનગરપાલિકા / નગરપાલિકા (અ) | | નગરપંચાયતો/ શહેરી વિસ્તાર (બ) | |
|---|---|---|---|---|---|
| | | નગરપાલિકા નું નામ | આવરેલી વસ્તી | નગર પંચાયતનું નામ | આવરેલી વસ્તી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | માળીયામીંયાણા | – | – | – | – |
| ૨. | મોરબી | મોરબી | ૧૭૮૧૪૮ | - | |
| ૩. | ટંકારા | – | – | – | – |
| ૪. | વાંકાનેર | વાંકાનેર | ૪૦૧૯૨ | - | |
| ૫. | પડધરી | – | – | – | ૯૨૨૫ |
| ૬. | રાજકોટ | રાજકોટ | ૯૬૬૬૪૨ | - | ૩૫૫૧૮ |
| ૭. | લોધિકા | - | - | - | - |
| ૮. | કોટડાસાંગાણી | - | - | - | - |
| ૯. | જસદણ | - | - | જસદણ | ૩૯૦૪૧ |
| ૧૦. | ગોંડલ | ગોંડલ | ૯૫૯૯૧ | - | ૧૪૯૦ |
| ૧૧. | જામકંડોરણા | - | - | - | - |
| ૧૨. | ઉપલેટા | ઉપલેટા | ૫૫૩૪૧ | ભાયાવદર | ૧૮૨૪૬ |
| ૧૩. | ધોરાજી | ધોરાજી | ૮૦૮૦૭ | - | - |
| ૧૪. | જેતપુર | જેતપુર | ૧૦૪૩૧૧ | - | - |
| | જિલ્લાનું કુલ | | ૧૫૨૧૪૩૨ | - | ૧૦૩૫૨૦ |

**જિલ્લામાં સ્થાનિક સંસ્થાઓ અને તેઓએ આવરેલ વસ્તી – ૨૦૦૧ પત્રક ચાલુ........**

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકા પંચાયતો (ક) | | ગ્રામ પંચાયતો (ડ) | |
|---|---|---|---|---|---|
| | | તાલુકા પંચાયતનું નામ | આવરેલી વસ્તી | ગ્રામજુથ પંચાયતો નીસંખ્યા | આવરેલી વસ્તી |
| ૧ | ૨ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧. | માળીયામીંયાણા | માળીયામીંયાણા | ૮૩૪૫૫ | ૪૧ | ૮૩૪૫૫ |
| ૨. | મોરબી | મોરબી | ૧૪૮૮૩૪ | ૮૨ | ૧૪૮૮૩૪ |
| ૩. | ટંકારા | ટંકારા | ૮૪૩૯૭ | ૫૦ | ૮૪૩૯૭ |
| ૪. | વાંકાનેર | વાંકાનેર | ૧૪૫૮૩૨ | ૮૯ | ૧૪૫૮૩૨ |
| ૫. | પડધરી | પડધરી | ૬૩૮૪૮ | ૫૭ | ૬૩૮૪૮ |
| ૬. | રાજકોટ | રાજકોટ | ૧૩૪૮૭૬ | ૮૬ | ૧૩૪૮૭૬ |
| ૭. | લોધિકા | લોધિકા | ૪૬૧૬૨ | ૩૭ | ૪૬૧૬૨ |
| ૮. | કોટડાસાંગાણી | કોટડાસાંગાણી | ૭૯૮૩૪ | ૪૧ | ૭૯૮૩૪ |
| ૯. | જસદણ | જસદણ | ૨૨૩૮૮૯ | ૧૦૧ | ૨૨૩૮૮૯ |
| ૧૦. | ગોંડલ | ગોંડલ | ૧૬૮૪૧૯ | ૭૯ | ૧૬૮૪૧૯ |
| ૧૧. | જામકંડોરણા | જામકંડોરણા | ૭૫૬૯૩ | ૫૦ | ૭૫૬૯૩ |
| ૧૨. | ઉપલેટા | ઉપલેટા | ૯૬૫૬૧ | ૫૧ | ૯૬૫૬૧ |
| ૧૩. | ધોરાજી | ધોરાજી | ૬૮૧૮૪ | ૩૦ | ૬૮૧૮૪ |
| ૧૪. | જેતપુર | જેતપુર | ૧૨૩૪૫૬ | ૪૮ | ૧૨૩૪૫૬ |
| | જિલ્લાનું કુલ | | ૧૫૪૩૪૪૦ | ૮૪૨ | ૧૫૪૩૪૪૦ |

## ૩:૨:૮ અક્ષરજ્ઞાન પ્રમાણે વસ્તીનું વર્ગીકરણ :–

૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ તાલુકાવાર અક્ષરજ્ઞાન ધરાવનાર વસ્તીનું વર્ગીકરણ અહીં રજુ કરેલ છે. રાજકોટ તાલુકામાં ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ અક્ષરજ્ઞાન ધરાવનાર પુરૂષો ૪૫૪૨૪૮ અને સ્ત્રીઓ ૩૫૮૦૫૩ જયારે કુલ અક્ષરજ્ઞાન ધરાવનારાઓની સંખ્યા ૮૧૨૩૦૧ છે. જેનું કુલ ટકાવારી પ્રમાણ ૮૧.૩૮ છે. ટંકારા તાલુકામાં પુરૂષો ૨૯૭૫૦, સ્ત્રીઓ

૨૧૦૭૧ કુલ ૫૦૮૨૧ જેટલી વસ્તી અક્ષરજ્ઞાન ધરાવે છે. જેનું ટકાવારી પ્રમાણ ૬૯.૩૭ છે. પડધરી તાલુકામાં પુરૂષો ૨૫૧૯૩, સ્ત્રીઓ ૧૮૮૩૧ અને કુલ અક્ષરજ્ઞાન ધરાવનારાની વસ્તી ૪૪૦૨૪ છે. જેનુ કુલ ટકાવારી પ્રમાણ ૬૮.૯૨ છે. લોધિકા તાલુકામાં અક્ષરજ્ઞાન ધરાવનાર પુરૂષોની સંખ્યા ૧૫૮૦૧, સ્ત્રીઓની સંખ્યા ૧૧૯૭૦ અને કુલ પ્રમાણ ૨૭૭૭૧ છે. જેની ટકાવારી ૬૯.૦૮ છે. કોટડાસાંગાણી તાલુકામાં કુલ ૨૮૬૭૩ પુરૂષો, ૧૯૦૯૭ સ્ત્રીઓ બન્નેનું કુલ પ્રમાણ ૪૭૭૦૦ છે. જયારે ટકાવારી ૬૯.૭૯ છે. જસદણ તાલુકામાં અક્ષરજ્ઞાન ધરાવનાર પુરૂષો ૭૯૦૯૬ અને સ્ત્રીઓનું પ્રમાણ ૪૯૧૦૦ છે. જયારે કુલ ૧૨૮૧૯૬ અને ટકાવારી ૫૯.૧૭ છે. ગોંડલ તાલુકામાં અક્ષરજ્ઞાન ધરાવનાર પુરૂષો ૯૯૭૫૬ અને સ્ત્રીઓ ૭૮૧૪૧ છે. જયારે કુલ ૧૭૭૮૯૭ અને ટકાવારી ૭૫.૯૪ છે. જામકંડોરણા તાલુકામાં અક્ષરજ્ઞાન ધરાવનાર પુરૂષો ૨૬૪૫૪ સ્ત્રીઓ ૨૧૮૧૪ અને બન્નેનું કુલ પ્રમાણ ૪૮૨૬૮ છે. જયારે ટકાવારી ૭૨.૩૬ છે. ઉપલેટા તાલુકામાં અક્ષરજ્ઞાન ધરાવનાર પુરૂષો ૬૨૩૬૦ અને સ્ત્રીઓ ૪૮૦૦૨ જયારે કુલ ૧૧૦૩૬૨ અને ટકાવારી ૭૩૭૨ છે. ધોરાજી તાલુકામાં અક્ષરજ્ઞાન ધરાવનાર પુરૂષો ૫૭૦૭૮ અને સ્ત્રીઓ ૪૪૩૭૨ જયારે કુલ ૧૦૧૪૫૦ અને ટકાવારી ૭૬.૬૧ છે. જેતપુર તાલુકામાં અક્ષરજ્ઞાન ધરાવનાર પુરૂષો ૮૮૬૦૧ અને સ્ત્રીઓ ૬૬૯૫૫ જયારે કુલ ૧૫૫૫૫૬ અને ટકાવારી ૭૬.૮૫ છે.

## અક્ષરજ્ઞાન

## ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ અક્ષરજ્ઞાન ધરાવનારની સંખ્યા

| ક્રમ | તાલુકાનુંનામ | પુરૂષ | ટકાવારી | સ્ત્રી | ટકાવારી | કુલ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | માળીયામીંયાણા | - | - | - | - | - | - |
| ૨. | મોરબી | - | - | - | - | - | - |
| ૩. | ટંકારા | ૨૯૭૫૦ | ૮૦.૨૨ | ૨૧૦૭૧ | ૫૮.૨૫ | ૫૦૮૨૧ | ૬૯૩૭ |
| ૪. | વાંકાનેર | - | - | - | - | - | - |
| ૫. | પડધરી | ૨૫૧૯૩ | ૭૮.૪૧ | ૧૮૮૩૧ | ૫૭.૩૨ | ૪૪૦૨૪ | ૬૮.૯૨ |
| ૬. | રાજકોટ | ૪૫૪૨૪૮ | ૮૭.૪૨ | ૩૫૮૦૫૩ | ૭૪.૮૩ | ૮૧૨૩૦૧ | ૮૧.૩૮ |
| ૭. | લોધિકા | ૧૫૮૦૧ | ૭૭.૫૩ | ૧૧૯૭૦ | ૬૦.૪૦ | ૨૭૭૭૧ | ૬૯.૦૮ |
| ૮. | કોટડાસાંગાણી | ૨૮૬૭૩ | ૭૮.૭૫ | ૧૯૦૯૭ | ૬૯.૬૧ | ૪૭૭૦૦ | ૬૯.૭૯ |
| ૯. | જસદણ | ૭૯૦૯૬ | ૭૨.૦૭ | ૪૯૧૦૦ | ૪૫.૯૩ | ૧૨૮૧૯૬ | ૫૯.૧૭ |
| ૧૦. | ગોંડલ | ૯૯૭૫૬ | ૮૩.૪૨ | ૭૮૧૪૧ | ૬૮.૧૪ | ૧૭૭૮૯૭ | ૭૫.૯૪ |
| ૧૧. | જામકંડોરણા | ૨૬૪૫૪ | ૭૯.૪૮ | ૨૧૮૧૪ | ૬૫.૨૭ | ૪૮૨૬૮ | ૭૨.૩૬ |
| ૧૨. | ઉપલેટા | ૬૨૩૬૦ | ૮૧.૯૯ | ૪૮૦૦૨ | ૬૫.૧૮ | ૧૧૦૩૬૨ | ૭૩.૭૨ |
| ૧૩. | ધોરાજી | ૫૭૦૭૮ | ૮૫.૧૬ | ૪૪૩૭૨ | ૬૭.૮૫ | ૧૦૧૪૫૦ | ૭૬.૬૧ |
| ૧૪. | જેતપુર | ૮૮૬૦૧ | ૮૪.૭૪ | ૬૬૯૫૫ | ૬૮.૩૮ | ૧૫૫૫૫૬ | ૭૬.૮૩ |

### ૩ : ૩ રાજકોટ જિલ્લામાં ખેતીક્ષેત્રના વિકાસ વલણો :–

ભારતીય અર્થતંત્ર એ ખેતીપ્રધાન અર્થતંત્ર ધરાવતુ હોવાથી રાજયકક્ષાએ અને જિલ્લા કક્ષાએ અને તાલુકાકક્ષાએ પણ ખેતીક્ષેત્રએ અર્થ વ્યવસ્થાના એક મહત્વના ક્ષેત્ર તરીકે સ્વીકૃતી પામ્યુ છે. આમ આર્થિક વિકાસને એક અગત્યના આર્થિક માપદંડ તરીકે સ્વીકારીને રાજકોટ જિલ્લામાં આવેલા તાલુકાઓમાં ખેતીક્ષેત્રે કેવી પરિસ્થિતી પ્રવર્તે છે તેનું સ્પષ્ટ ચિત્ર ઉપલબ્ધ છે.

જિલ્લામાં ઉપયોગમાં આવતી જમીનનું પ્રમાણ ૧૧૧૦૫૩૪ હેકટર છે, ૩૪૧૦૦ હેકટરમાં જંગલો છે. ૧૧૦૩૬૮ હેકટર ખેડી ન શકાય તેવી જમીન છે ૬૯૬૨૪ હેકટર બિનખેતી વિષયક ઉપયોગમાં લેવાયેલી જમીન છે. ૧૨૮૫૮ હેકટર ખેડી શકાય તેવી પડતર જમીન છે તથા ૮૭૦૦૧ હેકટર કાયમી ગોચરની જમીન છે.

જિલ્લામાં ચોમાસુ બેસવાનો સમય ૧૫ થી ૨૦ જૂન છે અને પુરૂ થવાનો સમય ૩૦ સપ્ટેમ્બરની આસપાસ છે તથા વાવેતરનો સમય ૨૦ થી ૩૦ જૂન અને મુખ્ય પાકો મગફળી, બાજરી, જુવાર (ચારા માટેની), કપાસ, શેરડી, ડાંગર, અને ઘઉંનું વાવેતર થાય છે. જિલ્લામાં ખેતીવાડીના સાધનોમાં ૮૬૮૦૯ હળ, ૬૪૩૧૬ સ્પ્રેયર ડસ્ટર, ૪૦૫૫૧ કપાસની સાંઠી ઉપાડવાના ચીપિયા, ૫૪૯૭૫ વિવિધલક્ષી સાંતી, ૧૦૯૫ વિવિધ પાકો માટેના થ્રેશર, ૨૯૯૪ ગાડા, ૧૭૦ શેરડી પીલવાના કોલા, ૬૯૮૫૧ સિંચાઈ માટેના ઓઈલ એન્જિન ૨૦૦૯૦ સિંચાઈ માટેના વિજળી પંપ, ૩૬૮૫ ખાનગી ટ્રેકટર ૧૦૧ પાવર ટીલર છે.

**૩ઃ૩ઃ૧ સિંચાઈ સવલતો માટે જિલ્લામાં સ્થાપિત લઘુ મધ્યમ ડેમો :–**

વર્ષ ૨૦૦૩–૦૪નાં વર્ષ દરમ્યાન તાલુકાવાર ડેમનું નામ, લાભાન્વીત ગામો, ડેમની ઉંચાઈ, પાણીની સંગ્રહ શકિત, હેકટરવાર સિંચીત વિસ્તારની માહિતી અહીં આવરી લેવામાં આવેલ છે. જેતપુર તાલુકામાં આવેલ ભાદર, છાપરવાડી, સાંકરોલી ડેમ દ્વારા અનુક્રમે લાભાન્વીત ગામોમાં સિંચાઈ (સંખ્યા) ૧૪,૮, ૪ અને પાણી પુરવઠા સંખ્યા ૨ છે. જયારે ડેમની ઉંચાઈ મીટરમાં અનુક્રમે ૨૦.૬૦, ૨૧.૯૫, ૧૮ મીટર છે. જયારે પાણીની સંગ્રહ શકિત અનુક્રમે ૨૦૦.૩૪, ૧૮.૮૯, ૫.૮૬ મી$^{૩}$ છે. જયારે સિંચાઈ વિસ્તાર હેકટરમાં અનુક્રમે ૧૭૧૬૬, ૨૯૩૯, ૧૬૯૧ છે. પડધરી તાલુકામાં આવેલ આજી–૩ ડેમ હેઠળ સિંચાઈ દ્વારા લાભાન્વીત ગામો ૫ પાણી પુરવઠાની સંખ્યા હેઠળના ગામ ૧ છે. આ ડેમની ઉંચાઈ ૨૧.૧૫ મીટર, પાણીની સંગ્રહ શકિત ૬૧.૯૫ સિંચીત વિસ્તાર હેકટરમાં ૬૬૩૫ છે. પડધરી તાલુકામાં જ આવેલ આજી – ૨ ડેમ હેઠળના લાભાન્વીત ગામોમાં સિંચાઈ હેઠળના ગામ ૭, ડેમની ઉંચાઈ ૧૭.૨૨ મીટર, પાણીની સંગ્રહ શકિત ૨૦.૦૮મી$^{૩}$ અને હેકટર દીઠ વિસ્તાર ૨૫૨૯ છે. ઉપલેટા તાલુકામાં આવેલ વેણુ અને મોજ ડેમ હેઠળનાં સિંચાઈ દ્વારા લાભાન્વીત ગામોની સંખ્યા ક્રમશ : ૭, ૧૧ અને પાણી પુરવઠા હેઠળનાં ગામોની સંખ્યા ક્રમશઃ ૧૩, ૧૬ ડેમની ઉંચાઈ

ક્રમશઃ ૨૧.૯૦ મીટર અને ૨૪.૦૬ મીટર જયારે પાણીની સંગ્રહ શકિત ૨૨.૫૮ અને ૩૮.૯૬મી$^3$ છે. જયારે સિંચીત વિસ્તાર અનુક્રમે ૪૯૫૫ હેકટર અને ૭૪૦૦ હેકટર છે. જામકંડોરણા તાલુકામાં આવેલ ફોફળ ડેમ હેઠળના સિંચાઈ દ્વારા લાભાન્વીત ગામોની સંખ્યા નિલ અને પાણી પુરવઠા દ્વારા સિંચિત વિસ્તારનાં ગામોની સંખ્યા ૯ છે. આ ડેમની ઉંચાઈ ૨૧.૪૭ મીટર અને પાણીની સંગ્રહ શકિત ૫૫.૬૪ મીટર$^3$ અને સિંચિત વિસ્તાર ૪૦૫૬ હેકટર છે. વાંકાનેર તાલુકામાં આવેલ મચ્છુ – ૨ ડેમ હેઠળનાં સિંચાઈ દ્વારા લાભાન્વીત ગામોની સંખ્યા ૧૭ અને પાણી પુરવઠા પ્રાપ્ત કરનારા ગામોની સંખ્યા ૮૧ છે. આ ડેમની ઉંચાઈ ૨૨.૫૬ મીટર અને પાણીની સંગ્રહ શકિત ૬૮.૯૫ મીટર$^3$ છે. જયારે સિંચીત વિસ્તાર ૬૭૫૮ હેકટર છે. મોરબી અને માળીયા તાલુકા સાથે સંકળાયેલ મચ્છુ–૨ ડેમ હેઠળ સિંચાઈ દ્વારા લાભાન્વીત ગામ મોરબી તાલુકામાં ૧૬ અને માળીયા તાલુકામાં ૨ ગામો જયારે પાણી પુરવઠા દ્વારા લાભાન્વીત ગામોની સંખ્યા મોરબી તાલુકામાં ૧૩ અને માળીયા તાલુકામાં ૨ છે. આ ડેમની ઉંચાઈ ૧૮.૨૯ મીટર અને પાણીની સંગ્રહશકિત ૧૦૦.૫૫ મી$^3$ જયારે સિંચીત વિસ્તાર ૯૫૨૨ હેકટર છે. જયારે મોરબી અને માળીયા બન્ને તાલુકા સાથે સંકળાયેલ ઘેડાઘ્રોઈ ડેમ દ્વારા સિંચાઈથી લાભાન્વીત ગામોની સંખ્યા અનુક્રમે ૪ અને ૧ છે. આ ડેમની ઉંચાઈ ૧૬.૭૫ મીટર અને પાણીની સંગ્રહ શકિત ૮.૩૪ મી$^3$ જયારે સિંચીત વિસ્તાર ૧૬૧૯ હેકટર છે. જયારે મોરબી તાલુકા સાથે સંકળાયેલ ડેમી – ૨ ડેમ દ્વારા સિંચાઈથી લાભાન્વીત ગામોની સંખ્યા ૪ છે. આ ડેમની ઉંચાઈ ૧૨.૭૦ મીટર અને પાણીની સંગ્રહ શકિત ૨૧.૩૮ મી$^3$ અને સિંચીત વિસ્તાર ૨૪૨૪ હેકટર છે. ટંકારા તાલુકામાં આવેલ ડેમી–૧ ડેમ દ્વારા સિંચાઈ હેઠળ લાભાન્વીત ગામોની સંખ્યા ૧૩ છે આ ડેમની ઉંચાઈ ૧૩.૦૩ મીટર છે. જેમાં પાણીની સંગ્રહ શકિત ૧૬.૩૩ છે. સિંચીત વિસ્તાર ૩૧૩૨ હેકટર છે. ટંકારા તાલુકામાં આવેલ બંગાવડી ડેમ હસ્તક સિંચાઈ દ્વારા લાભાન્વીત ગામોની સંખ્યા ૧ છે. આ ડેમની ઉંચાઈ ૧૩.૦૩ છે. તેની પાણી સંગ્રહ શકિત ૮.૭૫ મી$^3$ અને સિંચિત વિસ્તાર ૩૧૩૨ હેકટર છે. કોટડાસાંગાણી અને ગોંડલ તાલુકા સાથે સંકળાયેલ ગોંડલી ડેમ હસ્તક સિંચાઈથી સંકળાયેલ ગામોની સંખ્યા અનુક્રમે ૩ અને ૨ છે. આ ડેમની ઉંચાઈ ૨૧.૯૫ છે. અને પાણીની સંગ્રહ શકિત ૧૦.૧૦ મી$^3$ અને સિંચીત વિસ્તાર ૯૩૬ હેકટર છે. આ ઉપરાંત રાજકોટ અને કોટડાસાંગાણી તાલુકા સાથે

સંકળાયેલ ઈશ્વરીયા ડેમ હસ્તક સિંચાઈથી લાભાન્વીત ગામોની સંખ્યા રાજકોટ શહેરમાં ૨ છે. આ ડેમની ઉંચાઈ ૧૩.૨૦ મીટર અને પાણીની સંગ્રહશકિત ૧૦.૧૦ મી$^{૩}$ છે. અને સિંચીત વિસ્તાર ૩૪૫ હેકટર છે. કોટડાસાંગાણી તાલુકામાં આવેલ વાછાપરી ડેમ હસ્તક સિંચાઈ દ્વારા લાભાન્વીત ગામની સંખ્યા ૧ છે. આ ડેમની ઉંચાઈ ૨૦.૫૦ મીટર અને તેની પાણીની સંગ્રહ શકિત ૬.૧૨ મી$^{૩}$ અને સિંચીત વિસ્તાર ૩૬૪ હેકટર છે. રાજકોટ તાલુકામાં આવેલ લાલપરી અને આજી – ૧ ડેમ હસ્તક સિંચાઈ દ્વારા લાભાન્વીત ગામની સંખ્યા રાજકોટમાં ૧ છે. જયારે પાણી પુરવઠા દ્વારા લાભાન્વીત ગામોની સંખ્યા અનુક્રમે બન્ને તાલુકામાં ૧–૧ છે. લાલપરી ડેમની ઉંચાઈ ૭.૬૨ મીટર અને પાણીની સંગ્રહ શકિત ૬.૧૩ મી$^{૩}$ અને સિંચીત વિસ્તાર ૬૩૨ હેકટર છે. રાજકોટ તાલુકામાં આવેલ આજી – ૧ ડેમ દ્વારા પાણી પુરવઠાથી સંકળાયેલ ગામ ૧ છે. આ ડેમની ઉંચાઈ ૨૧ મીટર છે. તેમાં પાણીની સંગ્રહશકિત ૨૦.૦૯ મી$^{૩}$ છે. તાલુકામાં આવેલ કરમાળા ડેમ દ્વારા લાભાન્વીત સિંચાઈ હેઠળના ગામોની સંખ્યા ૬ છે. આ ડેમની ઉંચાઈ ૧૦.૮૫ મીટર છે. તેની પાણીની સંગ્રહશકિત ૧૨.૭૦ અને સિંચીત વિસ્તાર ૧૬૪૦ હેકટર છે. ગોંડલ તાલુકામાં આવેલ છાપરવાડી ડેમ હસ્તક સિંચાઈ દ્વારા લાભાન્વીત ગામોની સંખ્યા ૪ છે. આ ડેમની ઉંચાઈ ૧૪ મીટર છે. પાણીની સંગ્રહશકિત ૭.૩૬ મી$^{૩}$ અને સિંચીત વિસ્તાર ૧૧૩૩૧ છે. ગોંડલ તાલુકામાં આવેલ વેરી ડેમ દ્વારા લાભાન્વીત ગામોમાં પાણી પુરવઠો પ્રાપ્ત કરેલ ગામોની સંખ્યા ૧ છે. આ ડેમની ઉંચાઈ ૩.૫૮ મીટર છે. તેમાં પાણીની સંગ્રહ શકિત ૪.૫૮ મી$^{૩}$ છે. રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ હેઠળ બાંધકામ હેઠળના ડેમની વિગતો આ પ્રમાણે જોવા મળી છે.

જિલ્લામાં સ્થાપિત લઘુ મધ્યમ ડેમો દ્વારા પ્રાપ્ત સિંચાઈ સવલતો કોષ્ટક નં. ૩:૩:૧ માં દર્શાવેલ છે.

## ૩:૩:૧ જિલ્લામાં સ્થાપિત લઘુ મધ્યમ ડેમો

(માહિતી વર્ષ ૨૦૦૩–૦૪)

| ક્રમ | ડેમનું નામ | તાલુકો | લાભાન્વીત ગામો | | ડેમની ઉંચાઈ મીટર | પાણી સંગ્રહ શકિત (MCum) | સિંચાઈ વિસ્તાર હેકટરમાં |
|---|---|---|---|---|---|---|---|
| | | | સિંચાઈ (સંખ્યા) | પાણી પુરવઠા સંખ્યા | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ભાદર | જેતપુર | ૧૪ | ૨ | ૨૦-૬૦ | ૨૦૦-૩૪ | ૧૭૧૬૬ |
| ૨. | છાપરવાડી | જેતપુર | ૮ | - | ૨૧-૯૫ | ૧૮-૮૯ | ૨૯૩૯ |
| ૩. | સાંકરોલી | જેતપુર | ૪ | - | ૧૮-૦૦ | ૫.૮૬ | |
| | | | | | | | ૧૬૯૧ |
| ૪. | આજી – ૩ | પડધરી | ૫ | ૧ | ૨૧-૧૫ | ૬૧-૯૫ | |
| | | | | | | | ૬૬૩૫ |
| ૫. | આજી – ૨ | પડધરી | ૬ | - | ૧૭-૨૨ | ૨૦-૦૮ | ૨૫૨૯ |
| | | રાજકોટ | ૧ | - | - | - | - |
| ૬. | વેણુ | ઉપલેટા | ૭ | ૧૩ | ૨૧-૯૦ | ૨૨-૫૮ | ૪૯૫૫ |
| ૭. | મોજ | ઉપલેટા | ૧૧ | ૧૬ | ૨૪-૦૬ | ૩૮-૯૬ | ૭૪૦૦ |
| ૮. | ફોફળ | જામકંડોરણા | ૪ | ૪ | ૨૧-૪૭ | ૫૫-૬૪ | ૪૦૫૬ |

| ક્રમ | ડેમનું નામ | તાલુકો | લાભાન્વીત ગામો |  | ડેમની ઉંચાઈ મીટર | પાણી સંગ્રહ શકિત (MCum) | સિંચાઈ વિસ્તાર હેકટરમાં |
|---|---|---|---|---|---|---|---|
|  |  |  | સિંચાઈ (સંખ્યા) | પાણી પુરવઠા સંખ્યા |  |  |  |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૯. | મચ્છુ – ૧ | વાંકાનેર | ૧૭ | ૮૧ | ૨૨-૫૬ | ૬૮-૯૫ | ૬૭૫૮ |
| ૧૦. | મચ્છુ – ૨ | મોરબી | ૧૬ | ૧૩ | ૧૮-૨૯ | ૧૦૦-૫૫ | ૯૫૨૨ |
|  |  | માળીયા | ૧ | - | - | - | - |
| ૧૧. | ડેમી – ૨ | મોરબી | ૪ | - | ૧૨-૭૦ | ૨૧-૩૮ | ૨૪૨૪ |
| ૧૨. | ઘેડાધ્રોઈ | મોરબી | ૪ | - | ૧૬-૭૪ | ૮-૩૪ | ૧૬૧૯ |
|  |  | માળીયા | ૧ | - | - | - | - |
| ૧૩. | ડેમી – ૧ | ટંકારા | ૧ | - | ૧૩-૦૩ | ૧૬-૩૩ | ૩૧૩૨ |
| ૧૪. | બંગાવડી | ટંકારા | ૧ | - | ૧૪-૯૭ | ૮-૭૫ | ૮૧૯ |
| ૧૫. | ગોંડલી | કોટડા સાંગાણી | ૩ | - | ૨૧-૯૫ | ૧૦-૧૦ | ૯૩૬ |
|  |  | ગોંડલ | ૨ | - | - | - | - |
| ૧૬. | ઈશ્વરીયા | રાજકોટ | ૨ | - | ૧૩-૨૦ | ૫-૨૫ | ૩૪૫ |
|  |  | કોટડા સાંગાણી | - | - | - | - | - |
| ૧૭. | વાછાપરી | કોટડા સાંગાણી | ૧ | - | ૨૦-૫૦ | ૬-૧૨ | ૩૬૪ |

| ક્રમ | ડેમનું નામ | તાલુકો | લાભાન્વીત ગામો | | ડેમની ઉંચાઈ મીટર | પાણી સંગ્રહ શકિત (MCum) | સિંચાઈ વિસ્તાર હેકટરમાં |
|---|---|---|---|---|---|---|---|
| | | | સિંચાઈ (સંખ્યા) | પાણી પુરવઠા સંખ્યા | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧૮. | લાલપરી | રાજકોટ | ૧ | ૧ | ૭-૬૨ | ૬-૧૩ | ૭૩૨ |
| ૧૯. | આજી – ૧ | રાજકોટ | - | ૧ | ૨૧-૦૦ | ૨૦-૦૯ | - |
| ૨૦. | કરમાળા | કોટડા સાંગાણી | ૬ | - | ૧૦-૮૫ | ૧૨-૭૦ | ૧૬૪૦ |
| ૨૧. | છાપરવાડી | ગોંડલ | ૪ | - | ૧૪-૦૦ | ૭-૩૬ | ૧૧૩૩૧ |
| ૨૨. | વેરી | ગોંડલ | - | ૧ | ૩-૫૮ | ૪-૫૮ | - |



નોધ : ગામ જુથ પાણી પુરવઠા યોજના

(પ્રાપ્તિ સ્થાન રાજકોટ સિંચાઈ વર્તુળ)

રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ હેઠળ બાંધકામ હેઠળના ડેમ

## ૩ઃ૩ઃ૨ ખેતીક્ષેત્રના વિવિધ માપદંડોનું મૂલ્યાંકન :–

જિલ્લાની કૃષિવિષયક પ્રવૃતિઓનાં અભ્યાસ અંતર્ગત જિલ્લાનાં કુલ જમીન વિસ્તારમાંથી કેટલોક ભાગ ખેત ઉપયોગમાં લેવામાં આવ્યો છે. જિલ્લાની ખેત ઉપયોગમાં લેવામાં આવેલ જમીનમાં લેવામાં આવતા પાકની તરાહ, ઉત્પાદકતા પ્રમાણ અને તેના વલણો, ખેતીક્ષેત્રમાં ઉપયોગમાં લેવામાં આવતા વિવિધ કૃષિ નિપજક ઘટકો, જિલ્લામાં સિંચાઈનું પ્રમાણ કૃષિ આનુસંગિક પ્રવૃત્તિઓ જેવી વિવિધ કૃષિ વિષયક બાબતોનો સમાવેશ થાય છે. આ પ્રકરણમાં સંશોધન પ્રદેશનાં ક્ષેત્રીય ફલક પર કૃષિક્ષેત્રની જુદી જુદી બાબતોની વિસ્તૃત રીતે સમીક્ષાત્મક ચર્ચા કરવામાં આવી છે. આ ક્ષેત્રીય નિર્દેશિત સમીક્ષાત્મક ચર્ચા કરવા માટે ઉપયોગમાં લેવામાં આવેલ ગૌણ માહિતી જિલ્લા પંચાયતની કૃષિવિકાસ સમિતિનાં પ્રકાશનો પર આધારિત જિલ્લામાં કૃષિ પ્રવૃત્તિ તેનાં વલણો, વિકાસનાં વિવિધ માપદંડો તેમજ નિપજકોનું સર્વગ્રાહી મૂલ્યાંકન નીચેના મુદ્દાઓની મદદથી કરવામાં આવ્યુ છે.

### (૧) જમીન ઉપયોગની તરાહ :–

કૃષિક્ષેત્રમાં સૌથી મુખ્ય ઉત્પાદનનું સાધન જમીન છે. કુલ જમીનનો કેટલો ભાગ કૃષિ વિકાસ માટે ઉપયોગમાં લેવાય છે અને તેનો ઉપયોગ કેટલી સઘનતાથી થાય છે. એ કૃષિ ઉત્પાદનના માળખામાં જમીનનાં માળખાકીય પરિવર્તનની દ્રષ્ટિ્એ વિશેષ મહત્વ દર્શાવે છે. જે આયોજનકાળથી આજ સુધીના સમયગાળામાં જમીનના ઉપયોગનાં વલણોમાં મહત્વનાં પરિવર્તનો આવ્યા છે તેનો દિશા નિર્દેશ કરે છે. પ્રાદેશિક ધોરણે જિલ્લાનાં જમીન ઉપયોગ વિશેના વિવિધ નિર્દેશકોનાં પરિવર્તનો સાથેની રજૂઆત કરવામાં આવેલ છે.

જિલ્લાનાં કુલ ભૌગોલિક વિસ્તારમાં ખેડાણલાયક જમીન અને તે પૈકી જુદા જુદા પાકો નીચે આવરી લીધેલો જમીન વિસ્તાર આ બધા ખ્યાલો અગત્યના છે. જિલ્લાનાં કુલ ભૌગોલિક વિસ્તારમાંથી નદી, તળાવો, રસ્તા, રહેઠાણ, વિસ્તારને બાદ કરતા મળતો વિસ્તાર ખેડાણલાયક ગણી શકાય. આવા મર્યાદિત ખેડાણલાયક વિસ્તાર અને તેની ઉત્પાદકતાનો આધાર કાર્યક્ષમ ખેત પદ્ધતિ ઉપર રહેલો છે. આજના ગતિશીલ સમાજના સંદર્ભમાં જમીનનો ઉપયોગ ગોઠવવાનો રહે છે.

મહદ્અંશે બધાજ પ્રકારનાં ઉત્પાદન માટે જમીન પાયાનું સાધન ગણી શકાય અનાજનું

ઉત્પાદન હોય. ઔદ્યોગિક કાચામાલનું ઉત્પાદન હોય કે સેવાકીય હોય જમીનમાં રહેલી નૈસર્ગિક ઉત્પાદનશકિત તેનો ઉપયોગ અને તેમાંથી નિપજતી પેદાશ અને સેવાઓ પણ સમયનાં વહેણ સાથે બદલાય છે. એજ રીતે જમીનનો ઉપયોગ પણ સમયના વહેણ સાથે બદલાય છે. એકંદરે આ ચર્ચાના સારરૂપ જમીનની વપરાશ બદલાય છે અને તેની એક કરતા અનેક ઉપયોગ માટેની શકયતા વધે છે. આમ જમીન ઉપયોગના અભ્યાસ પરથી ખેતપ્રવૃતિની વિકાસ સીમાનો ખ્યાલ આવે છે. આ જિલ્લાનાં ભૌગોલિક વિસ્તારની જમીન વિવિધ ઉપયોગનાં સંદર્ભમાં જોવામાં આવે તો કેટલોક વિસ્તાર જંગલો હેઠળ, ખેતી ન કરી શકાય તેવી જમીન બિનખેત ઉપયોગમાં આવેલ જમીન, ખેડવાલાયક પડતર જમીન તેમજ પ્રકિર્ણ અને ઝાડ કે વાવેતર હેઠળનો વિસ્તાર તેમજ ચરાણ જમીન તદ્ઉપરાંત ચાલુ પડતર, અન્ય પડતર, ચોખ્ખો વાવેતર વિસ્તાર, એકંદરે વાવેતર વિસ્તાર આમ વિવિધ ઉપયોગ હેઠળ થતા જમીનના ઉપયોગના પ્રમાણમાં કાળક્રમે ફેરફાર થતો રહયો છે.

### (૨) જિલ્લામાં પાકની તરાહ :–

રાજકોટ જિલ્લામાં કૃષિક્ષેત્રનું મહત્ત્વ રાજકોટ શહેર વિસ્તારને બાદ કરતા ઘટકકક્ષાએ વિશેષ જોવા મળે છે. કારણકે જિલ્લાના અમુક ઘટક વિસ્તારોની વસ્તીનાં જીવન નિર્વાહનાં કે મુખ્ય રોજગારીનાં એકમાત્ર સાધન તરીકે ખેતી છે અને ખેતી પર આવા વિસ્તારોની મોટાભાગની વસ્તી નિર્ભર છે. પછી તે રોજગારીની દ્રષ્ટિએ હોય કે આવકની દ્રષ્ટિએ હોય આમ જિલ્લામાં ગ્રામીણ જીવનનિર્વાહનું મુખ્ય સાધન ખેતી છે. આ સંદર્ભમાં જમીન ઉપયોગની તરાહમાં પણ આગળ જોયા મુજબ કુલ વાવેતર વિસ્તાર કુલ ભૌગોલિક વિસ્તારનાં વિશેષ ભાગમાં રોકાયેલ છે. એ સંદર્ભે કૃષિ નિપજક તરીકે વપરાશમાં લીધેલ જમીનને મુખ્ય પાકો અને વિવિધ પાકો તેમજ ખાદ્યપાકો અને અખાદ્યપાકોનો સમાવેશ થાય છે. ખાદ્યપાકોનાં કઠોળ, અનાજ, તેલિબિયા જેવા પાકોનો સમાવેશ થાય છે. કુલ અનાજનાં જિલ્લામાં ઉત્પાદીત કરવામાં આવતા વિવિધ અનાજ જેવા કે જુવાર, બાજરી, ઘઉં જેવી અનાજની જાતોનો સમાવેશ થાય છે. કુલ કઠોળમાં રાજકોટ જિલ્લામાં મગ, ચણા, વટાણા, વાલ વગેરેનું મુખ્યત્વે વાવેતર થાય છે. તેમજ કુલ તેલિબીયામાં મુખ્યત્વે તલ અને મગફળીનું વાવેતર થાય છે. રાજકોટ જિલ્લામાં અખાદ્ય પાકોમાં માત્ર કપાસ એક મહત્ત્વનો પાક છે. આ દરેક બાબતોને જોતા રાજકોટ જિલ્લામાં

કૃષિનું વ્યાપારીકરણ થયેલુ જોવા મળે છે. કારણકે રાજકોટ જિલ્લામાં ફકત ખાદ્ય પાકોનું જ વાવેતર નહીં પરંતુ અખાદ્ય પાકોનું અને રોકડીયા પાકોનું વાવેતર પણ કરવામાં આવે છે.

**૩ઃ૩ઃ૩ સિંચાઈ સુવિધા :–**

રાજકોટ જિલ્લામાં કુલ વાવેતર વિસ્તારમાં ૧૪ ટકા પિયત નીચેનો વિસ્તાર છે. મોટાભાગનું પિયત કુવાઓ દ્વારા થાય છે. જયારે સિંચાઈ યોજનામાં મુખ્યત્વે ભાદર કેનાલ છે. જેનાથી જેતપુર, ધોરાજી અને ઉપલેટા તાલુકાને પિયતની સુવિધા મળે છે. તે સિવાયની કેટલીક નાની સિંચાઈ યોજનાઓ પણ છે. જેનાથી સીઝનની પિયતની સુવિધા મળે છે. પિયત સિંચાઈની વિગત નીચે મુજબ છે.

૨૦૦૧–૦૨ ના વર્ષ દરમ્યાન ૧૫૮૬૫ હેકટર વિસ્તારમાં નહેર દ્વારા સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થયેલ જેની ટકાવારી ૨૨.૬૨ છે. ૨૮૫૬૦ હેકટર વિસ્તારમાં કુવાઓ દ્વારા સિંચાઈની સુવિધા પૂરી પાડેલ છે. જેની ટકાવારી ૪૦.૭૩ છે. જયારે તળાવો દ્વારા (ચેકડેમ દ્વારા) ૨૪૬૦૦ હેકટર વિસ્તારને સિંચાઈની સુવિધા પૂરી પાડેલ છે. જેની ટકાવારી ૩૫.૧૦ છે. અન્ય (નાની સિંચાઈ) દ્વારા ૧૦૮૭ હેકટર વિસ્તારને પણ સિંચાઈ પૂરી પાડવામાં આવી છે. જેની ટકાવારી ૧.૫૫ છે. આમ, કુલ સિંચીત વિસ્તાર હેકટરમાં ૭૦૧૧૨ છે. જેની કુલ સિંચીત વિસ્તાર સામે ટકાવારી ૧૦૦.૦૦ ટકા છે.

જિલ્લામાં સન ૧૯૯૬–૯૭નાં વર્ષ મુજબ સિંચાઈની જરૂરીયાત માટે નીચે મુજબ સિંચાઈના સાધનો હતા. જેમાં ૪૧૬ કિ.મી.માં સરકારી નહેરો, ખાનગી પાકા કુવા (ફકત સિંચાઈ માટે) ૮૭૫૭૪ કિ.મી. ખાનગી પાકા કુવા, ૫૫૪૮૮ કિ.મી. ખાનગી કાચા કુવા ૩૨૦૮૬ કિ.મી. ઉપયોગમાં ન લેવાતા હોય તેવા કુવા, ૩૭૧૯ ઘરગથ્થુ વપરાશ માટેના કુવા ૨૬૪૫, તળાવો ૭૫૦, ઓઈલ એન્જીનની સંખ્યા ૬૭૮૧૯, ઈલેકટ્રીક મોટરોની સંખ્યા ૨૮૩૧૬ છે.

ઉપરોકત દર્શાવેલ સાધન સામે વર્ષ ૧૯૯૬–૯૭ ની માહિતી મુજબ કુલ ચોખ્ખો સિંચીત વિસ્તાર ૧૯૫૪૦૭ (હેકટરમાં) હતો. જે મુજબ ચોખ્ખો વાવેતર વિસ્તારની સામે ૨૬.૧૦ ટકા ચોખ્ખો સિંચીત વિસ્તાર હતો.

રાજકોટ જિલ્લામાં વરસાદની અનિયમીતતાને કારણે વારંવાર અછતની પરિસ્થિતી

ઉદ્‌ભવે છે. જિલ્લાનું હવામાન સુકુ હોય વરસાદનું પ્રમાણ ઓછુ જોવા મળે છે. પરિણામે જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા, ખેત ઉત્પાદન માટેની સમસ્યા તેમજ ઔદ્યોગિક ઉપયોગીતા માટે પાણીની સમસ્યા જોવા મળે છે. વરસાદનાં અભાવે જમીનની નિતાર શકિતનું પ્રમાણ ઓછુ જોવા મળે છે. પરિણામે પાણીના તળનાં પ્રશ્નો જોવા મળે છે. તેમ છતા પાણીની વિકટ સમસ્યાનાં સમાધાનનાં ભાગરૂપ વિવિધ પ્રકારની સિંચાઈ યોજનાઓ આ પ્રદેશમાં અમલમાં મૂકવામાં આવી છે.

રાજકોટ જિલ્લામાં કુલ વાવેતર વિસ્તારમાં ૧૪ ટકા પિયત નીચેનો વિસ્તાર છે. મોટાભાગનું પિયત કુવાઓ દ્વારા થાય છે. જયારે સિંચાઈ યોજનામાં મુખ્યત્વે ભાદર કેનાલ છે. જેમાંથી જેતપુર, ધોરાજી, ઉપલેટા, તાલુકાને પિયતની સુવિધા મળે છે. તે સિવાય કેટલીક નાની સિંચાઈ યોજનાઓ છે. જેનાંથી સીઝનની પિયતની સુવિધા મળે છે. પિયત સિંચાઈની ૨૦૦૧–૦૨ ના વર્ષ મુજબની વિગત અહીં નીચે મુજબ રજૂ કરેલ છે.

વર્ષ ૨૦૦૧–૦૨ ની માહિતી મુજબ જિલ્લાનો કુલ સિંચીત વિસ્તાર ૭૦૧૧૨ હેકટર છે. જેની કુલ ટકાવારી ૧૦૦ છે. જેમાં નહેર દ્વારા સિંચાઈ પ્રાપ્ત કરેલ સિંચીત વિસ્તાર ૧૫૮૬૫ હેકટર છે. જેની કુલ સિંચીત વિસ્તાર સામે ટકાવારી ૨૨.૬૨ છે. કુવાઓ દ્વારા સિંચાઈ સુવિધા પ્રાપ્ત કરેલ કુલ સિંચિત વિસ્તાર ૨૮૫૬૦ છે. જેનું ટકાવારી પ્રમાણ ૪૦.૭૩ છે. તળાવો દ્વારા સિંચાઈ (ચેકડેમ) દ્વારા સિંચીત વિસ્તાર ૨૪૬૦૦ છે. જેનું ટકાવારી પ્રમાણ કુલ સિંચીત વિસ્તાર સામે ૩૫.૧૦ છે. જયારે અન્ય (નાની સિંચાઈ) હેઠળનો સિંચીત વિસ્તાર ૧૦૮૬ હેકટર છે. જેની ટકાવારી ૧.૫૫ છે. આમ વર્ષ ૨૦૦૧–૦૨ની પ્રાપ્ય માહિતી મુજબ કુલ સિંચીત વિસ્તારનું હેકટરદીઠ પ્રમાણ અને તેની ટકાવારી આ મુજબ જોવા મળેલ છે.

જિલ્લામાં વર્ષ ૧૯૯૬–૯૭નાં વર્ષ મુજબ સિંચાઈની જરૂરીયાત માટે આ મુજબ સિંચાઈનાં સાધનો હતા. જેમાં સરકારી નહેરો ૪૧૬ કિ. મી. માં છે. સરકારી પાતાળ કુવાઓની સંખ્યા નીલ જોવા મળે છે. ખાનગી પાકા કુવા (ફકત સિંચાઈ માટે) ની સંખ્યા ૮૭૫૭૪ છે. ખાનગી કાચા કુવા ૫૫૪૮૮ છે. ૩૨૦૮૬ ઉપયોગમાં ન લેવાતા હોય તેવા કુવા ૩૭૧૯, ઘરગથ્થુ વપરાશ માટેના કુવા ૨૬૪૫, તળાવો ૭૫૦, ઓઈલ એન્જીન ૬૭૮૧૯ અને ઈલેકટ્રીક મોટરોની સંખ્યા ૨૮૩૧૬ જોવા મળેલ. આ સાધનો સામે વર્ષ ૧૯૯૬–૯૭ ની માહિતી મુજબ

કુલ ચોખ્ખો, સિંચીત વિસ્તાર ૧૯૫૪૦૭ (હેકટરમાં) હતો. જેમાં વર્તમાન સમયમાં એટલેકે ૨૦૦૩–૦૪ નાં સમયમાં અનેક પરિવર્તનો થયેલા જોવા મળે છે.

જિલ્લાની કૃષિ વિષયક પ્રવૃતિઓનાં અભ્યાસ અંતર્ગત જિલ્લાનાં કુલ જમીન વિસ્તારમાંથી કેટલોક ભાગ ખેત ઉપયોગમાં લેવામાં આવ્યો છે. જિલ્લાની ખેત ઉપયોગમાં લેવામાં આવેલ જમીનમાં લેવામાં આવતા પાકની તરાહ, ઉત્પાદકતા પ્રમાણ અને તેના વલણો, ખેતીક્ષેત્રમાં ઉપયોગમાં લેવામાં આવતા વિવિધ કૃષિ નિપજક ઘટકો, જિલ્લામાં સિંચાઈનું પ્રમાણ કૃષિ આનુસંગિક પ્રવૃત્તિઓ જેવી વિવિધ કૃષિ વિષયક બાબતોનો સમાવેશ થાય છે. આ પ્રકરણમાં સંશોધન પ્રદેશનાં ક્ષેત્રીય ફલક પર કૃષિક્ષેત્રની જુદી જુદી બાબતોની વિસ્તૃત રીતે સમીક્ષાત્મક ચર્ચા કરવામાં આવી છે. આ ક્ષેત્રીય નિર્દેશિત સમીક્ષાત્મક ચર્ચા કરવા માટે ઉપયોગમાં લેવામાં આવેલ ગૌણ માહિતી જિલ્લા પંચાયતની કૃષિ વિકાસ સમિતિનાં પ્રકાશનો પર આધારિત જિલ્લામાં કૃષિ પ્રવૃત્તિ તેનાં વિકાસનાં વિવિધ માપદંડો તેમજ નિયોજકોનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવ્યુ છે.

### ૩ : ૪ રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિકક્ષેત્રનાં વિકાસ વલણો :–

સમગ્ર સૌરાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસનાં નકશામાં રાજકોટ કયાં છે એ પ્રશ્નનો જવાબ ઉત્સાહ જગાડે એવો છે. ગુજરાત સરકારે બહાર પાડેલી વિગતો અનુસાર રાજકોટ જિલ્લામાં કેટલાક ઉદ્યોગો પ્રણાલિકાગત વિકસ્યા છે અને ખૂબ સારા વિકસ્યા છે. રાજકોટનો ઓઈલ એન્જિન અને મશીન ટુલ્સ ઉદ્યોગ માત્ર ગુજરાતમાં જ નહિ આખાય દેશમાં નામના પ્રાપ્ત કરી ચૂકયો છે. રાજકોટના ફાઉન્ડ્રી અને ઈજનેર ઉદ્યોગ ઉપરાંત મોરબીનો ઘડીયાળ અને સિરામીક ઉદ્યોગ, જેતપુરનો સાડી ઉદ્યોગ, ઓઈલ મીલો, સોલવન્ટ એકસ્ટ્રેકશનનો ઉદ્યોગ વગેરે પણ સારી રીતે વિકસ્યો છે. સોના–ચાંદીના દાગીના માત્ર રાજકોટનાં વર્ષોથી વખણાય છે. રાજકોટની નજીક જ શાપરમાં બિન ઈજનેરી ઉદ્યોગ પણ સારા પ્રમાણમાં વિકસ્યો છે. આ બધાજ ઉદ્યોગોના વિકાસની હજુ પણ ખુબ જ વધુ શકયતાઓ છે પરંતુ અમુક મુશ્કેલીઓને લીધે તેમા જોઈએ તેવો વધારો થતો નથી.

પાણી, વિજળી, વગેરે જેવી માળખાગત સુવિધાઓ વિશે ઘણુ લખાઈ ગયુ છે ત્યારે બીજી એક મહત્ત્વની બાબત તરફ ધ્યાન દોરવાનુ છે. ઉદ્યોગ સાહસિકતા જાણે ઓછી પડે છે.

કંઈક નવુ કરવાનુ, વધારે જોખમ લેવાનુ જાણે અમુક અંશે ટાળવામાં આવે છે રાજકોટનો ફાઉન્ડ્રી ઉદ્યોગ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક બને એ માટે શુ નવા ફેરફારો થયા છે, મોરબીના ઘડીયાળ ઉદ્યોગમાં કે નળીયાના ઉદ્યોગમાં નવી કોઈ ટેકનોલોજી વિકસાવાઈ કે વસાવાઈ, જેતપુરમાં સાડી ઉદ્યોગમાં શું નવીનતા લાવવામાં આવી? આવા પ્રશ્નોના બહુ સંતોષકારક જવાબ મળતા નથી. કહેવાય છે કે રાજકોટના ઉદ્યોગ સાહસિકોમાં 'ઈનોવેટર્સ' (નવુ શોધી કાઢનારા) ઓછા છે. 'ઈમીટેટર્સ' (નકલ કરનારા) વધારે છે નકલ કરવી એ પણ આસાન નથી છતા સંશોધન અને વિકાસ એ તો કોઈપણ ઉદ્યોગના વિકાસ માટે પાયાની અનિવાર્યતા છે.

રાજકોટ જિલ્લામાં અનેકવિધ અનુકૂળતાઓ છે તો પછી મોટા પ્રમાણમાં જંગી મૂડીરોકાણની યોજનાઓ કેમ સાકાર ન થાય ? રાજકોટના ઘણા સાહસિકો વિદેશમાં છે ને ત્યાં ખૂબ સારી રીતે સ્થાપીત થયેલા છે. જ્યાં કોઈ ગુજરાતી તો શુ કોઈ ભારતીય પણ શોધ્યો ન જડે એવા યુગોસ્લાવીઆના બ્લેગેડ શહેરમાં રાજકોટના શ્રી તેજુરા નામના સાહસિક મોટુ સામ્રાજ્ય સ્થાપીને બેઠા છે. રાજકોટના આવા બીજા પણ સાહસિકો વિવિધ દેશોમાં વસતા હશે એમને રાજકોટના ઔદ્યોગિક વિકાસમાં રસ લેતા કેમ ન કરી શકાય તેમની પાસેથી નવી ટેકનોલોજી પ્રાપ્ત કરીને વિકાસને વધુ ઝડપી કરી ઔદ્યોગિકરણની નીતિનો લાભ ઉઠાવવામાં રાજકોટના ઉદ્યોગ સાહસિકો અને ઉદ્યોગના વિકાસમાં રસ ધરાવનારાઓએ વધુ પ્રયાસની જરૂર છે. સિતેરના દાયકામા રાજકોટનુ નામ ઓઈલ એન્જિન માટે ગાજતુ હતુ. નેવુના દાયકામાં નાના અને મધ્યમ કક્ષાના તેમજ બીજા અનેક ઉદ્યોગો વિકસયા ત્યારે વર્તમાન સમયમાં આ દરેક ઉદ્યોગો ધમધમતા જોઈ શકાય છે.

ઓઈલ એન્જિન અને ડિઝલ ઉપરાંત ઓઈલ મીલ સોલવન્ટ પ્લાન્ટસ, સ્ટીલ ફર્નિચર, ફોર્જીગ પ્લાન્ટસ, સોનાના દાગીના વગેરે ખૂબ સારા પ્રમાણમાં પ્રાપ્ત થઈ શકે છે. સૌરાષ્ટ્રનાં જિલ્લા મથકોમાં રાજકોટ વેપાર ઉદ્યોગ ક્ષેત્રે કેન્દ્રસ્થાને રહ્યુ છે. નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોથી ધમધમતા શહેરમાં કોઈ જંગી ઉદ્યોગ સ્થપાય તો તેના વિકાસને ગતિ સાંપડે પણ પાણીના અભાવે અને કેમીકલ્સ કે અન્ય કોઈ જાયન્ટસ કંપનીઓ સ્થપાઈ નથી.

શાપર વેરાવળ ઔદ્યોગિક વિસ્તાર સારા એવા પ્રમાણમાં વિકસી રહ્યો છે. રાજકોટના

ઔદ્યોગિક વિકાસમાં સરકારી બેન્કોએ ડગલેને પગલે સાથ આપ્યો છે. છેલ્લા દાયકામાં રાજકોટમાં રૂા. સો કરોડથી પણ વધુ રકમના નવા બાંધકામો થયા છે. આ ઉપરથી બાંધકામ ઉદ્યોગનો પણ કેવો વિકાસ થયો છે તે જાણી શકાય છે બિલ્ડીંગ મટીરીયલ્સ માટે બહુ સારી તકો ઉભી થઈ છે.

રાજકોટમાં ફયુઅલ ઈન્જેકશન્સ, સિને પ્રોજેકટર્સ, સ્ટીલ કાસ્ટીંગ, રોલીંગ મીલ, કાગળ ઉત્પાદન, રબ્બર મીલ, સેફટી રેઝર્સ, ખેતીવાડીના ઓજારો, પ્રાઈમસ, રીક્ષા વગેરેથી માંડીને બોલપેનની રીફીલ અને બાળકોના રમકડા પણ બને છે આઠથી દસ નાના ફોર્જીંગ એકમો રાજકોટમાં ટ્રેનનાં પૈડા સંરક્ષણના સાધનો વગેરે બનાવે છે.

મગફળીના મોટા પાકને લીધે રાજકોટમાં ૩૫ જેટલી ઓઈલ મીલો, અને ૧૦ જેટલા સોલવન્ટ પ્લાન્ટસ ઉભા થયા છે. આ મીલો દરરોજ ૧૫ થી ૨૦ હજાર ટન મગફળીના તેલનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે. મગફળી ફોલવાના ૧૦ જેટલા એકમો છે. તેલમીલો અને સોલવન્ટ પ્લાન્ટસની જરૂરીયાતોને પહોંચી વળવા ૧૫ જેટલા ટીનના ડબ્બા બનાવતા કારખાનાઓ છે.

રાજકોટના ઔદ્યોગિક વિકાસમાં શ્રમીક વર્ગનો પણ ફાળો નાનો સૂનો નથી. રાજકોટ પાસે ભણતર વિનાના પણ ગણતર અને કોઠાસૂઝવાળા કુશળ કારીગરો છે વિદેશમાં ભણેલા એન્જીનીયરો કરતા પણ વધુ કાર્યક્ષમ કારીગરોએ અનેક મશીનો વિકસાવ્યા છે. રાજકોટના વિવિધ ઉદ્યોગોમાં ૫૦ હજારથી પણ વધુ કારીગરો કામ કરે છે. કોઈપણ શહેરના વિકાસમાં તેનું ભૌગોલિક મહત્ત્વ, ધાર્મિક મહત્ત્વ અને રાજકીય પીઠબળ મહત્ત્વનો ભાગ ભજવે છે. પરંતુ રાજકોટનો વિકાસ તેની પ્રજાના પસીના અને સૂઝબૂઝથી થયો છે. અહી જંગી ઉદ્યોગ સ્થાપવા પાણી નથી, વિજળીની હાલત સારી નથી. કેન્દ્ર અને રાજ્ય સરકાર પૂરતો રસ લે અને વિજળી અને પાણી જેવી પાયાની સમસ્યાઓ ઉકેલે તો રાજકોટ દેશનું અગ્રગણ્ય ઔદ્યોગિક શહેર બની શકે તેમ છે. રાજકોટ ડિઝલ એન્જિન ઉદ્યોગની જે પરિસ્થિતી આજે છે તેમાં જો પૂરતી અનુકૂળતાઓ ઉપલબ્ધ કરવામાં આવે તો આ ઉદ્યોગનું ભવિષ્ય ઘણુ ઉજ્જવળ જણાય છે. શોર્ટેજ ઓફ પાવર જનરેશન હોય ત્યાં જ ઉદ્યોગ ચાલે છે. આજે ઝડપભેર ગ્રામ્ય વિજળીકરણ થઈ રહ્યુ છે. ૧૯૯૦માં ડિઝલ એન્જિન, સ્પેર્સ, ઈજનેરી માલ–સામાન વગેરેનુ રૂા. ૨૫૦ કરોડનું ટર્ન ઓવર થયુ હતુ. જેમાં રૂા. ૫૦ કરોડની તો નીકાસ થઈ હતી.

૭૦ થી ૮૦ વચ્ચેનો દાયકો ડીઝલ એન્જિન માટે સુવર્ણકાળ બની રહ્યો પરંતુ હાલમાં તેમા ઘટાડો થયો છે રાજકોટમાં ૪૦૦ જેટલી ફાઉન્ડ્રીઓ એક લાખ ટન જેટલુ કાસ્ટીંગ કરે છે લીસ્ટર અને પીટર અજા બંને ટાઈપના એન્જિન બને છે. ડિઝલ એન્જિન બનાવતા ૬૨ એકમો આઈ.એસ.આઈ. માર્ક ધરાવે છે.

સૌરાષ્ટ્રમાં ખાસ કરીને શાપર વેરાવળ ઔદ્યોગિક ઝોન, બામણબોર ઝોન તેમજ રાજકોટમાં ડીઝલ એન્જિનની સાથે મશીન ટુલ્સ ઉદ્યોગ પણ વિકસ્યો છે. લેથ મશીન, વર્કશોપ, મશીનરી, પાવરપ્રેસ, શીટમેટલ, વુડવર્કીંગ જેવા એકમોનો લઘુ ઉદ્યોગ ક્ષેત્રે વિકાસ થઈ રહ્યો છે. રાજકોટ જિલ્લાને રેલ્વે, વાયુસેના, બેંકીંગ અને શિક્ષણ જેવી સુવિધાઓ વિશેષ મળી હોવાથી ઉદ્યોગોનો ઉત્તરોતર વિકાસ થઈ રહ્યો છે. શાપર વેરાવળ ઔદ્યોગિક ઝોનમાં હાલ ૫૦૦ થી ઉપર યુનિટો કાર્યરત છે.

શાપર–વેરાવળ ઔદ્યોગિક ઝોનમાં મેડીસીન, મોઝેક અને મારબલ પ્રિન્ટીંગ પ્રેસ, કેસ્ટર ઓઈલ મીલ, કલર, પ્લાસ્ટીક આઈટમો અને બેગ, પી.વી.સી. પાઈપ અને ફીટીંગ, કેમીકલ્સ, સીમેન્ટ પાઈપ અને પ્રોડકટસ, મશીનર્સ અને પાર્ટસ, પ્લાઈવુડ અને સનમાઈકા, નટ બોલ્ટ, ફોર્જિંગ એન્ડ બેરીંગ્સ, પેપર અને બોકસ મેન્યુ., કાસ્ટીંગ, ફર્નિચર, ઈલેકટ્રીક મોટર એન્ડ પંપ, એલ્યુમીનીયમ વેસેલ્સ, વાયર એન્ડ પી.વી.સી. કેબલ, પ્લાસ્ટર ઓફ પેરીસ, ફર્ટીલાઈઝર, કેરોસીન સ્ટવ, સી.એ. પાઉડર, આયર્ન હીટ ટ્રીટમેન્ટ (ટેમ્પર), સીમેન્ટ પ્લાન્ટ, રબ્બર સ્લાઈડ, આઈસ ફેકટરી, ફૂડ પ્રોસેસ, સિરામીક, ગાલી, ગ્લેઝ ટાઈલ્સ, ગ્રાન્ડનટ ઓઈલ મીલ, ટેક્ષટાઈલ પાર્ટસ, ઓકસીજન ગેસ, બ્રાઈટબાર ફાર્મિંગ પાર્ટ કીચનવેર વગેરે જેવા અનેક ઉદ્યોગો વિકસ્યા છે.

ડીઝલ એન્જિનના ઉત્પાદન ક્ષેત્રે રાજકોટનુ નામ વિશ્વસ્તરે પ્રખ્યાત  છે. આજે રાજકોટના ડીઝલ એન્જિન ઉત્પાદકો વિશ્વની મોટાભાગની ડીઝલ એન્જિનની જરૂરીયાત પુરી પાડી દેશનાં અર્થતંત્રમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ગ્રામ્યપંચાયત, નગરપંચાયત, જિલ્લાપંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની પ્રાથમિક અને નૈતિક કાનુની જવાબદારી પ્રજાને પૂરતા પ્રમાણમાં પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાની છે. રાજકોટ મહાનગરપાલિકાએ ઔદ્યોગિક

વિકાસ માટે આપેલુ યોગદાન ઘણુ મહત્ત્વનુ છે. સાઠના દાયકાથી રાજકોટમાં મશીન ટુલ્સ ઉદ્યોગનો ઉદ્‌ભવ થયો છે. રાજકોટના લેથ મશીન ભારતમાં જ નહિ વિદેશમાં પણ પ્રખ્યાત છે. મધ્યપૂર્વ અને આફ્રિકાના દેશોમાં રાજકોટનાં લેથમશીનની નિકાસ થાય છે. રાજકોટમાં મશીન ટૂલ્સ ઉદ્યોગનો વિકાસ કોઈ સરકારી મદદ વિના સ્વયંભૂ થયો છે એમ કહી શકાય. બેલ્ટ ડ્રાઈપ ટાઈમ મશીન, ખાસ પ્રકારના ટર્નિંગ મશીન ડાયમન્ડઝ માટેના વિશેષ મશીન વગેરે રાજકોટમાં બને છે અને વિદેશમાં જાય છે. આધુનિકરણના અભાવે રાજકોટનો મશીન ટુલ્સ ઉદ્યોગ આંતરરાષ્ટ્રીય બજારમાં જાપાન અને કોરીયા જેવા દેશોનો મુકાબલો કરી શકતો નથી.

રાજકોટ શહેરનાં વિકાસમાં વસ્તી સિવાય ઔદ્યોગિક વસાહતો તથા વસાહતોમાં વધતી જતી લઘુ એકમોની સંખ્યામાં થતો વધારો પણ એટલો જ જવાબદાર છે. ઈ.સ. ૧૯૧૦માં પ્રથમ વખત ટેક્ષટાઈલ મીલની શરૂઆતથી રાજકોટમાં ઔદ્યોગીકરણની શરૂઆત થઈ. આજે રાજકોટ ખાતે મુખ્યત્ત્વે એન્જિનીયરીંગ આધારીત ઉદ્યોગોનો વિકાસ થયેલો છે. ભારે ઉદ્યોગની સાથે મોટાભાગના લઘુ ઔદ્યોગિક એકમો પણ છે. શહેરના મોટાભાગના ઔદ્યોગિક વિસ્તાર આજી નદી પાસે ૮૦ ફુટના રોડ પર ભકિતનગર સ્ટેશન પાસે, ગોંડલ રોડ પર કોઠારીયા પાસે, જામનગર રોડ, માધાપર ગામ પાસે મોરબી રોડ પર લાખાજીરાજ સ્ટેશન પાસે, મવડી પ્લોટ, રાજકોટ નજીક વેરાવળ શાપર, લાતી પ્લોટ તથા સાડી ઉદ્યોગ માટે રણછોડનગરમાં મુખ્યત્ત્વે આવેલા છે.

જી.આઈ.ડી.સી. દ્વારા રાજ્યમાં સૌ પ્રથમ રાજકોટ ખાતે આજી ઔદ્યોગિક વસાહત સ્થપાયેલ છે. જેમાં આજે ૧૦૦ જેટલા શેડમાં ૨૧૩ જેટલા પ્લોટ ઉપર નિયોજકોએ પોતાની પસંદગીના કારખાના બાંધ્યા છે. તેમજ ભકિતનગર સ્ટેશન પાસેની ઔદ્યોગિક વસાહતમાં ૧૧૦ શેડ અને ૨૭ પ્લોટમાં ઔદ્યોગિક એકમો ઉત્પાદન કરે છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર રાજકોટ ખાતેથી મળેલ માહિતી મુજબ રાજકોટમાં માર્ચ ૯૦ના અંતે નોંધાયેલ ઔદ્યોગિક એકમોની સંખ્યા ૬૦૫૭ની હતી. જેમા કુલ સ્થિર મૂડીરોકાણ રૂા. ૨૫૯૫ કરોડનુ કરવામાં આવ્યુ હતુ. જ્યારે ૨૪ જેટલા મોટા મધ્યમ એકમોમાં રૂા. ૩૪–૭૬ કરોડનુ મૂડીરોકાણ કરવામાં આવેલ હતુ. જિલ્લામાં કુલ ઔદ્યોગિક એકમો પૈકી ૫૧.૦૨ ટકા

જેટલા એકમો એકલા રાજકોટ શહેરમાં સ્થપાયેલા છે. જેઓ ૨૫,૦૦૦ જેટલા લોકોને રોજગારી પુરી પાડવાની કામગીરી બજાવે છે. ઈ.સ. ૧૯૮૧ની વસ્તી ગણતરી પુસ્તીકા પ્રમાણે રાજકોટમાં કાપડની મીલ ૫, ઓઈલમીલ ૧૬, એન્જીનીયરીંગ ઉદ્યોગોની ફેકટરીઓ ૪૧૦૩, ડેરી ૪ તથા સાડી છાપકામના ૭૦ જેટલા એકમો આવેલા હતા. જે માર્ચ ૯૦ના અંતે ૬૦૮૧ જેટલા થયેલા હતા. આમ એક દસકામાં ૧૮૮૬ જેટલા ઔદ્યોગિક એકમોનો વધારો થયેલો હતો. એકમાત્ર સાડી છાપકામની અંદર ૩૦૦ જેટલા એકમો રાજકોટ ખાતે આવેલા છે. જેમાં જેતપુર પછી રાજકોટ બીજા નંબરે આવેલુ છે, અત્યારે આ બધા એકમો મુખ્યત્ત્વે રણછોડનગર વિસ્તારમાં કેન્દ્રીત થયેલા છે. જે ૬૦૦૦ ઉપરાંત કારીગરોને સીધી રીતે રોજગારી આપે છે. ઉપરોકત ઔદ્યોગિક એકમો સિવાય અંદાજે ૧૫% જેટલા ઔદ્યોગિક એકમો જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં નોંધાયા વગરના છે. કેમકે તેઓ સરકારી નિયંત્રણ તથા કાનૂની ગૂંચવણમાં પડવા નથી માંગતા અને પોતે પોતાની મેળે ઔદ્યોગિક કાચો માલ મેળવી પોતાના ઉત્પાદનની વેચાણ વ્યવસ્થા જાતે સંભાળી લે છે. જે જોતા એકંદરે ૩૫૦૦૦ જેટલા લોકોને રોજગારી પૂરી પાડે છે.

રાજકોટમાં મુખ્યત્ત્વે ઓઈલ એન્જિન અને તેના ભાગોનુ ઉત્પાદન, મશીન ટુલ્સ ઉદ્યોગ, ઓટોમોબાઈલ્સના ભાગો, એગ્રીકલ્ચર માટેના સેન્ટ્રફયુગલ, વોટર પંપ, સબમર્શીબલ પંપ, વોચકેસ, ફાઉન્ડ્રીઓ જેમા ફેરસ તથા નોનફેરસ ફોર્જીંગ વગેરે એન્જીનીયરીંગ ઉદ્યોગ વિકાસ પામ્યા છે. આ ઉપરાંત સ્ટીલ ફર્નિચર, પ્લાસ્ટીક પ્રોડકટસ, લેથમશીન, કાપડ, ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ, ઓઈલ મીલ, સોલવન્ટ એસ્ટ્રેશન પ્લાન્ટ પણ વિકાસ પામ્યા છે. સોના ચાંદીના ઘરેણા બનાવવાનાં ક્ષેત્રે પણ રાજકોટ દેશમાં આગળ પડતુ સ્થાન ધરાવે છે.

આખા ભારતમાં ડીઝલ એન્જિન અને તેના ભાગોનુ દેશના ઉત્પાદનના કુલ ૪૫% જેટલુ ઉત્પાદન કરવામાં રાજકોટ મોખરે છે અને આ ડીઝલ એન્જિનો દેશની અંદર મોકલવા ઉપરાંત વિદેશમાં વધુને વધુ નિકાસ કરી ભારત દેશને વધુ હુંડીયામણ મેળવી આપવામાં પણ આ ઉદ્યોગ મોખરે છે.

ડેરી ઉદ્યોગ ક્ષેત્રે રાજકોટ ખાતે સહકારી ડેરી આવેલી છે. જે આસપાસના ગ્રામ્ય ક્ષેત્રમાંથી ૫૦,૦૦૦ લીટર જેટલુ દૂધ દૈનિક એકત્ર કરે છે. જેમાંથી શહેરમાં ૨૦,૦૦૦ લીટર જેટલુ દૂધ વિતરણ કર્યા બાદ બાકીનુ વધેલુ દૂધ આણંદ ખાતે મોકલવામાં આવે છે રાજકોટમાં

આ સિવાય ખાનગી ડેરી ફાર્મની સંખ્યા વધારે છે. સહકારી ડેરીનુ દૂધનુ વેચાણ શહેરમાં કુલ વેચાણના ૧૦% જેટલુ છે જ્યારે ૯૦% જેટલુ વેચાણ ખાનગી ડેરીફાર્મની દુકાનો દ્વારા થાય છે. ડેરીઉદ્યોગ ક્ષેત્રે ખોટ પ્રાપ્ત કરેલ ડેરીના પુનઃવિકાસ અને નાણાકીય ચૂકવણીને ધ્યાનમાં રાખી આવી ડેરીનુ સંચાલન માર્ચ ૨૦૦૫માં નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એન.ડી.ડી.બી.) ને સોંપવામાં આવેલ છે.

રાજકોટ સૌરાષ્ટ્રની મધ્યમાં આવેલ છે. રાજકોટ શહેર આસપાસના ગામડાઓ તેમજ શહેરો વાહનવ્યવહારથી સંપૂર્ણ રીતે સંકળાયેલ છે. રાજકોટ શહેર હવાઈમથકની દ્રષ્ટ્રિએ મુંબઈ, દિલ્હી સાથે પણ સંકળાયેલ છે. રાજકોટથી દેશના મોટા ઔદ્યોગિક શહેરો માટે સીધો રેલ્વેવ્યવહાર ઉપલબ્ધ છે. શહેરમાં રાજયના અન્ય શહેરો કરતા મજુરીના દર પ્રમાણીત હોઈ શહેરમાં કાસ્ટીંગનુ ઉત્પાદન મોટા પાયે થાય છે. જેનો મશીનરી પાર્ટસ વગેરે બનાવવામાં ઉપયોગ થાય છે. ડીઝલ એન્જિન ઉપરાંત અન્ય મશીનરી જેમકે લેથમશીન, મશીન ટુલ્સ, અને તેના સ્પેરપાર્ટસ તેમજ અન્ય મશીનરીની માંગ દિનપ્રતિદીન થતી રહેતા, અન્ય લોકોએ આ બધી ચીજવસ્તુઓનાં ઉત્પાદનમાં રસ લઈ, જુદા જુદા મશીન અને તેના સ્પેરપાર્ટસનાં ઉત્પાદન કાર્યમાંથી પ્રેરણા લઈ વધુ ઉદ્યોગો વિકાસ પામતા જોવા મળે છે. રાજકોટ અને આસપાસની વસાહતોમાં અંદાજે ૫૦૦ થી વધારે કારખાનાઓ આવેલ છે. એક કારખાનામાં અંદાજે રૂા. ૧૦ થી ૧૫ લાખનું રોકાણ કરવામાં આવેલ છે.

રાજકોટ જિલ્લામાં આવેલ ૧૪ તાલુકાઓની સંક્ષિપ્ત માહિતીની ચર્ચા પણ અહીં કરવામાં આવેલ છે. જેમાં તાલુકાવાર સંકળાયેલ જુદા જુદા ઉદ્યોગોની પણ ચર્ચા નીચે મુજબ કરેલ છે.

**રાજકોટ :–**

રાજકોટ જિલ્લો ૭૦.૨૦ થી ૨૩.૧૮ પુર્વ રેખાંશ અંશ તથા ૨૦.૫૮ થી ૨૩.૧૮ અંશ ઉતર અક્ષાંસ વચ્ચે આવેલો છે. રાજકોટ જિલ્લો ડિઝલ એન્જિન અને સ્પેરપાર્ટસ સેન્ટ્રીફ્યુગ્લ વોટર પમ્પ, વિવિધ પ્રકારના વોટર પંપ અને ઈલેકટ્રીક મોટર, મોનો બ્લોકસ, મશીન ટુલ્સ લેથ, ડ્રીલ્સ, શેપીંગ અને તેના સ્પેરપાર્ટસ, ઓટોમોબાઈલ્સ, પ્લાસ્ટીક ઉદ્યોગ, કાસ્ટીંગ અને ફોર્જિંગ, સ્ટીલ ફર્નિચર અને ફેબ્રિકેશન, લાકડાનું (વુડ) ફર્નિચર, ઈલેકટ્રોનિકસ ઉદ્યોગ અંતર્ગત ગેસ લાઈટર, સ્ટેશનરી, પ્રિન્ટીંગ, ઓફસેટ પ્રિન્ટીંગ, ડાઈંગ અને પ્રિન્ટીંગ પ્રેસ, કેમિકલ ઉદ્યોગ અંતર્ગત સાબુ,

ડિટર્જન્ટ પાવડર, ડિટર્જન્ટ કેક, સોના અને ચાંદી ઉદ્યોગ, તેલ મિલો વગેરે જેવા વિવિધ ક્ષેત્રે ઉપયોગી ઉદ્યોગોનો વિકાસ થયેલ છે.

**જેતપુર :–**

જેતપુર તાલુકાનું ભૌગોલિક સ્થાન ૨૧°–૪૦° ઉત્તર અક્ષાંસ (અંશ) અને ૭૦°–૫૦° પૂર્વ રેખાંશ (અંશ) છે. જેતપુર શહેર સુતરાઉ સાડી માટે પ્રખ્યાત છે. શહેરમાં ૧૩૦૦ જેટલા કારખાના છે. ઉદ્યોગોની સ્થાપના માટે અને એ હેતુ પાર પાડવા માટે તાલુકામાં બેંકો, નાણાસંસ્થાઓ, શેરબજારની સગવડો, વિજળી, પાણી, જમીન, રસ્તાઓ, સંદેશાવ્યવહાર, માળ ખાગત વિકાસની સવલતો, સસ્તો શ્રમ તેમજ તાલિમી શ્રમિકો, સ્પેરપાર્ટસ મેળવવાની પૂરતી સગવડતાઓ, કાચામાલની પ્રાપ્યતા વગેરે અનુકૂળતાઓને કારણે આ વિસ્તારમાં સાડી ઉદ્યોગ સારા પ્રમાણમાં વિકાસ પામ્યો છે. ડાઈંગ પ્રિન્ટીંગ અને ફીનીસીંગ, સાડી અને ડ્રેસ મટીરીયલ્સ, કેમીકલ્સ ડાઈ, તેલ મીલ વગેરેમાં જેતપુર તાલુકો અગ્રેસર છે.

**મોરબી :–**

મોરબી તાલુકો ૨૨°–૩૦° ઉત્તર અક્ષાંસ (અંશ) અને ૭૦°–૩૦° પૂર્વ રેખાંશ (અંશ) વચ્ચે આવેલ છે. આ તાલુકામાં ઘડીયાળ ઉદ્યોગ, ટાઈલ્સ ઉદ્યોગ, નળીયા ઉદ્યોગ વગેરે વિકાસ પામેલા છે. આ શહેરની આજુબાજુમાં કાચોમાલ પૂરતા પ્રમાણમાં મળી રહે છે. નળીયા બનાવવાની મશીનરી સ્થાનિક રીતે ઉપલબ્ધ છે. નળીયા બનાવવા બળતણ તરીકે કોલસો કચ્છનાં પાન્ધ્રોમાંથી મળી રહે છે. ઉદ્યોગોને જરૂરીયાત મુજબ સરકારી અથવા બેન્કલોન મળી રહે છે. ઉપરાંત ટ્રાન્સપોર્ટની સુવિધા પણ ઉપલબ્ધ છે. નળીયા ઉદ્યોગને વિકસાવવા સરકારી અધિકારીઓની સહાય તેમજ રાજય સરકારની સારી એવી સહાય પણ મળી રહે છે. શહેરમાં નળીયા માટેના આશરે ૨૨૫ કારખાના છે તેમાં રૂ. ૮ કરોડ જેટલુ રોકાણ થયેલ છે. આ ઉદ્યોગોમાં ૨૦ હજાર જેટલા માણસોને રોજગારી મળે છે. આ વસ્તુઓ ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉતરપ્રદેશ વગેરે જગ્યાએ મોકલવામાં આવે છે.

આ ઉપરાંત શહેરમાં ટાઈલ્સ ઉદ્યોગ પણ વિકાસ પામ્યો છે. ટાઈલ્સનાં કારખાનાની સંખ્યા ૩૫૦ જેટલી છે. તેમાં રૂા. ૧૪ કરોડ જેટલુ રોકાણ કરવામાં આવેલ છે. આ ઉદ્યોગો માટે જરૂરી કાચો માલ પણ મોરબીની આસપાસના વિસ્તારમાંથી મળી રહે છે. તેનું વેચાણ મોરબી,

રાજકોટ, ચોટીલા, અમદાવાદ, જામનગર, વાંકાનેર, ધ્રોલ, લતીપર, ધ્રાંગધ્રા, સુરેન્દ્રનગર, લીંબડી, જુનાગઢ, વેરાવળ, ઓખા, માળીયા તથા ગુજરાત બહાર પણ કરવામાં આવે છે. આમ, મોરબીમાં સિરામિક ઉદ્યોગ, ટાઈલ્સ, નળીયા ઉદ્યોગ, ઘડિયાળ અને ઈલેકટ્રોનિકસ ઉદ્યોગ સ્થાપાયેલા છે.

**ઉપલેટા :–**

રાજકોટ જિલ્લામાં આવેલ ઉપલેટા તાલુકાનું ભૌગોલિક સ્થાન ૨૧°–૪૦° ઉતર અક્ષાંસ (અંશ) અને ૭૦°–૧૦° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ છે. ઉપલેટા તાલુકાનો વિસ્તાર ૭૯૩ ચોરસ કિલોમીટર છે. ખેતી એ મુખ્ય આર્થિક પ્રવૃતિ છે. પરંતુ ખેત આધારીત ઉદ્યોગોનો વિકાસ પણ સારા પ્રમાણમાં થયેલો જોવા મળે છે. ખાસ કરીને ખાદ્યતેલની મીલો વધુ જોવા મળે છે. બેંકીગ અને સંદેશાવ્યવહારનો વિકાસ પણ સારા પ્રમાણમાં થયેલો જોવા મળે છે. સ્ત્રીઓ તેમજ પુરુષોમાં શિક્ષણનું પ્રમાણ પણ સારુ છે. ઉપલેટામાં ટીન ફેકટરી, ઓઈલ મીલ, ઓઈલ કેક, પ્લાસ્ટીક ઉદ્યોગ વગેરે વિકસેલા છે.

**કોટડાસાંગાણી :–**

કોટડાસાંગાણી તાલુકાનું ભૌગોલિક સ્થાન ૨૦°–૦૦° ઉતર અક્ષાંસ અને ૭૦°–૪૦° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ છે. આ તાલુકાનો કુલ વિસ્તાર ૪૪૭ ચોરસ કિલો મીટરનો છે. ભૌગોલિક વિસ્તાર અને વસ્તીની દ્રષ્ટિએ આ તાલુકો પ્રમાણમાં નાનો છે. આર્થિક વિકાસના માપદંડો અને સાથે સાથે બિનઆર્થિક પરિબળોના માપદંડથી અભ્યાસ કરતા આ તાલુકાને જિલ્લાનો પછાત તાલુકો ગણાવી શકાય. કોટડાસાંગાણી તાલુકામાં કેમીકલ્સ ઉદ્યોગ, પ્લાસ્ટીક ઉદ્યોગ, કાસ્ટીંગ અને ફોર્જીંગ, કાગળ, બોલબેરિંગ, એન્જીનીયરીંગ, ઓટોમોબાઈલ્સ, સ્પેરપાર્ટસ વગેરે ઉદ્યોગોનો વિકાસ કરેલ છે.

**ગોંડલ :–**

ગોંડલ તાલુકાનું ભૌગોલિક સ્થાન ૨૨°–૦૦° ઉતર અક્ષાંસ અને ૭૦°–૪૦° પૂર્વરેખાંશ વચ્ચે છે. આ તાલુકાનો ભૌગોલિક વિસ્તાર ૧,૧૯૪ ચોરસ કિલોમીટરનો છે. ૫૦,૦૦૦ હેકટર કરતા વધુ વિસ્તાર વાવેતર હેઠળ છે. અક્ષરજ્ઞાન સ્ત્રીઓ અને પુરુષોમાં સારા પ્રમાણમાં છે. ખેતી, ઉદ્યોગ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહારનો વિકાસ પણ સારા પ્રમાણમાં થયેલ છે.

ગોંડલમાં તેલ મીલો, સ્ટીલ ફેબ્રિકેશન અને ફર્નિચર, સિમેન્ટ પેદાશ, ટીન ફેકટરી, એલ્યુમિનિયમ ઉદ્યોગ, મમરા અને પૌવા બનાવવાના ઉદ્યોગ વિકાસ પામેલા છે.

**જસદણ :–**

જસદણ તાલુકાનું ભૌગોલિક સ્થાન ૨૨°–૦૦° ઉતર અક્ષાંસ અને ૭૧° પૂર્વ રેખાંશ વચ્ચે છે. કુલ ભૌગોલિક વિસ્તાર ૧,૩૨૭ ચોરસ કિલોમીટર છે. ભૌગોલિક વિસ્તાર અને વસ્તીનું કદ જોતા જસદણ તાલુકો રાજકોટ જિલ્લાનો મધ્યમકક્ષાનો તાલુકો ગણાવી શકાય ખેતી અને પશુપાલન વ્યવસાય આ તાલુકામાં મુખ્ય છે. પશુ આધારીત ઉદ્યોગો અને ગોળ ઉદ્યોગ આ તાલુકામાં વિકાસ પામ્યા છે. કૃષિ સંલગ્ન ઉદ્યોગો, વુડન હેન્ડીક્રાફટની વસ્તુઓ, હીરા કટીંગ ઉદ્યોગ, હીરા પોલીસીંગ, તેલ મીલ વગેરે જેવા ઉદ્યોગો વિકસેલ છે.

**જામકંડોરણા :–**

જામકંડોરણા તાલુકાનું ભૌગોલિક સ્થાન ૨૧°–૫૦° ઉતર અક્ષાંસ અને ૭૦°–૨૦° પૂર્વ રેખાંશ વચ્ચે છે. આ તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૫૧૭ ચોરસ કિલોમીટરનો છે. તાલુકાની મોટાભાગની વસ્તી ખેતીક્ષેત્ર ઉપર આધારીત છે. આ તાલુકાનો ઔદ્યોગિક વિકાસ નહિવત ગણી શકાય. શિક્ષણનું પ્રમાણ મધ્યમ છે. ગ્રામ્ય વસ્તીનું પ્રમાણ આ તાલુકામાં ઉંચુ છે. પ્રાથમિક શાળાઓનું પ્રમાણ સારુ છે. જયારે માધ્યમિક શાળાઓની સંખ્યા ઓછી છે અને ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થા આ તાલુકામાં નથી. સમગ્ર દ્રષ્ટિકોણથી જોતા જામકંડોરણાને નીચો વિકાસદર ધરાવતો તાલુકો કહી શકાય. આ તાલુકામાં પ્લાસ્ટીક ઉદ્યોગ, તેલ મીલ, હીરા કટીંગ અને પોલિશીંગ ઉદ્યોગો વિકસેલા છે.

**ધોરાજી :–**

ધોરાજી તાલુકાનું ભૌગોલિક સ્થાન ૨૧°–૪૦° ઉતર અક્ષાંસ અને ૭૦°–૨૦° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલુ છે. તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૪૮૪ કિલોમીટરનો છે. ખેતીક્ષેત્રે સમૃદ્ધ એવા ધોરાજી તાલુકામાં ખેત આધારિત ઉદ્યોગોનો વિકાસ પણ સારા એવા પ્રમાણમાં થયો છે. ધંધા ઉદ્યોગની દ્રષ્ટિએ પણ આ તાલુકો વિકાસ પામેલો છે. ધોરાજી તાલુકામાં તેલ મીલ, જીનીંગ ઉદ્યોગો તેમજ પ્લાસ્ટીક ઉદ્યોગો સ્થપાયેલા છે.

**પડધરી :–**

પડધરી તાલુકો ૨૨°–૨૦° ઉતર અક્ષાંસ અને ૭૦°– ૩૦° પૂર્વરેખાંશ વચ્ચે આવેલો છે. આ તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૬૪૫ ચોરસ કિલોમીટરનો છે. પ્રમાણમાં નાના ગણી શકાય એવા આ તાલુકામાં ખેતી અને પશુપાલન એ મુખ્ય વ્યવસાય છે. અન્ય ક્ષેત્રોનો વિકાસ નોંધપાત્ર પ્રમાણમાં થયો નથી. જીનીંગ અને પ્રેસીંગ, સિમેન્ટની પેદાશો અને ટાઈલ્સ ઉદ્યોગોનો વિકાસ પણ પડધરી તાલુકામાં થયેલ છે.

**માળીયા (મીયાણા) :–**

માળીયા તાલુકો ૨૨°–૫૦° ઉતર અક્ષાંસ અને ૭૦°–૩૦° પૂર્વરેખાંશ વચ્ચે આવેલો છે. આ તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૭૦૦ ચોરસ કિલોમીટરનો છે. ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ પ્રમાણમાં મોટો ગણાતો આ તાલુકો આર્થિક અને બિનઆર્થિક પરિબળો જેમાં મુખ્યત્વે સામાજિક પરિબળોની સંયુકત અસરને પરિણામે આ તાલુકો પછાત રહી જવા પામ્યો છે. આ તાલુકામાં મીઠા ઉદ્યોગ વિકાસ પામેલ છે.

**વાંકાનેર :–**

વાંકાનેર તાલુકાનું ભૌગોલિક સ્થાન ૨૦°–૩૦° ઉતરઅક્ષાંસ થી ૭૦°–૫૦° પૂર્વરેખાંશ વચ્ચે આવેલ છે. વાંકાનેર તાલુકાનો ભૌગોલિક વિસ્તાર ૧,૧૧૮ ચોરસ કિલોમીટર છે. પોટરી અને નળીયા ઉદ્યોગ વાંકાનેર તાલુકામાં વિકાસ પામ્યા છે. કુદરતી વિશિષ્ટતાને લીધે આ ઉદ્યોગ ત્યાં સારા પ્રમાણમાં વિકાસ પામ્યો છે. શિક્ષણ, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સવલતો સારા પ્રમાણમાં આ તાલુકામાં વિકાસ પામી છે. વાંકાનેર તાલુકામાં સિરામિક ઉદ્યોગ, પાવર લુમ્સ, જીનિંગ, પ્રેસીંગ, ટાઈલ્સ વગેરે ઉદ્યોગો વિકસેલા છે.

**લોધિકા :–**

લોધિકા તાલુકો ૨૦°–૧૦° ઉત્તર અક્ષાંસ અને ૭૦°–૪૦° પૂર્વરેખાંશ વચ્ચે આવેલો છે. આ તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર માત્ર ૩૦૩ કિલોમીટરનો છે. ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ જિલ્લામાં આ તાલુકો સૌથી નાનો છે. આર્થિક પરિબળો અને બિનઆર્થિક પરિબળો જેવાકે ખેતી, ઉદ્યોગ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, બેંકીંગ, શિક્ષણ, આરોગ્ય આ તમામ દ્રષ્ટિકોણથી જોતા આ તાલુકો જિલ્લાનો પછાત તાલુકો છે. તેલ ઉદ્યોગ, ફોર્જીંગ,

કાસ્ટીંગ વગેરે ઉદ્યોગોનો વિકાસ લોધિકા તાલુકામાં જોવા મળે છે.

**ટંકારા :–**

ટંકારા તાલુકો ૨૨°.૩૦° ઉતર અક્ષાંસ (અંશ) અને ૭૦°.૪૦° પૂર્વરેખાંશ (અંશ) વચ્ચે આવેલ છે. ટંકારામાં ઈલેકટ્રોનિકસ ઉદ્યોગ અને સિમેન્ટ પેદાશોનાં ઉદ્યોગ વિશેષ પ્રમાણમાં વિકસેલ છે.

આમ, રાજકોટ જિલ્લામાં આવેલ ઉપરોકત તાલુકાઓની પ્રાસ્તાવિક માહિતીને આધારે જાણી શકાય છે કે જિલ્લાના કેટલાક પેટાપ્રદેશો વિકસિત છે. કેટલાક વિકાસની મહત્તમ કક્ષા ધરાવે છે તો કેટલાક ઘણા પછાત જોવા મળે છે અને તેના આધારે આ પૂર્વધારણા સાથે અભ્યાસ કરવામાં આવેલ છે કે "કોઈપણ પ્રદેશ એ ભૌગોલિક, આર્થિક, સામાજિક તેમજ ઐતિહાસિક પરિબળોનું સંયુકત પરિણામ છે."

રાજકોટ જિલ્લાના જુદા જુદા વિસ્તારોના વિકાસમાં પ્રવર્તતી અસમાનતા માટે માત્ર ભૌગોલિક આર્થિક, સામાજિક કે ઐતિહાસીક પરિબળોને સ્વતંત્ર રીતે જવાબદાર ગણાવી શકાય નહી. કારણકે આ બધા પરિબળો એક બીજા સાથે ગાઢ રીતે સંકળાયેલ છે અને તેથી જ તે બધાની સંયુકત અસરના પરિણામે વિકાસનો દર ધીમો પડે છે. ખાસ કરીને ભારત જેવા અલ્પવિકસિત દેશોમાં આ બધા પરિબળોની અસરને અલગ રીતે માપવી મુશ્કેલ બને છે. જે પશ્ચિમના વિકસિત દેશોમાં પેટા પ્રાદેશિક અસમતુલા અંગેના જે અભ્યાસો થયા છે. તેમાં એવી પાયાની ધારણા સ્વીકારવામાં આવી છે કે ભૌગોલિક અને આર્થિક પરિબળો સિવાયના પરિબળોની અસર પ્રાદેશિક અસમતુલા ઉપર નહિવત હોય છે, એટલે એ પરિબળોને ગૌણ ગણવામાં આવે છે. પરંતુ ભારતમાં કોઈપણ સંશોધક માટે આવુ અનુમાન કરવુ એને અવાસ્તવિક ગણાય. કારણકે ભારતનો સમાજ અત્યંત રૂઢીચૂસ્ત છે. પરંપરાઓ અને રૂઢીઓનું વર્ચસ્વ સમાજજીવન ઉપર સવિશેષ જોવા મળે છે અને સામાજિક મૂલ્યોની વ્યાપક અસર વ્યકિતગત સામાજિક જૂથની વર્તણુક ઉપર મોટા પ્રમાણમાં પ્રવર્તતી જોવા મળે છે. તેથી આ અભ્યાસમાં આર્થિક અને ભૌગોલિક પરિબળો ઉપરાંત અન્ય પરિબળોને પણ લક્ષમાં રાખવામાં આવ્યા છે. અને તે બધા પરિબળોની આંકડાકીય માહિતી દ્વારા ચોકકસ સમયગાળામાં આવેલા પરિવર્તનોને આધારે રાજકોટ જિલ્લાનાં ૧૪ તાલુકાઓની વિકાસની કક્ષા આ અભ્યાસમાં તપાસવામાં આવી છે.

ઉદ્યોગક્ષેત્ર અંતર્ગત ઔદ્યોગિક વસાહતો, કારખાનાની સંખ્યા, ઉદ્યોગજૂથની પેદાશ અનુસાર થયેલી સ્થાપના, લઘુ ઉદ્યોગ, મધ્યમ ઉદ્યોગ અને મોટા ઉદ્યોગો તેમજ ઔદ્યોગિક સહકારી મંડળીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

આર્થિક વિકાસની પ્રક્રિયામાં પ્રાદેશિક અને પેટા પ્રાદેશિક અસમતુલાઓ ઉદ્ભવે છે. તે વાસ્તવિકતાની રજૂઆત માટે આર્થિક વિકાસનાં અભ્યાસીઓ દ્વારા કોઈ વિશિષ્ટ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો નથી, પરંતુ ઉપલબ્ધ આંકડાકીય માહિતીના આધારે આ જિલ્લાના ૧૪ તાલુકાઓને ખેતીવાડી ઉદ્યોગ, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર વગેરેનું વિશ્લેષણ કરીને મુખ્ય ત્રણ જૂથોમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

આમ, વિવિધ ઉપરોકત ક્ષેત્રોને આધારે રાજકોટ જિલ્લાના ૧૪ તાલુકાઓનું વિકસતી કક્ષા અનુસાર વર્ગીકરણ કરવામાં આવેલું છે. આ અભ્યાસમાં ઉપરોકત ક્ષેત્રોને લગતી ઉપલબ્ધ આંકડાકીય માહિતીના આધારે પેટા પ્રાદેશિક આર્થિક વિકાસનું વાસ્તવિક ચિત્ર રજૂ કરેલ છે. એટલે કે આ સંશોધન પદ્ધતિમાં કોઈ નમૂનો લેવામાં આવ્યો નથી. પરંતુ સમગ્ર જિલ્લાને એક અભ્યાસ સ્ત્રોત તરીકે જ સ્વીકારવામાં આવેલ છે. વિશ્લેષણાત્મક અને સંપૂર્ણ સચોટ એવી વર્ણનાત્મક પદ્ધતિને આધારે રાજકોટ જિલ્લાની પેટા પ્રાદેશિક અસમતુલાઓનું સ્વરૂપ અને તીવ્રતા વિશે રજૂઆત કરેલ છે.

**૩:૪:૧ જિલ્લામાં નોંધાયેલ લઘુ ઉદ્યોગો :–**

લઘુ ઉદ્યોગોનાં વિકાસમાં રાજકોટ જિલ્લો સૌરાષ્ટ્રમાં પ્રથમ ક્રમાંકે અને ગુજરાતમાં ત્રીજા ક્રમાંકે આવેલ છે. જિલ્લામાં સમગ્ર નોંધાયેલા લઘુ ઉદ્યોગોની સંખ્યા ૩૫૪૪ છે. જિલ્લા ઉદ્યોગો કેન્દ્ર દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ૨–૧૦–૧૯૭૮ થી ૩૧–૩–૨૦૦૩ સુધીમાં ૨૬૦૮૬ જેટલાં એકમોએ ૨૫ વર્ષ દરમ્યાન ૭૩૬ ટકા જેટલો વિકાસદર પ્રાપ્ત કરેલ છે. રાજકોટ જિલ્લામાં આવેલ વિવિધ લઘુ ઉદ્યોગોની તાલુકાવાર માહિતી અહીં પ્રસ્તુત કરેલ કોષ્ટક નં. ૩:૪:૧:૧ માં આપેલ છે.

માર્ચ–૨૦૦૪ના અંતે આ જિલ્લામાં નોંધાયેલ લઘુ ઉદ્યોગોની સંખ્યા ૩૦૪૫૯ થયેલ છે. આ નોંધાયેલ લઘુ ઉદ્યોગ ક્ષેત્રનું પ્લાન્ટ અને મશીનરીમાં કુલ મૂડી રોકાણ રૂા. ૪૮૨૫૦.૬૨ લાખનું છે. એકંદરે આ ક્ષેત્રમાં કુલ સ્થાયી મૂડી રોકાણ ૧૦૦૮.૦૧ કરોડનું થયેલ છે. જેના દ્વારા અંદાજે

૧૨૪૯૪૭ કામદારોને રોજગારી પુરી પાડવામાં આવે છે. જિલ્લામાં નોંધાયેલ વર્ષવાર લઘુઉદ્યોગના એકમોની સંખ્યા, પ્લાન્ટમાં અને મશીનરીમાં થયેલ મૂડી રોકાણ અને રોજગારીની સંખ્યાની વિગતવાર માહિતી કોષ્ટક ૩:૪:૧ માં રજૂ કરેલ છે.

જિલ્લાના મહત્વના ઉદ્યોગોમાં એન્જીનીયરીંગ, સીરામીક, ઘડીયાળ, પ્લાસ્ટીક, સ્ક્રીનપ્રિન્ટીંગ તથા ખાદ્યતેલ વગેરે મુખ્યત્વે છે. એન્જીનીયરીંગ ક્ષેત્રે રાજકોટનો ઓઈલ એન્જીન ઉદ્યોગ દેશભરમાં અગ્રેસર રહેલ છે. રાજકોટ ખાતે અંદાજે ૧૦૫ જેટલા ડીઝલ ઓઈલ એન્જીનનું ઉત્પાદન કરતાં એકમો કાર્યરત છે. જે પૈકી આવા ૭૦ એકમો દ્વારા આઈ.એસ.આઈ / આઈ.એસ.ઓ. ના માર્ક મેળવેલ છે. મહંદ્અંશે આ એકમો દ્વારા લીસ્ટર ટાઈપ તેમજ પીટર ટાઈપ ડીઝલ ઓઈલ એન્જીનનું ઉત્પાદન કરવામાં આવે છે. અંદાજે વર્ષે ૩૨૬૦૦૦ ઓઈલ એન્જીનનું ઉત્પાદન કરવામાં આવે છે. આ ઉદ્યોગને અધારીત આનુસંગિક ૩૦૦૦ જેટલા એકમો કે જે આશરે ૫૦૦૦૦ જેટલા કામદારોને રોજગારી પુરી પાડે છે. આ ઉદ્યોગ મુખ્યત્વે રાજકોટમાં કેન્દ્રીત થયેલ છે અને અંદાજે વાર્ષિક રૂપિયા ૩૦ કરોડના માલની વિદેશમાં નિકાસ કરવામાં આવે છે. આમ એકંદરે રાજકોટમાં એન્જીનીયરીંગ, ફાઉન્ડ્રી, ફોર્જીંગ, મશીનટુલ્સ, વિગેરે પ્રકારના આનુસંગિક ઉદ્યોગોનો વિકાસ સારા પ્રમાણમાં થયેલ છે. તેમજ મોરબી, વાંકાનેરમાં કેન્દ્રીત થયેલ મેંગ્લોરી ટાઈલ્સ, સીરામીક, ફલોરીંગ ટાઈલ્સ, ગ્લેઝ ટાઈલ્સ તેમજ ઘડીયાળ ઉદ્યોગ પણ સારૂ એવુ વિદેશી હુંડીયામણ કમાવી આપે છે.

જેતપુરનો ડાઈંગ અને પ્રિન્ટીંગ ઉદ્યોગ પણ દેશભરમાં આગવુ સ્થાન ધરાવે છે. શાપર વેરાવળ ઔદ્યોગિક દ્રષ્ટિએ મોખરાનું સ્થાન ધરાવે છે. આ વિસ્તારમાં મધ્યમ અને મોટા પાયાના ૧૮ એકમો પણ કાર્યરત છે. તદ્ઉપરાંત લોધિકા તાલુકાના મેટોડા ગામમાં જીઆઈડીસી દ્વારા ઔદ્યોગિક વસાહત ઉભી કરવામાં આવેલ છે. જેમાં પણ ધીમે ધીમે સારો એવો વિકાસ સધાયેલ છે. અંદાજે ૧૭૫ જેટલા લઘુ ઉદ્યોગો કાર્યરત થયેલ છે. તેમજ પડધરી તાલુકો કે જેમાં મુખ્યત્વે જીનીંગ એન્ડ પ્રેસીંગ ઉદ્યોગ વિકાસ પામી રહેલ છે.

રાજકોટ જિલ્લામાં નોંધાયેલ વર્ષવાર લઘુઉદ્યોગ એકમોની માહિતી પ્રસ્તુત કોષ્ટક ૩:૪:૧ માં રજૂ કરેલ છે.

## ૩:૪:૧ રાજકોટ જિલ્લામાં નોંધાયેલ વર્ષવાર લઘુ ઉદ્યોગ એકમોની માહિતી :–

| ક્રમ | વર્ષ | નોંધાયેલ એકમની સંખ્યા | પ્લાન્ટ અને મશીનરીમાં મૂડી રોકાણ રૂા. લાખમાં | રોજગારી સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | શરૂઆતથી તા. ૧/૧૦/૧૯૭૮ સુધી | ૩૫૪૪ | ૧૬૦૩.૦૧ | ૨૭૯૮૪ |
| ૨. | ૧૯૭૮-૭૯ | ૨૪૨ | - | - |
| ૩. | ૧૯૭૯-૮૦ | ૩૧૪ | - | - |
| ૪. | ૧૯૮૦-૮૧ | ૭૧૨ | ૩૯૨.૯૧ | ૫૭૭૧ |
| ૫. | ૧૯૮૧-૮૨ | ૭૧૮ | ૪૪૪.૦૮ | ૫૨૮૪ |
| ૬. | ૧૯૮૨-૮૩ | ૫૬૩ | ૫૬૩.૫૫ | ૬૯૫૬ |
| ૭. | ૧૯૮૩-૮૪ | ૭૫૩ | ૪૪૧.૭૭ | ૩૬૬૦ |
| ૮. | ૧૯૮૪-૮૫ | ૮૦૨ | ૫૯૦.૭૩ | ૩૭૫૫ |
| ૯. | ૧૯૮૫-૮૬ | ૮૫૧ | ૪૭૮.૨૦ | ૩૨૮૫ |
| ૧૦. | ૧૯૮૬-૮૭ | ૧૦૫૪ | ૪૩૮.૧૫ | ૨૭૮૩ |
| ૧૧. | ૧૯૮૭-૮૮ | ૧૨૦૪ | ૩૭૫.૧૯ | ૨૯૯૭ |
| ૧૨. | ૧૯૮૮-૮૯ | ૧૨૬૨ | ૪૮૭.૬૦ | ૩૦૧૮ |
| ૧૩. | ૧૯૮૯-૯૦ | ૧૧૧૩ | ૮૮૮.૪૩ | ૩૫૯૩ |
| ૧૪. | ૧૯૯૦-૯૧ | ૧૨૩૦ | ૧૨૪૮.૭૯ | ૪૧૯૫ |
| ૧૫. | ૧૯૯૧-૯૨ | ૧૨૪૯ | ૧૨૦૬.૮૩ | ૪૧૩૪ |
| ૧૬. | ૧૯૯૨-૯૩ | ૧૪૦૦ | ૧૫૮૩.૦૯ | ૪૮૫૩ |
| ૧૭. | ૧૯૯૩-૯૪ | ૧૪૦૨ | ૧૪૪૨.૬૪ | ૪૪૩૦ |
| ૧૮. | ૧૯૯૪.૯૫ | ૧૩૨૬ | ૨૧૦૩.૧૮ | ૪૪૯૪ |

| ક્રમ | વર્ષ | નોંધાયેલ એકમની સંખ્યા | પ્લાન્ટ અને મશીનરીમાં મૂડી રોકાણ રૂા. લાખમાં | રોજગારી સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧૯. | ૧૯૯૫-૯૬ | ૧૩૫૦ | ૩૧૭૬.૦૨ | ૫૫૯૯ |
| ૨૦. | ૧૯૯૬-૯૭ | ૧૩૬૬ | ૨૪૯૮.૦૫ | ૪૩૬૮ |
| ૨૧. | ૧૯૯૭-૯૮ | ૧૪૦૦ | ૩૨૬૦.૦૪ | ૪૨૫૩ |
| ૨૨. | ૧૯૯૮-૯૯ | ૧૪૦૨ | ૩૭૪૬.૨૫ | ૪૧૬૮ |
| ૨૩. | ૧૯૯૯-૨૦૦૦ | ૧૪૩૬ | ૬૩૩૦.૭૦ | ૩૨૩૮ |
| ૨૪. | ૨૦૦૦-૦૧ | ૧૨૨૫ | ૫૩૩૪.૭૬ | ૨૯૨૮ |
| ૨૫. | ૨૦૦૧-૦૨ | ૧૧૫૪ | ૪૬૩૧.૪૭ | ૭૦૩૭ |
| ૨૬. | ૨૦૦૨-૦૩ | ૫૫૮ | ૧૯૩૦.૧૨ | ૧૬૨૯ |
| ૨૭. | ૨૦૦૩-૦૪ | ૮૨૯ | ૩૦૫૫.૧૦ | ૨૫૫૯ |
| | માર્ચ–૦૪ સુધી કુલ | ૩૦૪૫૯ | ૪૮૨૫૦.૬૨ | ૧૨૪૯૪૭ |

**૩:૪:૧:૧ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ લઘુ ઉદ્યોગની માહિતી :–**

| ક્રમ | તાલુકાઓના નામ | માર્ચ–૦૩ સુધી નોંધાયેલ એકમ | વર્ષ ૦૩–૦૪માં નોંધાયેલ એકમ | માર્ચ–૦૪ અંતે નોંધાયેલ કુલ એકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | માળીયામીંયાણા | ૧૦૨૧ | ૩ | ૧૦૨૪ |
| ૨. | મોરબી | ૩૩૫૮ | ૩૯ | ૩૩૯૭ |
| ૩. | ટંકારા | ૨૧૩ | ૧૦ | ૨૨૩ |
| ૪. | વાંકાનેર | ૧૭૩૧ | ૬ | ૧૭૩૭ |
| ૫. | પડધરી | ૫૭૬ | ૧ | ૫૭૭ |
| ૬. | રાજકોટ | ૧૧૨૮૬ | ૩૦૮ | ૧૧૫૯૪ |
| ૭. | લોધિકા | ૬૩૭ | ૨૩ | ૬૬૦ |
| ૮. | કોટડાસાંગાણી | ૧૩૪૪ | ૪૬ | ૧૩૯૦ |
| ૯. | જસદણ | ૧૦૦૫ | ૧૨૬ | ૧૧૩૧ |
| ૧૦. | ગોંડલ | ૨૦૩૨ | ૧૭૦ | ૨૨૦૨ |
| ૧૧. | જામકંડોરણા | ૪૫૫ | ૮ | ૪૬૩ |
| ૧૨. | ઉપલેટા | ૭૬૦ | ૧૧ | ૭૭૧ |
| ૧૩. | ધોરાજી | ૧૦૨૭ | ૩૯ | ૧૦૬૬ |
| ૧૪. | જેતપુર | ૪૧૮૫ | ૩૯ | ૪૨૨૪ |
| | જિલ્લાનું કુલ | ૨૯૬૩૦ | ૮૨૯ | ૩૦૪૫૯ |

**૩:૪:૨ જિલ્લાના મધ્યમ અને મોટા ઉદ્યોગો :–**

નાના ઉદ્યોગોના વિકાસની દ્રષ્ટિએ સૌરાષ્ટ્ર વિસ્તારે ઘણી જ અગ્રતા પ્રાપ્ત કરી છે. ૮ જિલ્લાઓમાંથી રાજકોટ જિલ્લો ૨૯૬૩૦ નાના ઉદ્યોગો અને ૬૯ મધ્યમ અને મોટા ઉદ્યોગો સાથે પ્રથમ સ્થાન ધરાવે છે. સૌરાષ્ટ્રમાં કેન્દ્ર સ્થાને રહેલ રાજકોટ જિલ્લાની અંતર્ગત આવેલા મોરબી,

જેતપુર, વાંકાનેર, ગોંડલ, ઉપલેટા, ધોરાજી વગેરે તાલુકાઓ નેશનલ હાઈવે ૮–અ અને ૮–બ સાથે જોડાયેલ છે. જિલ્લામાં વિકસેલ ૬૯ જેટલા મધ્યમ અને મોટા ઉદ્યોગોમાં રૂા. ૨૮૭.૮૦ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. આ ઉદ્યોગો દ્વારા ૧૧૦૪૭ જેટલા શ્રમીકોને રોજગારી પ્રાપ્ત થયેલ છે. મોટાભાગના ઉદ્યોગો રાજકોટ, ગોંડલ, ધોરાજી, ઉપલેટા, મોરબી, વાંકાનેર, કોટડાસાંગાણી, લોધિકા અને પડધરીમાં સ્થાપાયેલા છે. આ એકમો એન્જીનીયરીંગ, ફોર્જીંગ, કાસ્ટીંગ, સોલ્વન્ટ પ્લાંટસ, કાગળ, દૂધ પ્રોડકટસ, ઈલેકટ્રોનીક, સિરામિકસ, ખેત રસાયણો વગેરેનાં ઉત્પાદન સાથે સંકળાયેલા છે.

જિલ્લામાં હાલ ૭૩ મધ્યમ અને મોટા પાયાના ઉદ્યોગો કાર્યરત છે. આ ઉદ્યોગમાં કુલ મૂડી રોકાણ રૂા. ૪૭૪.૦૩ કરોડનું છે. મોટા ઉદ્યોગો દ્વારા કુલ ૧૯૧૪૮ કામદારોને કાયમી રોજગારી મળેલ છે. મહત્વના ઉદ્યોગોમાં સોલવન્ટ પ્લાન્ટ, સ્ટીલ ફોર્જીંગ, કોટન યાર્ન, સ્પીનીંગ મીલ, મશીન ટુલ્સ, કલોકસ, ગ્લેઝ ટાઈલ્સ, ફાર્માસ્યુટીકલ્સ, પેપર એન્ડ બોર્ડ મીલ તથા ઓકસીઝન ગેસ વગેરેનો સમાવેશ થાય છે.મોટા ઉદ્યોગોનું તાલુકાવાર વર્ગીકરણ કરીએ તો રાજકોટમાં–૧૬, શાપર–વેરાવળમાં–૧૯, ધોરાજીમાં–૪, મોરબીમાં–૧૧, ગોંડલમાં–૩, ઉપલેટામાં–૨, વાંકાનેરમાં–૩, પડધરીમાં–૪, લોધિકામાં–૫ અને ટંકારામાં–૬ એકમો કાર્યરત છે. આ અંગેનું તાલુકાવાર માહિતીપત્રક તેમજ એકમવાર યાદીનું પરિશિષ્ટ નીચેની વિગતે દર્શાવવામાં આવેલ છે.

**૩:૪:૨ જિલ્લામાં નોંધાયેલ તાલુકાવાર કાર્યરત મધ્યમ અને મોટા ઉદ્યોગોની માહિતી :–**

**(માહિતી વર્ષ ૨૦૦૩)**

| ક્રમ | તાલુકાઓના નામ | પ્રોજેકટોની સંખ્યા | મૂડીરોકાણ રૂા. લાખમાં | રોજગારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | માળીયામીંયાણા | - | - | - |
| ૨. | મોરબી | ૧૧ | ૪૮૫૩.૩૦ | ૨૪૭૬ |
| ૩. | ટંકારા | ૬ | ૧૦૪૬૨.૩૫ | ૯૭૫૨ |
| ૪. | વાંકાનેર | ૩ | ૩૦૦૭.૩૬ | ૯૧૭ |
| ૫. | પડધરી | ૪ | ૬૧૩૫.૮૯ | ૨૦૭ |
| ૬. | રાજકોટ | ૧૬ | ૧૦૫૨૦.૨૧ | ૨૯૬૧ |
| ૭. | લોધિકા | ૫ | ૧૯૩૩.૦૭ | ૩૬૦ |
| ૮. | કોટડાસાંગાણી | ૧૯ | ૭૪૪૧.૭૯ | ૭૦૨૫ |
| ૯. | જસદણ | - | - | - |
| ૧૦. | ગોંડલ | ૩ | ૩૨૨.૦૭ | ૧૧૦ |
| ૧૧. | જામકંડોરણા | - | - | - |
| ૧૨. | ઉપલેટા | ૨ | ૨૧૭૭.૮૧ | ૪૮ |
| ૧૩. | ધોરાજી | ૪ | ૫૪૯.૪૨ | ૨૯૨ |
| ૧૪. | જેતપુર | - | - | - |
| | જિલ્લાનું કુલ | ૭૩ | ૪૭૪૦૩.૨૭ | ૧૯૧૪૮ |

**૩:૪:૩ કુટીર ઉદ્યોગો :–**

કારીગરલક્ષી ઉદ્યોગોમાં ગ્રામ, ગૃહ અને કુટીર ઉદ્યોગનો સમાવેશ થાય છે. આ પ્રકારના ઉદ્યોગ ગ્રામ્ય અને શહેરી કારીગરોને ઓછા મૂડીરોકાણમાં ઉત્પાદનલક્ષી સ્વરોજગારી પુરી પાડે છે. જિલ્લા ઉદ્યોગકેન્દ્ર દ્વારા ગ્રામ્ય કારીગરો, સ્વરોજગારીમાં રોકાયેલ માણસો તથા શિક્ષિત

બેરોજગાર યુવાનો માટે સ્વરોજગારી પુરી પાડવા અર્થે એમ ત્રણ પ્રકારની યોજનાઓ હાલ અમલમાં છે. વ્યકિતગત કારીગરોને સ્વરોજગારી પુરી પાડવાની કુટીર ઉદ્યોગની વાજપાઈ બેંકેબલ યોજના જેમાં કુલ ૩૮૫ પ્રકારની પ્રોફાઈલ્સોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં ઉદ્યોગ, વેપાર, અને સેવા પ્રકારના ધંધા ઉપર લોન સહાય આપવામાં આવે છે. જિલ્લા ઉદ્યોગકેન્દ્રની સ્થાપના થઈ ત્યારથી લઈને માર્ચ–૨૦૦૪ સુધીમાં કુલ નીચે દર્શાવેલ વિવિધ યોજના હેઠળ લોન સહાય આપીને ઉદ્યોગો શરૂ કરવામાં આવેલ છે.

**૩:૪:૩ જિલ્લામાં માર્ચ ૨૦૦૪ સુધીમાં સ્થપાયેલ કુટીર ઉદ્યોગોની સંખ્યા, મૂડીરોકાણ અને રોજગારી**

| ક્રમ | યોજનાનું નામ | સ્થપાયેલ કુટીર ઉદ્યોગની સંખ્યા | મૂડીરોકાણ (રૂા. લાખમાં) | રોજગારી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | વાજપાઈ બેંકેબલ યોજના | ૨૫૭૪૩ | ૬૫૭૪.૩૦ | ૫૧૪૮૬ |
| ૨. | પી. એમ. આર.વાય યોજના | ૮૪૭૮ | ૨૬૪૮.૦૨ | ૧૬૯૫૬ |
| ૩. | માનવ કલ્યાણ યોજના | ૧૫૯૩૯ | ૧૯૬.૨૩ | ૧૫૯૩૯ |
| | જિલ્લાનું કુલ | ૫૦૧૬૦ | ૯૪૧૮.૫૫ | ૮૪૩૮૧ |

ઉપરની વિગતોમાં કુટીર ઉદ્યોગ ક્ષેત્રમાં અત્યાર સુધીમાં અંદાજે ૮૪૩૮૧ લોકોને રોજી આપવામાં આવેલ છે. અને જેમાં કુલ રૂા. ૯૪૮૧.૦૦ લાખ જેટલું મૂડીરોકાણ થયેલ છે. રાજકોટ જિલ્લામાં કુટીર ઉદ્યોગમાં ખાસ પ્રકારવાર જોઈએ તો ટર્નીગ, ફીટીંગ, પ્રિન્ટીંગ એન્ડ કંપોઝીંગ, બુક બાઈન્ડીંગ, રેડીમેઈડ ગારમેન્ટ, ઠંડા પીણા, ઓટો રીપેરીંગ, ચાંદીકામ, સ્ટીલ ફર્નીચર જેવા ઉદ્યોગો મુખ્યત્વે છે.

**૩:૪:૪ ઔદ્યોગિક સહકારી મંડળીઓ :–**

જિલ્લામાં જુદા જુદા પ્રકારની ઔદ્યોગિક સહકારી મંડળીઓ મારફત ગ્રામ્ય અને શહેરી કારીગરોને તેમના ઉત્પાદનની પુરતી કિંમત મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ પ્રકારની

ઔદ્યોગિક સહકારી મંડળીઓ દ્વારા ખાસ્સી પૂરક રોજગારી ઉભી થાય છે. જિલ્લામાં તા. ૩૧/૩/૦૪ ની સ્થિતિએ ૩૩૬ જેટલી વિવિધ પ્રકારની ઔદ્યોગિક સહકારી મંડળીઓ કાર્યરત છે. જેની તાલુકાવાર તેમજ પ્રકારવાર મંડળીઓની માહિતી નીચેના કોષ્ટક ૩:૪:૪:૧ માં પત્રકમાં દર્શાવેલ છે. આ મંડળીઓ અંદાજે રૂા. ૩૩.૬૦ લાખનું મૂડીરોકાણ થયેલ છે. આ પ્રકારની ઔદ્યોગિક સહકારી મંડળીમાં કુલ સભ્ય સંખ્યા ૧૭૧૩૬ જેટલી છે. જિલ્લામાં નોંધાયેલ ઔદ્યોગિક સહકારી મંડળીઓની પ્રકારવાર માહિતી કોષ્ટક ૩:૪:૪:૨ માં રજૂ કરેલ છે.

**૩:૪:૪:૧ રાજકોટ જિલ્લામાં નોંધાયેલ ઔદ્યોગિક સહકારી મંડળીઓની તાલુકાવાર માહિતી દર્શાવતુ પત્રક** **(માહિતી વર્ષ ૩૧/૩/૦૪)**

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ મંડળીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | રાજકોટ શહેર | ૧૯૪ |
| ૨. | રાજકોટ તાલુકો | ૧૧ |
| ૩. | ગોંડલ | ૧૮ |
| ૪. | ધોરાજી | ૧૪ |
| ૫. | જેતપુર | ૧૪ |
| ૬. | ઉપલેટા | ૧૬ |
| ૭. | મોરબી | ૧૯ |
| ૮. | પડધરી | ૦૫ |
| ૯. | વાંકાનેર | ૧૫ |
| ૧૦. | માળીયામીંયાણા | ૦૮ |
| ૧૧. | કોટડાસાંગાણી | ૦૭ |
| ૧૨. | જામકંડોરણા | ૦૮ |
| ૧૩. | જસદણ | ૦૫ |
| ૧૪. | લોધિકા | ૦૨ |
| | જિલ્લાની કુલ | ૩૩૬ |

## ૩:૪:૪:૨ રાજકોટ જિલ્લામાં નોંધાયેલ ઔદ્યોગિક સહકારી મંડળીઓની પ્રકારવાર માહિતી દર્શાવતું પત્રક

## (માહિતી વર્ષ ૩૧/૩/૦૪)

| ક્રમ | સહકારી મંડળીઓનો પ્રકાર | નોંધાયેલ મંડળીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | વણકર સહકારી મંડળી | ૮૫ |
| ૨. | જિલ્લા સંઘ | ૦૩ |
| ૩. | અન્ય સંઘો | ૦૫ |
| ૪. | ચર્મ ઉદ્યોગ મંડળીઓ | ૨૬ |
| ૫. | માટીકામ મંડળીઓ | ૦૨ |
| ૬. | તેલઘાણી મંડળીઓ | ૦૧ |
| ૭. | તાડગોળ મંડળીઓ | ૦૨ |
| ૮. | હસ્તકલા મંડળીઓ | – |
| | અ) નેતરવાસકામ મંડળીઓ | ૩૨ |
| ૯. | બ) રંગ અને છાપકામ મંડળીઓ | ૦૨ |
| | ક) ઉની ગાલીચા મંડળીઓ | ૦૯ |
| | ડ) અન્ય હસ્તકલા મંડળીઓ | ૪૨ |
| ૧૦. | જનરલ એન્જીનીયરીંગ | – |
| | અ) પ્રિન્ટીંગ પ્રેસ મંડળીઓ | ૦૫ |
| | બ) ધાતુકામ મંડળીઓ | ૦૨ |
| ૧૧. | મીઠા મંડળીઓ | ૦૭ |
| ૧૨. | બાંધકામ વસ્તુ બનાવનારી મંડળીઓ | ૦૭ |
| ૧૩. | મહિલા સહકારી મંડળીઓ | ૫૯ |
| ૧૪. | પરચુરણ સહકારી મંડળીઓ | ૪૭ |
| | જિલ્લાની કુલ મંડળીઓ | ૩૩૬ |

**૩:૪:૫ ઔદ્યોગિક વસાહતો :–**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની વસાહતો ઉદ્યોગના વિકાસ માટે અગત્યનો ભાગ ભજવે છે. ખાસ કરીને પછાત વિસ્તારોમાં ઔદ્યોગિકરણ વેગ આપવા માટે આવી વસાહતો હોવી અત્યંત જરૂરી છે. કારણ કે વસાહતોને કારણે ઉદ્યોગ માટેની તમામ પ્રકારની પ્રાથમિક જરૂરીયાતો જેવી કે રસ્તા, પાણી અને વિજળી એ જી.આઈ.ડી.સી દ્વારા મેળવી આપવામાં આવે છે. જેને લઈને ઉદ્યોગકારોને મુશ્કેલી પડતી નથી. ઉદ્યોગકારોને સહેલાઈથી તૈયાર શેડ અગર તો પ્લોટસ મળી રહે તે માટે જી. આઈ.ડી.સી કાર્યરત રહે છે. આ પ્રમાણે જોઈએ તો રાજકોટ જિલ્લાના ૧૪ તાલુકાઓ પૈકી ૯ તાલુકાઓમાં જી.આઈ.ડી.સી. વસાહતો આવેલી છે. જિલ્લામાં સૌથી મોટી વસાહત મેટોડા અને લોધિકા મુકામે આવેલી છે. જિલ્લામાં આવેલ હયાત વસાહત તથા હવે પછી સ્થાપવામાં આવનાર ઔદ્યોગિક વસાહતોની માહીતી દર્શાવતુ પત્રક નીચે મુજબ છે.

## ૩:૪:૫ રાજકોટ જિલ્લાની હયાત વસાહતોની માહિતી દર્શાવતુ પત્રક

(માહિતી વર્ષ સપ્ટે–૨૦૦૩)

| ક્રમ | જી. આઈ.ડી.સી એસ્ટેટનું નામ સરનામું | કુલ જમીનનું ક્ષેત્રફળ | કુલ સંખ્યા | | ફાળવેલ સંખ્યા | | ખાલી સંખ્યા | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | પ્લોટ | શેડ | પ્લોટ | શેડ | પ્લોટ | શેડ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧. | આજી ઔદ્યોગિક વસાહત ૮૦નો રોડ, રાજકોટ | ૮૩-૯૬.૦૦ | ૨૬૨ | ૨૭૪ | ૨૬૨ | ૨૭૪ | - | - |
| ૨. | ભકિતનગર ઔદ્યોગિક વસાહત ભકિતનગર, રાજકોટ | ૦૮-૮૩-૦૪ | ૭૫ | ૧૪૨ | ૭૫ | ૧૪૨ | - | - |
| ૩. | ગોંડલ – ૧ ઔદ્યોગિક વસાહત ભગવતીપરા ગોંડલ | ૧૩-૨૫-૦૦ | ૬૯ | ૨૯ | ૬૯ | ૨૯ | - | - |
| ૪. | ગોંડલ – ૨ ઔદ્યોગિક વસાહત જેતપુર હાઈવે રોડ, ગોંડલ | ૩૨-૭૧-૦૦ | ૧૫૧ | ૧૦ | ૧૫૧ | ૧૦ | - | - |
| ૫. | જસદણ ઔદ્યોગિક વસાહત આટકોટ રોડ, જસદણ | ૦૬-૦૨-૦૦ | ૩૧ | ૧૧ | ૩૧ | ૧૧ | - | - |
| ૬. | જેતપુર ઔદ્યોગિક વસાહત ધારેશ્વર મંદિર પાસે, જેતપુર | ૧૦-૪૨-૦૦ | ૩૬ | - | ૩૬ | - | - | - |

| ક્રમ | જી. આઈ.ડી.સી એસ્ટેટનું નામ સરનામું | કુલ જમીનનું ક્ષેત્રફળ | કુલ સંખ્યા | | ફાળવેલ સંખ્યા | | ખાલી સંખ્યા | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | પ્લોટ | શેડ | પ્લોટ | શેડ | પ્લોટ | શેડ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૭. | કુવાડવા ઔદ્યોગિક વસાહત રાજકોટ–અમદાવાદ રોડ, કુવાડવા | ૫૩-૮૩-૦૦ | ૨૮૫ | - | ૨૮૫ | - | - | - |
| ૮. | લોધિકા ઔદ્યોગિક વસાહત મુ. મેટોડા, તા. લોધિકા | ૪૨૪-૧૨-૬૦ | ૧૫૧૪ | ૨૦ | ૧૩૨૦ | ૨૦ | ૧૯૪ | - |
| ૯. | રફાળેશ્વર ઔદ્યોગિક વસાહત મોરબી હાઈવે, મોરબી | ૪૦-૨૩-૦૦ | ૨૯૫ | ૨૯૫ | - | - | - | - |
| ૧૦. | વાંકાનેર ઔદ્યોગિક વસાહત હાઈવે રોડ, વાંકાનેર | ૧૯-૬૮-૦૦ | ૮૦ | ૦૮ | ૮૦ | ૦૮ | - | - |
| ૧૧. | ઉપલેટા ઔદ્યોગિક વસાહત, પોરબંદર હાઈવે, ઉપલેટા | ૫-૨૩-૦૦ | ૪૨ | - | ૪૨ | - | - | - |
| ૧૨. | મોટા દહીંસરા ઔદ્યોગિક વસાહત મુ. નવલખી | ૧-૨૩-૧૨ | ૧ | - | ૧ | - | - | - |
| ૧૩. | પડધરી ઔદ્યોગિક વસાહત, રાજકોટ જામનગર હાઈવે, પડધરી | ૧-૦૦-૦૦ | ૯ | ૭ | ૯ | ૬ | - | ૧ |

| ક્રમ | જી. આઈ.ડી.સી એસ્ટેટનું નામ સરનામું | કુલ જમીનનું ક્ષેત્રફળ | કુલ સંખ્યા | | ફાળવેલ સંખ્યા | | ખાલી સંખ્યા | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | પ્લોટ | શેડ | પ્લોટ | શેડ | પ્લોટ | શેડ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૪. | મોરબી ઔદ્યોગિક વસાહત સનાળા રોડ, મોરબી | ૮-૦૮-૦૦ | ૪૭ | ૧૧૦ | ૪૭ | ૧૧૦ | - | - |
| ૧૫. | વઘાસીયા ઔદ્યોગિક વસાહત, વાંકાનેર મોરબી રોડ, વઘાસીયા | ૨૩-૨૫-૦૦ જમીન વિકાસ હેઠળ છે. | - | - | - | - | - | - |
| ૧૬. | ધોરાજી ઔદ્યોગિક વસાહત, કંડોરણા રોડ, ધોરાજી | ૨૨-૩૧-૦૦ જમીન વિકાસ હેઠળ છે. | - | - | - | - | - | - |

## ૩:૪:૬ ખનીજ સંપતિ :–

રાજકોટ જિલ્લો ખાણ અને ખનીજમાં ખુબજ સમૃધ્ધ ગણાય છે. જિલ્લાનાં મુખ્ય ખનિજ પેદાશમાં ફાયરકલે અને સેન્ડ સ્ટોન છે. જયારે ગૌણ ખનિજ પેદાશમાં લાઈમ સ્ટોન, ઈંટની માટી, રેડ કલે, (નળીયાના ઉપયોગ માટે) રેતી, બ્લેક ટ્રેપ વિગેરે છે. ફાયર કલેના કેન્દ્રીકરણના કારણે ફાયરબ્રીકસ અને ક્રોકરી ઉદ્યોગનો વિકાસ વાંકાનેર અને મોરબીમાં થયેલ છે. જયારે નળીયા તથા ટાઈલ્સ ઉદ્યોગ માટેનો કાચો માલ રેડ કલેના વિપુલ જથ્થાના કારણે આ પ્રકારના ઉદ્યોગો મોરબીમાં ખુબજ વિકસેલ છે. રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૧ થી ૨૦૦૩ સુધીના મુખ્ય ખનીજ અને ગૌણ ખનીજ ઉત્પાદનની માહિતી નીચેના કોષ્ટક નં. ૩:૪:૬ અને ૩:૪:૬:૧માં આપેલ છે.

## ૩:૪:૬ મુખ્ય ખનીજ સંપતિ

| ક્રમ | ખનીજનું નામ | ઉદ્ભવ સ્થાન | ઉત્પાદન (મેટ્રીક ટનમાં) | | રોયલ્ટી ડેડ રેન્ટની રકમ રૂા. | |
|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૦૧–૦૨ | ૨૦૦૨–૦૩ | ૨૦૦૧–૦૨ | ૨૦૦૨–૦૩ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | ફાયર કલે | મોરબી, વાંકાનેર | ૧૮૨૫૬ | ૨૩૩૦૪ | ૫૩૨૮૧૩ | ૬૨૪૮૮૯ |
| ૨. | વ્હાઈટ ચોક | ઉપલેટા | ૫૬૬૧ | ૯૨૩૯ | ૨૫૦૪૯૩ | ૩૭૫૨૧૬ |
| ૩. | લાઈમ સ્ટોન | જસદણ, ઉપલેટા | – | – | – | – |
| ૪. | સીલીકા સેન્ડ | વાંકાનેર | ૧૨૭ | ૧૦ | ૧૬૪૬૪ | ૫૦૦૦ |
| ૫. | મોલ્ડીંગ સેન્ડ | વાંકાનેર | ૧૫૦ | – | ૮૦૦ | – |
| ૬. | સેન્ડ સ્ટોન | વાંકાનેર, મોરબી | – | – | ૮૨૬૧ | ૮૭૭૧ |
| ૭. | પરલાઈટ | ઉપલેટા | ૧૩૭ | ૨૫૩ | ૪૨૯૯૫ | – |
| | જિલ્લાનું કુલ | | ૨૩૩૩૧ | ૩૨૮૦૬ | ૮૫૧૫૨૬ | ૧૦૧૩૮૭૬ |

## ૩:૪:૬ જિલ્લાની ગૌણ ખનિજ પેદાશ

| ક્રમ | ખનીજનું નામ | ઉદ્‌ભવ સ્થાન | ઉત્પાદન (મેટ્રીક ટનમાં) | | રોયલ્ટી ડેડ રેન્ટની રકમ રૂા. | |
|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૦૧–૦૨ | ૨૦૦૨–૦૩ | ૨૦૦૧–૦૨ | ૨૦૦૨–૦૩ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | લાઈમ સ્ટોન | ઉપલેટા, જસદણ | ૩૪૭૫ | ૫૩૭૯ | ૨૮૬૦૩૬ | ૪૦૮૭૧૧ |
| ૨. | સેન્ડ સ્ટોન | વાંકાનેર | ૧૧૪૬૫ | ૧૮૨૬૦ | ૨૯૮૮૪૫ | ૩૦૯૮૧૪ |
| ૩. | બ્લેક ટ્રેટ | રાજકોટ, ગોંડલ, મોરબી, વાંકાનેર, લધિકા | ૩૩૬૦૨૭ | ૨૭૭૪૭૯ | ૧૪૨૧૦૧૫૨ | ૧૩૯૯૪૬૫૫ |
| ૪. | સાદી રેતી | ઉપલેટા, ધોરાજી, મોરબી, પડધરી | ૭૭૫૪૬ | ૮૧૩૦૯ | ૮૬૧૯૦૩ | ૮૬૨૯૯૩ |
| ૫. | સોફટ મોરમ | ઉપલેટા, ધોરાજી, મોરબી, પડધરી | ૩૨૧૪૬ | ૨૮૦ | ૧૭૬૫૦૦ | ૩૦૫૦૦ |
| ૬. | સાદી માટી | ઉપલેટા, ધોરાજી, રાજકોટ, વાંકાનેર, મોરબી, પડધરી | ૩૦૪૩૦<br>- | ૧૨૨૭૦<br>- | ૧૬૯૫૦૦<br>- | ૧૩૯૫૦૦<br>- |
| ૭. | ગ્રેવલ | વાંકાનેર, મોરબી | - | - | ૧૩૬૬૪ | ૧૦૬૫૯૦ |
| ૮. | ડોલેરાઈટ–ગ્રેનાઈટ | જસદણ, ઉપલેટા | | | | |
| ૯. | લાલ માટી | મોરબી, વાંકાનેર | ૩૩૦૭૭ | ૩૨૩૮૨ | ૧૯૯૫૩૫૦ | ૧૪૯૬૧૫૦ |
| | જિલ્લાનું કુલ | | ૫૨૪૧૬૬ | ૪૨૭૩૫૯ | ૧૮૦૧૧૯૫૦ | ૧૭૩૪૮૯૧૩ |

## ૩ઃ૫ રાજકોટ જિલ્લામાં સેવાક્ષેત્રનાં વિકાસ વલણો :–

આઝાદી પહેલા સૌરાષ્ટ્રમાં નાના મોટા મળી ૨૦૨ જેટલા રજવાડાઓ હતા. ઈ.સ. ૧૮૧૮ માં સૌરાષ્ટ્ર જ્યારે અંગ્રજોની હકુમત નીચે આવ્યુ ત્યારે પશ્ચિમ હિંદનાં દેશી રાજ્યોનું જે એકમ અંગ્રેજ સરકારે રચ્યુ તેનાં વડા મથક તરીકે પોલીટીકલ એજન્ટની કચેરી રાજકોટ ખાતે શરૂ કરી. અત્યારે કોઠી કમ્પાઉન્ડ તરીકે આળખાતી મિલ્કતમાં આ કચેરી સ્થપાયેલી હતી. આ ઐતિહાસીક પરંપરાને અનુસરીને ભારત સરકાર, ગુજરાત સરકાર તથા નિગમોએ તેમની વિભાગીય કે પ્રાદેશિક કચેરીઓ રાજકોટ ખાતે રાખેલ. સૌરાષ્ટ્રના વડા મથક તરીકે પોલીસ કાયદો. રેવન્યુ વગેરેનું વડુ મથક પણ રાજકોટ, પશ્ચિમ રેલ્વેના રાજકોટ ડિવિઝનની મુખ્ય કચેરી કેન્દ્ર સરકારની ડેપ્યુટી એકાઉનટન્ટ જનરલની કચેરી, કસ્ટમ, ઈન્કમ ટેક્ષ વગેરે વિભાગોની પ્રાદેશિક કચેરીઓ રાજકોટ ખાતે આવેલ છે. એલ. આઈ. સી. તેમજ રાષ્ટ્રીયકૃત બેંકોની વિભાગીય કચેરીઓ રાજકોટ ખાતે છે. જિલ્લાના મુખ્ય મથક તરીકે કલેકટર કચેરી, જિલ્લા પંચાયત, લેબર કમિશન, પોલીસ, ડિસ્ટ્રીકટ કોર્ટ, લેબર તથા ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ, પશુપાલન અને ખેતીવાડી ખાતા તથા નગર આયોજન ખાતાની કચેરીઓ પણ રાજકોટ ખાતે આવેલ. ગુજરાત સરકારે રેસકોર્ષ રોડ પર એક બહુમાળી ભવન બનાવી સરકારી કચેરીઓનું સંકુલ બનાવેલ છે.

રાજકોટનાં સ્થાનિક સ્વરાજ્યનો ઈતિહાસ તપાસીએ તો સ્વતંત્રતા પહેલા રાજકોટના રાજવી સર લાખાજીરાજે ૨૩ માર્ચ ૧૯૨૩ના એક જાહેર ભાષણમાં રાજકોટ શહેરનો વહિવટ પ્રજાપ્રતિનિધિ સભાને સોપવાની જાહેરાત કરી હતી અને તે મુજબ ૧ લી, ઓગસ્ટ ૧૯૨૩ના રોજ રાજકોટ શહેર સુધરાઈ ખાતાના બંધારણ અને કાર્યપધ્ધતિનો ધારો અમલમાં મુકીને પ્રજાપ્રતિનિધિ સભાને વહીવટ સોંપેલ. આઝાદી પછી સૌરાષ્ટ્ર સરકારે અપનાવેલ બોમ્બે મ્યુનિસિપલ બરોઝ એકટ ૧૯૨૫ હેઠળ રાજકોટ મહાનગરપાલિકાની ૨૮ સપ્ટેમ્બર ૧૯૪૯ના રોજ સ્થાપના કરી. આ વખતે રાજકોટ શહેર અને સિવીલ એ બંને એક જ શહેરના વિસ્તારોનો વહિવટ અલગ અલગ નિયમોની જોગવાઈ પ્રમાણે ચલાવાતો તેનું એકત્રીકરણ થયુ રાજકોટ નગરપાલિકાનું ત્યારબાદ ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રૂપાંતર કર્યુ. ૧૯૯૧માં રાજકોટનાં જુદા જુદા ૧૯ વોર્ડમાંથી ૫૯ કોર્પોરેટરોની

સંખ્યા હતી અને રાજકોટ નગરપાલિકાનુ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રૂપાંતર થયા પછી શહેરી વિકાસની ઝડપમાં નોંધપાત્ર વધારો થયો છે જે કોર્પોરેશનના વાર્ષિક વહિવટ રીપોર્ટના આધારે જાણવા મળે છે.

શહેરીકરણના પરિણામે આવાસની તંગી નિવારવા મ્યુનિસિપલ કોર્પોરેશને ૧૯૭૬ થી ૧૯૭૮ના સમયમાં હુડકોની રૂા. ૬૫ લાખની લોન મેળવી નબળા વર્ગના લોકો માટે ૧૪૭૦ જેટલા મકાનો તથા માર્કેટીંગ યાર્ડ પાસે જુદા જુદા સમુહના લોકો માટે ૪૦૦ જેટલા મકાનો બાંધેલા છે. કાલાવડ રોડ પર મધ્યમ વર્ગના લોકો માટે ૨૦૮ જેટલા ફલેટસ બાંધેલા છે.

રાજકોટ શહેરના વિકાસને ધ્યાનમાં રાખી નગરઆયોજન વધુ વ્યવસ્થિત રીતે થાય તે માટે જૂન ૧૯૭૬માં શહેરનો ડેવલપમેન્ટ પ્લાન રિવાઈઝડ કર્યો તેમજ ૧૯૭૮ થી ૧૯૭૯ના વર્ષમાં શહેરના ગામતળની ચારે તરફ વિકસતા રહેણાંક અને ઔદ્યોગિક વિસ્તારનો સુયોજિત રીતે વિકાસ થાય તે માટે આઠ જેટલી ટાઉન પ્લાનિંગ સ્કીમો તૈયાર કરેલ છે. દરેક સ્કીમ અંદાજે ૨૦૦ થી ૩૦૦ એકરના વિસ્તારની છે અને જેમાં જાહેર ઉપયોગીતાની સેવાઓ જેવી કે, હોસ્પીટલ, સ્કુલ, પ્લેગ્રાઉન્ડ, શોપીંગ સેન્ટર માટે અનામત પ્લોટની જોગવાઈ સામાજિક અને આર્થિક રીતે નબળા લોકોને રહેણાંક માટે અનામત જમીનની જોગવાઈ તથા રસ્તાઓનું નેટવર્ક આયોજીત કરેલ છે હતુ.

આઝાદી પહેલા રાજકોટ શહેરના પાણી પુરવઠા માટે લાલપરી તથા મેંદરડા તળાવ મુખ્ય સ્ત્રોત હતા. શહેરની વધતી જતી વસ્તીને લક્ષમાં રાખી આઝાદી પછી આજી નદી પર અને ત્યારબાદ ન્યારી નદી પર બંધ બાંધી પાણી મેળવવાનું આયોજન કરેલ હતુ. ફેબ્રુઆરી ૭૭ પછી ન્યારી ફીલ્ટર પ્લાન્ટ શરૂ કરી શહેરમાં પશ્ચિમ ભાગને દૈનિક ૧૨ થી ૧૩ લાખ લીટર પાણી આપવાનુ શરૂ કર્યુ હતુ.

૧૯૭૩ના વર્ષમાં ચોમાસુ નિષ્ફળ જતા પાણીની વિકટ પરિસ્થિતિમાં રાજકોટથી ૬૫ કિ.મી. દૂર ભાદર ડેમમાંથી શહેરમાંથી પાણી લાવવાની પાઈપલાઈન ઈમરજન્સીના ધોરણે તૈયાર કરી હતી. પરંતુ શહેરના વસવાટ માટે લોકોના સ્થળાંતર તેમજ વ્યાપારી, ઔદ્યોગિક વગેરે પ્રવૃત્તિને પરિણામે વસ્તી વધારો સતત ચાલુ રહેવાના પરિણામે પીવાના પાણીની તંગીના કારણે નવા જળાશયો શોધવાની મ્યુનિસિપલ કોર્પોરેશનને ફરજ પડેલ. ૧૯૮૫–૮૬ના

દુષ્કાળ સમયમાં રૂા. ૧૧.૬૦ કરોડનો ખર્ચ કરી રાજકોટ શહેરની આસપાસના ૨૫ થી ૧૦૦ કિ.મી.ના અંતરમાં આવેલ જુદા જુદા ૧૨ જળાશયોમાંથી પાણી ટેન્કરથી તેમજ પાઈપલાઈનથી લાવવામાં આવેલ, છેક ગાંધીનગરથી રેલ્વે મારફતે પાણી વેગનો દ્વારા લાવવામાં આવેલ. આજી–૩, ન્યારી–૨, તથા મચ્છુ ડેમમાંથી પાણી લાવવા માટેની પાઈપલાઈનો નાખેલ. પાણીની તંગી કાયમીપણે નિવારવા માટે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશને રૂા. ૩૧.૫૦ કરોડનાં ખર્ચે ભાદર ડેમ આધારિત પાણી પૂરવઠા યોજનાનુ આયોજન કર્યુ હતુ. ઈ.સ.૨૦૦૧માં ૯ લાખની વસ્તીના અંદાજને ધ્યાનમાં રાખીને આ યોજના પુરી થતા દૈનિક ૧૩ કરોડ ગેલન જેટલુ પાણી પુરૂ પાડવામાં આવ્યુ. ૧૯૯૧માં માથાદીઠ ૧૦ લીટર પાણી પૂરવઠો અપાતો તે શહેરની વસ્તી અને જાહેર આરોગ્યના ધોરણો લક્ષમાં લઈ ભુગર્ભગટરની યોજનાને પરિણામે માથાદીઠ પુરાફોર્સથી ૧૩૫ લીટર દૈનિક પાણી પૂરવઠો ઉપલબ્ધ કરવામાં આવેલ છે. શહેરમાં ૧૯૯૧માં જુદી જુદી કેટેગરીના મળીને આશરે ૬૭૪૦૦ જેટલા પાણી કનેકશન હતા.

શહેરના જાહેર આરોગ્ય સફાઈ તંત્ર જે પ્રણાલીકાગત રીતે રસ્તા અને ગંદકીની સફાઈ કરે છે તે વધુ આધુનિક પધ્ધતિથી કરી શકાય તે માટે વિશ્વબેંકની સહાયથી રૂા. ૩૦૦ કરોડના ખર્ચે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની યોજના બનાવી અને તેના કામો પણ ૧૯૯૧માં પૂર્ણ થઈ ચૂકયા છે.

રાજકોટ શહેરમાં ગંદા પાણીના નિકાલ માટે ભુગર્ભ ગટર વ્યવસ્થા છે જે શહેરના નાના મોટા ૩૨ જેટલા વોકળામાં થઈને આજી નદીમાં ભળે છે. આમ પ્રદૂષણ અને ગંદકી અને મચ્છરોનો ત્રાસ નિવારવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશને ઈ.સ. ૧૯૭૯થી શહેરમાં ભુગર્ભ ગટર યોજના શરૂ કરેલ. જે માટે વિશ્વબેંક, એલ.આઈ. સી. વગેરે સંસ્થા પાસેથી લોન મેળવી રૂા. ૩૮,૦૦૦ કરોડના ખર્ચે ભુગર્ભ ગટરયોજનાના કામો શરૂ કરેલ જેની કામગીરી પણ પૂર્ણ થયેલ છે.

આ ઉપરાંત રાજકોટ શહેરમાં નાગરીક સુવિધા માટે દર વર્ષે મ્યુનિસિપલ કોર્પોરેશન તેના બજેટમાં ઉતરોતર વધુને વધુ રકમ ફાળવતી રહી છે. જેમા શહેરના જુદા જુદા વિસ્તારોમાં પાકા રસ્તા બનાવવા ગટરો નાંખવી, પાણીની પાઈપ લાઈન નાખવી, નવી સ્ટ્રીટ લાઈટ નાખવી, નવી માર્કેટ બનાવવી, બાગ બગીચા બનાવવા વગેરેનો સમાવેશ થાય છે. શહેરીકરણની

આડપ્રક્રિયાના પરીણામે ગ્રામ્ય લોકોનો શહેરમાં પ્રવેશ થવાના પરિણામે શહેરી ગરીબોનો એક વર્ગ ઉભો થયેલ છે. શહેરી ગરીબો દ્વારા અનઅધિકૃત રીતે ઝુપડપટ્ટીઓ વગેરે વિકસેલ છે. આવા પછાત વિસ્તાર અને ગંદા વસવાટમાં જાહેર જાજરૂ, પાણી પુરવઠો સ્ટ્રીટલાઈટ વગેરે સુવિધા આપવા સરકારશ્રીની મદદથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્લમ સુધારણા યોજનાઓ પણ બનાવેલી. ઈ.સ. ૧૯૮૯ના વર્ષમાં અંદાજે ૧ કરોડ રૂા.ની યોજના એવા ગંદા વિસ્તારમાં સુવિધા આપવા માટે બજેટમાં ફાળવવામાં આવી છે.

ઈ.સ. ૧૯૯૦ના મ્યુનિસિપલ કોર્પોરેશનના અંદાજપત્રોનો અભ્યાસ કરતા જણાઈ આવે છે કે વિકાસ કાર્યોનુ પ્રમાણ વધતુ રહ્યુ છે. જેમા બાગ બગીચા, ફીલ્ટ્રેશન પ્લાન્ટ, સમાજકલ્યાણ, રોશની, પાણી પુરવઠો, નાગરીક સેવાની મરામત વગેરેની જાળવણી માટે રૂા. ૯.૬૩ કરોડ, નવા રસ્તા ગટર, શાળાના મકાનો, શાકમાર્કેટ, નવી પાઈપલાઈન વગેરે માટે રૂા. ૬૫૪ કરોડ તથા પ્રાથમિક વિકાસનાં કાર્યો માટે રૂા. ૪ કરોડના ખર્ચની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ નવી યોજનાઓ જેવી કે કૈશરે હિન્દ પુલ જે ૧૯૯૧માં ૩૨ ફૂટની પહોળાઈનો હતો તેમા ૪૮ ફૂટ પહોળાઈનો નવો બનાવી રૂા. ૨.૦ કરોડના ખર્ચે ૮૦ ફૂટની પહોળાઈનો બનાવવાનુ આયોજન કરેલ હતું શહેરની વસ્તી અને વસવાટ ચારેય દિશામાં વધી રહ્યા છે તે માટે દૂરના વસવાટો માટે યોગ્ય સ્થળો, બજારો ઉભા કરવા બે વ્યાપારી સંકુલો તથા પાંચ જેટલી શાક માર્કેટો પણ બનાવાઈ છે.

દર ૫૦ હજારની વસ્તી દીઠ ૧ આરોગ્ય કેન્દ્રનાં ધોરણે ૧૯૯૧માં મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક પાંચ દવાખાના હતા. તે સગવડતામાં ઉમેરો કરવા વધુ ૧૮ જેટલા આરોગ્ય કેન્દ્રો સ્થાપવા માટે પંચવર્ષીય આયોજનો કરવામાં આવેલ. ચાર નગર આયોજન યોજનામાં રૂા. ૨.૫૪ કરોડના ખર્ચે વિકાસ કાર્યો કરવાની જોગવાઈઓ કરેલી.

આ ઉપરાંત આજી નદીમાં ગટર વગેરેના કારણે થતા પ્રદૂષણને નિવારવા આજી નદી શુધ્ધિકરણ સ્કીમ તૈયાર કરવામાં આવેલ છે આ ઉપરાંત આજી કોર્ઝેવનુ આજી બ્રિજમાં પરિવર્તન, પ્લેનેટોરીયમ, નવા બગીચા, બાલ ક્રિડાંગણ, સ્ટેડીયમ, ઓપનએરથીયેટર, પાણી સંગ્રહસ્થાન, માલધારી વસાહત, સ્નાનાગર, રસ્તા પહોળા કરવાની યોજના અને રસ્તા સુધારવાની કામગીરી માટે પ્રારંભીક આંશિક જોગવાઈ રાખી કામો પૂર્ણ કરવામાં આવેલા છે.

આમ વિકાસ કાર્યો કરવાના પરિણામે ૧૯૭૮–૭૯ના વર્ષમાં મ્યુનિપિલ કોર્પોરેશનની સ્થાપના પછી માથાદીઠ કરભારણ રૂા. ૯૯.૭૫નુ હતુ તે વધીને ૧૯૮૮–૮૯માં રૂા. ૨૭૬.૩૨ થઈ ગયેલ જોવા મળે છે. જે વસ્તીના ધોરણે તપાસીએ તો આજ વર્ષો દરમ્યાન રૂ. ૧૩૦.૦૬ હતુ તે રૂ. ૪૦૦.૯૨ જોવા મળે છે. એનો અર્થ એ થયો કે રાજકોટ શહેરની વસ્તી તથા કરની આવક અને કોર્પોરેશનની એકંદરે આવકમાં વધારો થયો છે. કદાચ જો આટલા મોટા પ્રમાણમાં બહારની વસ્તી ન આવી હોતતો રાજકોટના સ્થાનિક નાગરિકોને વિકાસના અભાવે મોટા પ્રમાણમાં કરબોજ ઉઠાવવો પડત તેમ છતા મ્યુનિસિપલ કોર્પોરેશનનાં ઈ.સ. ૧૯૯૦ – ૯૧ નાં અંદાજપત્રનો અભ્યાસ કરતા જણાઈ આવે છે કે, મ્યુનિસિપલ કોર્પોરેશનના પાણી પુરવઠાનો પાણી વેરાની આવકની સામે થતો ખર્ચ ધ્યાને લેતા મ્યુનિસિપલ કોર્પોરેશન માથાદીઠ રૂ. ૮૭.૦૦ ખાધ ભોગવે છે. તેમજ જાહેર આરોગ્ય અને સફાઈ વેરાની જે આવક થાય છે તેના કરતા ખર્ચ વધુ થતો હોઈ માથાદીઠ ખાધ રૂ. ૪૧.૦૦ મ્યુનિસિપલ કોર્પોરેશન ભોગવે છે.

શહેરીકરણની પ્રક્રિયામાં મ્યુનિસિપલ કોર્પોરેશનની વિવિધ વિકાસ યોજનાના પરિણામે ઈ. સ. ૧૯૯૦–૯૧ ના અંદાજપત્રમાં રૂ. ૩૧.૦૪ ની અંદાજીત આવક સામે રૂ. ૪૫.૭૯ કરોડનો ખર્ચ જણાય છે. આમ રૂ. ૧૪.૭૫ કરોડની ખાદ્ય આ અંદાજપત્ર સૂચવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની શહેરીકરણના વિકાસ માટે ઉપરોકત વિગતો ધ્યાનમાં લેતા અમૂલ્ય ફાળો જણાય છે.

**૩:૫:૧ રાજકોટ જિલ્લાનાં આર્થિક વિકાસમાં અર્બન ડેવલપમેન્ટ ઓર્થોરિટીનો ફાળોઃ–**

ઈ.સ. ૧૯૮૧ ની વસ્તી ગણતરીના અહેવાલ પ્રમાણે ભારતમાં સૌથી વધુ શહેરીકરણ થયેલ રાજ્ય મહારાષ્ટ્ર (૩૫ ટકા) અને તામીલનાડુ (૩૩ ટકા) પછી ગુજરાત (૩૧ ટકા) નું સ્થાન ત્રીજુ છે. છેલ્લા આઠ દાયકામાં ગુજરાતની શહેરી વસ્તીમાં વધારો થયો છે. ૧૯૦૧ માં શહેરીવસ્તી ૨૦.૩ લાખ હતી તે વધીને ૧૯૮૧ માં ૧૦૬ લાખ થઈ હતી. ૧૯૬૧ થી તે બેવડી થઈ હતી. એટલે કે ૫૩.૨ લાખ થી ૭૦૬ લાખની થઈ અને નગરોની સંખ્યા વધીને ૨૫૫ થઈ હતી. આ સદીના અંતમાં હાલના દરે ૩૫૦ નગરોમાં આશરે ૨૦૦ લાખની સંખ્યા જોવા મળેલ.

ઝડપી શહેરીકરણ અને શહેરો નગરોનાં કદ અને વર્ગમાં વૃધ્ધિમાં થતા ફેરફારને યોગ્ય રીતે આયોજન કરવા અને સમયસર ગતિશીલ બનાવવા માટે ગુજરાત સરકારે નગર આયોજનના

અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ નો કાયદો ઘડેલ છે. અને છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમ્યાન અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર ને જામનગર શહેરો માટે શહેરી વિકાસ તંત્રો ઉભા કરવામાં આવ્યા.

રાજકોટ શહેર અને તેની આસપાસ પરિધિય વર્તુળમાં વધતા જતા શહેરીકરણના પરિણામે વિકાસની સાથે સાથે જે પ્રશ્નો ઉદ્ભવેલા છે. તેના નિરાકરણ માટે ૩૦ મી જાન્યુઆરી ૧૯૭૮ થી ગુજરાત સરકારે રાજકોટ શહેરી વિકાસ સતામંડળનાં કાર્યક્ષેત્રમાં રાજકોટ શહેર ઉપરાંત આજુ બાજુના ૩૯ ગામડાઓનો સમાવેશ કરેલ છે અને તેનું કુલ ક્ષેત્રફળ ૪૮૩૦ ચોરસ કિ.મી. છે. જેમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૭૦.૦ ચો.કિ.મી. જેટલા ક્ષેત્રફળનો સમાવેશ થઈ જાય છે. આ સતામંડળે રાજકોટ શહેર તથા આસપાસના ૩૯ જેટલા ગામોના જમીન વપરાશનું આયોજન કરેલ છે અને તે અંગેનો માસ્ટર પ્લાન તૈયાર કર્યો હતો. તેમજ આવાસ અને બિન આવાસી જમીનોનુ વર્ગીકરણ અને તેનાં ઉપયોગ અંગે વૈજ્ઞાનિક આયોજન કરી ઈ.સ. ૨૦૦૧ માં વિકાસને ધ્યાનમાં રાખી ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરેલ હતો જેને ગુજરાત સરકારે જુન ૮૮ થી મંજૂરી આપેલી આ ઉપરાંત રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ માટે તથા હદની બહાર વિકસતા વિસ્તારોના વિકાસ પ્રવૃત્તિ નિયંત્રણ માટે બિલ્ડીંગ બાયલોઝ તૈયાર કરી અમલમાં મુકેલ છે. તેમજ જે વિસ્તારોમાં રહેણાંકના વિકાસની તિવ્રતા જણાય છે ત્યાં ૧૦૦ થી ૨૦૦ હેકટર જેટલા ક્ષેત્રફળની સાત જેટલી ટાઉન પ્લાનીંગ સ્કીમો તૈયાર કરેલ છે. અને વસવાટની તંગી હળવી કરવા માટે નાના મવામાં સાઈટ નં. ૧ તથા નં. ૨ ની સાઈટ એન્ડ સર્વીસ ધોરણે યોજનાઓ તૈયાર કરેલ તથા ૧૯૮૯ ની સાલમાં મોટા મવામાં સાઈટ નં. ૩ માં સાઈટ એન્ડ સર્વીસના ધોરણે યોજનાઓ તૈયાર કરેલ જેમાં સ્ટ્રીટ લાઈટ, ગટર, પાણી પૂરવઠો અને પાકા રસ્તાના વિકાસ કામોમાં આશરે રૂ. ૧.૧૦ કરોડનો સત્તામંડળે ખર્ચ કરેલ છે અને નબળા વર્ગના જુથ માટે ૧૮૯, મધ્યમ આવકના જુથ માટે ૨૬૯ અને ઉચ્ચ આવકનાં જુથ માટે ૮૫ જેટલા પ્લોટ મળી કુલ ૮૧૦ જેટલા પ્લોટસ જરૂરીયાતવાળા લોકોને પુરા પાડયા છે. તેમજ આ યોજનામાં સ્કુલ, બગીચા, પ્લેગ્રાઉન્ડ, શોપીંગ સેન્ટર વગેરે સુવિધાની પુરતી જોગવાઈ કરેલ છે.

વાહનવ્યવહાર અને ટ્રાન્સપોર્ટની સમસ્યા ધ્યાનમાં રાખીને રૂ. ૧ કરોડના ખર્ચે ૧૯૮૬

ના વર્ષમાં ૧૬.૪ હેકટર જેટલી જમીનમાં સુરેન્દ્રનગર તરફ જતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર નવાગામ પાસે "રૂડા" એ ટ્રાન્સપોર્ટનરનું આયોજન કરેલ હતુ. જેમાં જુદી જુદી ટ્રાન્સપોર્ટ કંપનીની ઓફીસ, શોપીંગ સેન્ટર, વે બ્રીજ, પેટ્રોલ પંપ, ગોડાઉન વગેરે સુવિધાની સવલતોની જોગવાઈ કરેલ છે.

રાજકોટનાં શહેરીકરણનાં વિકાસને ધ્યાને લઈ ઔદ્યોગિક વિસ્તારોનું સ્થળાતંર શહેરના ગીચ વાણિજ્ય વિસ્તારમાં ટ્રાફીક પાર્કિંગની ગંભીર પરિસ્થિતિને કારણે વિકેન્દ્રિકરણ માટે હાઈવે બાયપાસ તેમજ જાહેર આવાસો માટે અનામત જમીન વગરે માટે ડેવલપમેન્ટ પ્લાનમાં આયોજન કરેલ છે. રાજકોટ શહેરનાં આસપાસનાં ગામોમાંથી શહેરીકરણનાં પરિણામે સ્થળાંતર થતુ અટકે તે માટે હયાત ગાડા માર્ગને સાંકળી લઈ નવા રોડનું નેટવર્ક સૂચવેલ છે. તેમજ ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લઈ જુદા જુદા ગામોના સમુહ વચ્ચે ગ્રામ્ય વિકાસ સેન્ટરનું પણ આયોજન કરવામાં આવેલ છે. જે શરૂ થતા આ કેન્દ્ર શૈક્ષણિક, વૈદકિય, આનંદપ્રમોદની સગવડતાઓ સાથે ગ્રામ્ય લોકોને ગૃહ ઉદ્યોગ છુટક વેચાણની દુકાનો, દુધ એકઠા કરવાના કેન્દ્રો તથા ખેતપેદાશ માટે ગોડાઉન વગેરેની સુવિધા સાથે રોજગારીની તકો પુરી પાડશે. રાજકોટ શહેરી વિકાસ સતામંડળના આયોજનના કારણે સ્થળાંતર થઈને આવેલ લોકો મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ બહાર વસવાટ માટે જઈ શકેલ છે.

સેવાક્ષેત્રનો તાલુકાવાર અભ્યાસ નીચેની બાબતોને અનુલક્ષીને કરવામાં આવેલ છે. (૧) વિજળી (૨) વાહનવ્યવહાર (રસ્તા, રેલ્વે) (૩) સંદેશા વ્યવહાર (૧) મુખ્ય ટપાલ કચેરીઓ (૨) પેટા ટપાલ કચેરીઓ (૩) ટપાલ કચેરીઓની સંખ્યા (૪) તાર કચેરીઓ (૫) પેટા તાર કચેરીએ (૬) તાર કચેરીની અન્ય શાખાઓ

### ૩:૫:૨ રાજકોટ જિલ્લાનો આંતરમાળખાકીય વિકાસ :–

રાજકોટ જિલ્લાના વિકાસ માટે આધારરૂપ એવા ઔદ્યોગિક અને આર્થિક વિકાસના સંદર્ભમાં શહેરના વિકાસની ભૂતકાલીન માહિતીની ચકાસણી પણ આવશ્યક છે. જેમાં આર્થિક વિકાસ માટે પાયારૂપ એવા આંતરમાળખાનો વિકાસ તપાસવો આવશ્યક છે. જેના દ્વારા શહેરનો વિકાસ કેટલી કક્ષા સુધી આગળ વધી શકયો તે જાણી શકાય જેમાં નીચે મુજબના વિવિધ પાસાઓનો અભ્યાસ માર્ગદર્શક બની શકે છે.

**૩:૫:૨:૧ માર્ગો અને વાહનવ્યવહાર :–**

દરેક વિસ્તારમાં આર્થિક વિકાસમાં વાહનવ્યવહાર ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે. ખેતી, ઉદ્યોગો અને આબાદી સારા રસ્તા અને સંદેશાવ્યવહારની સારી સગવડોને આભારી છે. જિલ્લાના મુખ્ય તાલુકાઓ પૈકી રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી અને ઉપલેટા એ ૮–બ રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપર આવેલા છે. જયારે માળીયા મોરબી અને વાંકાનેર ૮–અ રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપર આવેલા છે. જિલ્લાના દરેક તાલુકાઓમાં પાકા રસ્તાઓની સુવિધા પ્રાપ્ય છે. જિલ્લામાં સરકાર હસ્તકનાં કુલ રસ્તા ૧૯૪૭ તેમજ જિલ્લા પંચાયત હસ્તકનાં કુલ રસ્તા ૪૩૭૫ એમ કુલ મળીને પાકા કાચા રસ્તાઓ ૬૩૨૨ કીલોમીટરમાં છે. જિલ્લાના ૮૪૧ ગામો શહેરો સાથે પાકા રસ્તાથી જોડાયેલ છે. આ માહિતી વર્ષ ૨૦૦૦–૦૧ ના સમય ગાળ ાની દર્શાવવામાં આવેલ છે. ધોરાજી, ગોંડલ, ઉપલેટા, જેતપુર, રાજકોટ, મોરબી અને વાંકાનેર તાલુકાઓમાં રસ્તાઓની સવલતો સારી છે.

આ ઉપરાંત વર્તમાન વર્ષ એપ્રિલ ૨૦૦૫ માં રાજકોટ શહેર ફરતે રીંગ રોડ બનાવવા બાબતે રાજકોટ જિલ્લા કલેકટર કચેરીમાં જુદાજુદા વિભાગોના અધિકારીઓની એક બેઠક મળી હતી. આ બેઠકમાં પોરબંદર સુધી ચાર માર્ગિય રસ્તો બનાવવા અંગે અને રાજકોટ ફરતી બાઉન્ડ્રી ઉપર ઓવરબ્રીજ બનાવવા અંગેની ચર્ચા કરવામાં આવી હતી. તેમજ રાજકોટ ફરતે રીંગરોડ બનાવવા મવડી પાસે જમીન સંપાદનની બાકી એવી કામગીરી પણ પુરી કરી દેવામાં આવી હોવાનો રીપોર્ટ રજૂ થયો હતો.

રાજકોટ શહેર રેલ્વે રસ્તા માર્ગે દેશના તથા રાજયના તમામ શહેરો સાથે સંકળાયેલ છે. હવાઈ માર્ગે મુંબઈ સાથે પણ સંકળાયેલ છે. રાજકોટ શહેરમાંથી ૬ જેટલા મુખ્ય રસ્તાઓ પસાર થાય છે. જેનાથી શહેર ૬ જેટલા જુદા જુદા વિભાગોમાં વહેંચાય ગયેલ છે. આ રસ્તાઓથી રાજકોટ શહેર ભાવનગર, જામનગર, ગોંડલ, મોરબી તથા કાલાવડથી સીધી રીતે સંકળાયેલ છે. રાજકોટથી અમદાવાદ તથા પોરબંદર તરફ જતો રસ્તો રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૮ – બ છે. તે સિવાય જામનગર, મોરબી, કાલાવડ, ભાવનગર, તરફ જતા રસ્તા રાજ્ય ધોરી માર્ગ છે. સૌરાષ્ટ્ર પ્રદેશમાં રાજકોટ મધ્યમાં આવેલુ હોવાથી આ રસ્તાઓ ટ્રાફીક અને પેસેન્જરથી ભરચક રહે છે.

જુના રાજકોટ સ્ટેટમાં રાજકોટથી વાંકાનેર થઈ મોરબી જતી મીટરગેજ રેલ્વે લાઈન ઈ.સ. ૧૮૮૯ ના ડિસેમ્બરમાં શરૂ થઈ હતી. ઈ.સ. ૧૮૯૩ માં (વિ.સ. ૧૯૪૯) માં રાજકોટથી જેતલસર તરફ જતી રેલ્વે લાઈન શરૂ થઈ. તે વખતે મુખ્ય રેલ્વે સ્ટેશન હાલના ઢેબર ચોક તરીકે ઓળખાતી જગ્યા ઉપર હતુ. જે આઝાદી પછી હાલના સ્થળે ફેરવાયેલ છે. રાજકોટ વીરમગામ ઓખા મીટરગેજ રેલ્વે લાઈન એપ્રિલ ૧૯૮૦ માં બ્રોડગેજમાં ફેરવાયેલ હતી. અત્યારે રાજકોટ શહેર હૈદરાબાદ તથા દિલ્હી જમ્મુથી સંકળાયેલ છે અને બ્રોડગેજ રેલ્વે લાઈનથી ભાવનગર, જુનાગઢ, વેરાવળ, સાથે સંકળાયેલ છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ રેલ્વે જંકશન અગત્યતા ધરાવે છે. અહીંથી દરરોજ ૨૫ જેટલી ટ્રેનો આવજા કરે છે. રેલ્વે વિભાગ તરફથી મળેલ માહિતી મુજબ સરેરાશ ૩૬૦૦ મુસાફરો દૈનિક મુસાફરી કરે છે. રાજયનાં મુખ્ય શહેર અમદાવાદ સાથે ઈન્ટરસીટી ટ્રેનથી સંકળાયેલ છે. રાજકોટનું મુખ્ય રેલ્વે જંકશન સ્ટેશન ઉપરાંત અન્ય ભકિતનગર સ્ટેશન છે. પશ્ચિમ રેલ્વેના પેટા ડીવીઝનનું મુખ્ય મથક રાજકોટ છે. રાજકોટ ખાતે ડીવીઝનલ રેલ્વે મેનેજરની કચેરી છે.

માલની હેરફેરમાં રેલ્વે અગત્યનો ભાગ ભજવે છે. રેલ્વે એ મોટા વિસ્તારમાં માધાપર પાસે માર્શલીંગ પાર્ક બનાવેલ છે. રેલ્વેમાંથી મળેલ માહિતી મુજબ સરેરાશ દરરોજ ૪૫ વેગન આવે છે અને ૩૦ વેગન રવાના કરવામાં આવે છે. રેલ્વે દ્વારા પીગ આર્યન, પેટ્રોલીયમ પેદાશો વગેરે આયાત થાય છે અને ઘઉં, ઓઈલ, કેક, ખાતર, સીમેન્ટ, મીઠુ, બોકસાઈટ, ખનીજો, સોડા એસ, ખાદ્યતેલો વગેરે રાજકોટ ડીવીઝનમાંથી નિકાસ થાય છે. દેશની મોટી ઓઈલ કંપનીઓના ઓઈલ સ્ટોરેજ ટાંકાઓ રાજકોટ ખાતે આવેલા છે. જેમાં રીફાઈનરીમાંથી આવતા પેટ્રોલ કેરોસીન વગેરેનો સંગ્રહ કરી સૌરાષ્ટ્રનાં રાજકોટ તેમજ જુદા જુદા શહેરોમાં ટેન્કર મારફતે મોકલવામાં આવે છે. જાન્યુઆરી ૧૯૯૦ થી એપ્રિલ ૧૯૯૦ સુધીમાં ૯ થી ૬૩૫ જેટલા વેગન ટેન્કરથી પેટ્રોલીયમ પેદાશો રાજકોટ ખાતે રીફાઈનરીમાંથી આવેલ હતી.

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનનું સેન્ટ્રલ બસ સ્ટેશન રાજકોટ ખાતે આવેલ છે. જેમાંથી રાજકોટથી રાજયના અન્ય શહેરો અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોને ૭૦૦ જેટલી બસથી સાંકળી લેવાયેલ છે. રેલ્વેની અપૂરતી સેવાઓ ધ્યાને લેતા બસ વ્યવહારનો ઉપયોગ વધારે રહે છે. એસ. ટી. કોર્પોરેશનના મધ્યસ્થ વહિવટી કાર્યાલયની કચેરી રાજકોટ

ખાતે આવેલ છે. તેમજ વર્કશોપની સ્થાપના પણ એસ. ટી. કોર્પોરેશને ગોંડલ રોડ પર કરેલ છે. શહેરની અંદર ગુજરાત એસ. ટી. કોર્પોરેશન ૭૦ જેટલી બસના કાફલાથી ૪૫ જેટલા રૂટ ચલાવે છે. તે ઉપરાંત ખાનગી બસ સુવિધાઓ પણ છે. વર્તમાન સમયમાં એસ. ટી. તંત્રની કથળેલી હાલત અને અપૂરતી સુવિધાને કારણે મોટાભાગની પ્રજા ખાનગી બસ સુવિધાઓનો જ ઉપયોગ કરે છે. શહેરમાં ખાનગી બસ સેવા ચલાવતી અનેક ખાનગી સંસ્થાઓ છે. જેમાં ઈગલ ટ્રાવેલ્સ, ગુજરાત ટ્રાવેલ્સ, ઉપરાંત અનેક સંસ્થાઓ આવેલી છે. જેમના દ્વારા દરરોજનાં રાજકોટ–જુનાગઢ, રાજકોટ – ભાવનગર, રાજકોટ – અમદાવાદ, રાજકોટ – સુરત વગેરે રૂટની અનેક બસ ચલાવવામાં આવે છે. હરીફાઈની તિવ્રતાને કારણે આ ખાનગી બસ સુવિધાઓમાં પ્રતિદિન થતા વધારાને કારણે એસ. ટી. તંત્રની સામે ખાનગી તંત્રનો ઉપયોગ લોકો વધુ કરતા હોવાથી ખાનગી બસ સેવા આપતા તંત્રને નફો વધતો જાય છે. પરંતુ તેની સામે પણ એસ.ટી. તંત્રની સુવિધામાં કોઈ જ સુધારા થયેલ નથી.

૧૯૮૩ – ૮૪નાં વર્ષમાં રાજકોટમાં પાકા રસ્તા ૪૫૦ કિ.મી. અને અર્ધાપાકા રસ્તા ૨૪૭ કિ.મી. મળી કુલ ૬૯૭ કિ. મી. રસ્તા હતા. અત્યારે આ રસ્તાની લંબાઈમાં ઘણો એવો વધારો થઈ ચૂકયો છે.

૧૯૮૩ – ૮૪ ના વર્ષમાં રાજકોટ શહેરમાં ૧૧,૫૨૧ મોટર સાયકલ સ્કુટર તથા ૧,૧૨૩ જેટલી ઓટોરીક્ષા ૧૯૦૭ મોટરગાડી, ૧૩૧ ટેકસી, ૨૯૭ બસ, ૬૬૩ ટ્રકો મળી કુલ ૧૫,૬૪૨ જેટલા વાહનો નોંધાયેલા માલુમ પડયા હતા. જેમાં હાલમાં અનેક ગણો વધારો થઈ ચૂકયો છે.

રાજકોટ ખાતે નાગરિક વિમાન ઘરની સુવિધા પણ છે. જેનાથી મુંબઈ સાથે હવાઈ માર્ગે સંકળાયેલ છે. ઈન્ડીયન એરલાઈન્સથી બોઈંગ વિમાની સેવા તથા વાયુદૂતની વિમાની સેવાથી દરરોજ બે વખત આવજા થાય છે. આમ, વાહનવ્યવહારના ક્ષેત્રે થયેલા ભૂતકાલિન પ્રયાસો વર્તમાન અભ્યાસ માટે અનેક રીતે માર્ગદર્શક બની શકે છે.

જિલ્લાનાં રાષ્ટ્રીય અને રાજય ધોરીમાર્ગ તેમજ મુખ્ય જિલ્લામાર્ગ અને અન્ય જિલ્લાની વિગત કોષ્ટક નં. ૩:૫:૨:૧ માં રજૂ કરેલ છે. આ ઉપરાંત રાષ્ટ્રીયકૃત માર્ગ વાહનવ્યવહાર સંબંધિ આંકડા કોષ્ટક ૩:૫:૨:૧:૧ માં રજૂ કરેલ છે. જિલ્લામાં સુધરાઈઓ સિવાયનાં માર્ગની

વર્ગવાર લંબાઈ કોષ્ટક ૩:૫:૨:૧:૨ માં રજૂ કરેલ છે. તાલુકાવાર પાકા અને કાચા રસ્તાની વિગત કોષ્ટક ૩:૫:૨:૧:૩ માં રજૂ કરેલ છે. આ ઉપરાંત મહાનગરપાલિકા અને નગરપંચાયતોના રસ્તાની વિગતો કોષ્ટક ૩:૫:૨:૧:૪ માં રજૂ કરેલ છે.

## ૩:૫:૨:૧ રાજકોટ જિલ્લામાં જિલ્લા (મા.મ.) વિભાગ રાજકોટ હસ્તકના રાજય ધોરીમાર્ગ, મુખ્ય જિલ્લા માર્ગ અન્ય જિલ્લા માર્ગ અને ગ્રામ્યમાર્ગને લગતી તાલુકાવાર માહિતી દર્શાવતુ પત્રક (માહિતી વર્ષ માર્ચ – ૨૦૦૪)

| ક્રમ | તાલુકાનું નામ | રસ્તાની વિગત લંબાઈ (કિ. મી. માં) | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | રાષ્ટ્રીય ધોરી માર્ગ | રાજય ધોરીમાર્ગ | મુખ્ય જિલ્લા માર્ગ | અન્ય જિલ્લા માર્ગ | ગ્રામ્ય માર્ગ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | રાજકોટ | ૪૨.૧૦૦ | ૧૧૫ | ૨૧ | - | ૫૦ | ૨૨૮.૧૦૦ |
| ૨. | કોટડાસાંગાણી | ૪.૦૦૦ | ૫૨ | ૨૪ | ૩૨ | ૭ | ૧૧૯.૦૦૦ |
| ૩. | ગોંડલ | ૩૩.૫૦૦ | ૧૩૯ | ૪૫ | ૮ | ૧૨ | ૨૩૭.૫૦૦ |
| ૪. | જેતપુર | ૩૫.૨૦૦ | ૮૫ | ૧૩ | - | ૪ | ૧૩૭.૨૦૦ |
| ૫. | ધોરાજી | ૨૦.૫૦૦ | ૩૯ | ૨૨ | - | - | ૮૧.૫૦૦ |
| ૬. | ઉપલેટા | ૨૨.૫૦ | ૬૫ | ૨૮ | ૩ | ૩ | ૧૨૧.૫૦ |
| ૭. | જામકંડોરણા | - | ૭૨ | ૪૧ | - | ૨૪ | ૧૩૭.૦૦ |
| ૮. | લોધિકા | ૪.૯૦૦ | ૬૩ | ૨૬ | - | ૬ | ૯૯.૯૦ |
| ૯. | પડધરી | - | ૪૮ | ૧૦ | ૮ | ૩૦ | ૯૬.૦૦ |
| ૧૦. | મોરબી | ૩૮.૯૦૦ | ૧૪૧ | ૧૯ | ૯ | ૫ | ૨૧૨.૯૦૦ |
| ૧૧. | માળીયામીંયાણા | ૧૮.૭૯૦ | ૬૫ | ૭ | - | - | ૯૦.૭૯ |
| ૧૨. | વાંકાનેર | ૪૩.૮૦૦ | ૯૭ | ૨૨ | ૧૧ | ૩૫ | ૧૭૮.૮૦૦ |
| ૧૩. | જસદણ | - | ૧૭૮ | ૯૪ | ૨૬ | ૫૧ | ૩૪૯.૦૦ |
| ૧૪. | ટંકારા | - | ૮૬ | - | - | - | ૮૬.૦૦ |
| | જિલ્લાનું કુલ | ૨૬૪.૧૯૦ | ૧૨૫૧ | ૩૭૨ | ૯૭ | ૨૨૭ | ૨૨૧૧.૧૯ |

(પ્રાપ્તિ સ્થાન : જિલ્લા મા.મ. વિભાગ, રાજકોટ)

## ૩:૫:૨:૧ રાષ્ટ્રીયકૃત માર્ગ વાહનવ્યવહાર સબંધિ આંકડા

**(માહિતી વર્ષ ૨૦૦૩-૦૪)**

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | રૂટની સંખ્યા | ૫૭૦ |
| ૨. | રૂટ કિલોમીટર | ૫૦૩૯૮ |
| ૩. | રૂટનું સરેરાશ અંતર (કિ.મી.) | ૮૮.૪૨ |
| ૪. | સરેરાશ દૈનિક સેવા કિ. મી. | ૧૩૬૨૪૭૯ |
| ૫. | રસ્તાપર દોડતા વાહનોની દૈનિક સરેરાશ સંખ્યા | ૩૫૪.૨૬ |
| ૬. | સરેરાશ દૈનિક આવક રૂપિયામાં | ૧૩૭૮૫૯૭ |
| ૭. | ડીઝલ તેલનો દૈનિક વપરાશ લીટરમાં | ૨૬૩૭૮ |
| ૮. | દરરોજ મુસાફરી કરતા ઉતારુની સંખ્યા | ૧૧૬૩૯૩ |
| ૯. | ઉતારૂદીઠ મુસાફરી કરાયેલ દૈનિક સરેરાશ અંતર કિ. મી. | ૫૭.૧૭ |

## ૩:૫:૨:૧ જિલ્લામાં સુધરાઈઓ સિવાયના માર્ગની વર્ગવાર લંબાઈ (કિ.મી.માં)

**(માહિતી વર્ષ ૨૦૦૦-૦૧)**

| ક્રમ | રસ્તાનો પ્રકાર | લંબાઈ | ક્રમ | રસ્તાનો પ્રકાર | લંબાઈ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | રાષ્ટ્રીય ધોરીમાર્ગ | ૨૬૪ | ૪. | જિલ્લાના અન્ય માર્ગો | ૫૧૭ |
| ૨. | રાજય ધોરીમાર્ગ | ૧૨૬૧ | ૫. | ગ્રામ્ય માર્ગો | ૧૧૩૯ |
| ૩. | જિલ્લાના મુખ્ય માર્ગો | ૧૨૦૬ | ૬ | કુલ માર્ગો | ૪૩૮૫ |

## ૩:૫:૨:૧ જિલ્લામાં સુધરાઈઓ સિવાયના પાકા અને કાચા માર્ગોની માહિતી દર્શાવતુ પત્રક (લંબાઈ કિ.મી.માં) માહિતી વર્ષ (૨૦૦૦–૦૧)

| ક્રમ | તાલુકાનું નામ | જિલ્લા પંચાયત હેઠળના | | |
|---|---|---|---|---|
| | | પાકા | કાચા | કુલ |
| ૧ | ૨ | ૬ | ૭ | ૮ |
| ૧. | રાજકોટ | ૧૯૮ | ૧૫ | ૨૧૩ |
| ૨. | કોટડાસાંગાણી | ૮૩ | - | ૮૩ |
| ૩. | ગોંડલ | ૨૫૮ | ૧૪ | ૨૭૨ |
| ૪. | જેતપુર | ૧૮૨ | ૧૧ | ૧૯૩ |
| ૫. | ધોરાજી | ૧૧૨ | - | ૧૧૨ |
| ૬. | ઉપલેટા | ૧૩૧ | ૧ | ૧૩૨ |
| ૭. | જામકંડોરણા | ૧૨૯ | ૧૩ | ૧૪૨ |
| ૮. | લોધિકા | ૬૯ | - | ૬૯ |
| ૯. | પડધરી | ૧૦૯ | ૪૧ | ૧૪૯ |
| ૧૦. | મોરબી | ૧૯૩ | ૧૦ | ૨૦૩ |
| ૧૧. | માળીયામીંયાણા | ૧૪૨ | ૫ | ૧૪૭ |
| ૧૨. | વાંકાનેર | ૧૮૯ | ૬ | ૧૯૫ |
| ૧૩. | જસદણ | ૧૯૯ | ૩ | ૨૦૨ |
| ૧૪. | ટંકારા | ૧૧૫ | ૩ | ૧૧૮ |
| | જિલ્લાનું કુલ | ૨૧૦૯ | ૧૨૨ | ૨૨૩૦ |

## ૩:૫:૨:૧:૧ મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગરપંચાયતોના માર્ગની લંબાઈ (કિ.મી.માં) (માહિતી વર્ષ ૨૦૦૦–૦૧)

| **ક્રમ** | **મહાનગર પાલિકા, નગરપાલિકા, નગર પંચાયતનું નામ** | **રસ્તાઓ** | | |
|---|---|---|---|---|
| | | **પાકા** | **કાચા** | **કુલ** |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧. | રાજકોટ મહાનગરપાલિકા | ૧૩૮૭ | ૩૩૪ | ૧૭૨૧ |
| ૨. | ગોંડલ નગરપાલિકા | ૪૧ | ૨૬ | ૬૭ |
| ૩. | જેતપુર નગરપાલિકા | ૭૭ | ૭૮ | ૧૫૫ |
| ૪. | ધોરાજી નગરપાલિકા | ૭૭ | ૩૭ | ૧૧૪ |
| ૫. | ઉપલેટા નગરપાલિકા | ૩૪ | ૪ | ૩૮ |
| ૬. | ભાયાવદર નગરપાલિકા | ૧૪ | ૪ | ૩૮ |
| ૭. | મોરબી નગરપાલિકા | ૧૦૨ | ૧૦૨ | ૨૦૪ |
| ૮. | વાંકાનેર | ૨૦ | ૧૦ | ૩૦ |
| ૯. | જસદણ | ૨૫ | ૧૩ | ૩૮ |
| **૧૦.** | **જિલ્લાનું કુલ** | **૧૭૭૭** | **૬૨૧** | **૨૩૯૮** |

**૩:૫:૨:૨ રાજકોટમાં ઉપલબ્ધ આરોગ્યની સેવાઓ :–**

તબીબી સુવિધાની દ્રષ્ટિએ રાજકોટ શહેર આગળ પડતુ છે. શહેરમાં સરકાર સંચાલિત મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત તથા સાર્વજનિક સંસ્થાઓ દ્વારા સંચાલિત હોસ્પિટલોની સંખ્યા ૨૫ જેટલી છે. જેમાં મુખ્યત્ત્વે સિવિલ હોસ્પિટલ, રસુલખાનજી જનાના હોસ્પિટલ, પદમકુંવરબા હોસ્પિટલ, કે. ટી. શેઠ ચિલ્ડ્રન હોસ્પિટલ, દશાશ્રીમાળી સાર્વજનિક હોસ્પિટલ, એચ. જે. દોશી હોસ્પિટલ, અશોક ગોંધીયા હોસ્પિટલ, વેસ્ટર્ન રેલ્વે હોસ્પિટલ, જી. ટી. શેઠ હોસ્પિટલ, ઓર્થોપેડિક હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ, કોઠારીયા ટી. બી. હોસ્પિટલ, કીડની રીસર્ચ સેન્ટર, મધુરમ હોસ્પિટલ વગેરેની નોંધ લેવી અગત્યની છે. આ ઉપરાંત જુદા જુદા રોગના નિષ્ણાંત ડોકટરોની ખાનગી હોસ્પિટલોની સંખ્યા ૨૮૦ જેટલી છે. તેમજ હોસ્પિટલ સાથે નર્સિંગ ટ્રેનીંગ સ્કુલ તથા હેલ્થ વિઝીટર્સ સ્કુલ પણ ચાલે છે.

**૩:૫:૨:૩ રાજકોટમાં ઉપલબ્ધ વિદ્યુત પુરવઠો :–**

ઉદ્યોગ અને ખેતીના ઝડપી વિકાસ અર્થે વિજળી એ પાયાની જરૂરીયાત છે. જિલ્લામાં આવેલ તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોનું સંપુર્ણ વિજળીકરણ થયેલ છે. જિલ્લામાં એકપણ થર્મલ હાઈડ્રો પાવર સ્ટેશન નથી. વિજળીનું મુખ્ય પ્રાપ્તિસ્થાન ધુવારણ, તારાપુર, ગાંધીનગર તથા ઉકાઈ છે. જેનું રાજકોટ જિલ્લાનું મુખ્ય સબસ્ટેશન ગોંડલ ખાતે આવેલુ છે. તેની ક્ષમતા ૨૨૦ કેવીની છે. સમગ્ર સૌરાષ્ટ્રને વિજળી પુરી પાડતુ ૪૦૦ કે.વી.ની ક્ષમતા ધરાવતુ સૌથી મોટુ સબ સ્ટેશન જેતપુર ખાતે આવેલુ છે.

આઝાદી મળ્યા પહેલા રાજકોટ શહેરમાં ઈ. સ. ૧૯૨૪ માં વિજળીકરણ થયા પછી ઈ. સ. ૧૯૫૧ સુધી નાના ડિઝલ જનરેટર સેટ દ્વારા વિજળી આપવામાં આવતી હતી. વિજળીની માંગમાં વધારો થતા ઈ. સ. ૧૯૬૧ ની સાલમાં આજી નદીના કિનારે પાવરહાઉસ બાંધી ૧૦૦૦૦ કિલોવોટની ક્ષમતાવાળુ ડિઝલ જનરેટીંગ સેટ મુકવામાં આવેલ. તે સમયે દેશમાં આ સૌથી મોટુ ડિઝલ પાવરસ્ટેશન હતુ.

ઈ. સ. ૧૯૬૪ માં ધુવારણ ખાતે થર્મલ પાવરસ્ટેશન શરૂ થતા ઈ. સ. ૧૯૬૫થી ધુવારણથી ગ્રીડલાઈન દ્વારા વિદ્યુત પુરવઠો રાજકોટ શહેરને મળે છે. આજે પણ વિદ્યુત પુરવઠો વાયા વાંકાનેર ગોંડલ થઈ રાજકોટને મળે છે. વિજળીકરણ માટે ૧૩૨ કે. વી. ક્ષમતાવાળુ સબ

સ્ટેશન ગોંડલ રોડ ઉપર વિક્રમ સ્ટીલ પાસે આવેલ છે. જ્યારે ૬૬ કે. વી. ની ક્ષમતાવાળુ સબ સ્ટેશન (૧) નવા પાવર હાઉસ ખાતે (૨) ગોંડલ રોડ પર પુનિત નગર પાસે (૩) ઘંટેશ્વર પાસે આવેલ છે. વિદ્યુત બોર્ડની સ્થાનિક કચેરીમાંથી મળેલ માહિતી મુજબ રાજકોટની દૈનિક વિજ માંગ ૬૦ મેગાવોટ જેટલી છે. ૩૦ મી સપ્ટેમ્બર ૧૯૯૦ ના રોજની સ્થિતિએ રહેણાંક માટે ૮૬૨૬૬, વાણિજ્ય માટે ૩૧૫૪૪, ઔદ્યોગિક હેતુ માટે ૯૦૬૦, સ્ટ્રીટલાઈટ ૯૫, ખેતીવિષયક ૮, વોટરવર્ક્સ ૧૨, હાઈસ્ટેશન ૩૬ અને ૫૭૨૫ મળી કુલ કનેકશનની સંખ્યા ૧૩૨૭૫૩ જેટલી છે.

૧૯૮૧ ની વસ્તી ગણતરી પુસ્તીકા પ્રમાણે ૮૨૮૬૫ કનેકશન હતા. તે જોતા ૨૦ વર્ષના ગાળામાં વિદ્યુત કનેકશનોમાં અનેકગણો વધારો થયેલો જોવા મળે છે. રાજકોટ શહેરમાં શરૂઆતમાં ૧૯૫૧ – ૫૨ ની સાલમાં કેરોસીનના ફાનસ આશરે ૪૫૦ હતા. અને ૨૫ વોટના લેમ્પવાળી સાદી લાઈટ આશરે ૧૫૦૦ હતી. જ્યારે આજે શહેરમાં મરકયુરી ટયૂબલાઈટ તથા સોડીયમ લાઈટ મળી સ્ટ્રીટ લાઈટની સંખ્યા ૨૮૨૦૦૦ જેટલી છે.

### ૩:૫:૨:૩ ગુજરાત વિદ્યુત બોર્ડ હેઠળ વર્ષ ૨૦૦૨–૦૩ માં થયેલ કામોની વિગત

| | | |
|---|---|---|
| ૧. | તત્કાલ કનેકશન આપ્યા | ૨૫૯૭ |
| ૨. | સામાન્ય યોજના હેઠળ કુવાઓનું વિજળીકરણ | ૧૮૯૫ |
| ૩. | જયોતિ ગ્રામ હેઠળ ગામડાઓમાં ૨૪ કલાક વિજળી પુરવઠો સતત મેળવવા માટે અંદાજીત ખર્ચ | રૂા. ૪૫.૯૮ કરોડ<br>(રૂા. ૩૧.૯૨ કરોડ સરકારશ્રીનો ફાળો તથા<br>રૂા. ૧૪.૦૬ કરોડ લાભાર્થીનો ફાળો) |
| ૪. | કુટીર ગ્રામ યોજના હેઠળ આપવામાં આવેલ કનેકશન | ૨૨૨ કનેકશન (કોઈ અરજી બાકી રહેલી નથી) |
| ૫. | ઘર વપરાશ માટેના વિજજોડાણ | ૩૫૩૬૪ |
| ૬. | હળવા દબાણના ઔદ્યોગિક વિજજોડાણ | ૧૬૨૦ |
| ૭. | ભારે દબાણના ઔદ્યોગિક વિજજોડાણ | ૮૮ |
| ૮. | સામાન્ય કક્ષાના ખેતી વિષયક વિજજોડાણ | ૧૮૮૨ |
| ૯. | ઝુંપડપટ્ટી યોજના | ૨૬ |
| ૧૦. | ગ્રામ પંચાયત દ્વારા રૂા. ૧૦૦૦/– ભરી રજીસ્ટર થયેલ ગામોની સંખ્યા | ૬ |
| ૧૧. | ધારાસભ્યશ્રી દ્વારા જયોતિગ્રામ યોજના હેઠળ દરખાસ્ત કરેલ ગામોની સંખ્યા | ૪૩ |
| ૧૨. | કુલ રજીસ્ટર્ડ થયેલ ગામો | ૪૯ |
| ૧૩. | સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ યોજના | (૧) આ યોજના હેઠળ મંજુર થયેલ ૬૪ ફીડર બાયફરકેશન પૈકી ૮ ફીડરોનું રૂા. ૭૦.૯૭ લાખના ખર્ચથી ૧૮.૬૮ કિ.મી.ની લાઈન નાખી કામ પૂર્ણ કરવામાં આવેલ છે.<br>(૨) ફકત વીસીબી માટે અધુરા એવા ૧૧ ફીડર બાયફરકેશન લાઈનના કામો પુર્ણ થયેલ છે. જે ૧૧ કે.વી. બ્રેકર પેનલ ઉપલબ્ધ થયેથી કાર્યાન્વિત કરવામાં આવશે. |

**૩:૫:૨:૪ શૈક્ષણિક સવલતો :–**

શૈક્ષણિક સુવિધાની દ્રષ્ટિએ પણ રાજકોટ હંમેશા અગ્રેસર રહ્યુ છે. સૌરાષ્ટ્રની સૌપ્રથમ પ્રાથમિક શાળા રાજકોટના આંગણે ઈ. સ. ૧૮૩૭ માં શરૂ થઈ છે. ઈ. સ. ૧૮૬૭ માં શિક્ષકોની તાલીમ માટે હેટર મેઈલ ટ્રેનીંગ કોલેજ તથા બાર્ટન ફીમેલ ટ્રેનીંગ કોલેજ સૌ પ્રથમ રાજકોટમાં શરૂ થઈ. દેશની અગત્યની પબ્લિક સ્કુલો પૈકી એક એવી પ્રખ્યાત રાજકુમાર કોલેજની સ્થાપના ૧૩૦ વર્ષ અગાઉ રાજકોટમાં થયેલ હતી. શહેરની સૌથી જુની પ્રખ્યાત હાઈસ્કુલોમાં ઈ. સ. ૧૯૦૦ માં સૌરાષ્ટ્ર હાઈસ્કુલ ઈ. સ. ૧૮૫૩ માં આલ્ફ્રેડ હાઈસ્કુલ જે હવે મહાત્મા ગાંધી વિદ્યાલયથી ઓળખાય છે. ઈ. સ. ૧૯૨૪ માં રાષ્ટ્રીયશાળા તથા ઈ. સ. ૧૯૨૭ માં ચૌધરી હાઈસ્કુલની સ્થાપના થઈ હતી. ઈ. સ. ૧૯૩૭ માં પ્રથમ ધમેન્દ્રસિંહજી કોલેજની સ્થાપના થઈ. ઈ. સ. ૧૯૬૩ માં રાજકોટમાં પ્રથમ મહિલા કોલેજની સ્થાપના થઈ ૨૩ મે ૧૯૬૭ માં સૌરાષ્ટ્ર યુનિવર્સીટીની રાજકોટ ખાતે સ્થાપના થઈ.

આજની પરિસ્થિતિમાં રાજકોટમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ૯૨ જેટલી પ્રાથમિક શાળા અને ખાનગી માન્યતા ધરાવતી પ્રાથમિક શાળાની સંખ્યા ૨૭૧ જેટલી છે. ૫૫ જેટલી હાઈસ્કુલ અને ૨૫ જેટલી કોલેજ છે. આમ રાજકોટ ખાતે આર્ટસ, કોમર્સ, સાયન્સની ફેકલ્ટી ઉપરાંત શિક્ષણ ફાર્મસી કોલેજ ઉપરાંત ટેકનીકલ શિક્ષણ માટે આઈ.ટી.આઈ. તથા પોલીટેકનીક કોલેજ અને રોજગારલક્ષી ઔદ્યોગિક તાલીમ માટે પ્રોટોટાઈપ ટ્રેનીંગ સેન્ટર, મેડીકલ કોલેજ, એન્જીનીયગરીંગ કોલેજ ઈન્ફોરમેશન ટેકનોલોજીને લગતા અભ્યાસ ક્રમોના સેન્ટરો પણ આવેલા છે. રાજકોટ ખાતે એક કેન્દ્રીય સ્કુલ પણ છે.

શિક્ષણ ક્ષેત્રે ઉપયોગી થાય તેવા રાજકોટ શહેરમાં જિલ્લા કક્ષાના ચાર મહત્ત્વના પુસ્તકાલયો પણ છે. (૧) લાખાજીરાજ પુસ્તકાલય સને ૧૯૧૫ (૨) રામકૃષ્ણ લાયબ્રેરી સને ૧૯૨૭ (૩) ડિસ્ટ્રીક લાયબ્રેરી સને ૧૯૫૫ (૪) લેંગ લાયબ્રેરી સને ૧૯૬૩ ઉપરાંત અન્ય પણ ઘણા પુસ્તકાલયો શહેરમાં ચાલે છે.

બહારથી અભ્યાસ કરવા માટે આવતા વિદ્યાર્થીઓ માટે જુદી જુદી સાલના ૩૨ જેટલા બોર્ડીંગ રાજકોટ શહેરમાં છે. તેમજ કોલેજ સંલગ્ન ૨૫ જેટલી હોસ્ટેલો પણ છે.

**૩:૫:૨:૫ બગીચા તથા આનંદપ્રમોદના સ્થળો :–**

રાજકોટમાં આનંદ પ્રમોદના મુખ્ય સ્થળ તરીકે રેષકોર્ષ અગત્યનું છે. શહેરની મધ્યમા આવેલ વિશાળ પ્રમાણમાં ખુલ્લી જમીન જે ૧૦૦ એકર જેટલા ક્ષેત્રફળની છે. ઈ. સ. ૧૯૫૬માં ગુજરાત સરકારે આ જમીન ઉપર રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોટા બગીચા, સ્નાનાગર, સ્પોર્ટસ કોમ્પલેક્ષ સ્ટેડિયમ, ચિલ્ડ્રન પાર્ક, ડોલ્સ મ્યુઝીયમ, એમ્યુઝમેન્ટ પાર્ક વગેરે આનંદપ્રમોદની સુવિધાનું આયોજન કરી વર્તમાનમાં વિકાસ કરેલ છે. તેમજ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર જેનું હાલમાં જ ભારતના રાષ્ટ્રપતિપદ સંભાળનાર ડો. અબ્દુલ કલામના હસ્તે ઓપનીંગ થયેલ. આ ઉપરાંત પ્લેનેટોરીયમ તથા મ્યુઝીકલ ફાઉન્ડેશન અને સ્ટેપગાર્ડનનું પણ અસ્તિત્ત્વ છે. ઉપરાંત શહેરમાં જુદા જુદા સ્થળે ૨૦ જેટલા બગીચાઓ છે અને ૧૦ જેટલા ફુવારાઓ છે. આજી ડેમ પરની ટેકરીઓનો વિકાસ કરી ત્યાં રમણીય બગીચા અને ઝુઓલોજીકલ પાર્ક, પક્ષી ઘર, સ્નેકપાર્ક વગેરે પણ આવેલ છે.

શહેરમાં મનોરંજન માટે આધુનિક ટેકનોલોજીથી સજજ એવા સીનેમાઘરો છે. ઉપરાંત ઘણી ખાનગી કલબો તેમના સભ્યોને આંતરિક તેમજ બાહ્ય રમતો દ્વારા મનોરંજન પુરુ પાડે છે. જે પૈકી રાજકોટ જીમખાના, કાઠીયાવાડ જીમખાના, લેડીઝ કલબ મુખ્ય છે તેમજ રોટરી કલબ, લાયન્સ કલબ, સરગમ કલબ, જુનીયર ચેમ્બર જેવી આંતરરાષ્ટ્રીય સ્વૈચ્છિક સામાજિક સંસ્થાઓ પણ શહેરમાં આવેલ છે. સૌરાષ્ટ્રનો ભાતિગળ ઈતિહાસ સાચવતુ એવુ જાત જાતના પ્રાચીન સીક્કા, પુસ્તકો, વસ્ત્રો, વસ્તુઓ વગેરેનું સંગ્રહાલય ૧૯૮૮ માં સ્થપાયેલુ જે હાલમાં વોટસન મ્યુઝિયમ તરીકે ઓળખાય છે. પ્રવાસન કેન્દ્ર તરીકે પણ રાજકોટ એક અગત્યનું સ્થળ છે. મહાત્મા ગાંધી વિદ્યાલય, કબાગાંધીનો ડેલો, રાષ્ટ્રીય શાળા, લેંગ લાયબ્રેરી, વોટસન મ્યુઝિયમ, રાજકુમાર કોલેજ, સરદાર સ્મારક ભવન, રામકૃષ્ણ આશ્રમ વગેરે અગત્યના ઐતિહાસીક સ્થળો રાજકોટમાં આવેલા છે તથા અગત્યના મોટા મંદીરો જેમાં અક્ષરમંદીર ઉપરાંત અન્ય મંદીર તેમજ ચાર જેટલી મોટી મસ્જીદ, ત્રણ ચર્ચ અને પારસી અગીયારી પણ રાજકોટ ખાતે આવેલ છે.

**૩:૫:૨:૬ વાણિજ્ય પ્રવૃતિનો વિકાસ :–**

સૌરાષ્ટ્ર પ્રદેશની મધ્યમાં આવેલ રાજકોટ ઔદ્યોગિકરણની શરૂઆત પહેલા વાણિજ્ય કેન્દ્ર તરીકે મહત્ત્વનું શહેર હતુ. આજેપણ વાણિજ્ય કેન્દ્ર તરીકે તેનું મહત્ત્વ જાળવી રાખેલ છે. શહેરની મહત્ત્વની વાણિજ્યીક પ્રવૃત્તિઓ ધમેન્દ્ર રોડ, ભુપેન્દ્ર રોડ, લાખાજીરાજ રોડ, ઢેબર રોડ, પરાબજાર રોડ, યાજ્ઞિક રોડ, કાલાવડ રોડમાં મહદ્અંશે કેન્દ્રીત થયેલ છે. શહેરમાં નાની મોટી મળી કુલ ૧૨૦ જેટલી બેંકની શાખાઓ છે. રાજકોટ ખાતે બેંકીંગ ક્ષેત્રે રાજકોટ નાગરીક સહકારી બેંક લી. નું સ્થાન મોખરે છે જે ૧૨ ઉપરાંત શાખાઓ રાજકોટમાં ધરાવે છે. સહકારી બેંકમાં પ્રથમ સ્થાન ભોગવે છે. શેડયુલ બેંક તરીકે નોંધાવવાનું માન પણ પ્રાપ્ત કરેલ છે. સન ૧૯૮૬ – ૮૭ નાં બેંકનાં વાર્ષિક અહેવાલ પ્રમાણે આ બેંકે ૬૩૦૦ જેટલા આસામીઓને આવાસ માટે, ૫૧૦ જેટલા આસામીઓને ઔદ્યોગિક હેતુ માટે લોન ધિરાણ આપેલ. બેંકનું કામકાજ સને ૧૯૫૪ માં ૪૮,૦૨૯ ના ધિરાણની સામે ૨૩ વર્ષને અંતે સને ૧૯૮૭ માં વધીને ૬૬.૭૭ કરોડ જેટલુ ધિરાણનું કામકાજ કરેલુ. રાજકોટ શહેરના આવાસ, ઔદ્યોગિક તથા વેપાર વાણિજ્યનાં ક્ષેત્રે રાજકોટ શહેરના વિકાસ માટે આ બેંકે મહત્ત્વનો ફાળો આપ્યો છે. રાજકોટ ખાતે સૌરાષ્ટ્રનું મોટું માર્કેટીંગ યાર્ડ આવેલુ છે. તેમજ સરકાર માન્ય શેર બજાર છે. ઉપરાંત આઈ. સી. આઈ. સી. આઈ., યુ. ટી. આઈ. અને એચ. ડી. એફ. સી. જેવી ખાનગી બેંકો પણ આવેલી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે ૧૯૮૮ માં રાજકોટ શહેરમાં દુકાનોની સંખ્યા ૨૬૦૦૭, વેપારી પેઢીઓ ૩૩૯૨, રેસ્ટોરન્ટ અને ભોજનગૃહો ૧૧૭૮, લોજ ૫૮ મળી કુલ ૩૦૬૩૫ જેટલી વાણિજ્યીક સંસ્થાઓ આવેલી હતી. જેમાં હાલમાં અનેકગણો વધારો થયેલો જોવા મળે છે. આ ઉપરાંત થ્રી સ્ટાર અને ફાઈવ સ્ટાર હોટલ અને અનેક રેસ્ટોરન્ટ પણ આવેલ છે.

**૩:૫:૨:૭ બંદર :–**

જિલ્લાના તાલુકા પૈકી માળીયામીંયાણા તાલુકા એકનેજ ૨૦ કિ.મીનો દરિયા કિનારો મળેલ છે અને જિલ્લામાં એક માત્ર નવલખી બંદર આવેલ છે. આ નવલખી બ્રોડગેજથી મોરબી વાંકાનેર સાથે જોડાવાની કામગીરી અત્યારે પુર્ણ થયેલ છે. બંદરની ઉત્તરે કચ્છનો અખાત

આવેલ છે. પશ્ચિમ તરફ વહાણ ભાંગવાનો ઉદ્યોગ જયાં ખીલેલ છે તે સચાણા (જોડીયા તાલુકા જામનગર જિલ્લો) આવેલ છે. આ જોડીયા બંદર પણ પશ્ચિમ તરફ આવેલ છે. હાલમાં આ બંદરેથી કોલસો, ખાતર, એ. જી. ફલોરોસ્પાટ સલ્ફર, પીગઆર્યન આયાત કરવામાં આવે છે. તેમજ મીઠુ, સોયાબીન એક્ષસ્ટ્રેશન વિગેરેની ૧૯૯૯–૨૦૦૦, ૨૦૦૦–૦૧ ના વર્ષ દરમ્યાન નવલખી બંદરેથી નિકાસ થયેલ નથી. પરંતુ વર્ષ ૧૯૯૮–૯૯ દરમ્યાન મીઠાની ૩૬૫૫૪ મે. ટન રકમ રૂા. ૧૨૯૪૨૦૦૦/– નું નિકાસ કરવામાં આવેલ હતુ. મીટરગેજમાંથી બ્રોડગેજમાં આ રેલ્વેલાઈનનું રૂપાંતરનું કામ પુર્ણ થયેલ છે. જેને કારણે આ બંદર મારફત માલ સામાનનું આદાનપ્રદાન મોટા પ્રમાણમાં વધશે એવો એક અંદાજ છે.

**૩:૫:૨:૮ સંદેશાવ્યવહાર :–**

સેવાક્ષેત્રનો તાલુકાવાર અભ્યાસ નીચેની બાબતોને અનુલક્ષીને કરવામાં આવેલ છે. (૧) વિજળી (૨) વાહનવ્યવહાર (રસ્તા, રેલ્વે) (૩) સંદેશાવ્યવહાર (૧) મુખ્ય ટપાલ કચેરીઓ (૨) પેટા ટપાલ કચેરીઓ (૩) ટપાલ કચેરીઓની સંખ્યા (૪) તાર કચેરીઓ (૫) પેટા તાર કચેરીઓ (૬) તાર કચેરીની અન્ય શાખાઓ

જિલ્લામાં ટપાલ કચેરીઓની મુખ્ય કચેરી ત્રણ છે. જે અનુક્રમે ગોંડલ, મોરબી, રાજકોટ મુકામે આવેલ છે. જયારે ટપાલ અને તારની મુખ્ય કચેરીઓ બે છે જે અનુક્રમે ગોંડલ અને મોરબી મુકામે છે. જિલ્લામાં કુલ ૫૦૮ ટપાલ કચેરીઓ, ૫૫ જેટલી તાર ઓફીસોની સવલતો પ્રાપ્ય છે. આ પ્રમાણે જિલ્લામાં તાર ઓફિસની સવલતો દિવસે દિવસે ઘટતી જતી જોવા મળે છે. વર્ષ ૨૦૦૩ મુજબ જિલ્લાના ૨૦૫ ગામો જેમાં ટપાલ કચેરીઓની સવલતો પ્રાપ્ય નથી. જિલ્લાના ઘણા બધા જ તાલુકાઓ અને મોટાભાગના ગામડાઓને ટપાલ સેવાની સવલતો પ્રાપ્ય છે. રાજકોટ મુકામે આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્ર આવેલા છે. આ પ્રમાણે જિલ્લાના ૬૫૧ ગામોમાં ટપાલ કચેરી તથા ૪૭૧ ગામોમાં તાર કચેરીની સવલતો મળી રહે છે.

ટેલીકોમ્યુનીકેશનની સુવિધાની દ્રષ્ટિએ રાજકોટ ખાતે ટેલીકોમના એરીયા મેનેજરની કચેરી આવેલી છે. આ ખાતામાંથી મળેલી માહિતી મુજબ અત્યારે રાજકોટમાં ૭ ઉપરાંત ટેલીફોન એકસચેન્જ આવેલા છે. જેની સ્થાપિત શકિત ૪૧૫૦૦ કનેકશનની છે. જે પૈકી અનેક

કનેકશનો આપવામાં આવેલ છે. ટેલીફોન સેવા વડે રાજકોટ શહેર દેશના તમામ શહેરો તથા વિદેશ સાથે પણ સંકળાયેલ છે. આ ઉપરાંત ટેલેક્ષના કનેકશન, ફેકસ કનેકશન, પબ્લીક કોલ ફોનની સુવિધા તથા એસ. ટી. ડી. પબ્લીક કોલ ફોનની પણ સુવિધા છે. આ ઉપરાંત પ્રાઈવેટ મોબાઈલ કંપનીઓની પણ સ્થાપના થયેલ છે.

પોસ્ટની સુવિધાની દ્રષ્ટિ એ ૧૯૮૩ – ૮૪ માં માં રાજકોટ ખાતે પોસ્ટ ઓફીસની સંખ્યા ૨૯, ટેલિગ્રાફ ઓફીસની સંખ્યા ૧૯, લેટર બોકસની સંખ્યા ૨૦૯ જેટલી હતી. જેમાં પણ હાલમાં અનેકગણો વધારો થયેલો જોવા મળે છે. સૌરાષ્ટ્રના પોસ્ટલ વિભાગની વડી કચેરી પણ રાજકોટ ખાતે આવેલી છે.

આ ઉપરાંત ૧૯૫૫ માં સૌરાષ્ટ્રમાં ફકત રાજકોટ ખાતે ઓલ ઈન્ડિયા રેડીયોએ તેનું મથક સ્થાપેલુ. સને ૧૯૮૪ માં દૂરદર્શને રાજકોટ ખાતે ૧૦ કીલોવોટનાં પ્રસારણની ક્ષમતા તથા સ્ટુડીયો અને કાર્યક્રમનાં નિર્માણની સુવિધાવાળુ ટી.વી. કેન્દ્ર સ્થાપેલ છે.

રાજકોટ ખાતેથી દૈનિક સવારનાં ૭ અને સાંજના ૨ મળી કુલ ૯ જેટલા અખબારો પ્રકાશિત થાય છે. ઉપરોકત વિગતોએ રાજકોટ શહેરના સંપૂર્ણ વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જેનાં આધારે રાજકોટ શહેર વિકાસની કેટલી સપાટીએ છે તે જાણી શકાય છે.

જિલ્લામાં નવેમ્બર–૦૩નાં અંતે કુલ ૨૧૨૦૯૦ જેટલા ટેલીફોન જોડાણ ધારકોની સંખ્યા હતી. તેમજ જિલ્લામાં ૨૯૩૯ જેટલા એસ. ટી.ડી બુથ કાર્યરત છે. જિલ્લામાં સંદેશાવ્યવહારના ક્ષેત્રમાં સારો એવો ફેલાવો થયેલ છે. જેને કારણે વ્યાપાર વાણિજય અને ઉદ્યોગ ક્ષેત્રે આ જિલ્લાએ સારી પ્રગતિ સાધેલ છે. સરકારશ્રીનું ભારત સંચાર નીગમ લી. દ્વારા માગો ત્યારે ટેલીફોન જોડાણ આપવાની જાહેરાત કરવામાં આવેલ છે. સાથો સાથ ખાનગી કંપની જેવી કે રિલાયન્સ તથા ટાટા દ્વારા પણ જિલ્લામાં સંદેશાવ્યવહારનું નેટવર્ક સ્થાપિત થયેલ છે. આમ એકંદરે જિલ્લામાં ટેલીફોન, ફેકસ, મોબાઈલ ફોન, ઈન્ટરનેટની સવલતોમાં દિન પ્રતિદિન વધારો જોવા મળેલ છે. જિલ્લામાંના ટેલીફોન એક્ષચેન્જ તેમજ એસ. ટી. ડી કોડ અંગેની સવલતો પણ છે.

જિલ્લામાં વર્ષ ૨૦૦૩ મુજબ તાલુકાવાર સંદેશાવ્યવહારની સવલતો કોષ્ટક ૩ઃ૨ઃ૫ઃ૮માં દર્શાવેલ છે.

**૩:૨:૫:૮ જિલ્લામાં તાલુકાવાર સંદેશાવ્યવહારની સવલતો નીચે મુજબ દર્શાવેલ છે.**

**(માહિતી વર્ષ – ૨૦૦૩)**

| ક્રમ | તાલુકાનું નામ | ટપાલ કચેરીની સંખ્યા | તાર કચેરીની સંખ્યા |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧. | ઉપલેટા | ૪૪ | ૮ |
| ૨. | કોટડાસાંગાણી | ૧૧ | ૨ |
| ૩. | ગોંડલ | ૬૫ | ૧૧ |
| ૪. | જસદણ | ૩૬ | ૫ |
| ૫. | જામકંડોરણા | ૧૬ | ૨ |
| ૬. | જેતપુર | ૪૨ | ૭ |
| ૭. | ધોરાજી | ૨૯ | ૭ |
| ૮. | પડધરી | ૨૮ | ૧ |
| ૯. | માળીયામીંયાણા | ૩૦ | ૧ |
| ૧૦. | મોરબી | ૫૩ | ૭ |
| ૧૧. | રાજકોટ | ૯૨ | - |
| ૧૨. | લોધિકા | ૫ | ૧ |
| ૧૩. | વાંકાનેર | ૪૦ | ૩ |
| ૧૪. | ટંકારા | ૧૭ | - |
| | જિલ્લાનું કુલ | ૫૦૮ | ૫૫ |

**૩:૨:૫:૯ નાણાકીય સંસ્થાઓ :–**

બેંકિંગક્ષેત્ર અંતર્ગત વાણિજય અને સહકારી બેંકોનો સમાવેશ થયેલ જોવા મળે છે. સહકારી બેંકો અંતર્ગત પ્રાથમિક ખેતવિષયક ધિરાણ મંડળીઓ અને તેની સંખ્યા, પ્રાથમિક બિનખેતી વિષયક ધિરાણ મંડળીઓ અને તેની સભ્ય સંખ્યાઓને પણ ધ્યાનમાં લેવામાં આવેલ છે.

**(અ) રાષ્ટ્રીયકૃત બેંકોની સંખ્યા :**

રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીયકૃત બેંકોનો સારો એવો વિકાસ થયેલો છે. તા. ૩૧/૩/૨૦૦૩ સુધીમાં આ પ્રકારની વાણિજય બેંકોની ૨૩૬ શાખાઓ જિલ્લામાં કામ કરે છે. જિલ્લામાં દરેક તાલુકાને વાણિજય બેંકોની સવલતો પ્રાપ્ય છે. હાલમાં જિલ્લામાં સ્ટેટબેંક ગ્રુપની ૭૧ શાખાઓ

અને અન્ય ૧૬૫ શાખાઓ વાણિજય બેંકોની અસ્તિત્વમાં છે. જિલ્લાનાં અન્ય તાલુકાઓની સરખામણીમાં જસદણ, જામકંડોરણા, કોટડાસાંગાણી, લોધિકા, માળીયા અને પડધરી તાલુકાઓમાં બેંકોની સવલતો અપૂરતી છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા નીતિ મુજબ દરેક બેંકોની શાખાઓએ લઘુ તેમજ કુટીર ઉદ્યોગોને ધિરાણ કરવાનું હોય છે. તેમાં પણ જિલ્લાસ્તરે આ બેંકોનો સવિશેષ ફાળો છે.

**(બ) સહકારી બેન્કોની સંખ્યા :–**

જિલ્લામાં સહકારી બેંકોની સવલતો સારી જોવા મળે છે. જિલ્લામાં કુલ ૧૪૬ સહકારી બેંકો કાર્યરત છે. અને જેઓ મોટા ભાગે સહકારી ક્ષેત્રે ખેતધિરાણની સવલતો પુરી પાડે છે. સરકારશ્રીના ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગના ઠરાવ નંબર : એસ. એ આઈ –૧૦૮૭–૩૯૬૫–ખ તા. ૧૧/૧૧/૮૭ થી કુટીર ઉદ્યોગની યોજનાઓમાં સુધારો કરવામાં આવ્યો તે મુજબ જાહેર ક્ષેત્રની બેંકો ઉપરાંત નાગરીક સહકારી બેંકો, ગુજરાત ઈન્ડ. કો. ઓપ. બેંકો, જિલ્લા સહકારી બેંકો, ડીસ્ટ્રીક ઈન્ડ. કો. ઓ. બેંક, વડોદરા, જી.એસ.એફ.સી. ગ્રામીણ બેંકો, ગુજરાત રાજય સહકારી જમીન વિકાસ બેંકો, આદિજાતિ વિકાસ નિગમ હરિજન આર્થિક વિકાસ નિગમ, પછાત જાતિ વિકાસ નિગમ, અને આ અંગે સરકાર માન્ય રાખે તેવી નાણાકીય સંસ્થાઓ મારફતે કુટીર ઉદ્યોગનો સારો વિકાસ થાય અને સ્વરોજગારીમાં અભિવૃધ્ધિ થાય એજ સરકારશ્રીનો અભિગમ છે. આ જિલ્લાની લીડ બેંક સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર છે. જિલ્લાની તાલુકાવાર વાણિજય બેંકો, સહકારી બેંકો, તેમજ જમીન વિકાસ બેંકોની માહિતી નીચે મુજબ દર્શાવવામાં આવેલ છે.

## ૩ઃ૨ઃ૫ઃ૯ તા. ૩૧/૩/૨૦૦૩ની સ્થિતિએ જિલ્લામાં આવેલ તાલુકાવાર નાણાકીય સંસ્થાઓની માહિતી

| ક્રમ | તાલુકાનું નામ | રાષ્ટ્રીયકૃત બેંક સંખ્યા | ગ્રામીણ બેંક સંખ્યા | સહકારી બેંક સંખ્યા | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | રાજકોટ | ૧૦૬ | ૧ | ૧૮ | ૧૨૫ |
| ૨. | કોટડાસાંગાણી | ૫ | ૧ | ૫ | ૧૧ |
| ૩. | ગોંડલ | ૧૭ | ૧ | ૧૬ | ૩૪ |
| ૪. | જેતપુર | ૧૨ | ૧ | ૧૦ | ૨૩ |
| ૫. | ધોરાજી | ૧૭ | ૧ | ૧૨ | ૩૦ |
| ૬. | ઉપલેટા | ૨૦ | ૧ | ૧૩ | ૩૪ |
| ૭. | જામકંડોરણા | ૬ | ૧ | ૧૧ | ૧૮ |
| ૮. | લોધિકા | ૩ | ૧ | ૩ | ૭ |
| ૯. | પડધરી | ૫ | ૧ | ૫ | ૧૧ |
| ૧૦. | મોરબી | ૧૭ | ૧ | ૯ | ૨૭ |
| ૧૧. | માળીયામીંયાણા | ૪ | ૧ | ૪ | ૯ |
| ૧૨. | વાંકાનેર | ૧૩ | ૧ | ૭ | ૨૧ |
| ૧૩. | જસદણ | ૧૩ | ૧ | ૧૦ | ૨૪ |
| ૧૪. | ટંકારા | ૩ | - | ૫ | ૮ |
| | જિલ્લાનુ કુલ | ૨૪૧ | ૧૩ | ૧૨૮ | ૩૮૨ |

**૩:૨:૫:૧૦ જંગલ વિસ્તાર અને તેની પેદાશ :–**

જિલ્લાના કુલ ક્ષેત્રફળ ૧૧૨૦૩ ચો.કિ.મી. વિસ્તારની સામે અંદાજે ૩.૪ ટકા જંગલ વિસ્તાર છે. જે મુજબ ૧) બિન વર્ગીકૃત જંગલ હેઠળ ૨૪૭ ચો. કિ.મી. વિસ્તાર જયારે ૨) અનામત જંગલ હેઠળ ૧૩૫ ચો. કિ.મી. વિસ્તાર છે. આ વિસ્તારને કુદરતી પ્રકારના જંગલમાં ગણાવામાં આવે છે. જયારે કૃત્રિમ રીતે ઉભા કરવામાં આવેલ જંગલ વિસ્તારની વિગત આ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧) | વિલેજ ફોરેસ્ટ રેઈન ફ્રેડ હેઠળ | ૨૦૦.૨૯ ચો. કિ.મી. |
| ૨) | રોડ સાઈટ ફોરેસ્ટ | ૨૨૨૪.૬૯ ચો. કિ. મી. |

ઉપર ક્રમ–રમાં દર્શાવેલ જંગલ વિસ્તાર આરક્ષિણ (પ્રોટેકટેડ) ફોરેસ્ટમાં ગણવામાં આવે છે. જિલ્લાના જંગલની પેદાશોમાં ખાસ કરીને બળતણ, ઈમારતી લાકડુ અને ઘાસચારો મુખ્યત્વે છે. વર્ષ ૨૦૦૧–૦૨ દરમ્યાન કુલ ઈમારતી ઉપજ ૨૫૬.૬૩ ઘનમીટર રૂા. ૨૧,૭૦,૦૩૯/– તથા જલાઉ લાકડાની ઉપજ ૬૬૮૩.૩૦૫ મે. ટન રૂા. ૩૭૯૧૯૧/– નું ઉત્પાદન થયેલ છે.

**૩:૬ ઉપસંહાર :–**

આમ રાજકોટ જિલ્લાનાં વિકાસની સમગ્ર રૂપરેખા પરથી જણાય છે કે જિલ્લાનું વસ્તી વિષયક માળખુ ગ્રામીણ અને કૃષિ આધારિત જોવા મળે છે. જિલ્લાની કુલ વસ્તીનાં મોટાભાગના લોકો ગ્રામ્ય વિસ્તારનાં જોવા મળે છે. જેમની આજીવીકાનું એકમાત્ર સાધન ખેતી છે. જિલ્લાની ખેતવિષયક પ્રવૃત્તિનો વિકાસ પણ સારા પ્રમાણમાં થયેલો જોવા મળે છે. ઔદ્યોગિક વિકાસનાં સંદર્ભમાં પ્રાપ્ય વલણો પરથી સ્પષ્ટ કરી શકાય કે રાજકોટ જિલ્લો ઔદ્યોગિક દ્રષ્ટિએ સમગ્ર સૌરાષ્ટ્ર પ્રદેશમાં વિશેષ પ્રગતિ સાધી રહ્યો છે. આંતરમાળખાગત સવલતોના વિકાસને કારણે જિલ્લામાં ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ વ્યાપક અને ઝડપી બન્યો છે. જેમાં મોરબી, જેતપુર વગેરે જેવા તાલુકાનો પણ વિશેષ ફાળો છે. આ ઉપરાંત સેવાક્ષેત્રની દિશામાં પણ જિલ્લામાં વિશેષ પ્રગતિ થયેલી છે. પરંતુ આંતરમાળખાગત સવલતો અને તેની સુવિધાની ગુણવતા જિલ્લામાં સમાવિષ્ટ દરેક તાલુકા સુધી સમાન રીતે ન પહોંચી હોવાથી તેવા વિસ્તારમાં કૃષિવિકાસ, ઔદ્યોગિક વિકાસ અને સેવાક્ષેત્રનાં કેટલાક પ્રશ્નો સાથે પ્રાદેશિક અલ્પવિકાસ જોવા મળે છે. તેમ છતા સમગ્ર આર્થિક વિકાસની રૂપરેખા પ્રાપ્ત કરવા માટે પ્રકરણમાં સમાવિષ્ટ હેતુઓને ધ્યાનમાં રાખી અભ્યાસ હાથ ધરેલ છે.

# પ્રકરણ – ૪

## "વિષય સંબંધી સાહિત્યની સમીક્ષા"

## (Analysis of Study)

# પ્રકરણ – ૪
# વિષય સંબંધી સાહિત્યની સમીક્ષા
# (Analysis of Study)


| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૪:૧ | પ્રસ્તાવના | ૧૯૨ |
| ૪:૨ | 'અખિલ ભારતીય પછાત વિસ્તાર કમિટી" અહેવાલ – ૧૯૬૯ | ૧૯૨ |
| ૪:૩ | "રાજયનાં સમતુલિત વિકાસ કમિટી" અહેવાલ ૧૯૭૧ | ૧૯૩ |
| ૪:૪ | ૧૯૭૮ દાંતવાલા કમિટી અહેવાલ | ૧૯૩ |
| ૪:૫ | ૧૯૮૪ પછાત વિસ્તાર વિકાસ કમિટી અહેવાલ | ૧૯૪ |
| ૪:૬ | શ્રી બળદેવસીંગનો એક અભ્યાસ : સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશ્યલ રિસર્ચ સેન્ટર | ૧૯૪ |
| ૪:૭ | શ્રી આઈ. જી. પટેલ ૧૯૮૦ | ૧૯૫ |
| ૪:૮ | ગુજરાત રાજયમાં શહેરીકરણ અને ઔદ્યોગિકરણની બાબતમાં વિવિધતા – કે.વી. ચિતરંજન | ૧૯૫ |
| ૪:૯ | રાષ્ટ્રીય વિકાસ સમિતિ – ૪૭ મી બેઠક સંબોધન અહેવાલ (સંદર્ભ ગુજરાત સમાચાર તા. ૧/૭/૯૭) | ૧૯૬ |
| ૪:૧૦ | પ્રો. માઈકલ લિપ્ટન | ૧૯૭ |
| ૪:૧૧ | ઉપસંહાર | ૧૯૭ |

# પ્રકરણ – ૪
# વિષય સંબંધી સાહિત્યની સમીક્ષા

**૪:૧ પ્રસ્તાવના :–**

ભારતે આયોજનલક્ષી જે વ્યુહરચના અપનાવેલ છે તેમાં અનેક યોજનાઓનાં અનુભવોને આધારે વિકાસ પ્રક્રિયામાં જે પરિવર્તનો થયેલા છે તે માત્ર કેન્દ્ર કે રાજયકક્ષાએજ નહિ પરંતુ ઘટક કક્ષાએ પણ ઉપયોગી અને મહત્ત્વના સાબિત થયેલ છે. આ ઘટકકક્ષાએ સમતોલ વિકાસ માટે ઘણાબધા સાધનો પણ અપનાવેલ છે. સમગ્ર રાષ્ટ્ર ત્યારે જ સમતોલ અને ઉચ્ચ વિકાસદર હાંસલ કરી શકે જયારે તે માટે ઘટકકક્ષાએથી પ્રયાસો થતા હોય. વર્તમાન સમયમાં વિશ્વનાં દરેક દેશોમાં પણ આયોજનના સ્વીકારની સાથે આ આયોજનને સફળ અને વાસ્તવિક બનાવવા અનેક બાબતોનો ઉમેરો થયો છે. રાજયકક્ષાનું આયોજન પ્રાદેશિક બાબતોને ધ્યાનમાં લેતુ નથી, તેમજ વિવિધ પ્રદેશો વિશેનું સાચુ પ્રતિબિંબ પણ આપતુ નથી. પરિણામે પ્રાદેશિક મહત્ત્વની સાથે કેટલાક પ્રાદેશિકતાના વિષય પર ચિંતન કરનારા, પ્રાદેશિક અર્થશાસ્ત્રીઓએ આપેલા, લેખ સ્વરૂપનાં વિચારોને આ પ્રકરણમાં વિષય સંબંધી સાહિત્યનાં સ્વરૂપમાં એકત્રિત કરીને તેની સમીક્ષા કરવામાં આવી છે. જેમાં સમગ્ર રાષ્ટ્ર કે રાજયનાં પ્રદેશો અને પેટાપ્રદેશોના અભ્યાસના સંદર્ભમાં વિકસિત અને અલ્પવિકસિત પ્રદેશો વિશેની માહિતી આપવામાં આવેલ છે. આમ આ વિષયને લગતા સાહિત્યની સમીક્ષા દ્વારા વિવિધ સંશોધનોનાં તારણની અહીં સ્પષ્ટ રજૂઆત કરવામાં આવેલ છે.

**૪:૨ "અખિલ ભારતીય પછાત વિસ્તાર કમિટી" અહેવાલ – ૧૯૬૯ :–**

સરકારે પછાત વિસ્તારોના વિકાસનુ આયોજન જુદી જુદી સમિતિઓ અને અભ્યાસ જૂથની ભલામણોને આધારે કરેલ છે. ભારત સરકારે ૧૯૬૮માં શ્રી બી.ડી પાંડેના અધ્યક્ષપણાં હેઠળ અખિલ ભારતીય પછાત વિસ્તાર સમિતિની રચના કરી. આ સમિતિએ ૧૯૬૯ના અહેવાલમાં પછાત વિસ્તારો માટે કેટલાક નિર્દેશકો રજૂ કર્યા છે. આવા નિર્દેશકો રજૂ કરતી વખતે રાજયના તુલનાત્મક રીતે વિકસિત વિસ્તારોને ધ્યાનમાં રાખીને પછાતતા માટે વિસ્તાર, વસ્તી, પછાત જાતિ વિકાસ કક્ષા, પ્રાથમિક સુવિધાઓનું માળખુ, સામાજિકતા વગેરે બાબતોને મહત્વ આપ્યુ હતુ. આ

ધોરણો કે નિર્દેશકોને ધ્યાનમાં રાખીને રાજય સરકારોને પોતાના પછાત વિસ્તારોનાં વિકાસનું આયોજન કરવા કેન્દ્ર સરકાર દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે, પરંતુ વિકસિત રાજયોનાં અલ્પવિકસિત પ્રદેશોના વિકાસ માટે કશી નકકર વિગતો પ્રાપ્ત કરવામાં સરળતા મળી નથી.

**૪:૩ "રાજયનાં સમતુલિત વિકાસ કમિટી" અહેવાલ – ૧૯૭૧ :–**

ગુજરાત સરકારે ૧૯૭૦માં શ્રી જયસુખલાલ હાથીનાં અધ્યક્ષપણા હેઠળ પછાત વિસ્તારનાં તાલુકા અને જિલ્લાઓનાં અભ્યાસ માટે નિમેલ કમિટી જેનો અહેવાલ સપ્ટેમ્બર ૧૯૭૧માં રાજયનાં સમતુલિત વિકાસ માટેની કમિટી અહેવાલનાં શિર્ષક નીચે રાજય સરકારને સુપરત કરવામાં આવેલ. આ અહેવાલમાં રાજયનાં ૫૬ પછાત તાલુકાઓની યાદી આપવામાં આવેલી આ સમિતિએ જે તે વિસ્તારની પછાતતા નકકી કરવામાં જે નિર્દેશકો તૈયાર કર્યા હતા. તેમાં મુખ્યત્વે વસ્તીની ગીચતા, શહેરી વસ્તીની ટકાવારી, અક્ષરજ્ઞાન, વાવેતર વિસ્તાર, સિંચીત વિસ્તાર, કુલ પાકની તુલનાએ ખાદ્યપાકોની ટકાવારી, ખેતી કરનારની ટકાવારી, સેવાક્ષેત્રમાં કામ કરનારની ટકાવારી, એક લાખની વસ્તી દીઠ, હોસ્પીટલોમાં પથારીઓની સંખ્યા વગેરેનો સમાવેશ થયો હતો. ગુજરાત સરકારે ૧૯૬૮–૬૯ માં ૫૬ અલ્પવિકસિત તાલુકાઓ પૈકી ૨૬ તાલુકાઓમાં વિકાસની જુદી જુદી યોજનાઓનો અમલ શરૂ કર્યો હતો. ત્યાર પછી સરકારે પછાત વિસ્તારોનાં વિકાસ માટે અનેક રાહત કાર્યક્રમો અમલમાં મૂકેલ.

**૪:૪ ૧૯૭૮ દાંતવાલા કમિટી અહેવાલ :–**

રાજય સરકારે પ્રાદેશિક વિકાસને અગ્રતાક્રમ આપીને ૧૯૭૮માં દાંતવાલા કમિટીની રચના કરી. આ કમિટીએ જુદા જુદા પછાત પ્રદેશોનો વિવિધ માપદંડો દ્વારા અભ્યાસ કર્યો. આ અભ્યાસમાંથી એવુ તારણ કાઢવામાં આવ્યુ કે દરેક પ્રદેશોને તેના સ્થાનિક પ્રશ્નો હોય છે. જેને કારણે તે પ્રદેશો પછાત રહે છે. આવા પછાત પ્રદેશોને પોતાની ભૌગોલિક અને સ્થાનીય વિશિષ્ટતાઓ હોય છે. આ વિશિષ્ટતાઓના સંદર્ભમાં વિવિધ પ્રદેશોનાં વિશિષ્ટ પ્રશ્નો ઉદ્‌ભવતા હોય છે. દાંતવાલા કમિટીએ કરેલ આ અભ્યાસના અહેવાલમાં આ કમિટીએ ઉપરોકત સમસ્યામાં સમાધાન માટે સરકાશ્રીને એક વિશિષ્ટ પ્રકરનું સૂચન કર્યું હતુ. "આ સમસ્યાનાં સમાધાન માટે વિકેન્દ્રિત આયોજન નહી પરંતુ ઘટકકક્ષાએથી આયોજન કરીને વિકાસની પ્રક્રિયાને સઘન બનાવવાની હિમાયત કરી છે."

**૪:૫ ૧૯૮૪ પછાત વિસ્તાર કમિટી અહેવાલ :–**

૧૯૮૪માં રાજય સરકારે શ્રી આઈ.જી.પટેલનાં અધ્યક્ષપણા હેઠળ પછાત વિસ્તારનાં વિકાસ માટેની કમિટી નીમી. આ કમિટીએ રજુ કરેલા અહેવાલમાં જુદા જુદા પાંચ પ્રકારનાં નિર્દેશકો તૈયાર કર્યા. આ નિર્દેશકોમાં આર્થિક નિર્દેશકો, પૂર્વ જરૂરિયાતનાં નિર્દેશકો, જીવન ધોરણ ગુણવતા અંગેના નિર્દેશકો વગેરે જેવા નિર્દેશકોનો સમાવેશ થાય છે. આ કમિટીએ પ્રાદેશિક પછાતતા માટે આર્થિક પ્રવૃત્તિઓની પછાતતા માટે તેમજ સામાજિક વલણો અને ઉત્પાદનનાં સાધનોની ઓછી વપરાશને કારણભૂત ગણેલ. આ કમિટીએ પ્રાદેશિક વિકાસ માટે આર્થિક પ્રવૃતિ વધારવા સરકારને પછાત વિસ્તાર માટે ખાસ નીતિ ઘડી, સામાજિક વિકાસ કરવા તેમજ સ્થાનિક જરૂરિયાતોની પૂર્તિ થાય તેવા પગલા લેવાની ભલામણ કરી.

**૪:૬ શ્રી બળદેવસીંગનો એક અભ્યાસ :–**

**સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ ઈકોનોમિક એન્ડ સોશ્યલ રિસર્ચ સેન્ટર**

સરદાર પટેલ આર્થિક અને સામાજિક રિસર્ચ સેન્ટર અમદાવાદનાં પ્રોજેકટનાં ભાગરૂપ સુરેન્દ્રનગર જિલ્લાનો એક અભ્યાસ ૧૯૭૮માં શ્રી બળદેવસીંગે કરેલો. તેમનો આ અભ્યાસ જિલ્લાનાં આર્થિક સામાજિક માળખાનાં સંદર્ભમાં હતો. આ અભ્યાસમાં આર્થિક પછાતતા માટે વસ્તી વિષયક લાક્ષણિકતા જોવા મળેલ. બળદેવસીંગના આ અભ્યાસ મુજબ જિલ્લાની વસ્તીનો મોટો ભાગ (૭૩%) ગ્રામ્ય વિસ્તારમાં રહે છે. જયારે શહેરી વિસ્તારમાં રહેતી વસ્તીનું પ્રમાણ નીચુ (૨૭ %) છે. તેમનાં અભ્યાસ મુજબ ૧૯૬૦–૬૧ થી ૧૯૭૦–૭૧નાં એક દાયકાના સમયગાળા દરમ્યાન શહેરી અને ગ્રામીણ વસ્તીના વૃધ્ધિદરમાં કોઈ ખાસ પ્રકારનો ટકાવારી ફેરફાર નોંધાયો નથી. જિલ્લામાં આર્થિક ઉપાર્જનનાં હેતુસર ગ્રામીણ વસ્તી સ્થળાંતર કરતી નથી. પરિણામે ગ્રામ્ય સ્તરે આર્થિક પછાતતા જોવા મળે છે. તેમનાં આ અભ્યાસ પરથી સ્પષ્ટ નિર્દેશ મળે છે કે કૃષિ વિભાગનો જિલ્લાની પ્રાદેશિક પેદાશમાં ફાળો છે અને તે પછી અનુક્રમે સેવા વિભાગ અને ઉદ્યોગ વિભાગનું સ્થાન આવે છે. તેમનાં અભ્યાસમાં વર્ષ ૧૯૭૦–૭૧ માં જિલ્લાની કુલ પેદાશમાં પ્રાથમિક વિભાગનું ટકાવારી પ્રમાણ ૬૧.૮૯% જેટલુ હતુ. જયારે સેવા વિભાગનું ટકાવારી પ્રમાણ ૨૯.૫૫% જેટલુ અને ઉદ્યોગ વિભાગની પેદાશનું ટકાવારી પ્રમાણ ૮.૫૬ % જેટલુ રહેતુ હતુ. આમ એ જિલ્લાનું અર્થકારણ આર્થિક માળખાનાં કેટલાક લક્ષણો ધરાવે છે.

### ૪:૭ શ્રી. આઈ. જી. પટેલ ૧૯૮૦ :–

આઈ. જી. પટેલે ઈ.સ. ૧૯૮૦ માં ગુજરાત રાજયનાં પછાત વિસ્તારોમાં ખેતવિકાસનો એક અભ્યાસ કર્યો છે. તેમનાં અભ્યાસમાંથી મળતા તારણોમાં જોવા મળે છે કે પછાત વિસતારોમાં પછાતતાને કારણે ખેતીનો વિકાસ જોવા મળતો નથી. આવા વિસતારોમાં ખેડૂતોની અજ્ઞાનતા, જૂની પુરાણી ખેત પધ્ધતિ, વિકાસ કાર્યોમાં પ્રજાની ઓછી ભાગીદારી, માળખાગત સુવિધાઓનો અભાવ વગેરે જેવી બાબતો જોવા મળે છે. પરિણામે આવા વિસતારોમાં ક્ષેત્ર મુજબની પછાતતા અન્ય વિસતારોની તુલનાએ વધુ જોવા મળે છે. આ અભ્યાસનાં સંદર્ભમાં ક્ષેત્રિય પછાતતા માટે વિસતારોની સ્થાનિય પછાતતા કારણભૂત ગણી શકાય એવુ શ્રી. આઈ. જી. પટેલનું મંતવ્ય છે.

### ૪:૮ ગુજરાત રાજયમાં શહેરીકરણ અને ઔદ્યોગિકરણની બાબતમાં પ્રાદેશિક વિવિધતા કે. વી. ચિતરંજન :–

૧૯૮૧ માં ૨૨૦ શહેરીકેન્દ્રમાં ૩૧ ટકા વસ્તી સામે ગુજરાત ભારતનું ત્રીજા નંબરનુ શહેરીકરણ ધરાવતુ રાજય હતુ. ૧૯૬૦નાં સમયગાળા દરમ્યાન ૪૧ ટકા હતુ. વર્ષ ૧૯૭૦નાં સમયગાળામાં ૪૦.૮૨ ટકા હતુ. આમ ૧૯૬૦નાં સમયગાળા દરમ્યાન ૧.૯૩ નાં દરે વધારો થયેલો હતો. જયારે ગુજરાત રાજયમાં ૨.૩ ટકાનાં દરે વધારો થયો હતો. સંબંધીત આંકડાઓ પરથી કહી શકાય કે સમગ્ર દેશ માટે વર્ષ ૧૯૭૦માં ૩.૮૨ ટકા વિકાસ હતો. જયારે ગુજરાત રાજયમાં જ ૨.૯૯ ટકા વધારો હતો. શ્રી ચિતરંજનજીનાં વિચારો મુજબ શહેરીકરણ અને ઔદ્યોગિકરણનું સ્થાનિય માળખુ હકારત્મક સંબંધ ધરાવે છે. શહેરીકરણ અને ઔદ્યોગિકરણ પામેલા જિલ્લાઓમાં ૦.૭૮ ટકાનો સહસંબંધ ગુજરાત રાજયમાં જોવા મળે છે. ઔદ્યોગિકરણની સ્થાનિક આંતરક્રિયાઓ ઉપર પ્રાદેશિક વિકાસક્ષમતા છે. એમ દલીલ કરી શકાય કે ગુજરાતમાં પ્રાદેશિક વિકાસ પ્રક્રિયાઓની ગુજરાતમાં વેતનદર પર અસર થાય છે. ગુજરાતનાં જિલ્લાઓમાં વેતનદરમાં વધુ તફાવત છે. જેમકે અમદાવાદ જિલ્લામાં ઉંચુ વેતનદર પ્રમાણ છે. જયારે સાબરકાંઠા જિલ્લામાં વેતનદર પ્રમાણ નીચુ છે. ગુજરાત રાજયના ૭ (સાત) જિલ્લાઓમાં રાજયની સરેરાશ કરતા વધુ વેતન છે. સૌરાષ્ટ્ર અને કચ્છનાં બધા જિલ્લામાં વેતનદરનું પ્રમાણ નીચુ છે. ગુજરાત રાજયમાં વેતનદરમાં જિલ્લા વચ્ચે રહેલા તફાવતનાં કેટલાક કારણોને શ્રી ચિતરંજનજીએ વિવિધ અભિગમો અપનાવીને સમજાવ્યા છે. જેમાં પ્રથમ

પ્રાદેશિક રોજગારીનો અભિગમ છે. જેના માટે સ્થાનીય માળખાને કારણભૂત ગણી પ્રાદેશિક વેતનદરનાં ઉદ્‌ભવનુ એક કારણ બતાવ્યુ છે. બીજુ કારણ સ્થાનીય શ્રમની કાર્યક્ષમતામાં રહેલા તફાવતને કારણભૂત ગણાવેલ છે. ત્યાર પછી સ્થાનીય બંધારણના સંબંધમાં પુરવઠાનાં પરિબળને કારણભૂત ગણેલ છે. આ બંધારણમાં શ્રમ, રોજગારી, મૂડી જથ્થો વગેરે બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે. આ પરિબળો ક્ષેત્રીય ખર્ચમાં તફાવતી જીવનધોરણ ખર્ચની કિંમતે નકકી થતા હોય છે. પરિણામે જે ક્ષેત્રમાં ઉંચા વેતનદરો અપાય છે તેવા ક્ષેત્રોમાં શહેરીકરણની પ્રક્રિયા સર્જન પામે છે. ગુજરાત રાજયમાં વેતનનાં દરોમાં તફાવતનાં મુખ્ય કારણો માટે તેમણે કરેલી પૂર્વધારણા શહેરીકરણ અને ઔદ્યોગિકરણ વચ્ચેનો હકારાત્મક સંબંધ છે એ આ બાબત પરથી સાબિત થાય છે. તેમજ ખાનગીક્ષેત્ર અને જાહેરક્ષેત્રનાં વેતનદરો વચ્ચે રહેતો તફાવત અને ત્રીજુ પ્રાદેશિક ફેરફારો સાથે તફાવતીય વેતનદરો છે.

### ૪:૯ રાષ્ટ્રીય વિકાસ સમિતિ – ૪૭ મી બેઠક સંબોધન અહેવાલ :–

**(સંદર્ભ, ગુજરાત સમાચાર તા. ૧૭/૧/૯૭)**

કેન્દ્રીય આયોજનની ખામીના ભાગ સ્વરૂપે વિકેન્દ્રિત આયોજનને સ્વીકારતા આયોજન પંચનાં ઉપાધ્યક્ષ પ્રો. મધુ દંડવતે રાષ્ટ્રીય વિકાસ સમિતિની ૪૭ મી બેઠકને સંબોધતા જણાવ્યુ હતુ કે ક્ષેત્રિય વિકાસની અસમાનતા એ આયોજનની ખામી છે. રાષ્ટ્રમાં ઉંચો આર્થિક વિકાસ દર સાધવો હશે તો આર્થિક નિર્ણયોનું વિકેન્દ્રિકરણ કરવુ અનિવાર્ય છે. વધુમાં તેમણે જણાવ્યુ હતું કે વિવિધ પ્રકારનાં નિર્ણયો લેવાતા તંત્રનુ એવી રીતે વિકેન્દ્રિકરણ કરવાનુ આવશ્યક છે કે, આપણી વિકાસ પ્રક્રિયામાંના બધા મોટા દાવેદારોને નિર્ણયો ઝડપથી અને સરળતાથી લેવાની સત્તા આપવામાં આવે નાણાકીય ફરજો પરિપૂર્ણ કરવા અને જાહેર મૂડીરોકાણો વધારવા સરકારનો માર્ગદર્શક તરીકે આધાર રાખવો. સમાનતાવાદના સાધન તરીકે સહકારી ક્ષેત્ર પર આધાર રાખવો અને ખાસ કરીને માળખાકીય ક્ષેત્રમાં મૂડીરોકાણ અને ખાનગી મૂડીરોકાણ માટે બજારતંત્રનું વિકેન્દ્રિકરણ જરૂરી બન્યુ છે. ખેતીવાડી અને ઉદ્યોગો માટેનાં માળખા પર ભાર મૂકવાથી ગ્રામ્ય ગરીબોને લાભ મળશે તેમજ દરેક ક્ષેત્રની વ્યકિતગત સમસ્યાઓનું સમાધાન એ વિકાસ પ્રક્રિયાને ઉચ્ચ સ્થિતિ પર લઈ જશે. સાથે સાથે ટુંકાગાળામાં વિકાસ પ્રક્રિયાનો લાભ જે પ્રદેશો કે જૂથનાં લોકો ઉઠાવી શકતા નથી તેવા

પ્રદેશો કે વિસ્તારો પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવુ જોઈએ. આ રીતે પ્રાદેશિક અસમાનતા પર ધ્યાન કેન્દ્રીત કરવાનુ સર્વગ્રાહી સંબોધન કર્યું છે.

**૪:૧૦ પ્રો. માઈકલ લિપ્ટનનો અભ્યાસ :–**

પ્રો. માઈકલ લિપ્ટને તેમનાં પુસ્તકમાં પ્રાદેશિક વિકાસનાં વલણો ચકાસ્યા છે. આ અભ્યાસમાં માઈકલ લિપ્ટનનું એવુ તારણ છે કે ભારતમાં શહેરી વિસ્તારો વધુ ઝડપથી વિકસ્યા છે અને ગ્રામ્ય વિસ્તારો પછાત રહી જવા પામ્યા છે. તેમાં પણ મોટાભાગનાં વિસ્તારોમાં પણ પેટા પ્રાદેશિક અસમતુલાઓ ખુબ જ તીવ્ર પ્રમાણમાં ઉભી થવા પામી છે. પ્રાદેશિક વિકાસની પ્રક્રિયાઓનો તલસ્પર્શી અભ્યાસ કરતા અર્થશાસ્ત્રીઓ ભારપૂર્વક દલીલો કરે છે કે નીતિવિષયક પગલાઓ દ્વારા તેમજ વિશિષ્ટ કાર્યક્રમો દ્વારા શકય તેટલા પ્રમાણમાં પેટા પ્રાદેશિક અસમતુલાઓ નિવારવી. આ અભ્યાસો ભારતમાં થયેલા જુદા જુદા વિસ્તારોના પેટા પ્રદેશોની અસમતુલાઓના અભ્યાસની શૃંખ્લામાં એક વધુ ઉમેરો કરે છે. કોઈપણ પ્રદેશમાં પ્રવર્તતી આંતરવિભાગીય અસમતુલાઓ વિવિધ પ્રકારના વિકાસ કાર્યક્રમો હાથ ધરીને દૂર કરી શકાય જે કાર્યક્રમો આ જિલ્લામાં સારા પ્રમાણમાં થતા જોવા મળે છે. પરંતુ તેની અમુક મર્યાદાઓ પણ રહી જવા પામી હોય છે, એટલે કે આ મર્યાદાઓને અનુલક્ષીને શકય તેટલા પ્રમાણમાં અસમતુલાઓ દુર કરવામાં આવે તો સમગ્ર પ્રદેશનો વિકાસદર ઝડપથી વધારી શકાય.

**૪:૧૧ ઉપસંહાર :–**

આમ, અહીં રજુ કરેલ દરેક સંશોધન અભ્યાસના તારણો દ્વારા સ્પષ્ટ થાય છે કે પેટા પ્રાદેશિક, પ્રાદેશિક અને જિલ્લા સ્તરે અભ્યાસો સમગ્ર રાષ્ટ્રની પછાતતા, વિકાસની સ્થિતી કે વિકસિત સ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ આપે છે. સમગ્ર રાષ્ટ્રને કેન્દ્રમાં રાખી નિમવામાં આવેલ કમિટીઓ દ્વારા જે સમગ્ર રાષ્ટ્રના સંદર્ભમાં અહેવાલો રજૂ થયા છે. તેનું મહત્ત્વનું અને મુખ્ય તારણ પણ એજ છે કે જો સમગ્ર રાષ્ટ્રના દરેક પરિબળોને ધ્યાનમાં રાખી મહત્ત્વના ક્ષેત્રોને આધારે સમાન કે સમતોલ વિકાસદર હાંસલ કરવો હોય તો ઘટકકક્ષાએથી થયેલા પ્રયાસો જ સ્વીકાર્ય પરિણામ આપી શકે. આ ઉપરાંત રાજયનાં પછાત વિસ્તાર તરીકે સુરેન્દ્રનગર જિલ્લાનો થયેલ અભ્યાસ પણ આ બાબતને સમર્થન આપે છે. ઘટકકક્ષાએ થયેલ સંશોધન અભ્યાસોને જો દરેક જિલ્લાકક્ષાએ અને રાજયકક્ષાએ મહત્ત્વ આપવામાં આવે તો રાષ્ટ્રીયકક્ષાએ નિશ્ચિત લક્ષ્યાંકો પાર પાડી શકાય.

# પ્રકરણ – ૫

# "અભ્યાસની પરિકલ્પના"

# (Advantage of Study)

# પ્રકરણ – ૫
# અભ્યાસની પરિકલ્પનાઓ
# (Advantage of Study)



| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૫:૧ | પ્રસ્તાવના | ૨૦૦ |
| ૫:૨ | ખેતીક્ષેત્રેવિકાસ સંબંધી પરિકલ્પનાઓ | ૨૦૧ |
| ૫:૩ | ઉદ્યોગક્ષેત્રે વિકાસ સંબંધી પરિકલ્પનાઓ | ૨૦૫ |
| ૫:૪ | સમગ્રલક્ષી વિકાસની પરિકલ્પનાઓ | ૨૧૬ |
| ૫:૫ | ઉપસંહાર | ૨૨૫ |

# પ્રકરણ – ૫
# અભ્યાસની પરિકલ્પનાઓ

## ૫:૧ પ્રસ્તાવના :–

આ સંશોધન અભ્યાસમાં રાજકોટ જિલ્લાનો પ્રદેશવાર વિકાસ કયા ક્ષેત્રો પર આધારીત છે તે બાબતની ચર્ચા ખેતી અને ઉદ્યોગના સંદર્ભમાં કરવામાં આવેલ છે. આ બન્ને મહત્વના ક્ષેત્રો દ્વારા જિલ્લાના વિકાસની વર્તમાન પરિસ્થિતી તેમજ ભાવિ વિકાસની તકો કેવી છે તેની ચર્ચા કરેલ છે. જિલ્લાના ઔદ્યોગિક વિકાસમાં ઉદ્યોગનો પ્રકાર અને વિશિષ્ટ પધ્ધતિઓનો વિશેષ ફાળો છે. આ બાબતનો પણ નિર્દેશ કરેલ છે. જયારે કૃષિ માળખુ સિંચાઈની અપૂરતી સગવડોને કારણે પછાત જોવા મળે છે. આ ઉપરાંત સેવાક્ષેત્રની દ્રષ્ટિએ પણ વિકાસની શકયતાઓ કેવી રહેલી છે તેની ચર્ચા પણ થયેલ છે.

પ્રસ્તુત પ્રકરણમાં રાજકોટ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારોની પછાતતા અને વિકાસની સમસ્યાઓના નિવારણ સાથે વિકાસની ભાવિ શકયતાઓ સાંકળી લેવામાં આવી છે. આ શકયતાઓને વાસ્તવિકતાનાં સ્વરૂપમાં ઉપલબ્ધ કરવા વિશિષ્ટ સૂચનો પણ કરવામાં આવેલ છે. આ સંશોધિત વિસ્તાર મહદ્અંશે ઉદ્યોગોનાં વિકાસ સાથે સંકળાયેલ હોવાથી જિલ્લાને વિકાસની અગ્રતા હાંસલ કરવામાં આ ઔદ્યોગિક ક્ષેત્રનો ફાળો સવિશેષ સહાયક બની રહેવાની શકયતાઓ છે. ક્ષેત્રવાર કે અગત્યાનુસાર પરિકલ્પનાઓની ચર્ચા ક્રમશ અહીં કરવામાં આવેલ છે.

## ૫:૨ ખેતીક્ષેત્રે વિકાસ સંબંધી પરિકલ્પનાઓ :–

કૃષિ ઉત્પાદન માટે ભારત જેટલી અનુકૂળ સ્થિતિ કયાંય નથી. ભારતમાં કુલ જમીનનાં ૫૨ ટકા જેટલી જમીન ખેતીલાયક છે. દુનિયાનાં મોટા ભૂવિસ્તારમાં સરેરાશ ૧૧ ટકા જમીન ખેતીલાયક છે. આ ઉપરાંત સિંચાઈ હેઠળ આવતી જમીનનાં ક્ષેત્રફળ જેટલી જમીન દુનિયામાં બીજા કોઈ દેશ પાસે નથી. ભારતનુ હવામાન સમશિતોષણ હોવાને લીધે ખેતી માટે ખુબ અનુકૂળ છે. રાષ્ટ્રીય સ્તરે રહેલી આવી કૃષિ અનુકૂળતા દરેક રાજયોવાર અને જિલ્લા તેમજ ઘટકકક્ષાએ પણ રહેલી છે. જો આ કુદરતી અનુકૂળતાઓનો પૂરતો ઉપયોગ કરવામાં આવે તો ઘટકકક્ષાએ

કૃષિ વિકાસ માટે રહેલા ઉચ્ચતમ લક્ષ્યાંકો પાર પાડી શકાય રાજકોટ શહેર ઔદ્યોગિક વિકાસ સાથે સંકળાયેલ હોવા છતા રાજકોટ જિલ્લાનાં દરેક તાલુકાઓ અને ગ્રામીણ વિસ્તારોનાં વિકાસમાં આ ક્ષેત્રનો હિસ્સો વિશેષ ગણી શકાય. જિલ્લાની વર્તમાન કૃષિ સ્થિતિમાં ભવિષ્યમાં જે વધારો થવાની શકયતાઓ છે તે ત્યારે જ મૂર્તિમંત થઈ શકશે જો તેના માટે ખેત આધારિત વિશિષ્ટ પરિબળોને આવરી લેવામાં આવે જેની ચર્ચા અહીં ક્રમશ કરવામાં આવેલ છે.

**૫:૨:૧ આજીવિકા આધારિત ખેતપદ્ધતિ અમલમાં આવી રહી છે :–**

આજીવિકા આધારિત ખેત પદ્ધતિમાં વધારો કરવા માટે ખેતીક્ષેત્ર મૂડીરોકાણ વધી રહયુ છે. ખેડૂતોને બિયારણનાં અધિકારો સંપૂર્ણપણે મળી શકે તેવા પ્રયાસો થઈ રહયા છે. રાષ્ટ્રીય અને ઘટકકક્ષાએ ખેડૂતોને ધિરાણ અને સબસિડીના લાભો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરવા જોઈએ. આ દરેક બાબતોની દ્રષ્ટિએ સફળતા ઉભી કરવામાં આવશે તો જ ખેત ઉત્પાદકતામાં વધારો પ્રાપ્ત કરવાનુ પ્રોત્સાહન ખેડૂતો પ્રાપ્ત કરી શકશે જેનો સીધો જ લાભ ઘટકકક્ષા દ્વારા જિલ્લા, રાજય અને રાષ્ટ્ર કક્ષાએ ઉપલબ્ધ થઈ શકશે.

**૫:૨:૨ સામંતશાહી દ્રષ્ટિકોણમાં પરિવર્તન થઈ રહયા છે :–**

સામાન્ય રીતે જોતા એવુ લાગે છે કે જિલ્લાનાં ખેડૂતોની મૂશ્કેલીનું મૂળ કારણ અહીંનો પરંપરાગત સામંતશાહી દ્રષ્ટિકોણ છે. ઉચ્ચકક્ષાએ એવી માનસિકતા દેખાઈ છે કે ખેડૂતોએ દેશવાસીઓ માટે પૂરતુ અન્ન ઉત્પાદન કરવુ. પરંતુ તેમણે ઉત્પન્ન કરેલ ખેતપેદાશોનાં વાજબી અને પોષણક્ષમ ભાવો મળે તેવી અપેક્ષા ન રાખવી. તેમને ખેત જરૂરિયાતની ચીજવસ્તુઓ ગમે તેટલી મોંઘી મળે તો પણ ખેત પેદાશોનાં જે ભાવો મળે તેનાંથી સંતોષ માનવો. જોકે સામંતશાહી તો ભારતમાંથી ઘણા વર્ષો પહેલા દૂર થઈ ગઈ. પણ નવા શાસકોમાં કંઈ ફેર પડયો હોય તેવુ ખેતી અને ખેડૂતો સાથેના વ્યવહારમાં પણ બદલાયેલુ વલણ દેખાય તો જ ખેતીક્ષેત્રનો નિર્ધારીત વિકાસદર પ્રાપ્ત કરી શકાશે.

**૫:૨:૩ ખેડૂતોની જીજીવિષામાં વધારો થવો જોઈએ :–**

ડીઝલ, વિજળી, રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ, ખેત ઓજારો વગેરે જેવી કૃષિ સંશોધન સામગ્રીની ચીજવસ્તુઓની સતત વધતી જતી કિંમતો, ઓછુ થતુ જતુ ખેત ઉત્પાદન, અપૂરતી બજારવ્યવસ્થા, ખેતપેદાશોના યોગ્ય અને પોષણક્ષમ ભાવોનો અભાવ તેમજ ખેતીની

જમીનનુ ધોવાણ, ખવાણ, ક્ષારીકરણનાં કારણે થતુ જમીનનુ અધઃપતન, જૈવિક અધઃપતન, જલસંગ્રહોનો ક્રમશઃ ઘટાડો પાણીની અછત વગેરે અનેકવિધ કારણોનાં પરિણામે ખેતી સતત નબળી પડતી જાય છે. જો આ દરેક કારણો હકારાત્મક હોય તો જ ખેડૂતોની જીજીવિષામાં વધારો થાય અને તેઓ ખેતવિકાસ માટે વધુ પ્રયત્નશીલ બનશે. જેનો લાભ સમગ્ર જિલ્લાને મળી શકશે.

**૫:૨:૪ ખેતી પર આડકતરા કરનાં બોજમાં ઘટાડો થવો જોઈએ :–**

છેલ્લા કેટલાક સમયથી ખેતીની આવક પર કર નાખવાની વાતો થઈ રહી છે. તાજેતરમાં દિલ્હી ખાતે ભારત સરકારનાં મહેસૂલ ખાતાના સચિવશ્રી એસ. નારાયણ સાથેની એક મિટિંગમાં ભારતનાં વેપાર ઉદ્યોગની ટોચની સંસ્થાએ આગામી બજેટમાં ખેતીની આવક પર કર નાખવા અને ખેતી હેઠળના વ્યાપારી વ્યવહારોને કરવેરાની જાળમાં સાંકળી લેવા એવો અનુરોધ કરેલ હતો પરંતુ ખેતી પર કર નથી તેવુ નથી આપણા દેશમાં આડકતરા કરવેરાનુ પ્રમાણ મોટુ છે. ૧૯૯૦–૯૧માં આડકતરા વેરાનું પ્રમાણ ૮૧ ટકા અને ૨૦૦૦–૨૦૦૧માં ૬૪ ટકા જેવુ હતુ. આ કરવેરાનો બોજો એક યા બીજી રીતે ખેતી, ખેડુત અને ગામડા પર આવતો જ હોય છે. જો આ આડકતરા કરનો બોજો જ ખેડુતો માટે મુશ્કેલીનું સર્જન કરતો હોય ત્યારે તેનુ નિવારણ આવશ્યક બની રહે છે અને તો જ ખેતવિકાસ આવા કોઈપણ આડકતરા બોજ વગર આગળ વધી શકશે. જે જિલ્લાના વ્યાપાર અને ઉદ્યોગ માટે પણ અનુકૂળતાઓ ઉભી કરે તેવી શકયતાઓ રહેલી છે.

આમ, ખેતવિકાસની ભાવિ શકયતાઓ હાંસલ કરવા ઉપરોકત પરિબળો અનુકૂળ હોવા આવશ્યક છે. જિલ્લાના ગામડાઓમાં પણ ગ્રામસભાનાં કાર્યક્રમોમાંથી ગામના પ્રાણપ્રશ્નોની રજુઆત અને તેનો સરકાર શ્રી દ્વારા ઉકેલ લાવી શકાય. પરંતુ દરેક ગામડાના ગ્રામજનોનો પુરે પુરો સહકાર મળવો પણ જરૂરી છે. તોજ ગામના સળગતા પ્રશ્નો જેવા કે ગામ તળની જમીનમાં દબાણ, પીવાનુ પાણી, વિજળી, વાહનવ્યવહાર, રોજગારી, બાળ શિક્ષણ, રસ્તા, ગરીબાઈ જેવા પ્રશ્નો, પંચાયત અને મહેસુલ વિભાગના પ્રશ્નોનુ નિરાકરણ એ જ સંપૂણ વિકસિત ગ્રામ્ય વિસ્તારનું નિર્માણ કરી શકે પરંતુ માત્ર કાગળ પર જ જો લોકસભા યોજાય તો પરિણામ શુન્ય જ આવે, પરંતુ જો તાલુકા વિકાસ અધિકારી, તલાટીઓ, સરપંચો અને ગામના જાગૃત લોકો દ્વારા ગ્રામસભાઓનું આયોજન થાય તોજ રાજકોટ શહેર સાથે સંકળાયેલા તમામ તાલુકાઓ અને તેમાં આવેલ ગ્રામીણ વિસ્તારો સમતોલ વિકાસ પ્રાપ્ત કરી શકશે તેમાં કોઈ શંકા નથી.

**પઃરઃપ જિલ્લાની બેંકો દ્વારા ધિરાણની શકયતાઓ :–**

તાજેતરમાં ૨૦૦૫–૦૬ માટેનો રાજકોટ જિલ્લાનો રૂા. ૧૩૯૭.૯૧ કરોડનો એન્યુઅલ ક્રેડીટ પ્લાન સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, લીડ બેંક, રાજકોટ દ્વારા તૈયાર કરી નવનિયુકત જિલ્લા કલેકટરના હસ્તે ખુલ્લો મુકવામાં આવેલ હતો. આ બેઠકની શરૂઆતમાં લીડ ડીસ્ટ્રીકટ ચીફ મેનેજરે જણાવ્યા મુજબ રાજકોટ જિલ્લાની બેંકો માટે વર્ષ ૨૦૦૫–૦૬ દરમ્યાન ધિરાણનાં લક્ષ્યાંકોમાં પાક ધિરાણ ૯૫૦.૯૦ કરોડ, ખેતીવાડી મધ્યમ મુદત ધિરાણ ૭૬.૭૭ કરોડ, નાના ઉદ્યોગોને ૧૮૩.૫૮ કરોડ, વ્યાપાર અને સેવાઓ માટે ૧૮૬.૬૬ મળી કુલ ધિરાણ ૧૩૯૭.૯૧ કરોડ રૂપિયા થાય છે. વર્ષ ૨૦૦૪–૦૫ના કુલ ધિરાણ લક્ષ્યાંક રૂા. ૧૧૭૧.૫૫ કરોડની સામે રૂા. ૨૨૬.૩૬ કરોડનો વધારો કરી કુલ રૂા. ૧૩૯૭.૯૧ કરોડનો વર્ષ ૨૦૦૫–૦૬નો કુલ ધિરાણ લક્ષ્યાંક નકકી કરેલો છે. જે ગત વર્ષ કરતા ૧૯ ટકાનો વધારો દર્શાવે છે. કુલ વાર્ષિક લક્ષ્યાંક ૧૩૯૭.૯૧ કરોડમાંથી ૭૪ ટકા એટલે કે રૂા. ૧૦૨૭.૬૭ કરોડ ખેતીવાડી ક્ષેત્રમાં, ૧૩ ટકા એટલે કે રૂા. ૧૮૩.૫૮ કરોડ નાના ઉદ્યોગ માટે તથા ૧૩ ટકા એટલે કે ૧૮૬.૬૬ કરોડ વ્યાપાર અને સેવાક્ષેત્રે ધિરાણ કરવાના લક્ષ્યાંકો છે.

રાજકોટ જિલ્લાની બેંકો દ્વારા ક્રેડીટ પ્લાન વર્ષ ૨૦૦૪–૦૫નાં ડીસેમ્બર અંતમાં કરેલી પ્રગતિની વિગતો આપતા તેઓએ જણાવ્યુ હતુ કે પ્રાથમિક ક્ષેત્રમાં ખેતીવાડી, ઉદ્યોગ અને વેપારનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૦૪–૦૫માં પ્રાથમિક ક્ષેત્રમાં કુલ વાર્ષિક લક્ષ્યાંક રૂા. ૧૧૭૧.૫૫ કરોડની સામે ડિસેમ્બર ૨૦૦૪ સુધી રૂા. ૯૧૮.૬૯ કરોડનુ ધિરાણ કરેલુ છે. જે લક્ષ્યાંકનાં ૭૮ ટકા સિદ્ધિ હાંસલ કરેલ છે. તથા માર્ચ ૨૦૦૫ નાં અંત સુધીમાં ૧૦૦ ટકાથી પણ વધુ ધિરાણ થઈ જવાની શકયતા છે. ખેતીવાડી ક્ષેત્રમાં કુલ વાર્ષિક લક્ષ્યાંક રૂા. ૯૬૩.૪૦ કરોડની સામે ડીસેમ્બર–૨૦૦૪ સુધી કરેલ ધિરાણ રૂા. ૭૩૯.૪૩ કરોડ છે. જે લક્ષ્યાંકનાં ૭૭ ટકા સિદ્ધિ હાંસલ કરેલી છે. અહીં ખેતીવાડી ધિરાણમાં પાક ધિરાણનાં કુલ વાર્ષિક લક્ષ્યાંક રૂા. ૭૩૨.૩૭ કરોડની સામે ડીસેમ્બર ૨૦૦૪ સુધી કરેલા ધિરાણ રૂ. ૬૯૯.૨૬ કરોડ છે. જે લક્ષ્યાંકનાં ૭૫ ટકા સિદ્ધિ હાંસલ કરેલ છે. નાના ઉદ્યોગોનાં ક્ષેત્રમાં કુલ વાર્ષિક લક્ષ્યાંક રૂા. ૮૬.૮૨ કરોડની સામે ડીસેમ્બર – ૨૦૦૪ સુધી કરેલા ધિરાણ રૂા. ૬૭.૧૦ કરોડ છે. આ લક્ષ્યાંક માર્ચ ૨૦૦૫માં પૂર્ણ કરેલ છે.

**૫:૨:૬ રાજકોટ જિલ્લાનાં કૃષિમાળખાનાં વિકાસની વર્તમાન સ્થિતી :–**

જિલ્લાનું કૃષિમાળખુ કેટલા પ્રમાણમાં વિકાસ પામ્યુ છે તેના આધારે દરેક ક્ષેત્રોનો વિકાસ સંકળાયેલ હોવાથી સરકારનાં તમામ વિકાસલક્ષી અને કલ્યાણલક્ષી કાર્યક્રમોનો પૂરતા પ્રમાણમાં અમલ થાય છે કે નહિ તે તપાસવુ જરૂરી છે. ઉપરાંત ખેત આધારિત કયા–કયા ઉદ્યોગો વિકસી શકે તેમ છે તેના આધારે ખેતીક્ષેત્રને કયા ઉદ્યોગોના સંદર્ભમાં કેટલુ મહત્વ આપવુ તેનુ ચોકકસ વિશ્લેષણ થઈ શકે છે. મહત્વની બાબત તો એ છે કે રાજકોટ જિલ્લાનું કૃષિ માળખુ કે જે સંપૂર્ણપણે વિકસીત હોવુ જોઈએ તેટલુ નથી કારણ વરસાદ જેવા કુદરતી સાધન પરની આધારીતતા અને અન્ય વિકલ્પ તરીકે ભૂગર્ભજળના સ્ત્રોતો પણ ઉંડા જવાથી અને અપૂરતી સિંચાઈ સુવિધાને કારણે પણ સંપૂર્ણપણે કૃષિક્ષેત્રનો વિકાસ થઈ શકયો નથી.

આ ઉપરાંત ખેડૂતોને ખેતીમાં પૂરતુ ઉત્પાદન ન મળવા માટે અનેક કારણો જવાબદાર છે. જુદા જુદા મુખ્ય પાકોનું વિઘાદીઠ જેટલુ ઉત્પાદન પ્રાપ્ત થવુ જોઈએ તેટલુ થતુ નથી. જેને કારણે ખેડુતોને ખેતીનું ખર્ચ બાદ કરતા નફાનુ પ્રમાણ પણ નહિવત રહે છે. તેમજ દુષ્કાળને કારણે આસપાસનાં અનેક વિસ્તારની ખેતી ભાંગી પડી છે. નાના અને સીમાંત ખેડૂતોને સરકારની યોજનાઓનો પૂરતો લાભ પણ મળતો નથી જેના કારણે પણ કૃષિમાળખાનો જે વિકાસ દર હાંસલ થવો જોઈએ તે થઈ શકતો નથી.

આ ઉપરાંત ખેડૂતોમાં ખેતવિષયક આધુનિક માહિતીઓના અભાવને કારણે પણ સરકાર દ્વારા આપવામાં આવતા લાભોથી તેઓ વંચિત રહે છે. જેથી સરકારની અનેક કૃષિવિષયક યોજનાઓનો લાભ તેઓ મેળવી શકતા નથી. આધુનિક યંત્રસામગ્રી, નવા સંશોધીત રાસાયણીક ખાતરો જરૂરી બિયારણો વગેરેના અભાવોને પરિણામે પણ જિલ્લાની કૃષિ વિકાસક્ષમતા ઉચ્ચતમ સ્તર પ્રાપ્ત કરી શકી નથી. આથીજ આ અભ્યાસને આધારે કૃષિવિષયક દરેક પ્રશ્નોનું વિશ્લેષ્ણ કરી અને તેના નિવારણ માટે જરૂરી બાબતોનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

આ માટે ખેડુતોને સરકાર દ્વારા પ્રાપ્ત થતી તમામ પ્રકારની સબસીડીઓથી માહિતગાર કરવા જોઈએ. તે ઉપરાંત કૃષિક્ષેત્રનાં વિકાસ માટે સરકાર દ્વારા જે પગલાઓ લેવામાં આવે છે તેનો પૂરતો લાભ ખેડુતો મેળવી શકે તે માટેના સેમીનારોનું આયોજન કરવાના પ્રયાસો કરવા જોઈએ. રાજયસરકારની દરેક જરૂરી એવી સિંચાઈ યોજનાઓનો લાભ રાજકોટ જિલ્લાના

કૃષિવિસ્તારને મળી શકે તે માટે કૃષિ વિકાસ માટે આધારરૂપ એવા પાકોના વાવેતરમાં કેન્દ્રીકરણ કરી અને તેના લાભ મેળવવા જોઈએ. વાવેતર હેઠળના તમામ વિસ્તારને ધ્યાનમાં લઈ પૂરતી સિંચાઈ વ્યવસ્થા પ્રાપ્ત થઈ શકે તેવા પ્રયાસો કરી કૃષિક્ષેત્રની મહત્વની અને પાયારૂપ એવી જળસમસ્યા દૂર કરી શકાય તો જ સ્વપનવતા એવી હરીયાળી ક્રાંતીનુ ધ્યેય હાંસલ કરી શકાય અને રાજકોટ જિલ્લાને કૃષિક્ષેત્રે પણ અગ્રીમતાદર્શક વિકાસ હાંસલ થઈ શકે.

રાજકોટ જિલ્લો ઔદ્યોગિક દ્રષ્ટિએ સારી રીતે વિકસિત થયેલ છે. ઔદ્યોગિક માળખા દ્વારા અનેક શ્રમિકોને રોજગારી પ્રાપ્ત થઈ શકે છે પરંતુ ભારતીય અર્થતંત્ર જે ખેતીપ્રધાન હોવાથી ખેતસંપત્તિનું પણ વિશેષ પ્રાધાન્ય જોવા મળે છે. આ દ્રષ્ટિએ જિલ્લાનું કૃષિમાળખુ તપાસવામાં આવે તો રાજકોટ જિલ્લામાં સિંચાઈની અપૂરતી સગવડો, પાણીની અછત વગેરેને કારણે કૃષિક્ષેત્રે સંપૂર્ણ વિકાસ થયેલો જોવા મળતો નથી.

**૫ઃ૩ ઉદ્યોગક્ષેત્રે વિકાસ સંબંધી પરિકલ્પનાઓ :–**

કૃષિક્ષેત્રે વિકાસની જે પરિકલ્પનાઓ રહેલી છે તેની તુલનાએ રાજકોટ જિલ્લામાં ઉદ્યોગોની વર્તમાન સ્થિતી કરતા ભાવિ શકયતાઓ વિશેષ ઉજવળ છે. પરંતુ તે માટે વર્તમાન વિકાસ માટે અવરોધક બની સમસ્યાઓ નિવારવી આવશ્યક છે.

**૫ઃ૩ઃ૧ જિલ્લામાં નવા ઉદ્યોગોની શકયતાઓ :–**

નવા ઉદ્યોગો સ્થાપવાની શકયતાનો મુખ્ય આધાર પ્રાપ્ય કુદરતી સાધન સંપત્તિનો મહત્તમ ઉપયોગ, ઔદ્યોગિક સાધનોની પ્રાપ્તિ તેમજ ગ્રાહકોની માંગ, કુશળ કારીગરોની ઉપલબ્ધિ, નિકાસ અંગેની શકયતાઓ વગેરે બાબતો મુખ્ય ભાગ ભજવે છે. જિલ્લાનો ઔદ્યોગિક વિકાસ સર્વાંગી રીતે થાય તો જ પ્રાદેશિક અસમાનતાઓ અને સામાન્ય માનવીની રોજગારીની તકો વિકસી શકે. રાજકોટ જિલ્લો સૌરાષ્ટ્રની મધ્યમાં આવેલો છે. તેમજ સૌરાષ્ટ્રના દરેક જિલ્લાઓ સાથે રસ્તા તેમજ રેલ્વેલાઈનથી જોડાયેલ છે. જેથી વાહનવ્યવહારની આંતરમાળખાકીય સવલતોનો લાભ પણ જિલ્લાને પુરતો મળેલ છે. જે બાબતે પણ ઉદ્યોગોના વિકાસ પર સાનુકૂળ અસર કરી છે. જિલ્લાની મોટાભાગની જમીન ફળદ્રુપ હોઈને ખેતપેદાશ પણ કુદરતની સાનુકૂળ પરિસ્થિતીને ધ્યાનમાં રાખતા સારી રહે છે. જેને લઈને ખેત પેદાશ આધારિત ઉદ્યોગોના વિકાસની પણ સાનુકુળ

પરિસ્થિતિ જણાય છે. જિલ્લાના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખતા સર્વિસ સેકટરના ઉદ્યોગો માટે પણ બહોળુ માર્કેટ મળી શકે તેમ છે.

જિલ્લામાં વિવિધ પ્રકારના કુટિર ઉદ્યોગો, લઘુ ઉદ્યોગો તેમજ મધ્યમ મોટા ઉદ્યોગો થઈ શકે તેવી નીચે પ્રમાણેના ઉદ્યોગોની શકયતાઓ રહેલી છે. તે અંગેની વિગતો જણાવવામાં આવેલ છે.

**૧. ખેતી અને ખેતપેદાશ આધારીત ઉદ્યોગો :–**

સામાન્ય રીતે ખેતપેદાશ આધારીત ઉદ્યોગોની શકયતાનો મુખ્યત્વે આધાર વરસાદ ઉપર છે. જો વરસાદ ખેતીને સાનુકૂળ થાય તો તેના આધારિત ઉદ્યોગો હજુ જિલ્લામાં વધુ પ્રમાણે સ્થાપી શકાય. કારણકે જિલ્લાની મોટાભાગની જમીન ફળદ્રુપ છે અને ખેતીની ઉપજ પણ સારી છે. આ દરેક બાબતો ધ્યાનમાં લેતા જિલ્લામાં અનુક્રમે (૧) પશુ આહાર (૨) કેસ્ટર ઓઈલ (૩) ડુંગળી તથા લસણ ડીહાઈડ્રેશન પ્લાન્ટ (૪) મમરા, પૌવા અને પાપડ (૫) જીનીંગ અને પ્રેસીંગ તથા (૬) ફુડ પ્રોસેસીંગ (૭) ઓઈલ મીલ (૮) વાઈટકોલ (૯) ચણાદાળ (૧૦) તુવેરદાળ વગેરે પ્રકારના ઉદ્યોગો સ્થાપી શકાય.

**૨. ખનીજ આધારીત ઉદ્યોગો :–**

રાજકોટ જિલ્લાના મહત્વના દરેક તાલુકાઓ ખનીજમાં સમૃધ્ધ છે. જેમાં ખાસ કરીને ચુનાનો પથ્થર જસદણ અને ઉપલેટા તાલુકામાંથી મળી રહે છે. ફાયરકલે, બોલ કલે વાંકાનેર તથા મોરબી ના સમગ્ર તાલુકામાંથી સારા પ્રમાણમાં મળી રહે છે. લાલ માટી અને રેડ ઓકસાઈડ કલે મોરબી તાલુકામાંથી મળી રહે છે તેમજ બ્લેક ટ્રેપ ખાસ કરીને જસદણ, રાજકોટ ગોંડલ, જેતપુર, ધોરાજી, વાંકાનેર તાલુકામાં પુષ્કળ મળી રહે છે. આ સમગ્ર બાબતોની ગણતરી કરતા કાચા માલ તરીકે પુષ્કળ ખનીજ સંપત્તિ જિલ્લામાં પ્રાપ્ય હોઈને જિલ્લામાં ચુનાનો ઉદ્યોગ, ફાયર બ્રીકસ, રૂફીંગ ટાઈલ્સ અને તેમાં ખાસ કરીને ડેકોરેટીવ રૂફીંગ ટાઈલ્સ, મોઝેક ટાઈલ્સ, સીરામીક ગ્લેઝ ટાઈલ્સ, ગ્રેનામાઈટ ટાઈલ્સ, ફાયરકલે ઉદ્યોગ, ક્રોકરી ત્થા ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ, વોટર પ્યુરીફીકેશન પોટ વગેરે ઉદ્યોગોના વિકાસની શકયતાઓ સારી રહેલી છે. આ તમામ પ્રકારના ઉદ્યોગો હાલમાં જિલ્લામાં સારા પ્રમાણમાં અસ્તિત્વમાં હોવા છતા દિન પ્રતિદિન ભવિષ્યની માંગમાં થતો વધારો ધ્યાનમાં લઈને આ પ્રકારના ઉદ્યોગોનું ભાવિ હજુ પણ ઉજળુ જણાવી શકાય.

**૩. દરિયાઈ આધારીત ઉદ્યોગો :–**

રાજકોટ જિલ્લામાં એક માત્ર બંદર નવલખી છે જે માળીયા તાલુકામાં આવેલ છે. જેને ધ્યાનમાં લેતા માળીયા તાલુકામાં મીઠા ઉદ્યોગો હજુ પણ સ્થપાવાની શકયતાઓ રહેલી છે. જેમાં ખાસ કરીને કેટલ લીકસ, ડેરી સોલ્ટ, હાઈ પ્યુરીટી સોલ્ટ, ટેબલ સોલ્ટ વિગેરે ગણી શકાય. તેમજ પ્રવાહી ખાતરના ઉદ્યોગો પણ સ્થાપી શકાય. જેનો કાચો માલ દરિયામાંથી પુષ્કળ પ્રમાણમાં મેળવી શકાય છે. અત્યારના યુગમાં એગ્રો લીકવીડ ફર્ટીલાઈજરનો ઉપયોગ દિન પ્રતિદિન વધતો જાય છે. કોલસો આયાતી મેળવી કોક ઉદ્યોગ પણ કરી શકાય.

**૪. એન્જીનીયરીંગ ઉદ્યોગો :–**

રાજકોટ જિલ્લો અને એમાં ખાસ રાજકોટ તાલુકો કે જેમાં એન્જીનીયરીંગ ઉદ્યોગો સારા પ્રમાણમાં સ્થપાયેલ છે. જેમાં ખાસ કરીને મશીન ટુલ્સ, ઓઈલમીલ ઉદ્યોગ, ઓટોમોબાઈલ્સ પાર્ટસ, ફાઉન્ડ્રી, ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટીંગ, ફોર્જીંગ, ડીઝલ ઓઈલ એન્જીન, બેરીંગ ઉદ્યોગ, સી.એન.સી.લેથ, ફર્નીચર ઉદ્યોગ, સેન્ટ્રીફયુગલ વોટર પમ્પ, સબમર્શીબલ પમ્પ, ઈલેકટ્રીક મોટર વિગેરે પ્રકારના ઉદ્યોગો દર્શાવી શકાય. સામાન્ય રીતે આ તમામ પ્રકારના ઉદ્યોગો એસેમ્બલી પ્રકારના ગણી શકાય કે જે ઉદ્યોગોને તેમના ઉત્પાદનના તમામ ભાગો તૈયાર બહારથી ખરીદવા પડતા હોય છે. જેથી તેના આધારીત ઘણા ઉદ્યોગો સ્થાપી શકાય. રાજકોટ આ પ્રકારના એન્જીનીયરીંગ ઉદ્યોગો માટે આગળ પડતુ કેન્દ્ર છે જેની માંગ પુષ્કળ રહેલ છે. સાથો સાથ આ પ્રકારના ઉદ્યોગ ગૃહો પરદેશમાં નિકાસ કરે છે જેથી બહારની પણ માંગ સારી રહેલ છે. જે ધ્યાનમાં લેતા આ પ્રકારના ઉદ્યોગો જિલ્લામાં સ્થપાવાની શકયતાઓ વિપુલ પ્રમાણમાં રહેલી છે.

**૫. રસાયણ ઉદ્યોગો :–**

આ પ્રકારના ઉદ્યોગોમાં ખાસ કરીને સાબુ, ડીટરઝન્ટ પાવડર, આયુર્વેદીક દવાઓની બનાવટ, કલર એન્ડ ડાઈઝ, સોડીયમ સીલીકેટ વિગેરે ગણાવી શકાય. જેની માંગ પુષ્કળ રહેલી હોય ભાવી ઉજળુ જણાય છે. તેમજ આ ઉદ્યોગોને લગતા કુશળ કારીગરો સ્થાનિક કક્ષાએ પ્રાપ્ય છે. જે તમામ બાબતોને ધ્યાન સમક્ષ રાખતા આ પ્રકારના ઉદ્યોગો માટે શકયતાઓ સારી રહેલી છે.

**૬. પ્લાસ્ટીક ઉદ્યોગો :–**

આ પ્રકારના ઉદ્યોગો મોટે ભાગે રાજકોટ, ઉપલેટા અને ધોરાજીમાં કેન્દ્રીત થયેલ છે. આજના

યુગમાં પ્લાસ્ટીકનો વપરાશ દરેક ક્ષેત્રમાં થતો જોવા મળે છે. જેમાં પેકીંગ મટીરીયલ્સ, ઘરગથ્થુ વપરાશની વસ્તુઓ, પ્લાસ્ટીક ફર્નીચર, એન્જીનીયરીંગ વસ્તુ, ઈલેકટ્રોનીકસ વસ્તુ, બુટ ચપ્પલ, પાણી સ્ટોરેજ ટેન્કો, પ્લબીંગ એટેચમેન્ટ તેમજ એગ્રીકલ્ચર પાઈપ્સ, સીમેન્ટ બેગ્સ, તેમજ બારી તથા બારણા પણ પ્લાસ્ટીકના બનવા લાગ્યા છે. જેને કારણે આ ઉદ્યોગનુ બજાર વિશાળ છે. માંગને પહોંચી વળવા માટે જિલ્લામાં આ પ્રકારના ઉદ્યોગો હજુ પણ સારા એવા પ્રમાણમાં સ્થપાવાની શકયતાઓ રહેલી છે.

**૭. ઈલેકટ્રોનીક ઉદ્યોગો :–**

હાલના કોમ્પ્યુટરાઈઝડ યુગમાં લોકોને વધુ સારી, સરળ અને આધુનીક વસ્તુઓ વધુ પસંદ પડે છે અને જે ઈલેકટ્રોનીકસ ઉદ્યોગો જ પુરી પાડી શકે છે. સરકારશ્રીની આ ઉદ્યોગોને સહાય આપવાની નીતિ એજ દર્શાવે છે કે દેશમાં આ પ્રકારના ઉદ્યોગો વધુને વધુ વિકાસ પામે. ખાસ કરીને ટી.વી. વોલ્ટેજ સ્ટેબીલાઈઝર, વીડીયો–ઓડીયો કેસેટ, ઈલેકટ્રોનીકસ વોચ–કલોક મુવમેન્ટ વિગેરે ઈલેકટ્રોનીકસના વિકાસ માટે સરકારશ્રી પણ ઉત્સુક છે. જેને કારણે પણ આ પ્રકારના ઉદ્યોગો સ્થપાવવાની શકયતાઓ સારી રહેલી છે.

**૮. ફોરેસ્ટ અને વુડન બેઈઝ ઉદ્યોગો :–**

રાજકોટ જિલ્લાનો જંગલ વિસ્તાર મર્યાદિત છે. સૌરાષ્ટ્ર કચ્છના જંગલ વિસ્તારની પેદાશનો પણ આ જિલ્લાને લાભ મળી શકે છે. કારણ રાજકોટ સૌરાષ્ટ્રની મધ્યમાં આવેલુ છે. આ પ્રમાણે જોઈએ તો વુડન ફર્નીચર, વુડન પ્રોડકટસ, બાંધકામ માટેના બારી બારણા બાંધકામ ઉદ્યોગના સેન્ટ્રીંગ આઈટમ, નેતર અને વાંસ કામ વિગેરે પ્રકારના ઉદ્યોગો જિલ્લામાં હજુ સ્થપાવવાની શકયતા રહેલી છે. ખાસ કરીને રાજકોટનો ઓઈલ એન્જીન ઉદ્યોગ કે જેના પેકીંગ માટે લાકડાની પેટીની માંગ ઘણી જ સારી રહેલી છે. આમ વુડન બોક્ષના ઉદ્યોગોની શકયતા રાજકોટ જિલ્લામાં એન્જીનીયરીંગ ઉદ્યોગો મહદ્અંશે કાર્યરત હોઈ સારી જણાય છે. આયાતી લાકડુ મેળવીને પણ આવા ઉદ્યોગોના વિકાસની પુરતી તકો છે.

**૯. ગ્રામોદ્યોગના વિકાસ આધારિત ઉદ્યોગો :–**

ગ્રામોદ્યોગના વિકાસ માટે સરકારશ્રીની કુટીર ઉદ્યોગની વાજપાઈ બેંકેબલ યોજના તેમજ કેન્દ્ર સરકારશ્રીની શિક્ષિત બેરોજગાર યોજના હેઠળ ગ્રામ્ય તેમજ શહેરી કારીગરોને લોન સહાય

આપવામાં આવે છે. સામાન્ય રીતે ચર્મોદ્યોગ, નેતર વાંસકામ, સેન્ટ્રીંગ કામ, ઈંટો, ભરતકામ, ઠંડા પીણા, ડીટરજન્ટ પાવડર, સાબુ, લાકડાનું ફર્નીચર, લુહારી તેમજ સુથારી કામ, એન્જીનીયરીંગ વર્કશોપ વગેરે પ્રકારના ઉદ્યોગોના વિકાસની શકયતાઓ સારી રહેલી છે. ગ્રામોદ્યોગના વિકાસ માટે ગ્રામ્ય કારીગરોની કાર્ય કૌશલ્યતામાં વધારો થાય તે હેતુથી સરકારશ્રી દ્વારા યોગ્ય તાલીમ આપવામાં આવે છે અને તાલીમ મેળવ્યા બાદ સ્વરોજગારી મેળવવા માટે કારીગરોને યંત્રો ઓજાર, તેમજ કાચા માલ માટે લોન સહાય આપવામાં આવે છે.

**૧૦. સર્વિસ સેકટર અને ડીમાન્ડ બેઈઝ ઉદ્યોગો :–**

(૧) કલર લેબ
(૨) હોટલ ઉદ્યોગ
(૩) કોપીયર
(૪) સોફટવેર ડેવલપમેન્ટ
(૫) કોમ્પ્યુટર સ્ટેશનરી
(૬) ઓફસેટ પ્રિન્ટીંગ
(૭) કલર ઉદ્યોગ
(૮) ઈલેકટ્રીક આઈટમ
(૯) લેધરબેઈઝ ઉદ્યોગ
(૧૦) મોબાઈલ રીપેરીંગ કમ સર્વિસ સેન્ટર
(૧૧) કલર ઉદ્યોગ
(૧૨) લેધર અપહોલસ્ટ્રી ઉદ્યોગ
(૧૩) ઓટોમોબાઈલ સીટસ
(૧૪) ઓઈલ રીફાઈનરી
(૧૫) રીફાઈનીંગ લુબ્રીકેટીંગ ઓઈલ
(૧૬) સ્ટેપ્લર એન્ડ પેપરપીન
(૧૭) પેપર નેપકીન અને પેપર કપ ડીશ
(૧૮) સ્ટીલ ફેબ્રીકેટેડ કીચનવેર
(૨૯) સીમેન્ટ બેઈઝ આર્ટીકલ્સ
(૨૦) આયુર્વેદીક અને એલોપેથીક દવાઓ

આમ ઉપરોકત દરેક ઉદ્યોગો હાલમાં પ્રવર્તમાન હોવા ઉપરાંત તેનાં વિકાસ માટેની ભાવિ શકયતાઓ પણ ઉજજવળ છે.

**૫ઃ૩ઃ૨ ઉદ્યોગોના વિકાસની વૃદ્ધિનાં ક્ષેત્રે સરકારે કરવાના પ્રયાસો :–**

ઉદ્યોગોમાંનો ભાવિ વિકાસ ત્યારે જ શ્રેષ્ઠ રીતે થઈ શકે જયારે વર્તમાન ઉદ્યોગોની સમસ્યાઓનું યોગ્ય નિવારણ કરવામાં આવે અને તોજ ભાવિ વિકાસની શકયતાઓ પાર પડી શકશે. આ માટે સરકારે કયા પગલા લેવા જોઈએ તેની અહીં ક્રમશઃ ચર્ચા કરેલ છે.

**(૧) ઉદ્યોગોને નાણાકીય સહાય આપવી જોઈએ :–**

નાણાકીય સહાય એ ઉદ્યોગો માટે અગત્યની બાબત છે. કારણ કે ઉદ્યોગનાં સ્થાપ્ના વિકાસ

અને સંચાલન માટે પણ નાણાની જરૂરીયાત રહે છે. બેંકો, સરકાર, વિવિધ નાણાકીય સંસ્થાઓ દ્વારા નિયોજકને નાણાકીય ધિરાણ સમય અનુસાર મળવુ જોઈએ. ઉદ્યોગોને વસ્તુના ઉત્પાદન અને વેચાણ વચ્ચે અમુક સમય લાગે છે. આ સમય દરમ્યાન ઉદ્યોગોને નાણાકીય જરૂરીયાત રહેતી હોય છે. આ ઉપરાંત સ્થાયી અસ્કયામતો ઉભી કરવા તેમજ ચાલુ ખર્ચાઓને પહોંચી વળવા પુરતા પ્રમાણમાં અને સમયસર નાણા ન પ્રાપ્ત થાય તો ઔદ્યોગિક પ્રવૃતિને ચલાવવાનુ મુશ્કેલ બની જતુ હોય છે. આથી પેઢીને સમયસર નાણાકીય રાહત સહાય મળી રહેતો તેનો વિકાસ જળવાઈ રહે છે અને અન્ય ઉદ્યોગોને સ્થાપના માટે પ્રોત્સાહન પણ મળે છે.

**(૨) કરવેરામાં રાહત આપવી :–**

વધુ પડતા કરવેરાઓ કરચોરી માટે મુખ્યત્વે જવાબદાર છે. તે જ રીતે વધુ કરવેરાથી ઉત્પાદન પર પણ વિપરીત અસર થાય છે. આ ઉપરાંત કરવેરાથી અનેક પ્રકારની ગેરરીતીઓ આચરવામાં આવે છે. આથી જ મનમોહનસિંહ નાણાપ્રધાન હતા ત્યારે સૌ પ્રથમ તેમણે આ બાબતનો નિર્દેશ કરતા કરવેરાના દરમાં ઘટાડો કર્યો હતો. આથી કરવેરાની આવકમાં સારા એવા પ્રમાણમાં વધારો થયો હતો ઉત્પાદનમાં વધુ વધારો થાય ત્યારે તેના પર વધારાનો કર લેવામાં આવે છે. આથી પેઢીની વધુ ઉત્પાદન કરવાની ઈચ્છા પર નકારાત્મક અસર થાય છે. પરિણામે કરવેરાના દરો નીચા રાખીને ઉત્પાદકોને પરોક્ષ રીતે રાહત આપી શકાય તેવા પ્રયાસો કરવા જોઈએ.

**(૩) બજાર વિષયક માહિતી આપવી જોઈએઃ–**

તૈયાર માલના વેચાણ માટે બજાર અગત્યનુ પરિબળ છે. જો વસ્તુનુ વેચાણ થઈ શકે તોજ આગળ ઉત્પાદન કાર્ય હાથ ધરી શકાય. આથી બજાર વિશેની જરૂરી માહિતી મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. ઔદ્યોગિક નીતિમાં નાના પાયાના એકમોના વિકાસ માટે આવી માહિતી ન હોય તો તે માહિતી પ્રાપ્ય બને તે અંગેની વ્યવસ્થા કરવી જોઈએ.

**(૪) તાલીમ અને ટેકનિકલ જાણકારીની પ્રાપ્તિ :–**

પશ્ચિમના દેશોમાં અને જાપાનમાં કામદારોને જે તે ઉદ્યોગમાં તાલીમની સગવડ આપવામાં આવે છે. જેને ટ્રેનીંગ વીથ ઈન્ડસ્ટ્રીઝ તરીકે ઓળખવામાં આવે છે. શ્રમિકોને તાલીમ મળે તો ઉત્પાદન અને ગુણવતામાં વધારો કરી શકાય છે. ઉપરાંત મોટા પાયાના ઉદ્યોગો તરફથી ટેકનીકલ જાણકારી પૂરી પાડવામાં આવે તો નાણા વિષયક બજાર સંચાલન અંગે માર્ગદર્શન મળી રહે છે અને ઉદ્યોગનો

વિકાસ થઈ શકે છે. આ માટે પરિસંવાદો, તાલીમ કેમ્પ યોજવા જોઈએ અને તેના દ્વારા તાલીમ અને ટેકનિકલ જાણકારી નિયોજક તથા કમદારોને આપી શકાય છે.

**(૫) વિજળીની સવલતો પુરી પાડવી જોઈએ :–**

ઉદ્યોગોનાં વિકાસ માટે વિજળી એ આવશ્યક બાબત છે. વિજળી અંગે અનેક પ્રશ્નો સતાવે છે. વિદ્યુત પુરવઠો અવિરતપણે મળી રહે. તેવા પ્રયત્નો કરવા જોઈએ તથા વિજળીના ભાવ વધારા સામે ઉદ્યોગને રાહત આપવી જોઈએ. એન. એસ. ગુપ્તા અને અમરજીતસીંગ તેમના પુસ્તક "ઈન્ડસ્ટ્રીયલ ઈકોનોમીક ઈન ઈન્ડિયા" માં જણાવે છે કે "નાના પાયાના એકમોની પ્રગતિ માટે ઈલેકટ્રીકની સવલતો રાહત દરે આપવી જોઈએ" આમ ઉદ્યોગો માટે વિજળી એ જરૂરી છે. જે ઉદ્યોગોને સમયસર અને પુરતા પ્રમાણમાં મળી રહે તે જરૂરી છે.

**(૬) માળખાગત સુવિધાઓ પુરી પાડવી જોઈએ :–**

ઉદ્યોગને ઉત્પાદન માટે જરૂરી તમામ માળખાગત સુવિધાઓ જેમકે વિજળી, પાણી, બેંકો, નાણાકીય સરળતા, સંદેશા અને વાહનવ્યવહાર વગેરે પુરતા પ્રમાણમાં મળવા જોઈએ. જો આ સુવિધાઓ વિનાવિલંબે મળી રહે તો પેઢીઓના વિકાસ ઝડપી બને છે. આ ઉપરાંત કાચોમાલ સ્પેરપાર્ટસ જરૂરી મશીનો યંત્રો વગેરે તથા શ્રમીકો પુરતા પ્રમાણમાં મળે તે માટેની વ્યવસ્થા કરવી જોઈએ.

**(૭) આયાત નિકાસની સુવિધા પુરી પાડવી જોઈએ :–**

આંતરરાષ્ટ્રીયક્ષેત્રે વ્યાપાર કરતા ઉદ્યોગોને આયાત નિકાસ માટે જરૂરી માર્ગદર્શન તથા હુંડીયામણ પુરા પાડવા જોઈએ આ માટેની સમગ્ર પ્રક્રિયા સરળ બનાવવી જોઈએ.

**(૮) જી.આઈ.ડી.સી. વિસ્તારોમાં વધારો કરવો જોઈએ :–**

ઔદ્યોગિક વિકાસ માટેનાં વિસ્તારોમાં વધારો કરવો જોઈએ તથા તેમાં ઉદ્ભવતા રહેઠાણ, પ્રદુષણના પ્રશ્નોનો યોગ્ય નિકાલ કરવો જોઈએ તેમજ તેમાં પાણી, વિજળી, રહેણાંક વગેરે જેવી પ્રાથમિક જરૂરીયાત તરફ પણ ધ્યાન આપવુ જોઈએ. આમ થવાથી ઉદ્યોગનાં પ્રશ્નોમાં ઘટાડો થશે અને ઔદ્યોગિક વિકાસ થતા મોટા કદના લાભો પ્રાપ્ત થશે.

**(૯) ગ્રાહકોને સુરક્ષા અને સુવિધા આપવી જોઈએ :–**

વર્તમાનયુગને ઉપભોકતા યુગ માનવામાં આવે છે. ત્યારે ગ્રાહકોને વધુ સુવિધા આપવા પર

વધુ ધ્યાન આપવુ જોઈએ. કોઈપણ પેઢી પોતાની વસ્તુને બજારની આરપાર પહોચાડવા માંગતી હોય તો તે વસ્તુની ગુણવત્તા મળવી જોઈએ. તોજ તે ગ્રાહકોમાં વધુ સ્વીકૃત બને છે. ઉદ્યોગમાં હરીફાઈનું પ્રમાણ વધે છે. આથી પણ ઉદ્યોગોએ ગ્રાહકોનો વધુ ખ્યાલ કરવો જોઈએ.

**(૧૦) પ્રદૂષણ નિયંત્રણની યોગ્ય વ્યવસ્થા હોવી જોઈએ :–**

ઔદ્યોગિક પ્રદૂષણના નિયંત્રણ માટેની યોગ્ય વ્યવસ્થાન કરવી જોઈએ. તેમજ તે અસ્તિત્વમાં ન આવે તે માટેનુ આગોતરુ આયોજન કરવુ જોઈએ. આ ઉપરાંત પ્રદૂષણ નિયંત્રણ પ્લાન્ટ પણ અમલી બનાવવો જોઈએ.

આમ, ઉપરોકત સુચનો અભ્યાસના આધારે કરવામાં આવેલ છે. જો આ સુચનો પર યોગ્ય ધ્યાન આપવામાં આવેતો ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયા જરૂર પ્રગતિ સાધી શકે છે.

**૫ઃ૩ઃ૩ રાજકોટ જિલ્લામાં ઉદ્યોગોનાં વિસ્તારની ક્ષીતિજો :–**

સમગ્ર સૌરાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસનાં નકશામાં રાજકોટ કયાં છે ? એ પ્રશ્નનો જવાબ ઉત્સાહ જગાડે એવો નથી. ગુજરાત સરકારે બહાર પાડેલી વિગતો અનુસાર વર્ષો પહેલા રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક વિકાસનાં ક્ષેત્રે જે નિસ્તેજપણુ હતુ તેમાં ખુબ મોટા પ્રમાણમાં ઘટાડો થયો છે. રાજકોટ જિલ્લામાં કેટલાક ઉદ્યોગો પ્રણાલીકાગત વિકસ્યા છે અને ખુબ સારા વિકસ્યા છે. રાજકોટનો ઓઈલ એન્જિન અને મશીન ટુલ્સ ઉદ્યોગ માત્ર ગુજરાતમાં જ નહિ આખાય દેશમાં નામના પ્રાપ્ત કરી ચૂકયો છે. રાજકોટના ફાઉન્ડ્રી અને ઈજનેરી ઉદ્યોગ ઉપરાંત મોરબીનો ઘડીયાળ અને સિરામિક ઉદ્યોગ, જેતપુરનો સાડી ઉદ્યોગ, ઓઈલ મીલો અને સોલવન્ટ એકસ્ટેકશનનો ઉદ્યોગ વગેરે પણ સારી રીતે વિકસ્યા છે. સોના ચાંદીના દાગીના માટે રાજકોટ વર્ષોથી વખણાય છે. રાજકોટની નજીક જ શાપરમાં બિન ઈજનેરી ઉદ્યોગો પણ સારા પ્રમાણમાં વિકસ્યા છે. આ બધાજ ઉદ્યોગોનાં વિકાસની હજી પણ ખુબ વધુ શકયતાઓ છે. પરંતુ અમુક મુશ્કેલીઓને લીધે તેમાં જોઈએ તેટલો વધારો થતો નથી.

પાણી, વિજળી વગેરે જેવી માળખાગત સુવિધાઓ વિશે ઘણુ લખાઈ ગયુ છે. આ ઉપરાંત બીજી એક મહત્વની બાબત તરફ ધ્યાન દોરવાનુ છે કે જિલ્લાનાં અમુક વિસ્તારોમાં ઉદ્યોગ સાહસીકતા જાણે ઓછી પડે છે. કંઈક નવુ કરવાનુ, વધારે જોખમ લેવાનુ જાણે અમુક અંશે ટાળવામાં આવે છે. રાજકોટનો ફાઉન્ડ્રી ઉદ્યોગ રાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક બને એ માટે શું નવા

ફેરફારો થયા ? મોરબીનાં ઘડીયાળ ઉદ્યોગમાં કે નળિયા ઉદ્યોગમાં કેવા ફેરફારો થયા આવા પ્રશ્નોનાં કોઈ સંતોષકારક જવાબો મળતા નથી.

**પઃ૩ઃ૪ રાજકોટ જિલ્લાનો ઔદ્યોગિક વિકાસ અને તેનાં પ્રશ્નોનું વિશ્લેષણ :–**

રાજકોટ જિલ્લાનો ઔદ્યોગિક વિકાસ એજ રાજકોટના અગત્યનાં આર્થિક વિકાસની એક મહત્વની ઓળખ છે. એ બાબત ઉપરોકત આર્થિક વિકાસ કે જે સમગ્ર જિલ્લાનું તાદ્ર્શ વર્ણન કરે છે તેના પરથી સ્પષ્ટ થાય છે.

ગુજરાત ઔદ્યોગિક નીતી ૨૦૦૦ના મુખ્ય ઉદ્દેશ તરીકે પણ આ બાબત લેવામાં આવેલ. જુલાઈ ૧૯૯૧ માં ભારત સરકારે દાખલ કરેલ વ્યાપક આર્થિક સુધારા બાદ ઔદ્યોગિક પ્રોજેકટો સ્થાપવા માટેના મોટાભાગનાં અવરોધો દૂર થયા છે પરંતુ તે સાથેજ જિલ્લાનાં ઉદ્યોગોએ વૈશ્વિક કક્ષાએ પણ સ્પર્ધાત્મકતા હાંસલ કરવાની ક્ષમતા મેળવવી જરૂરી બને છે. વળી જુદા જુદા રાજયો દ્વારા એકમત થઈને લેવાયેલ નિર્ણય અનુસાર તા. ૧ લી જાન્યુઆરી ૨૦૦૦ થી વેચાણવેરાના પ્રોત્સાહનો બંધ કરવામાં આવ્યા છે. આ સંદર્ભમાં પણ જિલ્લાના ઔદ્યોગિક એકમોની સ્પર્ધાત્મકતા જળવાઈ રહે અને ટેકનોલોજી અપગ્રેડેશન, ગુણવત્તા સુધારણા તેમજ વધુ ઉત્પાદકતા હાંસલ કરી, વૈશ્વિક સ્તરે ટકી શકે તે બાબતોને અગ્રતા આપી ઔદ્યોગિક વિકાસના સઘળા પાસાઓ તપાસવા જરૂરી છે.

આ માટે જિલ્લાના સાતત્ય પૂર્ણ ઔદ્યોગિક વિકાસની સાથે મૂડીરોકાણનાં પ્રવાહને વેગ આપવા આકર્ષક શહેર બનાવવાનું તેમજ આધારિત ઉદ્યોગોનાં વિકાસને મહત્વ આપી જિલ્લામાંથી નિકાસ વધારવા ઉપરાંત લઘુ ઉદ્યોગો, સેવા ઉદ્યોગો તેમજ પર્યાવરણ સુરક્ષાની બાબતને મહત્વ આપી ઔદ્યોગિક રીતે પછાત વિસ્તારોનાં વિકાસ સાથે રોજગારી પણ વધારી શકાય. રાજકોટનાં ઉદ્યોગો વૈશ્વિક સ્પર્ધા કરી શકે તેમજ વિદેશી અને આંતરિક મૂડીરોકાણ આકર્ષવા માટે મહત્વનુ રાજય બની રહે તેવો અભિગમ રાખવો જોઈએ.

શહેરનાં લઘુઉદ્યોગોને સ્પર્ધાત્મક વાતાવરણ પુરુ પાડવાના ઉદ્દેશથી રાજયોમાં સ્થપાયેલ બધાજ પ્રકારનાં લઘુઉદ્યોગોને ૫ વર્ષ માટે વાર્ષિક ૫ ટકાના દરે રૂા. ૨૫ લાખની મહતમ મર્યાદામાં વ્યાજ સહાય આપવાની જે નવી યોજના છે તેનો અમલ કરવો જોઈએ નવા એકમોની સ્થાપના ઉપરાંત આધુનિકરણ માટે પણ પ્રોત્સાહનોનો સમાવેશ કરવો જોઈએ

વિસ્તૃતિકરણ કે વૈવિધ્યીકરણ કરનાર એકમોને વાર્ષિક ૩ ટકાના દરે રૂા. ૧૫ લાખની મહત્તમ મર્યાદામાં વ્યાજ સહાય આપવામાં આવે તેમજ વિકલ્પે, સ્વમૂડીથી સ્થપાનાર એકમોને સ્થાયી મૂડીરોકાણનાં ૧૦ ટકાના ધોરણે રૂા. ૧૦ લાખની મર્યાદામાં રોકડ સહાય આપવામાં આવે તો લઘુ ઉદ્યોગોનાં અનેક પ્રશ્નો જે વ્યાજ સાથે સંકળાયેલા છે તે દૂર થઈ શકે.

આ ઉપરાંત ઔદ્યોગિક એસોશીએશનો તેમજ સંશોધન અને વિકાસ સંસ્થાઓના સહકારથી સંકૂલ વિકાસની પ્રક્રિયાને પ્રોત્સાહન આપવુ જોઈએ ઉદ્યોગોની વેચાણને લગતી સમસ્યાઓના આવશ્યક નિવારણ માટે લઘુઉદ્યોગો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ માટે પ્રોત્સાહન, બાયર સેલરમીટનું આયોજન, જાહેર સાહસોની જરૂરીયાતોને આવરી લઈ પુસ્તિકા પ્રકાશન તેમજ જી. એસ. એફ. સી. / સીડબી દ્વારા નાણાકીય સહાય માટે સંકલન કરવુ એ પણ ઉદ્યોગોની વેચાણ સમસ્યાનું નિરાકરણ લાવવા માટેનો યોગ્ય પ્રયાસ બની રહે. આ ઉપરાંત નાના ઉદ્યોગોને વિસ્તરણની નીતિ માટેના પ્રશ્નો હલ કરવા માટે પ્રોત્સાહિત કરી સ્ટેપ અપ કાર્યક્રમનું આયોજન કરવુ. ઉદ્યોગો સાથે સંકળાયેલ સેવા ઉદ્યોગની પ્રવૃતિઓનાં વિકાસ માટે અગ્રતા આપવા આઈ.ટી. આધારિત પ્રવૃતિઓ માટે શિક્ષિત બેરોજગારો દ્વારા સ્થપાનાર એકમોને શરૂઆતના ૩ વર્ષ માટે ૫ ટકાના ધોરણે રૂા. ૫ લાખની મર્યાદામાં જ સહાય આપવી.

મધ્યમ અને મોટા ઉદ્યોગોને આંતરમાળખાકીય સુવિધા માટે અવરોધરૂપ પ્રશ્નોના નિરાકરણ માટે જમીન, વિજળી, જોડાણ, પાણીની ઉપલબ્ધિ, પર્યાવરણ જાળવણી તેમજ એપ્રોચ રોડ વગેરે ખર્ચનો સમાવેશ કરી ૨૫ ટકાના ધોરણે કુલ ૧૦૦ લાખની મર્યાદામાં સહાય આપી એકમની માળખાકીય યોજનાથી આજુબાજુનાં ગ્રામ્ય વિસ્તારોને લાભ મળતો હોય તો રૂ. ૨૫૦ લાખ સુધીની સહાય આપણે મધ્યમ અને મોટા એકમોને ગુણવતા પ્રમાણપત્ર મેળવવા માટે પણ આપવી જોઈએ.

જિલ્લામાં સ્થિત એન્જીનિયરીંગ ઉદ્યોગ આનુષાંગિક ઉદ્યોગ અને પ્લાસ્ટીક પ્રોસેસીંગ ઉદ્યોગોનાં વિકાસ માટે જરૂરી સંશોધન અને વિકાસની પ્રવૃતિ માટે પ્રોત્સાહન આપવુ અને તે માટે અવરોધરૂપ એવા દરેક પ્રશ્નોનું ગહન વિશ્લેષણ કરી તે દૂર કરવાના પ્રયાસો કરવા જોઈએ. આ માટે ઔદ્યોગિક સંકૂલોના એકમોનો આધુનિકરણ તેમજ ટેકનોલોજી ઉત્કર્ષ પ્રોત્સાહિત કરવા રીસર્ચ અને ડેવલપમેન્ટ સંસ્થાઓ તેમજ ગુણ ચકાસણી કેન્દ્રો દ્વારા આંતરરાષ્ટ્રીય

ગુણવતા એજન્સીઓ સાથે કરાર કરવા માટે પ્રોત્સાહન આપવુ જોઈએ. નાના ઉદ્યોગસાહસિકો દ્વારા કરાયેલ સંશોધનો માટે તેમજ તે દ્વારા ઉત્પાદન પ્રવૃતિ શરૂ કરવા માટે પ્રોત્સાહન આપવા જિલ્લામાં જી.એસ. એફ. સી. દ્વારા નવુ વેન્ચર ફંડ શરૂ કરવુ જોઈએ.

કાર્યક્ષમ એવા અછત ધરાવતા ઉદ્યોગોનાં વિકાસ માટે ઉદ્યોગ સાહસિકતા વિકાસ માટે વિવિધ કાર્યક્રમો, ઉદ્યોગ સાહસિકોનાં ઉત્કર્ષ માટે નવી તાલીમી યોજનાઓ, વિવિધ પ્રકારની વિશિષ્ટ સંસ્થાઓ સાથે સહયોગી કાર્યક્રમો, પરંપરાગત કૌશલ્ય ધરાવતા સાહસિકોના ઉત્કર્ષ માટે આયોજન વિઝન – ૨૦૧૦ માં દર્શાવેલ આંતરમાળખાકીય પ્રોજેકટોનાં અમલીકરણ માટે નાણાકીય વ્યવસ્થા, જી. આઈ. આઈ. સી. માં એસેટ મેનેજમેન્ટ કંપની દ્વારા ઈકવીટી ફંડની યોજના શરૂ કરવી જોઈએ. ઔદ્યોગિક એકમોને જરૂરીયાત મુજબની જમીન મેળવવાનો પ્રશ્ન હલ કરવા માટે સરળતાથી તેમજ વ્યાજબી ભાવે ઉપલબ્ધ કરવા માટેની જોગવાઈ વધુ અસરકારક બનાવવી જોઈએ.

જી. આઈ. ડી. સી. ની ઔદ્યોગિક વસાહતોમાં વધુ સગવડો માટે આયોજન, ઓછી કિંમતે જમીન ઉપલબ્ધ કરવાનુ આયોજન, નોટીફાઈડ વિસ્તારોને વધુ સત્તા આપવાની જોગવાઈ શહેર નજીક સ્થપાયેલ ઔદ્યોગિક સંકુલોમાં માળખાકીય સવલતો માટે એસોસીએશનોને સહાય તેમજ નગરવિકાસ માટે આયોજનની જોગવાઈ કરવી જોઈએ. ખાનગી સંસ્થાઓ દ્વારા ઔદ્યોગિક પાર્કનાં વિકાસ માટે નીચે મુજબ પ્રોત્સાહનો આપવા જોઈએ.

**અ) રોજગારલક્ષી પાર્ક :–**

૧૦૦ એકમ અથવા ૨૫૦૦ કરતા વધુ રોજગારી, મૂડીરોકાણનાં ૧૦ ટકાના ધોરણે રૂા. ૧ કરોડની સબસીડી તેમજ ૨૦૦ એકમ અથવા ૫૦૦૦ કરતા વધુ રોજગારી, મૂડીરોકાણનાં ૧૦ ટકાના ધોરણે રૂા. ૨ કરોડની સબસીડીનું આયોજન થવુ જોઈએ.

**બ) હાઈટેક પાર્ક :–**

૫૦ ટકાનાં ધોરણે રૂા. ૨ કરોડની સબસીડી અમલમાં મૂકવી.

**ક) મૂડીરોકાણલક્ષી પાર્ક :–**

રૂા. ૫૦૦ કરતા વધુ મૂડીરોકાણ ભરપાઈ મૂડીના ૧૦ ટકાના ધોરણે રૂા. ૨.૫ કરોડનો શેરફાળો આપવો

ડ) ટ્રેડ સેન્ટર :

૫૦૦૦ ચો.મી.થી વધુ બાંધકામ અને ૧૦૦૦૦ ચો.મી.થી વધુ બાંધકામ બન્ને માટે ક્રમશઃ રૂા. ૫૦ લાખ સુધી સબસીડી અને રૂ. ૧૦૦ લાખ સુધી સબસીડી આપવી.

આમ, ઔદ્યોગિક પાર્કની સ્થાપના માટે ઉપરોકત સહાયોની જોગવાઈ કરવામાં આવે તો ઔદ્યોગિક વિકાસને સારુ એવુ પ્રોત્સાહન મળી શકે અને તોજ શહેરમાં ઔદ્યોગિક વિકાસ તેની ટોચ કક્ષાએ પહોંચી શકે. આ ઉપરાંત ઉદ્યોગોમાં જે મહત્વની ભૂમિકા ધરાવે છે તે ઉદ્યોગકારોનાં ઉદ્યોગ સંબંધી પ્રશ્નો નિવારવા માટે તેમજ સારા ઔદ્યોગિક સંબંધો માટે કારીગરો માટે રોજગારી તાલીમ, ફેકટરી એકટ તેમજ લેબર એકટના અમલમાં સરલીકરણ, રોજગારીને પ્રાધાન્ય વગેરે દ્વારા આ અભિગમ શ્રેષ્ઠ રીતે પાર પાડી શકાય.

અંતમાં, ઔદ્યોગિક વિકાસ માટે વહિવટી તંત્રમાં વધુ અસરકારકતા ઉભી કરવા જિલ્લા ઉદ્યોગકેન્દ્રો તેમજ ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરીમાં શરૂ થયેલ કોમ્પ્યુટરીકરણનો વ્યાપ વધારવો જોઈએ. પ્રોજેકટોનાં અમલીકરણની સમીક્ષા માટે મુખ્ય સચિવશ્રીની કક્ષાએ સમયાન્તરે બેઠકોનુ આયોજન કરવુ. રાજયસરકારની વ્યાપારી અને ઉદ્યોગની નીતિને કારણે જિલ્લાના ઉદ્યોગો પર વિપરિત અસર થાય તો તે દૂર કરવાના હેતુસર રાજય સરકાર તેમજ ઉદ્યોગો સાથે વધુ સંકલનનું આયોજન કરવુ જોઈએ તો જ ઔદ્યોગિક વિકાસનાં પ્રશ્નો હલ કરી શકાય.

**૫:૪ સમગ્રલક્ષી વિકાસની પરિકલ્પના :–**

રાજકોટ મહાપાલિકામાં કેન્દ્રસરકારના ૧૨મા નાણાપંચનાં પ્રતિનિધિઓ સાથે મહાપાલિકાના અધિકારીઓની બેઠક યોજાઈ હતી. જેમાં શહેરમાં પ્રાથમિક સુવિધા પૂરી પાડવાની બાબતમાં રહેલા પડકારોની ચર્ચા સિટી ચેલેન્જ ફંડ' (સી. સી. એફ.) યોજના હેઠળ થઈ હતી. આ અંગે મ્યુનિ. કમિશ્નર શ્રી મુકેશકુમારે આપેલ વિગતો મુજબ કુલ ૧૦૪ ચોરસ કિલોમીટરમાં પથરાયેલા શહેરમાં એકંદરે ૨૦ ટકા વિસ્તારો સુધી ઘણી પ્રાથમિક સુવિધાનુ નેટવર્ક પહોંચ્યુ નથી. તેમણે આપેલી આંકડાકીય વિગતો મુજબ પાણીવિતરણથી હાલ જુના શહેરનો ૮૫ ટકા વિસ્તાર અને નવા રાજકોટનો ૫૦ ટકા વિસ્તાર આવરી લેવાયો છે. વસ્તી પ્રમાણે નવા વિસ્તારમાં ૭૦ ટકા વસ્તી અને જુના રાજકોટમાં ૯૦ ટકા વસ્તી આવરી લેવાઈ છે. એકંદરે શહેરમાં એક લાખથી વધુ લોકો અને આશરે ૩૫ થી ૪૦ ચોરસ કિલોમીટરનાં વિસ્તારમાં પાણી વિતરણનાં નેટવર્કની

સુવિધા નથી. જયાં ઈ.સ. ૨૦૦૬ સુધીમાં આ સુવિધા પૂરી પાડવાનુ આયોજન થયુ છે. એટલુ જ નહી પરંતુ, મ્યુનિ. કમિશ્નર દ્વારા જણાવ્યા મુજબ માથાદીઠ દૈનિક ૧૩૫ લિટર પાણી આપવાનુ દેશનું સરેરાશ ધોરણ છે. પરંતુ તે સામે રાજકોટમાં હાલ માથાદીઠ દૈનિક ૧૧૨ લિટર પાણી અપાય છે. હાલ દૈનિક ૨૦ મિનિટને બદલે ૩૦ મિનિટ પાણી આપવુ જરૂરી છે. પરંતુ આ માટેનું નેટવર્ક નથી.

જુન ૧૯૯૮ થી રાજકોટમાં ભળેલા રૈયા, નાના મવા, મવડી વગેરેના વિસ્તારમાં આશરે ૨૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર એવો છે જયાં સ્ટ્રીટલાઈટની સુવિધા નથી. જયારે ૬૦ ટકા વિસ્તારને હજુ સુધી રસ્તાની સુવિધા નથી. રાજકોટમાં કુલ ૮૦ ટકા વિસ્તારમાં આરોગ્યની અને સફાઈની સુવિધા છે. આ સુવિધા કેટલી કાગળ પર છે અને કેટલી ઓછી તેની ચર્ચા બાજુએ મુકતા ૨૦ ટકા વિસ્તારને બીલકુલ સુવિધા નથી. આ વિસ્તારોમાં વસ્તી વધતી રહી છે. શહેરમાં કુલ ૧૦૩૫ કિલોમીટર લંબાઈના ડામરરોડ છે. જેમાંથી ૧૦૦ કિલોમીટરનાં ડામરરોડ તો ગત બે વર્ષમાં જ બન્યા છે. હજુ એટલા જ રસ્તાઓ ડામરના બનાવવા પડે તેમ છે. અને આ માટે રૂા. ૧૦૦ કરોડનુ આયોજન કરવાનુ વિચારવામાં આવેલ છે.

આ મહાનગર વિદ્યાનગરીનું વણલખ્યુ બિરુદ ધરાવે છે. છતા શહેરમાં હજુ ૨ લાખ જેટલા લોકો એવા છે જેઓને અક્ષરજ્ઞાન નથી, અર્થાત તેઓ જાહેરબોર્ડ પર લખાયેલી સૂચનાઓ વાંચી શકતા નથી. જયારે ૭૧ સત્તાવાર ઝુંપડપટ્ટીઓમાં ૨.૭૫ લાખ લોકો રહે છે અને એનાથી વધારે લોકો સૂચિત સોસાયટીઓમાં વસે છે. આ પોણા ત્રણ લાખ લોકો માટે મહાપાલિકા અત્યાર સુધીમાં ૮૦૫૬ આવાસો બનાવી શકી છે. અને બીજા ૧૯૩૬ આવાસો તૈયાર થઈ રહયા છે. છતા ઝુપડપટ્ટી ઘટી નથી. ઉપરોકત નાણાપંચ દ્વારા કેટલુ ફંડ આપવામાં આવશે તે હજુ નકકી નથી પરંતુ મહાપાલિકાએ રૂ. ૨૦૦ કરોડની યોજના ઘડેલ છે.

### ૫:૪:૧ રાજકોટ જિલ્લાના સમગ્રલક્ષી વિકાસની સમસ્યા :–

જિલ્લાના વિકાસ માટે કાર્યરત ઉપરોકત પરિબળો દ્વારા જિલ્લાનો ઉત્તરોતર વિકાસ સાધી શકાયો છે. આમ છતા સંપૂર્ણ આર્થિક વિકાસ માટે જરૂરી અમુક પાયાની સવલતોના અભાવે શહેરના સંપૂર્ણ વિકાસ માટે અમુક કઠીન સમસ્યાઓ ઉભી થયેલી છે અને જો એ સમસ્યાનુ નિરાકરણ થાય તો જ સૌરાષ્ટ્ર પ્રદેશના સંપૂર્ણ વિકસિત શહેર તરીકે રાજકોટ

સંપૂર્ણપણે ખીલી શકે. પાયાની સમસ્યા તરીકે પાણીની સમસ્યા એ રાજકોટ જિલ્લાની મુખ્ય સમસ્યા છે. અનેક વાટાઘાટો સાથે સંકળાયેલી નર્મદા યોજના જો સંપૂર્ણરીતે ઝડપી અને ઉપયોગી બની શકે એ જરૂરી છે.પાણીના અભાવને કારણે રાજકોટ જિલ્લાની ખેત આધારિત અનેક એકર જમીન બિનઉપયોગી પડી છે. આ ઉપરાંત અનેક ઉદ્યોગો પણ આ સમસ્યાને કારણે સંપૂર્ણ વિકાસ સુધી પહોંચવામાં અસમર્થ બન્યા છે. આ ઉપરાંત અમુક અંશે સરકારી તંત્રના વ્યવસ્થાતંત્રની બેજવાબદારીને કારણે પણ વિકાસ માટે કાર્યરત ક્ષેત્રો સુધી સરકાર દ્વારા આપવામાં આવતી અમુક વિકાસલક્ષી સહાય પહોંચી શકતી નથી. તેનાં દ્વારા યોગ્ય દિશામાં સફળ પ્રયાસોના અભાવે તેમજ ખેતીક્ષેત્ર ઉપરાંત ઉદ્યોગક્ષેત્ર સાથે સંકળાયેલા શ્રમિકોના પ્રશ્નોનાં નિરાકરણ પ્રત્યેની ઉદાસીનતા તેમજ નવા વિકસતા તંત્રને યોગ્ય પ્રોત્સાહનના અભાવે પણ શહેરના વિકાસમાં યોગ્ય રીતે સહાયરૂપ બની શકતા નથી.

જિલ્લાની દરેક સમસ્યાઓની વિસ્તૃત છણાવટ કરીએ તોજ વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આવી શકે અને તેના નિરાકરણરૂપે આ સમસ્યાઓ દૂર કરી શહેરને એક સંપૂર્ણ વિકસિત શહેર તરીકે પ્રસ્તુત કરી શકાય. શહેર આર્થિક અને ઔદ્યોગિક રીતે સંપૂર્ણ વિકસિત હોય તોજ ક્રમશઃ રાજ્ય અને કેન્દ્રના વિકાસમા પણ તેના ફાળાનું પ્રમાણ વધારી શકાય. આમ રાજકોટ જિલ્લાના આર્થિક અને ઔદ્યોગિક વિકાસ તેના પ્રશ્નો અને ભાવિ સંભાવનાઓ તરીકે રજુ થયેલ આ સંશોધન લેખમાં ઉપરોકત તમામ બાબતો સમાવિષ્ટ કરી શકાય અને તેના દ્વારા જ રાજકોટને આર્થિક અને ઔદ્યોગિક વિકાસમાં સંપૂર્ણ સધ્ધર બનાવી તેને સમસ્યાઓથી મુકત કરી તેની ભાવિ સંભાવનાઓ વિશેના અંદાજો બાંધવામાં આ બાબતો સહાયરૂપ બની શકે છે.

સૌરાષ્ટ્રની જળસમસ્યા હલ કરવા માટે ગુજરાતની મોટી નદીઓનુ સમુદ્રમાં વહી જતુ પાણી અટકાવી આ પુરવઠા દ્વારા દરેક નદીની વોટરગ્રીડ બનાવી નર્મદા યોજનાની કેનાલ મારફતે બારમાસી સિંચાઈ દ્વારા સૌરાષ્ટ્રભરની સમિતિ દ્વારા વિશિષ્ટ આયોજન હાથ ધરવુ જોઈએ. સૌરાષ્ટ્ર વોટરગ્રીડ યોજના અંતર્ગત દરેક સંગઠનો દ્વારા પ્રયાસ કરવા જોઈએ.

### ૫:૪:૨ રાજકોટ શહેરના સંપૂર્ણ વિકાસ માટે ગ્રામીણ અર્થતંત્રને નવી શકિતની આવશ્યકતા :–

ગ્રામીણ અર્થતંત્રને નવી શકિત આપવા માટે "ગોબર બેંક" નો પ્રોજેકટ કાર્યાન્વિત કરવો

જોઈએ. આ કૃષિ સંલગ્ન પશુપાલન વ્યવસાયમાં દુધ ઉદ્યોગ ઉપરાંત તેની સાથે સંકળાયેલા અન્ય ઉદ્યોગોને પણ મહત્ત્વ આપવુ જોઈએ અને આ માટે ગોબરમાંથી કુદરતી ખાતર અને ઉર્જાગેસ પેદા કરીને પશુપાલકો માલધારીઓની આર્થિક તાકાત ઉભી કરવી જોઈએ. હવે વિશ્વ કુદરતી ખાતર ભણી વળી રહયુ છે. ત્યારે તેને એક અવસર માની ગોબર બેંક દ્વારા કુદરતી ખાતર બનાવી ગામડામાં જરૂરી ગેસ ઉર્જા પેદા કરીને પશુપાલન પ્રવૃત્તિ દ્વારા આર્થિકક્ષમતાનું પ્રભુત્વ વધારવુ જોઈએ.

આ ઉપરાંત ગ્રામીણ વિકાસ માટે પણ જીવાદોરી સમાન એવી પાણીની આવશ્યકતા માટેના પગલા પણ લેવા જોઈએ. સૌરાષ્ટ્રમાં ૯૧ નદીઓ છે. સૌરાષ્ટ્ર કચ્છમાં ૫૦૦ થી ૭૦૦ મીલીયન કયુબીક મીટર પાણી છે. જે ૫૦ થી ૭૦ કરોડ ઘનમીટર થવા જાય છે. રાજકોટ જિલ્લા અને તેની આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં પાણીની સમતુલા જાળવવી હોય તો દક્ષિણ ગુજરાતની નર્મદા, તાપી અને દમણ ગંગા નદીનાં વધારાના પાણી સૌરાષ્ટ્ર તરફ વાળવા જરૂરી છે. સૌરાષ્ટ્રની પાણીની કટોકટી નિવારવા માટે નદીઓના બેઝીન (તટપ્રદેશ) માં મોટા પ્રમાણમાં ચેક ડેમો બનાવીને પાણી સ્થળ પર જ રોકી લેવુ જોઈએ. ચોમાસામાં વરસાદી પાણી ખેતર અને નદીમાં જ રોકવામાં આવે તો પીવાના પાણી પાછળ દર વર્ષે થતો કરોડો રૂપિયાનો ખર્ચ અટકાવી શકાય. આમ ગ્રામીણ વિસ્તારના વિકાસમાં અવરોધકરૂપ એવી પાણીની સમસ્યા દૂર કરવા માટે ચેક ડેમો એ એક સફળતાદાયક પાસુ પુરવાર થઈ શકે છે.

"હરિયાળુ ગુજરાત" નુ સ્વપ્ન જેના પર આધારીત છે તે નર્મદા યોજના સંપૂર્ણપણે તથા પૂર્ણતાના આરે પહોંચી તેના યોગ્ય ઉપયોગ દ્વારા સૌરાષ્ટ્ર પ્રદેશના એક સંપૂર્ણ વિકસીત શહેર તરીકે રાજકોટ અગ્રિમસ્થાન પ્રાપ્ત કરી શકે. નર્મદા યોજના પૂર્ણ કરવામાં ગુજરાતે દેશને વિકાસ અંગેની એક અદ્‌ભુત સ્ટ્રેટેજી દર્શાવી છે અને તે છે બધા રાજકીય પક્ષોની આ બાબતે એકતા. ગુજરાતના છેલ્લા સાત મુખ્યમંત્રીઓ જે છેલ્લા બાર વર્ષમાં આવ્યા પછી તે કોંગ્રસના હોય જનતા પક્ષના હોય ભાજપના હોય કે પછી રાજપાના હોય એ બધાએ એક ગુજરાતી તરીકે જે એકતા બતાવી વિધાનસભામાં ત્રણવાર સર્વાનુમતીએ નર્મદા યોજના પૂરી કરવા સંકલ્પ દોહરાવ્યો એ એક સાચી હકીકત છે.

દુનિયાના ઘણા દેશોમાં ૧૦ સે. મી. કરતા પણ ઓછો વરસાદ પડે છે. છતા સારા "જળ વ્યવસ્થાપન" (વોટર મેનેજમેન્ટ) ના કારણે ત્યાં ખેતી કે પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા થયેલી છે. જ્યારે આપણે ત્યાં ૫૦ થી ૧૦૦ સે મી. જેવો વરસાદ પડે છે. છતા ખેતી અને પીવાના પાણીની અછતમાં અટવાઈને બોર કરવાના અને ટેન્કરો ચલાવવાના માસ્ટર પ્લાનો દ્વારા થતા કામચલાઉ આયોજનોને કારણે પીવાના પાણીના પ્રશ્ને પણ આપણે વધુને વધુ પરાવલંબી બનતા જઈએ છીએ આ માટે જળસંચય જ પાણી પ્રશ્નનો સાચો ઉકેલ છે. આ ઉપરાંત માત્ર માસ્ટર પ્લાન ઘડવાથી જ નહી પરંતુ તેના ઝડપી અમલીકરણ માટેના પ્રયાસો પણ કરવા જોઈએ. આ ઉપરાંત અનેક પાઈપલાઈન યોજનાઓમાં વાંકાનેર રાજકોટ પાઈપલાઈન યોજના પરથી એવુ લાગે કે રાજકોટ જિલ્લો અને તેની આસપાસના ગામોની પાણીની અછતનો લાંબાગાળાનો ઉકેલ આવી ગયો હશે. પરંતુ સ્વાભાવિક રીતે જ વાસ્તવિકતા કઈંક જુદી જ બહાર આવી હોવાનુ જણાય છે. સારુ ચોમાસુ થયુ હોય તો પણ ઉનાળામાં ઉભી થનાર પાણી અછતના સરકારી તંત્રના અંદાજોના અહેવાલો ચોંકાવી દે તેવા હોય છે. આવા પાણી અછતના અંદાજીત આધારે બોર કરવાના, પાતાળ કૂવા કરવાના, પાણીના ટેન્કરો ચલાવવાના વગરે જેવા પાણી અછત નિવારવા માટેના કામોના "માસ્ટર પ્લાનો" તૈયાર થતા હોય છે અને આવા પાણી કટોકટીના તાકીદના કામો તો સામાન્ય રીતે યુધ્ધના ધોરણે જ થતા હોય તે સ્વાભાવિક છે. વર્ષોથી આમજ થતુ રહ્યુ છે અને સાથે સાથે જળસમસ્યા પણ વધુને વધુ વ્યાપક અને વિકટ થતી રહે છે.

આ પાણી પ્રશ્ન વધુ વિકટ અને વ્યાપક કેમ થતો જાય છે તે સમજવા માટે ભૂતકાળ તરફ નજર નાખવી જરૂરી છે. ૧૯૭૫ માં ડો. જી. આર. નામ્બિયારે ગુજરાતના જળસ્ત્રોત અંગે સર્વાંગી અને ઉંડો અભ્યાસ અહેવાલ રજૂ કરેલ હતો અને એવી ચેતવણી આપેલ હતી કે પાણીની બાબતે પુરવઠો અને માંગનુ સંતુલન જળવાઈ રહે તેવુ આયોજન કરવામાં નહી આવે તો ૨૦૦૦ ની સાલ સુધીમાં રાજ્યના અનેક વિસ્તારોમાં ભૂર્ગભ જળ જથ્થો ખલાસ થઈ જશે. પરંતુ આ અહેવાની ગંભીરતાથી નોંધ ન લેવાઈ. ૨૫ વર્ષમાં આ અંગે કોઈ પણ પગલાજ ન લેવાયા અને ચેતવણી મુજબ ભૂગર્ભમાં પાણી ખૂટવા લાગ્યા. ૧૯૮૫–૮૬ માં સૌરાષ્ટ્રનાં પીવાના પાણી માટે રાજ કમિટીએ રૂ. ૫૪૧ કરોડની નર્મદા આધારિત પાઈપલાઈન યોજના

રજૂ કરેલ. સૌરાષ્ટ્ર માટે બહારથી પાણી લાવવુ જરૂરી હોવાનુ તજજ્ઞોએ નક્કી કર્યું. આ માટે રચાયેલ નાણા કમિટીનો અભિપ્રાય એવો હતો કે આ યોજના પીવાના પાણીની હોવાથી આવક થવાની નથી. તેમજ ભારત સરકાર નાણા આપવાની નથી અને ગુજરાત સરકાર ૫ વર્ષમાં આ યોજનાના નાણા ફાળવી શકે તેમ નથી. એ દ્રષ્ટિએ આ યોજના "બેંકેબલ" નથી એમ કહીને પડતી મુકાયેલ. આ ઉપરાંત ૧૯૮૬ માં ખંભાતના અખાત પર પુલ બાંધી તેના પર પાઈપલાઈન નાખી સૌરાષ્ટ્ર માટે પીવાનું પાણી પહોચાડવાની રૂ. ૫૦૦ કરોડની યોજના તૈયાર થયેલી એસ્ટીમેઈટો સાથે ગ્લોબલ ટેન્ડરો સુધી બધી તૈયારી થઈ ગઈ. પ્લાનીંગ કમિટીમાં યોજનાનુ ચકાસણી કામ "વાપકો" નામની કંપનીને સોંપ્યુ પરંતુ પાછળથી સૌરાષ્ટ્રનાં ભૂતળમાં ઘણુ બધુ પાણી છે એવો અભિપ્રાય આગળ ધરી આ યોજના ટલ્લે ચડાવી દેવાઈ.

ત્યાર બાદ સૌરાષ્ટ્રના બધા શહેરો અને ગામડાઓને પીવાનું પાણી પુરૂ પાડવા માટેની સૌરાષ્ટ્ર પાઈપ લાઈન યોજના ૧૯૯૨ માં સરકારે મંજુર કરી, ૧૯૯૩ માં ટેન્ડરો મંગાવ્યા ૧૯૯૪ માં ટેન્ડરો મંજુર થયા. ૧૯૯૫ માં યુધ્ધના ધોરણે યોજનાના કામો પણ શરૂ થઈ ગયેલા અને ૧૯૯૯ સુધીમાં તે પુરી થવાની હતી. પરંતુ રૂા. ૨૨૦૦ કરોડના અંદાજોવાળી આ યોજના ૧૯૯૬ માં સરકારે પડતી મૂકી બંધ કરી દીધી. જો કે ૧૯૯૯ માં થોડા ફેરફારો સાથે સરકારે આ યોજના પાછી હાથ પર લીધેલ. અલબત તે દોઢી કે ડબલ ખર્ચવાળી બની ગઈ હોય તે જુદી વાત છે. કારણ કે પાંચ વર્ષમાં મોટા ભાવવધારાની અસર થઈ હોય તે સ્વાભાવિક છે. આમ ગુજરાતમાં આવી યોજનાઓ પડતી મુકવાનો સિલસિલો ચાલુ રહ્યો એ એક દુઃખદ અને કમનસીબ બાબત છે. એટલુ જ નહી પણ એ કારણોને લીધે પાણી પ્રશ્ન વધુને વધુ ગુંચવાતો રહ્યો છે.

આમ પાણીની જરૂરીયાત માત્ર રાજકોટ શહેર પુરતી જ નહી પરંતુ વધુ પડતી તેના આસપાસના ગ્રામીણ વિસ્તારની પણ છે. આ માહિતી એકત્રીકરણ સમયે રાજકોટ જિલ્લાના જુદા જુદા તાલુકાઓના મામલતદાર જિલ્લા પંચાયત પ્રમુખ સર્વના મંતવ્યોનો સાર સમાન જણાય આવે છે કે તાલુકાના અને તેમા આવેલા ગામડાઓનાં વિકાસ માટે મોટી સમસ્યા એ જળ સમસ્યા છે. અનેક પ્લોટ અને અનેક ઉદ્યોગોના વિકાસ માટે જરૂરી પાયાની સવલતોમાં પાણી ઉપરાંત વિજળીની સમસ્યા અને નાના ઉદ્યોગોના વિકાસ માટેની સરકારી તંત્રની એટલે કે વહિવટી તંત્રની નિષ્ક્રીયતા પણ મોટા ભાગે જવાબદાર છે.

**૫:૪:૩ રાજકોટ શહેરના સમગ્ર વિકાસલક્ષી મહત્ત્વના સુચનો :–**

વહિવટી, આર્થિક, સામાજિક અને રાજકીય પરિબળોને ધ્યાનમાં લેતા અનેક વિકાસલક્ષી પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આ સંદર્ભમાં વિકાસલક્ષી આયોજન માટે મદદરૂપ થાય તેવા સુચનો આવશ્યક છે. આથી શહેરના સંપુર્ણ આર્થિક અને ઔદ્યોગિક વિકાસને ટોચની કક્ષાએ પહોંચાડવા માટે નીચે પ્રમાણેના સુચનો કરી શકાય તેમ છે.

**(૧)** રાજકોટના વિકાસની ગતિશીલતા તપાસતા ૨૧ મી સદીની શરૂઆતમાં રાજકોટ ગોંડલ રોડ પરના ગામો, રાજકોટ મોરબી રોડ પરના ગામો, રાજકોટ ચોટીલા રોડ પરના ગામો, રાજકોટ આટકોટ રોડ પરના ગામો, રાજકોટ કાલાવડ રોડ પરના ગામોને સંપૂર્ણ રીતે ઉપનગરીય રેલ્વે સુવિધાથી તથા એસ. ટી. કોર્પોરેશનની સીટી બસની સુવિધાથી સાંકળી લેવા જોઈએ.

**(૨)** રાજકોટના ભાવિ વિકાસમાં શહેરી રહેઠાણો અને રોજગારીની તકોને ધ્યાનમાં લઈ લોક સુવિધામાં વધારો કરે તે પ્રમાણેનાં પ્રયાસો થવા જોઈએ.

**(૩)** શહેરના મધ્યસ્થ વિસ્તારમાં ગીચતાને ધ્યાનમાં રાખતા શહેરોની મધ્યમાં આવેલા વ્યાપારીક ઝોનને વિકેન્દ્રિત કરીને રાજકોટ શહેર વચ્ચેનો ટ્રાફીક વિકેન્દ્રિત કરી પાર્કિંગ ઝોન વિકસાવવા જોઈએ. શહેરની અંદરનો ટ્રાફીક સરળતાથી વહી શકે તે માટે વ્યવસ્થિત અભ્યાસો કરી ટ્રાફીક, આઈલેન્ડ ટ્રાફીક સિગ્નલ્સ, વાહનવ્યવહાર નિયમો જે સ્થાપિત થયેલા છે તેને વધુ કાર્યશીલ બનાવવા માટેના પ્રયાસો કરવા જોઈએ.

**(૪)** વરસાદના સમયે પાણીના ભરાવાના કારણે શહેરના રાજમાર્ગોની જે અવદશા થતી હોય છે તે નિવારવા માટે શહેરમાં એકત્રિત થતા વરસાદના પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ. તેમજ ગંદા પાણીને કારણે થતુ પ્રદુષણ નિવારવા માટેના અસરકારક પગલા લેવા અંગે કાર્યક્રમો ઘડવા જોઈએ.

**(૫)** આ ઉપરાંત શહેરના બાકી રહેલા વળાંકોનું પણ સંપૂર્ણપણે ભૂગર્ભ ગટર સાથે જોડાણ કરીને ગંદા પાણીનો નિકાલ પર્યાવરણને હાની ન પહોંચે તે રીતે પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડે કરવો જોઈએ.

**(૬)** પીવાના પાણીની સવલતોને નજર સમક્ષ રાખતા તથા રાજકોટનો ભાવિ વિકાસ જોતા

ભાવિ વસ્તીને તથા ઉદ્યોગોને પાણીની વિશેષ જરૂરિયાત રહેશે અને હાલમાં જ આજી ન્યારી અને ભાદરના પાણી અપૂરતા છે તેવા સંજોગોમાં જુદી જુદી વિચારસરણીવાળા રાજકીય પક્ષોએ દુષ્કાળના સમયમાં એક થઈ પાણી પુરવઠાનું આયોજન કરવુ જોઈએ. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ બહારના નવા વિકસતા વિસ્તારોને પણ પીવાનાં પાણીની સુવિધા મળી રહે તે માટે શહેરમાં એક અલગ વોટર સપ્લાયની વ્યવસ્થા માટેનાં તંત્રની સ્થાપના કરવા અંગેની વિચારણા કરવી જોઈએ.

(૭) શહેરમાં સ્થળાંતર થઈને આવતી વસ્તી માટે પુરતા પ્રમાણમાં આવાસ બાંધવા માટે જમીન મળતી નથી જેનાં કારણે અનધિકૃત રીતે જમીન પરનું દબાણ, ગંદા વસવાટો, મફતીયાપરાનો વિસ્તાર પણ વધતો જાય છે. ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ શહેરમાં ૨૮ જેટલા સ્લમ વિસ્તારમાં કુલ વસ્તીના ૮.૮ ટકા જેટલી વસ્તી વસવાટ કરે છે. તેમજ સરકારી ખાનગી અને મ્યુનિસિપલ કોર્પોરેશનની જમીન પર દબાણોની પ્રક્રિયા જોવા મળે છે અને આ અતિક્રમણને દૂર કરવા સ્થાનિક વહિવટી તંત્રે મહેનત કરવી પડે છે. ભૂતકાળમાં એક મ્યુનિસિપલ કમિશનરશ્રીએ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ થયેલ ઘણી જમીનો ખુલ્લી કરાવેલી.

રાજકોટમાં જમીનના પ્રવર્તમાન દરો ભારતના અન્ય શહેરોની સરખામણીમાં ઘણા ઉંચા જોવા મળે છે. આશરે ૧૯૯૦ ના સમયમાં એસ્ટ્રોન સિનેમાની પાસે મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીની એક જમીનના જાહેર હરાજીની બોલીમાં વર્તમાન પત્રોના અહેવાલ મુજબ રૂા. ૨૦૦૦૦ પ્રતિ ચોરસ મીટરના ભાવની ઓફર થયેલ જે રાજકોટમાં જમીનના ભાવ વધારાની એક ઝલક આપે છે. જેના કારણમાં જમીનની સટ્ટાખોરી જોવા મળે છે. આમ જમીનના ભાવ વધારા અને શહેરી જમીન ટોચ મર્યાદાના કાયદાના નિષ્પ્રભાવના કારણે ગેરકાયદેસર રીતે વગર પરવાનગીની બાંધકામની પ્રવૃત્તિ પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. જે અટકાવવા શહેરી જમીન ટોચ મર્યાદાના કાયદાનું તંત્ર ચેતનવંતુ બનાવી ફાજલ જાહેર થયેલ જમીનનો તાત્કાલિક કબજો મેળવી અને આવાસો બનાવવા માટે ગુજરાત હાઉસીંગ બોર્ડ જેવી સંસ્થાઓને આપી યોજનાઓ તૈયાર કરવી જરૂરી છે. તેમજ બિલ્ડીંગ બાયલોઝના જે અવ્યવહારુ નિયમો હોય તે

સુધારવા જોઈએ. અમદાવાદ જેવા શહેરમાં જોવા મળતી સહકારી ગૃહ મંડળીઓ જેવી પ્રવૃતિઓ જે વિકસેલી છે તેને વધુ પ્રમાણમાં વિકસે તેવી સુવિધા આપી ઉત્તેજન આપવુ જરૂરી છે.

(૮) સામાજિક પરિવર્તન અર્થે સામાજિક સંસ્થાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓ જે ગુન્હાખોરી અને સ્ત્રીઓ પરના અત્યાચારોની સામાજિક અસરોનો અભ્યાસ કરીને વહિવટી તંત્ર કાયદેસર વ્યવસ્થિત પગલા લઈ શકે તેવા નોંધપાત્ર સુચનો કરી તે દિશામાં ઝડપી પગલા લેવા જોઈએ.

(૯) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર ભવનના પ્રાધ્યાપક ડો. ખખ્ખરે "હદ બહારનું રાજકોટ" આયોજિત વિકાસના પ્રશ્નો પર એક લેખ લખ્યો છે જેમાં જણાવેલ છે કે રાજકોટનાં વિકાસ પ્રશ્નના સંદર્ભમાં ગંભીર કહી શકાય તેવી કોઈ ચર્ચા શહેરના તજજ્ઞોને કે અગ્રણીય સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેને સાંકળી લઈ ને થઈ નથી. બીજા શહેરના આવા વિકાસ પ્રશ્નોના સંદર્ભમાં સ્થાનિક તેમજ બાહ્ય તજજ્ઞો સંસ્થાઓ વગેરે દ્વારા સહસેમિનારો કે ચર્ચા સભાઓ થઈ છે અને તેના પરિણામો પણ સંતોષકારક છે. રાજકોટ શહેર જે ૧૯૯૦માં સાત લાખની વસ્તીવાળુ સને ૨૦૦૨ ની સાલમાં મેટ્રોપોલીટન સીટી એટલે કે દસ લાખથી પણ વધુ વસ્તી ધરાવતુ બન્યુ છે ત્યારે વધતી વસ્તી સાથે વધનારી સમસ્યાઓ વિશે યુનિવર્સિટીના અર્થશાસ્ત્રીઓ તેમજ સંસ્થાઓના આયોજન નિષ્ણાંતો શહેરના અગ્રણીય નાગરિકો વગેરે તેમજ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી, નગર આયોજકો સૌએ અવારનવાર ચર્ચા સભાઓ યોજી ને સમસ્યાઓ દૂર કરવાના પ્રયાસો કરવા જોઈએ.

(૧૦) રાજકોટ શહેરનો ભાવિ વિકાસ વધુ આગળ વધી શકે તે માટે રાજકોટ સાથે સંકળાયેલા મહત્ત્વના ગામો રાજકોટ મેટ્રોપોલીટનમાં સંપૂર્ણરીતે ભળી જાય તે આવશ્યક છે. તેમને અમદાવાદની માફક સીટીવસ્તી આજુબાજુના ગામોમાં વસે તેવા આકર્ષણો રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીએ આપવા જોઈએ. જેથી રાજકોટ શહેરમાં નવી વસ્તીનું ભારણ પણ પ્રમાણમાં ઓછુ રહે.

રાજકોટને આદર્શ મેટ્રોપોલીટન શહેર તરીકે વિકસાવવા માટે ઉપર જણાવેલ નીતિ વિષયક સુચનો કોઈપણ પ્રકારનું રાજકારણ લાવ્યા વગર અમલમાં મૂકવામાં આવે તોજ રાજકોટ એક આદર્શ શહેર તરીકે બહાર આવી શકે. આ અંગે પ્રજામાં અને રાજકારણીઓમાં તથા યોજનાઓના અમલ કરનારાઓનાં માનસમાં સામાજિક ક્રાંતિ અને જાપાનની માફક રાષ્ટ્રીય ભાવના સાથે લોકકલ્યાણ પોતાના હૈયે હોય તો જ ઈચ્છિત પરિણામે રાજકોટ એક આદર્શ શહેર તરીકે વધુ સારી પ્રસિધ્ધી મેળવી શકે.

**૫:૫ ઉપસંહાર :–**

આમ, રાજકોટનાં આર્થિક વિકાસના પાયારૂપ ઔદ્યોગિક વિકાસ સાથે સંકળાયેલ તમામ કામગીરીની પણ યોગ્ય ચકાસણી કરવી જોઈએ. જેમાં ઔદ્યોગિક સહકારી મંડળીઓ માટેની પેકજ યોજના હેઠળ જુદા જુદા કામો માટે આપવામાં આવેલ નાણાકીય સહાયને અનુરૂપ એવી યોગ્ય કામગીરીમાં વ્યવસ્થાપન થાય તેની નોંધ લેવી જોઈએ. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કામગીરી જેમાં કામચલાઉ અને કાયમી લઘુઉદ્યોગ નોંધણી, એકસપોર્ટ પ્રમોશન કાઉન્સીલ સાથે ટેકનીકલ સંસ્થાઓનો અભ્યાસ વિદ્યુત કર માફી, ઓકટ્રોય માફી, માર્કેટીંગ સહાય, ઉત્પાદિત માલની ગુણવત્તા માટે એવોર્ડ, જિલ્લામાં આવેલ તાલુકાવાર નાણાકીય સંસ્થાઓની યાદી, જિલ્લામાં ચાલુ જોઈન્ટ સ્ટોક કંપનીઓ અને તેની મૂડી વગેરે તમામ બાબતોની નોંધ લેવી આવશ્યક છે. જેના દ્વારા રાજકોટ જિલ્લાની સંપૂર્ણ માહિતી પ્રાપ્ત કરી તેની સમસ્યાઓ જાણી શકાય.

આ ઉપરાંત રાજકોટ શહેરના વિકાસ સાથે સંપૂર્ણરીતે સંકળાયેલા એવા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરી શહેરના વિકાસ તરફ હોવી જોઈએ. જેના હાલના અંદાજો મુજબ આવકમાં વધારો અને ખર્ચ ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા નાણાકીય સ્થિતિ માટે ચિંતાજનક બાબત બની છે. ઈ. સ. ૨૦૦૧ – ૦૨ માર્ચ ૩૧ ના રોજ પૂર્ણ થયેલ બજેટના આરંભે ઘડાયેલ આવકના લક્ષ્યાંકોમાં રૂા. ૧૬ કરોડ જેવો જંગી ઘટાડો છતા વિવિધ વિભાગોમાંથી મળતી માહિતી મુજબ કુલ આવકમાં વાસ્તવિક ઘટ્ટ રૂા. ૨૦ થી ૨૧ કરોડની થાય તેવા નિર્દેશ મળ્યા છે.

આનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે મહાપાલિકાના તંત્રવાહકોએ કાલાવડ રોડ, ફોરટ્રેક ફાયર સ્ટેશન, ટ્રાફીક સુધારણા, જળ સંચય, સોલીડ વેસ્ટ વગેરે યોજનાઓ રસ્તા મરામત

સફાઈ સહિતની પ્રાથમિક સુવિધા વગેરે બાબતમાં આશરે રૂા. ૨૦ કરોડના કામો કરવામાં અશકિત જાહેર કરવી પડી હતી. ચાલુ વર્ષમાં નવ માસમાં આવકથી ખર્ચ રૂા. એક કરોડ વધ્યો. આ બાબત ઉભી ન થાય તે માટે શરૂઆતથી જ મૂડીરોકાણનું વ્યવસ્થિત આયોજન કરવુ આવશ્યક છે.

આ ઉપરાંત શહેરમાં લેબર લોઝની સુધારણા એગ્રોએઈઝ અને ફુડ પ્રોસેસીંગ ઈન્ડસ્ટ્રીઝના નિકાસલક્ષી ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા એકસપોર્ટ ઝોન અને વેલ્યુ એડીશન પ્રોજેકટની નીતિઓ અમલમાં મૂકવી જોઈએ. જેથી રોજગારલક્ષી ઉદ્યોગોનો પણ સારો એવો વિકાસ થઈ શકે. રસ્તાઓના સંદર્ભમાં અન્ડર બ્રીજ, પહોળા રસ્તા, એરપોર્ટ સ્થળાંતર, જામનગર કાલાવડ બાય પાસ વગેરે જેવી રાજકોટના વિકાસની કેટલીક યોજનાઓ પૂર્ણ થયેલ છે. જયારે કેટલીક કાર્યરત છે અને કેટલીક ભાવિ આયોજનમાં છે.

# પ્રકરણ – ૬

## "અભ્યાસનું મહત્વ, સુચનો અને તારણો"

## (Summary of Study)

# પ્રકરણ – ૬
# અભ્યાસનું મહત્વ, સૂચનો અને તારણો
# (Summary of Study)


| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૬ : ૧ | પ્રસ્તાવના | ૨૨૯ |
| ૬ : ૨ | ઔદ્યોગિક વિકાસનાં પ્રશ્નો અને સૂચનો | ૨૩૦ |
| ૬ : ૩ | અભ્યાસનાં પ્રકિર્ણ પ્રશ્નોની જાણકારી અને તેનાં ઉકેલ માટેનાં સૂચનો | ૨૪૬ |
| ૬ : ૪ | જિલ્લામાં નવા ઉદ્યોગોનાં વિકાસની ભાવિ શકયતાઓ | ૨૬૧ |
| ૬ : ૫ | અભ્યાસનાં મુખ્ય અને મહત્ત્વનાં તારણો | ૨૬૩ |
| ૬ : ૬ | હેતુઓની સિદ્ધિ | ૨૬૪ |
| ૬ : ૭ | પ્રકરણ સારાંશ | ૨૬૫ |
| ૬ : ૮ | સમાપન | ૨૬૮ |

# પ્રકરણ – ૬
# અભ્યાસનું મહત્વ, સૂચનો અને તારણો

## ૬:૧ પ્રસ્તાવના :–

આ અભ્યાસનાં મહત્વ અને મર્યાદા વિશે પ્રકરણ – ૧માં ટુંકમાં ચર્ચા કરવામાં આવી છે. તેમ છતા આ અભ્યાસ વિકેન્દ્રિત આયોજનને સફળ બનાવવાની દિશા દર્શાવે છે. આ પ્રકારનો અભ્યાસ રાજયના તમામ જિલ્લાનાં સંદર્ભમાં કરવામાં આવે તો તમામ જિલ્લાનાં તમામ તાલુકાઓનાં ગામોનાં ભાવિ વિકાસ માટેની નકકર યોજના કે દરખાસ્ત તૈયાર કરી શકાય. આ જિલ્લાનાં તમામ ગામો, નગરો અને શહેરોના પ્રશ્નો તેના કારણો, વિકાસની સંભાવનાઓ, તેને સાકાર કરવા માટેની યોજનાઓ વગેરે બાબતો જાણીને એકમલક્ષી વિકેન્દ્રિત આયોજન વડે આ જિલ્લાનો સમગ્રલક્ષી ઉચ્ચતમ વિકાસ કરી શકાય. આથી દરેક વિસ્તારનાં પ્રશ્નો, સાધનો, વિકાસની સંભાવનાઓ વગેરે જાણી શકાશે. તેમજ આ વિસ્તારનો વિકાસ કઈ રીતે થઈ શકશે તેની નકકર માહિતી પ્રાપ્ત થઈ શકશે.

આ અભ્યાસ ઘટકકક્ષાને ધ્યાનમાં રાખી વિકેન્દ્રિત આયોજનને સફળ બનાવવાની દિશા દર્શાવે છે. એક સમાન ધોરણે વિશિષ્ટ પદ્ધતિ કે સાધનો વડે બધાજ વિસ્તારોનો સમાન વિકાસ ન થઈ શકે. બધાજ વિસ્તારોની આગવી ઓળખ, સાધનો, અન્ય વિશિષ્ટતાઓ, પ્રશ્નો, તેનાં કારણો તથા વિકાસની અલગ અલગ પદ્ધતિઓ હોય છે. દરેક જિલ્લાને ધ્યાનમાં રાખી આ પ્રકારનાં અભ્યાસો હાથ ધરવામાં આવે તો દરેક જિલ્લાનાં વિકાસનું સ્પષ્ટ ચિત્ર મળશે ખાસ કરીને પછાત જિલ્લાઓમાં આ પ્રકારનો અભ્યાસ ઘણી નિર્ણાયક માહિતી આપશે. આ પ્રકારનો અભ્યાસ સરકારને નીતિ વિષયક નિર્ણયો તથા વિકેન્દ્રિત આયોજનનાં ઘડતર અને તેનાં અમલીકરણ માટે તૈયાર અને નકકર માહિતી આપે છે. આવા સંશોધન માટે રાષ્ટ્રીયકક્ષાએ, રાજય આયોજનપંચમાં અને જિલ્લાકક્ષાએ જિલ્લા આયોજન મંડળમાં અલગ અલગ સંશોધન વિભાગની વ્યવસ્થા કરવી જોઈએ. દરેક જિલ્લામાં આ માટે સંશોધકોની ટીમ કે સંશોધન સંસ્થાઓ તૈયાર થાય તે માટે વ્યવસ્થા કરવી જોઈએ. આ માટે શિક્ષણ અને તાલિમ માટે અર્થશાસ્ત્ર વિષયમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ રહેલા અભ્યાસક્રમોમાં જોગવાઈ કરવી જોઈએ.

પ્રસ્તુત પ્રકરણમાં અભ્યાસનું મહત્વ કઈ દ્રષ્ટિએ રહેલુ છે તેને ઔદ્યોગિકક્ષેત્રનાં પ્રશ્નોની જાણકારી મેળવવાની દ્રષ્ટિએ અને તેનાં ઉકેલ તેમજ સમગ્ર પ્રશ્નોની જાણકારી તેના ઉકેલની દ્રષ્ટિએ તપાસવામાં આવેલ છે. આ ઉપરાંત જિલ્લાનાં ભાવિ વિકાસની શકયતાઓની જાણકારી મેળવવાની દ્રષ્ટિએ પણ આ અભ્યાસનું મહત્વ રહેલ છે. જે દરેક મુદ્દાઓની ક્રમશઃ ચર્ચા નીચે મુજબ કરેલ છે.

**૬ઃ૨ ઔદ્યૌગિક વિકાસનાં પ્રશ્નો અને સૂચનો :–**

રાજકોટ જિલ્લાને કેન્દ્ર અને રાજય સરકારે ઔદ્યોગિક રીતે વિકસિત જાહેર કરેલ છે. કેન્દ્ર અને રાજય સરકારનાં ધોરણો પ્રમાણે વિકસિત જિલ્લા તરીકેના લોન સાધનો અને નાણાકીય સહાય જેવા તમામ પ્રકારના આર્થિક અને ઉત્પાદન સંબંધી લાભો જેવા કે સબસીડી, લોન, નાણાકીય સહાય, કાચો માલ, ખનીજો, રસ્તા, મજૂરી, બજાર વગેરે જેવી સવલતો હોવા છતા આ જિલ્લાનાં ઔદ્યોગિક વિકાસ માટેના અનેક પ્રશ્નો જોવા મળે છે. આ માટે ઉદ્યોગપતિઓ આગેવાનો, લોક પ્રતિનિધિઓ, વહિવટી અધિકારીઓ વગેરે પાસેથી જે વિગતો પ્રાપ્ત થઈ છે એ વિગતો આધારિત ઔદ્યોગિક વિકાસનાં પ્રશ્નોની ટૂંકમાં ચર્ચા નીચે પ્રમાણે રજૂ કરવામાં આવેલ છે.

**(૧) નાણાકીય પ્રશ્ન :–**

રાજકોટ જિલ્લામાં કૃષિ અને ઉદ્યોગ બન્નેનું સહઅસ્તિત્વ જોવા મળે છે. જિલ્લાનાં અમુક ગ્રામીણ વિસ્તારો કૃષિપ્રધાન જોવા મળે છે. જિલ્લામાં રહેલા અમુક અલ્પવિકસિત તાલુકાઓમાં નીચી ઉત્પાદકતા, સિંચાઈનો અભાવ, બજારમાં મળતા ભાવો સામાજિક વલણો અને ટેકનોલોજી જેવા પરિબળોને લીધે કૃષિક્ષેત્રનો અલ્પવિકાસ જોવા મળે છે. જે ઔદ્યોગિક મૂડીરોકાણને સીધી અસર કરે છે. આર્થિક પછાતતને કારણે બચતનું પ્રમાણ ઓછુ જોવા મળે છે. પૂરતા નાણાકીય સાધનોનાં અભાવે મૂડીરોકાણ ઓછુ જોવા મળે છે. નાણાસંસ્થાઓ દ્વારા નાણાકીય સગવડ લોન કે સહાયનાં સ્વરૂપમાં આપવામાં આવતી સહાય કે ધિરાણ તેમને મળે છે જે એકમોની આર્થિક સધ્ધરતા વધુ સારી હોય તેમજ ધિરાણ પરત કરવાની દરેક પ્રકારની શરતો સંતોષી શકતા હોય પરંતુ નાના પાયાના કે લઘુઉદ્યોગો કે જેઓ યોગ્ય તારણો અને જામીનગીરીઓ રજૂ કરી શકતા નથી તેઓને સરળતાથી કે પૂરતા પ્રમાણમાં

ધિરાણ મળતુ નથી. નાણાકીય સંસ્થાઓ પણ માત્ર મોટા એકમોને ધિરાણ કરવામાં જ રસ ધરાવતી જોવા મળે છે. જયારે નાના ઉદ્યોગો કે ઓછી રકમના ધિરાણ માટેની અરજીઓમાં તેઓ વધુ સક્રીય હોતા નથી. રાષ્ટ્રીયકૃત બેંકો પાસેથી ધિરાણ મેળવવાની કામગીરી લાંબી અને કંટાળાજનક છે. આથી ઘણીવાર ધિરાણ મેળવવા માટે પણ ભ્રષ્ટાચારનું આચરણ થતુ જોવા મળે છે. બેંકીંગ શાખાઓના અધિકારીઓ તેમજ જિલ્લા ઉદ્યોગકેન્દ્રનાં અધિકારીઓ પણ તેમાં સામેલ હોય ત્યારે આર્થિક સધ્ધરતા નબળી હોય તેવા એકમો ધિરાણથી સંપૂર્ણપણે વંચિત રહી જાય છે. જયારે ખાનગી નાણાકીય સંસ્થાઓ દ્વારા પ્રાપ્ત થતા ધિરાણ પરનાં વ્યાજદારો વધુ ઉંચા હોવાથી તે પણ મોંઘુ પડે છે. જિલ્લાનાં ગ્રામીણ વિસ્તારોની કૃષિ પ્રવૃતિઓનાં અલ્પવિકાસ અને બિનઆર્થિક પ્રવૃતિઓનાં ઓછા પ્રમાણને લીધે મૂડીગત ધિરાણના પ્રશ્ન કરતા ચાલુ મૂડીનાં પ્રશ્નો વિશેષ જોવા મળે છે.

આ ઉપરાંત રાષ્ટ્રીયકૃત બેંકોની બિનલાભદાયક અસ્કયામતો (એન. પી. એ.) માં વધારો થવાને કારણે બેંકોની ધિરાણ પ્રક્રિયામાં અનેક પરિવર્તનો કરવામાં આવ્યા છે.

**(૨) વિજળી અને પાણીનો પ્રશ્ન :–**

વિજળી અને પાણીનો પ્રશ્ન જેવો કૃષિક્ષેત્ર માટે અવરોધકરૂપ છે એજ રીતે ઔદ્યોગિકક્ષેત્રમાં પણ અવરોધકરૂપ છે. જિલ્લાનાં મોટાભાગના ઉદ્યોગકારોને વિજળી અને પાણી પૂરતા પ્રમાણમાં અને સમયસર મળતા નથી. તેથી તેઓ ઉદ્યોગો દ્વારા નિશ્ચિત ઉત્પાદન પ્રાપ્ત કરી શકતા નથી. આજ કારણસર ઘણીવખત આ સમસ્યા હેઠળના મોટાભાગના વિસ્તારોમાં નવા ઔદ્યોગિક એકમો યોગ્ય ઝડપથી સ્થપાતા નથી. તેમજ ત્યાં મૂડીરોકાણકારોને પણ આકર્ષી શકાતા નથી. ગુજરાત વિદ્યુતબોર્ડના વિજપુરવઠામાં રહેલી અછતને કારણે ઔદ્યોગિક વપરાશ માટેના જરૂરી યુનિટ પૂરતી વિજળીની પણ અછત જોવા મળે છે. વળી વારંવાર ટ્રાન્સમીટરની ખામી અને સીડયુલ મુજબ આપવામાં આવતા વિજકાપ, વિજ પુરવઠાની અનિયમિતતા અને અનિશ્ચિતતા જેવા પ્રશ્નો રાજકોટ જિલ્લામાં વિશેષ જોવા મળે છે તેમજ ઔદ્યોગિક હેતુ માટે વપરાતી વિજળીનો દર પણ ખુબજ ઉંચો છે. એવી જ રીતે જિલ્લામાં વરસાદનાં પાણીનાં સંગ્રહની સુવિધા પણ અપૂરતી જોવા મળે છે. વિજળી અને પાણી જેવા ઉદ્યોગોને સંચાલિત રાખતા આ બન્ને મહત્વનાં સાધનોની અછત એ ઔદ્યોગિકક્ષેત્રનો એક ગંભીર પ્રશ્ન છે.

### (૩) બજાર વિષયક પ્રશ્નો :–

રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક ઉત્પાદનના સ્થાનિક ધોરણે ચોકકસ વિસ્તારોમાં બજારો જોવા મળે છે. પરંતુ જિલ્લાનાં આસપાસનાં વિસ્તારોમાં સ્થાપિત મોટાભાગનાં ઔદ્યોગિક એકમો કાચા માલ પર આધારિત જોવા મળે છે. જેમ કે જીનીંગ ઉદ્યોગ, સિરામિક ઉદ્યોગ, નળિયા ઉદ્યોગ, જયારે બાકીના અન્ય ઔદ્યોગિક એકમોમાં જોબવર્ક પ્રકારના એકમો વધુ જોવા મળે છે. જિલ્લામાં સ્ટાન્ડર્ડ વસ્તી કે કોઈ એકમની બ્રાન્ડ હોય એવા ખાસ ઉત્પાદનનાં એકમો તેમજ એસેમ્બલીંગ પ્રકારના ઉદ્યોગો પણ જોવા મળે છે. ઔદ્યોગિક વિકાસનાં પ્રશ્નોનાં ભાગરૂપ બજારનાં પ્રશ્નો પણ જોવા મળે છે. જેમાં વેચાણ સંબંધી મુશ્કેલીઓ, કાચામાલ સંબંધી પ્રશ્ન, હરીફાઈનો પ્રશ્ન વગેરે જોવા મળે છે. ઉધાર કે શાખ આધારિત વેચાણ તેમજ વ્યાજ ખાદ્ય જેવી નાણાકીય ખોટ પણ સવિશેષ જોવા મળે છે. ખરીદનારને નાણાકીય ખોટ પણ સવિશેષ જોવા મળે છે. ખરીદનાર જયારે ચૂકવણીનો સમય લંબાવે છે ત્યારે પુનઃખરીદી કરારનો સમય પણ લંબાવે છે. જેથી ઔદ્યોગિક એકમોમાં ઉત્પાદીત ચીજવસ્તુનુ ડમ્પીંગ થાય છે. બજારવિષયક પ્રશ્નોનાં ભાગરૂપ વર્તમાન સમયમાં વિકસિત જિલ્લામાં હરિફાઈનો સામનો પણ વિશેષ પ્રમાણમાં કરવો પડે છે. આમ રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક વિકાસનાં અવરોધક પરિબળ તરીકે બજાર પણ એક સમસ્યારૂપ પ્રશ્ન છે.

### (૪) વિસ્તાર વિષયક પ્રશ્ન :–

રાજકોટ જિલ્લાનાં ઔદ્યોગિક વિકાસમાં વિસ્તાર વિષયક સમસ્યાને પણ કારણભૂત માનવામાં આવેલ છે. અમદાવાદ, વડોદરા, સુરત, વલસાડ, વાપી વગેરેમાં ઔદ્યોગિક વિકાસ માટેનુ પર્યાવરણ છે તેવુ પૂરતુ પર્યાવરણ તો હજુ આ જિલ્લામાં જોવા મળતુ નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. જેમાં પ્રોત્સાહનો, સહાય, સબસીડી જેવા દરેક લાભો આ જિલ્લાએ પ્રાપ્ત કરેલ હોવા છતા વિકાસ સમગ્રલક્ષી બની શકયો નથી. માત્ર સબસીડી અને લાભો આપવાથી જ વિકાસ થાય તેવુ નથી. તેના માટે યોગ્ય પર્યાવરણની પણ આવશ્યકતા છે. સમગ્ર જિલ્લામાં રાજકોટ શહેરને આ યોજનાઓનો જેટલો લાભ પ્રાપ્ત થયો છે. તેટલો જિલ્લાના અન્ય તાલુકાઓને બિલકુલ પ્રાપ્ત થયો નથી તેમ કહી શકાય.

**(૫) શ્રમ સંબંધી કાર્યક્ષમતાનો પ્રશ્ન :–**

રાજકોટ જિલ્લામાં સામાજિક માળખાને આધારિત મનોવલણોને કારણે શિક્ષણનું પ્રમાણ ઉંચુ જોવા મળે છે. પરિણામે ઔદ્યોગિકક્ષેત્રને કાર્યક્ષમ શ્રમીકો પ્રાપ્ત થવા જોઈએ. પરંતુ ઔદ્યોગિક એકમો દ્વારા પૂરતા સમય સામે ચૂકવવામાં આવતા અપૂરતા વેતનો તેમજ અન્ય શોષણને કારણે આ કાર્યક્ષમતાવાળા શ્રમીકો ઔદ્યોગિક ક્ષેત્રોને પુરતા પ્રમાણમાં તેમજ કાયમી ધોરણે મળી શકતા નથી. રાજકોટ શહેરમાં ઔદ્યોગિક તાલિમ શિક્ષણની સંસ્થાઓ, ટેકનિકલ શિક્ષણ અને તાલિમ માટે પોલીટેકનિકલ સ્કૂલ, તાલિમ સહ ઉત્પાદન કેન્દ્રો, સરકાર માન્ય અન્ય તાલિમ સંસ્થાઓ જેવી અનેક સંસ્થાઓ હોવાથી રાજકોટ શહેર કક્ષાએ કાર્યક્ષમ શ્રમીકો જોવા મળી શકે છે. તેટલા જિલ્લાનાં અન્ય તાલુકાઓમાં આ સંસ્થાઓનાં અભાવને કારણે મળી શકતા નથી, એ એક મુખ્ય પ્રશ્ન છે. આથી જ જિલ્લાનાં અન્ય વિસ્તારોમાં તાલિમ પામેલા શ્રમની અછતને કારણે ઉત્પાદનની કાર્યક્ષમતા ઓછી જોવા મળે છે. આમ જિલ્લાનાં જે વિસ્તારોમાં બિનતાલીમ પામેલા શ્રમનો ઉપયોગ થાય છે તેની કાર્યક્ષમતા ખુબજ ઓછી જોવા મળે છે. જિલ્લાનાં ઉદ્યોગને માનવશકિતની પ્રાપ્તિ સંબંધમાં ખાસ કંઈ મુશ્કેલી કે સમસ્યા નથી પરંતુ કેટલાક ઉદ્યોગોને તેમની જરૂરીયાત પ્રમાણેના અનુભવ, જ્ઞાન, તાલિમ અને કુશળતા સંપાદન કરેલા કર્મચારી કે કારીગરો મળતા નથી.

**(૬) મજુરોના સ્થિરીકરણનો પ્રશ્ન :–**

ઔદ્યોગિક શ્રમીકોના માનસિક વલણો પરિવર્તનશીલ હોય છે. શ્રમીકો સામાજિક અને આર્થિક પરિબળો તથા માલિકોના વલણો અને તેઓની નીતિને કારણે અનિયમિત રહેતા હોય છે. તેમજ ખેતીમાં જયારે શ્રમની જરૂર ન હોય ત્યારે શહેરમાં આવીને ઔદ્યોગિક એકમોમાં કામે જોડાય છે અને તેમની અનુકૂળતા મુજબ ઔદ્યોગિક એકમની નોકરી છોડીને ચાલ્યા જાય છે. ગ્રામીણ મજૂર પોતાના વતનને જ સામાજિક સલામતીનું સ્થળ માને છે. આથી તહેવારો, ઉત્સવો, સામાજિક પ્રસંગો, માંદગી જેવા પ્રસંગોએ તેઓ વતનમાં જતા રહે છે. પરિણામે ગેરહાજરીનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. મજૂરોની આવી માનસિક અસ્થિરતાને લીધે ઉત્પાદન પ્રક્રિયામાં વિક્ષેપ ઉભો થાય છે. આમ રાજકોટ જિલ્લાના જે ઔદ્યોગિક એકમો ગ્રામીણ શ્રમિકોનો વિશેષ ઉપયોગ કરે છે. તેમાં આ પ્રશ્ન મુખ્યત્વે જોવા મળે છે. જયારે શહેરી શ્રમિકો દ્વારા કાર્યશીલ એકમોમાં આ પ્રશ્નનુ પ્રમાણ ઓછુ જોવા મળે છે.

**(૭) ગુણવત્તાનો પ્રશ્ન :–**

ઔદ્યોગિક એકમમાં અશિક્ષિત અને બિનતાલિમ પામેલા શ્રમિકોના ઉપયોગ વિશેષ કરવામાં આવે છે. કારણ કે તાલિમી અને શિક્ષિત શ્રમિકો ઔદ્યોગિક એકમનાં મનસ્વીપણાને સ્વીકારતા નથી પરિણામે ઉત્પાદન પ્રક્રિયાનાં જુદા જુદા તબકકાઓનાં કુશળ, નિષ્ણાંત કર્મચારીઓ અને શ્રમિકોનો અમુક અંશે અભાવ જોવા મળે છે. બિનકાર્યક્ષમ શ્રમિકો અને અનુભવના આધાર પર રોકાયેલા કર્મચારીઓ અને નિયોજકો હોવાથી કવોલિટી કંટ્રોલ જેવો કોઈ વિભાગ ઔદ્યોગિક એકમોમાં રાખવામાં આવતો નથી. તેમજ સ્થાનિક કાચામાલ આધારિત ઉદ્યોગોમાં કુદરતી પરિબળો કામ કરતા હોવાથી જિલ્લાના ઉત્પાદન વિશે ગુણવતા સંબંધી પ્રશ્ન ઔદ્યોગિક વિકાસમાં પ્રતિકૂળ સ્થિતિનું સર્જન કરે છે. ઓછી કે નીચી ગુણવતાને કારણે હરિફાઈયુકત બજારમાં ટકી રહેવુ પણ અશકય છે.

**(૮) સંચાલન વિષયક પ્રશ્ન :–**

ઔદ્યોગિક એકમો સ્થાપવાથી ઉત્પાદન અને આવક પ્રાપ્ત થઈ જતી નથી તેના માટે યોગ્ય સંચાલન અને ત્વરિત નિર્ણયશકિતની જરૂર પડે છે. જેનામાં પેઢી સંબંધી યોગ્ય આયોજન કરવાની ક્ષમતા હોય, નિયોજકતાનો ગુણ હોય, જેનામાં નેતૃત્વનો ગુણ હોય તેમજ કર્મચારી પાસેથી મહતમ કામ કઢાવવાની આવડત હોય તેવા સંચાલક ધંધાનુ સફળ સંચાલન કરી શકે છે. સંચાલન વિષયક પ્રશ્ન પણ રાજકોટ શહેર તેમજ વિકસિત વિસ્તારોને બાદ કરતા અલ્પવિકસિત કે ગ્રામીણ વિસ્તારોમાં વિશેષ જોવા મળે છે. જો સંચાલન વ્યવસ્થિત ના હોય તો સમગ્ર ઔદ્યોગિક એકમનું અસ્તિત્વ કથળી જાય છે. આમ વિકાસ આડે આવતા પ્રશ્નોમાનો આ એક અગત્યનો પ્રશ્ન છે.

**(૯) ઔદ્યોગિક શિક્ષણનાં ઉપયોગનો અભાવ :–**

જિલ્લામાં રાજકોટ શહેર તેમજ અન્ય શહેરી વિસ્તારોમાં અનેક ઔદ્યોગિક શિક્ષણકેન્દ્રો આવેલા હોવાછતા તેનો પૂરતો ઉપયોગ થવાના અભાવે તેમજ યોગ્ય માર્ગદર્શનનાં અભાવે ઔદ્યોગિક એકમનાં માલિકો સ્થાનિક બજાર સંબંધી માહિતીઓથી પરિચિત રહે છે. પરંતુ બાહય માહિતીઓથી અમુક અંશે વંચિત રહે છે. રાજકોટ શહેર વિસ્તારમાં જે તે ઔદ્યોગિક ક્ષેત્રમાં થતા નવસર્જિત ફેરફારો અંગે માર્ગદર્શન પૂરૂ પાડવા અંગેના સેમીનારો કરવામાં આવે છે. પરંતુ જિલ્લાના દરેક તાલુકાઓમાં આ પધ્ધતિનો અભાવ જોવા મળે છે. જો આવુ ઔદ્યોગિક શિક્ષણ દરેક શહેરી

તેમજ ગ્રામીણકક્ષાએ સ્થપાયેલા ઔદ્યોગિક એકમોને પણ આપવામાં આવે તો સમતોલ પ્રાદેશિક અને ઔદ્યોગિક વિકાસનું ધ્યેય પૂર્ણ થઈ શકે. પરંતુ તેનાં અભાવે જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર ઔદ્યોગિક દ્રષ્ટિએ પછાત રહેતો જોવા મળે છે.

**(૧૦) ઔદ્યોગિક સંગઠનનો પ્રશ્ન :–**

રાજકોટ જિલ્લામાં કૃષિ સહકારી માળખા ઉપરાંત ઔદ્યોગિક સહકારી માળખુ પણ વિશેષ સારુ છે. તેમછતા ઔદ્યોગિક વિકાસને જિલ્લા કક્ષાએ તપાસતા પૂરતુ પ્રોત્સાહન જોવા મળતુ નથી. ઔદ્યોગિક વિકાસ માટે ઔદ્યોગિક સહકારી માળખુ જરૂરી છે. તેનાં દ્વારા એકમોને રક્ષણ મળે છે. સરકારની પ્રતિકૂળ નીતિઓ સામે સંગઠિત થઈ અવાજ ઉઠાવી શકાય છે અને વિવિધ જરૂરીયાતો સંતોષી શકાય છે. આમ આધારભૂત સંગઠન વિના ઔદ્યોગિક વિકાસ ઓછો થાય છે.

**(૧૧) સાહસિકતાનો અભાવ :–**

આ જિલ્લાનાં રાજકોટ શહેર સિવાયના આંતર શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારનાં લોકોમાં સાહસવૃત્તિનો અભાવ જોવા મળે છે. આધુનિક યંત્રસામગ્રીનાં કુશળ તથા કાર્યક્ષમ ઉપયોગની તાલિમ નહી હોવાથી તેનો વિશેષ ઉપયોગ પણ થઈ શકતો નથી. નવી શોધો, નવી ટેકનોલોજી અને નવા દ્વાર ખોલીને સાધનોની યોગ્ય વપરાશ કરવાની સફળતા સિદ્ધ કરનાર ઉદ્યોગ સાહસિકોનો અભાવ જોવા મળે છે. સાહસિકો તરીકે આગળ આવવા માટે લોકો ઉદાસીનતા દાખવે છે. તેમજ વર્તમાન સાહસિકો પ્રણાલિકાગત અભિગમ ધરાવે છે. પ્રગતિશીલ, દીર્ઘકાલીન અને નવો દ્રષ્ટિકોણ તેઓ અપનાવી શકતા નથી. આમ પહેલવૃત્તિનો પણ અભાવ જોવા મળે છે. જિલ્લામાં ઉદ્યોગ સાહસિકતાનો ગુણ ખિલવવા કે નવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપી બહાર લાવવા માટેની સંસ્થાકે તાલિમ કેન્દ્ર રાજકોટ શહેરમાં હોવા છતા તેના માર્ગદર્શનનો ઉદ્યોગસાહસિકો દ્વારા પુરતો ઉપયોગ કરવામાં આવતો નથી. આમ જિલ્લાનાં મોટાભાગના શહેરી ગ્રામીણ વિસ્તારના લોકોમાં આ ગુણના અભાવે ત્યાં ઉદ્યોગોનો વિકાસ ઓછો જોવા મળે છે.

**(૧૨) સરકારની નીતિ :–**

ભારત સરકારે રાજકોટ જિલ્લાને ઔદ્યોગિક રીતે વિકસિત જાહેર કર્યા પછી જયાં વિકાસની વધુ સંભાવના હોય ત્યાં વધુ મૂડીરોકાણ કરી વધુ ઉંચો આર્થિક વિકાસ દર હાંસલ કરવાની નીતિને અમલમાં મૂકી છે. આ માટેની ખાસ પેકેજ યોજના, સબસીડી તેમજ અનેક પ્રોત્સાહનો આપીને

જિલ્લામાં ઉચ્ચ ઔદ્યોગિક વિકાસ માટેના પ્રયત્નો કર્યા છે. સરકારી યોજનાઓનાં લાભો પર જે સમીક્ષા સરકાર દ્વારા થવી જોઈએ તેનો પણ અભાવ જોવા મળે છે. આને કેન્દ્ર સરકારે ૧૯૯૨ માં આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિકરણની નીતિ અપનાવી. જેને કારણે કેન્દ્રસરકાર અને રાજયસરકારનો ઔદ્યોગિક ક્ષેત્રનો અભિગમ પહેલા કરતા જુદોજ રહેવા પામ્યો છે. નવી આર્થિક ઔદ્યોગિક નીતિને પરિણામે આ જિલ્લાનાં ઉદ્યોગો માટે અનેક પ્રશ્નો ઉભા થયા. સરકારનાં આકરા નીતિવિષયક પગલાઓએ જિલ્લાનાં દરેક ઉદ્યોગોમાં પ્રશ્નો ઉભા કર્યા છે. તાજેતરમાં મૂલ્યવર્ધિત કરનાં અમલીકરણના મુદ્દાએ પણ અનેક વિરોધાત્મક પરિસ્થિતિનું સર્જન કરેલ. સરકારની પ્રતિકૂળ નીતિઓને કારણે જ કેટલાક ઉદ્યોગો માંદગીની અવસ્થામાં આવી જાય છે. જયારે કેટલાક એકમો બંધ થઈ જવા પામે છે.

**(૧૩) ઉત્પાદન શકિતનાં ઉપયોગનો પ્રશ્ન :–**

જિલ્લામાં વિજળી, કોલસો અને ડીઝલ ઓઈલ એ ઔદ્યોગિક એકમોનાં ઉત્પાદનનાં મુખ્ય યાંત્રિક ચાલકબળ છે. રાજયનાં વિજઉત્પાદન અને માંગ આધારિત પુરવઠા વચ્ચે અસંતુલનને કારણે વારંવાર વિજકાપ, વિજ રેટીંગ, કોલસા પર આકરા કર, ડિઝલ નીતિમાં ફેરફાર જેવા પરિબળોને કારણે વારંવાર ઔદ્યોગિક એકમો બંધ રાખવાના પ્રસંગો બને છે. પરિણામે ઉત્પાદન શકિતનો પૂરેપૂરો ઉપયોગ લઈ શકાતો નથી. ઉત્પાદનશકિતના ઓછા ઉપયોગનો પ્રશ્ન જિલ્લાના ઔદ્યોગિક વિકાસમાં અને ઉદ્યોગકારો માટે મૂશ્કેલી સર્જે છે.

**(૧૪) અન્ય પ્રશ્નો :–**

ઔદ્યોગિક વિકાસને અસર કરતા ઉપરોકત મહત્વનાં પ્રશ્નો ઉપરાંત કેટલાક અન્ય પ્રશ્નોની પણ અહીં ચર્ચા કરેલ છે.

(૧) કુદરતી પરિબળ તરીકે વરસાદની અછતની પરિસ્થિતિમાં ખેત આધારિત ઉદ્યોગોને મોટી અસર થાય છે.

(૨) સામાજિક વલણમાં રહેલ વારસાપ્રથાને કારણે માલિકી વિષયક ઝગડાઓ થવાથી ઔદ્યોગિક એકમો માંદગીની અવસ્થામાં મુકાયેલ જોવા મળે છે. આવા એકમો લાંબાગાળે બંધ થઈ જાય છે.

(૩) આ જિલ્લામાં ઉદ્યોગોની માલિકીનું વિશ્લેષણ કરતા મોટાભાગનાં ઔદ્યોગિક એકમો

વ્યકિતગત માલિકી અને ભાગીદારી માલિકીનાં જોવા મળે છે. વ્યકિતગત માલિકીવાળા એકમો વધુ હોવાને પરિણામે નાણાકીય મુશ્કેલી ઉભી થાય છે. જો કે સંયુકત મૂડીકંપનીનાં ધોરણે પણ ઉદ્યોગો સ્થપાયા હોવાથી તેમાં મોટા પ્રમાણમાં નાણા મેળવી શકાય અને ઉત્પાદન કરી શકાય પરંતુ ગ્રામીણ, વિસ્તારોમાં વ્યકિતગત એકમોનું પ્રમાણ વધુ હોવાથી ત્યાં નાણાકીય મુશ્કેલી ઉભી થાય છે.

(૪) જિલ્લામાં સરકારી કે સહકારીક્ષેત્રનાં મોટા એકમો પણ હોવાથી આ મોટા ઉદ્યોગોને પૂરક અને આનુષાંગિક ઉદ્યોગો વચ્ચે હરિફાઈનો સામનો કરવાનો મુખ્ય પ્રશ્ન રહેલો છે.

(૫) જિલ્લામાં રાજકોટમાં શાપર વેરાવળ, મોરબી, જેતપુર, વાંકાનેર વગેરે તાલુકાઓમાં ઔદ્યોગિક કેન્દ્રીકરણ જોવા મળે છે.

આમ રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક વિકાસમાં જોવા મળતા ઉપરોકત પ્રશ્નોમાં વિજળી અને પાણીના પ્રશ્નને ઔદ્યોગિક વિકાસમાં સૌથી મહત્વનો અને ગંભીર પ્રશ્ન સમાન ગણવામાં આવે છે. જિલ્લાના કેટલાક વિકાસની દ્રષ્ટિએ પાછળ રહી ગયેલા વિસ્તારોની પછાતતા પણ ઔદ્યોગિક વિકાસમાં અસરકારક ભાગ ભજવે છે. ઔદ્યોગિક વિકાસ માટે ઉપરોકત પ્રશ્નોને કારણો તરીકે દર્શાવીને અટકી જવુ એ વાસ્તવદર્શી અભ્યાસ તરીકે યોગ્ય નથી માટે પ્રશ્ન એ થાય કે રાજકોટ જિલ્લાના સંપૂર્ણ વિકાસ માટે અવરોધક બનતા આ પરિબળો નિવારવા કેવા પગલાઓ લઈ શકાય. આ બધીજ ચર્ચાના પરિપાકરૂપ નીચે મુજબનાં પગલાઓ કે ઉપાયો લેવાથી રાજકોટ જિલ્લાનાં સંપૂર્ણ વિકાસનુ ધ્યેય હાંસલ કરી શકાય.

**૬:૨:૧ ઔદ્યોગિક વિકાસનાં સુચનો :–**

રાજકોટ જિલ્લાનો ઔદ્યોગિક વિકાસ સૌરાષ્ટ્રનાં અન્ય જિલ્લાઓ કરતા પ્રમાણમાં વધુ સારો જોવા મળે છે. તેમ છતા અન્ય જિલ્લાઓની જેમ આ જિલ્લામાં પણ ઔદ્યોગિકક્ષેત્રને સ્પર્શતા અનેક પ્રશ્નો જોવા મળે છે. જેમાં સ્થાનિક ભૌગોલિક કારણો, માનવીય કારણો, માળખાગત સુવિધાનાં કારણો, ખેતીનો અલ્પવિકાસ, સામાજિક પરિબળો, સરકારના નીતિવિષયક પગલાઓ જેવા વિવિધ પ્રશ્નોને કારણે જિલ્લાનો ઔદ્યોગિક વિકાસ ઓછો જોવા મળે છે. જેની ચર્ચા આગળ કરવામાં આવેલ છે. જિલ્લાનો ઔદ્યોગિક વિકાસ સાધવા માટેના કેટલાક મહત્વનાં સૂચનોની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

**૧. માળખાગત સુવિધા વધારવી :–**

માળખાગત સુવિધામાં વાહનવ્યવહાર, વિજળી, પાણી, શિક્ષણ, સંદેશાવ્યવહાર તેમજ આરોગ્ય જેવી માળખાકીય અને માનસિકક્ષમતા (તાર્કિકતા) માં વધારો કરે તેવી સવલતોમાં વધારો કરવો જરૂરી છે. ગ્રામીણ શહેરી માળખાકીય સુવિધાઓ વધારવાથી ઔદ્યોગિક વિકાસને વધુ પ્રોત્સાહન મળશે. જિલ્લામાં માળખાગત સુવિધા જોવામાં આવે તો રોડ રસ્તાઓ, વિજળી, શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય વિષયક સંસ્થાઓ, સંદેશાવ્યવહાર, વ્યાપારી બેન્કો, સહકારી બેન્કો, ગ્રામીણ બેન્કો વગેરેની જે સુવિધાઓ ઉપલબ્ધ છે. તે અપૂરતી જોવા મળે છે. તેમજ આમાની કેટલીક સુવિધાઓની ગુણવતા ખુબજ નીચી છે. જેમકે રસ્તાની સુવિધા અને તેની જાળવણીને અભાવે જિલ્લાનો મોટાભાગનો વ્યવહાર ચોમાસામાં ઠપ થઈ જાય છે. વાહનવ્યવહારની અપૂરતી સુવિધાનું કારણ રસ્તાઓ છે. રસ્તા સુવિધા જો વધુ ગુણવતાયુકત બનાવવામાં આવે તો વાહન વ્યવહાર સેવાનો વિકાસ થઈ શકે. સાથે સાથે ઉદ્યોગોને સતાવતો ટ્રાન્સપોર્ટેશનનો પ્રશ્ન પણ દૂર થઈ શકે. ટ્રાન્સપોર્ટેશનની ખામીને કારણે ઉદ્યોગોને કાચામાલ અને તૈયાર માલની ડીલીવરીના અનેક પ્રશ્નો ઉભા થતા હોય છે. પરિણામ સ્વરૂપ રસ્તા સુવિધા વધારવાથી અને તેની યોગ્ય જાળવણી કરવાથી ઔદ્યોગિક વિકાસને બળ મળશે. આ ઉપરાંત વિજળી અને પાણીની પૂરતી સુવિધા મળે પણ જો સઘન પ્રયાસો કરવામાં આવે તો ઉદ્યોગોની મોટાભાગની સમસ્યાઓ દૂર થઈ શકે. આમ આંતરમાળખાકીય સુવિધાઓનો સવિશેષ વિકાસ કરવો એ આ જિલ્લાના ઔદ્યોગિક વિકાસ માટે ખૂબજ જરૂરી છે.

**૨. ધિરાણ વ્યવસ્થા વધારવી :–**

જિલ્લાનો મુખ્ય વ્યવસાય ખેતી અને ઉદ્યોગ એમ સંમિશ્રિત જોવા મળે છે. જિલ્લાની ખેતીનો વિકાસ જરૂર કરતા અલ્પ જોવા મળે છે. પરિણામે આર્થિક પ્રવૃતિઓનું પ્રમાણ આવશ્યકતા મુજબ વધી શકતુ ન હોવાથી વ્યાપાર ધંધાના, પ્રશ્નો પણ સવિશેષ જોવા મળે છે. પરિણામે મૂડી સાધનની પણ અછત જોવા મળે છે. જેને લીધે ઔદ્યોગિકક્ષેત્રનો વિકાસ ધીમો રહે એ સ્વાભાવિક છે. આથી પૂરતા પ્રમાણમાં નાણાવ્યવસ્થા કરવી ખૂબજ આવશ્યક છે. જેના માટે સંસ્થાકીય ધિરાણ અને ખેતધિરાણની વ્યવસ્થા વધારવી આવશ્યક છે. ઔદ્યોગિક મૂડીરોકાણ પ્રમાણ વધારવા માટે ધિરાણની સુવિધામાં વધારો કરવો જોઈએ. આમ ધિરાણનાં પ્રમાણનો વધારો ઔદ્યોગિક

મૂડીરોકાણમાં પરિણમશે અને ઔદ્યોગિક એકમોની વૃદ્ધિ થશે. ધિરાણ વધારવાની સાથે તેમાં ઉદ્ભવતા કેટલાક પ્રશ્નોનુ નિરાકરણ કરી ધિરાણમાળખુ સુલભ અને સુગમ થાય તેવી વ્યવસ્થા કરવાથી ઔદ્યોગિકક્ષેત્રે વધુ ધિરાણ પ્રાપ્ત થતા નાણાકીય મુશ્કેલીનો પ્રશ્ન કે ઉદ્યોગની સ્થાપના સમયે ઉભો થતો સાહસમૂડીનો પ્રશ્ન દૂર થશે. જેની સાથે ઝડપી ઔદ્યોગિક વિકાસની શરૂઆત થશે.

## ૩. પાણી અને વિજળીની સુવિધા :–

જિલ્લામાં સારો વરસાદ થયેલ હોય તો પણ પાણીના અપૂરતા સંગ્રહને કારણે ઉનાળાની શરૂઆત થતા જ પાણીની તીવ્ર અછત, ઉંડા અને છીછરા પાણીના તળ જેવી સ્થિતી જોવા મળે છે. તેમજ કૂવાઓ, ચેક ડેમો, વાવો તથા ટયૂબવેલ જેવા પાણી પ્રાપ્તિનાં સાધનોમાંથી પ્રાપ્ત થતુ પાણી ક્ષાર અને ફલોરાઈડયુકત છે. જેને લીધે જિલ્લાનાં અનેક વિસ્તારોને પીવાલાયક પાણી તેમજ ઔદ્યોગિક હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવુ પાણી મળતુ નથી નર્મદાનીર યોજના દ્વારા આ જિલ્લામાં પહોંચ્યા હોવા છતા તેને નિયમિત ચાલુ રાખવામાં સરકારી તંત્રો નિષ્ફળ ગયેલ છે. આ સાથે જ રાજકોટ જિલ્લામાં વિજળીની સમસ્યા પણ વિકટ જોવા મળે છે. એક તો સમગ્ર રાજકોટ શહેર તેમજ જિલ્લાનાં મહતમ વિસ્તારોમાં આવેલ ઔદ્યોગિક એકમો વિજળી દ્વારા સંચાલિત તથા ઔદ્યોગિકક્ષેત્રનો આ એક મહતમ પ્રશ્ન છે. વિજળીની અછતને કારણે નવા વિજજોડાણ પણ ઉદ્યોગોને સરળતાથી મળતા નથી તેમજ ઔદ્યોગિક એકમોનાં વપરાશ માટેના વિજયુનિટ દર પણ વધુ ઉંચા જોવા મળે છે. આમ ઔદ્યોગિક હેતુ માટે આપવામાં આવતો વિજપુરવઠો પણ વધારવો જોઈએ. જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ માટે વિજળીની અછતને મહત્વનાં પરિબળ તરીકે ગણવામાં આવેલ છે. જો વિજળી અને પાણીનો પુરવઠો વધારવામાં આવે તો જિલ્લાનાં ઔદ્યોગિક વિકાસના અવરોધના પ્રશ્ન દૂર થવાની સાથે ઝડપી અને સરળ ઔદ્યોગિક વિકાસ શકય બનશે.

## ૪. સાહસિકતાનો ગુણ ખિલવવો :–

રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં સાહસિકતાનો અભાવ જોવા મળે છે. સ્થાપિત વસ્તુઓના ઔદ્યોગિક એકમો શરૂ કરવા માટેની પહેલ કરનારા ઉદ્યોગકારો જોવા મળતા નથી. આર્થિક, સામાજિક અને શૈક્ષણિક કારણોને લીધે સાહસિકો આગળ આવવામાં ઉદાસીનતા દાખવે છે. રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ ઉદ્યોગસાહસિકતા વિકાસ સંબંધી સંસ્થાઓ જિલ્લામાં અન્ય

વિસ્તારોમાં પણ સ્થાપવામાં આવે તો ઉદ્યોગ સાહસિકવૃતિનો ગુણ દરેક વિસ્તારના લોકોમાં વધારી શકાય. આ વૃતિનાં વિકાસથી જિલ્લામાં ઔદ્યોગિક વિકાસની ઈમારતનો પાયો વિસ્તૃત થશે અને તેની સાથે ઔદ્યોગિક વિકાસની શકયતાઓ વધશે.

**૫. મૂડીરોકાણનું પ્રમાણ વધારવુ :–**

રાજકોટ શહેર તેમજ જિલ્લાનાં કેટલાક તાલુકાઓમાં જેટલુ મૂડીરોકાણ થાય છે. તેના કરતા ગ્રામીણ વિસ્તારોમાં તેનુ પ્રમાણ ખુબ ઓછુ જોવા મળે છે. મૂડીરોકાણ વધારવા તેમજ બાહય મૂડીરોકાણકારોને આકર્ષવા વિવિધ યોજનાઓ, લાભો, નાણાસંસ્થાઓની ધિરાણ સુવિધાઓ વધુને વધુ ઉપલબ્ધ થતા મૂડીરોકાણ વધારી શકાશે. મૂડીરોકાણ વધતા જિલ્લાનો ઔદ્યોગિક વિકાસ પણ વધારી શકાશે. આવા પ્રદેશોના ઔદ્યોગિક વિકાસમાં નાણાકીય સમસ્યા વિકટ હોય છે. આથી જ જિલ્લાનાં દરેક શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં મૂડીરોકાણ વધારવાથી ઔદ્યોગિક વિકાસ સાધવો સરળ બનશે.

**૬. ઔદ્યોગિક શિક્ષણ અને પ્રચાર કે પ્રસાર વધારવો :–**

રાજકોટ શહેરમાં જ ઔદ્યોગિક શિક્ષણ આપતી સંસ્થાઓ છે તેનો વિશેષ ઉપયોગ લેવામાં આવે તે માટે આ ઔદ્યોગિક શિક્ષણ સંસ્થાઓ દ્વારા મળતા તાલિમ અને માર્ગદર્શનલક્ષી લાભોનો વિશેષ પ્રચાર કરવો જોઈએ. આ ઉપરાંત આવી સંસ્થાઓ કે જે માત્ર રાજકોટ શહેર પૂરતી જ મર્યાદિત જોવા મળે છે. તેને જિલ્લાનાં દરેક વિસ્તારોમાં સ્થાપિત કરવી જોઈએ. આ પ્રમાણે ઔદ્યોગિક શિક્ષણ અને પ્રચાર કે પ્રસારનાં સાધનો વધવાથી જિલ્લામાં રહેલા શ્રમિકો, ઉદ્યોગકારો અને અન્ય ઉત્પાદનનાં સાધનોની કાર્યક્ષમતામાં વધારો થશે. ઔદ્યોગિક વિકાસ માટે આવી તાલિમી સંસ્થાઓ અને પ્રચાર કે પ્રસારનાં માધ્યમોનો વ્યાપ વધવાથી જિલ્લામાં નવા ઉદ્યોગકારો ઔદ્યોગિક એકમો સ્થાપવાની પહેલ કરશે. પરિણામે જિલ્લાની ઔદ્યોગિક વિકાસ પ્રક્રિયા વધુ ગતિશીલ બનવાની સાથે ઔદ્યોગિક વિકાસને વેગ મળશે.

**૭. ખેતીક્ષેત્રનો વિકાસ કરવો :–**

રાજકોટ જિલ્લામાં ખેતી અને ઉદ્યોગ બન્નેનુ સંમિશ્રણ હોવાથી ખેતીક્ષેત્રનો વિકાસ પણ ઔદ્યોગિકક્ષેત્રની ગતિશીલતા માટે આવશયક છે. જિલ્લાના મોટાભાગનાં વિસ્તારમાં લોકોનો જીવનનિર્વાહ કૃષિક્ષેત્ર પર આધારિત છે. આથી કૃષિક્ષેત્રમાં આવતા પરિવર્તનો પછી તે આર્થિક

વધારાના હોય કે ઘટાડાના હોય દરેક આર્થિક પરિવર્તનો જિલ્લાની સમગ્ર આર્થિક પ્રવૃતિઓને અસર કરે છે. આયોજનનાં લાંબા સમયગાળા પછી પણ રાજકોટ જિલ્લાની ખેતીવિષયક સમસ્યાઓમાં વિશેષ ઘટાડો કરી શકાયો નથી. આજે પણ ખેતીક્ષેત્રમાં માળખાકીય સુવિધાઓ વધવા પામી નથી. જો જિલ્લાનાં સમગ્ર કૃષિમાળખામાં પરિવર્તન કરવામાં આવે એટલે કે આધુનિક વિચારસરણીવાળા નિયોજકોના ઉપયોગની સાથે નવી ટેકનોલોજીનો પ્રવેશ ખેતીક્ષેત્રમાં કરવામાં આવે તો ખેતીનો વિકાસ ઉચ્ચતમ કક્ષાએ થઈ શકે. આગળ જણાવ્યા મુજબ ખેતવિકાસની સાથે ઔદ્યોગિક વિકાસને સીધો સંબંધ રહેલો છે. કારણ કે જિલ્લાની ઔદ્યોગિક પ્રવૃતિઓને આવશ્યક કાચામાલમાં મુખ્યત્વે કૃષિ પેદાશો, પ્રાણીજન્ય પેદાશો તેમજ ખનીજોનો સમાવેશ થાય છે. સુતરાઉ કાપડ, ખાંડ, ખાંડસરી, ગોળ આયુર્વેદીક દવાઓ, ખાદ્યતેલ, બેકરી ઉદ્યોગ અન્ય ખાદ્ય પ્રોસેસીંગ જેવા ખેતપેદાશ આધારિત ઉદ્યોગો તેમજ ઓઈલ મિલ વગેરે ઉદ્યોગો જોવા મળે છે. કૃષિક્ષેત્ર પર આધારિત આવા ઉદ્યોગો માટેનો આવશ્યક કાચોમાલ પૂરતા પ્રમાણમાં મળતો ન હોવાથી વિકાસ પ્રક્રિયામાં અવરોધો ઉભા થાય છે.

કૃષિક્ષેત્રના પુરવઠાનો આધાર વિવિધ પાકોના વાવેતર માટે કેવા પ્રકારની જમીન, જમીનની ફળદ્રુપતા, ખેત પદ્ધતિ, સિંચાઈની સગવડ, સેન્દ્રીય ખાતર તેમજ ખાતરનો ઉપયોગ, બિયારણની ગુણવતા, પાક સંરક્ષણ સુવિધાઓ, જંતુનાશક દવાઓનો વપરાશ, પેદાશોના ઉપજતા વળતરદાયી ભાવો વગેરે પર નિર્ભર છે. આ બધાજ પરિબળોનો યોગ્ય ઉપયોગ થાય તો કૃષિક્ષેત્રનો વિકાસ થવાની સાથે ઔદ્યોગિકક્ષેત્રે કાચો માલ તેમજ વિવિધ સાધનોની માંગ વધતા આવા સાધનોના ઔદ્યોગિક એકમોની સ્થાપના થશે. ઉ.દા. તરીકે રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ, અન્ય ઓજારો અને કારીગરી કામ. આમ કૃષિક્ષેત્રનો વિકાસ થવાની સામે ઔદ્યોગિક વિકાસ સાથે આનુષાંગીક ઉદ્યોગો જેવા કે પશુપાલન, ડેરી ઉદ્યોગ, ઉની વણાંટ ઉદ્યોગ જેવા ઉદ્યોગોનો પણ વિકાસ થશે ખેતીક્ષેત્રનાં વિકાસની સાથે ઔદ્યોગિક વિકાસ થાય તેવી સ્પષ્ટ શકયતાઓ રહેલી છે.

**૮. યોજનાના લાભોની સમીક્ષા કરવી :–**

કેન્દ્રસરકાર અને રાજયસરકારે રાજકોટ જિલ્લાને ઔદ્યોગિક રીતે વિકસિત જાહેર કરેલ છે. જયાં વિકાસની વધુ તકો રહેલ હોય ત્યાં રોકાણ કરી વધુ ઉચ્ચ વિકાસદર હાંસલ કરવાની બાબતને ધ્યાનમાં રાખી આ જિલ્લામાં સ્થપાતા નવા ઔદ્યોગિક એકમોને વિવિધ પંચવર્ષીય યોજનાઓમાં

આકર્ષક લાભો આપવામાં આવેલા છે. વેચાણવેરાની ચુકવણીઓ, સબસીડી, લોન, પ્રોત્સાહક, ઈનામો અને અન્ય સહાય જેવા વિવિધ પ્રકારના લાભો આપવામાં આવેલ છે. જિલ્લાને મળેલ આ દરેક પ્રકારની સહાય છતા જિલ્લાના દરેક વિસ્તારોનો સમતોલ ઔદ્યોગિક વિકાસ જોવા મળેલ નથી. રાજય અને કેન્દ્ર સરકારે આ જિલ્લાને આપવામાં આવતી વિવિધ યોજનાઓ હેઠળની સહાયની સમીક્ષા કરી ગેરલાભ લેનારને યોગ્ય શિક્ષા કરવી જોઈએ.

**૯. સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ કરવુ :–**

સ્થાનિક આર્થિક પ્રશ્નો, અલ્પતમ સુવિધાઓ, સ્થાનિક માંગ, સ્થાનિક લોકોનાં મનોવલણો, સ્થાનિક વ્યાપાર વાણિજય, સ્થાનિક સરકારી તંત્ર, પર્યાવરણ, સ્થાનિક નેતૃત્વ, સ્થાનિક સામાજિક વલણો જેવી બાબતો ઔદ્યોગિક વિકાસમાં અવરોધરૂપ થાય છે. ઉ.દા. તરીકે સ્થાનિક, આર્થિક અલ્પવિકસિત કારણો ઔદ્યોગિકક્ષેત્રને પૂરતા પ્રમાણમાં સાહસી મૂડી કે ઉત્પાદક મૂડીનો પૂરવઠો પ્રાપ્ત થતો નથી. ભૌતિક સ્વરૂપની માંગમાં ઝડપથી થતા ફેરફારને કારણે ઔદ્યોગિક ઉત્પાદન અને નવા સાહસિકોને વિશેષ પ્રોત્સાહન મળતુ નથી. સ્થાનિક મનોવલણો સ્વાર્થવૃતિની ભાવનાવાળા જોવા મળે છે. પરિણામે કેટલાક ઉદ્યોગકારો ઔદ્યોગિક હેતુ માટે મેળવેલ ધિરાણ સ્વવપરાશ પાછળ ખર્ચી નાખે છે.

પ્રણાલિકાગત અભિગમને કારણે પ્રગતિશીલ દીર્ધકાલીન નવો દ્રષ્ટિકોણ સંપૂર્ણપણે ઝડપથી અપનાવી શકતા નથી. સ્થાનિક નબળા નેતૃત્વના કારણે ઉદ્યોગો માટે જરૂરી સવલતો મેળવવા માટે લડત આપનાર રાજકીય દબાણ કરનારા નેતાઓનો અભાવ જોવા મળે છે. આવા તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવવાથી ઔદ્યોગિક વિકાસને આડે આવતા અવરોધો દૂર થશે. પરિણામે સ્થાનિક રોકાણકારો તથા બાહય રોકાણકારોને રોકાણ કરવા માટેની પ્રેરણા મળશે. આમ સ્થાનિક પ્રશ્નોનું નિરાકરણ થવાથી જિલ્લાની ભાવિ ઔદ્યોગિક વિકાસની શકયતાઓમાં તીવ્ર ગતિએ વધારો શકય બનશે.

**૧૦. ઔદ્યોગિક સંગઠનો રચવા જોઈએ :–**

રાજકોટ જિલ્લાના ઔદ્યોગિક એકમો સાથે સંકળાયેલા આંતરિક અને બાહય પ્રશ્નોનાં નિરાકરણ માટે સુગ્રથિત અને સંગઠિત ઔદ્યોગિક માળખાની જરૂર છે. જિલ્લામાં ઔદ્યોગિક સહકારનો વ્યાપ અને વિસ્તાર ખુબજ મર્યાદિત જોવા મળે છે. ઔદ્યોગિક સહકારનું પ્રમાણ વધવાથી

નાણાકીય પ્રશ્નોનું સમાધાન પ્રાપ્ત થાય છે. સાથો સાથ ઔદ્યોગિક સંગઠનો દ્વારા સરકારના કેટલાક આકરા પગલાઓની કે નીતિઓની ટીકા તેમજ તેનો ઉગ્ર વિરોધ કરવાનુ નેતૃત્વ અને પીઠબળ મળે છે. આમ ઔદ્યોગિક સંગઠનો અને નાના ઔદ્યોગિક એકમોનો સામુહિક પ્રયાસને લીધે ઔદ્યોગિક પછાતતા દૂર કરી શકાય છે. આ માટે જુદી જુદી સ્થાનિક સંસ્થાઓએ, રાજયનાં અન્ય વિસ્તારોનાં મોટા ઔદ્યોગિક સંગઠનોએ આગળ આવવુ જોઈએ. તેમજ રાજય અને કેન્દ્ર સરકારે આવા ઔદ્યોગિક સંગઠનોની રચનામાં આર્થિક તેમજ તાલિમી સહકાર આપવો જોઈએ. જોકે રાજકોટ શહેર અને જિલ્લાના અનેક વિસ્તારોમાં ઔદ્યોગિક સહકારી સંસ્થાઓ સ્થપાયેલી જોવા મળે છે. પરિણામે આમાના કેટલાક વિસ્તારોના ઔદ્યોગિક એકમોનો સારો એવો વિકાસ થયેલો જોવા મળે છે. પરંતુ જો સમગ્ર જિલ્લા વિસ્તારમાં સહકારનો વ્યાપ વધારવામાં આવે તો ઔદ્યોગિક વિકાસ વધુ ઝડપી બનશે.

**૧૧. ઔદ્યોગિક પર્યાવરણ ઉભુ કરવુ :–**

જિલ્લાના રાજકોટ શહેર, જેતપુર, ગોંડલ, મોરબી, વાંકાનેર વગેરે વિસ્તારો સિવાયના વિસ્તારોમાં ઔદ્યોગિક પર્યાવરણ સંપૂર્ણ પ્રમાણમાં જોવા મળતુ નથી. તે માટેની વિવિધ સુવિધાઓનો પણ ત્યાં અભાવ જોવા મળે છે. આ માટે જરૂરી સવલતોનો વિકાસ થાય તેની સાથે ઉદ્યોગોને સહાયક એવી સંસ્થાઓ સ્થાપવામાં આવે, તાલિમ અને માર્ગદર્શનનો વ્યાપ વધારવામાં આવે, ઔદ્યોગિક મેળાઓનું આયોજન કરવામાં આવે, ઉદ્યોગોને લગતા સેમીનારોનું આયોજન કરવામાં આવે તો ઔદ્યોગિક માહોલ કે વાતાવરણ વિશેષ પ્રમાણમાં ઉભુ થશે, જેથી તે વિસ્તારોમાં પણ ઝડપી ઔદ્યોગિક વિકાસ શકય બનશે. જિલ્લાનાં રાજકોટ શહેર મોરબી, વાંકાનેર, જેતપુર, ગોંડલ વગેરેમાં અન્ય વિસ્તારો કરતા વધુ પ્રમાણમાં આ સુવિધાઓ ઉપલબ્ધ છે. વિવિધ ઔદ્યોગિક સંગઠનો અને સહકારનાં વિચારોનો પણ આ વિસ્તારોમાં વિકાસ થયો છે. આ વિસ્તારોમાં જુદા જુદા એસોસિયેશનો દ્વારા ઉદ્યોગ સંબંધી સેમીનારોનું વારંવાર આયોજન થાય છે. પરિણામે આ વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસ વિશેષ પ્રમાણમાં થયેલો જોવા મળે છે. આવુ વાતાવરણ જિલ્લાનાં અન્ય વિસ્તારોમાં પણ ઉભુ કરવામાં આવે એટલે કે ઔદ્યોગિક કેન્દ્રીકરણને બદલે વિકેન્દ્રિકરણ કરવામાં આવે તો રાજકોટ જિલ્લામાં વર્તમાન પરિસ્થિતી કરતા પણ વધુ ઉચ્ચતમ ઔદ્યોગિક વિકાસ શકય બનશે.

**૧૨. કવોલિટી કંટ્રોલ પર ધ્યાન આપવુ :–**

જિલ્લાનાં વિશિષ્ટ વિસ્તારોમાં ઉદ્યોગકારોએ બિનપ્રણાલિગત એવી આધુનીક ટેકનિક દ્વારા ઉત્પાદન અમલમાં મૂકેલ છે. પરંતુ આ વિસ્તારોને બાદ કરતા બાકીના વિસ્તારોમાં ઉદ્યોગકારો હજુપણ પ્રણાલિગત અભિગમ મુજબ ઉત્પાદન કરે છે. જિલ્લા સ્તરે આ વિસ્તારનાં ઉદ્યોગોએ પણ જો પોતાની વસ્તુના બજારનો વ્યાપ વધારવો હોય તો ઉંચી ગુણવતા, નીચા ભાવો અને આકર્ષક દેખાવ જેવા ધોરણો જાળવવાથી આંતરિક તથા આંતરરાષ્ટ્રીય બજારો સર કરવા સુલભ બનશે. જિલ્લાનાં મર્યાદિત ઉદ્યોગો નિકાસલક્ષી જોવા મળે છે. વર્તમાનમાં અપનાવેલ મુકત વ્યાપારની આર્થિક નીતિનાં સંદર્ભમાં ગુણવતાનું મહત્વ વધુ છે. ઔદ્યોગિક રીતે અલ્પવિકાસ અને ઔદ્યોગિક બજારોનું અલ્પપ્રમાણ પણ ગુણવતાને આભારી છે. નીચી ગુણવતાનાં પ્રમાણની પ્રણાલિકાથી ઉત્પાદન પર વિશેષ અસર જોવા મળે છે. આ અભિગમ હેઠળ જિલ્લાનાં અમુક વિસ્તારોનું ઔદ્યોગિક બજારમાળખુ નીચી ગુણવતાને કારણે જ અલ્પવિકસિત જોવા મળેલ છે. જિલ્લાના આવા વિસ્તારોમાં આ અભિગમ હેઠળ ઔદ્યોગિક ઉત્પાદન થતુ હોવાથી ચીજ વસ્તુનાં ઉત્પાદનની ગુણવતાની ચકાસણી ચોકકસ નિષ્ણાંતો દ્વારા કરવામાં આવતી નથી. જયાં અનુભવોનાં તજુર્બાને આધારે કવોલિટી કંટ્રોલ થાય છે. ત્યાં નિષ્ણાંતોનાં અભાવે આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા ગુણવતા ચકાસણી થતી નથી. માટે આ વિસ્તારોમાં યોગ્ય કવોલિટી કંટ્રોલ બોર્ડની રચના કરવામાં આવે તેમજ આ બોર્ડ દ્વારા ઔદ્યોગિક એકમોનું નિરીક્ષણ થતુ રહે તો ઉત્પાદનની ગુણવતામાં વધારો થવાની સાથે બહોળા બજારનો લાભ મળશે. તેમજ જિલ્લાનાં તમામ ઉદ્યોગો કદવિકાસનાં લાભો ઉઠાવી શકશે. આમ આયોજનબદ્ધ રીતે નિયંત્રણ પર યોગ્ય ધ્યાન આપવામાં આવે તો જિલ્લનો ઔદ્યોગિક વિકાસ સંપૂર્ણપણે ખીલી શકશે.

**૧૩. મોટા ઉદ્યોગોની સમતોલ કક્ષાએ સ્થાપના કરવી :–**

જિલ્લાનાં લોધિકા, ટંકારા, પડધરી, માળીયા, અમરેલી, જામકંડોરણા વગેરે વિસ્તારોમાં પણ રાજકોટ શહેર તેમજ અન્ય વિસ્તારોની માફક મોટા ઉદ્યોગોનો વિકાસ થાય તેવા વિશેષ પ્રયાસ કરવા જોઈએ. જો આવા અલ્પવિકસિત વિસ્તારોમાં વિશેષ પ્રમાણમાં મોટા ઉદ્યોગો સ્થાપવામાં આવશે તો આ જિલ્લામાં સ્થાપિત અને નવા સ્થપાતા નાના અને લઘુએકમનાં ઉદ્યોગોને જોબવર્ક પ્રકારનું ઉત્પાદકીય કાર્ય વિશેષ પ્રમાણમાં મળી રહેશે. તેવીજ રીતે જો આધુનિક

યંત્ર સામગ્રી આધારિત મોટા ઉદ્યોગોનું સ્થાપન થાય તો પૂરક ઉદ્યોગોનો પણ યોગ્ય વિકાસ થશે. આમ જિલ્લામાં માત્ર મર્યાદિત વિસ્તારોમાં જ મોટા ઉદ્યોગો સ્થાપવાને બદલે દરેક વિસ્તારોમાં આ મોટા ઉદ્યોગોની સમતોલ કક્ષાએ સ્થાપના થવી જોઈએ અને તોજ પ્રાદેશિક અસમાનતાનો પ્રશ્ન પણ દૂર થશે.

**૧૪. મજૂરોનાં હિતોનું રક્ષણ કરવુ :–**

જિલ્લાનાં મોટાભાગનાં ઔદ્યોગિક એકમોમાં યાંત્રિક ટેકનોલોજી અને શ્રમીકો બન્નેના મિશ્ર ઉપયોગવાળી ઉત્પાદન પધ્ધતિ અપનાવવામાં આવી રહી છે. જો મજૂરોનાં હિતોનું રક્ષણ થતુ હોય તો જ તેમની શ્રેષ્ઠ કાર્યક્ષમતાનો લાભ ઉદ્યોગોને મળી શકે. પરંતુ મોટાભાગનાં ઔદ્યોગિક એકમોમાં મજૂરોનાં આર્થિક શોષણનાં પ્રશ્નો પ્રવર્તમાન હોય છે. તેની સામે યોગ્ય પગલા લેવા જોઈએ. તાજેતરમાં જ જિલ્લાનાં મોરબી વિસ્તારની અરૂણોદય મીલનાં મેનેજમેન્ટનાં વલણ અને મજૂરોની આર્થિક શોષણનીતિ સામે સી.ટુ. (સેન્ટર ઓફ ઈન્ડીયન ટ્રેડ યુનિયન્સ) દ્વારા મજૂરોનું સંમેલન અરૂણોદય મીલની સામે બોલાવવામાં આવેલ. સી.ટુ.નાં અગ્રણીએ એવો આરોપ મુકયો કે છેલ્લા પાંચ વર્ષથી આ મીલનાં મેનેજમેન્ટે પોતાના વર્તનથી કામદારોમાં ભયનું વાતાવરણ ઉભુ કર્યુ છે. કાયમી બદલી, કામદારોને શારીરિક માનસિક હેરાનગતિ, જુના કાયમી બદલી કામદારોને ધાકધમકીથી વધારે કાર્યબોજ, કામદારો પર શિક્ષાત્મક પગલા લઈ ધાકધમકીથી છુટા કરવા. આ ઉપરાંત આશરે ૨૫૦ જેટલા એપ્રેન્ટીસોને છેલ્લા આઠ વર્ષથી બદલી પાસથી વંચીત રાખી આર્થિક શોષણ કરાય છે. અણઘડ મેનેજમેન્ટથી બે મીલો આજે બંધ હાલતમાં છે. મીલની અંદર અનફેર લેબર પ્રેકટીસ કરે છે. ખાતામાં કોન્ટ્રાકટરનાં માણસો ત્યાં બંધ મીલનાં કામદારોને રોજેરોજનુ વેતન આપીને માનસિક ગુલામ બનાવે છે. જો મજૂરો પ્રત્યે આવુ વલણ અપનાવવામાં આવે તો તેમની કાર્યક્ષમતામાં અને કાર્ય પ્રત્યેના પ્રોત્સાહનમાં પણ ઘટાડો થાય છે. તેને ધ્યાનમાં રાખી તેમના હિત માટેના યોગ્ય પ્રયાસો થવા જોઈએ. મેનેજમેન્ટો દ્વારા થતા આ પ્રકારનાં મજૂરોના શોષણો અટકાવવા અને તેમના હક માટે જાગૃતી લાવવાનાં હેતુસર સી.ટુ.નાં પ્રમુખ તેમજ ગુજરાત રાજય સરકારે યોગ્ય પગલાઓ લેવા જરૂરી છે.

**૧૫. સરકારે યોગ્ય પગલા ભરવા :–**

ઉદ્યોગોને સંગઠિત કરવામાં સરકારનો ફાળો મહત્વનો રહે છે. સરકારની ઉદ્યોગ તરફની

સહાનુભૂતિ યુકત સહાયક નીતિ ઔદ્યોગિકરણને વેગીલુ બનાવે છે. સરકાર ઔદ્યોગિક એકમની સ્થાપનાથી માંડીને તેનો વિકાસ થતો રહે તેવી પ્રત્યક્ષ કે પરોક્ષ સહાય કરે તો ઔદ્યોગિક વિકાસ ઝડપી બને. સરકારે વિશિષ્ટ વિસ્તારો માટે ખાસ પેકેજ યોજના ઘડી ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહક પગલા લેવા જોઈએ. આવા પગલાનાં ભાગરૂપ ઉત્પાદકોને ઉત્પાદન શકિતનો પૂર્ણ ઉપયોગ કરવા બદલ પ્રોત્સાહક ઈનામ દ્વારા પ્રોત્સાહન પુરૂ પાડવુ. એકમ પોતાની ઉત્પાદિત વસ્તુનાં ૭૦% થી વધુ નિકાસ કરે તો પ્રોત્સાહન આપવુ. ૧૦૦% નિકાસકાર ઉદ્યોગપતિઓને કરમુકિત પુરસ્કાર તથા પ્રોત્સાહક ઈનામો આપવા રજકોટ શહેરમાં ફાલ્કન ઈન્ડસ્ટ્રીઝને ઈલેકટ્રીક મોટરના ઉત્પાદન માટે આવુ પ્રોત્સાહન આપવામાં આવેલ છે. જો આ પ્રમાણેના પ્રોત્સાહક પગલાઓ વધારવામાં આવે તો ઔદ્યોગિક વિકાસ ઈચ્છિત લક્ષ્યાંકો પાર પાડી ઉચ્ચતમ કક્ષાએ પહોંચી શકે. એજ રીતે સરકાર દ્વારા સંરક્ષણાત્મક પગલાઓ, સબસીડીમાં વધારો, પરવાના, કરમુકિત, કર ચૂકવણીની મુદ્દત લંબાવવી, માંદા એકમોને સહાય અને પોષણ પુરૂ પાડવામાં આવે તો જિલ્લાનાં નાના અને લઘુ ઉદ્યોગોનાં વિકાસને પ્રોત્સાહન મળશે. જેથી ઔદ્યોગિક વિકાસમાં વિશેષ પ્રગતિ તેમજ કાયદાકીય રીતે થતી ગુંચવણોનું પ્રમાણ સરકારે હળવુ કરવુ જોઈએ. તોજ જિલ્લામાં ઔદ્યોગિક પ્રશ્નોના નિરાકરણની સાથે ઔદ્યોગિક વિકાસ સંપૂર્ણપણે શકય બનશે. તેમજ સ્થાપિત ઉદ્યોગો સિવાયના નવા અબાધિત વિકાસની શકયતાવાળા ઉદ્યોગો સ્થાપી શકાશે.

### ૯ઃ૩ અભ્યાસનાં પ્રકિર્ણ પ્રશ્નોની જાણકારી અને તેના ઉકેલ માટેનાં સૂચનો :–

અગાઉનાં પ્રકરણમાં જિલ્લાની ખેતી, ગ્રામીણ ઉદ્યોગ તથા વિશિષ્ટ પ્રદેશનાં પ્રશ્નો તથા તેનાં ઉકેલ માટેનાં સુચનોની સંક્ષિપ્તમાં રજુઆત કરવામાં આવી છે. પ્રસ્તુત પ્રકરણમાં અભ્યાસનાં પ્રકીર્ણ પ્રશ્નો અને તેનાં ઉકેલની નીચે મુજબ ચર્ચા કરેલ છે.

(૧) પાણી અને વિજળી એ આ જિલ્લાનો મુખ્ય પ્રશ્ન છે. જેનાં કારણે ખેતી કે ઉદ્યોગોનો યોગ્ય રીતે વિકાસ થઈ શકયો નથી. આથી જ સરકારની સહાય છતા આ જિલ્લાનાં અમુક વિસ્તારો અલ્પવિકસિત રહયા છે.

(૨) જિલ્લાના અમુક પ્રદેશોની જમીન બિનખેડાણ હેઠળની છે. જેમાં પર્યાવરણ સંતુલનના ભાગરૂપ જંગલોનું પ્રમાણ ઓછુ હોવાથી જંગલ વિસ્તારનાં અભાવે વરસાદનું

પ્રમાણ ઓછુ જોવા મળે છે. તેમજ જંગલ વિસ્તારનાં વિકાસનાં પણ અનેક પ્રશ્નો રહેલા છે.

(૩) રાજય વિકાસ નિગમ દ્વારા ગ્રામ્ય ક્ષેત્રોનાં વિકાસ માટે ફાળવવામાં આવેલ નાણાકીય સાધનો આ જિલ્લાનાં પછાત ગ્રામીણ માળખાનાં સંદર્ભમાં ખૂબ જ ઓછા હોવાથી ગ્રામ પંચાયતો વિકાસનાં કાર્યો યોગ્ય રીતે કરી શકતી નથી.

(૪) રાજય દ્વારા આર્થિક સાધનોની થયેલ પૂરતી ફાળવણી પણ ઘણીવખત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ ગ્રામપંચાયતો કે ગ્રામ્ય વિકાસ સંસ્થાઓને લાંબા સમય સુધી આપવામાં આવતી નથી.

(૫) ગ્રામીણ ક્ષેત્રે તલાટીઓ, ગ્રામ્યપંચાયતો વગેરેમાં રહેલા સભ્યોમાં શિક્ષણનો અભાવ હોવાથી ગ્રામીણક્ષેત્રે યોગ્ય આયોજીત પ્રયાસોનો અભાવ જોવા મળે છે અને તેમના દ્વારા પ્રાપ્ત દરેક ક્ષેત્રની માહિતી માત્ર અંદાજીત અનુભવો પર આધારિત જોવા મળે છે. જેના કારણે ભાવિ વિકાસ માટેનાં યોગ્ય પગલાઓ લેવામાં અનેક મુશ્કેલીઓ ઉભી થાય છે.

(૬) આ જિલ્લાનાં અમુક વિસ્તારોમાં વિકાસની રીતે શહેરી અને ગ્રામીણ વિસ્તારો વચ્ચે સંકલન અને સહયોગ જોવા મળતો નથી. એવા પ્રદેશોમાં ગ્રામીણ અને શહેરી, ખેતી અને ઉદ્યોગ વગેરે વિકાસ માટેનાં પૂરક ક્ષેત્રો બની શકયા નથી.

(૭) રાજકોટ શહેર તેમજ જિલ્લાનાં અનેક તાલુકાઓ અને ગ્રામીણ વિસ્તારોમાં વરસાદ સારો થયો હોય તો પણ પીવાનાં પાણીનો જ મુખ્ય પ્રશ્ન હોવાથી ખેતી અને ઉદ્યોગ ક્ષેત્રે પણ આ પ્રશ્ન મુખ્ય અવરોધક પરિબળ સાબિત થયેલ છે.

(૮) જિલ્લાનાં અનેક પ્રદેશોમાં નિરક્ષરોનું પ્રમાણ ઘટાડવા માટે રાજય પુરસ્કૃત યોજના હેઠળ તેમજ ગ્રામક્રિયાત્મક સાક્ષરતા યોજના હેઠળ જનશિક્ષણ યોજના ચલાવવા માટે જે ગ્રાન્ટ આપવામાં આવે છે તેનો મધ્યમ કે પૂર્ણ ઉપયોગ પણ થતો નથી.

(૯) ગ્રામીણક્ષેત્રે શહેરી વિસ્તારની તુલાનાએ માનવશકિતના આયોજનનાં અનેક પ્રશ્નો રહેલા છે.

(૧૦) રાજકોટ શહેર એક મેટ્રોપોલીટીયન શહેર તરીકે વિકાસ પામ્યુ હોવાછતા જિલ્લાનાં

અમુક વિસ્તારોનું લોકેશન હજુપણ પછાત રહેવા પામ્યુ છે.

**(૧૧)** જિલ્લાનાં અનેક વિસ્તારોમાં વહિવટી તંત્રની નિષ્ક્રીયતા અને ખામીયુકત કાર્ય પદ્ધતિઓને કારણે વિકાસ યોજનાઓનાં લાભો સંભવિત લોકો સુધી પહોંચી શકયા નથી. આમ વહિવટી તંત્ર ઘટકકક્ષાએ સંપૂર્ણપણે સહાયભૂત થયુ નથી.

**(૧૨)** નવી આર્થિક નીતિનાં અમલથી નાના અને મધ્યમ કદનાં ઉદ્યોગો માટે હરિફાઈનાં અનેક પ્રશ્નો સર્જાયા છે. ઉપરાંત મોટા કદનાં ઉદ્યોગોને પણ અનેક પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે.

**(૧૩)** જિલ્લાનાં કૃષિ, ઔદ્યોગિક ક્ષેત્ર અને સેવાક્ષેત્રનો ઝડપી વિકાસ થવાની સાથે રોજગારી અને વેતનનું ધોરણ ખુબ નીચુ છે. જિલ્લામાં બિનશૈક્ષણીક ઉપરાંત શૈક્ષણિક બેરોજગારોનો પ્રશ્ન પણ વિકટ બનતો જાય છે.

**(૧૪)** જિલ્લાનાં અનેક વિસ્તારોમાં સાહસિકોની સાહસવૃતિનો પૂરતો વિકાસ થયો નથી. આ વિસ્તારનાં લોકો પાસે નાણા હોવા છતા તેઓ જિલ્લામાં રોકાણ કરવાનું જોખમ ઉઠાવવા ઝડપથી તૈયાર થતા નથી. માત્ર સરકારના પ્રોત્સાહન કે સહાયથી જ ઉદ્યોગની પહેલ કરવામાં માને છે. પરંતુ માત્ર સરકારની સહાયથી કે પ્રોત્સાહનથી વિકાસ ન થઈ શકે. તેના માટે સ્થાનિક લોકો, સાહસિકો, નેતાઓ અને સાધનોનો સંપુર્ણ સહયોગ પણ આવશ્યક છે.

**(૧૫)** આ વિસ્તારમાં સ્થપાયેલા ઔદ્યોગિક એકમોમાં કર્મચારીનાં નાણાકીય વેતનને જ માલિકો દ્વારા પ્રાધાન્ય અપાય છે. કર્મચારીઓનાં વાસ્તવિક વેતન પર કોઈ જ ધ્યાન આપવામાં આવતુ નથી.

**(૧૬)** વ્યાપારી બેંકોની બિનલાભદાયક અસ્કયામતોનું પ્રમાણ વધતુ હોવાથી અને અલ્પવિકસિત વિસ્તારનાં લોકોની નાણા પાછા વાળવાની દાનતનો પ્રશ્ન આ નાણા સંસ્થાઓને વિશેષ રહે છે.

**(૧૭)** ચોકકસ નેતૃત્વનાં અભાવે સંશોધન પ્રદેશમાં રહેલા કુલ ૧૪ શહેરોમાંથી લોધિકા, માળીયા, કોટડાસાંગાણી, પડધરી વગેરે તાલુકાઓ હજુપણ ગ્રામ્ય લોકેશનવાળા જોવા મળે છે.

**(૧૮)** શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સંશોધક સેવાઓમાં ખાનગીક્ષેત્રએ અગ્રીમતા પ્રાપ્ત કરી હોવાથી તેમાં વેતનદર ખુબ નીચા જોવા મળે છે.

**(૧૯)** જેતપુર તાલુકાનો સુતરાઉ સાડી ઉદ્યોગ વિશ્વના બજારોમાં અગ્રેસર રહયો છે. આમ છતા તેને કારણે કલરવાળા અને કેમીકલ્સયુકત પ્રદૂષિત પાણીનો પ્રશ્ન આસપાસના તાલુકા તેમજ ગ્રામીણ વિસ્તારો માટે વિકટ બન્યો છે.

**(૨૦)** વહિવટીતંત્રની તુમાખી અને જિલ્લાનાં વિકાસ પ્રત્યેની ઉદાસીનતાનો આ સંશોધન અભ્યાસ લખનારને પણ કડવો અનુભવ થયેલ છે. જિલ્લાના અધિકારીઓ અને પદાધિકારીઓ વગેરેને મળવા માટે તેમના સહાયક (પી. એ.)નાં કહેલા સમયે અનેક ધકકા ખાવા છતા તેમની મુલાકાત મહામુસીબતે શકય બને છે. તેમજ અધિકારીઓની અમલદારશાહીને કારણે પ્રજાના કામો તેમજ વહિવટી કામગીરી અને યોજનાના લાભોનાં વિતરણમાં પણ આવુ જ વલણ રહેતુ હોવાને કારણે પણ જિલ્લાનાં અનેક વિસ્તારો વિકાસથી વંચિત રહેવા પામ્યા છે.

**(૨૧)** સરકારની વર્તમાન નવી આર્થિક નીતિ હરિફાઈ આધારીત છે. તે ટુંકાગાળામાં આ જિલ્લાનાં અનેક ઉદ્યોગો માટે મુશ્કેલી ઉભી કરશે તેમ આ પ્રદેશનાં ઉદ્યોગકારોનું માનવુ છે. સબસીડી બંધ થતા આ જિલ્લાનાં અનેક ઉદ્યોગો મૃતઃપ્રાય બની જશે તેમ તેઓનું માનવુ છે.

**(૨૨)** કેટલાક કારખાનાઓ માત્ર સબસીડી લેવા માટેજ સ્થપાયા હોય તેમ જણાય છે. સબસીડીનો લાભ મળી ગયા પછી આ કારખાનાઓ બંધ કરી દેવામાં આવે છે. અનેક સરકારી અને સહકારી એકમો પણ બંધ થતા જાય છે.

**(૨૩)** ગરીબી અને બેકારી આ જિલ્લાનાં મુખ્ય પ્રશ્નો છે. ઘણા ગામો સવલતો વિનાના છે. જે સાચા અર્થમાં ગરીબો છે તેઓને સરકારી યોજનાના લાભો મળતા નથી. ગામડાઓ ભાંગતા જાય છે. અને રોજગારીની તકો ગ્રામીણ વિસ્તારમાં ઘટતી જાય છે. જોકે આ આંકડા કરતા પણ વાસ્તવિક ગરીબીનું વ્યાપક સર્વેક્ષણ કરાયુ છે તેવુ જાણવા મળેલ છે. આ લખનારની મુલાકાતોથી પણ ગરીબીનું પ્રમાણ સરકારી અંદાજ કરતા ઘણુ હોવાનુ જણાય છે.

**(૨૪)** આ જિલ્લામાં અનેક યોજનાઓ અંતર્ગત જુદી જુદી કામગીરી કરવામાં આવે છે. આ કામગીરીમાં મુખ્યત્વે પાણીનો સંગ્રહ કરી જમીનમાં ઉતરે તેવી વ્યવસ્થા કરવી. જમીન સુધારણા, વૃક્ષ ઉછેર, વનીકરણ વગેરેનો સમાવેશ થાય છે. આ માટે પ્રતિવર્ષ આ જિલ્લામાં કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે. પરંતુ આ દરેક યોજનાઓનાં લાભ જિલ્લાનાં દરેક તાલુકાઓ સુધી પહોંચી શકયા નથી.

**(૨૫)** જિલ્લામાં જમીન સંરક્ષણ અને વોટર રીચાર્જ કાર્યક્રમો પણ છે. પરંતુ આ સરકારી કાર્યક્રમોનો પ્રભાવ કે તેના સ્પષ્ટ ફાયદાઓ જિલ્લાનાં અનેક અલ્પવિકસિત તાલુકાઓ પ્રાપ્ત કરી શકયા નથી.

**(૨૬)** જવાહર રોજગાર યોજનાનો અમલ પંચાયતો દ્વારા થાય છે. સરકારી ગ્રાન્ટમાંથી ૬૦% રકમનો વેતન રોજગારીમાં અને ૪૦% નો માલ સામાનની ખરીદીમાં ઉપયોગ થાય છે. ગરીબ કુટુંબનાં ૧૯ થી ૩૫ વર્ષનાં યુવાનો માટે તાલીમની યોજનાઓ પણ છે. અનુ. જાતિનાં લોકોને ૫૦ % અને બીજાઓને ૩૩% સહાય ઉપરાંત સસ્તા સાધનો અને બેંકલોન મળે છે. આ પ્રકારની રોજગારી યોજનાઓ હોવા છતા તેના વાસ્તવિક લાભો યોગ્ય લોકોને મળવાને બદલે સરકારી કચેરીઓ સાથે લાગતા વળ ગતા લેભાગુ લોકો આ યોજનાઓનો લાભ ઉઠાવી ધિરાણ પણ કરતા નથી અથવા પ્રાપ્ત થયેલ સહાયનો અયોગ્ય ઉપયોગ કરે છે.

**(૨૭)** જિલ્લા આયોજન મંડળ દ્વારા જિલ્લાનાં અનેક કાર્યો હાથ ધરવામાં આવેલ છે. પછાત વિસ્તારનાં વિકાસમાટે ગ્રાન્ટની ફાળવણી કરેલ છે. આ ઉપરાંત સંસદ સભ્યને પણ એક કરોડ રૂપિયા પોતાના વિસ્તારનાં વિકાસ માટે ખર્ચવાની છુટ આપવામાં આવી છે. આ જિલ્લામાં આયોજક મંડળ અને લોકોના પ્રતિનિધિઓ દ્વારા ભલામણ કરાયેલ રકમનો યોગ્ય વિસ્તારમાં યોગ્ય ક્ષેત્રોમાં, યોગ્ય લોકો માટે ઉપયોગ થયો હોત તો આ જિલ્લાનાં પછાત ગ્રામીણ વિસ્તારોમાં આ જે પ્રશ્નો છે તે ઓછા હોત. પરંતુ આ ગ્રાન્ટની ફાળવણી અને તેના ઉપયોગમાં વાસ્તવિક અને આર્થિક ગણતરીઓ કરતા બીજી કોઈ વ્યવસ્થા કે ગણતરીઓ કામ કરતા હોય તેમ જણાય છે.

(૨૮) કોઈપણ વિસ્તારનાં વિકાસમાં બેંકો પણ અગત્યનો ભાગ ભજવે છે. ખેતી, ઉદ્યોગ, વ્યાપાર, ધંધાઓ, સ્વરોજગાર ક્ષેત્રો, વગેરેને બેંકો ધિરાણ આપે છે. જેથી આ ક્ષેત્રોનો વિકાસ થતા સમગ્ર પ્રદેશ કે વિસ્તારોનો વિકાસ થાય છે. સહકારી યોજનાઓનાં અમલમાં પણ તફાવતયુકત રાહત વ્યાજદરોવાળી બેંકેબલ લોન યોજનાઓનો સમાવેશ થાય છે. પરંતુ આ જિલ્લામાં પરિસ્થિતી કંઈક વિશિષ્ટ જોવા મળે છે. રાજકોટ શહેરમાં વ્યાપારી તેમજ ખાનગી બેંકો તેમજ ખાનગી ફાયનાન્સ કંપનીઓ સારા પ્રમાણમાં સ્થપાયેલી છે. જયારે જિલ્લાનાં લોધિકા, પડધરી, માળીયા, જામકંડોરણા, ટંકારા વગેરે જેવા તાલુકાઓમાં વ્યાપારી બેંકોની આવશ્યક સંખ્યા પણ નહીવત જોવા મળે છે. જેને કારણે આ તાલુકાઓને બેંકોની સુવિધાઓનો જે લાભ મળવો જોઈએ તે મળી શકયો નથી. આ તાલુકાની દ્રષ્ટિએ બેંક ધિરાણનાં પ્રશ્નો ઉપરાંત થાપણોની બાબતમાં પણ અનેક પ્રશ્નો રહેલા છે. આ તાલુકાઓમાંથી અન્ય વિસ્તારો કરતા ઘણી જ ઓછી થાપણો પ્રાપ્ત થઈ શકે છે.

(૨૯) શિક્ષણ એ આર્થિક અને સામાજિક વિકાસમાં એક અગત્યનુ પરિબળ છે. આ જિલ્લામાં શૈક્ષણિક સુવિધા વિકસિત પ્રદેશોને બાદ કરતા અમુક અલ્પવિકસિત પ્રદેશોમાં ખુબજ મર્યાદિત પ્રમાણમાં વિકસેલી જોવા મળે છે. જિલ્લાનાં ચાર થી પાંચ પછાત રહેલા તાલુકાઓમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ છે. આ વિસ્તારોમાં શિક્ષણનાં ગંભીર પ્રશ્નો છે. ત્યાં ટેકનીકલ કે ઉચ્ચ શિક્ષણનો પણ અભાવ છે. લેબોરેટરી, લાયબ્રેરી, કોલેજો વગેરેની સુવિધાઓનો પણ અભાવ છે. ગ્રામીણ વિસ્તારોમાં બાળકોને ઉચ્ચશિક્ષણ આપવાને બદલે આર્થિક કારણોસર મજુરી કરાવવામાં આવે છે.

(૩૦) જિલ્લાના પછાત રહી ગયેલા આ વિસ્તારોમાં આરોગ્યના પણ ગંભીર પ્રશ્નો છે. હોસ્પીટલો, પ્રાથમિક આરોગ્યકેન્દ્રો કે આધુનિક સારવારની સુવિધાઓ પણ ખુબજ નહીવત જોવા મળેલ છે. શિક્ષણનાં અભાવે તેમજ ગ્રામીણ સંકુચિત વિચારસરણીને કારણે આ તાલુકાના લોકોમાં આગમચેતી સારવારનો અભાવ જોવા મળે છે. તેમજ મોટાભાગનાં ગ્રામીણ વિસ્તારો તો આ સુવિધાઓથી સંપૂર્ણ અલિપ્ત છે.

**(૩૧)** વ્યાપાર વાણિજયની દ્રષ્ટિએ જોઈએ તો સમગ્ર જિલ્લાનાં બજારી માળખાનો વિકાસ અમુક અલ્પવિકસિત વિસ્તારોને કારણે અમુક અંશે અસંગઠીત છે. ત્યાં માર્કેટીંગ યાર્ડની પણ અપૂરતી સુવિધા છે. પાકા રસ્તાઓ તેમજ વાહનવ્યવહારની પણ પૂરતી સુવિધા નથી. ખેતપેદાશોનો સંગ્રહ કરવા માટેના ગોડાઉનો તેમજ ગામડામાંથી શહેરમાં માલ વહન કરવામાં પણ ઘણી જ મુશ્કેલીઓ રહેલી છે.

**(૩૨)** અગાઉ નોંધેલ છે તેમ સરકારની યોજનાઓનો અમલ માત્ર કાગળ પર છે અને તેનો પુરતો લાભ જરૂરીયાતવાળા વિસ્તારો કે લોકો સુધી કયારેય પહોંચી શકયો નથી. આ માટે અમુક અંશે આવા વિસ્તારની પ્રજાની નિરક્ષરતા અને ઉદાસીનતા જવાબદાર છે. અપૂરતા વરસાદથી ત્યાં ખેતવિકાસની યોજનાઓ અને અપૂરતી સુવિધાઓથી ઔદ્યોગિક વિકાસની યોજનાઓ લાભદાયક બની નથી. સરકારી યોજનાકીય લાભોનો બિનઉત્પાદક ઉપયોગ થાય છે. સરકારી સહાય યોજનાઓ અંગે મોટાભાગના ખેડૂતો માહિતી ધરાવતા હોતા નથી વિકાસની વૃત્તિ, ઈચ્છા, પ્રયાસોનો અભાવ પણ અમુક અંશે જોવા મળે છે.

**(૩૩)** આ જિલ્લાનાં અલ્પવિકસિત વિસ્તારોનાં ઓછા વિકાસ માટે આર્થિક, સામાજિક, રાજકીય, ઐતિહાસિક, પર્યાવરણ વિષયક ઉપરાંત મનોવૈજ્ઞાનિક પરિબળો પણ જવાબદાર છે.

**(૩૪)** આ જિલ્લાનાં સંપૂર્ણ વિકાસ તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્તિ માટે અમુક તાલુકાઓનો અલ્પવિકાસ એ એક મહત્વનો પ્રશ્ન છે તેમ કહી શકાય.

**(૩૫)** લોકો, નેતાઓ, સંસ્થાઓ, સંગઠનો વગેરેની સંકલિત અને સક્રિય સામેલગીરી વગર વિકાસની તમામ સંભાવનાઓ છતા માત્ર સરકારની યોજનાઓ કે સહાયથી વિકાસ થઈ શકતો નથી. તે આ અભ્યાસ પરથી ફલિત થાય છે. પ્રાદેશિક આયોજન કે વિકેન્દ્રિત આયોજનનાં માળખામાં અને તેના અમલીકરણની પદ્ધતિમાં વ્યાપક ફેરફાર કરવાની આવશ્યકતા પણ જણાય છે.

આ રીતે રાજકોટ જિલ્લામાં ખેતવિષયક, ઔદ્યોગિક, માળખાગત, શૈક્ષણિક, આરોગ્ય વિષયક, વ્યાપાર વાણિજયનાં વહિવટી તંત્ર તથા સરકારી યોજનાઓ સંબંધી બજાર વિષયક

બેંકીંગ વગેરે પ્રશ્નો ગ્રામીણ વિસ્તારોમાં વિશેષ જોવા મળે છે. એ જ રીતે કેટલાક પરંપરાગત, ભૌગોલિક, સામાજિક તથા મનોવૈજ્ઞાનિક પ્રશ્નો પણ જોવા મળેલ છે. આ પ્રશ્નોનાં કારણો અને તેને અસર કરતા પરિબળો પણ સ્પષ્ટપણે જોવા મળે છે. આથી જ આ પ્રશ્નો કઈ રીતે ઉકેલી શકાય ? આ જિલ્લામાં વિકાસની કઈ સંભાવનાઓ છે ? તેનો કઈ રીતે ઉપયોગ કરી શકાય ? વગેરે બાબતોનાં સંદર્ભમાં પણ આ અભ્યાસ વિશેષ મહત્વનો છે તેમ કહી શકાય.

**૬:૩:૧ : પ્રશ્નોના ઉકેલ માટેનાં સૂચનો :–**

રાજકોટ જિલ્લાના સંદર્ભમાં રજુ કરાયેલા પ્રશ્નો અને તેનાં કારણોનાં સંદર્ભમાં આ પ્રશ્નો ઉકેલવા માટેના ઉપાયો, સૂચનો કે અભિગમો તપાસવા જોઈએ. આ માટે આ જિલ્લામાં વિકાસની કેવી સંભાવના છે. આ માટે કેવા ક્ષેત્રોમાં શું કરવુ જોઈએ તે પણ જાણવુ જોઈએ. આ જિલ્લાનાં અગ્રણીઓ, અધિકારીઓ, લોકોના પ્રતિનિધિઓ, સામાજિક કાર્યકરો, સેવાભાવી સંસ્થાઓના સંચાલકો, ખેડૂતો, ઉદ્યોગકારો, પત્રકારો તથા અન્યો દ્વારા આ જિલ્લાના વિકાસ માટે વિવિધ ક્ષેત્રીય વિવિધ સૂચનો થયા છે. તેને અતિશય ટૂંકમાં આ પ્રમાણે નોંધી શકાય.

**(૧)** જિલ્લાનાં ગ્રામીણ વિસ્તારોમાં પાણીની મુખ્ય સુવિધાની ખાસ જરૂર છે. વરસાદનાં પાણીના સંગ્રહ માટેના તળાવો, સરોવરો, બંધો, કુવા રીચાર્જ વગેરે વ્યવસ્થા કરવી જોઈએ. જયાં ભુગર્ભ જળ ભંડારો છે ત્યાં તેને બહાર કાઢવાની વ્યવસ્થા કરવી જોઈએ. કોતરો, ખડકો વગેરેમાં પાણીની સંગ્રહની વ્યવસ્થા કરવી જોઈએ.

**(૨)** વિજળીની સાર્વત્રીક સર્વક્ષેત્રીય વ્યવસ્થા થવી જોઈએ. બિનપરંપરાગત ક્ષેત્રો જેમકે હવા, સૂર્યપ્રકાર વગેરે દ્વારા વિજળીનું ઉત્પાદન થવુ જોઈએ. વિજળીનાં ઉત્પાદન અને વહેંચણી માટે ખાનગીક્ષેત્ર કે સહકારીક્ષેત્રને તમામ પ્રોત્સાહનો આપવા જોઈએ.

**(૩)** બિનખેડાણ જમીનને નવસાધ્ય બનાવી તેમાં ખેતી કરવી અથવા તો ઘાસચારાની વ્યવસ્થા કરવી જોઈએ. ડેરી ઉદ્યોગનો સહકારી ધોરણે વિકાસ થાય તે માટેની વ્યવસ્થા થવી જોઈએ. ખેડૂતોનાં પ્રશ્નો હલ કરી તેઓને પશુપાલનને એક વ્યવસાય તરીકે સ્વીકાર કરવા માટે તમામ પ્રોત્સાહનો આપવા જોઈએ.

(૪) પ્લાન્ટ પ્રોડકશન એન્ડ સ્ટોરેજ ઓર્ગેનાઈઝેશન જેવી સંસ્થાઓએ આગળ આવી જિલ્લાની ખેતીને વન્ય પશુ પંખીઓથી બચાવવા માટેના પ્રયત્નો હાથ ધરવા જોઈએ તદ્ઉપરાંત જિલ્લાનાં દરેક વિસ્તારોમાં બાયોલોજીકલ કન્ટ્રોલ સ્ટેશનો રચવા જોઈએ.

(૫) ખેતમાર્ગદર્શન, સલાહસૂચન આપનારા અધિકારીઓ અને પદાધિકારીઓને ગ્રામ્ય સ્તર પર રહેઠાણ વ્યવસ્થા કરી ખેડૂતોની વચ્ચે રાખવા તેમજ આવા કર્મચારીઓના વારંવાર નિરીક્ષણ માટેની ત્વરીત પ્રક્રિયા હાથ ધરવી જોઈએ. જેથી ખેડૂતોને આધુનિક ટેકનિકો અને પ્રક્રિયા દ્વારા કૃષિક્ષેત્રે ઝડપી ઉત્પાદન લેવા માટેનું માર્ગદર્શન પુરુ પાડી શકાય.

(૬) જિલ્લામાં તમામ ક્ષેત્રોમાં સહકારી પ્રવૃતિનાં વિકાસ માટેનાં માર્ગદર્શનલક્ષી પગલાઓ લેવા જોઈએ. સહકારી શિક્ષણ અને તાલિમ સહકારનાં લાભોની સમજણ સરકારી નેતૃત્વ વગેરે માટેનાં પગલાઓ ગુજરાત રાજય સહકારી સંઘ દ્વારા લેવાવા જોઈએ.

(૭) જિલ્લા સ્તરે આવેલ બિનસરકારી સંસ્થાઓનો લાભ ગ્રામીણ સ્તર સુધી પહોંચે તેવા પ્રોત્સાહક પ્રયાસો સરકારે કરવા જોઈએ. આવી સંસ્થાઓ સમાજના ઉત્પાદન માટે સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસમાં તેમજ આર્થિક કટોકટીનાં સમયે મદદરૂપ થાય છે.

(૮) જિલ્લાનાં જે ગ્રામીણ વિસ્તારો આંતરમાળખાકીય સુવિધાઓથી અલિપ્ત છે. ત્યાં સમગ્રલક્ષી માળખાકીય વિકાસ કરવો જોઈએ. આ માટે સહકારી બજાર વ્યવસ્થાને વિકાસાવવી જોઈએ. પાકા રસ્તાઓ, બેંકિંગ સુવિધાઓ, સંદેશાવ્યવહાર, પાણી, વિજળી, વાહનવ્યવહાર વગેરે જેવી તમામ સુવિધાઓ વર્તમાન સમયની જરૂરીયાત તેમજ ભાવિ વિકાસને ધ્યાનમાં રાખી ત્વરીત ઉપલબ્ધ કરવી જોઈએ.

(૯) કૃષિક્ષેત્રે પાણીનાં પ્રશ્નને ધ્યાનમાં રાખી પાણીના ઉપયોગની ઈઝરાયેલી ટેકનીકનો ઉપયોગ કરવો જોઈએ. સૂકી ખેતીની સંશોધન પધ્ધતિ વિકસાવી તેનો અમલ કરવો જોઈએ. દુષ્કાળને ધ્યાનમાં રાખીને લાંબાગાળાનુ આયોજન કરવુ જોઈએ.

(૧૦) જિલ્લામાં આવેલા તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તરમાં બજારમાળખાનો વિકાસ કરવો જોઈએ. આ માટે સહકારી બજાર વ્યવસ્થાને વિકસાવવી જોઈએ. પાકા

રસ્તાઓ, સંગ્રહ, પરિવહન, માલના વર્ગીકરણની પ્રક્રિયા વગેરે વ્યવસ્થા દ્વારા ઉત્પાકો અને ગ્રાહકોના હિતો જાળવવા પગલાઓ લેવા જોઈએ.

**(૧૧)** તાલુકા કક્ષાએ નવા નિયોજકો તૈયાર થાય તે માટેનુ માળખુ તૈયાર કરવુ જોઈએ.

**(૧૨)** જમીન વિકાસનાં આયોજનનાં ભાગરૂપ શહેરો તથા ગામડા કે જયાં ૫૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગ્રામ્ય વિસ્તારોમાં બાગબગીચા અને ફરવા લાયક સ્થળો વિકસાવવા જોઈએ.

**(૧૩)** ગ્રામીણ વિસ્તારોમાંથી લોકોનુ શહેરો તરફનુ સ્થળાંતર નિવારવા માટે દરેકને પોતાના સ્થળે જ પુરતી લાભદાયક રોજગારી મળે તે માટેની વ્યવસ્થા કરવી જોઈએ.

**(૧૪)** જિલ્લામાં આવેલ અલ્પવિકસિત ગ્રામીણ વિસ્તારોમાં પણ ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધારવા માટે તમામ પગલાઓ લેવા જોઈએ. ટેકનીકલ સ્વરોજગારી તથા વ્યવસાયી તેમજ ખેતશિક્ષણ અને તાલીમ માટેની વ્યાપક વ્યવસ્થાઓ કરવી જોઈએ.

**(૧૫)** સરકારની દરેક યોજનાઓ પ્રત્યે લોકોમાં વ્યાપકપણે જાગૃતિ લાવવી જોઈએ. વિકાસના દરેક સ્તરે મળતા તમામ લાભોનો પુરેપુરો ઉપયોગ કરવો જોઈએ. વહિવટી તંત્રમાં જાગરૂકતા, ઉત્સાહ, કર્તવ્યનિષ્ઠા અને ફરજપાલન માટેના પગલાઓ લેવા જોઈએ. ટેકનિકલ જાણકારી ધરાવતી એજન્સીઓ, તજજ્ઞોની સેવાઓ, સેવાભાવી સંસ્થાઓ વગેરેનુ સંકલન થવુ જોઈએ લોકોને તમામ સ્તરે સક્રિય ભાગીદાર બનાવવા જોઈએ.

**(૧૬)** વિશિષ્ટ પ્રદેશોના વિકાસનું વિશેષ ધ્યેયપૂર્ણ આયોજન કરી ધાર્મિક સંસ્થાઓને નાણા પૂરા પાડી સામાજિક સુધારણા અને પેટા પ્રદેશના વિકાસનું આયોજન કરવુ જોઈએ.

**(૧૭)** રાષ્ટ્રીયકૃત તેમજ સહકારી બેંકીંગ પ્રવૃતિ દ્વારા જિલ્લાનાં સર્વાંગી વિકાસ માટેનાં પગલાઓ લેવા જોઈએ.

**(૧૮)** ખેતી અને ઉદ્યોગોને મળતી સબસીડીમાં વધારો કરવો જોઈએ. લઘુ ઉદ્યોગો તેમજ ખેત આધારિત ઉદ્યોગોનો વિકાસ કરવો જોઈએ.

**(૧૯)** માંદા ઉદ્યોગો માટેના વિશિષ્ટ રાહતદાયી અને વિકાસલક્ષી પગલાઓ લેવા જોઈએ.

**(૨૦)** જિલ્લાનાં સર્વાંગી વિકાસ માટે દરેક ગામડાઓ અને નગરો તેમજ શહેરોનું આયોજન કરવુ જોઈએ. વ્યાપક વિકાસલક્ષી સર્વેક્ષણ કરી તેના પ્રશ્નો, કારણો, સાધનો, વિકાસની સંભાવનાઓ તે માટેની પધ્ધતિઓ વગેરેની સંપૂર્ણ એકમલક્ષી તપાસ કરી તે અંગે આયોજન કરવુ જોઈએ.

**(૨૧)** ગ્રામીણ વિસ્તારમાં તમામ પ્રાથમિક સુવિધાઓ મળે તેવી વ્યવસ્થા થવી જોઈએ. ખાદી ગ્રામોદ્યોગ તથા ચરખા ઉદ્યોગ દ્વારા વ્યાપક રોજગારી માટેની વ્યવસ્થા કરવી જોઈએ. ગ્રામીણ રસ્તાઓ શહેરો સાથે જોડવા જોઈએ. નાના અને સીમાંત ખેડૂતો તથા ખેતમજૂરોની યોજનાઓનો વાસ્તવિક અમલ થવો જોઈએ. રોકડીયા પાકોનુ વાવેતર વધારવુ જોઈએ. ગ્રામીણ વનીકરણ માટેના પગલાઓ લેવા જોઈએ. ગ્રામીણ કલાકારીગરી, હસ્તકલા, માટીકામ, લુહારીકામ, સુથારીકામ ભરતગુંથણ, હુન્નર ઉદ્યોગ વગેરે માટેના પ્રોત્સાહક અને વિકાસલક્ષી પગલાઓ લેવા જોઈએ.

**(૨૨)** જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં બચત વૃતિને પ્રોત્સાહન આપવુ જોઈએ.

**(૨૩)** શહેરી વિસ્તારોને શહેરી દરજ્જા મુજબ તમામ સુવિધાઓ પણ પૂરી પાડવી જોઈએ.

**(૨૪)** નર્મદાનુ પાણી વધુમાં વધુ વિસ્તારોને મળે તે માટે જિલ્લાઓએ યોગ્ય સંચાલન વ્યવસ્થા અમલમાં મૂકવી જોઈએ.

**(૨૫)** ટાઈલ્સ ઉદ્યોગ, નળીયા ઉદ્યોગ, સાબુ ઉદ્યોગ, જીનીંગ ઉદ્યોગ, ગૃહઉદ્યોગ, પાપડ ઉદ્યોગ, એન્જીનીયરીંગ ઉદ્યોગ, કેમીકલ ઉદ્યોગ, પોટરી તથા સીરામીક ઉદ્યોગ, બોલપેનની રીફીલ, ડેરી ઉદ્યોગ, કાપડ ઉદ્યોગ, ભરતકામ, માટી કામ, ઓઈલ ઉદ્યોગ વગેરે વ્યવસાયોનાં વિકાસ માટે વ્યાપક પગલાઓ, નાણાબજારની વ્યવસ્થા, માળખાગત સવલતો, બજાર વ્યવસ્થા, પરિવહન સુવિધા, ટેકનોલોજીકલ સુવિધા વગેરે વ્યવસ્થા કરવી જોઈએ.

**(૨૬)** શ્રમિકોના કલ્યાણ તરફ ધ્યાન આપી તેમના વાસ્તવિક વેતન વધારવા શિક્ષણ, આરોગ્ય, આવાસ જેવી સુવિધાઓ પૂરી પાડવી જોઈએ.

(૨૭) મહિલા અને બાળકલ્યાણ માટે આરોગ્ય વિષયક શિક્ષણનો વ્યાપ વધારવો જોઈએ.

(૨૮) સંશોધન અને નવપ્રવર્તનની પ્રક્રિયાને દરેક ક્ષેત્રોમાં વિશેષ મહત્વ આપવા માટે પ્રોત્સાહક પ્રયાસો થવા જોઈએ. તેમજ જેમની પાસે કાર્યોની શેષ સતા રહેલી છે એવા કર્મચારીઓ અને નિરીક્ષકોની જોહુકમીભર્યા અમલદારશાહી વલણ પર કાબુ મેળવવો જોઈએ.

(૨૯) જ્ઞાતિવાદ કે જુથવાદને કારણે અન્ય લઘુમતી સમાજનો વિકાસ રૂધાતો જણાય છે માટે જ્ઞાતિવાદના પ્રોત્સાહનોને ગેરકાનૂની ગણવા જોઈએ અને આવા જૂથવાદને પ્રોત્સાહન આપતા લોકોને આકરી સજા કરવી જોઈએ.

(૩૦) પર્યાવરણ સંતુલન જાળવણી માટેના વિવિધ પ્રયત્નો કરવા જોઈએ.

(૩૧) શહેરી વિસ્તારોમાં વિકટ બનતી જતી પ્રદૂષણની સમસ્યાનાં નિવારણ માટે સખત કાયદાકીય વ્યવસ્થા અમલમાં મૂકવી જોઈએ. જેને કારણે ઉદ્‌ભવતા સ્વાસ્થય વિષયક પ્રશ્નો નિવારી શકાય. આ માટે પાણી પ્રદૂષણ, હવાનુ પ્રદુષણ તેમજ અવાજના પ્રદૂષણ કરવા સામે યોગ્ય પગલાઓ લેવા જોઈએ. તાલુકા સ્તરે આ પ્રશ્નનુ જીવંત ઉદાહરણ જેતપુર તાલુકો છે કે જયાં સુતરાઉ કાપડ ઉદ્યોગને કારણે કેમીકલ્સયુકત પ્રદૂષિત પાણી માત્ર જેતપુર શહેર કે તેનાં ગ્રામીણ વિસ્તારોને જ નહિ પરંતુ નજીકમાં આવેલા ગોંડલ, ધોરાજી વગેરે માટે પણ સમસ્યારૂપ છે. આ માટે અનેક વખત સરકાર દ્વારા નોટીસો આપવામાં આવેલ છતા પણ આ પ્રદૂષિત પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા થયેલ નથી. તો જિલ્લા તેમજ રાજય સરકારે આ બાબતમાં દખલગીરી કરી લોકોનાં સ્વાસ્થય માટે ભયંકર પરિસ્થિતિનું સર્જન કરતા એકમો સામે કાનુની પગલાઓ લેવા જોઈએ.

(૩૨) શહેરોનાં ખુબ ઝડપી વિકાસ સામે પાછળ રહી ગયેલ ગ્રામીણ વિસ્તારોને વિકસાવવા માટે પણ જો સરકાર દ્વારા યોગ્ય આયોજન કરી અને તેનું ઝડપી અમલીકરણ કરવામાં આવે તે જરૂરી છે.

(૩૩) અંતમાં એક મહત્વની બાબત એ છે કે રાજકોટ શહેર કે જે વર્તમાન સમયમાં એક મેટ્રોપોલિટીયન શહેર તરીકે વિકાસ પામી રહયુ છે. છતાપણ શહેરના તેમજ

આસપાસના વિસ્તારોનો પીવાના પાણીની અછતનો પ્રશ્ન હજુ પણ વિકાસ સાથે તાલ મિલાવી દૂર કરી શકાયો નથી. નર્મદાના જળ આવી ગયા હોવા છતાપણ આ સમસ્યામાં વિશેષ ફેરફાર થયા નથી તેને ધ્યાનમાં રાખી વરસાદના પાણીના સંગ્રહ માટેના અત્યાર સુધીમાં થયેલા પ્રયાસોમાં બમણો નહીં પરંતુ અનેકગણો વધારો કરી તેમાં પણ નવપ્રવર્તન લાવવાની જરૂર છે.

**(૩૪)** વર્તમાન વિદ્યાર્થીઓ કે જેમની પાસેથી આવતીકાલના ભારત માટેના શ્રેષ્ઠ ઉદ્યોગસાહસિકો, નેતાઓ કે સમાજ સુધારકો થવાની અપેક્ષાઓ રાખવામાં આવે છે તેમને એ દરજજા સુધી પહોચાડનાર અને મહત્વના ભાગીદાર એવા શૈક્ષણિક સ્તરમાં ધરમૂળથી ફેરફારો કરવાની જરૂર છે. સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં વિકસિત ગણાતા જો રાજકોટ જિલ્લાના ષડયંત્રયુકત શૈક્ષણિક માળખામાં સુધારો ન થઈ શકે તો અન્ય જિલ્લાઓ પાસેથી તો શું અપેક્ષા રાખી શકાય. સરકારી ગ્રાન્ટયુકત શાળ ા, કોલેજો હોય કે પછી સેલ્ફ ફાઈનાન્સ શાળા કોલેજો દરેકમાં ચાલતી પરીક્ષા કાર્યવાહી દરમિયાનની દરેક પ્રકારની ગેરરીતીઓ સામે શૈક્ષણિકતંત્ર જે આંખ આડા કાન કરી રહયુ છે તેમાં મહતમ ફેરફારો કે કાનુની પગલાઓ લાવવાની તીવ્ર આવશ્યકતા છે અને તો જ શ્રેષ્ઠ નાગરીકો દ્વારા ઉચ્ચતમ વિકાસ સાધી શકાશે. પરંતુ આવા તો અનેક ગંભીર સૂચનો છે જે માત્ર આ સંશોધન અભ્યાસનુ વિષયવસ્તુ બની જવાના અને જેના પ્રત્યે આપણી સરકાર કે વહિવટી તંત્ર કે શૈક્ષણિક ક્ષેત્ર કંઈ જ ફેરફારો કરવા કે નિરીક્ષણ કરવા કે સચોટ કાયદાઓ ઘડવા પ્રયાસો કરતુ નથી એ એક કડવી વાસ્તવિકતા છે.

રાજકોટ જિલ્લો સૌરાષ્ટ્ર વિસ્તાર તેમજ ગુજરાત રાજયસ્તરે એક વિકસિત જિલ્લો ગણવામાં આવે છે. જિલ્લાની વાસ્તવિક પરિસ્થિતી પણ આ બાબતનું સૂચન કરે છે. જિલ્લાની વાસ્તવિક પરિસ્થિતિનાં સંદર્ભમાં ક્ષેત્રમુજબ વિકાસના અવરોધક એવા અનેક પરિબળોની પ્રશ્નોના સ્વરૂપમાં અગાઉના પ્રકરણોમાં ચર્ચા કરવામાં આવી છે. પ્રસ્તુત પ્રકરણમાં ક્ષેત્રીય પ્રશ્નો સિવાયના કેટલાક અન્ય મુખ્ય પ્રશ્નોની ચર્ચા પણ કરવામાં આવી છે. તેમજ આ પ્રશ્નોના નિવારણ માટેના કેટલાક વિકાસવર્ધક

સૂચનો પણ અહીં કરવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લાને જો રાષ્ટ્રીય સ્તરે પણ સંપૂર્ણ વિકસિત સ્વરૂપમાં રજુ કરવો હોય તો પ્રસ્તુત પ્રકરણમાં રજુ કરેલા મુખ્ય પ્રશ્નોના સમાધાન સ્વરૂપના સૂચનો ઉપરાંત આ અગાઉનાં પ્રકરણોમાં દર્શાવવામાં આવેલ પ્રશ્નોના નિવારણ સ્વરૂપનાં સૂચનો જો અમલમાં મૂકવામાં આવશે તો રાજકોટ જિલ્લો રાષ્ટ્રીયસ્તરે પણ એક સંપૂર્ણ વિકસીત મેટ્રોશહેર તરીકે પ્રસિદ્ધ થઈ શકશે. વિકાસની દ્રષ્ટિએ અનેક ક્ષેત્રોમાં હરણફાળ ભરવાની આ વિસ્તાર અનેક શકયતાઓ ધરાવે છે. તેથીજ આ જિલ્લો હજુ પણ ઝડપી, સશકત અને સુનિયોજીત વિકાસ સાધી શકશે. આમ, આ સંશોધન અભ્યાસના આ પ્રકરણમાં રજૂ કરેલ જિલ્લાનાં પ્રકીર્ણ પ્રશ્નોની જાણકારી હાંસલ કરવા તેના ઉકેલ માટેના સૂચનો અને વિકાસની ભાવિ શકયતાઓ તપાસવાની દ્રષ્ટ્રિએ આ અભ્યાસનું વિશેષ મહત્વ રહેલુ છે તેમ કહી શકાય.

**(૩૫)** એન. આઈ. ડી., ઈ.ડી.આઈ., આઈ.આઈ. એમ. જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે ઉદ્યોગનું અસરકારક સંચાલન કરી તાલીમબધ્ધ કારીગરો અને એન્જીનીયરો તૈયાર કરી ઔદ્યોગિક ઉત્પાદકતાની ગુણવતા વધારવાનો પ્રયાસ કરવામાં આવશે.

**(૩૬)** ઉદ્યોગોની જરૂરીયાત મુજબના અભ્યાસક્રમો દાખલ કરવામાં આવશે જેમાં બંદર વિકાસ અને વ્યવસ્થાપન, શહેરી આયોજન અને વિકાસ મરીન એન્જીનીયરીંગ, જળ વ્યવસ્થાપન, ખાણકામ વ્યવસ્થાપન, હોસ્પિટલ વ્યવસ્થાપન, પ્રવાસ સંબંધિ અભ્યાસક્રમો વિગેરેનો સમાવેશ થાય છે.

શિક્ષણક્ષેત્રે ખાનગી મૂડીરોકાણને સુગમ બનાવવા કેટલાક પગલા લઈ પહેલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. શિક્ષણક્ષેત્રે ખાનગી મૂડીરોકાણને સુગમ બનાવવા કેટલાક પગલા લઈ પહેલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

શિક્ષણ સંસ્થાઓને પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, એન્જીનીયરીંગ વર્કશોપ, કોમ્પ્યુટર લેબોરેટરીઝ, વીડીયો કોન્ફરીંગ સુવિધાઓ, પ્રદર્શન ખંડો, સભાગૃહો, મીની થીયેટર્સ, છાત્રાલય વગેરે માટે રાજયના દરેક પ્રદેશમાં એક એક સ્થળની પસંદગી કરવામાં આવશે. ઉપરોકત બાબતોના અમલીકરણ માટે શિક્ષણ મંત્રીશ્રીની અધ્યક્ષતા હેઠળ

રાજય સ્તરની સમિતિની રચના કરવામાં આવશે અને વરિષ્ઠ અધિકારીઓની સમિતિ, પ્રાદેશિક સમિતિઓની કામગીરી ઉપર દેખરેખ રાખશે.

**(૩૭)** નવા ઔદ્યોગિક યુગનો પ્રારંભ કરવા શ્રમબળ અને તેને આનુસાંગીક કાનુની માળખામાં કેટલાક સુધારા કરવાનુ પણ વિચારવામાં આવેલ છે. જેનાથી ઔદ્યોગિક વૃધ્ધિને વેગ મળશે અને તેને માટે સુગમતાભર્યુ વાતાવરણ ઉભુ કરવાની મહેચ્છા સરકાર ધરાવે છે.

૧. ઈન્સ્પેકટર રાજની નાબુદીની દિશામાં આગળ વધવા શ્રમ વિભાગે ઔદ્યોગિક એકમો માટે તેમને લાગુ પડતી કાનુની જોગવાઈઓનુ પાલન કરવા એક સંકલિત વાર્ષિક પત્રક ફાઈલ કરવાની પ્રક્રિયા નકકી કરી છે. જેનાથી સરકારની આવશ્યકતાઓ અને ઉદ્યોગની પ્રાથમિકતાઓ વચ્ચે સંકલન સાધી શકાશે. જો કે આમા ઈરાદાપુર્વક કસુર કરનારાઓ માટે દંડની જોગવાઈ પણ રાખવામાં આવેલ છે.

૨. કાયદાઓની વિવિધ જોગવાઈઓથી ઉભી થતી તકલીફના નિવારણ માટે સીંગલ બીઝનેસ એકટ રજુ કરવાની દરખાસ્ત વિચારવામાં આવેલ છે. જેમા ઉદ્યોગોને લાગુ પડતા તમામ કાયદાઓના હાર્દને સમાવી લેવામાં આવશે. જે વિવિધ ખાતાઓના અલગ અલગ ઈન્સ્પેકશનોની પ્રક્રિયાઓમાંથી ઉદ્યોગોને રાહત આપશે.

૩. શ્રમ વિભાગના નિયમનકારી તેમજ બિનનિયમનકારી પાંખના સભ્યોની ટીમ બનાવવામાં આવશે અને તે વર્ષમાં એકજ વખત અગાઉથી સમય નકકી કરી યુનીટની મુલાકાત લેશે. જેથી જુદી જુદી મુલાકાતોથી ઉદ્યોગોને પડતી હાલાકી નિવારી શકાય.

**(૩૮)** જિલ્લાનું પર્યાવરણની દ્રષ્ટિએ ઝોનમાં વિભાજન કરવુ અને તેનો નકશો તૈયાર કરી આયોજન બદ્ધ વિકાસની દિશામાં કામગીરી કરવાનું નકકી કરવામાં આવ્યુ.

**(૩૯)** કૃષિ આધારીત ઉદ્યોગોના વિકાસ માટે પણ વિચારવામાં આવ્યુ છે. જેમાં હાલની બદલાઈ રહેલી કૃષિ ટેકનોલોજીનો અને પધ્ધતિઓનો ઉપયોગ કરી ઉત્પાદન વધારવાના પ્રયત્નો કરવામાં આવશે.

(૪૦) લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગક્ષેત્રે અને આર્થિક હિતોના રક્ષણ માટે યથાવત રાખવામાં આવી છે. જેથી સાહસિકો પોતાના મર્યાદીત સાધનોનો ઉપયોગ મહતમ રીતે કરી શકે.

**૬:૪ જિલ્લામાં નવા ઉદ્યોગોનાં વિકાસની ભાવિ શકયતાઓ :–**

રાજકોટ જિલ્લામાં વિશેષ પ્રમાણમાં કુદરતી સંપત્તિ અને માનવસંપત્તિનું અસ્તિત્વ જોવા મળે છે. તેમ છતા ઔદ્યોગિક વિકાસ જિલ્લાના દરેક વિસ્તારોમાં સમાન સ્તરે હાંસલ થયો નથી. જિલ્લાનાં સ્થાપિત એકમો સિવાય કેટલાક નવા ઉદ્યોગોના વિકાસની તથા વિસ્તારની પણ આ જિલ્લામાં વિશેષતમ શકયતાઓ રહેલી છે. આવા વિકાસની શકયતા ધરાવતા ઉદ્યોગો નીચે મુજબ દર્શાવવામાં આવ્યા છે. જેમાં ખનીજ આધારિત, ખેત આધારિત, કુદરતી સંપતિ આધારિત, માનવ સાધન આધારિત શકયતાવાળા ઉદ્યોગો દર્શાવવામાં આવ્યા છે.

નવા ઉદ્યોગો સ્થાપવાની શકયતાઓનો મુખ્ય આધાર પ્રાપ્ય કુદરતી સાધન સંપતિનો મહતમ ઉપયોગ, ઔદ્યોગિક સાધનોની જરૂરીયાતો તેમજ ગ્રાહકોની માંગ, કુશળ કારીગરોની ઉપલબ્ધી, નિકાસ અંગેની શકયતાઓ વગેરે મુખ્ય ભાગ ભજવે છે. સમગ્ર જિલ્લા સ્તરે ખેત અને ખેતપેદાશ આધારીત અનેક ઉદ્યોગો સ્થાપવાની સારી એવી શકયતાઓ છે. જેમાં અનુક્રમે પશુઆહાર, કેસ્ટર ઓઈલ, ડુંગળી તથા લસણ ડીહાઈડ્રેશન પ્લાન્ટ, મમરા, પૌવા અને પાપડ, જીનીંગ અને પ્રેસીંગ, ફુડ પ્રોસેસીંગ, ઓઈલ મીલ, વ્હાઈટ કોલ, ચણાદાળ, તુવેરદાળ વગેરેના ઉદ્યોગો સ્થાપી કૃષિ આધારિત એવા ગ્રામ્ય વિસ્તારોનો પણ સારો વિકાસ થઈ શકે તેમ છે.

આ ઉપરાંત જિલ્લાનાં મહત્વનાં દરેક તાલુકાઓ ખનીજની દ્રષ્ટિએ સમૃદ્ધ છે. જેમાં ખાસ કરીને ચુનાનો પથ્થર જસદણ અને ઉપલેટા તાલુકામાંથી મળી રહે છે. ફાયર કલે, બોલ કલે વાંકાનેર અને મોરબીના સમગ્ર તાલુકામાંથી સારા પ્રમાણમાં મળી રહે છે. લાલ માટી અને રેડ ઓકસાઈડ કલે પણ મોરબી તાલુકામાંથી મળી રહે છે. તેમજ બ્લેક ટ્રેપ ખાસ કરીને જસદણ રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વાંકાનેર તાલુકામાં પુષ્કળ મળી રહે છે. આ સમગ્ર બાબતોની ગણતરી કરતા કાચા માલ તરીકે પુષ્કળ ખનીજ સંપતિ જિલ્લામાં પ્રાપ્ય હોઈને જિલ્લામાં ચુનાનો ઉદ્યોગ, ફાયર બ્રીકસ, રૂફીંગ ટાઈલ્સ, મોઝેક ટાઈલ્સ, ફાયરકલે ઉદ્યોગ, ક્રોકરી તથા ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ, વોટર પ્યુરીફીકેશન પોટ તેમજ કવોરી ઉદ્યોગોનાં વિકાસની શકયતાઓ સારી રહેલી છે. આ તમામ

પ્રકરના ઉદ્યોગો હાલમાં જિલ્લામાં સારા પ્રમાણમાં અસ્તિત્વમાં હોવાછતા દિનપ્રતિદિન ભવિષ્યની માંગમાં થતો વધારો ધ્યાનમાં લઈને આ પ્રકારનાં ઉદ્યોગોનું ભાવિ હજુ પણ ઉજળુ જણાવી શકાય છે.

રાજકોટ જિલ્લામાં એક માત્ર બંદર નવલખી જે માળીયા તાલુકામાં આવેલ છે. જેને ધ્યાનમાં લેતા માળીયા તાલુકામાં મીઠા ઉદ્યોગો હજુ પણ સ્થપાવાની શકયતાઓ રહેલી છે. જેમાં ખાસ કરીને કેટલ લીકસ, ડેરી સોલ્ટ, હાઈ પ્યુરીટી સોલ્ટ, ટેબલ સોલ્ટ વગેરે ગણી શકાય. તેમજ પ્રવાહી ખાતરનાં ઉદ્યોગો પણ સ્થાપી શકાય. જેનો કાચોમાલ દરિયામાંથી પુષ્કળ પ્રમાણમાં મેળવી શકાય છે. વર્તમાન સમયમાં એગ્રો લીકવીડ ફર્ટીલાઈઝરનો ઉપયોગ પણ પ્રતિદિન વધતો જાય છે. આયાતી કોલસો મેળવી કોક ઉદ્યોગ પણ કરી શકાય.

રાજકોટ જિલ્લો અને તેમાં પણ ખાસ રાજકોટ તાલુકામાં એન્જીનીયરીંગ ઉદ્યોગો સારા પ્રમાણમાં સ્થપાયેલ છે. જેમાં ખાસ કરીને મશીન ટુલ્સ, ઓઈલ મીલ ઉદ્યોગ, ઓટો મોબાઈલ્સ પાર્ટસ, ફાઉન્ડ્રી, ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટીંગ, ફોર્જીંગ, ડીઝલ એન્જીન, બેરીંગ ઉદ્યોગ, સી. એન. સી. લેથ ફર્નીચર ઉદ્યોગ, સેન્ટ્રીફ્યુગલ વોટર પમ્પ, સબમર્શીબલ પમ્પ, ઈલેકટ્રીક મોટર વિગેરે પ્રકારના ઉદ્યોગો છે. આ પ્રકારનાં ઉદ્યોગગૃહો નિકાસ પણ કરે છે. જે ધ્યાનમાં લેતા આ પ્રકારનાં ઉદ્યોગો જિલ્લામાં સ્થપાવાની શકયતાઓ વિપુલ પ્રમાણમાં રહેલી છે.

આ ઉપરાંત આયુર્વેદીક દવાઓ, કલર એન્ડ ડાઈઝ, સોડીયમ સીલીકેટ વગેરે જેવા રસાયણ ઉદ્યોગોનું ભાવિ પણ ઉજળુ જણાય છે. તેમજ પ્લાસ્ટીક ઉદ્યોગ કે જે મોટાભાગે રાજકોટ, ઉપલેટા અને ધોરાજીમાં કેન્દ્રીત થયેલ છે. પરંતુ વર્તમાન સમયમાં પ્લાસ્ટીકનો વપરાશ અને તેની વધતી માંગને ધ્યાનમાં રાખી આ પ્રકારના ઉદ્યોગો જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ સારા એવા પ્રમાણમાં સ્થપાવાની શકયતાઓ રહેલી છે. તેમજ ઈલેકટ્રોનીકસ ઉદ્યોગ, ફોરેસ્ટ અને વુડન બેઈઝ ઉદ્યોગો ગ્રામોદ્યોગનાં વિકાસ આધારિત ઉદ્યોગો, સર્વિસ સેન્ટર અને ડીમાન્ડ બેઈઝ ઉદ્યોગો સ્થપાવાની પણ વિશેષ સંભાવનાઓ રહેલી છે.

પ્રકરણમાં રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક વિકાસને અવરોધતા વિવિધ પ્રશ્નો અન્ય પ્રકિર્ણ પ્રશ્નો તેમજ આ દરેક પ્રશ્નોના નિવારણના ભાગરૂપ પ્રશ્નો આધારિત ઉકેલો કે ઉપાયોનું વર્ણન કરવામાં આવ્યુ છે. તે સાથે જિલ્લામાં નવા કયા પ્રકારનાં ઉદ્યોગોનો વિકાસ થવાની ભાવિ શકયતાઓ રહેલી છે તેનો પણ અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસનાં ભાગરૂપ જિલ્લામાં

રહેલ વિજળી અને પાણીની સમસ્યાને કારણે ઔદ્યોગિક વિકાસ રૂંધાતો જોવા મળેલ છે. આ જિલ્લાનાં ઔદ્યોગિક વિકાસ માટે મુખ્યત્વે મુખ્ય પ્રશ્નોનાં ઉકેલ સાથે સરકારી નીતિ પણ મહત્વનો ભાગ ભજવે છે. આમ ઔદ્યોગિક વાતાવરણની સાથે શકયતાવાળા ઉદ્યોગોને પ્રધાનતા આપવાથી સંશોધન પ્રદેશમાં ઉચ્ચતમકક્ષાનો ઔદ્યોગિક વિકાસ શકય બનશે.

**૬:૫ અભ્યાસનાં મુખ્ય અને મહત્વનાં તારણો :–**

આ અભ્યાસનાં મુખ્ય અને મહત્વનાં તારણો આ પ્રમાણે છે.

(૧) પાણી અને વિજળીએ આ જિલ્લાનાં મુખ્ય પ્રશ્નો છે. જેના કારણે ખેતી અને ઉદ્યોગોનાં વિકાસને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો છે. આ પ્રશ્ન હોવાથી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ હેઠળની યોજનાઓ, રાજય સરકારની યોજનાઓ અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ વગેરે જેવી યોજનાઓનું ખર્ચ વધવા છતા તેની વાસ્તવિક અસરો પૂર્ણ રીતે જોવા મળતી નથી.

(૨) જિલ્લાનાં અનેક વિસ્તારોમાં વરસાદના અભાવે સૂકી ખેતપદ્ધતિ દ્વારા પ્રણાલિગત ટેકનોલોજી હેઠળ ઉત્પાદન લેવામાં આવે છે. તેમજ પાણીનાં તળ સરેરાશ ૫૦૦ થી ૭૦૦ ફુટ ઉંડા હોવાથી તેમજ બારમાસી નદીઓના અભાવને કારણે સિંચાઈનું પ્રમાણ પણ ઓછુ રહેતુ હોવાથી કૃષિ ઉત્પાદન અને ઉત્પાદકતાનું પ્રમાણ નીચુ જોવા મળે છે

(૩) આ જિલ્લામાં વિકાસની રીતે શહેરી અને ગ્રામીણ વિસ્તારો વચ્ચે સંકલન અને સહયોગ જોવા મળેલ છે. ઔદ્યોગિક વિકાસ માટે ખેતીનો સહયોગ પણ જોવા મળે છે. પરંતુ જિલ્લાનાં દરેક વિસ્તારોમાં ગ્રામીણ અને શહેરી, ખેતી અને ઉદ્યોગ વગેરે વિકાસ માટેના સંપૂર્ણ પૂરક ક્ષેત્રો બની શકયા નથી.

(૪) રાજકોટ જિલ્લો વિકસિત હોવાછતા તેમજ રાજકોટ તાલુકો એ મેટ્રો શહેર તરીકે વિકાસમાન હોવાછતા શહેરની પીવાના પાણીની સમસ્યાનો મુખ્ય પ્રશ્ન જ સંપૂર્ણ દુર ન થઈ શકતો હોય ત્યાં ખેતી કે ઉદ્યોગના પાણીની વાત જ કેમ કરી શકાય ? બારમાસી નદીઓની સંખ્યા ઓછી હોવાથી મોટી કે મધ્યમ સિંચાઈ યોજના દ્વારા પાણી લાંબાસમય સુધી મેળવી શકાયુ નથી.

(૫) સરકારની જુદી જુદી વિકાસ યોજનાઓનો યોગ્ય અમલ જિલ્લાના તમામ વિસ્તારો સુધી સમાન રીતે થયો નથી. વહિવટીતંત્રની પદ્ધતિ અને ખામીઓને કારણે વિકાસ યોજનાઓના લાભો સંબંધિત લોકો સુધી પહોંચી શકેલ નથી. આમ, વહિવટીતંત્ર વિકાસમાં સંપૂર્ણ સહાયક થયુ નથી.

(૬) કેટલાક કારખાનાઓ માત્ર સબસીડી લેવા માટેજ સ્થપાયા હોય તેમ જણાય છે. સબસીડીનો લાભ મળી ગયા પછી આ કારખાનાઓ બંધ કરી દેવામાં આવે છે. સરકારી અને સહકારી એકમો પણ બંધ થતા જાય છે.

(૭) લોકો, નેતાઓ, સંસ્થાઓ, સંગઠનો વગેરેની સંગઠિત અને સક્રિય સામેલગીરી વિકાસની તમામ સંભાવનાઓ છતા માત્ર સરકારની યોજના કે સહાયથી વિકાસ થઈ શકતો નથી. તે આ અભ્યાસ પરથી ફલિત થાય છે.

(૮) વિકાસમાન વિસ્તારોના વિકાસ માટે કેન્દ્રની જેમ રાજયોએ પણ અલગ ફંડ રચી વિશિષ્ટ પ્રયાસો કરવા જોઈએ.

(૯) ઔદ્યોગિક એકમની સ્થાપનાથી માંડી શરૂ થતી અનેક સમસ્યાઓને મુશ્કેલીઓ દૂર કરી નવી વસાહતોની સ્થાપનાના કાર્યક્રમ કરી આપવાની પ્રક્રિયા દરેક વિસ્તારોમાં જોવા મળેલ નથી

(૧૦) જુદા જુદા ક્ષેત્રમાં કરવેરાનું પ્રમાણ અને દરમાં પરિવર્તન કરવુ અને જેતે ક્ષેત્રમાંથી પ્રાપ્ત થતી વધારાની આવક પ્રાથમિકતા મુજબના ક્ષેત્રમાં વિશેષતઃ રોકવાનું વલણ પણ ઓછુ છે.

**૬:૬ હેતુઓની સિદ્ધિ :–**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં જે હેતુઓ નકકી કરવામાં આવ્યા હતા તે સિદ્ધ થયા છે. તેનું સંક્ષિપ્ત વિવરણ આ પ્રમાણે કરી શકાય.

(૧) સંશોધન અભ્યાસનો પ્રથમ હેતુ પ્રાથમિક વિકાસનાં જુદા જુદા આર્થિક અભિગમો તપાસવાનો હતો. પ્રકરણ ૨માં પ્રાદેશિક વિકાસ અંતર્ગત પ્રાદેશિક વિકાસનાં ગ્રામીણ વિકાસમાં પ્રાદેશિક આયોજન અભિગમ, ઔદ્યોગિકરણ અને પ્રાદેશિક અભિગમ, આર્થિક પછાત વિસ્તારોનો વિકાસ અભિગમ, શહેરી વિકાસ અભિગમ વગેરે જેવા અભિગમોનો અભ્યાસ કરી તેની ચકાસણી કરવાનો પ્રથમ હેતુ સિદ્ધ કરવામાં આવ્યો છે.

(૨) બીજો હેતુ જિલ્લાના આર્થિક વિકાસના વલણો તપાસવાનો હતો જે પ્રકરણ ૩ માં રાજકોટ જિલ્લાનાં વિકાસની રૂપરેખામાં, કૃષિક્ષેત્ર, ઉદ્યોગક્ષેત્ર, સેવાક્ષેત્ર, અને માનવસંપતિનાં વલણો ચકાસી પ્રસ્તુત અભ્યાસનો બીજો હેતુ સિદ્ધ કરવામાં આવ્યો છે.

(૩) અભ્યાસનો ત્રીજો હેતુ જિલ્લાનાં આર્થિક વિકાસનાં પ્રશ્નો તપાસવા અને આ પ્રશ્નોનું નિરાકરણ કરવા માટેના ઉપાયો સૂચવવાનો હતો. જેમાં પ્રકરણ ૬ માં ઔદ્યોગિક વિકાસનાં પ્રશ્નો અને આ પ્રશ્નોનું નિરાકરણ કરવા માટેનાં ઉપાયો સૂચવવામાં આવ્યા છે. આ ઉપરાંત અન્ય પ્રકિર્ણ પ્રશ્નો તપાસી આ પ્રશ્નોના ઉપાયનાં વિશિષ્ટ સૂચનો પણ પ્રકરણ ૬ માં દર્શાવેલ છે. તેમજ આ પ્રકરણમાં વિકાસની ભાવિ શકયતાઓ સૂચવવાનો હેતુ પણ તપાસવામાં આવેલ છે. આમ રાજકોટ જિલ્લાનાં આર્થિક અને ઔદ્યોગિક વિકાસનાં પ્રશ્નો તપાસી આ પ્રશ્નોનું નિરાકરણ કરવા માટેના ઉપાયો ચકાસી આ અભ્યાસનો ત્રીજો હેતુ સિદ્ધ કરવામાં આવ્યો છે.

**૬:૭ પ્રકરણ સારાંશ :–**

પ્રસ્તુત મુદ્દામાં સમગ્ર અભ્યાસનાં સારાંશ તથા તારણો રજૂ કરવામાં આવ્યા છે. આ અભ્યાસનાં જે હેતુઓ નકકી કરવામાં આવ્યા છે. તે સિદ્ધ થયા છે કે કેમ અને જે પરિકલ્પનાઓ રજૂ કરવામાં આવેલી છે. તે અભ્યાસનાં સંદર્ભમાં વાસ્તવિક છે કે કેમ, તે વિશે રજૂઆત કરી સમતોલ પ્રાદેશિક વિકાસનાં સંદર્ભમાં રાજકોટ જિલ્લા પ્રદેશની આર્થિક ઔદ્યોગિક સમસ્યાઓને પ્રશ્નોનાં સ્વરૂપમાં રજૂ કરી તેનાં નિવારણનાં ભાગરૂપ ઉપાયો અને સૂચનો સાથે વિકાસની ભાવિ સંભાવનાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત શોધ અભ્યાસની રજૂઆત જે ૬ પ્રકરણોમાં કરવામાં આવી છે. તેમનો સારાંશ અહીં રજૂ કરેલ છે.

**૬:૭:૧ પ્રકરણ ૧ સારાંશ :–**

ભારતીય આયોજનની ખામીને કારણે અર્થકારણનો અસમતુલિત ધોરણે વિકાસ થયેલો જોવા મળે છે. ત્યારે અસમતોલ વિકાસની આ પરિસ્થિતિમાં આયોજનનું મુલ્યાંકન કરી અટકી નહી જતા વિદ્વવાનોએ આર્થિક આયોજનને કલ્યાણ અને સમતોલ વિકાસનાં સંદર્ભમાં પારિભાષિત કરી આયોજનનાં અર્થને જે આર્થિક નિર્ણયોનાં સંદર્ભમાં સમજાવી આયોજનમાં અર્થકારણની આર્થિક મોજણી કરી અને ત્યારબાદ આર્થિક નીતિઓનાં ઘડતર અને અમલીકરણ દ્વારા ધ્યેયોને

હાંસલ કરવાનાં સંદર્ભમાં અર્થઘટન કરવામાં આવે છે. ત્યારે આયોજનમાં રહેલી ખામીઓનાં નિવારણ સૂચક સુધારાઓ મુજબ આયોજનને આકાર આપી અર્થતંત્રની આર્થિક સમૃદ્ધિ (સમતોલ વિકાસ અને ઉંચા વિકાસદરનાં સંદર્ભમાં) ની કલ્પનાઓને સાકાર કરવા માટે પ્રાદેશિક ધોરણે અસમતોલ વિકાસનાં નમૂના (મોડેલ) રૂપ રાજકોટ જિલ્લાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આમ આ અભ્યાસમાં પ્રાદેશિક અસમતુલાનું દાર્શનિક ચિત્ર રજૂ કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત જિલ્લાની આર્થિક, સામાજિક, ભૌગોલિક, ઔદ્યોગિક અને અનેકવિધ સમસ્યાઓ સંબંધી અભ્યાસ કરી ભાવિ આયોજનને યોગ્ય દિશામાં વાળવાનો પ્રયત્ન પ્રસ્તુત પ્રકરણ – ૧ માં કરવામાં આવ્યો છે. આ પ્રકરણમાં રાજકોટ જિલ્લાનું પ્રાદેશિક ધોરણે વિહંગાવલોકન તેમજ સૌરાષ્ટ્ર અને ગુજરાત વિસ્તારનુ વિહંગાવલોકન કરવામાં આવેલ છે. તેમજ આ સંશોધન માટે અપનાવેલ જુદી જુદી પધ્ધતિઓની પણ અહીં છણાવટ કરવામાં આવેલ છે. આ સાથે આ પ્રકરણમાં વિષયપસંદગી કે જેમાં અભ્યાસને સંલગ્ન જુદા જુદા વિદ્વવાનોનાં અભ્યાસોનું પણ અહીં ટૂંકમાં વર્ણન કરવામાં આવ્યુ છે. તેમજ આ અભ્યાસનાં વિવિધ પાસાઓનાં ભાગરૂપ અભ્યાસની પરિકલ્પનાઓ, માહિતી એકત્રિકરણ અને મુલાકાતની વિવિધ પધ્ધતિઓ, પ્રશ્નાવલિનો ઉપયોગ તેમજ આ અભ્યાસની મર્યાદાઓ સાથે પ્રકરણ આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રકરણ આયોજનમાં નજર કરતા પ્રથમ દ્રષ્ટિએ જ મહાશોધ નિબંધની પ્રાથમિક સમજણ પ્રાપ્ત થાય છે.

**૬:૭:૨ પ્રકરણ ૨ સારાંશ :–**

ભારતનાં જુદા જુદા રાજયો અને પ્રદેશો વચ્ચેની પ્રાદેશિક અસમાનતા ઘટાડવી જોઈએ. એવી દલીલો કરવામાં આવે છે. આ દલીલનાં સમર્થન સાથે પ્રસ્તુત પ્રકરણમાં પ્રાદેશિક ધોરણે અસમતોલ વિકાસના આધારભૂત કેટલાક કારણો દર્શાવવામાં આવ્યા છે. તદ્ઉપરાંત પ્રાદેશિક વિકાસનાં ભારતીય આયોજનકારોનાં અભિગમ સાથે પ્રાદેશિક વિકાસની પ્રક્રિયા અને પ્રાદેશિક ધોરણે સમતોલ વિકાસ સાધવા માટે થયેલા વિવિધ પ્રયત્નોની સમીક્ષાત્મક ચર્ચા કરવામાં આવી છે. સાથે સાથે વિકેન્દ્રિત આયોજન અને વિકેન્દ્રિત આયોજનના ફાયદાઓ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની વધુને વધુ સ્વાયતતા જેવા સઘન પ્રાદેશિક વિકાસનાં કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી છે. તેમજ અગાઉનાં અનુભવોમાં જોવા મળેલી નિષ્ફળતાને નિવારવા પ્રાદેશિક વિકાસની પ્રક્રિયાને વધુને વધુ આગળ ધપાવવા અને વિકાસનો દર ઉંચો લાવવા માટેના કેટલાક પ્રોત્સાહક પગલાઓ

સાથે પ્રાદેશિક વિકાસમાં ઉદ્ભવતા પ્રશ્નોની ચર્ચા અહીં કરવામાં આવી છે.

ટૂંકમાં પ્રસ્તુત પ્રકરણમાં પ્રાદેશિક વિકાસની પ્રક્રિયા એટલે શું તેનું સ્વરૂપ અને માળખુ કેવુ હોય છે. તેની સમજૂતી સમીક્ષાત્મક રીતે કરવામાં આવી છે. જેનાં અભ્યાસ દ્વારા પ્રાદેશિક વિકાસની સમસ્યા અને સમસ્યાઓનું નિવારણ આયોજનબદ્ધ અને તર્કબદ્ધ રીતે રજૂ કરવામાં આવેલ છે.

**૬ઃ૭ઃ૩ પ્રકરણ ૩ સારાંશ :–**

રાજકોટ જિલ્લાનાં વિકાસની રૂપરેખા જોતા જણાય છે. કે જિલ્લાનું વસ્તીવિષયક માળખુ ગ્રામીણ અને કૃષિ આધારિત જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારમાં લોકોની આજીવિકાનું સાધન ખેતી ઉપરાંત ઉદ્યોગો પણ છે. જિલ્લાની ખેતવિષયક પ્રવૃતિનો વિકાસ સપ્રમાણ થયેલો જોવા મળે છે. ઔદ્યોગિક વિકાસનાં સંદર્ભમાં સ્થાનિક કાચામાલ કે પ્રાપ્ય ખનીજ આધારિત ઉદ્યોગોનાં લઘુ એકમોનું પ્રમાણ વધુ જોવા મળે છે. વળી આ વિસ્તારનો ઔદ્યોગિક વિકાસ પણ સારો જોવા મળે છે.આંતરમાળખાગત સવલતોનું પ્રમાણ સમગ્ર સંશોધન પ્રદેશ સુધી પહોંચેલુ જોવા મળે છે. તેમ છતા આ સુવિધાની ગુણવતાનો પ્રશ્ન અમુક ગ્રામીણ વિસ્તારોમાં જોવા મળે છે. અનેક સુવિધાઓ સ્થાપી દેવામાં આવી છે પરંતુ તેનાં નિરીક્ષણ અને જાળવણીનો પ્રશ્ન જોવા મળે છે. પરિણામે આ વિસ્તારમાં કૃષિવિકાસ, ઔદ્યોગિક વિકાસ અને સેવાક્ષેત્રનાં કેટલાક પ્રશ્નો પણ જોવા મળે છે. તેમછતા આયોજનકાળથી અત્યાર સુધીમાં થયેલ વિકાસનાં વલણોની રૂપરેખાની ચર્ચા કરવામાં આવી છે.

**૬ઃ૭ઃ૪ પ્રકરણ ૪ સારાંશ :–**

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધન અભ્યાસ સાથે સંકળાયેલા અન્ય વિદ્ધવાનોનાં અભ્યાસોની સમીક્ષા કરવામાં આવી છે. જુદા જુદા વિદ્ધવાનો દ્વારા પ્રાદેશિક અને ઘટકકક્ષાએ થયેલા વિકસિત કે પછાત પ્રદેશોનાં વલણો દ્વારા આ સંશોધન અભ્યાસની ચર્ચા કરેલ છે. જેમાં ઘટકકક્ષાએથી પ્રાદેશિક કે રાજયકક્ષાએ થયેલા અભ્યાસો પ્રસ્તુત અભ્યાસને કઈ રીતે માર્ગદર્શક રૂપ બની રહે છે તે તપાસવામાં આવેલ છે. જે સમગ્ર રીતે વિષયોપયોગી બનેલ છે.

**૬ઃ૭ઃ૫ પ્રકરણ ૫ સારાંશ :–**

પ્રસ્તુત પ્રકરણમાં અભ્યાસ સંબંધી પરિકલ્પનાઓની રજૂઆત કરવામાં આવેલ છે. જેમાં કૃષિ, ઉદ્યોગ અને સેવાક્ષેત્રને ધ્યાનમાં રાખી અનેક પરિકલ્પનાઓ કરવામાં આવેલ છે. આ બધી

જ પરિકલ્પનાઓ જુદા જુદા સ્તરે ચકાસતા તે વાસ્તવિક કે સાચી ઠરી છે. આ બાબતની રજૂઆત અહીં કરેલ છે. રાજકોટ જિલ્લો આર્થિક અને ઔદ્યોગિક રીતે વિકસિત છે. એવુ સ્પષ્ટ રીતે અભ્યાસ પરથી જણાય આવે છે. પરંતુ કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા અલ્પવિકસિત પ્રદેશોને મળતી સહાય અને સબસીડીનાં લાભો મળવા છતા તેની અનુકૂળ વિકાસલક્ષી અસરો જિલ્લાનાં દરેક વિસ્તારોમાં જોવા મળતી નથી.

**૬:૭:૬ પ્રકરણ ૬ સારાંશ :–**

પ્રસ્તુત પ્રકરણમાં રાજકોટ જિલ્લામાં ઔદ્યોગિક વિકાસને અવરોધતા વિવિધ પ્રશ્નોને કારણે ઔદ્યોગિક વિકાસમાં ઉભી થતી સમસ્યાઓ અને તેનાં નિવારણની ચર્ચા કરેલ છે. આ ઉપરાંત અન્ય પ્રકિર્ણ પ્રશ્નો અને તેના ઉકેલની પણ રજૂઆત કરેલ છે. આ સાથે આ જિલ્લામાં નવા કયા પ્રકારનાં ઉદ્યોગોનો વિકાસ થવાની શકયતાઓ રહેલી છે તેનો અભ્યાસ પણ કરવામાં આવ્યો છે. આ દરેક મહત્વની બાબતોનાં સંદર્ભમાં આ પ્રકરણ અભ્યાસનું મહત્વ સ્પષ્ટ કરે છે. આ અભ્યાસનાં ભાગરૂપ ઔદ્યોગિક વિકાસ માટે વિજળી અને પાણીની સમસ્યા એક અવરોધક પરિબળ સાબિત થયેલ છે. તેમજ આ જિલ્લાનાં ઔદ્યોગિક વિકાસ માટે મુખ્ય પ્રશ્નનાં ઉકેલ સાથે સાહસિકતા અને સરકારશ્રીની ઉદારતા જેવી અનેક બાબતો જોવા મળેલ છે. આમ ઔદ્યોગિક વાતાવરણની સાથે શકયતાવાળા ઉદ્યોગોને પ્રધાનતા આપવાથી સંશોધન પ્રદેશમાં ઉચ્ચતમ ઔદ્યોગિક વાતાવરણની સાથે શકયતાવાળા ઉદ્યોગોને પ્રધાનતા આપવાથી સંશોધન પ્રદેશમાં શ્રેષ્ઠ ઔદ્યોગિક વિકાસ અને ઔદ્યોગિક વૃદ્ધિ શકય બનશે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં કરેલ સૂચિત ઉપાયોને જો એકી સાથે અમલમાં મુકવામાં આવશે તો રાજકોટ જિલ્લા પ્રદેશનો સર્વશ્રેષ્ઠ સર્વાંગી વિકાસ શકય બનશે.

**૬:૮ સમાપન :–**

આ સંશોધન અભ્યાસ પરથી એવુ ફલિત થાય છે કે રાષ્ટ્રીય સ્તરે વિકાસના આયોજનમાં સમતોલ આર્થિક વિકાસનો ધ્યેય રાખવામાં આવ્યો હોવાછતા કેટલાક વિસ્તારો, પ્રદેશો અને રાજયો અન્ય વિકસિત વિસ્તારો પ્રદેશો કે રાજયોની તુલનાએ વિકાસની હરણફાળ ભરી શકયા નથી. સમગ્ર સૌરાષ્ટ્ર પ્રદેશમાં આવેલા મુખ્ય જિલ્લાઓની તુલનાએ રાજકોટ જિલ્લો પ્રમાણમાં વધુ વિકસિત છે. છતા પણ કેટલાક મહત્વનાં પ્રશ્નોને કારણે વિકાસની શકયતાઓ સામે વિશેષ ઉપાયો અમલમાં મૂકવા જરૂરી છે.

આ અભ્યાસ અંતર્ગત રાજકોટ જિલ્લાના ભાવિ પ્રાદેશિક વિકાસ માટે પ્રશ્નોના ઉકેલના સ્વરૂપમાં સૂચનો દ્વારા વિકાસની સંભાવનાઓ દર્શાવવામાં આવી છે. આ સૂચનોનું યોગ્ય રીતે અમલીકરણ કરવામાં આવે અને તે મુજબનું ખાસ સ્થાનિક આયોજન કરવામા આવે તો, સંશોધન પ્રદેશ માત્ર સૌરાષ્ટ્ર પ્રદેશનો જ નહિ પરંતુ ગુજરાત રાજયકક્ષાએ વિકસિત બનશે. આમ સમગ્ર રાષ્ટ્રમાં આવા સંશોધિત અનુભવ આધારિત આયોજન અમલમાં મુકવામાં આવશે. તો આયોજનકારો દ્વારા રાખવામાં આવતો સમતોલ ઉચ્ચ આર્થિક વિકાસનો ધ્યેય વાસ્તવિકતામાં પરિણામ હશે. આમ આ સંશોધન અભ્યાસ માત્ર આ જિલ્લા કે પ્રદેશનાં વિકાસ માટે જ પૂર્ણ માહિતી આપે છે એવુ જ નથી. આ અભ્યાસ વિકાસની ખોજનું એક મહત્વનું સોપાન છે. આ સંશોધન અભ્યાસ ચોકકસ દિશા અને વલણો રજૂ કરે છે. તેનાં આધારે જ બૃહદસ્તરીય અભ્યાસ કરીને આ જિલ્લાનાં વિકાસની બ્લુ પ્રિન્ટ તૈયાર કરી શકાય.

રાજકોટ જિલ્લાનુ આર્થિક માળખુ તપાસતા કહી શકાય કે રાજકોટ જિલ્લો આર્થિક વિકાસની દ્રષ્ટિએ સૌરાષ્ટ્રના અન્ય જિલ્લા કરતા વધુ અગ્રીમતા ધરાવે છે. જેમાં સરકારી અને ખાનગી બેંકો ઉપરાંત અન્ય ફાયનાન્સ કંપનીઓનો ઘણોજ મોટો ફાળો છે. આ ઉપરાંત સરકારી નાણાંકીય સંસ્થાઓનો હિસ્સો પણ સાથે એવો છે. જિલ્લામાં ચાલુ જોઈન્ટ સ્ટોક કંપનીઓ અને તેની મૂડી પણ ઘણી જ ઉપયોગી સાબિત થયેલી છે.

લઘુ ઉદ્યોગોને વ્યાજ સહાય. લઘુ ઉદ્યોગ એકમોના આ સંકુલો (કલસ્ટર)નાં વિકાસ માટે સામુહિક સવલતો ઉભી કરવા માટે નાણાંકીય સહાયનું આયોજન છે. જેમાં ગુણવતા સુધારણને પ્રોત્સાહન માટે ગુણવતા પ્રમાણપત્ર સહાય, વેચાણ પ્રોત્સાહન, આદ્યોગિક માંદગી નિવારવા મેનેજમેન્ટ સંસ્થાઓનાં સહયોગથી કન્સલટન્સી સેવા તેમજ માર્ગદર્શન માટેની જરૂરી સહાય તપાસવાનો પણ છે. સેવા ક્ષેત્રમાં શિક્ષિત બેરોજગારોને વ્યાજ સહાય. મધ્યમ અને મોટા ઉદ્યોગોને આંતર માળખાકીય સુવિધા વિકસાવવા માટેના પ્રયાસો, હયાત ઔદ્યોગિક એકમોના વૈવિધ્યકરણ / આધુનિકરણ માટે વેચાણવેરાના પ્રોત્સાહન લાભો પેટન્ટ નોંધણી માટે સહાય, વિશિષ્ટ ઔદ્યોગિક ક્ષેત્રોને પ્રોત્સાહન, માંદા ઔદ્યોગિક એકમોનું પુનર્વજન, ઉદ્યોગ સાહસિક વિકાસ. આંતર માળખાકીય સવલતોનો વિકાસ અગ્રતા ધોરણે જમીનની ફાળવણી, જી.આઈ.ડી.સી. વસાહતોમાં સુવિધાઓનું ઉર્ધ્વીકરણ ઔદ્યોગિક પાર્કની સ્થાપના માટે સહાય હોઈટેક ક્ષેત્રો

માટે તાલીમી સંસ્થા, ક્રિટીકલ ઈન્ફાસ્ટ્રકચર ફંડની રચના પછાત વિસ્તારોનો વિકાસ, પ્રત્યક્ષ વિદેશી મૂડી રોકાણ, નિકાસ વૃધ્ધિ વ્યાપાર અને બજાર વિકાસ, ઔદ્યોગીક નાણાકીય સહાય દ્વારા ઔદ્યોગીક વિકાસને વેગ આપવા અસરકારક પ્રસાર કાર્યક્રમોની પણ તપાસણી કરી આ દરેક માધ્યમોને જિલ્લાના આર્થિક વિકાસમાં કઈ રીતે સક્રીય ભાગ ભજવી શહેરનાં આર્થિક વિકાસને ઉચ્ચતમ બનાવી શકે તે પણ એક મહત્વનો હેતુ છે.

આ ઉપરાંત શહેરનાં આર્થિક વિકાસ માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કામગીરી અંર્તગત લઘુ ઉદ્યોગ શરૂ કરવામાં અપાતી સહાયતા ઔદ્યોગિક પ્રોત્સાહન પ્રવૃતિઓ દ્વારા ઔદ્યોગિક એકમોને આંતરમાળખાકીય સુવિધા માટે શકય મદદ, બેન્કેબલ યોજના વગેરે અર્તગત શહેરના આર્થિક વિકાસ માટે પાયારૂપ એવા ઔદ્યોગિક વિકાસની સંપૂર્ણપણે તપાસણીનો હેતુ પણ મહત્વનો છે.

ગુજરાત રાજય નાણાંકીય નિગમ (જી. એસ. એફ. સી) દ્વારા ઔદ્યોગીક એકમોના વિકાસ સંબંધી અપાતી સહાયોથી આર્થિક વિકાસ પર કેવી અસરો પાડી શકાય તે પણ એક મહત્વની બાબત છે. આ ઉપરાંત જિલ્લાના કૃષિમાળખા, બેકિંગ અને સેવા ક્ષેત્ર તેમજ તમામ પ્રકારની આંતરમાંળખાકીય સુવિધાઓના પ્રયાસો અંર્તગત જિલ્લાના આર્થિક વિકાસને તપાસી અને આર્થિક વિકાસને અગ્રતાક્રમે પહોચાડી શકાય તે માટે જરૂરી તમામ પ્રકારની સવલત તપાસવી અભ્યાસનો મૂખ્ય હેતુ છે. આમ, રાજકોટ જિલ્લામાં આર્થિક વિકાસનાં હેતુઓ અન્વયે રાજકોટ જિલ્લાનું આર્થિક માળખુ એ એક અતિ મહત્વનું પરિબળ છે. આ હેતુ અંર્તગત દરકે ક્ષેત્રનો વિકાસ તપાસતા માલુમ પડે કે જિલ્લાનાં આર્થિક વિકાસમાં શૈક્ષણિક આરોગ્ય, મનોરંજન, સાંસ્કૃતિક વગેરેનાં સંદર્ભમાં થયેલ અર્થઘટન પરથી સ્પષ્ટ થાય છે કે અન્ય જિલ્લાઓની સરખામણીમાં રાજકોટ એ એક સમ્રુદ્ધ શહેર છે.

# ૧. જિલ્લાની ભૌગોલિક અને વહિવટી રચના


૧.૧ તાલુકાના સદર મુકામનું ભૌગોલિક સ્થાન

૧.૨ ૩૧ માર્ચ ૨૦૦૩ ના રોજ જિલ્લાનું વહિવટી માળખુ

૧.૩ જિલ્લામાં આવેલ ગામડાઓની સંખ્યા

## ૧.૧ તાલુકાના સદર મુકામનું ભૌગોલિક સ્થાન

| ક્રમ | તાલુકાનું નામ | ઉત્તર અક્ષાંશ (અંશ) | પૂર્વ રેખાંશ (અંશ) |
|---|---|---|---|
| ૧. | રાજકોટ | ૨૨–૧૦ | ૭૦–૫૦ |
| ૨. | કોટડાસાંગાણી | ૨૨–૦૦ | ૭૦–૪૦ |
| ૩. | ગોંડલ | ૨૨–૦૦ | ૭૦–૪૦ |
| ૪. | જેતપુર | ૨૧–૪૦ | ૭૦–૩૦ |
| ૫. | ધોરાજી | ૨૧–૪૦ | ૭૦–૨૦ |
| ૬. | ઉપલેટા | ૨૧–૪૦ | ૭૦–૧૦ |
| ૭. | જામકંડોરણા | ૨૧–૫૦ | ૭૦–૨૦ |
| ૮. | લોધિકા | ૨૨–૧૦ | ૭૦–૪૦ |
| ૯. | પડધરી | ૨૨–૨૦ | ૭૦–૩૦ |
| ૧૦. | મોરબી | ૨૨–૩૦ | ૭૦–૪૦ |
| ૧૧. | માળીયામીંયાણા | ૨૨–૫૦ | ૭૦–૩૦ |
| ૧૨. | વાંકાનેર | ૨૨–૩૦ | ૭૦–૫૦ |
| ૧૩. | જસદણ | ૨૨–૦૦ | ૭૧–૦૦ |

**પ્રાપ્તિ સ્થાન : ભારતની વસ્તી ગણતરી ૨૦૦૧**

**આંકડા શાખા, જિલ્લા પંચાયત રાજકોટ**

**આંકડાકીય પુસ્તીકા પેઈજ નં. ૧**

## ૧.૨ ૩૧ માર્ચ ૨૦૦૩ ના રોજ જિલ્લાનું વહિવટી માળખુ

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકા પંચાયતોના નામ | નગર પંચાયતોના નામ | નગર પાલિકાઓના નામ | મહાનગર પાલિકાના નામ | તાલુકાવાર ગ્રામ / જુથ પંચાયતોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | રાજકોટ | રાજકોટ | – | – | રાજકોટ | ૮૬ |
| ૨. | કોટડાસાંગાણી | કોટડાસાંગાણી | – | – | – | ૪૧ |
| ૩. | ગોંડલ | ગોંડલ | – | ગોંડલ | – | ૭૯ |
| ૪. | જેતપુર | જેતપુર | – | જેતપુર | – | ૪૮ |
| ૫. | ધોરાજી | ધોરાજી | મોટીમારડ | ધોરાજી | – | ૩૦ |
| ૬. | ઉપલેટા | ઉપલેટા | ભાયાવદર<br>મોટીપાનેલી | ઉપલેટા | – | ૫૧ |
| ૭. | જામકંડોરણા | જામકંડોરણા | – | – | – | ૫૦ |
| ૮. | લોધિકા | લોધિકા | – | – | – | ૩૭ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૯. | પડધરી | પડધરી | – | – | – | ૫૭ |
| ૧૦. | મોરબી | મોરબી | – | મોરબી | – | ૮૨ |
| ૧૧. | માળીયામીયાણા | માળીયામીયાણા | – | – | – | ૪૧ |
| ૧૨. | વાંકાનેર | વાંકાનેર | – | વાંકાનેર | – | ૮૯ |
| ૧૩. | જસદણ | જસદણ | જસદણ | – | – | ૧૦૧ |
| ૧૪. | ટંકારા | ટંકારા | – | – | – | ૫૦ |
| | **જિલ્લાનું કુલ** | | **૪** | **૬** | **૧** | **૪૨** |

પ્રાપ્તિસ્થાન :– નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (પંચાયત) જિલ્લા પંચાયત, રાજકોટ

## ૧.૩ જિલ્લામાં આવેલ ગામડાઓની સંખ્યા

## તાલુકાનું નામ :રાજકોટ

| ક્રમ | ગામનું નામ | વસ્તી | ક્રમ | ગામનું નામ | વસ્તી | ક્રમ | ગામનું નામ | વસ્તી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | વસ્તી – ૧૦૦૦ સુધી | | ૧૪. | વાંકવડ | ૭૨૮ | ૨૮. | કાથરોટા | ૯૫૦ |
| ૧. | રામપરા ચિત્રા | ૧૩૩ | ૧૫. | ચીત્રાવાવ | ૭૩૬ | ૨૯. | મકનપર | ૯૬૪ |
| ૨. | રોણકી | ૧૬૬ | ૧૬. | હડમતીયા ગો. | ૭૭૫ | ૩૦. | સાતડા | ૯૮૧ |
| ૩. | હીરાસર | ૨૬૩ | ૧૭. | નાગલપર | ૭૯૫ | | વસ્તી ૧૦૦૦–૨૦૦૦ સુધી | |
| ૪. | રામનગર | ૩૭૩ | ૧૮. | સાયપર | ૭૯૬ | ૩૧. | ફાગદંગ | ૧૦૦૯ |
| ૫. | રાજગઢ | ૪૩૭ | ૧૯. | ડેરોઈ | ૮૨૫ | ૩૨. | ઢાંઢીયા | ૧૦૧૮ |
| ૬. | નવાગામ | ૪૬૩ | ૨૦. | ચાચડીયા | ૮૪૬ | ૩૩. | પીપળીયા (ના) | ૧૦૩૧ |
| ૭. | ડુંગરપુરા | ૪૮૫ | ૨૧. | ઘમલપર | ૮૫૭ | ૩૪. | લાપાસરી | ૧૦૫૪ |
| ૮. | બાડપર | ૫૯૬ | ૨૨. | સર | ૮૫૮ | ૩૫. | હરીપર | ૧૦૭૭ |
| ૯. | મેંગડા | ૬૧૯ | ૨૩. | ગોલીડા | ૮૬૧ | ૩૬. | કણકોટ | ૧૧૧૩ |
| ૧૦. | રામપરા બેટી | ૬૩૮ | ૨૪. | વાજડીગઢ | ૮૬૧ | ૩૭. | ખીજડીયા | ૧૧૪૦ |
| ૧૧. | સુર્યારામપરા | ૬૬૮ | ૨૫. | ભાયાસર | ૮૬૫ | ૩૮. | અમરગઢ | ૧૧૪૧ |
| ૧૨. | સૂકી સાજડીયાળી | ૬૭૫ | ૨૬. | હડમતિયા | ૯૩૮ | ૩૯. | રાણપુર | ૧૧૫૦ |
| ૧૩. | ગુંદા | ૬૯૫ | ૨૭. | બારવણ | ૯૪૨ | ૪૦. | વેજાગામ | ૧૧૯૮ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪૧. | ઉમરાળી | ૧૨૩૦ | ૫૯. | અણીયારા | ૧૫૭૭ | ૭૭. | મોટામવા | ૨૩૪૪ |
| ૪૨. | લાખાપુર | ૧૨૪૯ | ૬૦. | લીલી સાજડીયાળી | ૧૫૭૭ | ૭૮. | ગઢડા | ૨૬૨૨ |
| ૫૬. | હોડથલી | ૧૪૪૩ | ૬૧. | પરાપીપળીયા | ૧૬૨૪ | ૭૯. | માલીયાસણ | ૨૭૩૨ |
| ૪૩. | સોખડા | ૧૨૫૭ | ૬૨. | ઠેબચડા | ૧૬૩૩ | ૮૦. | ખેરડી | ૨૯૩૬ |
| ૪૪. | પાડાસણ | ૧૨૬૦ | ૬૩. | વાવડી | ૧૬૮૨ | ૮૧. | બેડલા | ૩૧૧૩ |
| ૪૫. | જામગઢ | ૧૨૬૪ | ૬૪. | કુચીયાદડ | ૧૬૯૬ | ૮૨. | ગૌરીદડ | ૩૩૬૯ |
| ૪૬. | મેસવડા | ૧૨૮૬ | ૬૫. | મહીકા | ૧૭૨૧ | ૮૩. | હલેન્ડા | ૩૪૨૭ |
| ૪૭. | લોદડા | ૧૩૧૪ | ૬૬. | જાળીયા | ૧૭૩૯ | ૮૪. | ગાંધીઘામ | ૩૯૯૦ |
| ૪૮. | પારેવાડ | ૧૩૫૯ | ૬૭. | રાજસમઢીયાળા | ૧૭૪૭ | | | |
| ૪૯. | રફાળા | ૧૩૬૨ | ૬૮. | ખારચીયા | ૧૭૮૭ | ૮૬. | ઘંટેશ્વર | ૪૦૮૭ |
| ૫૦. | નાકરાવાડી | ૧૩૬૪ | ૬૯. | વડાળી | ૧૮૫૭ | ૮૭. | આણંદપર | ૫૪૨૪ |
| ૫૧. | રતનપર | ૧૩૬૬ | ૭૦. | જીયાણા | ૧૮૯૬ | ૮૮. | માધાપર | ૫૭૦૪ |
| ૫૨. | વાજડીવીરડા | ૧૩૬૭ | ૭૧. | ખોખડદડ | ૧૮૯૮ | ૮૯. | સરધાર | ૬૭૧૯ |
| ૫૩. | ઢાંઢણી | ૧૪૦૫ | ૭૨. | ખોરાણા | ૧૯૬૭ | ૯૦ | કુવાડવા | ૬૯૫૯ |
| ૫૪. | મનહરપુર | ૧૪૧૨ | ૭૩. | મુંજકા | ૧૯૯૮ | ૯૧. | કોઠારીયા | ૧૪૫૭૪ |
| ૫૫. | તરઘડીયા | ૧૪૨૮ | ૭૪. | ભુપગઢ | ૨૧૪૬ | | | |
| ૫૭. | લોધિકા | ૧૪૭૬ | ૭૫. | કાળીપાટ | ૨૨૪૦ | | | |
| ૫૮. | મઘરાવાડા | ૧૫૪૩ | ૭૬. | સણોસરા | ૨૩૨૪ | | | |

## તાલુકાનું નામ :કોટડાસાંગાણી

| ક્રમ | ગામનું નામ | વસ્તી ૨૦૦૧ પ્રમાણે | ક્રમ | ગામનું નામ | વસ્તી ૨૦૦૧ પ્રમાણે | ક્રમ | ગામનું નામ | વસ્તી ૨૦૦૧ પ્રમાણે |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
